Ordinary Gazette Part - I / 2002

Issue No.	Date	Department
Issue No.1	03-01-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.2	10-01-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.3	17-01-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.4	24-01-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.5	31-01-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.6	07-02-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.7	14-02-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.8	21-02-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.9	28-02-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.10	07-03-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.11	14-03-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.12	21-03-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.13	28-03-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.14	04-04-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.15	11-04-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.16	18-04-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.17	25-04-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.18	02-05-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.19	09-05-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.20	16-05-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.21	23-05-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.22	30-05-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.23	06-06-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.24	13-06-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.25	20-06-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.26	27-06-2002	This Gazette may contain multiple departments/offices

Ordinary Gazette Part - I / 2002

Issue No.	Date	Department
Issue No.27	04-07-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.28	11-07-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.29	18-07-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.30	25-07-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.31	01-08-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.32	08-08-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.33	15-08-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.34	22-08-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.35	29-08-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.36	05-09-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.37	12-09-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.38	19-09-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.39	26-09-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.40	03-10-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.41	10-10-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.42	17-10-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.43	24-10-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.44	31-10-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.45	07-11-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.46	14-11-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.47	21-11-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.48	28-11-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.49	05-12-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.50	12-12-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.51	19-12-2002	This Gazette may contain multiple departments/offices
Issue No.52	26-12-2002	This Gazette may contain multiple departments/offices

REGISTERED No. G—BA-14-P

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, JANUARY 3, 2002 / PAUSA 13, 1923 [No. 1

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	1-28
Part-IA	Orders and Notificaltons (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette,—	1
Part I-B—Government Notifications published under Land Acquisition Act only.		1-6
Part-I-L-Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.		1-634

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું

નં. જી/૭૨૫/સીપી/૪૧૫૮/૨૦૦૧.—જે હું પી. સી. પાંડે પોલીસ કમિશનર અમદાવાદ શહેર મને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ ભારતની સર્વોચ્ચ અદાલતે રીટ પીટીશન (સીવીલ) નંબર ૩૧૬/૧૯૯૯ ઉપર તારીખ ૨જી નવેમ્બર ૨૦૦૧ ના રોજ આપેલ અંતિમ ચુકાદા આધારે નીચે મુજબનો હુકમ કરૂ છું.

પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારોમાં નીચે જણાવેલ જાહેર સ્થળો ઉપર તમાકુનું ધુમ્રપાન કરવા ઉપર પ્રતિબંધ મુકે છું અને ધુમ્રપાન ઉપર અંકુશ લાવવા માટે જ્યાં સુધી કાયદાકીય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી આ હુકમ અમલી રહેશે.

INDEX

૧. ઓડિટોરીયમ
૨. હોસ્પીટલ બિલ્ડીંગ
૩ હેલ્થ ઈન્સ્ટીટયુશન્સ
૪. શૈક્ષણિક સંસ્થાઓ
૫. પુસ્તકાલયો
૬ ન્યાયાલયો
૭ જાહેર કચેરીઓ
૮ જાહેર પરિવહનના સાધનો

ઉપરોક્ત તમામ જગ્યાઓએ "ધુમ્રપાન પ્રતિબંધિત વિસ્તાર" એ રીતેનું લખાણ સ્પષ્ટ જોઈ શકાય તે રીતે લગાડવાનું રહેશે.

ધુમ્રપાનના કાયદી આદત વાળાઓ માટે ધુમ્રપાન કરવા માટે ચોક્કસ આવુ જગ્યા નક્કી કરી શકાય અને ત્યાં "ધુમ્રપાન માટેની જગ્યા" (Smoking Zone) તે રીતેનું લખાણ જાહેરમાં જોઈ શકાય તે રીતે લગાવાનું રહેશે. આવી જગ્યા પ્રતિબંધ મુદત રહેશે.

સ્પષ્ટીકરણ —

૧. ઓડીટોરીયમ એટલે કે જાહેર તથા ખાનગી સિનેમા તથા નાટય ગૃહો.
૨. હોસ્પીટલ બિલ્ડીંગ –જાહેર હોસ્પીટલ બિલ્ડીંગ
૩. હેલ્થ ઈન્સ્ટીટયુશન્સ –જાહેર હેલ્થ ઈન્સ્ટીટયુશન્સ
૪. શૈક્ષણીક સંસ્થા—જાહેર તથા ખાનગી શૈક્ષણીક સંસ્થાઓ
૫. પુસ્તકાલયો—જાહેર પુસ્તકાલયો
૬. જાહેર કચેરીઓ -સરકારી અને અર્ધ-સરકારી કચેરીના મકાનો
૭. જાહેર પરિવહનના સાધનો –એસ.ટી.સીટી બસ તથા રેલ્વે સ્ટેશન.

આ જાહેરનામામાં જણાવ્યા પ્રમાણેના "ધુમ્રપાન પ્રતિબંધિત વિસ્તાર" (No Smoking Zone) તથા "ધુમ્રપાન માટેની જગ્યા" (Smoking Zone) એ મુજબના બોર્ડ/લખાણ આ જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસમાં ગુજરાતી/હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ ભાષામાં જાહેરમાં સ્પષ્ટ દેખાય તે રીતે લગાડી/લખી દેવાના રહેશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ ગુનાને પાત્ર બનશે.

આજ રોજ તારીખ ૩જી ડીસેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કાથી આપેલ છે.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

— —

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ. બી/પ્રા. શિ./ઉગ્રપક/જાહેરનામું/૩૮ / ૨૦૦૧.— સુરત, શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારમાં કેટલાક પ્રાઈવેટ સિકયુરીટીવાળા ઓ જે ખાખી રંગનોપોલીસ જેવો યુનીફોર્મ ધારણ કરે છે. તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ ઉત્પન્ન થાય છે. પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ કેટલીક વખત ખાખી યુનીફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવો નજીવા ફેરફારથી આમ જનતાની દૃષ્ટિ અને સમાજમાં કોઈ ફેરફાર પડતો નથી અને આવા નજીવા ફેરફાર સામેના ખાખી યુનીફોર્મ ધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળા-ઓ પોલીસ જેવા લાગે છે.ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનીફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દૂરઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામત માટે જોખમકારક હોવાનું માનવું છે.

પ્રાઈવેટ સિટયુરીટીવાળાઓ ખાખી યુનીફોર્મ હોવાથી ઘણી વખત તેઓનો ખાખી યુનીફોર્મ અવ્યવસ્થિત હોય છે. વાળ લાંબા રાખે છે. ચાંપલ ધારણ છે. અને પોતે યુનીફોર્મ માં પાન ચાવતા હોય છે. અને સિગારેટ, બીડી, ફુંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે. અને આવા ખાખી યુનીફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ આ જનતા ની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે. અને તેથી પોલીસ ની અસરકારકતા ઘટે છે.

ઉપરોકત હકિકત હોય અને આ પ્રવૃત્તિ હાલમાં વધતી જતી હોય તે અટકાવવા માટે આ પરિસ્થિતિનું તાત્કાલીક નિરાકરણ આનિવાર્ય બનેલ છે.

વાસ્તે હું વિનીત કુમાર ગુપ્તા આઈ.પી.એસ. પોલીસ કમિશનર સુરત શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જી/જી/૪૨૨/સી.આર.સી./૧૦૨/૧૦૮૦/એમ. અને ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૮૯થી બહાર પાડવા માં આવેલા સંકલિત જાહેરનામા માં જેનું પુનરાવર્તન નંબર જીજી/૧/૨કમ/૧૦૮૮/૬૭૫૦/મ, થી થયેલ છે. તે અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેથી સુરત શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનર શ્રી અને મદદનીશ પોલીસ કમિશનરશ્રીને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ના અધિનિયમનો ઉપયોગ કરવા સારૂ ખાસ અધિકૃત કરવામાં આવેલા છે.

હુકમ

જેથી ઉપર જણાવ્યા મુજબ મને મળેલ સત્તાની રૂએ સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના તમામ વિસ્તારમાં તારીખ ૧૧મી ડીસેમ્બર ૨૦૦૧ના કલાક ૦૦/૦૦ થી તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૨૦૦૨ના કલાક ૨૪/૦૦ સુધી નીચેનું કૃત્ય કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કોઈપણ ખાનગી સિકયુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનીફોર્મ ધારણ કરવો નહીં કે પોલીસ જેવો દેખાવ કરવો નહીં.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજ-દારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૦મી ડીસેમ્બર ૨૦૦૧ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

———

INDEX

BY DISTRICT JUDGE

Notification

No. ADM-2 1622 of 2001 :—In accordance with para 625, Chapter XXXI of Civil Manual Volume-I, 1960, the District Judge, Valsad at Navsari is pleased to notify the following Holidays to be observed in the Year-2002. The District Court, Valsad at Navsari and all Subordinate Courts to it in the Judicial District of Valsad shall remain closed on these days.

Sr. No.	Name of the Holiday	Date according to Gregorian Calendar	Day
1	2	3	4
1	Makar Sankranti	14th January, 2002	Monday
2	Republic Day	26th January, 2002	Saturday
3	Bakri-Id (Id-Ul-Aza)	23rd February, 2002	Saturday
4	Mahasivratri	12th March, 2002	Tuesday
5	Muharrum	25th March, 2002	Monday
6	1, Good Friday	29th March, 2002	Friday
	2, Holi-2nd Day (Dhuleti)		
7	Mahavir Jayantee (Janm Kalyanaka)	25th April, 2002	Thursday
8	Bhagwan Shri Parshuram Jayanti	14th May, 2002	Thursday
9	Id-e-Milad-Un-Nabi (Prophet Mohmad's Birthday)	25th May, 2002	Saturday
10	Independence Day	15th August, 2002	Thursday
11	Parsi New Year Day (Parsi Shahenshahi)	21st August, 2002	Wednesday
12	Raksha Bandhan	22nd August, 2002	Thursday
13	Janmashtmi	31st August 2002.	Saturday
14	Samvantsari (Chaturthi Paksha)	10th September, 2002	Tuesday
15	Mahatma Gandhi's Birthday	2nd October, 2002	Wednesday
16	Dussehra	15th October, 2002	Tuesday
17	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 2002	Thursday
18	Diwali (Extra)	01st November 2002	Friday
19	Diwali (Extra)	02nd November 2002	Saturday
20	Diwali	04th November, 2002	Monday
21	New Year Day	05th November, 2002	Tuesady
22	Bhai Bij	06th November, 2002	Wednesday
23	Diwali (Extra)	07th November, 2002	Thursday
24	Diwali (Extra)	08th November, 2002	Friday
25	Guru Nanak's Birthday	19th November, 2002	Tuesday
26	Ramzan-Id (Id-Ul-Fitra)	06th December, 2002	Friday
27	Christmas day	25th December, 2002	Wednesday

Note :—

1 The following days have not been notified as Public Holidays as they fall on Sunday.

(1)	(1) Cheti Chand	14th April, 2002
	(2) Dr. Baba Seheb Ambedkar's Birthday	14th April, 2002
(2)	Ram Navmi	21st April 2002

2. If any of the Muslim Holidays notified above does not fall on the day notified the Muslim Government employees may be granted an Optional Holidays on the day on which the holiday is actual observed.

3. In addition to the Holidays notified above, Government Servants may avail of maximum of any two of the holidays on the festival occasions at their option and irrespective of their religions denomination, out of the list of optional holidays declared Vide Government Notification G.A.D. No. : GS / 2001 /34/PHD/ 102001 /3195 / GH, dated 20th November, 2001, Permission for availment of those optional holidays should however be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with the due regard to exigencies of the Court and office work which should not be affected in any way what so ever This leave of two days taken by Government Servants at their option on the to festival of their choice woich should not be debited to their Casual Leave account.

Navsari, 20th December, 2001.

R. P. DHOLARIYA,
District Judge, Valsad
at : Navsari.

INDEX

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

નંબર વહીવટી/૨/૧૬૨૨ સને ૨૦૦૧.—સીવીલ મેન્યુઅલ ૧૯૬૦ ના પ્રથમ વોલ્યુમના ચેપ્ટર ૩૧ ના ફકરા ૬૨૫ અન્વયે મળેલ અધિકારની રૂએ જિલ્લા ન્યાયાધીશ, વલસાડ મુકામ નવસારી સને ૨૦૦૨ ના વર્ષ માટે આ નીચે દર્શવિલ રજાના દિવસો તરીકે જાહેર કરે છે. જિલ્લા અદાલત, વલસાડ મુકામ નવસારી તથા તેના તાબા હેઠળની તમામ અદાલતો આ રજાના દિવસો દરમ્યાન બંધ રહેશે.

અનુ. નં.	તહેવારનું નામ	તારીખ	દિવસ
૧	૨	૩	૪
૧	મકરસંક્રાન્તિ	... ૧૪મી જાન્યુઆરી ૨૦૦૨,	સોમવાર
૨	પ્રજાસત્તાક દિન	... ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૨	શનિવાર
૩	બકરી ઈદ (ઈદ-ઉલ-અઝા)	... ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૨	શનિવાર
૪	મહાશિવરાત્રી	... ૧૨મી માર્ચ, ૨૦૦૨	મંગળવાર
૫	મોહરમ	... ૨૫મી માર્ચ, ૨૦૦૨	સોમવાર
૬	૧ ગુડ-ફ્રાઈડે	... ૨૯મી માર્ચ, ૨૦૦૨	શુક્રવાર
	૨ હોળી-બીજો-દિવસ (ધુળેટી)		
૭	મહાવીર જયંતી (જન્મ કલ્યાણક)	... ૨૫મી એપ્રિલ, ૨૦૦૨	ગુરૂવાર
૮	ભગવાનશ્રી પરશુરામ જયંતી	... ૧૪મી મે, ૨૦૦૨	મંગળવાર
૯	ઈદ-એ-મિલાદ-ઉન-નબી (મહંમદ પયગંબરનો જન્મ દિવસ)	... ૨૫મી મે, ૨૦૦૨	શનિવાર
૧૦	સ્વતંત્ર દિન	... ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૨	ગુરૂવાર
૧૧	પારસી નૂતન વર્ષદિન (પારસી શહેનશાહી)	૨૧મી ઓગસ્ટ, ૨૦૦૨	બુધવાર
૧૨	રક્ષાબંધન	... ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૨	ગુરૂવાર
૧૩	જન્માષ્ટમી	... ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૨	શનિવાર
૧૪	સંવત્સરી (ચતુર્થી પક્ષ)	... ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨	મંગળવાર
૧૫	મહાત્મા ગાંધીનો જન્મદિન	... ૨જી ઓકટોબર, ૨૦૦૨	બુધવાર
૧૬	દશેરા	... ૧૫મી ઓકટોબર, ૨૦૦૨	મંગળવાર
૧૭	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ દિવસ	... ૩૧મી ઓકટોબર, ૨૦૦૨	ગુરૂવાર
૧૮	દિવાળી (વધારાની)	... ૧લી નવેમ્બર, ૨૦૦૨	શુક્રવાર
૧૯	દિવાળી (વધારાની)	... ૨જી નવેમ્બર, ૨૦૦૨	શનિવાર
૨૦	દિવાળી	... ૪થી નવેમ્બર, ૨૦૦૨	સોમવાર
૨૧	નૂતન વર્ષ દિન	... ૫મી નવેમ્બર, ૨૦૦૨	મંગળવાર
૨૨	ભાઈ-બીજ	... ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૨	બુધવાર
૨૩	દિવાળી (વધારાની)	... ૭મી નવેમ્બર, ૨૦૦૨	ગુરૂવાર
૨૪	દિવાળી (વધારાની)	... ૮મી નવેમ્બર ૨૦૦૨	શુક્રવાર
૨૫	ગુરૂનાનકનો જન્મ દિવસ	... ૧૯મી નવેમ્બર, ૨૦૦૨	મંગળવાર
૨૬	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફીત્ર)	... ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૨	શુક્રવાર
૨૭	નાતાલ	... ૨૫મી ડિસેમ્બર, ૨૦૦૨	બુધવાર

નોંધ :

(૧) નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી.

૧	(૧)	ચેટીચાંદ	૧૪મી એપ્રિલ, ૨૦૦૨
	(૨)	ડો. બાબાસાહેબ આંબેડકરનો જન્મદિવસ	૧૪મી એપ્રિલ, ૨૦૦૨
૨		શ્રી રામનવમી	૨૧મી એપ્રિલ, ૨૦૦૨

(૨) ઉપર જાહેર કરેલી મુસ્લીમોની કોઈપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે કર્મચારી ગણના મુસ્લીમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકાશે.

(૩) ઉપરોકત જાહેર કરેલ રજાઓ ઉપરાંત કર્મચારી પોતાની પસંદગી પ્રમાણે ધાર્મીક સંપ્રદાયના બાધ વિના રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૦મી નવેમ્બર ૨૦૦૧ ના ક્રમાંક જીએસ/૨૦૦૧-૩૪/પીએચડી/૧૦૨૦૦૧/૩૪૯૬/જીએચની અધિસુચનામાં જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ કોઈપણ બે રજા ભોગવી શકશે. આવી મરજીયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈશે અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજુર કરનાર યોગ્ય અધિકારી કોર્ટ અને કચેરીનાં કામકાજની અગત્યતા જોઈને પરવાનગી આપશે. કર્મચારી ગણના સભ્યોએ તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલી રજા તેમની પરચુરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહીં.

નવસારી, તારીખ ૨૦મી ડિસેમ્બર ૨૦૦૧.

આર. પી. ઢોલરિયા,
જિલ્લા ન્યાયાધિશ,
વલસાડ, મુકામ નવસારી.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર ઓમ.ઓ.જી. / વશી / ૪૯૬૪ / ૨૦૦૧.— સને ૧૯૭૩ ના (સને ૧૯૭૪ નો બીજો એક્ટ) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ--૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું, ઓ. એસ. પટેલ, આઈ. ઓ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા આથી નીચે જણાવેલ નાયબ મામલતદારકીને તેમની સામે જણાવેલ વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૭૪ ના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટના અધિકાર તેઓ હવાલો સંભાળે ત્યાં સુધીના સમય માટે આપું છું.

ક્રમાનું. નંબર	નામ અને હોદ્દો	કાર્યક્ષેત્રનો વિસ્તાર
(૧)	શ્રી ડી. બી. પટેલ, નાયબ મામલતદાર. એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ગોઝારીયા.	નાયબ મામલતદાર ગોઝારીયાના કાર્યક્ષેત્રમાં આવતાં તમામ મહેસુલી ગામો.

મહેસાણા, તારીખ ૭મી ડિસેમ્બર, ૨૦૦૧.

ઓ. એસ. પટેલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

વંચાણમાં લીધું :—

(૧) રાજ્ય ચૂંટણી પંચ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના આદેશ ક્રમાક ઓસ.ઈ.સી.--ઈ.એલ.સી.--સી.ઓ.સી. ૧૬--૧૯૯૯, તારીખ ૧૮મી માર્ચ. ૧૯૯૯.

(૨) શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ--૧૭(૩)ખ.

હુકમ

ક્રમાંક ઓમ.ઓ.જી. / જાહેરનામું / વશી / ૨૭૬૨ થી ૨૭૮૬.— રાજ્ય ચૂંટણી પંચ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ મતદાન થનાર છે. નર્મદા જિલ્લામાં ગ્રામ પંચાયતોના સામાન્ય ચૂંટણીનું કાર્ય સરળતાથી અને શાંતિપૂર્વક પુરું થાય તથા જિલ્લાના કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં લેતાં જાહેર સુલેહશાંતિ અને સુરક્ષાની જાળવણી માટે નર્મદા જિલ્લાના વિસ્તારમાં આવેલ અગ્નિશસ્ત્રોના પરવાનેદારો પાસેથી તેમના અગ્નિશસ્ત્રો નજીકના પોલીસ સ્ટેશને જમા કરાવવાનો આદેશ આપવાનું જરૂરી જણાય છે.

વાસ્તે શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ-૧૭(૩)(ખ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી જી. જે. ચાંપાનેર, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા--રાજપીપળા ફરમાવું છું કે, નર્મદા જિલ્લાના તમામ શસ્ત્ર પરવાનેદારોએ તેઓના શસ્ત્ર પરવાના હેઠળ અગ્નિશસ્ત્ર તથા દારૂ ગોળો આ હુકમની જાણ વર્તમાનપત્ર અથવા પોલીસ ખાતા તરફથી થયે તાકીદે નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી અધિકૃત પહોંચ મેળવી લેવા આદેશ ફરમાવું છું.

જે શસ્ત્ર પરવાનેદારોએ તેઓના પોતાના કબજા હેઠળનું અગ્નિશસ્ત્ર તથા દારૂગોળો નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરવામાં કસુર કરેલાનું માલુમ પડશે તો તેવા પરવાનેદારો વિરુધ્ધ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ હેઠળ કાનુની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આ આદેશ હેઠળ પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ અગ્નિશસ્ત્ર તથા દારૂગોળો ચૂંટણી પ્રક્રિયા પુરી થયા બાદ તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૨ પછીના એક અઠવાડિયામાં મેળવી લેવા.

આજ તારીખ ૭મી ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ્એજી-વશી / ૨૭૮૭ થી ૨૮૦૬.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, શ્રી જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૧૭મી ડીસેમ્બર, ૨૦૦૧ સુધી. સવારના ૦૦-૦૦ કલાકથી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સહિત.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ, સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જ નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવામાં કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોસ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ. બતાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

INDEX

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૭મી ડીસેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-વશી-૨૯૦૭ થી ૨૯૨૫.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, જી. જે. ચાંપનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૦૧ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૭મી ડીસેમ્બર, ૨૦૦૧ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું, આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. જે. ચાંપાનેરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી.એ./૧૨/૨૦૦૧/વશી./૨૧૦૦૪/૨૧૦૫૪—. અત્રેની જિલ્લામાં આગામી તારીખ ૨૩મી ડીસેમ્બર ૨૦૦૧ના રોજ ગ્રામ પંચાયત ચૂંટણી/સરપંચોની ચુંટણીઓ આવતી હોઈ તેમજ તારીખ ૨૭ ડીસેમ્બર ૨૦૦૧ ના રોજ મતગણતરી રાખેલ હોઈ જે ચુંટણીઓને ધ્યાને રાખી લોકોની જાનમાલની હાની થવાથી તથા જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, છરી, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહી;

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવા બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પૂતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં;

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતીનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં.

વાસ્તે હું એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા, વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મનાઈ કરું છું.

આ હુકમ તારીખ ૧લી ડીસેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૦મી ડીસેમ્બર ૨૦૦૧ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ એવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓ જે તે શારીરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૧લી માહે ડિસેમ્બર સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રટ
બનાસકાંઠા.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમઝેજી-પીઓએલ-વશી-૩૫૪૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૭મી ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધાની) મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ નાં ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ડિસેમ્બર, સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨માંની) કલમ-૩૭ (૧) મુજબ.

નંબર પી.ઓ.એલ /વશી/૧૯૬૨ થી ૧૯૮૦/૨૦૦૧.—આગામી દિવસોમાં "નાતાલ" તેમજ "રમજાન ઈદ" તહેવારો હોઈ તેમજ "ગ્રામ પંચાયત"ની ચુંટણીઓ યોજનાર હોઈ મહેસાણા જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાંની આવશ્યકતા રહે છે. આગામી તહેવારો તેમજ ગ્રામ પંચાયત ચુંટણીને અનુલક્ષીને આ જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ છે.

વાસ્તે, હું એન. સી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૪થી ડિસેમ્બર ૨૦૦૧ના શુન્ય (સમય) કલાકથી તારીખ ૨જી ફેબ્રુઆરી ૨૦૦૨ ના ૨૪-૦૦ (સમય) કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહી કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.

(૨) જલદી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠાં કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જવાનું અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં, કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા ધ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદુ, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું નિતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી:

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, વિસનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીઓએ શારીરીક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

(૩) ઉપરોક્ત (૨) સિવાય અન્ય કિસ્સાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ હોય તેવી વ્યક્તિઓને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ. પી. સી. કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ડીસેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

———

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. નં. ૩૯/૨૦૦૧—મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ હાલની પ્રવર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા આગામી ગ્રામ પંચાયત ચૂંટણીઓ પૂર્વે ની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સપય માટે નીચે જણાવેલ તારીખ ૨૬મી ડિસેમ્બર ૨૦૦૧ થી તારીખ ૮મી જાન્યુઆરી ૨૦૦૨ (બંને દિવસો સુધીના) સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ, અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાની ફરજ હોય, કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં ના) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એ વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૦મી ડિસેમ્બર ૨૦૦૧ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part —I, should be *read* to have been published in Issue No. 1, *Gujarat Government Gazette*, Part —I, dated 3rd January, 2002 and for pages VAD-1 to VAD-20 (in 1 set) *read* page No. 9 to 28.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૦૨ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧ થી વીએડી-૨૦ (૧ બંચમાં) ને પાન નંબર ૯ થી ૨૮ વાંચવા.

Vadodara, 3rd January, 2002.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. દ્વારા

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૧–૪–૨૦૦૧ ના જા. નં. આણું/૭–૪/૧૨૪૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીનો તા. ૨૮–૬–૨૦૦૧ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૫૧/ધ-૨/૫૩૧/૨૦૦૧નો ધી ન્યુ નિતિન ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ.

(૩) ન્યુ. નિતન ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદના તારીખ ૨/૬–૮–૨૦૦૧ તા ૧–૧૦–૨૦૦૧ અને તા. ૨૬–૧૧–૨૦૦૧ના પત્રોની રજુઆત.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૫૧/ધ-૨/૯૮૯/૧૨૬૨૦/૨૦૦૧.— ધી ન્યુ. નિતિન ગ્રાહક ભંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા અન્વયે નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. જેના નોંધણી નંબર ભ. ૪૬૪૩ તા. ૨–૧૨–૧૯૯૪ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ કામકાજ, કાર્યશૈલી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા–કાનૂન મુજબ કરવાના રહે છે. તથા મંડળીને દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીના બાકી ઓડીટ માટે નિયુકત ઓડીટર મારફત સોસાયટીનો સંપર્ક કરવામાં આવેલ પણ હોદ્દેદારોએ લેખિત નિવેદન મારફત મંડળીને ફડચામાં લઇ જવાની કાર્યવાહી કરવા અંગે ઓડીટર સમક્ષ લખાણ રજુ કરેલ તેના આધારે સંદર્ભ–૧ થી રજુ થયેલ ખાસ અહેવાલની વિગતે અત્રેથી જરૂરી પ્રક્રિયા અનુસરી મજકુર સોસાયટીને રજુઆતની પુરતી તક આપ્યા બાદ સંદર્ભ–૨થી ફડચામાં લઇ જવાનો વચ-ગાળાનો હુકમ પસાર કરેલ અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો–૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવેલ તથા સદર હુકમની બાબતે કાંઇ રજુઆત કરવાની થતી હોય તો દિન–૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવા સોસાયટીને જણાવવામાં આવેલ.

સંદર્ભ–૩ અન્વયેના સોસાયટીના પત્રો દ્વારા મજકુર સોસાયટીનો ફડચાનો હુકમ રદ કરવા અંગે અમારી સમક્ષ રજુઆત કરવામાં આવેલ સોસાયટીની ટુંકમાં રજુઆત એ મુજબની છે કે આ સોસાયટી અનુ. જાતિના અતિ પછાત નાડીયા સમાજના સભ્યોની બનેલી છે. સને ૧૯૯૪માં નોંધા-યેલ છે. તા. ૩૦–૬–૯૬ સુધીનું ઓડીટ કરાવેલ છે. સોસા-યટી ભાડાની દુકાનમાં રેશનીંગની કામગીરી કરતી હતી પણ દુકાન માલિકે તાત્કાલિક ખાલી કરાવેલ જે અગાઉ જે સોસા-યટીએ દુકાનનું સ્થળ બદલવા અન્ન નાગરિક પુરવઠા કચેરી, અમદાવાદને કરેલ અરજી ઉપર કોઇ હકારાત્મક નિર્ણય આવેલ ન હતો અને ધંધો અન્યત્ર સ્થળે તબદીલ કરવાની પહેલ કરજના સંજોગોમાં ધંધો નજીકના સ્થળે તબદીલ કરી ચાલુ રાખી ગ્રાહકોની જરૂરીયાતો પુરી પાડતા રહેલ હતા. પણ મંડળીએ વગર મંજુરીએ દુકાન ટ્રાન્સફર કરેલ છે તેવા કારણોસર દુકાન બંધ કરવા અન્ન નાગરીક પુરવઠા વિભાગ દ્વારા મંડળીને નોટીસ આપીને સોસાયટીના વેચાણ રજીસ્ટરો, બીલ બુકો તેમજ અન્ય રજીસ્ટરો કબજે કરેલ હતા. જેથી ઓડીટ માટે દફતર રજુ કરી શકેલ નહીં. સોસાયટીએ સરકારશ્રીની લોન, શેરફાળો, સબસીડી મેળવેલ છે જે પરત ચુકવી આપવા સોસાયટી બંધાયેલ છે અને તે અંગે ખાત્રી આપેલ છે સોસાયટીને પરત મળેલ રેકર્ડ આધારે સોસાયટીના જેવટ સુધીના હિસાબો તૈયાર કરવામાં આવેલ છે. ઓડીટ કરાવવા મંડળી તૈયાર છે તે અંગે જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રીની કચેરીને જાણ કરાયેલ છે, સોસાયટીના સભાસદો પોતાની મંડળી ચાલુ રાખવા માંગે છે. સહકારી કાયદા-કાનુન મુજબ વહીવટ કરવાની અને બાકી ઓડીટ કરાવી લેવાની ખાત્રી આપી સભાસદોના હિતમાં મંડળીને ફડચામા લઇ જવા અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ રદ કરવા વિનંતી કરેલ છે.

ઉકત વિગતો તથા ઓડીટર મારફત રજુ થયેલ સંદર્ભ-૧ના અહેવાલની વિગતો ધ્યાને લેતાં સોસાયટીના ચેરમેન/સેક્રેટરીએ સોસાયટીના દફતરનો નાગરીક પુરવઠા વિભાગ દ્વારા કબજો લેવાયેલ હોય તે સંજોગોમાં ઓડીટ માટે દફતર ઓડીટર સમક્ષ રજુ ન કરી શકવાના સંજોગોમાં લેખિત નિવેદન દ્વારા મંડળી ફડચામાં લઇ જવા જણાવેલ હોવાની સોસાયટીની રજુઆત માનવાને કારણ રહે છે, સોસાયટીના સભાસદો મંડળી ટકાવી રાખવા માંગે છે, અને તે અંગે સોસાયટીના સભાસદોએ સંયુકત સહી દ્વારા અત્રે અરજી રજુ કરી રજુઆત કરેલ છે. હાલ મંડળીને પ્રાપ્ત થયેલ રેકર્ડ આધારે હિસાબી દફતર તૈયાર કરાયેલ છે અને ઓડીટ કરાવી લેવાની ખાત્રી આપેલ છે. વળી સરકારશ્રીના લેણાની વસુલાત મેળવવાની પણ બાકીમાં છે. સોસાયટી રેશનીંગ કામગીરી ચાલુ રાખવા માંગે છે. મંડળીના સભાસદો દ્વારા સહકારી કાયદા–કાનુન અને પેટાકાયદા મુજબ મંડળીનો વહીવટ ચલાવવા ખાત્રી અપાયેલ છે. તે તમામ સંજોગો અને સભાસદોના વિશાળ હિતને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાનું જરૂરી જણાતું નથી. સાથે સાથે મંડળીનું બાકી ઓડીટ ત્વરીત પુર્ણ કરાવવું મંડળી માટે પણ જરૂરી બને છે. માટે એક માસમાં બાકી ઓડીટ પુર્ણ કરાવવાની સુચનાસહ મજકુર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ રદ કરવામાં હરકત સરખું જણાતું ન હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી ન્યુ નીતીન ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ નોંધણી નંબર ભ. ૪૬૪૩, તારીખ ૨–૧૨–૧૯૯૪ ને આ કચેરીનાં તારીખ ૨૮–૬–૨૦૦૧ ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૫૧/ધ. ૨/૫૩૧, સને ૨૦૦૧થી ફડચામાં લઇ જવાનો કરવામાં આવેલ વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તા. ૧–૧૨–૨૦૦૧.

વંચાણમાં લીધા :–

(૧) આ કચેરીના તા. ૧૬–૨–૧૯૯ ના ક્રમાંક ફડચ/ફ–૧૧૪૫૧/ધ–૨/૧૫૮નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીના તા. ૨૪–૧૧–૨૦૦૧ના ક્રમાંક ફડચ/ફ–૨/૬૭૭/૨૦૦૧ના પત્રથી રજૂ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નંબર ફડચ/ફ–૧૧૪૫૧/ધ–૨/૯૯૨/૧૨૬૪૫/સને ૨૦૦૧.— ધી ડાદાસાહેબ આંબેડકર કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નં. ધ–૮૭૨૦ તા. ૨૫–૧૨–૧૯૮૧ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી, તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૧૬–૨–૧૯૯૮ના હુકમ ક્રમાંક ફડચ/ફ–૧૧૪૫૧/ધ–૨/૧૫૮/૧૯૯૮ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સંદર્ભ–૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહું કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩–૧૨–૨૦૦૧.

વંચાણમાં લીધા :–

(૧) આ કચેરીના તા. ૩–૧–૨૦૦૧ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૪૧/ધ. ૨/૧૦ સને ૨૦૦૧ નો ફડચાનો અંતિમ હુકમ

(૨) સહકારી અધિકારી (ફડચો–૧) લગત આ કચેરીના તારીખ ૨૦–૧૧–૨૦૦૧ ના ક્રમાંક ફડચ/ફ. ૧/૬૫૩/૨૦૦૧ અન્વયે રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ. ૧૧૫૪૧ / ધ.–૨ / ૯૯૩ / ૧૨૬૪૬/ ૨૦૦૧.—ધી કાળીનગર મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ નોંધણી નંબર ભ. ૩૬૧૮, તા. ૨૭–૭–૧૯૬૦થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૩–૧–૨૦૦૧ના હુકમ ક્રમાંક ફડચ/ફ.–૧૧૫૪૧/ધ–૨/૧૦/ સને ૨૦૦૧થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ–૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૧૪(૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહું કાયદાની કલમ–૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩–૧૨–૨૦૦૧.

વંચાણે લીધા :

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૬–૭–૦૧નો પત્ર ક્રમાંક અપણુ/૦૧/ ગ–૪/૨૬૫૪ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૧૪–૮–૦૧ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ ધ–૨/૬૯૮/૨૦૦૧ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૧૫–૯–૨૦૦૧ના જા. નં. ફડચ/ફ–૧૧૫૫૫/ધ–૨/૭૮૮/સને ૨૦૦૧નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) સહકારી અધિકારી (ફડચો–૧) લગત આ કચેરીનો તા. ૨૨–૧૧–૦૧ ના જા. નં. ફડચ/ફ–૧/૧૬૦/૨૦૦૧ ના પત્રની રજુઆત.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ–૧૧૫૫૫/ધ–૨ / ૯૯૧ / ૧૨૬૪૭ / સને ૨૦૦૧.—ધી હંસરાજ કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ

INDEX

મંડળી છે. જેનો નોંધણી નંબર ધ–૧૨૦૫૫, તા. ૨૭–૧–૧૯૮૬ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દારોએ સોસાયટીના નોંધાયેલા પેટાનિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહેશે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ સને ૯૮–૯૯ થી ૯૯–૨૦૦૦ સુધીનું શ્રી એ. એન. ત્રિવેદી, ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઈ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર પોસ્ટ ખાતા દ્વારા " નોટ નોણ " ના શેરા સાથે અત્રે પરત મળેલ, જે ધ્યાને લઈ સંદર્ભ–૩ અન્વયેના હુકમ મુજબ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી તે સામે કાંઈ રજુઆત કરવાની હોય તો અમારી સમક્ષ દિન–૩૦માં રજુઆત કરવા જણાવેલ જેને પણ વ્યાજબી સમય પસાર થવા છતાં સોસાયટી તરફથી હજુ સુધી કોઈ રજુઆત મળવામાં નથી. સંદર્ભ–૪ અન્વયે નિયુક્ત ફડચા અધિકારી દ્વારા થયેલા રજુઆત મુજબ સંદર્ભ–૩ થી કરવામાં આવેલ હુકમમાં મજકુર સોસાયટીની નોંધણીની તારીખ ૨૭–૧–૧૯૬૬ દર્શાવેલ છે. જે ચકાસણી કરતાં ખરેખર તા. ૨૭–૧–૧૯૮૬ હોવાનું જણાવેલ છે તે માટે તે મુજબ જરૂરી સુધારો પાડવા રજુઆત સામે વિનંતી કરેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ–સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ તેમજ સદર સોસાયટીના સંદર્ભ–૩ થી કરવામાં આવેલ વચગાળાના ફડચાના હુકમમાં દર્શાવેલ મંડળીની નોંધણી તારીખમાં સુધારો કરવો પણ જરૂરી જણાતું હોઇ તે મુજબ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી હંસરાજ કો.–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ધ. ૧૨૦૫૫, તા. ૨૭–૧–૧૯૮૬ ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી એલ. બી. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો–૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે

અમદાવાદ, તા. ૩–૧૨–૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંધણ/૪૭૩૭/ક–૨/૬૪૬/૧૨૬૬૭/સે-૩૩૧૨૩ ૨૦૦૧.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી શિવશક્તિ ક્રેડીટ એન્ડ. સપ્લાય કો. ઓ. સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૩–૧૨–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા. ૧–૧૦–૯૭ના ક્રમાંક ફડચ/ફ.૧૧૩૪૪/ધ ૨/૧૧૩૨નો/ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૧) લગત આ કચેરીના તા. ૨૯–૧૧–૦૧ ના ક્રમાંક ફડચ/ફ. ૧/૧૯૫/૨૦૦૧ના પત્રથી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ. ૧૧૩૪૪/ધ.-૨ / ૧૦૧૨ / ૧૨૮૭૦/ સને

INDEX

૨૦૦૧.— ધી સીટી કો. ઓપરેટીવ બેંક સ્ટાફ ક્રેડીટ એન્ડ સપ્લાય કો. ઓપરેટીવ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી ક્રમાંક. ૨૧૧૧૧, તા. ૧૧–૨–૮૬ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧–૧૦–૯૭ના હુકમ ક્રમાંક ફડચ/ફ. ૧૧૩૪૪/ધ-૨/૧૧૩૨થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ–૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સોસાયટી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહું કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૭–૧૨–૨૦૦૧.

———

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના તા. ૨૭–૧૦–૯૯ ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૪૭૭/ધ–૨/૯૪૧નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૧) લગત આ કચેરીના તા. ૨૯–૧૧–૨૦૦૧ના ક્રમાંક ફડચ/ફ–૧/૧૯૬/૨૦૦૧ના પત્રથી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ ના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ–૧૧૪૭૭ / ધ–૨ / ૧૦૧૩ / ૧૨૭૯૯/ ૨૦૦૧.–ધી ન્યુ રાજપુર મીલ્સ એમ્પ્લોઈઝ કો–ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ નોંધણી ક્રમાંક સે. ૧૯૯૪૭, તા. ૧૮–૫–૧૯૫૨થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૨૭-૧૦-૯૯ના હુકમ ક્રમાંક ફડચ/ફ ૧૧૪૭૭/ ધ-૨/૯૪૧ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૧૪(૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ–૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ તા. ૭–૧૨–૨૦૦૧.

એમ. ડી. ચૌહાણ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(શહેર), અમદાવાદ.

———

વંચાણમાં લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી ધાનેરા વિભાગ કિસાન ગ્રાહક સહકારી ભંડાર લી. તા. ધાનેરા જીલ્લા જનાસકાંઠાના તારીખ ૧૫–૧૧–૨૦૦૧ના પત્ર ક્રમાક સમ/ફડચ/૧૯૦ / ૨૦૦૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૧૪(૨) અને કલમ–૨૦(૧)ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૨૦૮૫/૨૦૦૧.—ફડચા હુકમ નંબર ફ-૧૧૬૨૭ તા. ૩–૪–૯૮ ધી ધાનેરા વિભાગ કિસાન ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. ધાનેરા તાલુકો ધાનેરા જીલ્લો જનાસકાંઠા કે જે જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. પાલનપુરના તા. ૨૫–૧૧–૯૪ના નોંધણી ક્રમાંક જા/૪૪૫૧થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. પાલનપુરના તા. ૩–૪–૯૮ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૪૫૭/૯૮થી કાયદાની કલમ–૧૦૩ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ ૧ના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૧૪(૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથોસાથ આજ કાયદાની કલમ–૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૨૯-૧૧–૨૦૦૧.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

———

વંચાણે લીધા :—

(૧) મહાકાળેશ્વર ગ્રાહક સહકારી ભંડાર લી. ખંભાત તા. ખંભાત, જી. આણંદ, (ફડચામાં) ના સભાસદોની ભંડારને પુનઃજીવીત કરવા માટેની અરજી તથા સભાસદો સાધારણ સભામાં પસાર કરેલા ઠરાવ.

(૨) સહકારી અધિકારી (ફડચો) ગ્રેડ–૨ લમત સદર કચેરીએ ભંડારને પુનઃજીવીત કરવા અંગે તા. ૨૨–૧૧–૨૦૦૧ થી મોકલેલ ભલામણ પત્ર.

જા. નં. ફડચ/૩૬/ચ–૩૬૨/૨૦૦૧–મહાકાળેશ્વર ગ્રાહક સહકારી ભંડાર લી. ખંભાત તા. ખંભાત, જી. આણંદને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓના તા. ૨૮–૮–૯૫ ના હુકમ નં. ઉખસ/૬૦૪/ફડચ/ગ–૨/૧૬૯૮ થી ફડચામાં લઈ

INDEX

જવામાં આવેલ છે. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) ગ્રેડ–૨ ની નિમણુંક કરવામાં આવેલ હતી. ભંડારનો ચાર્જ તા. ૧૫–૧૦–૯૬ ના રોજ ફડચા અધિકારીએ સભાળેલ હતો. ચાર્જ સંભાળ્યા બાદ ફડચા અધિકારીએ ભંડારે શેરોમાં કરેલ રોકાણની રકમો તથા અન્ય સંસ્થામાં રોકાયેલ રકમો પરત મેળવી છે. વસુલાત આવવાને કારણે ભંડારની આર્થિક પરીસ્થીતી મજબુત બનેલ છે.

ભંડારની કામગીરી સ્થગીત થવાના કારણે, વાર્ષિક સાધારણ સભાઓ નહીં બોલાવવાના કારણે વ્ય. કમીટીની બેઠકો નહી મળવાના કારણે તેમજ ભંડારનું હિસાબી દફતર નિયમીત નહી લખવાના કારણે ફડચામાં લઇ જવામાં આવેલ હતો. ભંડારને પુનઃજીવીત કરવા અંગે રજુઆત થતા સભાસદોની એક મીટીંગ બોલાવેલ જેમાં ફડચા અધિકારીએ પણ હાજરી આપેલ હતી. સભાસદોએ ભંડારના કાર્યવિસ્તારમાં અન્ય કોઇ ભંડાર આવેલ ન હોઇ સભાસદોને જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ સહકારી ધોરણે મળી રહે તે માટે ભંડારને પુનઃજીવીત કરવા ઠરાવેલ છે તેમજ પેટા નિયમ અનુસાર ભંડારનું કામકાજ કરવા માટે બાંહેધારી આપેલ છે. ભંડારને પુનઃજીવીત કરવામાં આવે તો નવી કારોબારીની રચના કરતો ઠરાવ પણ કરેલ છે. વા. સા. સભા તેમજ વ્ય. કમીટીની મીટીંગો નિયમીત બોલાવવા બાંહેધારી આપેલ છે આમ મંડળીના સભાસદોએ આપેલ ખાત્રી તેમજ રજુઆતને ધ્યાને લઈ મંડળીને પુનઃજીવીત કરવા અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. જે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ આણંદને મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમે ૧૫ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ મહાકાળેશ્વર ગ્રાહક સહકારી ભંડાર લી. ખંભાત મુ. ખંભાત, જી. આણંદને પુનઃજીવીત કરવાનો હુકમ નીચેની શરતોએ કરું છું.

(૧) ભવિષ્યમાં મંડળી સામે લેણદારો કે દેવાદારો અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે મંડળી પોતાની રીતે તેનો નિકાલ કરશે.

(૨) મંડળી પુનઃજીવીત થયા પછીની પ્રથમ મીટીંગમાં મંડળીએ પોતાની આગામી કામગીરીનો પ્રોજેક્ટ રીપોર્ટ ફિન–૩ માં મોકલી આપવાનો રહેશે.

(૩) શેરરૂપી મુડી ઘટાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તે કઇ રીતે ઘટાડવામાં આવશે તે મંડળીએ તેની પ્રથમ મીટીંગ મળે ત્યારે તેમાં નકકી કરી પ્રોજેક્ટ રીપોર્ટમાં જણાવવાનું રહેશે.

આણંદ, તા. ૨૯–૧૧–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) શ્રી વાલવોડ સામુહાયીક ખેતી સ. મં. લિ. વાલવોડ તા. બોરસદના ફડચાધિકારીશ્રીનો તા. ૨૨–૧૧–૨૦૦૧નો પત્ર નં. ફડચ/૦૧/ચ–૩૪૭/૨૦૦૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ ૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.–૨૪–૯૧/ડી.ડી.લી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૨૮/ચ/૩૬૩/૨૦૦૧.— શ્રી વાલવોડ સામુહાયીક ખેતી સહકારી મંડળી લી., મુ. વાલવોડ તાલુકા બોરસદ જીલ્લો આણંદ શ્રી મહદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર બે-૫૮૮ તા. ૧૨-૨-૧૯૫૮ થી નોંધવામાં આવી હતી જેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ / ક. જ. / ફડચા / ગ–૨ / ૨૦૬૦/૯૪ તારીખ ૩–૧૦–૧૯૯૪ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તા. ૨૯–૧૧–૨૦૦૧.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, આણંદ.

જા. નં. નધણ/સે/૧૧૦૦/૦૧/ખ/૬૭૧ સે/૩૨૩૦૬/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે ક્રિકના ક્રો–ઓપરેટીવ ક્રેડીટ સો. લી., મર્યાદિત સ્થળ સોનીપુર તાલુકો ઠાસરા જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તા. ૨૯–૧૧–૨૦૦૧.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ

INDEX

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા. ૧૦–૯–૨૦૦૧ના પત્ર ન. ધરમ/૦૧/ખ. ૩/૯૫૬/૨૦૦૧ થી બજાવેલ કારણદર્શક નોટીસ.

(૨) અત્રેથી આપેલ કારણદર્શક નોટીસ સંદર્ભે તારીખ ૧૭–૯–૨૦૦૧ ના રોજના મંડળીના ડીરેકટરોએ આપેલ નિવેદન.

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ, ગાંધીનગરના પત્ર નં. જીએચકેએચ/૨૪/૯૧/ઝેડીસી/૧૧૮૮/૭૨૦૪/જ તા. ૩૦–૪–૯૧.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૭૪ (ડી) નીં જોગવાઇ.

પ્રસ્તાવના

જા નંબર ધરમ/૦૧/ક. ૨/૬૨૦/૨૦૦૧.—ધી વિઠ્ઠલ નિવાસ કો. ઓ. હાઉસીંગ સો. લી. ગોધરાએ સહકારી કાયદા કાનુન અનુસાર નોંધાયેલ સહકારી મંડળી છે. આ મંડળીના કાર્યવાહકોએ મંડળીના નોંધાયેલ પેટાનિયમોનુસાર અને સહકારી કાયદા કાનુન અનુસાર સભાસદો અને મંડળીના વિશાળ હિતમાં વહીવટ ચલાવવાનો હોય છે.

મંડળીના ચેરમેનશ્રી પ્રુલચંદભાઇ એમ. ચૌહાણના તારીખ ૩–૯–૦૧ ના અત્રેની કચેરીને ઉદ્દેશીને મંડળીની વહીવટી કામગારી સંદર્ભે લખેલ પત્ર અનુસંધાને અત્રેની કચેરીના આમુખ–૧માં દર્શાવેલ પત્રથી મંડળીના કાર્યવાહકોને કારણદર્શક નોટીસ આપી જરૂરી ખુલાસો / રજુઆત કરવા હાજર રહેવા જણાવતાં તા ૧૭–૯–૨૦૦૧ નાં રોજ અત્રેની કચેરીમાં હાજર રહી આપેલ નિવેદન ધ્યાને લેતાં તારીખ ૧૭–૯–૨૦૦૦થી એટલે કે છેલ્લા એક વર્ષ ઉપરાંતના સમયથી મંડળીના વ્ય. કમિટી સભ્યોની બેઠક મળતી નથી અને વહીવટ સ્થગિત થઈ જતાં શુન્ય અવકાશ સર્જાયેલ છે. અને મંડળી અને તેના સભાસદોનું હિત જોખમાયેલ છે.

આ ઉપરોકત હકીકત જોતાં હવે મંડળીની વ્યવસ્થાપક કમિટીને દૂર કરી કસ્ટોડીયનની નિમણુંક કરવી આવશ્યક જણાંતાં ધી વિઠ્ઠલ નિવાસ કો. ઓ. હા. સો. લી. ગોધરામાં કસ્ટોડીયનની નિમણુંક કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ગોધરા તે સહકારી અધિનિયમ, ૧૯૬૧ તેમજ આમુખ–૩માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મળેલ સત્તાની રૂઇએ પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ધી વિઠ્ઠલ નિવાસ કો. ઓપ. હાઉ. સો. લી. ગોધરામાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૭૪(ડી) હેઠળ મંડળીના કસ્ટોડીયન તરીકે શ્રી જી. ડી. પંચાલ કાર્યાલય અધિક્ષક, સહકાર કચેરીની નીચે જણાવેલ શરતોને આધિન નિમણુંક કરવામાં આવે છે.

શરતો :–

(૧) કસ્ટોડીયન કમીટીની મુદત હુકમની તારીખથી ૭ મહીના સુધીની રહેશે.

(૨) કસ્ટોડીયન કમીટીએ આગામી વાર્ષિક સા. સભા પહેલાં ચૂંટણીના નિયમો અનુસાર ચુંટણીની કાર્યવાહી હાથ ધરી ચુંટાયેલ નવી વ્ય. કમીટીને ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

(૩) સંજોગોવસાત સુચવેલ સમયમાં ચુંટણી થઇ ન શકે તો તેના સ્પસ્ટ કારણો સહીત અત્રેને જાણ કરી મુદત વધારા માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૪) કસ્ટોડીયનં કમીટીએ મંડળીનો ચાર્જ વ્ય. કમીટી પાસેથી તાત્કાલિક મેળવી લેવાનો રહેશે.

(૫) કસ્ટોડીયન કમીટીએ આ કચેરીના વખતેવખતની સુચનાઓને આધિન વહીવટ કરવાનો રહેશે.

(૬) કસ્ટોડીયન કમીટીએ મહેનતાણા પેટે કોઈ ખર્ચ સંસ્થામાં પાડવાનો રહેશે.

(૭) કસ્ટોડીયન કમીટી આ કચેરીની પુર્વ મંજુરી મેળવ્યા સિવાય ચુંટણીમાં મત આપી શકશે નહીં તેમજ તે અંગેની ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે નહીં.

ગોધરા, તારીખ ૨૭–૧૧–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ/દચમ/ખ–૨ / ૨૧૨૩ / સે–૩૨૭૯૫ / ૨૦૦૧.—જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ડાહ્યાપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ડાહ્યાપુર મર્યાદિત સ્થળ ડાહ્યાપુર, તાલુકો કડાણા, જીલ્લો પંચમહાલ. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૭–૧૧–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ/દચમ /ખ–૨ / ૨૧૨૪ / સે–૩૨૭૮૦/ ૨૦૦૧.—જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા

INDEX

આથી જાહેર કરે છે કે, ધી અલીંદ્રા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., અલીંદ્રા. મર્યાદિત સ્થળ અલીંદ્રા, તાલુકો કલોલ, જીલ્લો પંચમહાલ. સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૭–૧૧–૨૦૦૧,

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૨૯૬૫.—નર્મદા જિલ્લાના પોલીસ કર્મચારીઓ /અધિકારીકાઓનું વાર્ષિક ફાયરીંગ નર્મદા જિલ્લાના જુના ફાયરીંગ બટ રાજપીપલા ખાતે તારીખ ૧૮મી ડીસેમ્બર ૨૦૦૧થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૧ દરમ્યાન રાખવા નક્કી કરેલ છે. આ સમય દરમ્યાન ટેકરા ફળિયાની પાછળનો ભાગ પોલિસ અધિક્ષકશ્રી, નર્મદાની કચેરીથી ઉત્તર તરફનો જુનો ફાયરીંગ બટ રાજપીપલા વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઈપણ વ્યક્તિઓ/જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઈ ફરમાવવાનું મને આવશ્યક જણાય છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ટેકરા ફળિયાના પાછળનો ભાગ પોલીસ અધિક્ષકશ્રી કચેરીથી ઉત્તર તરફ નો જૂનો ફાયરીંગ બટ રાજપીપલાના વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તારીખ ૧૮મી ડીસેમ્બર ૨૦૦૧થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૨૦૦૧ સુધીના (બન્ને દિવસો સહિત) સમય માટે કોઈપણ વ્યક્તિઓ જાનવરો વગેરેના પ્રવેશ માટે મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનારને કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૫મી ડીસેમ્બર-૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. જે. ચાંપાનેરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

સુધારા જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ.

નંબર ડી.સી.બી.- / હોટલ / બી.પી.ઓ. / રજિ. ૬/૨૦૦૧.— અત્રેની કચેરીના જાહેરનામાં નંબર ડીસીબી/હોટલ/ બી પીઓ/ રજિ. ૩/૯૯ તારીખ ૫મી માર્ચ, ૧૯૯૯ થી આહારગૃહ ખોલવાના/ ચલાવવા માટે લેવા પડતા રજિસ્ટ્રેશન અંગેના નિયમો અમલમાં આવેલ છે: સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર ક્રમાંક જસમ / ૧૦૯૯ / ૪૩૬૬ / મ, તારીખ ૧૪ મી સપ્ટેમ્બર, ૨૦૦૧ થી સુચના મળ્યા મુજબ ઉપર જણાવેલ જાહેરનામાંના રજિસ્ટ્રેશન અંગેના નિયમોમાં નીચે મુજબનો જરૂરી સુધારો કરવાનો નિર્ણય સરકારશ્રીએ કરેલ છે. જેથી નવસારી જિલ્લા માટે આહાર ગૃહ ખોલવાના / ચલાવવા માટેના રજિસ્ટ્રેશન અંગેના જે નિયમો અત્રેની કચેરીના તારીખ ૫મી માર્ચ, ૧૯૯૯ ના જાહેરનામાંથી બહાર પાડેલ છે. તેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૧) નિયમ-૪ (અ) માં વધારાના પેરેગ્રાફ તરીકે નીચે મુજબ વાંચવું.

"નવું આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર માંગનાર અથવા તો આહર ગૃહ નોંધણી પ્રમાણપત્ર ધારક દ્વારા રીટેઈનરનું નામ દાખલ કરવા અરજી કરવામાં આવે તો રીટેઈનર અંગે જરૂરી પોલીસ તપાસ-કરીને / અભિપ્રાય મેળવીને તેનું નામ દાખલ કરી શકાશે.'

(૨) નિયમ--૮ માં વધારાના પેરેગ્રાફ તરીકે નીચે મુજબ વાંચવું.

" ડુપ્લીકેટ નોંધણી પ્રમાણપત્ર વધુમાં વધુ ૧૫ દિવસમાં આપવું પુરું પાડવાનું રહેશે".

આજ રોજ તારીખ માહે ૧૩ મી માહે ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કાથી આપ્યું.

એ. એન. ત્રાત્રી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિ-નિયમ નં. ૨૨ની) કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૫૫/૨૦૦૧.--આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, ઉર્મિલાબેન પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧) નો મુંબઈ અધિનિયમ નં. (૨૨) ની કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૧૨મી જાન્યુઆરી ૨૦૦૨ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્રો સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ પણ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા

INDEX

તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય, તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :— અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને તે ઉપરી અધિકારીકીને આવા કોઈ પણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓને જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભાગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-૧ હેઠળ આછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં. (૨૨) ની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર.-૫૬ / ૨૦૦૧.— આગામી દિવસોમાં અમદાવાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હુ, ઉર્મિલાબેન ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ ની મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૨ ના ક્લાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં આગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ,કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ વિરમગામ ટાઉન, વિરમગામ, રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા—ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ સને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

યુ. ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

નંબર પલસ / મજસ / વશી / ૩૯૯૪ થી ૩૯૯૬.— પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંણી—૨૦૦૧ યોજવા કાર્યક્રમ જાહેર થયેલ છે. આ ચૂંટણી પ્રક્રિયા ના સમય દરમ્યાન કયદે અને વ્યવસ્થાની સ્થિતિ જાહેર સુલેહશાંતિ તેમજ જાહેર સુરક્ષા જળવાઈ રહે તે માટે શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ--૧૭(૩) બી ની જોગવાઈ અનુસાર પંચમહાલ જિલ્લાના નગરપાલિકા વિસ્તાર સિવાયના સમગ્ર વિસ્તારના પરવાનેદારના હથિયાર પરવાના તાત્કાલિક અસરથી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૧ સુધી મોકૂફ / સસ્પેન્ડ / કરવામાં આવે છે. જેથી પાકરક્ષણ તથા જાનમાલ રક્ષણ અંગેના હથિયાર પરવાના હેઠળના પરવાનેદારના હથિયારો તથા દારૂગોળો સંબંધીત પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક જમા કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

જે તે પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ સબ--ઈન્સપેકટરશ્રી તથા પોલીસ ઈન્સપેકટરશ્રીઓએ તેમના હદ વિસ્તારના પરવાનેદારો પાસેના હથીયારો અને દારૂગોળો તાત્કાલિક મેળવી પોલીસ સ્ટેશને જમા લઈ તાત્કાલિક રીપોર્ટ કરવો.

આ હુકમનો અમલ તાકીદે કરવો.

ગોધરા, તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૧.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનો.

નંબર ઉ/મકપ/મજસ/વશી/૪૦૧૭ થી ૪૦૧૯.—રાજ્ય ચુંટણી પંચ દ્વારા ગ્રામ પંચાયતની સામાન્ય ચુંટણીઓમાં મતદાન તારીખ ૨૩મી ડીસેમ્બર ૨૦૦૧ના રોજ અને મતગણતરી તારીખ ૨૬મી ડીસેમ્બર ૨૦૦૧ના રોજ યોજવા નક્કી કરવામાં આવેલ છે. મતગણતરી પ્રક્રિયા આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના જુદા જુદા સ્થળોએ

INDEX

થનાર છે. સદર સ્થળોએ કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાય રહે તે હેતુથી મતગણતરી સ્થળો અને તેની આસ-પાસના ૨૦૦મીટર ત્રિજ્યા વિસ્તારમાં અનઅધિકૃત વ્યકિતઓએ પ્રવેશ કરવા તેમજ હરવા ફરવા પર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધ હુકમ બહાર પાડવો જરૂરી જણાય છે.

જેથી હુ શ્રી બી. એન. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચ-મહાલ,ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ હુકમ ફરમાવું છું.

સદર હુકમ સાથે સામેલ પરિશિષ્ટ-'અ' માં દર્શાવેલ તાલુકાની ગ્રામ પંચાયત સામાન્ય ચુંટણીઓ મતગણતરી સ્થળોમાં અને તેની ૨૦૦ (બસ્સો) ચો.મી. ત્રિજ્યા વિસ્તારમાં સંબંધિત ચુંટણી સત્તા-ધિકારી તરફથી ઓળખપત્ર આપવામાં આવ્યા હોય તે સિવાયની કોઈ વ્યકિતઓ, ફરજ પરના અધિકારીઓ/ કર્મચારીઓ, ફરજ પરના પોલીસ અધિકારીઓ /કર્મચારીઓ સિવાયની કોઈ બીન અધિકૃત વ્યકિત/વ્યકિતઓએ દાખલ થવું નહી, હેરાફેરી કરવી નહી.
આ પ્રતિબંધ તારીખ ૨૬મી ડીસેમ્બર ૨૦૦૧ થી તારીખ ૨૭મી ડીસેમ્બર ૨૦૦૧ સુધી અથવા મતગણતરી પ્રક્રિયા પુર્ણ થાય ત્યા સુધી લાગુ પાડવામાં આવે છે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહીતાની કલમ -૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

"પરિશિષ્ટ - "અ"

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પંચમહાલ ગોધરાના હુકમ નંબર ઉ/મકપ/જસ/વશી/૪૦૧૭ થી ૪૦૫૯ તારીખ ૨૧મી ડીસેમ્બર ૨૦૦૧ હેઠળનું "પરિશિષ્ટ-અ"

આનુ. નંબર	તાલુકાનું નામ	જિલ્લા /તાલુકા પંચાયત મતગણતરીનું સ્થળ.
૧	૨	૩
૧	ગોધરા	આઈ.ટી.આઈ. ગોધરા.
૨	મોરવા (હ)	પ્રાથમિક શાળા મોરવા (હ)
૩	શહેરા	શ્રીમતિ એસ. જે. દવે, સાર્વજનિક હાઈ-સ્કુલ, શહેરા
૪	લુણાવાડા	ડો. પોલન સ્કુલ, લુણાવાડા.
૫	બાનપુર	કે. એમ. દોશી હાઈસ્કૂલ, બાકોર, પાંડરવાડા
૬	સંતરામપુર	આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર
૭	કડાણા	મામલતદાર કચેરી કડાણા (નવુ મકાન)
૮	હાલોલ	એમ. એન્ડ વી. આર્ટસ કોમર્સ કોલેજ, હાલોલ
૯	જાંબુઘોડા	મામલતદાર કચેરી, જાંબુઘોડા
૧૦	કાલોલ	એમ. એમ. ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાલોલ.
૧૧	ઘોઘંબા	એસ. એચ. વરીયા હાઈસ્કુલ, ઘોઘંબા.

આજ તારીખ ૨૧મી માહે ડીસેમ્બર-૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પ્લસ / મજસ / વશી / ૪૮૭૯ થી ૪૯૦૧.— અત્રેની દાહોદ જિલ્લામા ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ ચાલુ માસમાં તારીખ ૨૩ મી ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ યોજનાર હોઈ, મતગણતરી તારીખ ૨૬ મી ડિસેમ્બર, ૨૦૦૧ થી નીચે મુજબના સ્થળોએ થનાર હોઈ, આ સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે જાહેરહીતમાં મતગણતરી સ્થળોની આજુબાજુના વિસ્તારમાં શહેરી વિસ્તારમાં ૨૦૦ મીટર વિસ્તારમાં મતગણતરી શરૂ થતા પહેલાં એક કલાક અને મતગણતરી પુરી થયા પછીના એક કલાક સુધી આવ જાવ કરવાઉપર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધીત હુકમ બહાર પાડવાની જરૂરીયાત જણાય છે.

સબબ, ઉપરોકત સંજોગોમાં હું કે. આઈ. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે આપેલ આનુસુચીમાં જણાવેલ મતગણતરી સ્થળની આજુબાજુના શહેરી વિસ્તારમાં ૨૦૦ મીટરના વિસ્તારના મતગણતરી દરમ્યાન તથા એક કલાક અગાઉ અને પુરી થયાના એક કલાક પછીના સમય સુધી આવાર નવાર ચુંટણી કામગીરી સાથે સંકળાયેલા કર્મચારી અધિકારીકીઓ તથા ચુંટણી એજન્ટો ઉમેદવારો તેમજ પોલીસ અધિકારીકીઓ સિવાયના બીન અધિકૃત વ્યકિતઓએ દાખલ થવું નહી કે, હેરાફેરી કરવી નહીં.

આ હદમની પ્રસિધ્ધી પોલીસે નીચે જણાવેલ વિસ્તારોમાં તથા અન્ય વિસ્તારોમાં દાંડી પીટાવીને કરવી.

આનુસૂચિ

આનુ. નંબર	તાલુકાનું નામ	મતગણતરીનું સ્થળ
૧	૨	૩
(૧)	દાહોદ	સરકારી પોલીટેકનીક કોલેજ, દાહોદ, જિલ્લો દાહોદ.
(૨)	ગરબાડા	ગરબાડા ખરીદ વેચાણ સંઘનું મકાન, તાલુકા ગરબાડા, જિલ્લો દાહોદ.

INDEX

૧	૨	૩
(૩)	ઝાલોદ	ઔદ્યોગિક તાલીમ સંસ્થા, તાલુકા ઝાલોદ, જિલ્લો દાહોદ.
(૪)	ફતેપુરા	આઈ. કે. દેસાઈ હાઈસ્કુલ, તાલુકા ફતેપુરા, જિલ્લો દાહોદ.
(૫)	લીમખેડા	ઔદ્યોગિક તાલીમ સંસ્થા, તાલુકા લીમખેડા, જિલ્લો દાહોદ.
(૬)	ધાનપુર	નવિન મામલતદાર કચેરીનું મકાન, તાલુકા ધાનપુર, જિલ્લો દાહોદ.
(૭)	દે. બારીયા	તાલુકા પંચાયત કચેરી તા. દે. બારીયા, જિલ્લો દાહોદ.

આજરોજ તારીખ ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરવામાં આવ્યો.

કે. આઈ. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. ૨૦/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું કિરીટ કે. દૂધાત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, આગામી તારીખ ૨૩મી ડીસેમ્બર ૨૦૦૧નાં રોજ ગ્રામ પંચાયતની ચૂંટણી તથા તારીખ ૨૫મી ડીસેમ્બર ૨૦૧૦નાં રોજ નાતાલનો તહેવાર તથા ગ્રામ પંચાયતની મતગણતરી તારીખ ૨૭મી ડીસેમ્બર ૨૦૦૧ને લક્ષમા રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે તારીખ ૨૦મી ડીસેમ્બર ૨૦૦૧ થી તારીખ ૨જી જાન્યુઆરી ૨૦૦૨ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો -

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા:સોટા, બંદુક, ચપ્પુ,છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા ની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ટોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ થવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ(ક) થી (જ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ. વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીઓ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવુ કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવુ કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી ,નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીઓ જેને શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની ૨૨મા કાયદા ની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૧૮મી ડીસેમ્બર ૨૦૦૧ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે.

નંબર પી.ઓ.એલ. / જાહેરનામું / ૩૭(૧)/૨૦૦૧.— ચાલુ-માસમાં રમજાન ઈદનો તહેવાર ઉજવવામાં આવનાર છે. તેમજ તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ ગ્રામ પંચાયતની ચુંટણીઓ યોજાનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હુ જી. એમ. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૧૨ મી

INDEX

ડિસેમ્બર, ૨૦૦૧ ના કલાક ૦૦--૦૦ થી તારીખ ૨૪મી ડિસેમ્બર, ૨૦૦૧ના કલાક ૨૪--૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઇ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી, કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકાર અથવા અશ્લીલ ગાવાનું .

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરુચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ — આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઈ પણ અધિકારીશ્રીએ શારીરીક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું હોય આવશ્યક હોય.

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરુપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડુતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ૪ ચાર માસ અને વધુમા વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે. તેમજ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પી. ઓ. એલ. / જાહેરનામું / ૩૭ (૩) / ૨૦૦૧.—ચાલુ માસમાં રમજાન ઈદનો તહેવાર ઉજવવામાં આવનાર છે. તેમજ તારીખ ૨૩/૧૨/૨૦૦૧ ના રોજ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીનાં પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું. જી. એમ. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિમતનગર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૨મી ડિસેમ્બર ૨૦૦૧ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૪મી ડિસેમ્બર ૨૦૦૧ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગરે લઈ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૨મી ડિસેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જી. એમ. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ / પી.ઓ.એલ. / વશી-૩૭૭૧ થી ૩૭૮૬ / ૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સન ૧૯૫૧ નો ૨૨ મો) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ પ્રવર્તમાન ચૂંટણી તેમજ નાતાલ તહેવારોને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૭મી ડીસેમ્બર ૨૦૦૧ થી તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૨નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

INDEX

(ધ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તથા ફેરવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :

(૧) સરકાર નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૨૭મી ડીસેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ / પીઓએલ / વશી-૩૭૮૭ થી ૩૮૦૨/૨૦૦૧.— જિલ્લામાં પ્રવર્તમાન ચૂંટણી તેમજ નાતાલ તહેવારોને અનુલક્ષીને જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૭મી ડીસેમ્બર ૨૦૦૧થી તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૨ના સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહા, કે સરઘસ કાઢવું નહી, તેમજ ચાર કરતાં વધુ વ્યકિતઓ એકત્ર ભેગા થવું નહી.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાથ હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરવી બોનાફાઈડ વ્યકિતઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૭મી ડીસેમ્બર, ૨૦૦૧ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

Supple C. G- I—18

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, JANUARY 24, 2002 / MAGHA 4, 1923 [No. 4

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part I	Government Notifications, Appointment, Premotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I–A, IV–A, IV–B) and IV–C) Pertaining only to the Supplement to the Central Gazette.	88-117
Part-IA	Orders and Notificaitons (other than those published in Part IV–B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	4
Part I-B	–Governments Notifications published under Land Acquisition Act only.	47-59
Part-I-L	–Notifications, Orders and Awards (other than those published in Parts I, IV–A, IV–B and IV–C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1869-2544

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નં. ઉગપક/મોરા/-હજીરારોડ/૩૪૩૮.—સુરત મોરો હજીરારોડ ઉપર ભાઠાગામે હયાત પાઈપ સી. ડી. વર્કસની જગ્યાએ નવો પુલ બનાવવાની કાર્યવાહી ચાલુ છે. આ કામગીરી વિના અવરોધે થાય અને પુલનું બાંધકામ સમયસર પુરૂં થાય તે હેતુથી હું વી. કે. ગુપ્તા, આઇ. પી. એસ. પોલીસ કમિશ્નર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) સુરત મોરા, હજીરારોડ ઉપર ભાઠાગામે પુલના બાંધકામ અંગે તારીખ ૨૯મી ડીસેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૦૨ સુધી સદર બાંધકામની બંને બાજુ છેડા થી તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધી ફરમાવવામાં આવે છે.

(૨) ડાયવર્ઝન ઉપરથી હલકા પ્રકારના પેસેન્જર વાહનો જેવા કે ઓટોરીક્ષા, કાર, જીપ, સુમો, ટ્રેશ જેવા વાહનો પસાર થવા દેવામાં આવશે.

(૩) સુરતથી હજીરારોડ ઔદ્યોગિક વિસ્તારમાં આવવા જવા માટે ઉપર જણાવેલ વાહનો સિવાયના ભારે વાહનો માટે નીચે મુજબનો રૂટ રહેશે.

(૧) સુરત રાંદેરરોડ, મોરાભાગળ ચાર રસ્તાથી સુભાષચોકથી દાંડીરોડ, ઉપર થઈને ઓ. એન. જી. સી. ચાર રસ્તા (ઈચ્છાપોર) જઈ તથા આવી શકશે.

(૨) સુરત રાંદેરરોડ મોરાભાગળ ચાર રસ્તાથી ભેસાણ અને બરબોધનરોડ ઉપર થઈને ઓ.એન.જી.સી. ચાર રસ્તા તથા,

(૩) સુરત ડુમ્મસરોડ ઉપરના મગદલ્લા જંકશન (સર્કલ) ચાર રસ્તાથી ઓ.એન.જી.સી. ચાર રસ્તા (ઈચ્છાપોર) જઈ શકશે.

આજરોજ તારીખ ૨૬થી ડીસેમ્બર ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કા કર્યા છે.

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

No 4175 of 2001.—In accordance with the provision contained in Para--625 of Civil Manual, Vol I, 1960, the District Judge, Panch Mahals, at Godhra is pleased to notifiy the following Holidays to be observed in the Year 2002 The District Court and all the Subordinate Corts in the Panch Mahals District shallremain closed on these days

Sr. No.	Name of the Holidays	Date According to Gregorian Calendar	Day
1-	Makar Sankranti	14th January, 2002	Mond y
2.	Republic Day	26th January, 2002	Saturday
3.	Bakri-Id (Id-Ul-Aza)	23rd February, 2002	Saturda
4.	Mahashivratri	12th March, 2002	Tuesday
5	Muharram	25th March, 2002	Monday
6.	(1) Good--Friday (2) Holi-- 2nd day Dhuleti	29th March, 2002	Friday
7	Mahavir Jayanti	25th April, 2002	Thursday
8.	Bhagvan Shri Parshuram Jayanti	14th May, 2002	Tuesday
9.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday	25th May, 2002	Saturday
10	Independent Day	15th August, 2002	Thursday
11.	Parsi New Year Day	21st August, 2002	Wednesday
12.	Raksha Bandhan	22nd August 2002	Thursday
13.	Janmashtami (Krishna Jayanti)	31st August, 2002	Saturday
14.	Samvantsari (Chaturthi Paksha)	10th September, 2002	Tuesday
15.	Mahatma Gandhi's Birthday	2nd Oc ober, 2002	Wednesday
16	Dussehra	15th October, 2002	Tuesday
17	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 2002	Thursday
18	Diwali (Extra)	1st November, 2002	Friday
19.	Diwali (Extra)	2nd November, 2002	Saturday

INDEX

1	2	3	4
20.	Diwali	4th November, 2002	Monday
21.	Diwali Newyear Day	5th November, 2002	Tuesday
22.	Bhai--Bij	6th November, 2002	Wednesday
23.	Diwali (Extra)	7th November, 2002	Thursday
24.	Diwal (Extra)	8th November, 2002	Friday
25	Guru Nanak Birthday	19th November, 2002	Tuesday
26.	Ramzan--Id (Id-Ul-Fitra)	6th December, 2002	Friday
27.	Cristmas Day	25th December, 2002	Wednesday

NOTE :— 1. (1) Chetichand, and Dr. Baa Saheb Ambedkar's Birthday 14th April, 2002
(2) Ramnavmi 21th April 2002 have not be notified as they fall on Sunday

2. If any of the muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Government Servants may be granted Optional Holiday on they day.

3. In addition to the Holidays notified above, Government Servants may avail of maximumt of any Two Optional Holidays on the Festival Occasins mentioned in Government of Gujrat, GAD Notification No. GS/001/31/PHD/1/102001/3496/GH, dated 20th November 2001 at their option and irespective of their relinous denaomination Permission for availament of those optional holidays should however be applied for in advance and will normally be granted by the office competent to grant casu leave with the due regard to exigencies of Government work This levave of Two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited in their casual leave account

Godhra, 15th December, 2001

Ms. H. G. PANDYA,
District Judge, Panchmahals, At Godhra

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક ૪૧૭૬ સને ૨૦૦૧.— સીવીલ મેન્યુઅલ વોલ્યુમ નંબર ૧/૧૯૬૦ ના ફકરા નંબર ૬૨૫ અન્વયે પંચમહાલ જિલ્લાની તમામ અદાલતોમાં સને ૨૦૦૨, માં નીચેના દિવસો જાહેર રજા તરીકે પાળવામાં આવશે અને તે તમામ દિવસોએ તમામ અદાલતો બંધ રહેશે.

ક્રમાંક નંબર	જાહેર રજાનું નામ	અંગ્રેજી કેલેન્ડર મુજબ તારીખ	વાર
૧	૨	૩	૪
(૧)	મકરસંક્રાન્તિ	૧૪ મી જાન્યુઆરી, ૨૦૦૨	સોમવાર
(૨)	પ્રજાસત્તાક દિન	૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૨	શનિવાર
(૩)	બકરી--ઈદ (ઈદ-ઉલ-ઝોહા)	૨૩ મી ફેબ્રુઆરી, ૨૦૦૨	શનિવાર

INDEX

૧	૨	૩	૪
(૪)	મહાશિવરાત્રી	૧૨ મી માર્ચ, ૨૦૦૨	મંગળવાર
(૫)	મોહરમ	૨૫ મી માર્ચ, ૨૦૦૨	સોમવાર
(૬)	(૧) ગુડ--ફ્રાઈડે (૨) હોળી-બીજો દિવસ (ધુળેટી)	૨૯ મી માર્ચ, ૨૦૦૨	શુક્રવાર
(૭)	મહાવીર જયંતિ	૨૫ મી એપ્રિલ, ૨૦૦૨	ગુરુવાર
(૮)	ભગવાનશ્રી પરશુરામ જયંતિ	૧૪ મી મે, ૨૦૦૨	મંગળવાર
(૯)	ઈદ-એ.-મિલાદ-ઉન્નબી (મહંમદ પયગંબરનો જન્મ--દિન)	૨૫ મી મે, ૨૦૦૨	શનિવાર
(૧૦)	સ્વતંત્ર દિન	૧૫ મી ઓગષ્ટ, ૨૦૦૨	ગુરુવાર
(૧૧)	પારસી નૂતન વર્ષ દિન	૨૧મી ઓગષ્ટ, ૨૦૦૨	બુધવાર
(૧૨)	રક્ષાબંધન	૨૨ મી ઓગષ્ટ, ૨૦૦૨	ગુરૂવાર
(૧૩)	જન્માષ્ટમી (કૃષ્ણ જયંતિ)	૩૧ મી ઓગષ્ટ, ૨૦૦૨	શનિવાર
(૧૪)	સંવત્સરી (ચતુર્થી પક્ષ)	૧૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૨	મંગળવાર
(૧૫)	મહાત્મા ગાંધીનો જન્મ-દિન	૨ જી ઓકટોબર, ૨૦૦૨	બુધવાર
(૧૬)	દશેરા	૧૫ મી ઓકટોબર, ૨૦૦૨	મંગળવાર
(૧૭)	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ-દિન	૩૧ મી ઓકટોબર, ૨૦૦૨	ગુરુવાર
(૧૮)	દિવાળીની રજાઓ (વધારાની)--૨	૧ લી નવેમ્બર, ૨૦૦૨	શુક્રવાર
(૧૯)	,, ,, ,,	૧ લી નવેમ્બર, ૨૦૦૨	શનિવાર
(૨૦)	દિવાળી	૪ થી નવેમ્બર, ૨૦૦૨	સોમવાર
(૨૧)	દિવાળી-- નૂતન--વર્ષ દિન	૫ મી નવેમ્બર, ૨૦૦૨	મંગળવાર
(૨૨)	ભાઈ--બીજ	૬ ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૨	બુધવાર
(૨૩)	દિવાળી (વધારાની)	૭ મી નવેમ્બર, ૨૦૦૨	ગુરુવાર
(૨૪)	દિવાળી (વધારાની)	૮ મી નવેમ્બર, ૨૦૦૨	શુક્રવાર
(૨૫)	ગુરુનાનકનો જન્મ--દિન	૧૯ મી નવેમ્બર, ૨૦૦૨	મંગળવાર
(૨૬)	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફીત્ર)	૬ ઠ્ઠી ડિસેંમ્બર, ૨૦૦૨	શુક્રવાર
(૨૭)	નાતાલ	૨૫ મી ડિસેંમ્બર, ૨૦૦૨	બુધવાર

INDEX

નોંધ — (૧) (૧) ચેટીચંદ, અને ડો. બાબા સાહેબ આંબેડકરનો જન્મ-દિન તારીખ ૧૪ મી એપ્રિલ, ૨૦૦૨,
(૨) રામનવમી તારીખ ૨૧ મી એપ્રિલ, ૨૦૦૨ ના દિવસો રવિવાર આવતા હોવાથી તહેવારોને રજા તરીકે જાહેર કરેલ નથી

(૨) ઉપર જાહેર કરેલી મુસ્લીમોની કોઈપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે આરેખાર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકાશે.

(૩) ઉપર જાહેર કરેલ રજાઓ ઉપરાંત ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક નંબર ગસ / ૨૦૦૧ / ૩૪/ પી.એચડી. / ૧૦૨૦૦૧ / ૩૪૯૬ / જી.એચ, તારીખ ૨૦ મી નવેમ્બર, ૨૦૦૨ માં જણાવ્યા પ્રમાણે સરકારી કર્મચારીઓ પોતાની પસંદ પ્રમાણે ધાર્મીક સંપ્રદાયના બાધ વિના ઉપર જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ બે-મરજિયા રજાઓ ભોગવી શકાશે. આવી મરજીયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે નાગરિકોએ લેખિત અરજી કરવા જોઈએ અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજૂર કરનાર યોગ્ય અધિકારી સરકારી કામકાજની અનુકુલતા જોઈને પરવાનગી આપશે. સરકારના કર્મચારીઓએ તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની વિગતો તેમના પરચુરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહીં.

ગોધરા, તારીખ ૧૫ મી ડિસેમ્બર, ૨૦૦૧.

હિતા. ગ. પંડ્યા,
જિલ્લા ન્યાયાધિશ, પંચમહાલ, ગોધરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૧૪૪ હેઠળનો હુકમ.

નં. ડીસીબી/એમએજી/સી.આર.પીસી.-૧૪૪/૨૦૦૧.—વલસાડ જિલ્લામાં તારીખ ૨૩મી ડીસેમ્બર ૨૦૦૧નાં રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી યોજાનાર છે. આ ચુંટણીના સરળ સંચાલન, આચાર સંહિતા અંગે ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/જિ. તા. ગ્રાપ/સચલ/૨૦૦૦, તારીખ ૫મી ફેબ્રુઆરી ૨૦૦૦ની સુચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે, મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર તેમજ મતગણતરીની દિવસે મતગણતરી કેન્દ્રના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન, સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું, પંકજ કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં મતદાન ના દિવસે તારીખ ૨૩મી ડીસેમ્બર ૨૦૦૧ના રોજ મતદાન મથકની આસપાસના ૧૦૦મીટરનાં વિસ્તારની અંદર તેમજ મતગણતરીના દિવસે તારીખ ૨૬મી ડીસેમ્બર ૨૦૦૧ ના રોજ મતગણતરી કેન્દ્રના સમગ્ર વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, પેજર મોબાઈલફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગું પડશે નહિ :—

૧. ચુંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ ચુંટણી અધિકારીશ્રી, મદદનીશ ચુંટણી અધિકારીશ્રી તથા ચુંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યકિતઓ તથા ચુંટણી સાથે સંકળાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા ચુંટણી અધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

૩. ચૂંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

આજ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજરની કોડની કલમ-૧૪૪ હેઠળનો હુકમ.

નં. ડીસીબી/એમએજી/સ આર. પી. સી.-૧૪૪/૨૦૦૧.—વલસાડ જિલ્લામાં તારીખ ૨૩મી ડીસેમ્બર ૨૦૦૧નાં રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી યોજનાર છે. આ ચુંટણીનાં સરળ સંચાલન, આચાર સંહિતા અંગે ચુંટણી પંચના આદેશ ક્રમાંક-ઇ-ઈએલ.ઈસ -/સીએોસ-- વાહનોના દુરપયોગ ઉપર નિયંત્રણ, તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૫ ની સુચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસો કાયદો અને વ્યવસ્થા જાળવણી અર્થે મતદાન મથકે અવર જવર માટે વાહનોની ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું, પંકજ કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ -૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૨૩મી ડીસેમ્બર ૨૦૦૧ ના રોજ નીચે જણાવેલ કૃત્ય કરવા પર નિયંત્રણ ફરમાવું છું.

૧. મતદાનના દિવસે ઉમેદવાર પોતાના ઉપયોગ માટે એક વાહન તથા મતદાર વિભાગમાં મતદાનની તારીખે ચુંટણી એજન્ટ અથવા તેના કાર્યકરો અથવા પક્ષીય કાર્યકરો માટે એક જ વાહન ચુંટણી અધિકારી દ્વારા આપેલ પરમીટ ધારણ કરેલું વાપરી શકાશે.

INDEX

૨. વાહન ઉપર પરમીટ નંબર પ્રદર્શિત કરવાનું રહેશે.

૩. આ પ્રતિબંધ સરકારી અધિકારીઓ કે જે ચુંટણી પ્રક્રિયામાં સંકળાયેલ છે તેઓને લાગું પડશે નહિ.

૪. ઉમેદવાર/મતદાન એજન્ટ/પક્ષીય કાર્યકરો આવા પરમીટ ધારણ કરેલ વાહનોનો ઉપયોગ ચુંટણી કાર્યના સમય દરમ્યાન મતદારોને લાવવા લઈ જવા માટે આસામાજિક તત્વોની હેરફેર માટે, ગેરકાયદેસર હથિયારોની હેરફેર માટે કરી શકાશે નહી.

૫. કોઈપણ વ્યકિત પોતાના કોઈપણ પ્રકારના વાહનોમાં મતદારોની હેરફેરી કે તેવા હેતુસર વાહનોનો ઉપયોગ કરી શકાશે નહિ. વાહનનો પોતાના અને ફક્ત કુંટુબની વ્યકિતઓ પુરતો મર્યાદિત ઉપયોગ કરી શકાશે.

આજ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૧નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી.

પંકજ કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.ઓ.જી. / વશી / ૨૯૭૯ થી ૩૦૦૦.— નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ-પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રુએ હું જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું. કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૧ મી ડિસેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૧ લી જાન્યુઆરી, ૨૦૦૨ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી, પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ. એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાં નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જે નાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ. તેવા હાવ ભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો પ્રતિકા પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ બનાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારી એ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીકીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારી ને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને,

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૦ મી ડીસેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક : એમ.ઓ.જી. વશી./૩૦૦૧ થી ૩૦૨૧.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈમંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માં) ની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું જી. જે. છાંપાનેરી જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૧મી ડીસેમ્બર ૨૦૦૧થી ના દિવસ સવારના ૦૦-૦૦કલાકથી તારીખ ૧લી જાન્યુઆરી,૨૦૦૧ ના રોજ સાંજનાં ૨૪-૦૦સુધી (બન્ને દિવસો સુધી) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવુ છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કર છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

INDEX

નં.ટીપી/ડીપી/મતપત્રો/વસી/ /૧૦
જિલ્લા કલેક્ટર કચેરી,
આણંદ.
તા. /૦૪/૨૦૧૦

પ્રતિ,
મેનેજરશ્રી,
સરકારી પ્રેસ,
કોઠી રોડ, આનંદપુરા,
વડોદરા.

વિષય:– તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી–૨૦૧૦
મતપત્રોની જરૂરીયાત બાબત.

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી–૨૦૧૦ અન્વયે ચૂંટણી વિભાગનું મતદાન યંત્રોથી યોજાનાર હોઈ (૧) ઈવીએમ માટેના લેબલ મતપત્રો, (૨) ટેન્ડર મતપત્રો, (૩) ટપાલ મતપત્રો, (૪) સેવા મતદાર (સર્વિસ વોટર્સ) માટેના મતપત્રોની જરૂરીયાતદર્શક તાલુકા પંચાયત/ જિલ્લા પંચાયત મતદાર મંડળવાર પત્રકો આ સાથે સામેલ રાખેલ છે. જે અન્વયે છાપકામ પૂર્વની જરૂરી કાર્યવાહી તાત્કાલીક હાથ ધરાઈ જવા વિનંતી છે. ઉપરોક્ત ઉમેદવારોની યાદી તૈયાર થયેથી સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા પ્રુફ રીડીંગ માટે આપના પ્રેસનો રૂબરૂ સંપર્ક કરી છપાયેલાં મતપત્રો મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ચૂંટણી અધિકારીશ્રીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓની વિગતો આ સાથે સામેલ છે.

રાજય ચૂંટણી પંચના અધિકારી
અને
કલેક્ટર, આણંદ

બિડાણ:–
(૧) જિલ્લા પંચાયત મતદાર મંડળોનું પત્રક
(૨) તાલુકા પંચાયત મતદાર મંડળોનું પત્રક

INDEX

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૫(૧) મુજબ અને ભારતના ફાજદારી અધિનિયમ-૧૮૬૦ (સર્વે ૧૮૬૦નાં ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. જે. ચાંપાનેરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

હુકમ

નંબર એમ.એ.જી./વશી/૫૫૨૩ થી ૫૫૨૬/૨૦૦૧.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪ નો અધિનિયમ--૨) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ--૨૩ (૨) થી મળેલ અધિકારની રુઈએ હું, એ.એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા આથી નીચે જણાવેલ વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ--૧૦૭, ૧૦૯, ૧૧૦ ના અધિકાર જાહેર શાંતિ, સુરક્ષા તથા સલામતી જેવા મહત્ત્વના પાસાંને ધ્યાને લઈ તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી,મહેસાણાના જણાવ્યા મુજબ ઉકત કલમો અન્વયે કામ ચલાવવા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી --વ- નાયબ મામલતદારશ્રી, ગોઝારીયાને તેમના હોદ્દા જોગ તેમને નક્કી થયેલ કાર્યક્ષેત્ર પુરતાજ કામ ચલાવવા ઉકત કલમો અન્વયે કામ ચલાવવાની વહેંચણી કરવાનો હુકમ કરું છું.

ઉકત કલમો અન્વયે કામ ચલાવવા બાબતે સ્પષ્ટતા કરતાં મહેસાણા તાલુકાના ગામો પૈકી ગોઝારીયાની મહેસુલી હકુમત તળેના ગામોમાં જાહેર સુલેહ શાંતિ સારું ઉકત કલમો અન્વયે નાયબ મામલતદાર, ગોઝારીયા કામો ચલાવશે. અને ગોઝારીયાની મહેસુલી હકુમત સિવાયના તમામ ગામોની જાહેર સુલેહ શાંતિ સબંધે ઉકત કલમો અન્વયે મામલતદારશ્રી, મહેસાણા કામો ચલાવશે.

વધુમાં સ્પષ્ટતા કરવાની કે સદરહુ અધિકાર (કામની વહેંચણી) વહીવટી સરળતા અને જાહેર જનતાના હીતને લક્ષમાં રાખી કરેલ છે. મામલતદાર કોર્ટ એકટ લાગુ પડશે નહીં. ટુકમાં તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ--વ-મામલતદાર કોર્ટ એકટના કામોમાં વહેચણી કરેલ નથી.

મહેસાણા, તારીખ ૭મી ડીસેમ્બર ૨૦૦૧.

એ. એસ. પટેલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

જાહેરનામું

ક્રમાંક એમ.એ.જી. / ટ્રાફીક / વશી / ૧/૨૦૦૨.— સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમની કલમ--૩૩ ના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ (૧) હેઠળ મળેલા અધિકાર અન્વયે સદર કાયદાની કલમ ૩૩(૧) ની પેટા કલોઝ (બી) હેઠળ ઘડવા ધારેલા નિયમો હેઠળ નીચે મુજબની જાહેરનામાનો મુસદ્દો ઉકત કાયદાની કલમ ૩૩ ની પેટા કલમ (૭) ની જોગવાઈ પ્રમાણે લાગતાં વળગતા ઈસમો કે જેમને આ જાહેરનામાની અસર થાય છે, તેમની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આ જાહેરનામા અંગે જેમને કોઈ વાંધાઓ હોય અગર સૂચનો કરવા હોય તો તેવા વાંધા અથવા સૂચનો આ જાહેરનામું ગુજરાત રાજયનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ સુધીમાં જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સ્વીકારશે અને ધ્યાનમાં લેશે. ઉપરોકત સમય બાદ મળેલા વાંધા અથવા સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો :

ભરૂચ શહેરમાં એકજ મુખ્ય રસ્તો રેલ્વે સ્ટેશનથી મહંમદપુરા થઈ જંબુસર જાય છે. આજ રસ્તો સમગ્ર ભરૂચના બજાર, વ્યાપાર કચેરીઓ તથા અન્ય આર્થિક આગમન માટેનો એકમાત્ર રસ્તો છે, ભરૂચ શહેરમાં જુદા જુદા સ્થળોએ ટ્રકો--માલવાહક ટેમ્પાઓ વગેરે પણ દુકાનોમાં માલ--ઉતારવા ઉભા રહે છે. આ ઉપરાંત નાના--મોટા વાહનોની તથા રાહદારીઓની અવર--જવર પુષ્કળ પ્રમાણમાં રહેતી હોય ટ્રાફીક અડચણ તથા અકસ્માત થવાની શકયતા છે. જેથી નીચે મુજબના પરિશિટમાં જણાવેલ વિસ્તારમાંથી ભારે વાહનોના જવા--તથા આવવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું આવશ્યક જણાય છે.

જેથી હું, અંજુ શર્મા, (આઈ. એ. એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમની કલમ--૩૩ ની પેટા કલમ--૧ નાં પેટા કલોઝ (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ભરૂચ શહેરમાં નીચે મુજબના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાંથી સવારના ૮.૦૦ થી રાત્રીના ૨૦.૦૦ કલાક સુધી તમામ મોટા વાહનો ટેમ્પો ૪૦૭ માલવાહક સહિત ખાનગી લકઝરી બસો તથા મીની બસો (એસ. ટી. બસો અને સ્કુલ બસો સિવાય) તમામ માલવાહક હેવી કોમર્શીયલ વ્હીકલ એટલે ભાર વાહક પદાર્થો--ઓના જવા તથા આવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ નિયમ એમ્બ્યુલન્સ વાહનો, અગ્નિવાહક વહાનો, એસ.ટી. બસો, સ્કૂલબસો તથા સરકારી ભારે વાહનોને લાગુ પડશે નહિ.

પરિશિષ્ટ : (૧)

(૧) પૂર્વે સ્ટેશન ગરનાળા ક્રસક સર્કલથી રેલ્વે સ્ટેશન થઈ મહંમદપુરા સુધી તથા તેના અંદરના ભાગે આવતો રસ્તો.

(૨) પશ્ચિમે મહંમદપુરા સર્કલથી તથા બંબાખાનાથી અંદરના ભાગે, આવતો રસ્તો.

(૩) ઉત્તરે શકિતનાથ ફાટક અને નાની ગાડીની રેલ્વે લાઈનને વટાવી આવતા શહેરમાં પ્રવેશતા તમામ રસ્તા.

(૪) દક્ષિણે રેલ્વે સ્વેશનથી મહંમદપુરા તરફ આવતા રસ્તાઓને નદી તરફથી જોડતાં મુખ્ય રસ્તાઓ તમામ, જેવા કે વસંત--મીલ ઢોળાવ પાસેનો રસ્તો, સોનેરી મહેલથી આવતા હાજીખાના બજાર તરફથી આવતો દાંડીયા બજાર તરફથી આવતાં તમામ રસ્તાઓ.

ઉકત પરિશિષ્ટમાં જણાવેલ માર્ગ ઉકત જણાવેલ તમામ ભારે વાહનોનાં વહન--અવર જવર માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવે છે.

આજ તારીખ ૭ મી માહે જન્યુઆરી, સને ૨૦૦૨ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

INDEX

BY DISTRICT JUDGE

Notification

No. B/8/3 2696/2001.—The following is the list of Holidays to be observed during the year 2002, by all the Civil and Criminal Courts of the Judicial District of Ahmedabad (Rural) in accordance with the provisions contained in para-625 of Civil Manual, 1960.

Sr No	Name of the Holiday	Date according to gregorian Calender	Day
1	2	3	4
01	Makar Sankranti	14th January, 2002	Monday
02	Republic Day	26th January, 2002	Saturday
03	Bakri-Id (Id-Ul-Aza)	23rd February, 2002	Saturdary
04	Mahashivratri	12th March, 2002	Tueday
05	Muharam	25th March, 2002	Monday
06	Good Fiday Holi (2nd Day (Dhuleti)	29th March, 2002	Friday
07	Mahavir Jayantee (Janm Kalyanaka)	25th April 2002	Thursday
08	Bhagvan Shree Parshuram Jayantee	14th May, 2002	Tuesday
09	ID-E-Milad-Un-Nabi (Prophet Momamed's Birthday)	25th May, 2002	Saturday
10	Independence Day	15th August, 2002	Thursday
11	Parsi New Year Day (Parsi Shaheshahi)	21st August, 2002	Wednesday
12	Raksh Bandhan	22nd August, 2002	Thursday
13	Janmashtamti (Krishna Jayanti)	31st August, 2002	Saturday
14	Samvantsari (Chaturthi Paksha)	10th September, 2002	Tuesday
15	Mahatma Gandhi's Birthday	2nd October, 2002	Wednesday
16	Dasshera	15th October, 2002	Tuesday
17	Sardar Vallabhbhai Patels' Birthday	31st October, 2002	Thursday
18	Diwali(Extra)	1st November, 2002	Friday
19	Diwali (Extra)	2nd November, 2002	Saturday
20	Dwali	4th November, 2002	Monday
21	New Year Day	5th November 2002	Tuesday
22	Bhai-Bij	6th November, 200	Wednesday
23	Diwali (Extra)	7th November, 2002	Thursday
24	Diwali (Extra)	8th November, 2002	Friday
25	Guru Nanak"s Bithday	19th November, 2002	Tuesday
26	Ramzan-Id (Id-Ul-Fitra)	6th December, 2002	Friday
27	Christmas	25th December, 2002	Wednesday

Note:—

(I) The following days have not been notified as Public Holiday ,as they fall onSu nday

1	Chetichand Dr. Baba Saheb Ambedkar' Bithday	14th April, 2002	Sunday
		14th April, 2002	Sunday
2	Shree Ram Navmi	21st April 2002	Sunday

(II) If any of the Muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Government Servants may be granted Optional Holiday on the day on which the holiday is acctually observed.

(III) While Granitg tow Optional Holidays on the festival occasion as per Government Notification No. G. A. D. No. GS/2001/34/JSR/102001/3496/GH, dated 20th November, 2001, to the members of the Staff due regard to the exligencies of the Court work should be taken in to consideration so that the working of the Court is no affected in any way whatsoever and these Optional holidays are not to be treated as Casual Leave Permission for availment of these Optional holidays sould however be applied for in writing in advance.

Ahmedabad, 18th December 2001.

M. D. SHAH,
District Judge
Ahmedabad (Rural).

INDEX

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

જા. ક. બી/૮/૩/૨૬૯૬/સને ૨૦૦૧.—સીવીલ મેન્યુઅલ ૧૯૬૦ના ફકરા ૬૨૫માંની જોગવાઈ અન્વયે અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લા માની બંધી દિવાની અને ફોજદારી અદાલતોએ સને ૨૦૦૨નાં વર્ષમાં પાળવાની રજાઓની યાદી આ નીચે મુજબ છે.

અનુ. નંબર	રજાનું નામ	અંગ્રેજી કેલેન્ડરની તારીખ	વાર
૧	૨	૩	૪
૧	મકરસંક્રાંતિ	૧૪મી જાન્યુઆરી ૨૦૦૨	સોમવાર
૨	પ્રજાસત્તાકદિન	૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૨	શનિવાર
૩	બકરી--ઈદ (ઈદ-ઉલ-ઝોહા)	૨૩ મી ફેબ્રુઆરી, ૨૦૦૨	શનિવાર
૪	મહાશિવરાત્રી	૧૨ મી માર્ચ, ૨૦૦૨	મંગળવાર
૫	મહોરમ	૨૫ મી માર્ચ, ૨૦૦૨	સોમવાર
૬	(૧) ગુડ ફ્રાઈડે	૨૯ મી માર્ચ, ૨૦૦૨	શુક્રવાર
	(૨) હોળી-- બીજો દિવસ ધુળેટી	૨૯ મી માર્ચ, ૨૦૦૨	શુક્રવાર
૭	મહાવીર જયંતિ (જન્મ કલ્યાણક)	૨૫ મી એપ્રિલ, ૨૦૦૨	ગુરુવાર
૮	ભગવાનશ્રી પરશુરામ જયંતિ	૧૪ મી મે, ૨૦૦૨	મંગળવાર
૯	ઈદે-મિલાદ-ઉન્નબી (મહંમદ પયગંબર સાહેબનો જન્મદિન)	૨૫ મી મે, ૨૦૦૨	શનિવાર
૧૦	સ્વાતંત્ર્યદિન	૧૫ મી ઓગષ્ટ, ૨૦૦૨	ગુરુવાર
૧૧	પારસી નૂતન વર્ષદિન (પારસી શહેનશાહી)	૨૧ મી ઓગષ્ટ, ૨૦૦૨	બુધવાર
૧૨	રક્ષાબંધન	૨૨ મી ઓગષ્ટ, ૨૦૦૨	ગુરુવાર
૧૩	જન્માષ્ટમી	૩૧ મી ઓગષ્ટ, ૨૦૦૨	શનિવાર
૧૪	સંવત્સરી (ચતુર્થી પક્ષ)	૧૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૨	મંગળવાર
૧૫	મહાત્મા ગાંધીજીનો જન્મદિન	૨ જી ઓકટોબર, ૨૦૦૨	બુધવાર
૧૬	દશેરા	૧૫ મી ઓકટોબર, ૨૦૦૨	મંગળવાર
૧૭	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન	૩૧ મી ઓકટોબર, ૨૦૦૨	ગુરુવાર
૧૮	દિવાળી (એકસ્ટ્રા)	૧ લી નવેમ્બર, ૨૦૦૨	શુક્રવાર
૧૯	દિવાળી (એકસ્ટ્રા)	૨ જી નવેમ્બર, ૨૦૦૨	શનિવાર
૨૦	દિવાળી	૪ થી નવેમ્બર, ૨૦૦૨	સોમવાર
૨૧	નુતનવર્ષ દિન	૫ મી નવેમ્બર, ૨૦૦૨	મંગળવાર
૨૨	ભાઈબીજ	૬ ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૨	બુધવાર
૨૩	દિવાળી (એકસ્ટ્રા)	૭ મી નવેમ્બર, ૨૦૦૨	ગુરુવાર
૨૪	દિવાળી (એકસ્ટ્રા)	૮ મી નવેમ્બર, ૨૦૦૨	શુક્રવાર
૨૫	ગુરુનાનક જન્મદિન	૧૯ મી નવેમ્બર, ૨૦૦૨	મંગળવાર
૨૬	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફીત્ર)	૬ ઠ્ઠી ડીસેમ્બર, ૨૦૦૨	શુક્રવાર
૨૭	નાતાલ	૨૫ મી ડિસેમ્બર, ૨૦૦૨	બુધવાર

નોંધ :— (૧) નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરી નથી.

(૧)	ચેટીચાંદ	૧૪ મી એપ્રિલ, ૨૦૦૨
(૨)	ડો. બાબા સાહેબ આંબેડકરનો જન્મદિન	૧૪ મી એપ્રિલ, ૨૦૦૨
(૩)	શ્રી રામનવમી	૨૧ મી એપ્રિલ, ૨૦૦૨

(૨) ઉપર જાહેર કરેલી મુસ્લીમોની કોઈપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો, તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારની મુસ્લીમ કર્મચારીઓને મરજીઆત રજા આપી શકાશે.

(૩) સરકારશ્રીનાં જાહેરનામા ક્રમાંક જીએડી નં. ગસ / ૨૦૦૧-૩૪-જસર-૧૦૨૦૦૧-૩૪૯૬-લ, તારીખ ૨૦ મી નવેમ્બર, ૨૦૦૧ અન્વયે તહેવારો નિમીત્તે બે મરજિઆત રજા મંજૂર કરતી વખતે કર્મચારીઓની આગત્યના તથા ન્યાયાલયનાં કામકાજની સુવ્યવસ્થિત કાર્યક્ષમતાને અનુલક્ષીને તથા તેને કોઈપણ રીતે ક્ષતિ ન પહોંચે વિગેરેનો ખ્યાલ મરજિયાત રજા મંજૂર કરવાની રહેશે અને મરજિયાત રજાને આકસ્મિક રજા તરીકે ગણવી નહીં, મજકુર રજા ભોગવવાની પરવાનગી અગાઉથી લેખિતમાં માંગવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૧૮ મી ડિસેમ્બર, ૨૦૦૧.

એમ. ડી. શાહ,
ડીસ્ટ્રીક્ટ જજ, અમદાવાદ (ગ્રામ્ય).

INDEX

Notification

Read – (1) Honourable High Court Letter No. : C-2103 / 2002, dated 27th December, 2001.

No. ADM-2417 of 2001.—In accordance with para-625 of Chapter-XXXI of civil manual Vol-I, 1960, the District Judge, Kheda At NADIAD, is pleased to notify the Holidays, as shown below to be observed in the Year—2002. The District Court, Kheda at Nadiad and all Subordinate Courts to it in Judicial District of Kheda shall remain closed on those days :—

Sr. No.	Name of the Holidays	Date According to Gregorian Calender	Day
1	2	3	4
1	Makar Sankranti	.. 14th January, 2002	Monday
2.	Republic Day	.. 26th January, 2002	Saturday
3.	Bakri-Id (Id-ul-Aza)	.. 23rd February, 2002	Saturday
4.	Mahasud Purnima (*) (Sakarvarsa)	.. 27th February, 2002 (Only at Nadiad H.Q.)	Wednesday
5.	Mahashivratri	.. 12th March, 2002	Tuesday
6.	Moharram	.. 25th March, 2002	Monday
7.	(1) Good Friday	.. 29th March, 2002	Friday
	(2) Holi—2nd Day (Dhuleti)		
8.	Mahavir Jayanti	.. 25th April, 2002	Thursday
9.	Shri Parshuram Jayanti	.. 14th May, 2002	Tuesday
10.	Idd-a-Milad-Un-Nabi	.. 25th May 2002	Saturday
11.	Independence Day	.. 15th August, 2002	Thursday
12.	Parsi New Year Day	.. 21st August, 2002	Wednesday
13.	Raksha Bandhan	.. 22nd August, 2002	Thursday
14	Janmashtami	.. 31st August, 2002	Saturday
15.	Samvantstri	.. 10th September, 2002	Tuesday
16.	Mahatma Gandhi's Birthday	.. 2nd October, 2002	Wednesday
17.	Dusshera	.. 15th October, 2002	Tuesday
18.	Sardar Vallabhbhai Patel's Birthday	.. 31st October, 2002	Thursday
19.	Diwali (Extra)	.. 1st November, 2002	Friday
20.	Diwali (Extra)	.. 2nd November, 2002	Saturday
21.	Diwali	.. 4th November, 2002	Monday
22.	Diwali-New Year Day	.. 5th November, 2002	Tuesday
23.	Bhai Bij	.. 6th November, 2002	Wednesday
24.	Diwali (Extra)	.. 7th November, 2002	Thursday
25.	Diwali (Extra)	.. 8th November, 2002	Friday
26.	Guru Nanak's Birthday	.. 19th November, 2002	Tuesday
27.	Ramzan-Idd (Idd-Ul-Fitra)	.. 6th December, 2002	Friday
28.	Christmas	.. 25th December, 2002	Wednesday

Note :

(1) The Following Public Holidays Days have not been Notified as public holidays on account of—

(1) Cheti Chand .. 14th April, 2002

(2) Dr. BabaSaheb Ambedkar's Birthday .. 14th April, 2002

(2) Shree Ramnavmi .. 21st April, 2002

As they Fall on Sunday.

(2) In addition to the Holidays notified above members of the staff may avail of a maximum of any two (2) holidays on the festival occassions at their option and irrespective of their religious denomination. Out of the list of optional Holidays declared for year 2002. Permission for availment of those optional holidays should however he applied for in writing in advance & will normally be granted by the officer competent to grant casual leave with due regard to the exigencies of the function of the court and of the office work. These leave of Two days taken by Government servants at their option on the festival of their choice will not be debited to their casual leave account.

Note : (3) If any of the Muslim Holidays notified above, does not fall on the day notified, the Muslim Government servants may be granted optional holiday on the day on which the holidays is actually observed.

INDEX

(4) In the list of the above Holidays, 27-02-2002, WEDNESDAY) has been declared as Holiday on account of MAHA-SUD PURNIMA SAKAR VARSHA FAIR celebrated in "SANTARAM MANDIR AT NADIAD. for the courts established at NADIAD HEAD-QUARTER only, and in lieu thereof, the Courts at Nadiad Head-Quarter, 09-03-2002 (2nd CLOSED SATURDAY) shall be working day.

Nadiad, 29th December 2001.

C. K. RANE,
District Judge, Nadiad.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨મા) ની કલમ ૩૭(૧)(છ) અન્વયે.

નંબર ડી. સી./પી.ઓ.એક્ટ./એમ.એ.જી./એસ. આર. ૫૭/૨૦૦૧.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ ૩૭ (૧) (છ)થી મને મળેલ સત્તાની રૂઈએ હું, શ્રીમતિ ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, સુરૂચિ અથવા નીતિનો ભંગ ન થાય તે સારૂ ફરમાવું છું કે, અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લા ના સરખેજ, કણભા, આસલાલી, ધંધુકા,ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, આણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ ૧૫મી જાન્યુઆરી ૨૦૦૨ થી તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૨ દરમ્યાન કોઈપણ વ્યકિત અગર ઈસમોએ જાહેર માર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપર તેમજ જેના કારણે તેની આસર બીજી કોઈ વ્યકિતની જીંદગી ભયમાં મુકાય અથવા મીલ્કતને નુકશાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાવવો નહીં. પતંગ લુંટવો નહીં, પતંગ ઉપર કોઈપણ જાતની ઉશ્કેરણી જનક (પ્રતિક) લખાણ કે સુત્રો લખવા નહીં કે રાખવા નહીં, લાઉડસ્પીકર, અવાજ કરે અને ઘોંઘાંટથી ત્રાસ થાય તે રીતે વગાડવા નહી કે આવા આવાજો ઉપર ચેનચાળા કરવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) તથા ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી ડિસેમ્બર ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

(2) Government of Gujarat, Social Justice and Empowerment Department Sachivalaya, Gandhinagar, Notification No. G/L/16/JJA/1597/2425/836 (01)-CHH-1, dated 9th August, 2001.

Notification

No. Criminal / 2804/2001 — In view of the constitution of the Juvenile Justice Boards by the Government *vide* Notification cited in the preamble at Sr. No 2 it is hereby notified for the general information of all concern that the following Judicial Officers shown in Column No. 3 will be the Chairman of the Juvenile Justice Board for the Areas shown in Column No. 4 with effect from 1st January, 2002.

SCHEDULE

Sr. No. 1	Name of th Juvenile Justice Board. 2	Judicial Member of Juvenile Justice Board. 3	Area of the Juridiction 4
(1)	Juvenile Justice Board, Bharuch Bharuch District.	2nd Jt. CJSD and J.M.F.C., Bharuch.	The area comprising the District of Bharuch.
(2)	Juvenile Justice Board, Rajpipla, Narmada District.	Civil Judge J. D. and JMFC-Rajpipla.	The area comprising the District of Narmada.

Bharuch, 29th December, 2001.

A. G. URAIZEE,
District and Sessions Judge, Bharuch.

BY DISTRICT JUDGE

Read : (1) Government Notification, Social Justice and Empowerment Department, Sachivalaya, Gandhinagar No. G/L/16/JJA/1597/2425 / 836/(01)/CHH-1 Dated 9th August, 2001.

(2) Hon'ble High Court Letter No. C-1801/2001, Dated 12th September, 2001.

Notification

No. ADM/108 of 2002.— In view of the constitution of the Juvenile Justice Boards by the Government *vide* Notification cited in the preamble No. 1, it is hereby notified for the general information of all concern that, the District Judge, Kheda at Nadiad, herby appoints 2nd Joint Civil Judge (Senior Division) and Judicial Magistrate, First Class, Nadiad, as the Chairman of the Juvenile Justice Board for the Area comprising whole of Kheda District.

Nadiad, 11th January, 2002.

C. K. RANE,
District Judge,
Kheda at Nadiad.

INDEX

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

વંચાણે લીધું : - (૧) સરકારી જાહેરનામું, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર, નં. જી/એચ/૧૬/જીજેએ/૧૫૯૭/૨૪૨૫/૮૩૬(૦૧) છ. ૧, તારીખ ૯મી ઓગસ્ટ ૨૦૦૧.
(૨) નામદાર વડી અદાલતનાં પત્ર ક્રમાંક : સી. ૧૮૦૧/૨૦૦૧, તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૧.

નંબર : ઓડી એમ/૧૦૮ સને ૨૦૦૨.—સરકારશ્રી દ્વારા જુવેનાઈલ જસ્ટીસ બોર્ડનાં બંધારણ અન્વયે આમુખ-૧માં દર્શાવેલ જાહેરનામા થી તમામ સબંધકર્તાની સામાન્ય માહીતી માટે આથી ઠરાવવામાં આવે છે કે, જિલ્લા ન્યાયાધીશ, ખેડા, મુ. નડીયાદના ખેડા જિલ્લા નાં સત્તાવિષ્ઠ વિસ્તાર માટે મે. બીજા જોઈન્ટ સીવીલ જજ (સીનીયર ડીવીઝન) અને જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ ,નડીયાદના ની જુવેનાઈલ જસ્ટીસ બોર્ડનાં ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવે છે.

નડીયાદ, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૨.

સી. કે. રાણે,
જિલ્લા ન્યાયાધીશ,
ખેડા, મુ. નડીયાદ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બ)(ગ) હેઠળ કાઢેલ.

ક્રમાંક ટ્રાફીક/જાહેરનામું/૪૦૩/૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને-૧૯૫૧ના મુંબઈના ૨૨માં) કલમ-૩૩ ની પેટા કલમ-(૧)(બ) તથા (ગ) આપારે મળેલ સત્તાની રુઈએ બહાર પાડવા ધારેલ જાહેરનામાનો મુસદ્દો લોકોની જાણ માટે અત્રેના જાહેરનામાં ક્રમાંક : ટ્રાફીક જાહેરનામું/૬૧૯૬-૬૨૧૬/૨૦૦૧, તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૧નો રોજ પ્રસિધ્ધ કરી સદરહું જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વડોદરાને લેખિતમાં મોકલી આપવા જણાવેલ હતુ.

સદરહું જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં ભાગ-૧,નો તારીખ ૮મી નવેમ્બર ૨૦૦૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે સામે કોઈ વાંધા રજુ થયેલા નથી. જેથી પ્રાથમિક જાહેરનામાની વિગતે નીચે જણાવેલ રસ્તાઓ ચાર પૈડાવાળા તમામ પ્રકારના વાહનો માટે સવારના ૮-૦૦ કલાકથી ૨૦-૦૦ કલાક સુધીનાં સમય માટે એક માર્ગી તરીકે જાહેર કરવા આખરી જાહેરનામું કરવામાં આવે છે.

આખરી જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (મુંબઈ ના ૨૨માં) કલમ-૩૩ ની પેટા કલમ-(૧) (બ)(ગ) થી મળેલ સત્તાની રુઈએ નીચે જણાવેલા વિસ્તારના ટ્રાફીક વ્યવહાર સરળતાથી પસાર થાય તે હેતુથી ચાર પૈડાવાળા તમામ પ્રકારના વાહનો માટે સવારના ૮-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધીના સમય માટે નીચે જણાવેલ રસ્તાઓ એક માર્ગી તરીકે જાહેર કરવા નિયમ કરું છું.

(૧) કરજણ નગરમાં પ્રવેશવા માટે મોટા વાહનો જેવાં કે એસ.ટી.બસ, ટ્રક, કાર, વિગેરે જેવા ચાર પૈડાવાળા વાહનો ઓવરબ્રીજથી ડાબી બાજુથી સ્ટેટબેન્ક થી થઈ નગરપાલિકા ઓફીસ થઈ એસ.ટી. ડેપો તરફ જઈ શકશે.

(૨) કરજણ નગરમાંથી બહાર નીકળવા માટે એસ.ટી. બસ, ટ્રક, કાર વિગેરે ચાર પૈડાવાળા વાહનો એસ.ટી. ડેપોથી સરદારનગર થઈ ઈન્દ્રપ્રસ્થ સોસાયટી થઈ લાઈબ્રેરી, ચાર રસ્તાથી સીવીલ કોર્ટ થઈ કરજણ પોલીસ સ્ટેશન પાછળથી જલારામ ચોકડીથી જઈ શકશે.

મેં આજ તારીખ ૯મી ડીસેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી કરી આને સિક્કો કરવામાં આવેલ છે.

ભાગ્યેશ જહા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

વાંચ્યો : -

(૧) અત્રેની કચેરીના પ્રાથમિક જાહેરનામા ક્રમાંક એમએજી-ટ્રાફીક-વશી-૧-૨૦૦૨, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૨.

હુકમ

ક્રમાંક એમએજી-ટ્રાફીક-વશી-૨૬.—આમુખ (૧) થી ભરૂચ શહેરમાં જુદાજુદા વિસ્તારમાંથી સવારના ૮-૦૦ થી રાત્રિના ૨૦.૦૦કલાક સુધી તમામ મોટા વાહનો ખાનગી લકઝરી બસો તથા મીની બસો સહિત તમામ માલવાહક લેવી કોમર્શીયલ વ્હીકલ એટલે ભારે ભારવાહક ખટારાઓના જમા તથા આવવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

આ કામે ખાસ કિસ્સાઓમાં રજૂઆતની ગુણવત્તા ધ્યાને લઈ બપોરના ૧૨.૦૦ થી ૩.૦૦ દરમ્યાન આમુખ (૧)નાં જાહેરનામામાંથી મુકિત આપવાના અધિકાર સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચને સુપ્રત કરવા આદેશ કરવામાં આવે છે.

લગ્ન પ્રસંગ તથા ધાર્મિક પ્રવાસ માટેના વાહન માટે જેને સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારી પાસેથી પરવાનગી લેવાની રહેશે.

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ-૨૨માં)ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી/૮૦૨૮/૨૦૦૧.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા સચિવાલય, રાજભવન મંત્રીઓના નિવાસ-સ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ. એલ. એ. ક્વાટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું, કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૧ કલાક ૦૦-૦૦થી તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફકત ઉપવાસીઓ માટે ચ-૫, સેકટર-૧૭ અને સેકટર-૨૨ના ખુણાનો ૨૦૦ ચો. મી. વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહિ.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ-શ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર, લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૧ના રોજ મારા સહી-સિક્કો કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ-૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)વશી./૮૦૪૮/૨૦૦૧.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મારી સત્તાની રૂઈએ હું, કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૯મી ડીસેમ્બર ૨૦૦૧ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી જાન્યુઆરી ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું, આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં;—

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફકત ઉપવાસીઓ માટે ચ. ૫, સેકટર-૧૭ અને સેકટર-૨૨ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૧ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

કે. બી. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨ની) કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૧/૨૦૦૨.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, ઉર્મિલાબેન પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧) નો મુંબઈ અધિનિયમ નં. (૨૨) ની કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૦૨ થી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૨ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્રો સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચી અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય, તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :— આ હુકમનો ખંડ—૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓને જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ—૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ—૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૨ ના રોજ સહી અને સીક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ—૩૭(૩) મુજબના.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર-૨/૨૦૦૨.— આગામી દિવસોમાં અમદાવાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, ઉર્મિલાબેન ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ—૩૭(૩) થી મને મળેલ અધિકારોની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૦૨ થી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૨ના કલાક ૨૪—૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :— અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસો લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

INDEX

સુધારા જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં.૨૨૨માં) ની કલમ ૩૭(૧) (છ) અન્વયે બહાર પાડેલ જાહેરનામામાં સુધારો.

નં. ડીસા/પીઓએલ/એમએજી/એસ.આર. ૫૭/૨૦૦૧.—આગામી તારીખ ૧૪મી જાન્યુઆરી, ૨૦૦૨ ના રોજ ઉત્તરાયણના તહેવારને અનુલક્ષી અત્રેના સરખા ક્રમાંકના તારીખ ૨૮મી ડીસેમ્બર, ૨૦૦૧ થી બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં નીચેના વધારાના શબ્દોનો ઉમેરો કરવામાં આવે છે.

તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૨ થી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૨ દરમ્યાન ઈલેક ટ્રીકના વાયરો, થાંભલા તથા રેલ્વે ટ્રેકની નજીકમાં પતંગ ઉડાડવો નહીં, પતંગ લૂંટવો નહીં, કે પતંગ પકડવા દોડવું નહીં.

આજ તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળ.

નંબર : જેલ/વશી/ ૨૧૮૫ થી ૨૨૧૫/૨૦૦૧.—મહેસાણા જિલ્લા ના શહેરી વિસ્તારોમાં રીક્ષાઓનું પ્રમાણ વધારે છે. આ રીક્ષાઓમાં જાહેર જનતા મુસાફરી કરે છે. શહેરી વિસ્તારમાં ટાફીકનું પ્રમાણ ઘણું વધારે હોય છે. આ વિસ્તારોમાં ફરતી રીક્ષાઓને ટ્રાફીકના નિયમોનું પાલન કરવાનું રહે છે. શહેરી વિસ્તારમાં ફરતી રીક્ષાઓમાં તેમના માલિકો અથવા ચાલકો દ્વારા ટેપ-રેકોર્ડર ગોઠવી, વગાડવામાં આવતું હોય છે. જેનાથી રીક્ષા ચાલક ટ્રાફિક વખતે એકાગ્ર ધ્યાને રીક્ષા ચલાવી શકતા નથી. તેમનો ધ્યાન ભંગ થવાથી ઘણીવાર ગમખ્વાર અકસ્માતો થવાનો ભય રહે છે, જેથી આ પ્રવૃત્તિ ઉપર, જાહેર જનતા અને રીક્ષામાં મુસાફરી કરનાર મુસાફરોની સલામતિના કારણસર પ્રતિબંધ મુકવો વ્યાજબી જણાય છે.

આ અર્થે પોલીસ અધિક્ષકશ્રી મહેસાણા દ્વારા પણ તેઓશ્રીના તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૧ના પત્રાંક/૧૬૯/આર/મિજિ./૧૭૯૩ /૨૦૦૧/૩૬૫૧૮ થી આવા પ્રતિબંધની હિમાયત કરવામાં આવેલ છે.

ઉકત વિગતે, હું આઈ. જી. પરીખા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ--૩૮(૧) હેઠળ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, મહેસાણા જિલ્લાના શહેરી વિસ્તારોમાં પેસેન્જરોની હેરફેર કરતી ઓટો રીક્ષાઓ ના માલિકો/ચાલકોએ ઓટો રીક્ષામાં ટેપ લગાડવું નહીં, કે તે દ્વારા અવાજનું પ્રદુષણ ફેલાવવું નહી. ઓટો રીક્ષામાં ટેપ રેકોર્ડર બેસાડી તે વગાડવા ઉપર હું પ્રતિબંધ ફરમાવું છું.

આ આદેશોનો ભંગ કરનાર અગર તેમ કરવામાં મદદગારી તેરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૬ તેમજ કમજ કલમ-૧૪૯ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૧મી ડીસેમ્બર-૨૦૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે જાહેરનામું બહાર પાડયું.

આઈ. જી. પરીખા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭ (૧) મુજબનું.

ક્રમાંક ડી. બી. પી. એ.-૧/૨૦૦૨ /વશી /૩૫૨૯થી ૪૦૨૯.—આગામી તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ પ્રજાસત્તાક દિન ઉજવનાર હોઈ અને આ ઉજવણી દરમ્યાન હાલના પ્રવર્તમાન સંજોગો જોતા લોકોની જાન માલની હાની થવાથી તથા જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાંતિ અને સલામતી જળવવા સારું બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈ વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહિ;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પૂતળા દેખાડવા નહિ;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં;

(છ) અલંકારિક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી, તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની, રૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહિ;

વાસ્તે, હું, એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુજબના ૨૨માં)ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મનાઈ કરું છું

આ હુકમ તારીખ તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૨ થી ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૨ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીઓ એવું કંઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ. તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જેને શારીરિક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૨૩મી માહે જાન્યુઆરી, સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા પાલનપુર.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કરેલો.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. નં. ૦૧/૨૦૦૨.— મુંબઈ પોલીસ અધિનિયમ, (સને-૧૯૫૧નાં ૨૨માં)અધિનિયમની કલમ-૩૭ (૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ -૩૭ની પેટા-કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૨૨મી જાન્યુઆરી ૨૦૦૨ થી તારીખ ૪થી ફેબ્રુઆરી ૨૦૦૨ સુધી (બંને દિવસો સુધ્ધાં) આનઅધિકૃત રીતે ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વલસાડ, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૨.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. નં. ૦૨/૨૦૦૨—મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જીલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૨મી જાન્યુઆરી ૨૦૦૨ થી તારીખ ૪થી ફેબ્રુઆરી ૨૦૦૨ (બંને દિવસો સુધીના) સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ, અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૯મી જાન્યુઆરી ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજિ. ૨ /૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી તારીખ ૨૬મી જાન્યુઆરી ૨૦૦૨ના પ્રજાસત્તાક દિનના રાષ્ટ્રીય તહેવાર તથા પ્રવર્તમાન સ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓને જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૨ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૨ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું :—

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

INDEX

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) થી (જ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :-

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૨ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

ભાગ ૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જુન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ઠ ના આધારે)

તારીખ ૩,૧૦, ૧૭, ૨૪, ૩૧ માહે જાન્યુઆરી સને ૨૦૦૨ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દા
૧	૨	૩
૧	૧૭૩/૨૯-૧૧-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૨	૧૭૭/૩-૧૨-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૩	૧૮૨/૫-૧૨-૨૦૦૧	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ.
૪	૧૮૩/૭-૧૨-૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૫	૧૮૪/૭-૧૨-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૬	૧૮૫/૭-૧૨-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૭	૧૮૬/૧૨-૧૨-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૮	૧૮૭/૧૨-૧૨-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૯	૧૮૮/૧૨-૧૨-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીઆદ.
૧૦	૧૮૯/૧૨-૧૨-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૧	૧૯૦/૧૩-૧૨-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૨	૧૯૧/૨૦-૧૨-૨૦૦૧	ઈ/ચા. પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૩	૧૯૨/૨૦ ૧૨-૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૪	૧૯૩/૨૬-૧૨-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૫	૧૯૪/૨૬-૧૨-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.

INDEX

૧	૨	૩
૧૬	૧૯૫/૨૬-૧૨-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૭	૧૯૬/૨૬-૧૨;૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૮	૧૯૭/૨૭-૧૨-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીઆદ.
૧૯	૧૯૮/૨૮-૧૨-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૨૦	૧૯૯/૩૧-૧૨-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨૧	૧/૧-૧-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૨	૨/૨-૧-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો નડીઆદ.
૨૩	૩/૨-૧-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૨૪	૪/૩-૧-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨૫	૫/૩-૧-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૨૬	૬/૪-૧-૨૦૦૨	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ
૨૭	૭/૮-૧-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૮	૮/૮-૧-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા.
૨૯	૯/૧૧-૧-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૩૦	૧૦/૧૧-૧-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૩૧	૧૧/૧૫-૧૨-૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા
૩૨	૧૨/૧૫-૧-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૩૩	૧૩/૧૫-૧-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૩૪	૧૪/૧૫-૧-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા
૩૫	૧૫/૧૬-૧-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ.
૩૬	૧૬/૧૬-૧-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૩૭	૧૭/૧૯-૧-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Supple C. G. I—54

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part—I, should be *read* to have been published in Issue No. 6, *Gujarat Government Gazette*, Part—I, dated 7th February, 2002 and for pages VAD-78 to VAD-125 (in 1 set) *read* page No. 339 to 386.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૬માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૭૮ થી વીએડી-૧૨૫ (૧ બંચમાં) ને પાન નંબર ૩૩૯ થી ૩૮૬ વાંચવા.

Vadodara, 7th February, 2002.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. દ્વારા

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા. ૨૯–૧૦–૧૯૯૯ના જા. નં. ફડચ/ફ-૧૧૫૦૦/ધ–૨/૯૬૩/૯૯નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૧) લગત આ કચેરીના તા. ૨૪–૧૦–૨૦૦૧ના જા. નં. ફડચ/ફ-૧/૧૮૦/૨૦૦૧ ના પત્રથી આવેલ ધી સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર-સ્વપ્ન સીધ્ધ કો.–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને પુનઃજીવીત કરવા અંગેની સહકારી કાયદાની કલમ ૧૯ (ખ) અન્વયેની દરખાસ્ત તથા તારીખ ૧૯–૧૨–૨૦૦૧ના પત્રથી રજુ કરવામાં આવેલ પુર્તતા અહેવાલ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૫૦૦/ધ–૨/૧૮/૨૦૦૨.– ધી સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર સ્વપ્નસિદ્ધ કો.–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૯ હેઠળ નોંધણી ક્રમાંક ધ–૪૨૫૭, સને ૧૯૭૬ થી નોંધાયેલ સહકારી ગૃહ-મંડળી છે.

સદરહુ મંડળીમાં કુલ ૧૪ સભાસદો છે. જેનો વહીવટ આ કચેરીના તા. ૧–૧૧–૧૯૯૪ ના હુકમ અન્વયેથી વહીવટદાર હેઠળ મૂકવામાં આવેલ અને શ્રી આર. કે. શાહની વહીવટદાર તરીકે નિમણુંક કરવામાં આવેલ હતી. વહીવટદારે તારીખ ૨૦–૨–૧૯૯૯ ના પત્રથી રજુ કરેલ અભિપ્રાયની ટૂંકમાં વિગતો મુજબ મજકુર સોસાયટી ચાર ભાગમાં વહેંચાયેલ છે અને અલગ અલગ ૪ જગ્યાએ મકાનો ખાલસી વિસ્તારમાં આવેલ છે. આ સંજોગોમાં સોસાયટીનો વહીવટ થઇ શકે તેમ નથી. સોસાયટીના સભાસદો દ્વારા પણ વહીવટ સંભાળી લેવા અશકિત દર્શાવતા તથા વહીવટદાર દ્વારા મંડળીને ફડચામાં લઇ જવા અંગે રજુ થયેલ અભિપ્રાય લક્ષમાં લઇ સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ પસાર કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચ.–૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવેલ હતી.

સંદર્ભ–૨ માં વંચાણે લીધેલ ફડચા અધિકારીના પત્રમાંની વિગતો અને તે સાથે જોડાણ થઈ આવેલ સોસાયટીના સભાસદો શ્રી ઉમેશ સી. શાહ તથા અન્યો દ્વારા તા. ૧૬–૧૦–૨૦૦૧ ના પત્રથી સોસાયટીને પુનઃજીવીત કરવા અંગે રજુ કરેલ દરખાસ્તમાંની વિગતો મુજબ સોસાયટીના માજી સેક્રેટરી અમેરીકા જતાં તેઓ વહીવટ શ્રી એમ. એમ. માંકડને સુપ્રત કરી ગયેલ અને તેઓને લકવા થવાથી સોસાયટીનો વહીવટ વહીવટદારને સુપ્રત કરવામાં આવેલ ત્યારથી સોસાયટીનો વહીવટ વહીવટદાર હસ્તક હતો. હવે સોસાયટીના સભાસદો વહીવટ સંભાળવા તૈયાર હોઈ મંડળીનો વહીવટ સભાસદોને પરત સુપ્રત કરવા તમામ સભાસદોએ માગણી કરેલ છે. જે ઉપર ફડચા અધિકારીએ રજુ કરેલ અભિપ્રાયમાં સદર સોસાયટી હાઉસીંગ પ્રકારની હોઇ અને સભ્યો વસવાટ ધરાવતાં હોઇ સભાસદોના હિતમાં મંડળીનો વહીવટ સભ્યોને સુપ્રત કરવો જરૂરી બનતું હોઇ સોસાયટીને કલમ–૧૯ (ખ) અન્વયે પુનઃજીવીત કરવા ભલામણસહ વિનંતી કરેલ હતી.

મજકુર દરખાસ્તની બાબત ધ્યાને લેતાં મજકુર સોસાયટીમાં ઘણા વર્ષોનું ઓડીટ બાકી હોઈ તે પુર્ણ કરાવવા અંગે સભાસદો પાસેથી સંમતિ મેળવી રજુ કરવા અન્યથા બાકી ઓડીટ કરાવી અત્રે અહેવાલ રજુ કરવા આ કચેરીના તા. ૮–૧૧–૦૧ના પત્રથી ફડચા અધિકારીને જરૂરી સૂચના આપવામાં આવેલ જે સંદર્ભે ફડચા અધિકારી દ્વારા મજકુર સોસાયટીનું તા. ૩૧–૩–૦૧ સુધીનું ઓડીટ ખાતાકીય ઓડીટર મારફત પુર્ણ કરવામાં આવેલ છે અને સોસાયટી દ્વારા હવે પછીનું ઓડીટ નિયમિત કરાવવાની સુચના સહ મંડળીને પુનઃજીવીત કરવા અંગેનો હુકમ કરવા ભલામણ સહ વિનંતી કરવામાં આવેલ છે.

ઉક્ત વિગતે રજુ થયેલ તમામ બાબતો ધ્યાને લેતાં એ બાબત સ્પષ્ટ છે કે મજકુર સોસાયટી તે હાઉસીંગ પ્રકારની ગૃહમંડળી છે. સભાસદો મંડળીમાં રહેવાણ ધરાવી વસવાટ કરે છે. સોસાયટીનું તા. ૩૧–૩–૨૦૦૧ સુધી ઓડીટ પુર્ણ કરવામાં આવે છે. સોસાયટીના સભાસદો દ્વારા વહીવટ સંભાળવા અશકિત દર્શાવવાના કારણે કાનુની પ્રક્રિયાના અંતિમ તબક્કામાં મજકુર મંડળીને ફડચામાં લઈ જવાની ફરજ પડેલ હતી. હવે સભાસદો મંડળીનો વહીવટ સંભાળવા અગ્રેસર અને ઉત્સાહી વલણ ધરાવતાં હોવાનું જણાય છે. ત્યારે સોસાયટીના બહુમત સભાસદોના વિશાળ હિતમાં અને ફડચા અધિકારીની હકારાત્મક ભલામણ તેમજ સદર કેસની સમગ્ર વિગતો ધ્યાને લેતાં સોસાયટીના સભાસદોને વહીવટ સુપ્રત કરી પોતાની સોસાયટીનો વહીવટ કરવાની એક તક આપવી જરૂરી જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ ૧૯-ખ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ ધી સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર સ્વપ્ન સિધ્ધ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ, નોંધણી નંબર ધ- ૪૨૫૭, સને ૧૯૭૬ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરું છું.

INDEX

(૧) સોસાયટીનું ઓડીટ દર વર્ષે નિયમિત ખાતાની સ્થાયી સૂચના મુજબ નિયમોનુસાર કરાવવાનું રહેશે.

(૨) સહકારી કાયદા–કાનુન અને મંડળીના મંજુર થયેલા પેટા નિયમો તથા અન્ય લાગુ પડતા તમામ કાયદાઓની સોસાયટીએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદરહુ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે મજકુર સોસાયટીને પુનઃજીવીત કરવાની પરવાનગી આપવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૪–૧–૨૦૦૨.

વંચાણમાં લીધા :–

(૧) આ કચેરીના તા. ૧–૮–૧૯૯૮ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૪૬૬/ધ. ૨/ ૮૯૫/૯૮ના ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૧) લગત આ કચેરીના તારીખ ૧૪–૧૨–૨૦૦૧ના ક્રમાંક ફડચ/ફ. ૧/૧૯૫/૨૦૦૧ થી ૨

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ. ૧૧૪૬૬/ધ.-૨/૧૯/સને ૨૦૦૨.— ધી મોતીલાલ નહેરૂપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ એ નોંધણી નંબર ધ. ૧૬૯૩, તા. ૭–૪–૧૯૬૬ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧–૮–૧૯૯૮ના હુકમ ક્રમાંક ફડચ/ફ.–૧૧૪૬૬ / ધ–૨ / ૮૯૫/૯૮ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ–૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૧૪(૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ–૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૪–૧–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તા. ૧૭–૮–૨૦૦૧ ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૪૬/ધ.૨/૭૦૩/સને ૨૦૦૧નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીના તા. ૧૨–૧૨–૦૧ના જા. નં. ફડચ/ફ–૨/૨૮૫/૦૧ ના પત્રથી આવેલ અમદાવાદ બીલ્ડીંગ મટીરીયલ્સ યુઝર્સ અને સપ્લાયર્સ સહકારી મંડળી લી., અમદાવાદને પુનઃજીવીત કરવા અંગેની સહકારી કાયદાની કલમ–૧૯-ખ અન્વયેની દરખાસ્ત

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ./૧૧૫૪૬/ધ-૨/૨૦ સને ૨૦૦૨.—ધી અમદાવાદ બીલ્ડીંગ મટીરીયલ્સ યુઝર્સ અને સપ્લાયર્સ સહકારી મંડળી લી., અમદાવાદ, ને સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૧૭૯૨, તા. ૨૦–૬–૧૯૭૨ છે. મજકુર મંડળીનો વહીવટ દેખરેખ–કામકાજ, હાર્યરીતી વગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીના બાકી ઓડીટ માટે સંબંધીત ઓડીટર દ્વારા સોસાયટીને નોટીસ આપેલ તેમજ રૂબરૂ મુલાકાત લીધેલ પણ સોસાયટીના ઉપલબ્ધ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઈ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નહીં. આમ સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઈ શકવાથી દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો પણ ઓડીટરને ઉપલબ્ધ થઈ શકેલ નહીં જેથી સોસાયટી સ્થગિત અવસ્થામાં હોવાનું જણાતાં ઓડીટરશ્રી દ્વારા મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૩ અન્વયે ફડચામાં લઈ જઈ આટોપી લેવાની ભલામણ સાથે ખાસ અહેવાલ અત્રે લખી મોકલવામાં આવેલ જે ઉપર જરૂરી કાનુની પ્રક્રિયા અનુસર્યા બાદ અત્રેથી સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાને હુકમ કરવામાં આવેલ અને મજકુર સોસાયટીના ફડચા અધિકારી તરીકે સહ. અધિ. (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામા આવેલ જે અન્વયે સંબંધીત ફડચા અધિકારીએ સોસાયટીના દફતરનો હવાલો મેળવવા ઉપલબ્ધ થયેલ સરનામે સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક કરતા તેઓએ મંડળી ચાલુ રાખવા માંગતા હોવાનું મંતવ્ય રજુ કરેલ અને ત્યારબાદ તેઓ દ્વારા મજકુર સોસાયટીને ફડચામાંથી પુનઃજીવીત કરવા અંગે અત્રે દરખાસ્ત લખી મોકલવામાં આવેલ હતી.

સંદર્ભ ૨માં વંચાણે લીધેલ ફડચા અધિકારીના પત્રમાંની વિગતો અને તે સાથે બીડાણ થઈ આવેલ સોસાયટીના ચેરમેનશ્રી દ્વારા સભાસદોની સહી સાથેની તા. ૧૦–૧૨–૨૦૦૧ થી સોસાયટીને પુનઃજીવીત કરવા અંગે રજુ કરેલ દરખાસ્તમાંની વિગતો મુજબ સોસાયટીને ઓડીટ કે ફડચામાં લઈ જવા અંગે પાઠવાયેલ નોટીસ કે હુકમ બજેલ નથી.

INDEX

સોસાયટીનું તા. ૩૦–૬—૯૭ સુધીનું ઓડીટ કરાવવામાં આવેલ છે. ઓડીટ વર્ગ 'બ' અપાયેલ છે. ત્યાર બાદના છેવટ સુધીના હિસાબો તૈયાર છે. મંડળીનું છેવટ સુધીનું ઓડીટ કરાવવા બાબતનું તમામ સાહિત્ય પત્રકો તૈયાર છે. ઓડીટરશ્રીના સંપર્કના અભાવે જ ઓડીટ થઈ શકેલ નથી. સોસાયટીની પ્રિમાઈસીસ / ઓફીસ મહી સ્ટોર્સ ટાવરમાં આવેલ છે. અને કુદરતી આફત ભુંકપના સમયમાં સોસાયટીની ઓફીસ ડરના કારણે ખોલવામાં આવતી ન હતી. તે સંજોગોમાં અત્રેની કચેરી કે ઓડીટર દ્વારા ઘડવામાં આવેલ નોટીસ મળેલ ન હોય તે સ્વયં સ્પષ્ટ બાબત છે. સોસાયટીનો વહીવટ પોતાના હસ્તક રાખવા માંગે છે સોસાયટી જીવન જરૂરીયાતની ચીજવસ્તુ તથા ઈલેકટ્રીક આઈટમોનું વેચાણ કરતી હતી. ભુકંપના કારણે તથા ભોંયરામાં વરસાદનું પાણી ભરાવવાથી મંડળીને થયેલ નુકશાનના કારણે હાલ કામકાજ નહીવત છે. પણ સભાસદો મંડળી કાર્યશીલ વધારવા માંગે છે. મંડળી પુનઃ જીવીત કરવામાં આવે તો મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન મુજબ કરવાની તથા મંડળીનું ઓડીટ નિયમિત દર વર્ષે કરાવવાની ખાત્રી આપેલ છે. સોસાયટીની દરખાસ્ત ઉપર ફડચા અધિકારીએ મંડળીને સહકારી કાયદાની કલમ ૧૬-બ અન્વયે પુનઃ જીવીત કરવા અંગેના ઘટતા હુકમો કરવા ભલામણ કરેલ છે.

ઉકત તમામ બાબતો ધ્યાને લેતાં એ બાબત સ્પષ્ટ છે કે મજકુર સોસાયટીને ઓડીટ ન કરાવવાના એક માત્ર કારણસર ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તમારે બાકી ઓડીટ પુર્ણ કરાવવાની સોસાયટીની પ્રાથમિક જરૂરીયાત બની રહે છે. અને તે અંગે સોસાયટીએ ખાત્રી આપેલ છે. વળી સોસાયટીના સભાસદો/હોદ્દેદારો સોસાયટીના કાયદા–કાનુન અને મંડળીના પેટા-નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી બજાવતી કરવા અગ્રેસર અને ઉત્સાહી વલણ ધરાવતાં હોવાનું પણ જણાય છે. ત્યારે સોસાયટીના બહુમત સભાસદોના વિશાળ હિત અને ફડચા અધિકારીની ભલામણ તેમજ સદર કેસની સમગ્ર વિગતો ધ્યાને લેતાં મજકુર સોસાયટીના સભાસદોને વહીવટ સુગ્રત કરી, પોતાની સોસાયટીનો વહીવટ કરવાનો એક તક આપવી જરૂરી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૬-બ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ ધી અમદાવાદ બીલ્ડીંગ મટીરીયલ્સ એન્ડ સપ્લાઈ સહકારી મંડળી લીમીટેડ અમદાવાદ, નોંધણી નંબર ૧૭૬૯, તા. ૨૦–૬–૧૯૭૨ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરું છું.

(૧) સોસાયટીનું બાકી ઓડીટ તાત્કાલીક પુર્ણ કરાવવાનું રહેશે અને હવે પછીથી સોસાયટીનું ઓડીટ દર વર્ષે નિયમિત બાતની રથાયી સુચના મુજબ નિયમોનુસાર કરાવવાનું રહેશે.

(૨) સહકારી કાયદા–કાનુન અને મંડળીના મંજુર થયેલા પેટાનિયમો તથા અન્ય લાગુ પડતા તમામ કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદરહુ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે મજકુર સોસાયટીને પુનઃજીવીત કરવાની પરવાનગી આપવામાં આવે છે.

અમદાવાદ, તા. ૪–૧–૨૦૦૨.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(શહેર), અમદાવાદ.

વંચાણે લીધા : –

(૧) સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમના કલમ–૧૦૬ અને કલમ–૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી, પશુ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધબ્ધ / ૨૯૭ / ડી.ડી.સી. / ૧૧૬૮ / ૧૪૪૬૬, તા. ૨૭–૫–૬૮.

(૩) સહ-ઓડીટર સહકારી મંડળીઓ શહેરનો તા. ૬-૮-૯૨ નો ખાસ અહેવાલ.

(૪) અત્રેની કચેરીની તા. ૨૯–૬–૯૩ની કારણદર્શક નોટીસ ૨૧–૫–૯૬ ૧૩–૧–૯૭, ૬–૮–૯૭, ૧૬–૧૦–૯૯, ૨૦–૭–૦૧.

(૫) અત્રેની કચેરીના તા. ૬–૮–૯૬, ૨–૯–૯૬, ૯-૧૦-૯૩, ૩૧–૧૨–૯૩, ૨૦–૨–૯૬ના પત્રો.

જા. નં. ઉબ્સ / ફડચ / ૦૧ /મ–૩/૧૫૭૭/૨૦૦૧.— ઉપર દર્શાવેલ ક્રમાંક–૩ થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી ગ્રામજીવન ખેત ઉત્પાદક વેચાણ અને રૂપાંતર સહકારી મંડળી લી., મુ. ગાંધીનગર, તા ગાંધીનગર, જીલ્લો અમદાવાદ/ગાંધીનગર મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તેનીચેના સંજોગો ઉપર સ્પષ્ટ થાય છે.

(૧) મંડળી તેના પેટા નિયમનાં ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી

(૨) મંડળીએ તેના ઓડીટ નોંધોની દુરસ્તી ન કરી કલમ-૮૫ નો ભંગ કરેલ છે

(૩) મંડળીએ ઘણાં વર્ષોથી વાર્ષિક સાધારણ સભા ન ભરી કલમ–૭૭નો ભંગ કરેલ છે.

INDEX

(૪) મંડળીની વ્ય. કમીટીની બેઠકો પેટા–નિયમ અનુસાર મળતી નથી.

(૫) મંડળીએ અત્રેનાં તા. ૨૦-૭-૦૧નાં રજી. એ. ડી. પત્રથી માગેલ માહીતી આધાર-પુરાવા સહિત અત્રે રજુ કરેલ નથી.

(૬) મંડળીનાં હોદ્દેદારો નિષ્ક્રીય છે.

ઉપરના સંજોગો ધ્યાને લેતા ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું, એચ. એન. દવજી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (૩૨લ), અમદાવાદ મને મળેલ અધિકારની રૂઇએ ધી ગ્રામજીવન ખેત ઉત્પાદક વેચાણ અને રૂપાંતર સહકારી મંડળી લી. ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક સે ૧૦૮૪૯, તા. ૨૩–૭–૧૯૮૦ છે, તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરું છું. અને આજ અધિનિયમની કલમ ૧૦૮ (૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે શ્રીમતી સી. પી. દવજીયા લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (૩૨૩), અમદાવાદની કક્ષાના અધિકારી તરીકે નિયુકત કરું છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઇ ખુલાસો કે રજુઆત કરવી હોય તે તે નીચે સહી કરનારને આ આદેશ થયાની તારીખથી માત્ર એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉકત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઇપણ ખુલાસો કે રજુઆત થશે નહીં તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તા. ૨૭–૧૨–૨૦૦૧.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨ સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી, તારીખ ૨૭–૫–૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૬૬૫, તા. ૮–૬–૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૧૬–૩–૬૬.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક :કડચ/૦૧/ગ-૩/૧૨૫, તા. ૪/૧/૨૦૦૦.

(૬) અત્રેની કચેરીના તા. ૧૩-૪-૬૬, ૨૦–૮–૬૬, ૩૦-૮-૨૦૦૧ ના પત્રો.

(૭) મંડળીની તા. ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. કડચ/૦૧/ગ–૩/૧૫૧૮/૨૦૦૧.—ધી ક્ષીરસાગર ધેબડા દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. ધેબડા, તા. વિરમગામ, જિલ્લા અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ૭૮૩૩, તારીખ ૨૧–૧૧–૬૬ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક :– (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક :– કડચ/૦૧/ગ–૩/૧૨૫/ તા. ૪–૧–૨૦૦૦ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઇ વાંધો–વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો–વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ–૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો–વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો–વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દવજી, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (૩૨લ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂઇએ ધી ક્ષીરસાગર ધેબડા દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. ધેબડા, તા. વિરમગામ, જીલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક – ૭૮૩૩, તા. ૨૧–૧૧–૬૬થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરું છું.

અમદાવાદ, તા. ૨૭–૧૨–૨૦૦૧.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

INDEX

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૪૪૯૬, તારીખ ૨૭-૫-૬૮.

(૩) ઓડીટર સહ. મંડળીઓ ધોળકાનો તા. ૩૧-૫-૯૫નો ખાસ અહેવાલ. સબ ઓડીટર સહ. મંડળી ધોળકાનો તા. ૩૦-૧૧-૯૫નો ખાસ અહેવાલ.

(૪) અત્રેની કચેરીની તા. ૨૧-૬-૯૫, ૧૬-૧-૯૬ની કારણદર્શક નોટીસ. ૬-૮-૯૭ ૧-૯-૯૮ ૫-૧૦-૯૮ ૨૦-૭-૦૧.

(૫) અત્રેની કચેરીના તા.૨-૨-૯૬, ૧૫-૭-૯૬, ૧૭-૫-૯૬, ૧૭-૧૨-૯૬, ૧૪-૧-૯૭ પત્રો.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ-૩/૧૫૭૫ / ૨૦૦૧.—ઉપર ક્રમાંક-૩થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી ધોળકા તાલુકા ફળફુલ અને શાકભાજી ઉત્પાદક સ. મં.લી. ધોળકા, તા. ધોળકા, જી. અમદાવાદ/ગાંધીનગર મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશો અનુસાર કામકાજ સ્થગિત થઇ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપર સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીનો છેલ્લા ઘણાં વર્ષોથી ઓડીટ વર્ગ 'ડ' છે.

(૨) મંડળીએ ઓડીટર દુરસ્તી ન કરી કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૩) મંડળી તેના પેટા નિયમના ઉદ્દેશો મુજબ કામ કરતી નથી. મંડળી સ્થગિત અવસ્થામાં છે.

(૪) મંડળીની વ્ય. કમીટી પેટા નિયમ મુજબ મળતી નથી.

(૫) મંડળીની વાર્ષિક સાધારણ સભામાં પેટા નિયમ મુજબ કાર્યવાહી થતી નથી.

(૬) મંડળીમાં ૯૦% જેટલું ખોટનું પ્રમાણ છે. મંડળીમાં ઘણું નુકશાન છે.

(૭) મંડળી ચલાવવામા તેના હોદ્દેદારોને રસ નથી.

ઉપરના સંજોગો ધ્યાને લેતા ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું, એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ફરજ), અમદાવાદ, મને મળેલ અધિકારની રૂઇએ ધી ધોળકા તાલુકા ફળફુલ અને શાકભાજી ઉત્પાદક સ. મં. મુકામ ધોળકા કે જેનો નોંધણી ક્રમાંક ૨૧૮૭૭, તા. ૨૪-૧૧-૧૯૮૭ છે, તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરું છું. અને આજ અધિનિયમની કલમ ૧૦૮ (૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે શ્રીમતી સી. પી. દરજીયા, લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ફરજ), અમદાવાદની ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરું છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે, ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો કે રજુઆત થશે નહીં તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તા. ૨૭-૧૨-૨૦૦૧.

એચ. એન. દરજી,
જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં.
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૩૦-૬-૯૮નો મંડળીને ફડચામાં લઇ જવા ખાસ અહેવાલ.

(૨) મંડળીને ફડચામાં ન લઈ જતાં વહીવટ નીચે લઈ જવા થયેલ સુચના તા. ૬-૭-૯૮.

(૩) મંડળીને વહીવટદાર નીચે લઈ ગયાનો હુકમ તારીખ ૫-૧૨-૯૬.

(૪) વહીવટદાર એ મંડળીનો ચાર્જ મેળવેલ ન હોઇ ફડચાની કાર્યવાહી કરવા સુચના થયેલ.

(૫) અત્રેથી મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણદર્શક નોટીસ આપી તા. ૧૦-૭-૨૦૦૧.

(૬) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૩-૮-૨૦૦૧.

(૭) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૬-૫-૬૮ના હુકમ ક્રમાંક ધ/ખ/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬-બી થી મળેલ સત્તાઓ.

(૮) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને કલમ ૧૦૮ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૫૬૮/ક-૧૨૮૫૧/૨૦૦૧—ધી મગરવાડીયા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુ. જ તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકાર

INDEX

મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ધ/૭૯૯૮ તા. ૨૫–૫–૯૨ થી નોંધવામાં આવેલી ગૃહ મંડળી છે. આમુખ–૧ થી જણાવ્યા પ્રમાણે મંડળીનો વહીવટ પેટા-નિયમ પ્રમાણે થતા ન હોઈ તથા ઉદ્દેશ્યો પ્રમાણે કામગીરી કરવામાં હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન, અમદાવાદની લોન પરત કરવાની કામગીરી થતી ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવાના બદલે વહીવટ નીચે લઈ જવાના સૂચના થતા મંડળીનો વહીવટ વહીવટદાર નીચે લઇ જવામાં આવેલ પરંતુ વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટનો ચાર્જ સંભાળતા નહિ હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા અત્રેથી ફડચાની કારણ દર્શક નોટીસ તા. ૧૦–૭–૨૦૦૧ થી આપવામાં આવેલ હતી. નોટીસમાં જણાવેલ મુદ્દાઓ સબબ રજુઆત કરવા જણાવેલ હતું. પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નથી આથી મંડળીના કાર્યવાહકોને મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરી મોકલી આપેલ. સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવા જણાવેલ હતું પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત થઈ નથી. આમ સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઇ જે ધ્યાને લઇ સભાસદોના હિત ખાતર હવે નીચેના કારણોને લઇને મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળી ઘણા સમયથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી.

(૩) મંડળીમાં ગુજરાત ગ્રામ્ય ગૃહ નિર્માણ બોર્ડ પાસેથી લીધેલ લોન પરત ભરપાઇ કરેલ નથી.

(૪) મંડળીના કાર્યવાહકો, સભાસદો મંડળી ચલાવવા રસ ધરાવતા નથી.

ઉપરોકત કારણોસર મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક જણાતાં, અત્રેના વચગાળાના તા. ૨૩–૮–૨૦૦૧-ના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું. શ્રી પી. એન. ત્રિનામા, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પૈકત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરૂં છું. ધી મગર-વાડીયા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. ગઢ, તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠા, નોંધણી નંબર ધ/૭૯૯૮, તા. ૨૫–૫–૯૨ થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧) ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે. મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારણી રહેશે, ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૩૧–૧૨–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ પાલનપુરનો તા. ૨૧–૫–૯૮નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) મંડળીને ફડચામાં લઇ નાહ જવા બાબતે થયેલ સૂચન તા. ૧૧–૧૧–૯૮.

(૩) મંડળીને વહીવટદાર નીચે લેવાનો હુકમ તા. ૧૯–૬–૨૦૦૧

(૪) વહીવટદાર એ મંડળીનો ચાર્જ સંભાળેલ ન હોઇ ફડચાની કાર્યવાહી કરવા થયેલ સૂચન.

(૫) અત્રેથી મંડળીના કાર્યવાહકોને આપેલ ફડચાની કારણ-દર્શક નોટીસ ૧૦–૭–૨૦૦૧.

(૬) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૩–૮–૨૦૦૧

(૭) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૩–૫–૬૮ના હુકમ ક્રમાંક ધ ખ) ડીસી/૧૧૬૮/૧૮૪૬૬-બી થી મળેલ સત્તાઓ.

(૮) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૫૬૯/ફ–૧૨૮૫૨/૨૦૦૧.—ધી અંબિકા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. માંડલા, તા. કાંકરેજ, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ધ/૭૯૮૩ તા. ૧૯–૮–૮૮ થી નોંધવામાં આવેલી ગૃહ મંડળી છે. આમુખ–૧થી મંડળીને ફડચામાં લઈ જવા જણાવ્યા પ્રમાણે મંડળી કામ કરતી બંધ થવાથી તથા પેટા-નિયમ પ્રમાણે વહીવટ થતો નાહ હોવાથી ફડચામાં લઇ જવા કાર્યવાહી કરવાની થતી હતી. પરંતુ મંડળી એ ઉદ્દેશ્યો પ્રમાણે મકાનોનું બાંધકામ કરેલ હોવાથી અને મંડળીએ મેળવેલ લોનના હપ્તાની વસુલાતનું કામ થતું નહિ હોવાથી મંડળીનો વહીવટ વહીવટદાર નીચે લઇ જવા અત્રેથી તા. ૧૯–૬–૯૯ થી કરેલ હતો. મંડળીનો ચાર્જ સંભાળવા વહીવટદારશ્રીને અત્રેથી વારંવાર જણાવ્યા છતાં મંડળીનો વહીવટ સંભાળેલ નહિ તથા સભા-સદોએ પણ આ અંગે કોઈ રસ દાખવેલ ન હોવાથી મંડળી સ્થગિત રહેતાં અત્રેથી મંડળીને ફડચામાં લઈ જવાની સૂચના થતાં મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૦–૭–૨૦૦૧થી આપેલી મંડળીએ કોઇ રજુઆત કરેલ નથી,

INDEX

જે બ્યાને લઇ મંડળીને ફડચામા લઈ જવા વચગાળાનો આદેશ તા. ૨૩–૮–૨૦૦૧ થી કરેલ. સાથે સાથે એક માસ સુધીમાં રજુઆત કરવા જણાવવામાં આવેલું તેમ છતાં મંડળી તરફથી કોઇ રજુઆત થઇ નથી. આમ મંડળીના સભાસદો મંડળી ચલાવવા રસ ધરાવતા ના હોઇ હવે નીચેના કારણોને લઇને મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળી ઘણા સમયથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી.

(૩) મંડળીએ ગુજરાત ગ્રામ્ય ગૃહ નિર્માણ બોર્ડ તરફથી મેળવેલ લોનના હપ્તા ભરપાઈ કરતા નથી.

(૪) મંડળીના કાર્યવાહકો સભાસદોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

ઉપરોકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં અત્રેના વચગાળાના તા. ૨૩–૮–૨૦૦૧ના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી પી. એન. નિનામા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, હોદ્દાની રૂએ મળેલ અધિકારી પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું. ધી અંબિકા કો-ઓપરેટીવ હાઉસીંગ સો. લી., મુ. માંડલા, તા. કાંકરેજ, જિલ્લો બનાસકાંઠા, નોંધણી નંબર ધ/૭૫૮૬, તા. ૧૯–૮–૮૮થી નોંધવામા આવેલા તે મંડળીનો સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) નો જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. તથા ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૩૧–૧૨–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૩૦–૯–૯૮ નો ખાસ અહેવાલ.

(૨) મંડળીને વહીવટદાર હેઠળ લઇ જવા કારણદર્શક નોટીસ તા. ૮–૧–૯૯.

(૩) વહીવટદારની નિમણુકનો હુકમ તા. ૧૯–૬–૯૯.

(૪) મંડળીને ફડચામાં લઇ જવા અંગેની કચેરીની નોંધ તા. ૨૫–૬–૨૦૦૧.

(૫) ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૦–૭–૨૦૦૧.

(૬) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૩–૮–૨૦૦૧.

(૭) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૩–૫–૬૮ના હુકમ ક્રમાંક બ(ખ) ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/ઝી થી મળેલ સત્તાઓ.

(૮) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ૦૧ / ગ /૨૫૭૦/ફ-૧૨૮૯૬/૨૦૦૧.— ધી વાળંદ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. ગઢ, તા. પાલનપુર, જીલ્લા બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ધ–૭૫૯૯ તા. ૨૯–૬–૯૩ થી નોંધવામાં આવેલી ગૃહ મંડળી છે. આમુખ–૧ થી જણાવ્યા પ્રમાણે મંડળી ઉદ્દેશો પ્રમાણે કામગીરી કરતા બંધ થવાથી મંડળીને ફડચામાં લઇ જવા ભલામણ થયેને હતી, પરંતુ મંડળીએ ૧૪ સભાસદોને મકાનોનું બાધકામ પૂર્ણ કરી આપેલ હતું. જયારે ગુજરાત હાઉસીંગ નિર્માણ બોર્ડની લોનની વસુલાત થતી ન હતી જે બાબતને ધ્યાને લેતાં મંડળીને અત્રેથી વહીવટદાર હેઠળ મુકવાનો તા. ૧૯–૬–૯૯ થી હુકમ કરવામાં આવેલો જેમાં વહીવટદારની નિમણુંક ધી ગુજરાત ગ્રામ્ય ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગરની નિમણુંક કરેલ પરંતુ તેઓ તરફથી મંડળીના વહીવટનો ચાર્જ સંભાળેલ ન હતો આથી આમુખ–૪ દ્વારા કચેરી તરફથી સુચના થયેથી મંડળીને ફડચામાં લઇ જવા ફડચાની કારણ દર્શક નોટીસ તા. ૧૦–૭–૨૦૦૧ થી આપવામાં આવેલી નોટીસમાં જણાવેલ મુદ્દાઓ સબબ રજુઆત કરવા ૧૫ દિવસનો સમય આપવામાં આવેલ હતો. છતાં મંડળી તરફથી કોઇ રજુઆત થયેલ નથી. આમ મંડળીના કાર્યવાહકો મંડળી ચલાવવા રસ ધરાવતા નથી જેથી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ તારીખ ૨૩–૮–૨૦૦૧ થી કરવામાં આવેલ હતો. સાથે સાથે મંડળીના કાર્યવાહકોને એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવા જણાવવામાં આવેલ હતું. તેમ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થઇ નથી. આમ મંડળીને સભાસદો ચલાવવા માંગતા ન હોઇ, સભાસદોના હિત ખાતર મંડળીને નીચેના કારણોને લઇને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે.

(૨) પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી.

(૩) મંડળીએ ઉદ્દેશો પ્રમાણે સભાસદોને રહેણાંક માટેના મકાનો પૂરા પાડેલ છે.

INDEX

(૪) ગુજરાત ગ્રામ્ય ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરની લોન રૂા. ૫,૫૭૮૧૪ ની વસૂલાતની કામગીરી થતી નથી.

(૫) મંડળીના કાર્યવાહકો સભાસદો મંડળી ચલાવવામાં રસ ધરાવતા નથી.

ઉપરોક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતા અત્રેના વચગાળાના તા. ૨૩–૮–૨૦૦૧ ના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

મહેસાણા, તા. ૧૮-૧-૨૦૦૨.

એન. બી. શેખ,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, મહેસાણા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા : (૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઇ.
(૨) આત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ધ-૧/૩૭૨, તારીખ ૨૯મી જૂન ૨૦૦૧

જાવક નંબર વહટ/૦૧/ધ-૧/૫૪૧/૨/૨૦૦૧.—ધી સાદડ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુકામ સાદર, તાલુકા પાદરા, જિલ્લા વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.જેનો આ કામે હવે પછી "મંડળી"તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેંક લોન રૂા. ૧૩,૬૭,૩૦૦/- મુદ્દલ તથા વ્યાજ રૂા. ૧૪,૧૯,૧૬૩/- બાકી છે.
(૨) મંડળીમાં ૭૭ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના ૯૯ સભાસદો પાસે રૂા. ૧૩,૩૭,૮૧૬/- બાકી છે.
(૪) મંડળીના બાકીદાર સભાસદોના પાકા રોકત્ર કરી તેના વેચાણ મંડળી મારફતે કરવા કોઇ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઇ તેમને અટકાવ્યા નથી મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.
(૫) મંડળીની વ્યવસ્થાપક કમિટી/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રિય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૬) મંડળીનો ઓડીટ વર્ગ "ક" છે. મંડળીની આર્થીક પરિસ્થિતિ જોતા મંડળીના ભંડોળો ધિરાણ ખોટમાં ગયેલા જણાઇ આવેલ છે તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી.

(૭) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઇ, આર્થીક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેંક લોન તથા સભાસદ વસૂલાત જોખમમાં મુકાયેલ છે.

આમ ઉપરોકત વિગતો જોતાં મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસૂલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાવતું નથી તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીના વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્યવસ્થાપક કમિટિને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે, પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહય રાખવાપાત્ર ન હોઇ, મંડળી વહીવટી અને આર્થીક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટી અને આર્થીક હીતો માટે વહીવટદાર નિમવા અભીપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેંકના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું ઓમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી સાદડ વિવિધ કાર્યકારી મંડળી લી. જિલ્લા વડોદરાની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરૂ છું.

(૧) મંડળીનો રોજ બરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતી હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસીક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૪થી ઓકટોબર ૨૦૦૧

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઇ.
(૨) આત્રેની કચેરીના સ. આ. (હાઉસીંગ) ની કાર્યાલય નોધ તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૧ ના પત્ર નં. ધરમ/૦૧/ગ-૧/૩૧/૨૦૦૧ નો અહેવાલ.
(૩) આત્રેની કચેરીની તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૧ ના પત્ર નં. વહટ/૦૧/ધ.૧/૨૫૦ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

જા. નં. વહટ /૦૧ / ધ.૧/૫૪૩/ ૨૦૦૧.—ધી અજીત કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રજિ. ધ. ૪૧૪૩, તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૭૧ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આત્રેની કચેરીના સ. આ. (હાઉ.) એ મંડળીની રૂબરૂ તપાસ કરી મંડળીમાં નીચે જણાવેલ ક્ષતિઓ જોતા સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીમાં વહીવટદારની નિમણુંક માટે અભિપ્રાય આપેલ છે.

(૧) મંડળીની વાર્ષિક સાધારણ સભા સને ૧૯૯૬-૯૮ તેમજ ૧૯૯૮-૯૯ ના વર્ષની બોલાવવામાં આવી નથી. તેમજ સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષની વાર્ષિક સાધારણ સભા નિયમ મુજબ સહકારી વર્ષ પુરું થયા બાદ ત્રણ માસમાં નિયત સમયમાં બોલાવવામાં આવેલ નથી. તેને બદલે જિલ્લા રજિસ્ટ્રારશ્રીની મંજુરી વગર તારીખ ૨૬મી માર્ચ, ૨૦૦૦ ના રોજ મોડી બોલાવવામાં આવેલ છે. આમ વાર્ષિક સાધારણ સભા સમયસર ન બોલાવીને પેટા નિયમની કલમ-૩૭, ૩૮ અને ૩૬ નો ભંગ કરેલ છે. તેમજ સહકારી કાયદાની કલમ-૭૭ નો ભંગ કરેલ છે.

(૨) બ્લોક નં. ૧૦ ના સભાસદની હાઉસીંગ ફાયનાન્સની લોનના સાત હપ્તાની રકમ તથા વહીવટી ફાળાની રકમ વસુલ કરવામાં આવેલ ન હોવાથી પેટા નિયમની કલમ-૨૪, ૨૫, ૨૬ અને ૭૧ નો ભંગ કરેલ છે.

(૩) તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૩ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૯ સુધીના સમયના ઓડીટ મેમાની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ ન મોકલી પેટા નિયમની કલમ-૬૦(૮) નો ભંગ કરેલ છે તેમજ સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

INDEX

(૪) પેટા નિયમની કલમ-૭૭ અને ૮૦ મુજબ વ્યવસ્થાપક કમિટિ તેમજ સેક્રેટરી ક-ઓ મંડળીનું વાર્ષિક હિસાબ સરવૈયું પ્રસિધ્ધ ન કરી સભાસદોને જાણ કરેલ નથી.

(૫) વ્યવસ્થાપક કમિટિ તથા સેક્રેટરીઓ પેટા કાયદા અને સહકારી કાયદાથી આપેલા સામાન્ય અધિકારો અને ફરજો ન બજાવી, પેટા નિયમની કલમ-૫૫ અને ૬૧ નો ભંગ કરેલ છે.

આમ સંસ્થાની કારોબારીએ સહકારી કાયદા કાનુન નીતિ, નિયમો તેમજ પેટા કાયદાની જણાવેલી ફરજો બજાવવામાં કસૂર કરેલ છે. આ સંજોગોમાં મંડળીની વ્યવસ્થાપક કમિટીને દુર કરી તેની જગ્યાએ શ્રી વી. બી. બહેરે ને મંડળીમાં વહીવટદાર તરીકે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ થી અજીત કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીમાં વહીવટદાર તરીકે શ્રી વી. બી. બહેરે ની ૧ વર્ષ માટે નીચેની શરતોને આધીન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજના ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાજ્યના મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ કાયદા-કાનુન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) મંડળીના વાર્ષિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીની કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર સહકારી મંડળીઓ ગ્રેડ-૨ (નંબર-૮) વડોદરા તરફથી પત્ર નં. : અપણ / ૦૧ / ધપ / ૯૮, તારીખ ૧૨મી જૂન ૧૯૯૮ થી રજુ કરેલ ઓડીટ મેમો.

(૨) અત્રેની કચેરીની તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ધ-૧ / ૩૨૧.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

જા. નં. : વહટ / ૦૧ / ધ-૧ / ૪૮૦/સને ૨૦૦૧.—થી વડોદરા તાલુકા પ્રાથમિક શાળાના કર્મચારીઓની કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ (૧) થી રજુ થયેલ ખાસ અહેવાલથી સદર સંસ્થામાં નીચે જણાવેલ કારણોસર સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા માટે મંતવ્ય થાય છે.

(૧) ઓડીટ સમય દરમ્યાન મંડળીમાં રૂા. ૨૯,૫૯,૬૦૦ ની કાયમી અને હંગામી ઉચાપત થયાનું જણાવેલ છે. વ્યવસ્થાપક કમિટિએ પેટા કાયદાની કલમો મુજબ ફરજો અદા કરેલ નથી અને મંડળીને નુકશાન થયેલું જણાઈ આવે છે.

(૨) ઓડીટ સમય દરમ્યાન મંડળીના કાર્યવાહકોએ સાવલી તાલુકા પ્રાથમિક શાળા કર્મચારીઓની કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. સાવલી, ડભોઈ તાલુકા પ્રાથમિક શાળાના કર્મચારીઓની કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. ડભોઈ સાથે ખાતાની પુર્વ મંજુરી મેળવ્યા વગર આંતરિક વ્યવહારો કરી સહકારી કાયદાની કલમ-૪૪ નો ભંગ કરેલ છે. મંડળીના કાર્યવાહકોએ વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષકોની સહકારી મંડળીના સંઘ (સૂચિત) મુ. પાદરામાં જોડાઈ તેમાં પોતાની પુર્વ મંજૂરી વગર મંડળીના ફાજલ (ભંડોળ) નાણાંનું રોકાણ કરી સહકારી મંડળી ગુજરાત અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૭૧ અને સદર અધિનિયમોના નિયમો ૧૯૬૫ નો નિયમ-૨૯ નો ભંગ કરેલ છે. તેમજ નહી નોંધાયેલ સંઘમાં સભાસદ થઈ નાણાંકીય વ્યવહાર કરેલ છે. જે યોગ્ય જણાતું નથી.

(૪) ઓડીટ સમય દરમ્યાન સને ૧૯૯૩-૯૪, ૧૯૯૪-૯૫, ૧૯૯૫-૯૬, ૧૯૯૬-૯૭ ના તૈયાર કરેલ પાકા સરવૈયા રજુ કરેલ યાદીઓ અને ખાતાવહી ઉપરથી ખાતરી કરતા ઘણાં ખાતામાં તફાવત જણાઈ આવેલ છે. જેથી મંડળીના કાર્યવાહકોએ કાયદા-કાનુન અને પેટા નિયમ મુજબ મંડળીના હિસાબો તૈયાર કરી સાધારણ સભા સમક્ષ રજૂ કરેલ નથી. જેથી પેટા નિયમ અને કાયદાનો ભંગ કરેલ છે.

(૫) મંડળીના કાર્યવાહકો સને ૧૯૯૧થી ૧૯૯૩ ના વર્ષ દરમ્યાન ઓડીટ નોંધમાં જણાવેલ ખામીઓની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ મોકલી ન આપી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૬) મંડળીના કાર્યવાહકોએ પેટા-નિયમ ૨૪ (૨) મુજબ હિસાબો તપાસવા ઓડીટરની નિમણુંક કરેલ નથી. પેટા-નિયમ ૨૪ (૪) મુજબ વાર્ષિક હિસાબો અને નફાની વહેંચણી મંજુર કરાવી નથી. પેટા નિયમ ૨૪(૫) મુજબ ઓડીટ નોંધની ખામીની દુરસ્તી કરેલ નથી. આમ પેટા-નિયમનો ભંગ કરેલ છે.

(૭) પેટા-નિયમ ૨૯ (૨) મુજબ જાવીદાખત લેવામાં આવતા નથી. પેટા-નિયમ ૨૯ (૫) મુજબ કરજ અરજી માંગણીનો નિકાલ કરવામાં આવતો નથી. પેટા નિયમ ૨૯ (૬) મુજબ હિસાબોની નિયમિત તપાસણી થતી નથી. પેટા-નિયમ ૨૯ (૭) મુજબ મુદતવીતી બાકી લ્હેણાની વસુલાત અંગે કાયદેસર કાર્યવાહી થતી નથી. પેટા-નિયમોનો ભંગ કરેલ છે.

(૮) મંડળીના કાર્યવાહકોએ તારીખ ૨૬થી સપ્ટેમ્બર, ૧૯૯૩ના વ્ય. કમિટિના ઠરાવ નં. ૧૭ થી ઠરાવ કરી ચાલુ ધિરાણ ઉપરાંત રૂા. ૪,૦૦૦ વધારાનું ધિરાણ નક્કી કરેલ છે. આમ મંડળીના પેટા-નિયમનો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૯) પેટા નિયમ ૪૨ મુજબ કમિટિના સભાસદો લવાજમ વગર કામ કરશે અને પ્રમુખ/મંત્રી ધિરાણ લઈ શકશે નહી, તેમ છતાં પ્રમુખ/ઉપપ્રમુખ મંડળીમાંથી ધિરાણ મેળવી પેટા-નિયમોનો ભંગ કરેલ છે.

(૧૦) પેટા નિયમ ૪૩ (૫) મુજબ કાર્યવાહી કરેલ નથી.

(૧૧) પેટા નિયમ ૪૬ (૨) નું ખાતાની મંજુરી મેળવ્યા વગર મંજુરીની અપેક્ષાએ અમલ કરી ભંગ કરેલ છે.

(૧૨) પેટા નિયમ ૫૨ મુજબ કરજ લેતી વખતે સભ્યોની કબુલાત મેળવાતી નથી.

પેટા નિયમ-૪ મુજબ સભાસદોની પાસબુક આપવામાં આવતી નથી.

INDEX

(૧૩) પેટા-નિયમ-૫૬ (આ) (બ) (ક) તથા સહકારી કાયદાની કલમ-૬૬ મુજબ હિસાબો તૈયાર ન કરી કાયદાની કલમનો ભંગ કરેલ છે.

ઉપરોક્ત મુદ્દાઓ બાબતો અત્રેથી કારણદર્શક નોટીસ પાઠવી રૂબરૂમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઈ તેમજ મંડળીનો વહીવટ ચલાવવામાં વ્યવસ્થાપક સમિતિ વારંવાર કસુર કરતી હોઈ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર ધી વડોદરા તાલુકા પ્રાથમિક શાળાના કર્મચારીઓની કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., વડોદરા ની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી નિમણુંક કરવાનો હુકમ કરું છું. તે રીતે મજકુર કાયદાની કલમ-૮૨ અનુસાર મંડળીનો વહીવટ કરવા શ્રી એ. આર. શાહની નીચેની શરતોને આધિન રહી વહીવટદાર તરીકે ૧ વર્ષ માટે નિમણુંક આપવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારશ્રીનો મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્ય. કમિટિના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તારીખ ૨૯મી ઓગષ્ટ, ૨૦૦૧.

એમ. જે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪ /જ, તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૧.
(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯-(ખ) ની જોગવાઈઓ.
(૩) ફડચા અધિકારી શ્રી, ધી દંત્રાલ દૂધ ઉત્પાદક સ. મં. લી., તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા અને સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/ફ/ ૦૧/ગ/૧૯૧/૨૦૦૧ તારીખ ૧૪મી ઓગસ્ટ ૨૦૦૧
(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/૧૮૮૪૧/૦૧/ ગ/૧૩૪૧/૯૯ તારીખ ૭મી સપ્ટેમ્બર ૧૯૯૯.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૧૧૮૪૧/૦૧/ગ/૩૩૯૬/૨૦૦૧.—ધી દંત્રાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક : એ દૂ. ૧૯૨૭૩ તારીખ ૨૯મી ઓગસ્ટ ૧૯૮૨ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાના કાનૂની ઓડીટ અહેવાલ ના આધારે તેમજ સંસ્થા ચલાવવામાં સભ્યોને રસ ન જણાતાં જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગરના હુકમ ફડચ/ફ/૧૧૮૪૧/૦૧/ગ/૧૩૪૧/૯૯ તારીખ ૭મી સપ્ટેમ્બર ૧૯૯૯થી સંસ્થાને ફડચામાં લઈ જવાનો હુકમ કરી ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીને હોદ્દાની રુએ નીમણુંક કરવામાં આવતાં નીમાયેલ ફડચા અધિકારીશ્રીએ તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૯ ના રોજ હવાલો સંભાળી સંસ્થાનાં દેવાં-લ્હેણાં તેમજ મિલ્કતોના નીકાલની કાર્યવાહી શરૂ કરેલ. જે સમય દરમ્યાન સંસ્થાના સભાસદો તરફથી સંસ્થાને પુન : જીવીત કરવાની માગણી થતાં સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ચ/૧૯૧/૨૦૦૧/તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૨૦૦૧થી સદરહુ સંસ્થાને પુન : જીવીત કરવા ભલામણ કરેલ છે. સભાસદોને નવીન ઢોર ખરીદવા માટે લોનની યોજના સાબર ડેરી મારફતે આપવાની થતી હોઈ, મંડળીને પુન : જીવીત કરવા ઠરાવેલ છે. તેમજ મંડળીની વાર્ષિક આર્થિક સ્થિતિ દર્શાવતું સરવૈયું તથા ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત સાથે સામેલ કરવામાં આવેલ છે. તેમજ સદર મંડળીને પુન : જીવીત કરવા અંગે સામાન્ય સભાના ઠરાવ નંબર : ૩ થી પુન : જીવીત કરવા અંગે ઠરાવેલ છે. આમ સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના ધ્રિયેમ્બર-૩ વાળા પત્રથી મંડળીને પુન : જીવીત કરવા અંગે ભલામણ કરેલ છે. તે તમામ હકીકતોને ધ્યાને લેતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓન અધિનિયમની કલમ-૧૯ (ખ) અનુસાર સદરહું સંસ્થાને પુન : જીવીત કરવા નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. કે. દેથલીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯ (ખ) હેઠળ મને મળેલ સત્તા અને અધિકારની રુએ ધી દંત્રાલ દુધ ઉત્પાદક સહકારી મં. લી., તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠાને આલોચનામાં જણાવેલ વિગતે નીચેની શરતોને આધીન પુન : જીવીત કરવા આદેશ કરું છું.

શરતો :—

(૧) મંડળીના કાર્યવાહકોએ સંસ્થા પુન : જીવીત થતાં મંડળીના પેટા નિયમો અનુસાર અર્થક્ષમ બનાવવા પ્રયત્નો કરવા તેમજ તે મુજબનું દફતર નિભાવવા રહેશે.

(૨) મંડળીમાં તાલીમ પામેલ અનુભવી સેક્રેટરીશ્રીની નિમણુંક કરવાની રહેશે.

(૩) મંડળીનાં દેવાં-લ્હેણાં જેમ ને તેમ સ્વીકારવાનાં રહેશે.

(૪) મંડળીમાં નિયમિત રીતે તમામ દફતર નિભાવવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૧.

INDEX

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જે, તા. ૩૦મી માર્ચ ૧૯૯૧.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ-૧૯(ખ) ની જોગવાઈઓ.

(૩) ફડચા અધિકારીશ્રી, ધી દેલવાડા(છા) દૂધ ઉત્પાદક સ.મં. લી., તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા અને સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/ ૧૯૩/૨૦૦૧ તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૨૦૦૧.

(૪) આત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ફ-૦૧/૧૧૮૩૬/૦૧/ગ/૧૩૩૬ તારીખ ૭ ની સપ્ટેમ્બર ૧૯૯૯.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૧૧૮૩૭/૦૧/ગ/૩૩૯૩/૨૦૦૧.—ધી દેલવાડા (છા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠાએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક : સે. દુ. ૨૦૪૮૧ તારીખ ૨૦ ની જાન્યુઆરી ૧૯૮૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાના કાનૂની ઓડીટ અહેવાલના આધારે તેમજ સંસ્થા ચલાવવામાં સભ્યોને રસ ન જણાતાં જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગરના હુકમ ફડચ/ફ/ ૧૧૮૩૬/૦૧/ગ/૧૩૩૬/૯૯ તા.૭મી સપ્ટેમ્બર ૧૯૯૯થી સંસ્થાને ફડચામાં લઈ જવાનો હુકમ કરી ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની ફોદાની રૂએ નીમણૂક કરવામાં આવતાં નીમાયેલ ફડચા અધિકારીશ્રીએ તારીખ ૨જી ફેબ્રુઆરી ૨૦૦૦ના રોજ હવાલો સંભાળી સંસ્થાનાં દેવાં-લેણાં તેમજ મિલ્કતોના નીકાલની કાર્યવાહી શરૂ કરેલા જે સમય દરમ્યાન સંસ્થાના સભાસદો તરફથી સંસ્થાને પુન : જીવીત કરવાની માગણી થતાં સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૯૩/૨૦૦૧, તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૨૦૦૧થી સદરહુ સંસ્થાને પુન : જીવીત કરવા ભલામણ કરેલ છે સભાસદોને નવીન ઢોર ખરીદવા માટે લોનની યોજના સાબર ડેરી મારફતે આપવાની થતી હોઈ, મંડળીને પુન : જીવીત કરવા ઠરાવેલ છે તેમજ સંડળીની આર્થિક સ્થિતિ દર્શાવતું સરવૈયું તથા ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત સાથે સામેલ કરવામાં આવેલ છે. તેમ જ સદર મંડળીને પુન : જીવીત કરવા અંગે સામાન્ય સભાના ઠરાવ નંબર ૩ થી પુન : જીવીત કરવા અંગે ઠરાવેલ છે. આ સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના પ્રિયેમ્બલ'-૩ વાળા પત્રથી મંડળીને પુન : જીવીત કરવા અંગે ભલામણ કરેલ છે. તે તમામ હકીકતોને ધ્યાને લેતાં સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ-૧૯(ખ) અનુસાર સદરહુ સંસ્થાને પુન : જીવીત કરવા નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. કે. દેથલીયા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯(ખ) હેઠળ મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ધી દેલવાડા (છા), દૂધ ઉત્પાદક સહકારી મં. લીં, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠાને આલોચનામાં જણાવેલ વિગતે નીચેની શરતોને આધીન પુન : જીવીત કરવા આદેશ કરૂં છું.

શરતો

(૧) મંડળીના કાર્યવાહકોએ સંસ્થા પુન : જીવીત થતાં મંડળીના ધેટા નિયમો અનુસાર અર્થક્ષમ બનાવવા પ્રયત્નો કરવા તેમજ તે મુજબનું દફતર નિભાવવાનું રહેશે.

(૨) મંડળીમાં તાલીમ પામેલ અનુભવી સેક્રેટરીશ્રીની નીમણુંક કરવાની રહેશે.

(૩) મંડળીનાં દેવાં-લેણાં જેમ ને તેમ સ્વીકારવાના રહેશે.

(૪) મંડળીમાં નિયમિત રીતે તમામ દફતર નિભાવવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૧.

એમ. કે. દેથલીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
હિંમતનગર.

ક્રમાંક ઉખાસ/નધણુ/સે-૩૨૭૩૯/ઝ/૭૧૭૪/૧૦૪૧/સને ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે ઓટા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ઓટા, મર્યાદિત સ્થળ ઓટા, તાલુકો સોનગઢ, જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩જી સપ્ટેમ્બર ૨૦૦૧.

ક્રમાંક ઉખાસ / નધણુ / સે ૩૨૭૪૦ /ઝ /૮૧૭૩ / ૧૦૩૯ /સને ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે મહુડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મહુડી, મર્યાદિત સ્થળ મહુડી, તાલુકો માંડવી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩જી સપ્ટેમ્બર ૨૦૦૧.

ક્રમાંક ઉખાસ/નધણુ/ધ-૨૦૪૫૦/ઝ/૮૧૬૦/૧૦૮૫/સને ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે લક્ષ્મીબાપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ખોલવડ, મર્યાદિત સ્થળ ખોલવડ, તાલુકો કામરેજ, જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૧.

INDEX

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૫૧/ઝ/૮૧૭૬/૧૦૮૭-૧૦૮૮/ સને ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે જ્ઞાનસાગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. પાલ, મર્યાદિત સ્થળ પાલ, તાલુકો ચોર્યાસી,જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૫૨/ઝ/૮૧૭૫/૧૦૮૯-૧૦૯૦/સને ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે, શ્રધ્ધા જ્યોત કો.ઓપ. હાઉસીંગ સોસાયટીલી. મહીધરપુરા,સુરત, મર્યાદિત સ્થળ મહીધરપુરા, વોર્ડ નં. ૬, તાલુકો સુરત સીટી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૫૩/ઝ/૮૨૬૩/૧૦૯૪ સને ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે મસ્કન ફ્લેટસ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સુરત શાહપોર, મર્યાદત સ્થળ શાહપોર સુરત, તાલુકો સુરત સીટી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૫૪/ઝ/૮૨૧૨/૧૦૯૬-૧૦૯૭ સને ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે અષ્ટવિનાયક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., આડાજણ, સુરત, મર્યાદિત સ્થળ આડાજણ, તાલુકો સુરત સીટી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વાંચ્યો :-

અત્રેની કચેરીના જા. નં. ફડચ /૦૧/ખ/૧૦૩૩/૨૦૦૧ તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૮૨૨૭/૧૬૫૪/ ૧૩૫૬/ ખ/૨૦૦૧.—ધી વિકાલીયા પિયત સહકારી મંડળી લિ. મુ. પો. વિકાલીયા, તા. પલસાણા, જિ. સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક એ-૨૩૨૭, તા ૨૨મી જુલાઈ ૧૯૮૨થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ખ) (ગ) (૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧, સુરતની નીમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વાંચ્યો :-

અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ./૧૦૩૪/૨૦૦૧ તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૦૧થી કરવામાં આવેલ વચગાળા નો આદેશ.

અંતિમ આદેશ

ક્રમ.ક ફડચ/ઉખસ/૮૨૨૬/૧૬૫૫/૧૩૫૭/ખ/૨૦૦૧.— ધી વ્યારા-વાલોડ બાગાયત સહકારી મંડળી લી. મુ. પો. ડોલવણ, ઠે. તા. વ્યારા,જિ. સુરત વિ. સુરતની નોંધણી ક માંક સે-૧૫૪૦ તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૮૯થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૦૧થી વચગાળાના આદેશ થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા છ૨ફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) (ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાના કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકરી ફડચા-૧ સુરતની નીમણુક કરવામાં આવે છે

સુરત, તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૧.

———

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના જા. નં. : ફડચ/૦૧/ખ/૧૦૩૦ / ૨૦૦૧ તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૮૨૨૫ / ૧૬૫૬ / ખ / ૨૦૦૧.—ધી બુહારી વિભાગ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી મુ. પો. : બુહારી, તાલુકો વાલોડ, જિલ્લો સુરત સુરતનો નોંધણી ક્રમાંક - ૩૦૧૩. તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૮૯ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

INDEX

ક્રમાંક ઉખાસ / નધણ / ધ-૨૦૪૫૫ / ઝ / ૮૨૮૪ / ૧૦૯૮ / ૧૦૯૯ સને ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે અમરધામ (અડાજણ) કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ અડાજણ-સુરત, તાલુકો સુરત સીટી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

ક્રમાંક ઉખાસ / નધણ /ધ-૨૦૪૫૬ / ઝ / ૮૪૩૪ / ૧૧૦૦ / ૧૧૦૧ સને ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે મારૂતિ ટાઉનશીપ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વડોદ, મર્યાદિત સ્થળ વડોદ, તાલુકો -ચોર્યાસી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વાંચો.—અત્રેની કચેરીના જા. નં. ફડચ / ૦૧ / ખ / ૧૦૪૩ / ૦૧, તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

આંતિમ આદેશ

ક્રમાંક ફડચ /ઉખાસ /૮૨૨૪ / ૧૬૫૭/૧૩૫૩ ખ/ ૨૦૦૧.—ધી કાજણ વિભાગ પોલ્ટ્રી ફાર્મ સહકારી મંડળી લી. મુ. પો. કાજણ, ઠે. તાલુકો: વ્યારા, જિલ્લો : સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક સે. ૨૨૭૦૭, તારીખ ૫મી મે, ૧૯૮૮ થી નોંધવામાં આવી હતી. તેનો અત્રેની કચેરીના તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કરવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વાંચો :—અત્રેની કચેરીના જા. નં. : ફડચ / ૦૧ / ખ / ૧૦૪૯, તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

આંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ઉખાસ/૮૨૨૩ /૧૬૫૮ /૧૩૫૫ / ખ / ૨૦૦૧.—ધી વાઘપાણી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી લી., ઠે. મુ. પો. તાલુકો વ્યારા, જિલ્લો સુરત વિ. સુરતના નોંધણી ક્રમાંક પી-૧૨૨૭, તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૫૪ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વાંચો અત્રેની કચેરીના જા. નં. ફડચ / ૦૧/ ખ / ૧૦૪૪ / ૨૦૦૧, તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

આંતિમ આદેશ

ક્રમાંક : ફડચ / ઉખાસ / ૮૨૮૬ / ૧૬૬૯ / ખ / ૨૦૦૧.—ધી નંદપોરવૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. મુ. પો. નંદપોર ઠે. તાલુકો માંડવી, જિલ્લો સુરત વિ. સુરતના નોંધણી ક્રમાંક ઉ-૯૫૫૧, તારીખ ૨૯મી માર્ચ, ૧૯૮૯ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૨૯મી ઓગષ્ટ, ૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વાંચો :—અત્રેની કચેરીના જા. નં. : ફડચ / ૦૧ / ખ / ૧૦૩૧ / ૨૦૦૧, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

આંતિમ આદેશ

ક્રમાંક : ફડચ / ઉખાસ / ૮૨૮૫ / ૧૬૬૧ / ખ / ૨૦૦૧.—ધી સતાધારકૃપા કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., એ કે. રોડ ઠે. ફુલપાડા, સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક : સા. ૨૭૮૩, તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૭ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહિ થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાના કલમ-૧૦૭ (૧) (ક) (ગ)

INDEX

(૨) (૪) અન્વયે કરવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૧, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

વાંચો :—અત્રેની કચેરીના જા. નં. : ફડચ / ૦૧ / ખ / ૧૦૨૭ / ૨૦૦૧, તારીખ ૬ ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ / ઉખસ / ૮૨૮૭ / ૧૬૬૮ / ખ/૨૦૦૧.—ધી માળધા આદિવાસી પિયત સહકારી મંડળી લી., ઠે. મુ. પો. માલધા, તાલુકો : માંડવી, જિલ્લો : સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક : ખે-૩૮૧૧, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૬થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૬ ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કરવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૩, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

વાંચો :—અત્રેની કચેરીના જા. નં. : ફડચ / ૦૧ / ખ / ૧૦૪૫ / ૨૦૦૧, તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ / ઉખસ / ૮૨૮૮ / ૧૬૬૭ / ખ / ૨૦૦૧.—ધી સીમાડી હળપતિ ખેતમજુર સહકારી મંડળી લી., મુ.પો. સીમાડી, ઠે. તાલુકો : કામરેજ, જિલ્લો : સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક : ખે-૬૨૪૦, તારીખ ૧૯૮૯ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૩, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

વાંચો :—

અત્રેની કચેરીના જાવક નંબર ફડચ / ૦૧ / ખ / ૧૦૨૮ / ૨૦૦૧, તારીખ ૬ ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૮૨૮૯ / ૧૬૬૬ / ખ / ૨૦૦૧.— ધી મુળદ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી., ઠે. મુ. પો. મુળદ ગામ--કીમ, તાલુકા ઓલપાડ, જિલ્લો સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ખે--૩૦૧૦, તારીખ ૧૨ મી ડિસેમ્બર ૧૯૮૮ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૬ ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહીં, થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવેલ છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સરકારી અધિકારી ફડચા--૩, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૧ મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

વાંચો — અત્રેની કચેરીના જાવક નંબર ફડચ/ ૦૧/ ખ/ ૧૦૪૮/ ૨૦૦૧, તારીખ ૯મી ઓગષ્ટ ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ /ઉખસ/૮૨૯૦/૧૬૬૫/ ખ/૨૦૦૧.—ધી વરીયાવ તાડવાડી કો. ઓપ. સહકારી સોસાયટી લી., વરીયાવ-તાડવાડી, ઠેકાણું, તાલુકા ચોર્યાસી, જિલ્લો સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ધ-૧૨૨૧૪, તારીખ ૪ થી મે, ૧૯૯૨ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૩, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

INDEX

વાંચ્યો.— અત્રેની કચેરીના જાવક નંબર ફડચા ૦૧/ખ/૧૦૨૯ ૨૦૦૧, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૮૨૯૧ / ૧૬૬૪/ખ / ૨૦૦૧.— ધી ફળ અને શાકભાજી વેચાણકારોની સહકારી મંડળીલી., ઠેકાણું:— બરાનપુરી ભાગળ— સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક સા/૨૫૩૨ તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૨ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ ૨૦૦૧ના વચગાળાના— આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈ પણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા/૨ સુરતની નીમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વાંચ્યો :— અત્રેની કચેરીના જાવક નંબર ફડચ/ ૦૧ / ખ / ૧૦૩૨ ૨૦૦૧, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૮૨૯૨ / ૧૬૬૩ / ખ / ૨૦૦૧.— ધી પીપલોદ પછાત વર્ગની સહકારી ઘર મંડળી લી., ઠેકાણું, મુકામ, પોસ્ટ પીપલોદ, તાલુકા ચોર્યાસી, જિલ્લો સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક બી—૨૦૦૫ તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૬૦ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ ૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાંલઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા—૧ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વાંચ્યો.—અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૦૩૫/૨૦૦૧ તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ / ઉખસ / ૮૨૯૩ / ૧૬૬૨-ખ /૨૦૦૧.— ધી રઘુપતિભવન કો. ઓપ. હા. સો. લી., દેશાઈ ફળીયું, દે. ઉધના, સુરત. વિ. સુરતની નોંધણી ક્રમાંક ધ-૧૦૨૧૬ તા. ૨૯મી નવેમ્બર ૧૯૮૨થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કામ સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(ખ, ૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧ સુરતની નીમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૧.

આર. આર. વઘાસીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—SA-14-F

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, FEBRUARY 14, 2002 / MAGHA 25, 1923 [No. 7

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, I-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette	387-416
Part-IA	Orders and Notificaitons (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	7
Part I-B	—Government Notifications published under Land Acquisition Act only.	86—101
Part-I-L	—Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act	3682—4118

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

પાસા ૧૯૮૫ હેઠળના અટકાયતીને હાજર થવા ફરમાવવાનું સી.આર. પી. સી. કલમ ૮૨ હેઠળનું.

નંબર ઉ/ગપક/વશી/પીસીબી/પાસા/૭૩/૨૦૦૦/જાહેરનામું/૨૦૦૨.— આમારા ધ્યાન ઉપર આવેલ છે કે, શ્રી મહમદ હાફીઝ અબ્દુલ રહેમાન સૈયદ, ઉ. વ. ૪૦, ઉંચાઈ ૫'×૧" શરીરે મજબુત બાંધાનો રંગે દઉવર્ણનો, મોઢુ લંબગોળ, જમણા હાથ ઉપર તલનું નિશાન છે. તે, શાહપોર સૈયદવાડા ઘર નં. ૧૨/૧૯૧૪ સુરતનાને ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમ ૧૯૮૫ હેઠળ અટકાયત કરવા તા. ૧૦મી ઓગસ્ટ ૨૦૦૦ના રોજ હુકમ કરવામાં આવેલ છે. અને તે અટકાયતી હુકમની બજવણી આજદિન સુધ થઈ શકેલ નથી, હુકમની બજવણી કરનાર અધિકારીશ્રી તરફથી એવી માહીતી મળેલ છે કે, સદરહું શ્રી મહમદ હાફીઝ અબ્દુલ રહેમમાન

INDEX

સૈયદ, મળી આવતો નથી અને તે પોતાની અટકાયત ટાળવા અર્થે નાસતો ફરે છે તેની ખાત્રી થયેલ છે.

આથી જાહેરનામું પ્રસિધ્ધ કરીને ફરમાવવામાં આવે છે કે, સદરહું શ્રી મહમદ હાફીઝ અબ્દુલ રહેમાન સૈયદ રહે. શાહપોર સૈયદવાડા ઘર નં. ૧૨/૧૯૧૪ સુરતનાએ તેના વિરુધ્ધના સદરહું અટકાયતી હુકમની બજાવણી માટે તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૨૦૦૨નાં રોજ કલાક ૧૧.૦૦ વાગ્યા સુધીમાં આમારી સમક્ષ બહુમાળી કંપાઉન્ડ નાનપુરા સુરતમાં આવેલ આમારી કચેરીમાં હાજર રહેવું.

સુરત, તારીખ ૨૫મી જન્યુઆરી, ૨૦૦૨.

જાહેરનામું

પાસા ૧૯૮૫ હેઠળના અટકાયતીને હાજર થવા ફરમાવવાનું સી. આર. પી. સી. કલમ ૮૨ હેઠળનું

નં. ઉ/ગપક/વર્શી/પીસીબી/પાસા/૧૧૩/૨૦૦૧/ નહેરનામું/૨૦૦૨.— આમારા ધ્યાન ઉપર આવેલ છે કે, શ્રી રમેશભાઈ ખંડુભાઈ પટેલ ઉ. વ. ૪૨, ઉંચાઈ ૫'×૬' શરીરે મજબુત બાંધાનો રંગે શ્યામ વર્ણનો, મોઢુ લંબગોળ, કપાળના ભાગે જુનુ વાગેલાનું નિશાન છે તે, રહે. શાંતિકુંજ સોસાયટી ઘર નં. ૨૨, વિધાતા ટાઉનશીપની પાછળ લીંબાયત સુરતનાને ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમ ૧૯૮૫ હેઠળ અટકાયત કરવા તારીખ ૧૦મી ઓગસ્ટ ૨૦૦૧ ના રોજ હુકમ કરવામાં આવેલ છે અને તે અટકાયતી હુકમની બજવણી આજદિન સુધી થઈ શકેલ નથી. હુકમની બજવણી કરનાર અધિકારીશ્રી તરફથી એવી માહીતી મળેલ છે કે, સદરહું શ્રી રમેશભાઈ ખંડુભાઈ પટેલ મળી આવતો નથી અને તે પોતાની અટકાયત ટાળવા અર્થે નાસતો ફરે છે તેની ખાત્રી થયેલ છે.

આથી જાહેરનામું પ્રસિધ્ધ કરીને ફરમાવવામાં આવે છે કે, સદરહું શ્રી રમેશભાઈ ખંડુભાઈ પટેલ રહે. શાંતિકુંજ સોસાયટી ઘર નં. ૨૨, વિધાતા ટાઉનશીપની પાછળ લીંબાયત સુરતનાએ તેના વિરુધ્ધ ના સદરહું અટકાયતી હુકમની બજવણી માટે તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ નાં રોજ કલાક ૧૧.૦૦ વાગ્યા સુધીમાં આમારી સમક્ષ બહુમાળી કંપાઉન્ડ નાનપુરા સુરતમાં આવેલ આમારી કચેરીમાં હાજર રહેવું.

સુરત, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૨.

જાહેરનામું

ક્રમાંક /ઉ/ગપક/વરાછા રોડ/ફ્લાયઓવર બ્રીજ/૨૮૧/૨૦૦૨.— સુરત શહેરમાં વરાછારોડ ઉપર વૈશાલી સીનેમાથી કાપોદરા જી.ઈ.બી. ઓફિસ સુધીના રોડ ઉપર ફ્લાય ઓવર બ્રીજ બાંધવાનું કામ કાપોદરા ચાર રસ્તા જી.ઈ.બી. ઓફીસની સામે શરૂ થઈ ગયેલ છે. અને પ્રથમ તબક્કાનું બાંધકામ હિરાબાગથી કાપોદરા જી.ઈ.બી. ઓફીસ સુધી ત્રણ માસ ચાલનાર છે. જેથી આ કામગીરી વિના અવરોધે થાય અને ટ્રાફિક નિયમન સરળતાથી ચાલે અને કોઈ ટ્રાફિક સમસ્યા ઉભી ન થાય તે માટે ડાયમંડ સ્કુલ (ફાયર સ્ટેશન) ચાર રસ્તાથી હીરાબાગ સર્કલ સુધીના રોડ ઉપર વાહન પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ "નો પાર્કિંગ" ફરમાવવાનું ઉચીત જણાય છે.

જેથી હું વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર. મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)બી મુજબ મને મળેલ સત્તાની રૂએ કાપોદરા સર્કલ ડાયમંડ સ્કુલ (ફાયર સ્ટેશન) ચાર રસ્તાથી હીરાબાગ સર્કલ સુધીના રોડ ઉપરવાહન પાર્કિંગ ના થાય તે માટે આ વિસ્તારને જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસ એટલે કે તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૨ સુધી આ વિસ્તારમાં વાહન પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ "નો પાર્કિંગ" ફરમાવું છું.

આ જાહેરનામું તારીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૦૨ થી અમલમાં આવશે.

આજ રોજ તારીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૦૨ના રોજ મારા સહી સીક્કા કરી આપેલ છે.

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર-૩/૨૦૦૨.— આગામી દિવસોમાં અમદાવાદ ફરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું ઉર્મિલાબેન પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર ૨૨) ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૨ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૨ સુધીના નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું :—

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર શોટી, બંદૂક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતુ હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ધાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આવૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તેમજ વાજાં વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ જાહેરખબરો અથવા બીજા

INDEX

કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સૂરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરવાનો,

વિસ્તાર :— અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી .—

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેથી ફરજ હોય તેમને

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષ ની કેદની અને દંડની તથા ભારતના ફોજદાર અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ, નંબર-(૨૨) ની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એમએજી /એસ.આર./૪ / ૨૦૦૨.— આગામી દિવસોમાં અમદાવાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, ઉર્મિલાબેન ડી. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ની મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારોની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૨થી ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના ક્લાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ

વિસ્તાર.—અમદાવાદ (ગ્રામ્ય)જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા-ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા/ કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ ૨૨)ની કલમ ૩૩(૧)(ઢ) મુજબનો

નંબર ડીસી/એમએજી/પીઓએલ/એસ. આર. ૫/૨૦૦૨.—અમદાવાદ જિલ્લાના દસકોઈ તાલુકાના કુંજાડ ગામમાં જાનવરોમાં કાળીયા તાવનો રોગચાળો ચાલી રહેલ છે. આ રોગ જાનવરોમાંથી માણસોમાં ફેલાવાની શકયતા રહેલી છે. અને તેને કારણે જાનવરો ઉપરાંત છેણ સોના પણ મૃત્યુ થવાની શકયતાઓ હોઈ, આ રોગચાળો ફેલાતો ટકાવવાનું જાહેર આરોગ્ય અને જાહેર હિતમાં આવશ્યક અને જરૂરી

.

આથી હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ તે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ઢ) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબ હુકમ કરું છું.

નીચે 'દર્શાવેલ પરિશિષ્ટન' કોલમ નં. ૨માં દર્શાવેલ વિસ્તારને 'કાળીયા તાવગ્રસ્ત વિસ્તાર' તરીકે અને કોલમ નં. ૩માં જણાવેલ વિસ્તારને 'કાળીયા તાવ ભયગ્રસ્ત વિસ્તાર' તરીકે જાહેર કરું છું. તથા કોલમ નં. ૪માં જણાવેલ અધિકારીઓની આ રોગચાળા સામે ઉપચારાત્મક પગલાં લેવા નિમણુંક કરું છું.

આનું નંબર ૧	કાળીયાતાવ ગ્રસ્ત વિસ્તાર ૨	કાળીયાતાવ ભય-ગ્રસ્ત વિસ્તાર ૩	નિમણુંક કરેલ અધિ-કારીશ્રીનો હોદ્દો. ૪
(૧)	કુંજાડગામ તા.દસકોઈ	કુંજાડ ગામની આસ પાસના ૧૦ કિ. મી. સુધીના ગામો તથા વિસ્તાર.	૧. નાયબ પશુપાલન નિયામકશ્રી જિલ્લા પંચાયત,અમદાવાદ. ૨. પશુચિકિત્સા અધિ-કારીશ્રી પશુદવા-ખાનું,કણભા, તા,. દસકોઈ.

INDEX

પરિશિષ્ટના કોલમ નં. ૨ અને ૩ના તમામ ગામોના પશુ રાખનાર ઈસમોને નીચે જણાવ્યા મુજબના સાવચાનીના પગલાં લેવા જાણ કરવામાં આવે છે.

(૧) આ રોગના રોગીષ્ટ પશુઓમાં નાક, કાન, ગુદા, આંખ, વગેરે ભાગોમાંથી તાવ સાથે કાળુ લોહી નીકળતું હોય છે. આ લોહીનો લાકડાથી બાળીને નાશ કરવો.

(૨) કાળીયા તાવ જેવા ચિન્હો ધરાવતા બિમાર પશુને તંદુરસ્તી પશુથી અલગ રાખવું તથા બિમાર પશુના શરીરના ભાગમાંથી નીકળતું લોહી માણસ તથા પશુના સંપર્કમાં ન આવે તેની કાળજી રાખવી.

(૩) આ રોગથી મરણ પામેલ પશુઓ (જાનવરો) ની ચીરફાડ કરવી નહીં. પરંતુ જમીનમાં ઉંડો ખાડો ખોદી મીઠા અને ચુના સાથે દાટી દેવા ખાસ કાળજી રાખવી.

(૪) આ રોગથી સપડાયેલ પશુની નજીકના પશુ દવાખાનાનો સંપર્ક સાધી સારવાર કરાવવી. તથા તંદુરસ્ત પશુઓને રોગવિરોધી રસી મુકાવવી.

આ હુકમ, હુકમની તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

યુ. ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ-૨૨માં)ની કલમ-૩૩ ની પેટા-કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીઓ/જાહેરનામું/૩૭(૧)વશી/૫૩૮/૨૦૦૨.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ. એલ. એ. ક્વાર્ટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું, કે. બ્રી. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૦૨ કલાક ૦૦-૦૦થી તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફક્ત ઉપવાસીઓ માટે ચ-૫, સેકટર-૧૭ અને સેકટર-૨૨ના ખુણાનો ૨૦૦ ચો. મી. વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહિ.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર, લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા-કલમ-૩ હેઠળ.

નંબર ડીસી/બીપીઓ/જાહેરનામું/૩૭(૩)વશી./૫૩૮ /૨૦૦૨.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ,

INDEX

શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મારી સત્તાની રૂઈએ હું, કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું, આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં;–

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.
(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફકત ઉપવાસીઓ માટે ચ. પ, સેકટર-૧૭ અને સેકટર-૨૨ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦નો ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી સિકકા કરી આપ્યા.

કે. બી. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

વાંચ્યુ : (૧) અત્રેની કચેરીનો જાહેરનામાનો હુકમ નં. ડીસીબી એમ-ઓજી/વશી ૩૩૬/૨૦૦૦, તારીખ ૨૯મી ફેબ્રુઆરી ૨૦૦૦.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની, કલમ-૩૩ (૧)(ખ) અન્વયેનું.

નંબર ડીસીબી એમએજી/વશી ૨૮૨ ૯૮/૨૦૦૧.—સુરતથી મુંબઈ વચ્ચે થતા વાહન વ્યવહાર પૈકી ઘણી ટ્રાન્સપોર્ટ કંપનીની ટ્રકો તથા લકઝરી બસો કાલીયાવાડી હાઈવેથી નવસારીમાં પ્રવેશી જુનીથાણા થી ઝવેરી સડક થઈ વિરાવળના રસ્તે સુરત જાય છે. આ વાહનોની સતત અવર-જવરને કારણે આ રસ્તાથી પણ વારેવાર તૂંટતા હોવાથી તેમજ સાંકડો રસ્તો હોવાથી નુકશાન પણ થાય છે. આ નુકશાન ન થાય તે હેતુથી તથા વધુ પડતા ટ્રાફિકને લક્ષમાં રાખી તારીખ ૧લી માર્ચ, ૨૦૦૦ થી ભારે વાહનોના પ્રવેશ પર ઉપરોકત માર્ગ માટે પ્રતિબંધ ફરમાવતું જે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. તે જાહેરનામુ આથી તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે.

નવસારી, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૨.

કિરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ / પી.ઓ.એલ./વશી-૪ થી ૧૯/૨૦૦૧.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ નો ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ મકર સંક્રાંતીના તહેવારોને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવ્યું છે કે ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૧મી જાન્યુઆરી ૨૦૦૧ થી તારીખ ૨૨મી જાન્યુઆરી ૨૦૦૨નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

INDEX

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ / પીઓએલ / વશી-૨૦ થી ૩૫ / ૨૦૦૧.— જિલ્લામાં મકરસંક્રાતિના તહેવારોને અનુલક્ષીને જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૧મી જાન્યુઆરી ૨૦૦૨થી તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૨ના સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતાં વધુ વ્યકિતઓ એકત્ર ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેના ઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાથ હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યકિતઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગના વ્યકિતઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ / પીઓએલ / વશી / ૬૭ થી ૮૭ / ૨૦૦૨.— જિલ્લામાં મકરસંક્રાંતીના તહેવારને અનુલક્ષીને જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૨ થી તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતાં વધુ વ્યકિતઓ એકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.


આજ તારીખ ૧૨ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યાં.

કે. બી. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. નં. ૦૫/૨૦૦૨—મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગમી તહેવારો તથા જીલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ થી તારીખ ૩જી માર્ચ ૨૦૦૨ (બંને દિવસો સુધીના) સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ, અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧(સી) હેઠળ.

નંબર જેલ/વશી/૧૫૪ થી ૧૬૪/૨૦૦૨.—મહેસાણા જિલ્લાનું ખેરાલું ગામ ગાંધીનગર થી અંબાજી તરફ જતાં રાજ્ય ધોરી માર્ગ ઉપર આવેલું છે. ખેરાલું વૃન્દાવન ચાર રસ્તા વાળા આ રાજ્ય ધોરી માર્ગ ઉપરથી અંબાજીના દર્શનાર્થે ઘણા વાહનો પસાર થાય છે. રાજ્ય ધોરી માર્ગ જ્યાંથી પસાર થાય છે ત્યાં વૃન્દાવન ચાર રસ્તા પડે છે. અને આ ચાર રસ્તા પર એસ.ટી. "પીક અપ" સ્ટેન્ડ આવેલ છે. આ ચાર રસ્તા ઉપર બાનગી વાહનો ટ્રાફીકને અડચણરૂપ થાય છે. જેથી અકસ્માતો થવાનો સંભવ રહે છે. જેથી ખેરાલું હાઈવે પર આવેલ વૃન્દાવન ચાર રસ્તા એસ.ટી. "પીક-અપ" સ્ટેન્ડથી ૫૦ મીટર સુધીના વિસ્તારમાં કોઈ વાહન ઉભા ન રહે તે માટે "નો-પાર્કીંગ" ઝોન જાહેર કરવો ઉચિત જણાય છે. આ હેતુસર પોલીસ અધિક્ષકશ્રી મહેસાણાએ તારીખ ૨૭મી ડીસેમ્બર ૨૦૦૧ના પત્રાંક/ ૧૬૯/મેજિ-ટ્રાફિક/૧૮૨૫/૦૧થી અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧, (૨૨મા)ની કલમ-૩૩ની પેટા કલમ-૧ (સી) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, આઈ.જી. પરીખ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મહેસાણા જિલ્લાના ખેરાલું ગામે આવેલ વૃન્દાવન ચાર રસ્તા પરના એસ.ટી. "પીક-અપ" સ્ટેન્ડની આજુબાજુના ૫૦ (પચાસ મીટર) મીટરના વિસ્તારમાં બાનગી બસો, જીપો, મેટાડોર, ટ્રક, ટ્રેકટર, વિગેરે બાનગી વાહનો ઉભા નહીં રાખવા આદેશ કરું છું.

આ આદેશ એસ.ટી. વિભાગ તથા સરકારી વાહનોને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

આઈ. જી. પરીખ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) મુજબ.

નંબર ઉ / મકપ / પલસ / મજસ / વશી / ૪૩૩.— આગામી તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ બકરી ઈદનાં તહેવારની ઉજવણી થનાર છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતિમય રહે તે માટે મુંબઈ-પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ. ૧૯૫૧ ની કલમ--૩૩(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું બી. એન. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આથી હું ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૨ થી ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨ (બન્ને દિવસો સહીત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં મનુષ્યો અથવા શબો અથવા આકૃતિ-ઓ અથવા પુતળા દેખાડવા નહી તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. અશ્લિલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરુચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ઠા કરવી નહી તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપર-અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીઓ જેને શારીરીક અશકતિના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

સને. ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ મુજબ.

ક્રમાંક ઉકપ/પલસ/મજસ/વશી. ૪૩૪.—આગામી તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ જિલ્લામાં બકરી ઈદ નાં તહેવારની ઉજવણી થનાર હોઈ જાહેર શાંતી જળવાઈ રહે તે માટે કતલખાના ની બહાર કોઈ જાહેર કે બાનગી જગ્યામાં કોઈ પશુની કતલ કરે નહી તેમજ જાહેર જગ્યામાં દેખાય તે રીતે કોઈ પશુની કતલ કરે નહી તે માટે સમગ્ર પંચમહાલ જિલ્લા પુરતું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે.

જેથી હું બી. એન. ડામોર. (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિ-સ્ટ્રેટ પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૨થી તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૨૦૦૨ સુધી (બન્ને દિવસો સહીત) પંચમહાલ જિલ્લાની હદમાં કોઈપણ વ્યકિત એ કતલખાનાની બહાર કોઈ જાહેર કે બાનગી જગ્યામાં આથવા જાહેર જગ્યામાં દેખાય તે રીતે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ અથવા વાંછરડા વિગેરે કોઈપણ પશુની કતલ કરવી નહી.

આજ તારીખ ૧૪મી માહે ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરી નો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

INDEX

જાહેરનામું

ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એમએજી/જાહેરનામું/૨૦૦૨.—મુખ્ય ચુંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના તારીખ ૪થી જાન્યુઆરી ૨૦૦૨ના કાર્યક્રમથી ૧૬૫-મહુવા (અ.જ.જા.) વિધાનસભા મત વિભાગની પેટા ચુંટણી કરવાનું નક્કી થતાં તેનું મતદાન તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૨ નાં રોજ થનાર છે.

સુરત શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૫-મહુવા(અ.જ.જા.) વિધાનસભા મત વિભાગની પેટા ચુંટણી કરવાનું નક્કી થતાં તેનું મતદાન તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૨નાં રોજ સવારના ૮-૦૦ થી કલાક ૧૭-૦૦ દરમ્યાન હોય આ અંગે ચુંટણીના ઉમેદવારો તરફથી મતદાન બુથની બહાર ૨૦૦ મીટર દુર ટેબલ ખુરશી કે મંડપ ગોઠવવા ઉપર નિયંત્રણ મુકવાનું આવશ્યક છે.

જેથી હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ સુરત જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૫-મહુવા (અ.જ.જા.) વિધાનસભા મત વિભાગના તમામ મતદાન મથકોના ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ પક્ષના ઉમેદવાર/એજન્ટો કાર્યકરો મત આપવા જનાર લોકોને તે મતદાર યાદીમાંથી તેમના નામ તથા મતદાર યાદીનો નંબર કાઢી આપવા માટેની સ્લીપો આપવા માટે બુથ કે મંડપ ગોઠવવા નહીં કે ગોઠવવાની કોશિષ કરવી નહીં.

(૨) મતદાન મથકની ૨૦૦ મીટરના બહારના વિસ્તારમાં બુથ મંડપ જો આવા ગોઠવવામાં આવે ત્યાં માત્ર એક ટેબલ અને બે ખુરશી ચુંટણી પંચના નિયમ મુજબ રાખી શકશે.

(૩) આવા બુથો ઉપર અને આસપાસ ટોળા ભેગા થઈ શકશે નહીં. બુથનું સંચાલન કરનાર વ્યકિત મતદારોને મતદાન માટે જવામાં કોઈ અડચણ ઉભી કરી શકશે નહીં.

(૪) એકજ જગ્યાએ બે મતદાન મથકો હોય તો પણ ઉમેદવાર તે સ્થળથી ૨૦૦ મીટર બહાર જ એક જ બુથ ઉભું કરી શકશે.

(૫) આવા બુથો ઉભા કરનાર ઉમેદવાર કે રાજકીય પક્ષ ચુંટણી અધિકારીશ્રીને જે મતદાન મથક માટે બુથ ઉભા કરવાના છે તેનું નામ ક્રમ નંબર સહીત લેખીતમાં આપવાનું રહેશે. આવા બુથો ઉભા કરવામાં કાયદા હેઠળ સરકારી સત્તા અધિકારી સ્થાનિક સત્તા અધિકારીની મંજુરી લેવાની થતી હોય તો મંજુરી લેખીતમાં મેળવી પોતાની પાસે રાખવાની રહેશે.

(૬) દરેક બુથ પર ઉમેદવારનું નામ તેનો પક્ષ કે પ્રતિક દર્શાવતું પત્ર એક જ બેનર પ્રદર્શીત કરી શકશે. આવું બેનર ત્રણ ફુટથી વધારે લાંબું અને દોઢ ફુટથી વધારે પહોળું હોવું જોઈએ નહીં. આ પ્રતિબંધ વિરૂધ્ધનું કોઈપણ બુથ પરનું બેનર કાયદા અને વ્યવસ્થા જાળવતા અધિકારી હટાવી શકશે.

હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડની કલમ -૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જે. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેકટર દ્વારા

જાહેરનામું

નં. સીટીએસ/વશી/૨૩૫ થી ૨૪૦/૨૦૦૨.—નામદાર સરકારશ્રીનાં મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક મકમ/૧૮૯૧/૩૧૩૩/ઙ તા. ૨૩મી માર્ચ ૧૯૯૮ થી મોજે મીયાંગામ તા. કરજણ, જિ. વડોદરા ગામે ગામઠાણ મોજણી દાખલ કરવા મંજુરી મળેલ છે. જે અન્વયે મે જે. મીયાંગામ તાલુકો કરજણ, ગામે ગામઠાણ મોજણી દાખલ કરેલ છે. જે ગામઠાણ વિસ્તારની આજુબાજુના સમાવિષ્ટ કરવામાં આવેલા ખેતીના તથા બિનખેતીના સામેલ યાદીમાં જણાવેલ બ્લોક નંબરો લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૨૬ અન્વયે મળેલા અધિકારની રૂઈએ હું, ભાગ્યેશ જહા (આઈ.એ.એસ.) કેલેકટર, વડોદરા મોજે મીયાંગામ, તા. કરજણ ગામે ગામઠાણ મોજણી દાખલ કરવા ઠરાવું છું.

મોજે. મીયાંગામ, તાલુકો કરજણ, જિ. વડોદરાની ગામતળ માપણીમાં સમાવેલ ખેતી તેમજ બીનખેતીના નંબરોની યાદી.

આનુ. નંબર	બ્લોક નંબર	એન.	ક્ષેત્રફળ/ખરાબો	લાયક	આકાર	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧/આ	૧ ૪૮ ૭૨	...	૧ ૪૮ ૭૨	૧૫ ૮૧	
૨	૧/બ	૩ ૬૧ ૧૮	...	૩ ૬૧ ૧૮	૩૮ ૫૦	
૩	૧/ક	૦ ૧૨ ૧૪	...	૦ ૧૨ ૧૪	૧ ૩૧	
૪	૧/ડ	૦ ૮૦ ૯૪	...	૦ ૮૦ ૯૪	૮ ૬૩	
૫	૧/ઈ	૦ ૫૬ ૬૬	...	૦ ૫૬ ૬૬	૬ ૦૬	
૬	૧/ફ	૦ ૫૧ ૬૦	...	૦ ૫૧ ૬૦	૫ ૫૦	

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
૭	૨	૪ ૭૫ ૫૬	૪ ૭૫ ૫૬	...	...	બી.આ.
૮	૬૪૨	૧ ૪૧ ૬૪	...	૧ ૪૧ ૬૪	૧૭ ૪૪	બી. ખેતી
૯	૬૪૫/આ	૦ ૩૩ ૩૯	...	૦ ૩૩ ૩૯	૪ ૩૭	
૧૦	૬૪૫/બ	૦ ૪૩ ૫૦	૦ ૪૩ ૫૦	...	...	બી. ખેતી
૧૧	૬૪૬	૦ ૪૩ ૫૦	...	૦ ૪૩ ૫૦	...	૫ ૫૬
૧૨	૬૪૭	૦ ૮૩ ૯૭	...	૦ ૮૩ ૯૭	૧૧ ૦૬	
૧૩	૬૪૮	૦ ૭૦ ૮૨	...	૦ ૭૦ ૮૨	૧૦ ૪૩	
૧૪	૬૪૯	૦ ૨૩ ૨૭	...	૦ ૨૩ ૨૭	૩ ૧૯	
૧૫	૬૫૦	૦ ૨૦ ૨૩	...	૦ ૨૦ ૨૩	૨ ૭૫	
૧૬	૮૪૯	૦ ૩૨ ૩૭	...	૦ ૩૨ ૩૭	૩ ૩૧	
૧૭	૮૫૦	૦ ૧૧ ૧૩	...	૦ ૧૧ ૧૩	૧ ૨૫	
૧૮	૮૫૧	૨ ૫૪ ૯૫	...	૨ ૫૪ ૯૫	૨૮ ૨૫	
૧૯	૯૧૧	૦ ૮૭ ૦૧	૦ ૮૭ ૦૧	...	...	તલાવ
૨૦	૯૧૨	૪ ૧૪ ૮૧	...	૪ ૧૪ ૮૧	૪૦ ૫૦	
૨૧	૯૧૩	૦ ૨૬ ૩૦	૦ ૨૬ ૩૦	...	બી.આ.	દેવસ્થાન
૨૨	૯૧૫	૧ ૭૮ ૦૬	...	૧ ૭૮ ૦૬	૨૧ ૯૪	
૨૩	૯૧૬	૬ ૧૮ ૧૬	...	૬ ૧૮ ૧૬	૭૬ ૦૬	
૨૪	૯૧૭	૦ ૪૫ ૫૩	...	૦ ૪૫ ૫૩	૫ ૦૦	
૨૫	૧૧૫૦	૦ ૨૩ ૨૭	...	૦ ૨૩ ૨૭	૩ ૧૯	
૨૬	૧૨૮૧	૨ ૩૭ ૭૫	...	૨ ૩૭ ૭૫	૨૮ ૨૫	
૨૭	૧૪૧૪	૧ ૨૮ ૪૯	...	૧ ૨૮ ૪૯	૧૮ ૦૬	
૨૮	૧૫૬૯	૨ ૪૧ ૮૧	...	૨ ૪૧ ૮૧	૩૦ ૮૭	
૨૯	૧૫૭૧	૦ ૪૨ ૪૯	...	૦ ૪૨ ૪૯	૫ ૭૫	
	કુલ	૬૮ ૪૬ ૩૫	૩૪ ૮૯ ૪૭	૩૩ ૫૬ ૮૮	૩ ૯૩ ૦૪	

વડોદરા, તારીખ ૫મી ફેબ્રુઆરી ૨૦૦૨.

ભાગ્યેશ જહા,
કલેકટર, વડોદરા.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચનમાં લીધું:—

૧. સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના તા.રીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૦૨ના પત્ર ક્રમાંક:બીવાયઈ/૧૨૦૨/૬૭૩/છ

૨. નશાબંધી અને આબકારી સુપ્રી. સુરતનાં પત્ર નં. વહટ/૧૭ ૨-૨૦૦૨/૭૭૫/તા. ૧૧-૨-૨૦૦૨

૩. મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ"૧૯૪૯/ કલમ-૧૪૨(૧)

હુકમ

નંબર : પલસ/મહુવા/વિધાનસભા ચુંટણી/પ્રોહીબીશન/૨૦૦૨.— ઉપરોકત વાંચનમાં આનુકમ નં. ૧ મુજબ આગામી ૧૬૫ મહુવા (અ.જ.જા.) વિધાનસભા મત વિસ્તારની પેટા ચુંટણી ૨૦૦૨ દરમ્યાન (૧) મતદાનના બે દિવસ આગાઉ (૨) મતદાનના દિવસે (૩)મત દાનના દિવસ પછીના બીજે દિવસે (૪) મતગણતરીના દિવસ આગાઉના દિવસ (૫) મતગણતરી ના દિવસે (૬) મતગણતરીના દિવસ પછીના દિવસે સુરત જિલ્લામાં મુકત યોગ્ય શાંત અને સરળ રીતે પેટા ચુંટણીનું કાય પાર પાડે તે હેતુસર જિલ્લામાં આવેલી કેફી પદાર્થોનું વેચાણ કરતી દુકાનો (લીકરશોપ) હોટલો રેસ્ટોરન્ટ કલબોને બીજી સંસ્થાઓ દારૂનું વેચાણ/પીરસતી હોય તેને બંધ રાખવાની સુચના છે.

સબબ મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ ૧૯૪૯ની કલમ-૧૪૨ (૧) હેઠળ મળેલી સત્તાની રૂએ હું સંગીતા સિંહ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સુરત શહેરમાં આવેલી નીચે જણ વેલી દારૂની દુકાનો કેફી પદાર્થોનું દારૂનું વેચાણ કરતી પીરસતી દુકાનો નીચેના સમયગાળા માટે બંધ રાખવાનો હુકમ કરૂ છું.

ચૂંટણીના દિવસો"

૧. તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૨, મતદાનની તારીખ.
૨. તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૨૦૦૨ મતગણતરીની તારીખ.

દુકાનો:—

૧. મે. એસ. એચ. એન્ડ સન્સ કણપીઠ, ૯/૧૭૯૪/,લાલગેટ, સુરત.
૨. હોટેલ ઓએસીસ વૈશાલી સીનેમા પાસે, વરાછા રોડ, સુરત.
૩. હોટલ, હોલીડે ઈન, અંબિકા નિકેતન પાસે, પાર્લે પોઈન્ટ, સુરત.

આ હુકમના ઉલ્લંઘન અન્વયે બોમ્બે પોલીસ એકટની કલમ ૧૩૫ તથા આઈ.પી.સી. કલમ ૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૨મી, ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સંગીતા સિંહ,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part —I, should be *read* to have been published in Issue No. 9, *Gujarat Government Gazette*, Part—I, dated 28th February, 2002 and for pages VAD-161 to VAD-180 (in 1 set) *read* page No. 447 to 466.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૯માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૬૧ થી વીએડી-૧૮૦ (૧ બંચમાં) ને પાન નંબર ૪૪૭ થી ૪૬૬ વાંચવા.

Vadodara, 28th February, 2002.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :—

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદનો તા. ૨૮–૬–૨૦૦૧નો પત્ર ક્રમાંક ઝપણ/૦૧/ગ–૪/૨૪૮૭થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીનો તા. ૭–૮–૨૦૦૧ના જા. નંબર ગસભ/૦૧/ગ–૧/૭૧૧થી આવેલ સહકારી અધિકારી (ગ્રાહક) લગત આ કચેરીનો સ્થળ તપાસ અહેવાલ.

(૩) આ કચેરીના તા. ૬૪–૮–૨૦૦૧ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ–૨/૬૯૫૨૦૦૧ની કારણદર્શક નોટીસ.

(૪) આ કચેરીનો તા. ૩–૧૦–૨૦૦૧નો ક્રમાંક ફડચ/ફ–૧૧૫૫૬/ધ–૨/૮૫૬/૨૦૦૧નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નંબર ફડચ/ફ–૧૧૫૫૬/ધ–૨/૮૨/૨૦૦૨.—શ્રી ઓમ રણછોડ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક મંડળી છે. જેનો નોંધણી નંબર ભ–૫૦૦૫, તા. ૧–૩–૧૯૯૯ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કામટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકીથી તા. ૩૧–૩–૨૦૦૧ સુધીનું શ્રી બી. બી. પટેલ, સભ–ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગ રૂપે તેઓ દ્વારા આમ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઈ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહીં. આમ સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામા છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પૂર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાના કલમ ૨૦ અન્વયે નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવા ખાસ અહેવાલ અત્રે લખી મોકલવામાં આવેલ. અહેવાલની વિગતો લક્ષમાં લઇ આ કચેરીના સહકારી અધિકારી (ગ્રાહક) ને મજકુર સોસાયટીની રૂબરૂ મુલાકાત લઇ અહેવાલ રજુ કરવા જણાવવામાં આવતાં તેઓ દ્વારા સંદર્ભ–૨ થી અહેવાલ રજુ થયેલ તેની વિગતો મુજબ મુખ્ય પ્રયોજકશ્રીના નામ, સરનામાની વિગતો ઉપલબ્ધ થયેલ પણ તેઓ દ્વારા સહકારી અધિકારી (ગ્રાહક) લગત આ કચેરીને મુલાકાતમાં રેકાર્ડ રજુ કરી સહકાર આપેલ નથી જેની યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવેલ. જે લક્ષમાં લઇ પુખ્ત વિચારણાને અંતે મજકુર સોસાયટીની બાબતે કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા નિર્ણય કરવામાં આવેલ. મજકુર વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૩થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતના તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર સોસાયટીને બજી જવા પામેલ ત્યારબાદ પુનઃ રજુઆત કરવા માટે અમારી સમક્ષ સુનાવણી રાખી તક આપવા છતાં સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો/સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ ન હતી જે ધ્યાને લઇ મજકુર સોસાયટીને સંદર્ભ–૪ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ પસાર કરવામાં આવેલ અને તે સામે વાંધો હોય તો અમારી સમક્ષ દિન ૩૦માં રજુઆત કરવા જણાવવામાં આવેલ પણ સદરહું હુકમનું કવર પોસ્ટ ખાતા દ્વારા "એન. કે."ના શેરા સાથે અત્રે પરત મળેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા–કાનુન અને મંડળીના પેટાનિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ–સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામા લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતુ હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ શ્રી ઓમ રણછોડ ગ્રાહક સહકારી ભંડાર લી.. અમદાવાદ, નોંધણી નંબર ભ–૫૦૦૫, તા. ૧–૩–૧૯૯૯ ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી અજય આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૩૧–૧–૨૦૦૨.

INDEX

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૩–૯–૨૦૦૧નો પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ-૪/૩૪૦૭ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીનો તા. ૧–૧૦–૨૦૦૧ નો પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૮૪૨, સને ૨૦૦૧ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૨૨–૧૧–૨૦૦૧નો ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૫૭/ધ-૨/૯૬૭/૨૦૦૧નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૫૭/ધ-૨/૮૩ સને ૨૦૦૨.— ધી મધુસુધન ટેક્ષટાઇલ સ્ટાફ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદને સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ધોરણ મંડળી છે. જેના નોંધણી નંબર ૧૭૫૦૭, તા. ૨૩–૬–૮૦ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકી થી તા. ૩૧–૩–૨૦૦૧ સુધીનું શ્રી આર.એમ. શાહ, ઓડીટર, ગ્રેડ–૨, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગ રૂપે તેઓ દ્વારા આ મંડળી નો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહી કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહી. આમ સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડિટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામા આવેલ. સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક સુનાવણી નિયત કરવામાં આવેલ, પણ સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો/સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખીત રજુઆત લખી મોકલવામાં આવેલ ન હતી જે ધ્યાને લઇ મજકુર સોસાયટીને સંદર્ભ–૩થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરવામાં આવેલ અને તે સામે વાંધો હોય તો અમારી સમક્ષ કલમ–૩૦માં રજુઆત કરવા જણાવવામાં આવેલ પણ સદરહું હુકમનું કવર પોસ્ટ ખાતા દ્વારા "રિફયુઝડ" શેરા સાથે મને પરત મળેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરીપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ-સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ, ધી મધુસુદન ટેક્ષટાઇલ સ્ટાફ કો–ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નં. ૧૭૫૦૭, તા. ૨૩–૬–૧૯૮૦ને, ફડચામા લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એન. ઇ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચા-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૩૧–૧–૨૦૦૨.

એમ. ડી. ચૌહાણ
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(શહેર), અમદાવાદ.

ક્રમાંક નંધણ/૩૨૨૭/ક-૩/૪૯/સે-૩૩૧૭૪/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે શ્રી સોલૈયા જૂથ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સોલૈયા, તાલુકો માણસા, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૦–૧–૨૦૦૨.

ક્રમાંક નંધણ/૩૨૩૧/ક-૩/૪૮/ઉ-૧૨૦૬ /૨૦૦૨.—આથી જાહેર કરે છે કે નિકુંજ કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સોલૈયા, તાલુકો માણસા, જીલ્લો ગાંધીનગર..

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૧-૧-૨૦૦૨.

ક્રમાંક નધણ/૩૨૩૫/ક-૩/૭૦/ઉ-૧૨૬૭/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ધી શ્રી મહાલક્ષ્મી મજુર કામદાર સ. મં. લી. મર્યાદિત સ્થળ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૬-૧-૨૦૦૨.

ક્રમાંક નધણ/૩૨૪૪/ક-૩/૧૦૩/સે.-૩૩૧૭૯/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ધી નેશનલ શરાફી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વિરમગામ, તાલુકો વિરમગામ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૯-૧-૨૦૦૨.

ક્રમાંક નધણ/૩૨૪૫/ક-૩/૧૦૪/ધ-૨૦૧૩૧/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી સહજાનંદ (ગેરતપુર) કો. ઓપ. હાઉ. સો. લી. મર્યાદિત સ્થળ ગેરતપુર, તાલુકો દસક્રોઇ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૯-૧-૨૦૦૨.

ક્રમાંક/નધણ/૩૨૪૬/ક-૩/૧૦૫/ધ-૨૦૧૩૨/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે, શ્રી સ્વામીનારાયણ (ગેરતપુર) કો. ઓપ. હાઉ. સો. લી. મર્યાદિત સ્થળ ગેરતપુર, તાલુકો દસક્રોઇ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૯-૧-૨૦૦૨.

એચ. એન. દરજી,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ફ્રુલ , અમદાવાદ.

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના તા. ૬-૧-૨૦૦૧ ના પત્ર ક્રમાંક ફડચ/ફ ૧૧૫૨૬/ધ-૨/૧૬/૨૦૦૧ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીના તા. ૯-૧-૨૦૦૨ ના ક્રમાંક ફડચ/ફ-૨/૫/૨૦૦૨, ના પત્રથી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. ન. ફડચ/ફ-૧૧૫૨૬ / ધ-૨/૫૧ / ૨૦૦૨.—ધી સરખેજ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ નોંધણી ક્રમાંક ઉ. ૮૯૯૬, તા. ૩૧-૮-૧૯૮૨ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૬-૧-૨૦૦૧ ના હુકમ ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૨૬/ ધ-૨/૧૬ સને ૨૦૦૧ થી ફડચામા લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીના ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩૧-૧-૨૦૦૨.

એમ. ડી. ચૌહાણ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(શહેર) અમદાવાદ.

ક્રમાંક નધણ/૦૧/ખ-૧/૪૬/સે-૩૧૭૬૧/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી નર્મદા જિલ્લા એસ. ટી. કર્મચારી કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ ડેડીયાપાડા, તાલુકો ડેડીયાપાડા, જીલ્લો નર્મદા.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, તા. ૨૯–૧–૨૦૦૨.

આર. જે. તડવી,
જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં.
નર્મદા,

ક્રમાંક નધણ/ગ/ઉ. ૧૧૮૦૨/૧૦૭/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી કાંધરોહી તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કાંધરોહી, તા. બોરસદ, જીલ્લો આણંદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા:. ૨૮–૧–૨૦૦૨.

ક્રમાંક નધણ / ગ / ઉ. ૧૧૮૦૩ / ૧૧૨/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી આણંદ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ આણંદ, તાલુકો આણંદ, જીલ્લો આણંદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૨૮–૧–૨૦૦૨.

એમ. જે. પરમાર,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૫/૧૯૯૫, તા. ૨૫–૧૧–૯૫.

(૨) સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાનો પત્રાંક ફડચ/૦૧/૬૯૦/૨૦૦૧, તા. ૧–૧૨–૨૦૦૧ થી પુનઃજીવિત દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૯ ના જોગવાઇ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ / ૧૬૫ / ૨૦૦૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે શ્રી ગુરૂનાનક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મહેસાણા મુ. તા. જી. મહેસાણાની સંસ્થા રજીસ્ટર્ડ નંબર ૩૧૯૬ તા. ૧૯-૧૨-૬૮ થી નોંધાયેલ છે. સંસ્થાના ૧–૭–૯૭ થી ૩૦–૬–૯૮ ના શ્રી એચ. એમ. ઠક્કર, ઓડીટર ગ્રેડ-૨, સ મં. ન. જ. ૪ મહેસાણાના સહકારી કાયદાની કલમ-૧૦૭ ની જોગવાઈ આધીનના ફડચાના અહેવાલ આધીન સ્વીકારેલ પેટા નિયમના ઉદ્દેશો/હેતુઓ અને વહીવટી/હિસાબી કામગીરીમાં નિસ્ક્રીય રહેવાથી ઉપરોક્ત અ. નં. (૧) માં જણાવેલ તા. ૨૫–૧૧–૯૫ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. જેના ફડચા અધિકારીશ્રીએ તા. ૨૫–૧૦–૨૦૦૧ ના રોજ સંસ્થાનો દફતરી ચાર્જ સંભાળી લીધેલ હતો. ફડચાની કાર્યવાહી દરમ્યાન તા. ૨૮–૧૧–૨૦૦૧ ની ખાસ સાધારણા થી સંસ્થાએ કાયદા, કાનુન અને પેટાનિયમની જોગવાઇની પાલન કરવાની ખાત્રી આપવાથી ફડચા અધિકારીશ્રીએ (નિયમ-૧૦) આધીન નમૂના ડી માં પુનઃજીવિત અરજી દરખાસ્ત આમુખ (૨) માં જણાવેલ તા. ૧–૧૨–૨૦૦૧ થી અત્રે મોકલેલ જે સાધનીક કાગળો જોતાં સંસ્થાના સંચાલકોમાં વહીવટી બેદરકારીથી ફડચાની કાર્યવાહી થયેલ છે. જેમાં નવીન પ્રમુખ / મંત્રીશ્રીએ કાયદા કાનુન અને પેટાનિયમ જોગવાઇઓની પુર્ણ ખાત્રી આપી પાલન કરવા જણાવેલ હોવાથી તેમજ સંસ્થાના વહીવટમાં મંડળી સહકારના સિદ્ધાંતો આધીન સભાસદોમાં સંસ્થાના લીધે સહકારની ભાવના જળવાઇ રહે તે હેતુ હોવાથી ઉપરોકત આમુખ (૩) માં નીસહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૯ ની જોગવાઇ આધીન નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળની નોંધણી ક્રમાંક ધ-૩૧૯૬, તા. ૧૯–૧૨–૬૮ થી નોંધાયેલ અને જે અત્રેના હુકમ ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૫/૧૯૯૫ તા. ૨૫–૧૧–૯૫ થી ફડચામાં લઇ જવામાં આવેલ શ્રી ગુરૂનાનક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મહેસાણા મુ. તા. જી. મહેસાણાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૯ ની જોગવાઇ આધીન નીચેની શરતોએ પુનઃજીવિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૧) લેણદારોના લેણાં ઘટાડવામાં આવશે નહિ.

(૨) શેર રૂપી મુડીની કીમત ઘટાડવામાં આવશે નહીં.

(૩) સરવૈયા મુજબની આર્થીક સ્થિતિ યથાવત રહેશે તેમજ અસ્કયામતોનું ફરી મુલ્યાંકન કરવામાં આવશે નહી.

INDEX

(૪) ઉદ્દેશો / હેતુ અને વહીવટીનું : વાસ્તવિક પાલન કરવાનું રહેશે.

(૫) ફડચામાં જતાં પહેલાં જે પેટા નિયમ સ્વીકારેલ છે. તેમાં અને નોંધણી નંબર / તારીખમાં સ્થિતિ યથાવત રહેશે.

(૬) તમામ સભાસદો યથાવત રહેશે. સંસ્થાએ સ્વીકારેલ પેટાનિયમના ઉદ્દેશો / હેતુઓનું વાસ્તવિક પાલન કરી કાયદાકીય જોગવાઈ આધીન વહીવટી અને હિસાબી કામગીરી કરવાની રહેશે. જેની વાસ્તવિકતા આગામી ઓડીટ સુધીમાં પૂર્ણ કરી અહેવાલ નોંધની નકલ અત્રે મોકલવાનો રહેશે.

મહેસાણા, તા. ૨૮–૧–૨૦૦૨

નં. ઉખસ/નવણ/સે–૩૩૨૧૭/ખ/૧૭૨/સને ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, શ્રી ભાગ્યલક્ષ્મી ક્રે. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ અંબાસણ, તાલુકો મહેસાણા, જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૩૦–૧–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) શ્રી ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ (ન જ. ૪.) મહેસાણાના પત્ર ક્રમાંક : અષણ/ગણેશ ગ્રાહક/૪૬૨/૨૦૦૧, તા.૧૩–૯–૨૦૦૧ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૧૦૨૦/૨૦૦૧, તારીખ ૧૮–૯–૨૦૦૧ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૩૩૦ / ૨૦૦૧, તા. ૨૩–૧૧–૨૦૦૧ થી વચગાળાનો ફડચાનો આદેશ.

(૪) મંડળીના તા. ૪–૧૦–૨૦૦૧, તા ૧૮–૧૦–૨૦૦૧; તેમજ તા. ૨૮–૧–૨૦૦૨ ની રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ–૧૭૯/૨૦૦૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી ગણેશ ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. ચૌઠાર, તા. ઊંઝા, જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૧૯૬૪, તા. ૭–૭–૮૮ છે.

ઉપરોકત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૭–૨૦૦૦ થી તા. ૩૧–૩–૨૦૦૧ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ, (ન.જ.૪.) મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ થતાં, તેઓના ખ.સ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ / ફડચ/૦૧/ખ–૧૦૨૦/૦૧, તા. ૧૮–૯–૨૦૦૧ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેના પ્રત્યુત્તર સ્વરૂપે સંસ્થાએ તા. ૪–૧૦–૨૦૦૧, તા. ૧૮–૧૦–૨૦૦૧ થી રજુ કરેલ છે. જે રજુઆતમાં ક્રેડિટ દ્વારા નીક પુરાવા રજુઆત ન થતા સમય મર્યાદા પુર્ણ થવાથી અત્રેના તા. ૨૩–૧૧–૨૦૦૧ ના પત્રાંક ઉખસ /ફડચ/૦૧/ખ/૧૩૩૦/૨૦૦૧ થી ફડચાનો વચગાળાનો આદેશ કરેલ ત્યારબાદ, માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી એન. એલ. પટેલ સાહેબ દ્વારા સંસ્થાના સભાસદોના હિતમાં ફડચા કાર્યવાહીમાં વધુ અત્રેથી તા. ૧૦–૧–૨૦૦૨ ના પત્રથી સંસ્થાને પ્રત્યુત્તર પુરો પાડવા તક આપવા સંસ્થાએ તા. ૨૮–૧–૨૦૦૨ ના પત્ર અને પુરવાઓથી માહિતી રજુ કરી સસ્થા ૧૯૮૮થી નોધાયેલ છે જેમાં ગ્રામ્ય કક્ષાના ગરીબો, ખેડુતો, આર્થિક પછાત વર્ગનાને જીવન જરૂરી ચીજોનો હેતુ જળવાય તેમજ એક તક આપી ફડચા કાર્યવાહી ન કરવા અત્રે રજુઆત કરેલ છે. જે આધારે પત્રો સહ અત્રે જણાવેલ છે.

તારણ

શ્રી ગણેશ ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. ચૌઠર, તા. ઊંઝા. ને આમખ ૧ ના અહેવાલ આધીન આમુખ–૨ ના ફડચાની કારણ દર્શક નોટિસ આપી. વ્યાજબી પ્રત્યુતર ના જણાતા, આમુખ ૩ ના વચગાળાના ફડચાના આદેશથી ફડચા કાર્યવાહી થયેલ હતી. જેમાં ફડચાના કારણો અને ખામીઓ સબબે તા. ૪–૧૦–૨૦૦૧ ના પત્રથી જણાવેલ ભુકપમાં કરેલ મદદ તેમજ વ્યાજબી ભાવની દુકાન કામગીરીમાં નુકશાન થવાથી ૧૨ માસની તક આપવા જણાવેલ. વધુમાં તા. ૧૮–૧૦–૨૦૦૧ ના પત્રથી અત્રેની કારણદર્શક નોટિસના તમામ મુદ્દાઓ અંગે મુદ્દાવાર પુર્તતા કરવા ખાત્રીઓ આપેલ છે. તેમજ સંસ્થાને ફડચામાં ન લઇ જવા ઠરાવની નકલ રજુ કરેલ છે. ત્યારબાદ માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રીની ભલામણ આધીન વધુ સમય મર્યાદા આપતા, સંસ્થાએ તેના તારીખ ૨૮–૧–૨૦૦૨ ના પત્રથી વહીવટ કરકસરથી કરવાની ખાત્રી આપેલ છે. અગાઉ થયેલ નુકશાન જવાબદારો પાસેથી જમા લેવામાં આવેલ છે. જે

INDEX

અંગેનો આધારો તેમજ, ઓડીટ નોંધની દુરસ્તી રજુ કરી આધાર રજુ કરેલ છે. અને કમીટીની વિનંતી સહ પ્રગતિકારક કામગીરી અર્થે ફડચા કાર્યવાહીનો વચગાળાનો હુકમ રદ કરવા અત્રે રજુઆત કરેલ હોવાથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

હુકમ

આથી હું એન. બી શેખ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા., સહકારી કાયદો ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઇ આધીન ઉપરોકત પ્રસ્તાવના, તારણ, માન. વાહન-વ્યવહાર મંત્રીશ્રી એન. એસ. પટેલ સાહેબની ભલામણ અને સંસ્થાએ રજૂ કરેલ તા. ૨૮–૧–૨૦૦૨ના પુરાવાઓ આધીન શ્રી ગણેશ ગ્રાહક સહકારી ભાંડાર લી., મુ. ચૌઠાર, તા. ઉંઝા જી. મહેસાણા., નોંધણી નં. ભ–૧૯૯૪, તા. ૭–૭–૮૮ને અત્રેથી આપવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧ /ખ / ૧૩૩૦ / ૨૦૦૧, તા. ૨૩–૧૧–૨૦૦૧ આગામી ઓડીટ સુધીમાં તમામ વહીવટી / હિસાબી અને ઉદ્દેશો મુજબની કામગીરી વાસ્તવિક કરવાની શરતે પરત ખેંચી ફડચા કાર્યવાહી બંધનો હુકમ કરૂં છું.

મહેસાણા, તા. ૩૦–૧–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી એચ. એસ. પટેલના પત્રાંક ફડચ/૦૩/૧૯૮/૨૦૦૨, તા. ૨૦–૧–૨૦૦૨ ની પુર્તતાથી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૨૦ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૧૮૦/૨૦૦૨.–ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧માં જણાવ્યા ની જોગવાઇઓ હેઠળ ધી ગાડી લુહારીયા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. મહેસાણા, નોંધાયેલ સહકારી સસ્થા છે. જેનો નોંધણી નં. ધ–૭૬૯, તા. ૨૯–૮–૬૪ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની અન્વયે, જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૧૨૮ ૬/ખ/૧૦૩૨ / ૨૦૦૧, તા. ૨૮–૨–૦૧થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/ ૦૩ / ૧૯૮ /૨૦૦૧ તા. ૨૦–૧–૨૦૦૨ પુર્તતા થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, અને:૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ–૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ગાડી લુહારીયા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. જી. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૩૦–૧–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી એચ. એસ. પટેલના પત્રાંક : ફડચ/૦૩/૧૯૭/૨૦૦૧, તા. ૨૦–૧–૨૦૦૨ની પૂર્તતા થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ / ૦૧/ખ/૧૮૧/૨૦૦૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧માં જણાવ્યા નીં જોગવાઇઓ હેઠળ ધી સુણોક સેવા સહકારી મંડળી લી., મુ. સુણોક, તા. ઊંઝા, નોંધાયેલ સહકારી સંસ્થા છે. નોંધણી નંબર ૨૭૩૮૮, તા. ૯–૧૧–૧૯૫૮ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ નીં કલમ–૧૦૭ની અન્વયે જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૨૫/૧૯૯૯, તા. ૧૬–૧–૧૯૯૯ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૧૯૭/૨૦૦૧, તા. ૨૦–૧–૨૦૦૨ નીં પૂર્તતા થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી સુણોક સેવા સહકારી મંડળી લી., મુ, સુણોક, તા. ઊંઝા, જી. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૩૦–૧–૨૦૦૨.

INDEX

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી એચ. એસ. પટેલના પત્રાંક : ફડચ/૦૩/૬૭/૨૦૦૧, તારીખ ૨૩–૧–૨૦૦૧ તેમજ, તારીખ ૨૦–૧–૨૦૦૨ ની પૂર્તતાથી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૨૦ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૧૮૨/૨૦૦૨.–ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧માં જણાવ્યાની જોગવાઇઓ હેઠળ ધી કડી કસ્બા કન્ઝયુમર્સ કો. ઓપ. સ્ટોર્સ લી., મુ. તા. કડી, નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર ૧૧૫ તારીખ ૪–૨–૬૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ ૧૦૭ ની અન્વયે, જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ /ફડચ/૧૦૨૯/ધ/૧૦૧૩૪/૯૫, તા. ૩૧–૩–૯૫થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી એચ. એસ. પટેલ, માજી. સહકારી અધિકારી (ફડચો), મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૬૭/૨૦૦૧, તા. ૨૩–૧–૨૦૦૧ તેમજ તા. ૨૦–૧–૨૦૦૨ ની પુર્તતાથી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ–૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી કડી કસ્બા કન્ઝયુમર્સ કો. ઓપ. સ્ટોર્સ લી., મુ. તા. કડી, જી. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૩૦–૧–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી એચ. એસ. પટેલના પત્રાંક ફડચ/૦૩/૭૩/૨૦૦૧, તા. ૨૩–૧–૨૦૦૧ તેમજ, તા. ૨૦–૧–૨૦૦૨ ની પૂર્તતા થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ખ / ૧૮૩/૨૦૦૨.–ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧માં જણાવ્યાની જોગવાઇઓ હેઠળ ધી વિસત પિયત સહકારી મંડળી લી. મુ. પાલડી, તા. કડી, નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નં. ૨૧૬૫ તા. ૧૩–૮–૭૯ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧નાં કલમ ૧૦૭ની અન્વયે જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૭૧૫/૯૫, તા ૯–૩–૯૫ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી એચ. એસ. પટેલ, માજી. સહકારી અધિકારી (ફડચો) મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૮૩/૨૦૦૧, તા. ૨૩–૧–૨૦૦૧ તેમજ, તા. ૨૦–૧–૨૦૦૨ ની પુર્તતા થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી વિસત પિયત સહકારી મંડળી લી., મુ. પાલડી તા. કડી, ની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૦–૧–૨૦૦૨.

એન. બી. શેખ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ.
મહેસાણા.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીની ખ-શાખાની તા. ૫–૧૧–૨૦૦૧ની નોંધ.

(૨) સંસ્થાનો સને ૧૯૬૮ થી ૨૦૦૦નો અન્વેષણ અહેવાલ.

(૩) અત્રેની કચેરીના પત્ર નંબર ઉખસ/ફડચ/૦૧ / ક–૧૦૮૪/ ૨૦૦૧, તા. ૮–૧૧–૨૦૦૧ની કારણદર્શક નોટીસ.

(૪) સંઘના પ્રમુખશ્રીની તા. ૧૦–૧૨–૨૦૦૧ના પત્રથી થયેલ લેખિત રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઇ.

પ્રસ્તાવના

જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ક-૧૦૪/૧૪૨/૨૦૦૨– ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે શ્રી મહેસાણા જીલ્લા સહકારી ફ વેચાણ સંઘ લી., હારીજ નોંધણી નંબર સે–૪૭, તા. ૧–૫–૧૯૮૬થી નોંધાયેલ સહકારી મંડળી છે. અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી (સેવા) ખ–શાખાએ સદર સંઘની તા. ૧૬–૧૦–૨૦૦૧ના રોજ

INDEX

મુલાકાત લીધેલ તે દરમ્યાન તેઓને જોવા મળેલ ખામીઓ/ક્ષતિઓને આધિન સદર સંઘને ફડચામાં લઈ જવા સારૂ તા. ૫–૧૧–૨૦૦૧થી નોંધ આપેલ છે. સદર નોંધમાં જણાવેલ ખામીઓ મુજબ અત્રેની કચેરીના પત્ર નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૧૭૮૪/૨૦૦૧, તા. ૮–૧૧–૨૦૦૧થી સદર સંઘને ફડચામાં લઈ જવા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ.

કારણદર્શક નોટીસમાં નીચેની ખામીઓ જણાવેલ હતી.

(૧) સંઘની છેલ્લી સાધારણ સભા તા. ૨૨–૧૧–૨૦૦૦ ના રોજ મળેલ છે. હાલમાં સંઘનું કામકાજ ન હોવાથી નિયમિતપણે કારોબારીની બેઠકો બોલાવવામાં આવતી નથી.

(૨) વેચાણ વેરાની વસુલાત માટે વેચાણ વેરા અધિકારી (૧) વર્ગ–૧, મહેસાણાએ સંઘને કરેલ તાકીદના અનુસંધાને તેઓશ્રીએ જણાવેલ છે કે, સંઘની મિલ્કતો ધી હારીજ–સમા સહકારી જીનીંગ પ્રેસીંગ સોસાયટી લી., હારીજમાં આપેલ હોઈ ત્યાંથી વસુલાત કરવા વેચાણ વેરા અધિકારી-શ્રીને અધિકાર આપેલ છે.

(૩) સંઘની ગાડીનો ઉપયોગ પ્રમુખશ્રી કરે છે.

(૪) સને ૧૯૯૯–૨૦૦૦ ના વર્ષમાં સંઘને મળેલ રૂા. ૪૫૩૧૬–૧૨ નો કમીશનની આવક સામે વાહન ખર્ચ રૂા. ૪૫૦૭૨–૦૦ થયેલ છે.

(૫) સંઘના સભાસદોને સંઘ ચલાવવામાં કોઇ રસ જણાતો નથી.

(૬) સંઘ એક અર્થક્ષમ એકમ તરીકે અસ્તિત્વ ટકાવી શકે તેવી શકયતાઓ નથી.

ઉકત મુદ્દાઓ સંદર્ભે સંઘના પ્રમુખશ્રીએ તા. ૧૦–૧૨–૨૦૦૧ ના પત્રથી કોઇપણ જાતના આધારો / સાધનેકો સિવાય લેખિત રજુઆત નીચે મુજબ કરેલ છે.

(૧) સંઘનું કામકાજ ન હોવાથી તેની કારોબારીની મીટીંગ બોલાવવામાં આવેલ નથી

(૨) સદરહુ ફ વેચાણ સંઘ લી. ની બધી મિલ્કત (રકમ) હારીજ સહકારી જી. પ્રે. સો. માં જમા મૂકેલી હોવાથી વેચાણ–વેરાની બાકી વસુલાત માટે અધિકાર આપેલ છે એટલે હારીજ સમી સહકારી જીનીંગ પ્રેસીંગ સો. ના તરફથી વસુલાત તેના હોદ્દેદ્વાર નથી આપતા તેથી સદરહુ સોસાયટીમાં વહીવટદાર મૂકવાની માગણી થયેલ છે. તેની જાણ આપની ઓફિસને પણ છે.

(૩) સદરહુ સંઘની ગાડી અમારી પાસે છે અને તેની મશીનરી બગડી ન જાય તેટલા પુરતો મર્યાદિત ઉપયોગ થાય છે.

(૪) સને ૧૯૯૯–૨૦૦૦ ના વર્ષના સંઘના કામકાજ અંગે અવાર–નવાર અમદાવાદ વિગેરે સ્થળોએ જવામાં ખર્ચ થયો છે. તે હિસાબમાં બતાવેલ છે અને હિસાબો ઓડીટ કરાવેલ છે.

(૫) સંઘના સભાસદોને સંઘ ચલાવવામાં રસ છે પરંતુ બે વર્ષ દુષ્કાળના આવેલ હતાં જેથી સંઘમાં નવિન કામ-ગીરી થયેલ ન હતી.

(૬) સંઘને સહકારી જીનમાંથી તેની મૂડી પરત મળી જાય તો તે સ્વતંત્ર એકમ તરીકે ચાલી શકે તેમ છે.

ઉપરોકત રજુઆત નીચેના કારણોસર ગ્રાહ્ય રાખી શકાય તેમ ન હોઇ સદર સંઘને સભ્યોના જાહેળા હિતમાં ફડચામાં લઈ જવાનું વ્યાજબી જણાય છે.

(૧) સંસ્થા કામગીરી કરતી ન હોઇ મીટીંગ ન બોલાવેલી જે સબબ સંસ્થામાં કોઇ કામકાજ હાથ ધરવામાં આવતુ ન હોઇ સ્થગિત સંસ્થાને ચાલુ રાખવી સભાસદોના જાહેળા હિતમાં જરૂરી જણાતી નથી.

(૨) સદરહુ સંસ્થા સ્વાયત સંસ્થા હોઇ કરાયેલ રોકાણ પરત મેળવવા પાત્ર પોતેજ કામગીરી કરવાની હોઈ વસૂલાત કરવા બાબતે કોઇ કામગીરી કરેલનો અત્રે આધાર-ભુત માહિતી રજુ કરાયેલ નથી જેથી આપેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેવું કોઇ કારણ નથી.

(૩) સંસ્થા કોઇ કામગીરી કરતી ન હોઇ તેમજ વ્યવસ્થાપક કમીટી સંસ્થાની પ્રગતિકારક હોઇ કાંઇ કરેલનું કે કરવા ધારેલની માહિતી રજુ કરેલ ન હોઇ આવી સંસ્થામા ગાડીનો ઉપયોગ કરવો જરૂરી જણાતો નથી.

(૪) સંસ્થામાં કામગીરી ન હોવાનું જણાવેલ હોવા છતાં અમદાવાદ તેમજ અન્ય સ્થળોએ જવા આવવા પાછળનો આશય કોઇ નક્કર વિગતવાર માહિતી રજુ કરાયેલ નથી. તેમજ સને–૧૯૯૮–૨૦૦૦ના ઓડીટ સમય દરમ્યાનના ઓડીટ મેમાની ખામી નં.–૧૬ થી જીપ ન રાખવા તેમજ ખર્ચાઓ નહીં પાડવા તાકીદ કરાયેલ છે. જેનો અમલ સંસ્થાએ કરેલ નથી.

(૫) સને ૯૮–૨૦૦૦ના ઓડીટ સમય દરમ્યાન તા. ૨૬-૯-૯૮ ના રોજ મળેલ સાધારણ સભામાં પાંચ સભ્યોજ હાજર હતા કમીટી સભ્યો પુરતા પણ હાજર રહેલ ન હતા તેમજ ૯૮–૯૯ અને ૯૯–૨૦૦૦ની વાર્ષિક સાધારણ સભા નિયત સમયમાં મળેલ ન હતી તેમજ તે અંગે કોઈ પુર્વ મંજુરી મેળવેલ ન હતી જે સબબ સંઘના હોદ્દેદારો કે સભાસદોને સંઘ ચલાવવામાં રસ ન હોવાનું ફલીત થાય છે તેમજ સંઘના સભાસદોને સંઘ ચલાવવામાં રસ

INDEX

હોય તો કમીટી સભાઓ અવાર–નવાર પેટા નિયમ આધિન મળવી જોઇએ જે મળેલ નથી તેમજ સભાસદ મંડળીઓ તરફથી સંસ્થા ચલાવવા બાબતે કોઇ રજુઆત ન હોઇ સંસ્થા ચાલી શકે તેવું ફલીત થતુ નથી.

(૬) સંઘની છેલ્લી નાણાકીય પરિસ્થિતિ ઓડીટ થયેલ અહેવાલ અનુસાર કરાયેલ રોકાણોમાં રોકાણ જેટલી રકમ ઉપજી શકે તેમ ન હોઇ તેમજ ચુકવવા પાત્ર દેવાંઓ વધુ હોઇ આર્થિક પરિસ્થિતિ સુધરી શકે તેમ જણાતુ નથી.

ઉકત કારણોનુસાર સદર સંઘ ચાલી શકે તેમ ન હોઇ સભાસદોના બહોળા હિતમાં સંઘને ફડચામાં લઈ જવાનો નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી મહેસાણા જીલ્લા સહકારી રૂ વેચાણ સંઘ લી. મુ તા. હારીજ જી. પાટણ ને નોધણી નંબર સે.–૪૭ તારીખ ૧–૫–૧૯૮૬ થી નોધવામાં આવેલ છે તેને સને ૧૯૬૧ ના ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :–

ઉકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ–૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તા. ૨૫–૧–૨૦૦૨.

નં. નધણ/ઉ–૧૧૯૯૧/ક–૨/૧૧૭/૧૫૭/સને ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી ખોડીયાર મજુર કામદાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વાગોસણ, તાલુકો સમી, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૨૯–૧–૨૦૦૨.

VAD-PART--I--27

નં. નધણ/ભ–૫૧૦૦/ક–૨/૧૨૧/૧૪૯/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી આશાપુરા ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ હારીજ, તાલુકો હારીજ, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૨૯–૧–૨૦૦૨.

નં. નધણ/સે–૪૨૭૫/સે–૧૨૦/ક–૨/૧૫૮/સને ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ધી સર્વોદય બચત અને ધિરાણ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વારાહી, તાલુકો સાંતલપુર, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૨૯–૧–૨૦૦૨.

એમ. ટી. ચાવડા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વાંચ્યો :–

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નંબર ફડચ/૧૦૦/ક-૩/૧૮૨૮/૨૦૦૧, તા. ૩૧–૧૨–૨૦૦૧.

(૨) ચેરમેનશ્રી, ધી ઓરીયાલા પથ્થર ખાણ મજુર કામદાર સહકારી મંડળી લી. ઓરીયાલા, તા. ગરમાડાની તારીખ ૨–૧–૨૦૦૨ના પત્રથી આવેલ રજુઆત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭(૩)ની જોગવાઇ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નંબર ફડચ/૧૦૦/ક–૩/૨૨૯/ સને ૨૦૦૨.— ધી ઓરીયાલા પથ્થર ખાણ મજુર કામદાર સહકારી મંડળી લી., ઓરીયાલા. તા. ગરમાડા, જીલ્લો પાટણની નોંધણી ક્રમાંક ૫૯૬૧, તા. ૨૭–૧–૧૯૮૬થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭(ક)(૨)(૪) અન્વયે આમુખ–૧માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જઈ સદર હુકમ સામે વાંધા સૂચનો

INDEX

રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ–૧ થી જણાવવામાં આવેલ હતું.

સદર મંડળીના ચેરમેનશ્રીને આમુખ–૨ના પત્રથી વચગાળાના આદેશ સંદર્ભે રજુઆત કરેલ જેમાં મંડળી કાર્યરત થાય તે માટે તા. ૩૦–૬–૨૦૦૨ પહેલા પ્રયત્નો કરવા જણાવી ૧ વર્ષની મુદત માંગેલ છે. જે રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઇ આથી આમુખ–૩માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૩(૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ગ્રાહક) સદર કચેરીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી (ત્રણ) ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

દાહોદ, તા. ૩૦–૧–૨૦૦૨.

જે. એસ. ડામોર,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
દાહોદ.

નં. ઉખસ/ઉ–૧૨૦૧૯.—આથી જાહેર કરે છે કે બરફ વિભાગ મજુર અને કામદારોની સહકારી મંડળી, મર્યાદિત સ્થળ બરફ, તા. પારડી, જિ. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) નીં કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦–૧–૨૦૦૨.

નં. ઉખસ/સેદુ : ૩૨૪૫૭.— આથી જાહેર કર છે કે મ. સં. ડી. પી. ફળીયા બરફ દુધ ઉત્પાદક સ. મં. લીમીટેડ મર્યાદિત સ્થળ બરફ, તાલુકો પારડી, જિ. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦–૧–૨૦૦૨.

નં. ઉખસ/સેદુ : ૩૨૪૫૮.—આથી જાહેર કરે છે કે મ. સં. પ્રગતિ રોલીવેલ દુધ ઉત્પાદક સહકારી મંડળી. મર્યાદિત સ્થળ તંતાડીયા. તાલુકો વલસાડ, જિ. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) નીં કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦–૧–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
વલસાડ.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૨૨–૧૦–૨૦૦૧ નો વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ–સે–૯૮૮૭/ક–૭/૮૧૫.

શ્રી ઓનેસ્ટ ટ્રેડીંગ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. બીલીમોરા, તા. ગણદેવી, જિલ્લે નવસારીને આમુખ–૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઈ રજુઆત કરેલ નથી. આમુખ–૨ના પત્રથી કરેલ રજુઆત આમુખ–૧ના હુકમમાં જણાવેલ કારણો સાથે સુસંગત આધારભુત તથા વ્યાજબી ન હોવાથી ગ્રાહ્ય ન રાખી તેની જાણ આ કચેરીના આમુખ–૩ના પત્રથી મંડળીને વિગતે કરવામાં આવેલ છે.

આદે

ક્રમાંક ઉખસ /ફડચ /સે-૯૮૮૭/ખ–૩/૬૧૫ /૨૦૦૧.— શ્રી ઓનેસ્ટ ટ્રેડીંગના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. બીલીમોરા, તા. ગણદેવી, જિલ્લે નવસારી કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે–૯૮૮૭, તા. ૧૪–૧૧–૧૯૭૩ થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ–૧ ના તા. ૨૨–૧૦–૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખસ–ફડચ–સે. ૯૮૮૭/ક–૭/૮૧૫થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. નવસારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયમ મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧–૧૨–૨૦૦૧.

INDEX

વંચાણે લીધા : –

(૧) અત્રેની કચેરીનો તા. ૨૨-૧૦-૨૦૦૧ ના વચગાળાના આદેશ ક્રમાંક ૧૩૯૫૪/ક-૭/૮૨૨.

શ્રી વુડ પેાલીમાર કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. બીલીમેારા, તા. ગણદેવી જિલ્લે નવસારીને આમુખ–૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ–૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનેા હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યેાગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કેાઈ રજુઆત કરેલ નથી. આમુખ-૨ના પત્રથી કરેલ રજુઆત આમુખ-૧ના હુકમમાં જણાવેલ કારણેા સામે સુસંગત આધારભુત તથા વ્યાજબી ન હેાવાથી ગ્રાહય ન રાખી તેની જાણ આ કચેરીના આમુખ–૩ના પત્રથી મંડળીને વિગતે જાણ કરવામાં આવેલ છે.

આદેશ

ક્રમાંક ઉખસ / ફડચ/૧૩૯૫૪ / ખ-૩/૯૨૧/૨૦૦૧.— શ્રી વુડ પેાલીમાર કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. બીલીમેારા, તા. ગણદેવી, જિલ્લે નવસારી કે જેની નેાંધણી, સહકારી કાયદા હેઠળ નેાંધણી ક્રમાંક સેદુ-૧૩૯૫૪ તા. ૫-૧૦-૧૯૭૫ થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ–૧ના તા. ૨૨-૧૦-૨૦૦૧ના હુકમ-ક્રમાંક ફડચ-૧૩૯૫૪/ક–૭/૮૨૨ થી ફડચામાં લઈ જવાનેા વચગાળાનેા આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતેા મંડળીને ફડચામાં લઇ જવાનેા અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. નવસારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧–૧૨–૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીની તા. ૨૨–૧૦–૨૦૦૧ વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/સે- ૧૯૩૫૦/ખ-૩/૮૪૩/૨૦૦૧.

શ્રી સુલતાનપુર કલ્યાણ સેવા સહકારી મંડળી લી. સુલતાનપુર, તા. જલાલપેાર જીલ્લેા નવસારીને આમુખ–૧ વાળા એ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનેા હુકમ કરી. તેવા હુકમ સામે રજુઆત કરવાની યેાગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કેાઈ રજુઆત કરેલ નથી. આમુખ–૨ ના પત્રથી કરેલ રજુઆત તથા આમુખ–૧ ના હુકમમાં જણાવેલ કારણેા સાથે સુસંગત, આધારભૂત તથા વ્યાજબી ન હેાવાથી ગ્રાહય ન રાખી તેની જાણ આ કચેરીના આમુખ–૩ના પત્રથી મંડળીને વિગતે કરવામાં આવેલ છે.

આદેશ

ક્રમાંક ઉખસ/ફડચ/સે. ૧૯૩૫૦/ખ–૩/૯૨૭/૨૦૦૧.—શ્રી સુલતાનપુર કલ્યાણ સેવા સહકારી મંડળી લી. સુલતાનપુર, તા. જલાલપેાર, જિલ્લે નવસારી કે જેની નેાંધણી, સહકારી કાયદા હેઠળ નેાંધણી ક્રમાંક સે–૧૯૩૫૦ તા. ૧–૫–૧૯૫૯ થી થયેલ છે તેને અત્રેની કચેરીના આમુખ–૧ ના તારીખ ૨૨–૧૦–૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખસ–ફડચ–સે-૧૯૩૫૦–ખ-૩/૮૪૩ થી ફડચામાં લઈ જવાનેા વચગાળાનેા આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતેા મંડળીને ફડચામાં લઈ જવાનેા અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી નવસારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧–૧૨–૨૦૦૧

———

વંચાણે લીધા .–

(૧) અત્રેની કચેરીનેા તા. ૨૨–૧૦–૨૦૦૧નેા વચગાળાનેા આદેશ ક્રમાંક ઉખસ-ફડચ-સે-૯૮૯૨/ખ-૩/૮૨૯/૨૦૦૧.

શ્રી નવસારી તાલુકા સહકારી મંડળીઓના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. નવસારી, તા. નવસારી જિલ્લે નવસારીને આમુખ-૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનેા હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યેાગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કેાઈ રજુઆત કરેલ નથી. આમુખ–૨ ના પત્રથી કરેલ રજુઆત આમુખ–૧ના હુકમમાં જણાવેલ કારણેા સાથે સુસંગત, આધારભૂત તથા વ્યાજબી ન હેાવાથી ગ્રાહય ન રાખી તેની જાણ આ કચેરીના આમુખ–૩ના પત્રથી મંડળીને વિગતે કરવામાં આવેલ છે.

INDEX

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ-સે-૯૮૯૨/ખ-૩/૯૩૩/૨૦૦૧.—શ્રી નવસારી તાલુકા સહકારી મંડળીઓના કર્મચારીઓની ધિરાણુ અને ગ્રાહક સહકારી મંડળી લી. નવસારી, તા. નવસારી, જિલ્લે નવસારી, કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે-૯૮૯૨, તા. ૩-૭-૧૯૭૪થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ-૧ના તા. ૨૨-૧૦-૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-સે-૯૮૯૨-ખ-૩/૮૨૯ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે, જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. નવસારી એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧-૧૨-૨૦૦૧.

ધ્યાને લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૨૨-૧૦-૨૦૦૧ ના વચગાળાનો આદેશ ક્રમાંક ઉખસ-ફડચ-સે—૨૪૬૫૮/ખ/૩/૮૩૬.

શ્રી વાંસદા વિભાગ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. વાંસદા (જુજડેમ) તા. વાંસદા, જિલ્લે નવસારીને આમુખ-૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરો, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઇ રજુઆત કરેલ નથી. આમુખ-૨ના પત્રથી કરેલ રજુઆત આમુખ-૧ના હુકમમાં જણાવેલ કારણો સાથે સુસંગત, આધારભુત તથા વ્યાજબી ન હોવાથી ગ્રાહય ન રાખી તેની જાણ આ કચેરીના આમુખ-૩ના પત્રથી મંડળીને વિગતે જાણ કરવામાં આવેલ છે.

આદેશ

ક્રમાંક ઉખસ/ફડચ/સે-૨૪૬૫૮/ખ—૩/૯૩૬/૨૦૦૧.— શ્રી વાંસદા વિભાગ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. જુજડેમ વિસ્તાર તા. વાંસદા, જિલ્લે નવસારી કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે-૨૪૬૫૮, તારીખ ૬-૧-૧૯૯૦ થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ—૧ ના તા. ૨૨-૧૦-૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-સે-૨૪૬૫૮/ખ-૩/૮૩૬ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. નવસારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧-૧૨-૨૦૦૧.

એસ. એચ. ધોળી,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નવસારી.

નં. નધણ/ગ-૨/સે-દૂધ-૩૩૬૮૪/૪૧/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, સટુન ગૃપ દૂધ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ સટુન, તાલુકો જેતપુર-પાવી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૭-૧-૨૦૦૨

નંબર નધણ/ગ-૨/સે-દૂધ-૩૩૬૮૫/૪૦/૨૦૦૨. —આથી જાહેર કરે છે કે, વાંકોલ દૂધ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ વાંકોલ, તાલુકો જેતપુર-પાવી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૯-૧-૨૦૦૨.

નં. નધણ/ગ-૨/સે-૩૩૬૮૬/૪૬/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, શ્રી એકદંતાય કો. ઓપ. ક્રેડીટ સો. લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૭-૧-૨૦૦૨.

એમ. જે. પરમાર,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

INDEX

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક ૨૪૯૧/ડી.ડી. જી. ૧૧૮૯/૫૨૦૪/જ, તા. ૩૦–૯–૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી તાજપુરકુઇ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. (ફડચાનાં), તાલુકો પ્રાંતિજ, તાજપુરકુઇ તાલુકો પ્રાંતિજના તા. ૨૮–૧–૨૦૦૨નો અહેવાલ.

આદેશ

ક્રમાંક : એમએજી/વશી/૪૭૫/૨૦૦૨.—આગામી બકરી ઈદના તહેવાર દરમ્યાન કોઈ કતલખાનાની બહાર કોઈ પણ જાહેર કે ખાનગી સ્થળે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડીની કતલને કારણે તેમજ કોઈ શેરીમાં કે સ્થળે દેખાય તે રીતે અન્ય કોઈપણ પશુની કતલને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે. અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ. ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ છે. અને તે થતુ તાત્કાલિક અટકાવવાનું ઈચ્છનિય છે. એવો રાશે અભિપ્રાય છે.

વાસ્તે હું, હિમાંશુ શેઠ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના શૂન્ય કલાક થી તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૨૦૦૨ના ૨૪.૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) કતલખાનાના બહારની કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડા કે વાછરડીની કતલ કરવી નહિ અથવા જિલ્લાનો તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની હદની અંદર કોઈ શેરી અથવા જાહેર સ્થળમાં દેખાય તે રીતે અન્ય કોઈ પશુની કતલ કરવી નહિ અને કોઈપણ અવશેષો જાહેરમાં મુકવા, મુકાવવા નહિ.

ઉપર્યુકત હુકમનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હિમાંશુ શેઠ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨ની) કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૬/૨૦૦૨.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, ઉર્મિલાબેન પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧) નો મુંબઈ અધિનિયમ નં. (૨૨) ની કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિગતોમાં તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૨ થી તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્રો સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાકી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરયય સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ્દ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ ત્રાજ વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચી અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય, તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, આસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :—આ હુકમનો ખંડ—૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ

INDEX

જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ--૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ--૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ સાકી અને સીક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ--૩૭(૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમઓજી/એસઆર - ૭ / ૨૦૦૨.— આગામી દિવસોમાં અમદાવાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, ઉર્મિલાબેન ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ--૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ--૩૭(૩) થી મને મળેલ અધિકારોની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૦૨ થી તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના કામકાજ ૨૪--૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :— અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા, સરઘસો લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

યુ. ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ/૩૩(૧)(બી) અન્વયે :

નંબર પલસ/ વશા/ ૨૧૧/૨૦૦૨.— સુરત જિલ્લામાં પલસાણા તાલુકામાં આવેલ ગંગાધરા બગુમરાની વચ્ચે નેશનલ હાઈવે નં. ૬, રેલ્વે ફાટક નં ૧૭/આ આવેલ છે રેલ્વેની સુરક્ષા માટે રેલ્વે ફાટક નંબર ૧૭/આ પર સ્લીપર તેમજ રેલ બદલી કરવાનો કાર્યક્રમ તારીખ-૨૦ મી ફેબ્રુઆરી/૨૦૦૨ થી તારીખ/૨૩ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ સુધી કુલ--૪ દિવસ સુધી રેલ્વે ખાતા તરફથી થનાર હોય, ઉપરોકત સમય દરમ્યાન આ રેલ્વે ફાટક સવારના ૮-૦૦ કલાકથી સાંજના ૧૯--૦૦ કલાક સુધી બંધ રાખવા હુકમ કરવામાં આવે છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) અન્વયે મળેલા અધિકારની રુએ હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, સુરત જિલ્લામાં પલસાણા તાલુકામાં આવેલ ગંગાધર--બગુમરાની વચ્ચે આવેલ રેલ્વે ફાટક નં. ૧૭/આ બંધ થાય તે દરમ્યાન આ નેશનલ હાઈવે નં ૬ ઉપરના ટ્રાફીકને ડાયવરઝન આપવા તથા કડોદરાથી બારડોલી જતા ટ્રાફીકને ફાટકની ડાબી બાજુ વાળી હલધરૂ થઈ મોતા થઈ ગંગાધરા રેલ્વે સ્ટેશનની-પશ્ચિમે આવેલ ફાટક ઉપરથી પસાર કરાવી પાછો મૂળ માર્ગ ઉપર વાહનો હંકારી પસાર થવા જણાવવામાં આવે છે.

અપવાદ—

ફરજ ઉપરના કે સરકારી કે રેલ્વેના વાહનો, અગ્નિશામકો, એમ્બ્યુલન્સનો વાહનોને આ હુકમમાંથી મુકિત આપવામાં આવે છે.

આજ તારીખ ૧૬ મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જે. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ (૩૩)ની પેટા કલમ-૧ (સી) હેઠળ.

ક્રમાંક /જિલ/વશી/૧૬૫ થી ૧૮૫/૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ ૩૩ ની પેટા કલમ (૧)(સી) મુજબ બહાર પાડવા વિચારેલ જાહેરનામાનો ખરડો ઉકત અધિનિયમની ઉકત કલમ (૩૩) ની પેટા કલમ (૬) મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તમામની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે. આથી નોટીસ આપવામાં આવે છે કે, સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ થયાની તારીખથી ૧ (એક) માસ પુરો થયા બાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ઉકત ખરડો વિચારણામાં લેશે.

સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ સુધીમાં આ જાહેરનામાના ખરડા સબંધમાં કોઈપણ વ્યકિત તરફથી લેખિત વાંધાના સુચનો અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણાને મળશે, તો તે વિચારણામાં લેવામાં આવશે.

જાહેરનામાનો ખરડો

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ ૩૩ની પેટા કલમ (૧) ની કલમ (સી) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, આઈ.જી. પરીખ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા શહેરના રસ્તા અને ટ્રાફિકને અનુલક્ષીને પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબનાં સ્ટેન્ડ ખાનગી વાહનો પાર્ક કરવા માટે નક્કી કરવા આદેશ કરું છું.

INDEX

પરિશિષ્ટ

અ.નં.	વિસ્તાર	વાહનની સંખ્યા
(૧)	એસ.ટી. વિભાગીય કચેરી, મહેસાણાના સ્ટેન્ડથી ૧૦૦ મીટર દક્ષિણ તરફ સીમંધર મંદિરના બીજા દરવાજાથી નજીક ૧૧ ખાનગી વાહન પાર્ક કરવા.	૧૧ વાહન
(૨)	મોઢેરા ચાર રસ્તાથી મોઢેરા જવાના જકાતનાકા-૧૦ વાહન ની સામે જી. આઈ.ડી.સી.માં જવાના રોડની પુર્વે જી.આઈ.ડી.સી. કમ્પાઉન્ડની વોલની સમાંતર ૧૦૦ ખાનગી વાહનો.	
(૩)	રાધનપુર ચાર રસ્તાથી રાધનપુર જવાના રસ્તે ૧૭ વાહન મહાલક્ષ્મી હોલની સામેની ભાગે ૧૭ ખાનગી વાહનો માટેનું સ્ટેન્ડ.	
(૪)	રાધનપુર ચાર રસ્તાથી ઉંઝા તરફ જવાંના રસ્તે ૫ વાહન હાલ એસ.ટી. બસો ઉભી રાખવાનું બોર્ડલગાવેલ છે. તે બદલીને સ્વામી નારાયણ મંદિરના મધ્ય ભાગમાં લગાવવું અને તેનાથી ૧૦૦મીટર ઉત્તર તરફ (ડેરી તરફ) ૫ ખાનગી વાહનો પાર્ક કરવા.	
(૫)	એસ.ટી. વિભાગીય કચેરી મહેસાણના સ્ટેન્ડ થી નજીકમાં ખાસ વર્ધીની જીપ ઉભી રહે છે. આ જીપોને ઉભા રહેવા માટે આ સ્ટેન્ડની સામે ના ભાગમાં રોપેલો ઈન્ડસ્ટ્રીઝ આગળ ઉભા રહેવા સ્ટેન્ડ નક્કી કરવામાં આવે છે.	ખાસ વર્ધીની જીપ

આજ તારીખ ૧૧ માહે ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

આઈ જી. પરીખ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી- પીઓએલ-વર્શી ૧૯૩.— ભરૂચ જિલ્લામા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રી, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૨નાં રોજ સવારના ૬.૦૦ વાગ્યાથી તારીખ ૫મી માર્ચ, ૨૦૦૨નાં રોજ સાંજના ૨૪.૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધાંની) મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુંજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૯મી માહે ફેબ્રુઆરી, ૨૦૦૨નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એમ.એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. ૪/૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨માં) અધિનિયમની કલમ -૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૨નાં રોજ બકરી ઈદ તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓને જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારુ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૨થી તારીખ ૫મી માર્ચ, ૨૦૦૨ સુધી (બંને દિવસો શુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો : —

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ઘ) કોઈપણ સરઘસમાં જવાની અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

INDEX

(છ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની આયોજન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની,

આ હુકમ અંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રુપે સોંપ્યા બદલ આવુ કોઈ-પણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીઓ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને. ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨માં કાયદા ની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૨નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દૂધાત
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

Supple. C. G. I—81

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette,* Part —I, should be *read* to have been published in Issue No. 11, *Gujarat Government Gazette,* Part—I, dated 14th March, 2002 and for pages VAD-189 to VAD-208 (in 1 set) *read* page No. 481 to 500.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૨ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૧૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૮૯ થી વીએડી-૨૦૮ (૧ બંચમાં) ને પાન નંબર ૪૮૧ થી ૫૦૦ વાંચવા.

Vadodara, 14th March, 2002.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વાંચ્યો :- અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ /૩૪ / ૨૦૦૨, તારીખ ૯-૧-૨૦૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક **ફડચ/ઉખસ/૧૭૨૩/ખ / ૨૪૩ / ૨૦૦૨.**— ધી સુંદરપુર પિયત સહકારી મંડળી લી. ઠે. મુ. પો. સુંદરપુર, તા. ઉચ્છલ, જી. સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક ખે/૩૨૩૫, તા. ૨૮-૫-૧૯૯૦ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૯-૧-૨૦૦૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા—૨ સુરતની નીમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧૩-૨-૨૦૦૨.

વાંચ્યો :—અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૩૩/૦૨, તા. ૯-૧-૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૨૪/ખ/૨૪૨/૨૦૦૨.—ધી સારા૫૬ માહલા ગ્રાહક સહકારી ભંડાર લી. ૪, તાપીબાગ શોપીંગ ઠે. સેન્ટર-૩, પહેલો માળ, વરાછા રોડ, સુરત. વિ. સુરતની નોંધણી ક્રમાંક ભ-૪૭૬૧, તારીખ ૨૭-૩-૯૫ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૯-૧-૨૦૦૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે

સુરત, તા ૧૩-૨-૨૦૦૨.

વાંચ્યો :— અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧ / ખ/૪૦/૦૨, તા. ૯-૧-૦૨થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૧૭૨૫ / ખ / ૨૪૧ / ૨૦૦૨.—ધી શાહપુર માઠનોર ખેડુતોનો પિયત સહકારી મંડળી લી. ઠે. મુ. પો. શાહપુર, તા. ચ્યારા, જી. સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક ખે-૩૮૨૬, તા. ૨૯-૩-૯૭ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૯-૧-૦૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા—૧, સુરતની નિમણુંક કરવામાં આવે છે

સુરત, તા. ૧૩-૨-૨૦૦૨.

વાંચ્યો :- અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૪૧/૨૦૦૨, તારીખ ૯-૧-૨૦૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૨૬/ખ/૨૪૦/૨૦૦૨.—ધી વેલદા વિભાગ ખેતી માટે પુરૂં પાડનારી સ. મં. લી., ઠે. મુ. પો. વેલદા તા. નિઝર જિલ્લો સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક ખે-૩૨૬૦, તા. ૨૮-૪-૯૪થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૯-૧-૦૨ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી, આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૧ સુરતના નીમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧૩-૨-૨૦૦૨.

વાંચ્યો : અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૪૩/ ૨૦૦૨, તા. ૯-૧-૨૦૦૨થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/ ૧૭૨૭ / ખ / ૨૩૯ / ૨૦૦૨.—ધી માછી સાઢડી સેવા સહકારી મંડળી લી. મુ. પો. માછી સાઢડી ઠે. તા. મહુવા, જી. સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ૧૭૯૨૧, તા. ૨૦-૧૦-૯૫ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૯-૧-૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની

INDEX

કલમ ૧૦૭ (૧) (ક (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી, સુરત ડી. કો. ઓપ. બેંક લી. સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧૩–૨–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નવસુ / ૪૭૩૯ /ક-૨ / ૫૦ / ૧૪૦૩/ સે-૩૩૧૨૯/૨૦૦૨.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી એકવા બચત અને ધિરણ સ. મં.લી., સ્થળ અમદાવાદ, શહેર તાલુકો સીટી જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૪–૨–૨૦૦૨.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર),
અમદાવાદ.

વંચાણે લીધા :—

(૧) મેનેજર શ્રી ધી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., પાલનપુરના જા.નં. ૪૩/૭૬૯૯/ તા. ૨૮–૧–૨૦૦૨.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

સુધારા હુકમ

જા. નં. ફડચ/૦૧/ગ/૩૪૫/૨૦૦૨.—ધી રતનપુર (શિ) સેવા સહકારી મંડળી લી., (ફડચામાં) તા. કાંકરેજ જીલ્લો બનાસકાંઠાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરવામાં આવેલ હતી સહકારી અધિનિયમની કલમ ૧૦૮ (૧)(૪) અન્વયે મળેલ અધિકારની રૂએ આ હુકમમાં ફેરફાર કરી શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરનું નામ રદ કરી તેમની જગ્યાએ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી બનાસકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૧૫–૨–૨૦૦૨.

વંચાણમાં લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી ધી ઉણ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. તા. કાંકરેજ, જી. બનાસકાંઠાના તા. ૧૧–૨–૨૦૦૨ના પત્ર ક્રમાંક સઅ/ફડચ/૧૮/૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૧૪ (૨) અને કલમ ૨૦ (૧) ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૩૪૬/સને ૨૦૦૨ / ફડચા હુકમ નંબર ફ–૧૨૦૭૭, તા. ૨૧–૯–૨૦૦૦.—ધી ઉણ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ઉણ તાલુકો કાંકરેજ જીલ્લો બનાસકાંઠા કે જે મહદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (પંચાયત) પાલનપુરના તા. ૬–૫–૯૭ના નોંધણી ક્રમાંક સે / ૨૯૧૨૬ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. પાલનપુરના તા. ૨૧-૯૨-૨૦૦૦ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૧૬૫૯-ફ-૧૨૦૭૭ થી કાયદાની કલમ : ૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ ૧ ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સ. મંડળીઓના અધિનિયમની કલમ ૧૪ (૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથોસાથ આજ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૧૫–૨–૨૦૦૨.

વંચાણમાં લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી ધી કરણીમાતા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. તા. વાવ, જી. બનાસકાંઠાના તા. ૭–૨–૨૦૦૨ ના પત્ર ક્રમાંક સઅ/ફડચ/૧૪/૨૦૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૧૪(૨) અને કલમ ૨૦(૧)ની જોગવાઇઓ

હુકમ

જા. નં. ફડચ / ગ / ૩૪૭/સને ૨૦૦૨ ફડચા હુકમ નંબર ફ–૧૨૦૫૯, તા. ૮–૫–૨૦૦૧.–ધી કરણીમાતા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. મુ. મમાણા, તાલુકો વાવ, જીલ્લો બનાસકાંઠા કે જે મહદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (પંચાયત) પાલનપુરના તા. ૬–૫–૯૫ના નોંધણી ક્રમાંક બે/૩૪૭૪ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. પાલનપુરના તા. ૮–૫–૨૦૦૧ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૮૬૮ફ-૧૨૦૫૯ થી કાયદાની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ–૧ના પત્રથી સદરહુ મંડળીની

INDEX

ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથોસાથ આજ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૧૫–૨–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

ક્રમાંક નધણ/ઉ-૧૨૧૧૪/ક–૨/૧૯૧/૨૫૧/૨૦૦૨.–આથી જાહેર કરે છે કે, શ્રી સોનલ કૃપા મજુર કામદાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ખંડીયા, તાલુકો સમી, જીલ્લો પાટણ

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૧૪–૨–૨૦૦૨.

એમ. ટી. ચાવડા,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, પાટણ.

નં. નધણ / ૦૧ / ક / ૮૭ / સેદુ–૩૩૫૦૧ / ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે, ધી ભેમજીના મુવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભેમજીના મુવાડા, તાલુકો મોડાસા, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૧૧–૧–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
હિંમતનગર

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૨૬–૧૨–૨૦૦૧, નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૫૪૧/૨૦૦૧, થી વચગાળીનો આદેશ

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૦૨૩/ખ/૨૩૨/૨૦૦૨.— શ્રી ખેરવા જુથ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ખેરવા, તા. જી મહેસાણા ને અત્રેની કચેરીના આમુખ–૧ થી તા. ૨૯–૧૨–૨૦૦૧ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૧૫૪૧/૨૦૦૧ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી લગત કચેરીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પુર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૪–૨–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૦–૧–૨૦૦૨ નો, આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૭૩/૨૦૦૨, થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૦૨૪/ખ/૨૩૩/૨૦૦૨.—શ્રી પળી (નવાપુરા) તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી; મું. પળી તા. ઉંઝા જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧થી તા. ૧૦–૧–૨૦૦૨, ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૭૩ ૨૦૦૨ થી ફડચામાં લઈજવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી ફડચો , લગત કચેરીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે

મહેસાણા, તા. ૧૪–૨–૨૦૦૨.

INDEX

ત્રંબાણે લંબા :—

(૧) શ્રી ઓડીટર ગ્રેડ-૨, સરકારી મંડળીઓ (પ્રમાણિત-૨), મહેસાણાના પત્ર ક્રમાંક આપણ/૦૧/૨૩૦/૨૦૦૧, તા. ૧-૧૨-૨૦૦૧ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૪૧૪/૨૦૦૧, તા. ૧૦-૧૨-૨૦૦૧ થી કારણદર્શક નોટીસ

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૦૧/૨૦૦૧, તા. ૧૦-૧-૨૦૦૧ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪/૨૦૦૨.— ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે શ્રી રાધેશ્યામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. મહેસાણા તા. મહેસાણા જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયા ' મંડળી ' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ધ-૧૦૬૪૮, તા. ૧૩-૨-૮૭ છે.

ઉપરોકત આમુખ ૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૭-૯૫ થી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર, ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (પ્રમાણિત-૨) મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૪૧૪/૨૦૦૧, તા. ૧૦-૧૨-૨૦૦૧ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૨ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૦૧/૨૦૦૧, તા. ૧૦-૧-૨૦૦૧ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ પાછલા ૩ ઓડીટ નોંધની દુરસ્તી રીપોર્ટ સંબંધીત ઓડીટરશ્રીને મોકલી આપેલ નથી આમ કરી સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૨) ઓડીટ સમયમાં મંડળીની વ્ય. કમિટીની એકપણ બેઠક ભરાયેલ નથી કે, વ્ય. કમિટીની ઠરાવબુક જોવા રજુ કરેલ નથી. મંડળીના પેટા-નિયમ ૪૮ (૪) અનુસાર દર બે માસે બેઠક મળે તેવી કાર્યવાહી થયેલ નથી.

(૩) ઓડીટ સમયમાં એકપણ વર્ષે વાર્ષિક સાધારણ સભા ભરવામાં આવેલ નથી આમ કરી સહકારી કાયદાની કલમ-૭૨ નો ભંગ કરેલ છે.

(૪) સભાસદોને શેર સર્ટીફિકેટ આપ્યાનું જોવા મળેલ નથી.

(૫) શેર રજીસ્ટર, શેર ખાતાવહી જોવા કે જમા પાવતી બુક જોવા મળેલ નથી.

(૬) સભાસદ રજીસ્ટરમાં સભાસદોના વારસદારોની કોલમ કિસ્સામાં નિયુકિત કરાયેલ નથી.

(૭) મંડળીની બેંક પાસબુક ઓડીટ સમયે જોવા રજુ કરેલ નથી.

(૮) મંડળીમાં પેટા નિયમ અનુસાર વ્ય. કમિટીની કે હોદ્દેદારો ની ચુંટણી કરવામાં આવતી નથી.

(૯) સિલકની જવાબદારી સભ્ય વ્ય. કમિટીમાં ઠરાવ કરેલ નથી. સિલકની વીમો પણ મેળવવામાં આવેલ નથી.

(૧૦) સિલક રાખવા કર્મચારીઓના જામીનખત મેળવાયેલ નથી.

(૧૧) મંડળીની પ્રગતિ થાય તેવા કોઈ પ્રયાસો કરેલ જણાતા નથી. આમ, મંડળી અર્થક્ષમ યુનિટ બની શકે તેવા કોઈ સંજોગો જણાતા નથી. તેથી મંડળીને ચાલુ રાખવો હિતાવહ નથી. તથા મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી.

(૧૨) તારીખ ૧-૪-૨૦૦૧ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની તથા ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજપર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી રાધેશ્યામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું મહેસાણા, તા. મહેસાણા, જી. મહેસાણા ગુજરાત સહકારી કાયદા હેઠળ રજીસ્ટર્ડ નંબર ૧૦૬૪૮, તા. ૧૩-૨-૮૭ થી નોંધવામાં આવેલ તેને સહકારી કાયદા સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)ના ખંડ ક, ગ, (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામા આવે છે. તથા સદરહુ કાયદાની કલમ - ૧૦૮ (૧) અન્વયે ફડચા

INDEX

અધિકારી, તરીકે શ્રી એન. પી. પારેટ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૪-૨-૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (પ્રમાણિત): મહેસાણાના પત્ર ક્રમાંક અધણુ/ફડચ/૪૭૭/૨૦૦૧. તા. ૧-૧૨-૨૦૦૧ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૪૧૩/૨૦૦૧. તા. ૧૦-૧૨-૨૦૦૧ થી કારણદર્શક નોટિસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૬૨/૨૦૦૨.-તા. ૧૭-૧-૨૦૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) મંડળીની તા. ૩-૧-૨૦૦૨ થી થયેલ રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

ક્ર. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૫/૨૦૦૨.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી ઊંઝા ટીયસ કો-ઓપ ક્રેડીટ સોસાયટી લી., મુ. તા. ઊંઝા જી. મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો ને ઘણી નં. ૧૨૩૪, તા. ૨૯-૧૨-૧૯૬૦ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧૭-૧૧૯૯૨ થી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીના સમયનું ઓડીટ ઓડીટર ગ્રેડ- , સહકારી મંડળીઓ (પ્રમા-૧), મહેસાણા તરફથી હાથ ધરાતાં તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં તેઓના ખાસ અહેવાલને આધિન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૪૧૩/૨૦૦૧, તા. ૧૦-૧૨-૨૦૦૧થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૯ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. પરંતુ તા. ૩-૧-૨૦૦૨ના પત્રથી રજુઆત કરેલ છે. જે રજુઆતમાં ફડચા કાર્યવાહી સામે વાસ્તવિક પુર્તતા ન થવાથી અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૬૨/૨૦૦૨, તા. ૧૦-૧-૦૨ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તક પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીનો છેલ્લા પાંચ વર્ષમાંથી બે વર્ષનો ઓડીટ વર્ગ "ડ" તથા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ 'ક' છે.

(૨) મંડળીએ ઓડીટ સમય દરમ્યાન તથા તેમના અગાઉના બે વર્ષ દરમ્યાન કુલ-૪ વર્ષદરમ્યાન તેના પેટા નિયમ મુજબ ધિરાણની કોઈ પ્રવૃત્તિ કરેલ નથી.

(૩) ઓડીટ સમય દરમ્યાન વાર્ષિક સાધારણ સભાઓમાં મંડળીની મુખ્ય પ્રવૃત્તિ સભાસદ ધિરાણ માટે ધિરાણ નીતિ નિર્ધારીત કરતા ઠરાવો પસાર કરેલ નથી. જેથી મંડળીને સભાસદ ધિરાણમાં રસ હોવાનું જણાતું નથી.

(૪) ઓડીટ સમય દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમિટિની બેઠકો પેટા નિયમ આધીન મળેલ નથી.

(૫) મંડળી છેલ્લા ૪ (ચાર) વર્ષથી સ્થગિત અવસ્થામાં જણાય છે.

(૬) મંડળીમાં તા. ૩૧-૩-૨૦૦૧ ના રોજ કુલ રૂા. ૩,૦૮૪.૧૧ ની અંકત્રિત ખોટ છે.

(૭) મંડળીનું તા. ૩૧-૩-૨૦૦૧ નું સરવૈયું ચકાસતા મંડળીની આર્થિક સ્થિતિ સારી ગણી શકાય તેમ નથી.

(૮) મંડળી ચાલુ રાખવામાં મંડળીના કાર્યવાહકોને કોઇ રસ જણાતો નથી.

(૯) તા. ૧-૪-૨૦૦૧ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતા, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ઊંઝા ટીમ્બર્સ કો-ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ. તા. ઊંઝા જી. મહેસાણાની સહકારી કાયદાવીન રજીસ્ટર્ડ નંબર ૧૨૩૪, તા. ૨૯-૧૨-૬૦ થી નોંધવામાં આવેલ તેને સહકારી કાયદો ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪)

INDEX

અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ. પી. આરેટ, સહકારી અધિકારી, (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૪–૨–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સબ–ઓડીટર, સહકારી મંડળીઓ વિસનગરનાં પત્ર ક્રમાંક: અપણ/૦૧/૧૩૦૧/૨૦૦૧, તા. ૧–૧૨–૨૦૦૧, થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૧૪૧૨/૨૦૦૧, તા. ૧૦–૧૨–૨૦૦૧ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૭૨/૨૦૦૨, તારીખ ૧૦–૧–૨૦૦૧ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૬/૨૦૦૨.— ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ અન્વયે ધી ચિત્રોડીપુરા તેલી પાંચા ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ ચિત્રોડીપુરા, થતા વિસનગર, જી. મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી ' મંડળી ' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ૨૫૯૪૬, ૧૭૩–૯૨ છે.

ઉપરોકત આમુખ–૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૪–૨૦૦૦ થી તા. ૩૧–૩–૨૦૦૧ સુધીના સમયનું અન્વેષણ સબ ઓડીટર સહકારી મંડળીઓ, વિસનગર ને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જવા, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ તેઓના દ્વારા, અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૧૪૧૨/૨૦૦૧, તા. ૧૦–૧૨–૨૦૦૧. નો કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં જણાવેલ ૧ થી ૧૧ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામા આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૭૨/૨૦૦૨, તારીખ ૧૦–૧–૨૦૦૨થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) સદર મંડળી પેટા નિયમ મુજબ પોતાની ઉદ્દેશ પુર્ણ કરવામા નિષ્ફળ ગયેલ છે. તથા ઉદ્દેશ પુર્ણ કરે તેમ જણાતું નથી.

(૨) વ્યવસ્થાપક કમિટિની મીટીંગ પેટા નિયમ મુજબ ભરવામાં આવતી નથી. તથા વ્ય. કમિટી નિષ્ફળ ગયેલ છે.

(૩) મંડળીની વાર્ષિક સાધારણ સભા પેટાનિયમ મુજબ ભરવામાં આવતી નથી. તથા હોદ્દેદારોને પણ સભા ભરવામાં રસ જણાતો નથી.

(૪) મંડળીનું દફતર પેટા નિયમ મુજબ રાખવામા આવતું નથી. તથા માહિતી પુરી પાડવામાં આવતી નથી / લખાતું નથી.

(૫) મંડળીનો વહીવટ પેટા નિયમ મુજબ તથા સહકારી કાયદા પ્રમાણે વ્ય. કમિટિ સભ્યો તથા હોદ્દેદારો ચલાવતા નથી.

(૬) મંડળી છેલ્લા ઘણા વખતથી બંધ અવસ્થામાં છે. અને ચાલુ થાય તેવી કોઈ શકયતા નથી.

(૭) મંડળીની આર્થિક સ્થિતિ કોઇ વ્યવહાર ન હોવાથી નબળી પડતી જાય છે.

(૮) મંડળીમાં ઘણા વખતથી ઓડીટની દુરસ્તી કરવામાં આવતી નથી.

(૯) મંડળી બંધ હોવાથી હોદ્દેદારો તથા સભાસદોને મંડળીમાં કોઇ રસ નથી. આથી મંડળીનો વહીવટ બરાબર ચલાવવામાં આવતો નથી.

(૧૦) તારીખ ૩૧–૩–૨૦૦૧ ના સરવૈયા મુજબ મંડળીમાં રૂા. ૪,૫૯૬.૭૭ ની ખોટ બોલે છે.

(૧૧) તા. ૧–૪–૨૦૦૧ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવામાં છતાં આજપર્યંત રજુ કરેલ નથી.

આમ ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો આદેશ કરવામાં આવે છે.

INDEX

હુકમ

શ્રી ચિત્રોડીપુરા તેલીઓયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ચિત્રોડીપુરા, ત. વિસનગર, જીલ્લો મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નંબર : ૨૫૯૪૬, તા. ૧૭–૩–૧૯૬૨ થી નોંધવામાં આવેલ તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ–૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તેા સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૪–૨–૨૦૦૨.

કે. પી. ત્રીવેદી,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નંધણ/૪૭૪૦/ક–૨/૧૪/સે.૩૩૧૩૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી વિસત કો.–ઓ. ક્રેડીટ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો, સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૬–૨–૨૦૦૨.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમદાવાદ.

ક્રમાંક નંધણ/૦૧/ખ–૧/૭૦/સે.દુ–૩૧૭૬૨ / ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, ધી કારાવેાડા માંહલ્લા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કારાવેાડા, તા. તિલકવાડા, જિલ્લેા નર્મદા.

સને ૧૯૬૧નેા ગુજરાત કાયદેા (ગુજરાત સહકારી મંડળીઓનેા કાયદેા, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેા છે.

નર્મદા, તા. ૧૯–૨–૨૦૦૨.

જી. એસ. ત્રિવેદી,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નર્મદા.

વંચાણે લીધા :—

(૧) શ્રી ફડચા અધિકારી, ધી અંબાજી ગૃપ ગેાપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુકામ અંબાજી, તાલુકો દાંતા અને શ્રી સહકારી અધિકારી (ફડચેા) નવી જગ્યા, પાલનપુરના તા. ૧૧–૨–૨૦૦૨ની દરખાસ્ત ક્રમાંક સચ/ફડચ/૧૭/૨૦૦૨.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નંબર ફડચ/૦૧/ગ/૩૬૪/૨૦૦૨.—ધી અંબાજી ગૃપ ગેાપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., અંબાજી, તાલુકો દાંતાને આ કચેરીના તા. ૨૨–૬–૨૦૦૦ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૦૨૩/ફ–૧૨૦૬૫/સને ૨૦૦૦ થી ફડચામાં લઇ જવાનેા અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચેા) નવી જગ્યા, પાલનપુરની નિમણુંક કરતા હુકમેા કરવામાં આવેલ હતા. એ મુજબ તેઓએ સદરહુ મંડળીનેા દફતરી ચાર્જ તા. ૧૮–૭–૨૦૦૦ના રોજ સંભાળેલ. ત્યારબાદ ફડચા મંડળીના બેંક ખાતા ફડચાના ખાતે ટ્રાન્સફર કરેલ અને ફડચાની કામગીરી શરૂ કરેલ હતી. આ સમય દરમ્યાન મંડળીના કાર્યવાહકેા તથા સભાસદેાએ મંડળીને પુનઃજીવીત કરવા અરજીથી વિનંતી કરતા જણાવેલ છે કે ચેરમેન અને મંત્રી નિષ્ક્રીય રહેવાથી અને સભાસદેા બહાર ગામ જવાથી મંડળી બંધ રહેલ. હવે મંડળીના સભાસદેાએ મંડળીને ચાલુ રાખવા તથા તે માટે નવા ચેરમેન તથા મંત્રીને રાખી મંડળીના ઉદ્દેશેા પ્રમાણે તથા પેટાનિયમ પ્રમાણે કામગીરી કરવાની ખાત્રી આપેલ છે. મંડળીના સભાસદેાના પશુપાલનના વ્યવસાયને દ્રષ્ટીને લઇ મંડળી દ્વારા ખાણ, દાણ, ઘાસચારા, વિગેરે સગવડ પુરી પાડવા ખાત્રી આપવામાં આવેલ છે. તેમજ સભાસદ ખેડૂતેા માટે ખાતર, બીયારણ તથા અન્ય જરૂરીયાતેા પુરી પાડવા પણ ખાત્રી આપેલ છે. આમ મંડળીની માંગણી તથા આપેલ ખાત્રીઓને ધ્યાને લઇ તેમજ ફડચા અધિકારીએ મંડળીને પુનઃ જીવીત કરવાની ભલામણ કરેલ છે જે ભલામણને ધ્યાન રાખી મંડળીને પુનઃજીવીત કરવાનું ઠરાવીને નીચે મુજબનેા હુકમ કરવામા આવે છે.

INDEX

હુકમ

ધી અંબાજી ગૃપ ગોપાલક વિવિધ કાર્યકારી મંડળી લી., મુકામ અંબાજી, તાલુકો દાંતા ને અત્રેની કચેરીના તારીખ ૨૨–૬–૨૦૦૦ના હુકમ ક્રમાંક ફડચ/૧૧/ગ/૧૦૨૩/ફ-૧૨૦૬૫, સને ૨૦૦૦ થી મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવેલ હતો. આ હુકમ રદ કરી મંડળીને પુનઃજીવીત કરતો, તેમજ તેના મુળ નોંધણી નંબર સે/૨૭૨૦૩, તા. ૧૪–૪–૯૪ ચાલુ રાખતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯ અન્વયે મંડળી પુનઃજીવીતનો હુકમ કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૧૮–૨–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

વંચાણે લીધા —

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જી.એચ.કે.એચ./૨૮૯૧/ડી.ડી જી./૧૧૮૮/૫૨૦/જ, તા. ૩૦–૩–૧૯૯૧.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) મંડળીને ફડચામાં લઈ જવા બાબતનો તા. ૩૧-૧૨-૦૧ ની ખાસ સાધારણ સભામાં બહુમતીથી પસાર થયેલ ઠરાવ.

આલોચના

ક્રમાંક ફડચ/ક/૧૨૮૭૪/૦૧/ગ/૫૨૧/૨૦૦૨.— ધી સાબરકાંઠા શિક્ષણ ખાતાના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી હિંમતનગર, જી. સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સે-૧૮૦૮૦, તા. ૧૨–૮–૮૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તે મંડળીનો વહીવટ છેલ્લા દસ વર્ષથી નિષ્ક્રિય હાલતમાં છે. તેમજ સદર મંડળીના સભાસદો જે લોન આપી હતી તે સઘળી લોન વસુલાત કરેલ છે. જેથી મંડળીના સભાસદોએ તા ૩૧–૧૨–૨૦૦૧ ની ખા. સા. સભામાં બહુમતી મંડળીને ફડચામાં લઇ જવા બાબતનો ઠરાવ કરેલ છે. જે આમુખ–૩માં વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઇ જવાનો બહુમતીથી ઠરાવ કરેલ છે. અને મંડળીને ફડચામાં લઇ જવા સંમતિ આપેલ છે. જેથી સદરહું મંડળીને ફડચામાં લઇ જવાનો નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, એમ. કે. દેથલીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જીલ્લો સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી સાબરકાંઠા શિક્ષણ ખાતાના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી., મુ. હિંમતનગર, જી. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી બે વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી ચકાસણી કરી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૮–૨–૨૦૦૨.

એમ. કે. દેથલીયા,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, હિંમતનગર.

નં. ઉખસ/સેદુ./૩૨૪૬૦.—આથી જાહેર કરે છે કે, ભ. સં. પોણિયા પારડી દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ પોણિયા, તાલુકો પારડી, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામા આવી છે.

વલસાડ, તા. ૧૫–૨–૨૦૦૨.

નં. ઉખસ / સા / ૩૨૪૫૬.—આથી જાહેર કરે છે કે, જનકલ્યાણ બચત અને ધિરાણ કરનારી સ. મં. લી. મર્યાદિત સ્થળ વાપી, તાલુકો પારડી, જિ. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧૬–૨–૨૦૦૨.

ક્રમાંક ઉખસ/સે.દુ.–૩૨૪૫૯/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, ભ. સં. કુંભાણીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કુંભાણીયા, તાલુકો પારડી, જીલ્લો વલસાડ.

INDEX

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧૬–૨–૨૦૦૨.

(સહી) અવારચ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણમાં લીધો :– શ્રી સહકારી અધિકારી ફડચા લગત ઉદ્યોગ કેન્દ્ર, નડીઆદ ધી પીપલ્સ રોહીત લેધર વીઅર્સ ઉત્પાદક સહકારી મંડળી લી. પીપલ્સ, તા. નડીઆદ, જિ ખેડા તારીખ નાં નોંધ.

હુકમ

ક્રમાંક જી.ઉ.કે./નડદ/ખ-૧/૧૬૭૬/૨૦૦૨.–ધી પીપલ્સ રોહિત લેધર વીઅર્સ ઉત્પાદક સહકારી મંડળી લી. ની નોંધણી ક્રમાંક ઉ–૪૬૫૨, તારીખ ૧૯–૭–૮૦ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી ઉદ્યોગ નડીઆદના હુકમ નંબર ફડચ / ૭૪ / ખ–૧ / ૧૨૭ તારીખ ૩૧–૧૨–૯૩ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપુર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૨૦–૨–૨૦૦૨.

વંચાણમાં લીધા :—

શ્રી સહકારી અધિકારી ફડચા લગત ઉદ્યોગ કેન્દ્ર, નડીઆદ. ડેભારી માટી કામદાર સહકારી મંડળી લી, ડેભારી તા. વિરપુર, જિ. ખેડા. ની તારીખ ની નોંધ.

હુકમ

ક્રમાંક જી. ઉ. કે./નડદ/ખ/૦૧/૧૬૭૬/૨૦૦૨.—ધી ડેભારી માટી કામદાર સહકારી મંડળી લી. ડેભારી, તા. વિરપુર, જિ. ખેડા ની નોંધણી ક્રમાંક ઉ. ૬૬૭ તારીખ ૧૧–૩–૬૧ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી ઉદ્યોગ નડીઆદના હુકમ નંબર ફડચ/૯/ખ–૧/૨૩૫, તારીખ ૩–૧૧–૯૨ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૨૦–૨–૨૦૦૨.

વંચાણમાં લીધા :–

શ્રી સહકારી અધિકારી ફડચા લગત ઉદ્યોગ કેન્દ્ર, નડીઆદ, સંત જોસેફ ઈંટ ઉત્પાદક સહકારી મંડળી લી., ઉમરેઠ. તા. ઉમરેઠ, જી. આણંદનો તારીખ ની નોંધ.

હુકમ

ક્રમાંક જા. જી.ઉ. ક./નડદ/ખ/૦૧/૧૬૭૫ સને ૨૦૦૨.–ધી સંત જોસેફ ઈંટ ઉત્પાદક સહકારી મંડળી લી. ઉમરેઠ, તા. ઉમરેઠ, જી. આણંદ નોંધણી ક્રમાંક ૪૫૯૬, તા. ૧–૯–૧૯૭૯થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી ઉદ્યોગ નડીઆદના હુકમ નંબર ફડચ / ૬૯/ખ-૧/૧૭૭, તારીખ ૭–૪–૧૯૯૩ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ. ગણાશે.

નડીઆદ, તા. ૨૦–૨–૨૦૦૨.

INDEX

વંચાણે લીધા —

(૧) મંડળીના મંત્રીશ્રીએ ૯ કમીટી સભ્યોના રાજીનામા અંગેનો કે, તેથી વહીવટદાર/કસ્ટોડીયન મુકવા બાબતનો તા. ૧૪–૨–૨૦૦૨ના પત્રથી કરેલ લેખિત રજુઆત.

(૨) મંડળીની તા. ૧૨-૨-૦૨ના રોજની વ્યવસ્થાપક કમીટીની બેઠકના ઠરાવ નં. ૪ની નકલ.

(૩) મંડળી તરફથી પુરી પાડવામાં આવેલ કમીટી સભ્યોને કરવામાં આવેલ ધિરાણ તથા કમીટીની બેઠકમાં હાજરી આપ્યા બાબતની માહિતી.

(૪) અત્રેની કચેરી તરફથી આપવામાં આવેલ તા. ૧૪–૨–૨૦૦૨ ની કારણદર્શક નોટીસના જવાબમાં મંડળીના છ કમીટી સભ્યોએ આપેલ નિવેદન.

જા. નંબર સકક/૦૧/જ–૮૧/૨૦૦૨.—શ્રી આનંદ ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., આણંદ, તા. જી. આણંદ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયે (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી મંડળી છે. જેનો વહીવટ મંડળીના માન્ય થયેલા પેટા-નિયમો અનુસાર ચલાવવાનો હોય છે. મંડળીના પેટા-નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ મંડળીના કાર્યવાહકોએ નિભાવવાની હોય છે.

ઉપર આમુખ–૧માં જણાવેલ મંડળીના મંત્રીશ્રીએ મંડળીના ચેરમેન, વાઇસ ચેરમેન સહિત નવ કમિટી સભ્યોએ રાજીનામા આપેલ હોઈ મંડળીમાં વહીવટદાર/કસ્ટોડીયન મુકવા બાબતનો તા. ૧૨–૨–૨૦૦૨ના રોજની વ્યવસ્થાપક કમિટીની બેઠકમાં કરેલ ઠરાવની નકલ સહિત તા. ૧૪–૨–૨૦૦૨ના પત્રથી કરેલ લેખિત રજુઆત મુજબ પ્રવર્તમાન આર્થિક સ્થિતીને કારણે થાપણદારો, સભાસદોનુ હિત ધ્યાનમાં લેતાં મંડળીના તમામ કમિટી સભ્યો સ્વૈચ્છિક રાજીનામાં આપેલ હોઈ, મંડળીમાં વહીવટદાર મુકવા લેખીતમાં રજુઆત કરેલ છે.

મંડળી તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી મુજબ ૧૧ કમિટી સભ્યો પૈકી ૯ કમિટી સભ્યોએ રાજીનામાં આપેલ છે, ત્રણ કમીટી સભ્યોએ મંડળીમાંથી લીધેલ ધિરાણના કિસ્સામાં મુદતવિતી બાકીદાર છે, તથા ત્રણ કમીટી સભ્યો સતત ચાર કે તેથી વધુ વખત વ્ય કમીટીની બેઠકમાં ગેરહાજર રહેલ છે, આમ તેઓ કમીટી સભ્ય તરીકે પેટા નિયમ ૨૮(અ)(૩)(૪) મુજબની નક્કી કરેલી લાયકાતો ધરાવતા નથી તેથી આપોઆપ વ્ય. કમીટી સભ્યપદેથી દુર થયેલા ગણાય, આમ ૧૧ કમીટી સભ્યો પૈકી ૯ કમીટી સભ્યોએ સ્વૈચ્છિક રાજીનામા આપેલ હોવાથી અને બાકીના ૨ સભ્યો કમીટી સભ્ય તરીકેની લાયકાત ગુમાવતા હોવાથી મંડળીમાં વહીવટ કરવા કોઇ કમીટી સભ્ય રહેતા નથી.

મંડળીના વહીવટ બાબતે ખુલાસો કરવા અત્રેની કચેરીની તા. ૧૪–૨–૨૦૦૨થી આ પત્રમાં આવેલ કારણદર્શક નોટીસના જવાબમાં અત્રેની કચેરીએ તા. ૧૮–૨–૨૦૦૨ના રોજ હાજર રહેલ ૬ કમિટી સભ્યોએ આપેલ લેખિત નિવેદનમાં જણાવ્યા મુજબ કારણદર્શક નોટીસમાં દર્શાવેલ મુદ્દાઓ સાથે સહમત હોવાનું કબુલ કરેલ છે, અને મંડળીનો વહીવટ સરકારશ્રી સંભાળી લે તેવી વિનંતી કરેલ છે, એક કમિટી સભ્યએ લેખિતમાં મોકલેલ પત્ર મુજબ નોટીસના મુદ્દાઓ બાબતે કોઈ વાંધો નથી અને અત્રેની કચેરી તરફથી જે નિર્ણય લેવામાં આવશે તે માન્ય છે.

આમ ઉપર જણાવેલ તમામ બાબતોને અનુલક્ષીને સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળની કાર્યવાહી કરવી તે મંડળીના તથા સભાસદોના હિતમાં જણાતાં મંડળી હાલની વ્યવસ્થાપક કમિટીની જગ્યાએ વહીવટદારની નિમણુંક કરવી ઉચિત જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. જે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૮૧ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી આનંદ ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. આણંદ તા. જી. આણંદ કે (જેનો નોંધણી નંબર સે–૨૭૦૫૪ તા. ૧૧–૫–૧૯૬૪ છે) ની હાલની વ્યવસ્થાપક કમીટીને વહીવટથી દુર કરી મંડળીનો વહીવટ ચલાવવા સારૂ શ્રી આર. કે. દરજી, મુ. નડીઆદ, તા. નડીઆદ, જી. ખેડાની વહીવટદાર તરીકે નિમણુંક કરું છું. સદર નિમણુંકનો સમય વહીવટદાર તરફથી ચાર્જ સંભાળ્યા તારીખથી છ (૬) માસ માટેનો રહેશે વહીવટદારનું મહેનતાણું હવે પછી નક્કી કરવામાં આવશે.

આણંદ, તા. ૨૦–૨–૨૦૦૨.

એમ. જે. પરમાર,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણમાં લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧નો કલમ ૮૧ હેઠળની જોગવાઇ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ધ–૧/૬૭૧ તા. ૨૯–૬–૨૦૦૧.

INDEX

જા. નં. વહટ/૦૧/ધ–૧/૮/૦૨.–ધી વાઘોડીયા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. મુ. તા. વાઘોડીયા, જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી 'મંડળી' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) સંઘે બેંકની વાઘોડીયા શાખામાંથી ખાતર, દવા, બિયારણના વેચાણનો ધંધો કરવા શાનગીરી કેશક્રેડીટની સવલત મેળવેલ રૂા. ૨,૦૦,૦૦૦/– કંટ્રોલ શાનગીરી કેશક્રેડીટ તથા રૂા. ૧,૦૦,૦૦૦/– ની જીન કંટ્રોલ કેશક્રેડીટ પાકતી તારીખ ૧૬–૪–૮૭ માટે આપવામાં આવેલ હાલમાં કુલ બાકી રૂા. ૧૭,૨૭,૬૬૦/– છે જે મુદત વીતી છે.

(૨) સંઘના હોદ્દારો બેંકની કેશક્રેડીટ નિયમિત ભરવામાં નિષ્ફળ ગયેલ છે સંઘમાં ૨૧ જેટલા બાકીદારો મુદત-વીતી છે. જેઓ પાસે લેણી રકમ કા. ૩,૫૪,૭૬૭/– તથા વ્યાજની મોટી રકમ બાકી પડે છે

(૩) સંઘમાં છેલ્લા ૧૧ વર્ષથી વસુલાત સ્થગિત છે.

(૪) સંઘના ૧૫ વ્યવ. કમિટિ સભ્યો પૈકી ૩ મુદતવીતી બાકીદારો પાસે રૂા. ૪૬૭૨૨/- મુદ્દલ ઉપરાંત વ્યાજની મોટી રકમ વસુલ કરવાની બાકી છે. તેઓ કમિટિમાં ચાલુ રહી શકે નહિ તેમને છુટા કરવાની કાર્યવાહી હાથ-વામાં નિષ્ફળ નીવડેલ છે.

(૫) સંઘની વ્ય. કમિટિ/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. સંઘના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

આમ, ઉપરોક્ત વિગતો જોતા મંડળી મજબુતની નાણાં-કીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઈ શક્યતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીનાં વ્યવસ્થાપક કમિટીને દુર કરી તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમિટીને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે. પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઈ મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ થયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઈ, આ સંજોગોમાં મંડળીને બેંકના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એમ. જે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી વાઘોડીયા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વાઘોડીયા, જીલ્લો વડોદરાની વ્યવસ્થાપક કમિટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો–ઓપ. બેંક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધીન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજમરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જીલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતી હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતે અહેવાલ નિયમિત રીતે મોકલ-વાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કાર્ય-વાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૬–૧–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ હેઠળની જોગવાઇ.

(૨) ધી બરોડા સેન્ટ્રલ કો ઓ. બેન્ક લી. વડોદરાનો તારીખ ૫–૧૧–૨૦૦૧ નો પત્ર

જા. નં. વહટ/૦૧/ધ–૧/૧૯/૨૦૦૨.—ધી આમલીઆરા તાલુકો વડોદરાની ગામોની વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., વડોદરા, જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૮,૫૨,૧૪૦/– મુદ્દલ તથા વ્યાજ અને લાંબી મુદત હપ્તા રૂા. ૪,૪૯,૬૨૧/– બાકી છે.

(૨) મંડળીમાં સભાસદો ઉપર સહકારી ધારાની કલમ-૧૦૬ મુજબ કાર્યવાહી બાકી છે

INDEX

(૩) મંડળીના ૯ વ્યવસ્થાપક કમિટિ સભ્યો પૈકી ૪ કમીટી સભ્યો મુદતવીતી પાકીદાર છે. તેઓ કમીટીમાં ચાલુ રહી શકે નહી. તેમને કમીટીમાંથી દુર કર્યા નથી.

(૪) મંડળીને પાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેનાં વેચાણ મંડળી મારફતે કરવા કોઇ વ્યવસ્થા કરેલ નથી. સભ્ય સદો બાકીદાર વેચાણ કરતા હોઇ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમીટી/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૬) મંડળીના ઓડીટ વર્ગ "ક" છે. મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતા મંડળીના ભંડોળો ધિરાણ બોટમાં ગયેલા જણાઈ આવેલ છે. તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી.

(૭) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઇ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૮) સભાસદ ધિરાણ બાકી રૂા. ૮૦૨૪૪૦—૦૦ તથા વ્યાજ બાકી છે.

(૯) સાધનસુ કક્ષા વિવિધ જોવામાં આવતી નથી. બેંક લોન તથા સભાસદ લોન વચ્ચે ઇનબેલેન્સ આવે છે. મંડળીએ નિયમ વિરૂદ્ધ શાખ ઉપરાંત ધિરાણ કરેલ છે.

(૧૦) મંડળીના મંત્રીની ઉંમર વધુ છે. તેમનાથી મંડળીનું કામકાજ થતુ નથી. દફતર છોડવા કરે છે, છતાં છોડતા નથી. ફક્ત પગાર પુરતી જ વસુલાત કરે છે.

આમ ઉપરોકત વિગતો જોતાં મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં જોવા છે. મંડળીને સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ હોવાનુ જણાવતુ નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતાં જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટીને દુર કરી તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનું મંડળી વહીવટી અને આર્થિક હિતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેંકના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એમ. જે. પરમાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી આમલીઆરા, તા. વડોદરાના ગામોની વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. આમલીઆરા તા. વડોદરા જી. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરૂં છું.

(૧) મંડળીનો રોજમરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૬—૧—૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ હેઠળની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ધ—૧/૪૩૯, તા. ૮—૮—૨૦૦૧.

જા. નં. વહટ/૦૧/ધ—૧/૬૪/૨૦૦૨.— ધી પાલડી સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. મુ. પાલડી, તા. વાઘોડિયા, જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૪૮,૪૬૪ મુદ્દલ તથા વ્યાજ રૂા. ૨,૭૯,૫૭૪—૦૦ બાકી છે.

(૨) મંડળીમાં ૧૨ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ ૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના પાંચ વ્યવસ્થાપક કમીટી સભ્યો પૈકી ૪ કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે. તેઓ કમીટીમાં ચાલુ રહી શકે નહી, તેમને કમીટીમાંથી દુર કર્યા નથી.

INDEX

(૪) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફતે કરવા કોઇ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઇ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમીટી/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રિય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૬) મંડળીનો ઓડીટ વર્ગ "ક" છે. મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતાં મંડળીના ભંડોળો ધિરાણ ખોટમાં ગયેલા જણાઈ આવેલ છે. તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી.

(૭) મંડળીની બેન્ક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમોની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી. પાંચ વર્ષથી ઓડીટ થયેલ નથી. મંડળીનું રેકર્ડ વ્યવસ્થિત નથી. મીટીંગ વ્યવસ્થિત મળતી નથી.

આમ, ઉપરોકત વિગતો જોતા મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃતિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાવતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીનાં વ્યવસ્થાપક કમીટીને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ નથી. મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટી અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેંકના વહીવટ હેઠળ મુકવામાં ઉચિત જણાતા નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૮૬ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી પાલડી સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મુ. પાલડી, તા. વાઘોડીયા જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણૂંક કરું છું.

(૧) મંડળીનો રોજમરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે, તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧–૨–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૬ હેઠળની જોગવાઇ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ધ. ૧/૪૩૭ તારીખ ૮–૮–૨૦૦૧.

જા. નં. વહટ/૦૧/ધ. ૧/૫૯/૨૦૦૨.— ધી શીરોલા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુકામ શીરોલા, તા. ડભોઇ, જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે :—

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૫૨.૪૮ મુદ્દલ બાકી છે, જે પૈકી મુદ્દલ રૂા. ૨૨.૭૩ મુદ્દતવીતી બાકી છે.

(૨) મંડળીમાં ૮૬ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ ૧૦૬ મુજબ લાવવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફતે કરવા કોઈ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઇ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમીટી/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રિય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૫) મંડળીનો ઓડીટ વર્ગ "ક" છે. મંડળીની આર્થિક

INDEX

પરિસ્થિતિ જોતા મંડળીના ભંડોળો ધિરાણ ખોટમાં ગયેલા જણાઈ આવેલ છે તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી.

(૬) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઇ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત ખેંચમાં મુકાયેલ છે.

(૭) મંડળીની બેન્ક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરવામાં આવી નથી.

(૮) બેન્કે મંજુર કરેલ રકમ કરતા ૬ સભાસદોને શાખ ઉપરાંત ધિરાણ કરવામાં આવેલ છે કપાસ એડવાન્સ રૂા. ૪૬,૦૦૦/– બાકી છે.

આમ, ઉપરોકત વિગતો જોતા મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાવાતું નથી, તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટીને દુર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમિટિને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે, પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઇ, મંડળી વહીવટી અને આર્થીક રીતે નિષ્ફળ ગયેલ હોઈ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેંકના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એમ. જે. પરમાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ ૮૩ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી શિરોલા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ., મુકામ શિરોલા, તાલુકો ડભોઇ, જી. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાખેલા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે, અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસીક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૩૦–૧–૨૦૦૨.

———

વંચાણે લીધા :—

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ વડોદરા લગત કચેરીના જા. નં. ફડચ/૦૧/૬–૩૧૫/૨૦૦૨ ની તારીખ ૮–૧–૨૦૦૨ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૧/ધ–૨/૪૩/સને ૨૦૦૨.—ધી માલસર ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. માલસર, તા. શીનોર, જી. વડોદરા, ક્રમાંક બે–૧૫૫૫૨, તારીખ ૨૪–૩–૫૧ થી કરવામાં આવી હતી. અત્રેના તારીખ ૮–૬–૨૦૦૦ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીઓએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાના કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમના તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૫–૨–૨૦૦૨

એમ. જે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
વડોદરા.

———

વાંચો :

(૧) શ્રી ફડચા અધિકારી વલસાડ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.–ઓ. બેંક લી., અને ફડચા અધિકારી શ્રી તેજલાવ સેવા સહકારી મંડળી લિ., ફડચામાંને તા. ૮–૧૧–૨૦૦૧ નો અહેવાલ.

INDEX

(૨) શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (વલસાડ) નવસારીના તા. ૩૧–૮–૧૯૯૪ના હુકમ ક્રમાંક ઉખસ / ફડચ/૨૪૨૦૫/ક–૨૦૮૩/૯૪ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી... ... .નો તા. – – થી તા. ૩૦–૧૦–૨૦૦૧ સુધીનો છેવટનો અહેવાલ, (ફડચા અધિકારી વલસાડ ડી. સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી.,)

આદેશ

ક્રમાંક ઉખસ / ફડચ /ખ–૩/૩૬/૨૦૦૨.— તેજલાવ સેવા સહકારી મંડળી લી., મુ. તેજલાવ, તા. ચીખલી, જી. નવસારી કે જેનો સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક ૪૫૫, તા. ૨૧–૬–૧૯૧૭ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોક્ત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચાનુ કામ સ પૂર્ણ થઇ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોક્ત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ ૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

નવસારી, તા. ૨૮–૧–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, નવસારી.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૧–૧૨–૨૦૦૧ નાં પત્ર ક્રમાંક સહક/૦૧/૪-૩/૯૬૮/૨૦૦૧.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૮–૧૨–૨૦૦૧નાં પત્ર નં. વહટ/૦૧/ધ-૧/૬૪૩/૦૧ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૮૧ ની જોગવાઇ.

જાવક નં. વહટ/૦૧/ધ-૧/૬૫/૨૦૦૨.—ધી નવુ સમા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લીમીટેડ, વડોદરા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

સંસ્થાના હોદ્દેદારોએ સહકારી કાયદાકાનુન તેમજ પેટા નિયમ મુજબ કામગીરી કરવાની રહે છે. વ્યવસ્થાપક કમીટી એ નીચે જણાવેલ વિગતે સહકારી કાયદા કાનુન તેમજ પેટા નિયમ મુજબની ફરજ બજાવવામાં કસુર કરેલ હોય સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ મંડળીને વહીવટદારના નિયંત્રણ હેઠળ મુકવામાં આવે છે.

(૧) મંડળીનાં કાર્યવાહકોએ નફાની વહેંચણી સહકારી કાયદા કાનુન મુજબ ન કરી સહકારી કાયદાની કલમ ૬૭નો ભંગ કરેલ છે. ઓડીટ મેમાની ખામી નંબર ૭ મુજબ મંડળીએ શિક્ષણ ફંડ રૂા. ૫૭૦૫–૭૦ વડોદરા જીલ્લા સહકારી સંઘમાં જમા કરાવ્યા સિવાય ડિવિડન્ડની વહેંચણી કરેલ છે. આમ સહકારી કાયદાનો અને પેટા નિયમનો ભંગ કરેલ છે.

(૨) મંડળીમાં હાથ ઉપર રૂા. ૫૦૦૦/– સિલક રાખવાની મર્યાદા છે. પરંતુ ૨૦૦૦/૨૦૦૧નાં વર્ષની તારીજ જોતા ૧–૭–૨૦૦૦નાં રોજ ઉઘડતી સિલક રૂા. ૨૫૯૪૧–૧૫ પૈસા છે. તથા તારીખ ૩૧–૩–૨૦૦૧નાં બંધ સિલક રૂા. ૪૮૬૨૦–૨૬ પૈસા છે. આમ, હાથ ઉપર સિલક વધુ રાખી પેટા નિયમનો ભંગ કરેલ છે તથા મંડળીને વ્યાજ ખાતે પડેલ છે.

(૩) સલામસદ ફરજીયાત બચતમાં રૂા. ૪૦–૨૫ તથા લોન ધિરાણમાં રૂા. ૧૬૨૬૭/–નો તફાવત આવે છે.

(૪) મંડળીના મુળતવીતી બાકીદારો સામે નિયમીત યોગ્ય કાર્યવાહી થતી નથી. તેમજ ધિરાણ રજીસ્ટર પણ નિભાવેલ નથી.

(૫) સને ૨૦૦૦/૨૦૦૧ના વર્ષનું નફા નુકસાન ખાતું જોતા ૭૦/–રૂા. દાખલ ફી ની આવક ખાતે જમાં લીધેલ છે. સદર રકમ રીઝર્વ ફંડ ખાતે લઈ જવાની હોય છે.

ઉપરોકત કારણો હેઠળ સહકારી કાયદાની કલમ ૮૧ અનુસાર કારણદર્શક નોટીસ આપી તારીખ ૮–૧–૨૦૦૨ તથા તારીખ ૨૯–૧–૨૦૦૨ના રોજ રૂબરૂમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી, તારીખ ૮–૧–૨૦૦૨નાં રોજ કોર્ટ કમીટી સભ્ય હાજર રહેલ નથી. તેમજ જણાવેલ છે કે બે ભાઈ તેમની કચેરીનાં આવેલ હતાં પરંતુ જીલ્લા રજીસ્ટ્રારશ્રીની કચેરીએ તાળું હોવાથી પરત ગયેલ હતાં તેવો જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર અને યોગ્ય જણાતો નથી. કારણ કે તેઓએ હાજર રહેવા બાબતે ફાઈલ ઉપર કોઇ નોંધ કરાવેલ નથી. કે લેખિતમાં પણ આ બાબતે કોર્ટ રજુઆત કરેલ નથી.

તારીખ ૨૯–૧–૨૦૦૨નાં રોજ ફરીથી આપવામાં આવેલ સુનાવણીમાં મંડળીના પ્રમુખ મંત્રી અને એક કમીટી સભ્ય એ હાજર રહી નિવેદન આપેલ કે નોટીશના જે મુદ્દા જણાવેલ તે બાબતે કરેલ રજુઆત પણ ગ્રાહય રાખવા પાત્ર જણાતી નથી. સંસ્થાની તા. ૮–૧–૨૦૦૨ના રોજ મળેલ વ્યવસ્થાપક કમિટીમાં પણ સદર નોટીસ બાબતે કોર્ટ વિચારણા કરવામાં

INDEX

આવેલ નથી. કે ઠરાવ કરવામાં આવેલ નથી. અને તે સ્પષ્ટ કરે છે કે મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન મુજબ યોગ્ય રીતે કરવામાં આવતો નથી.

આમ, કમિટી વહીવટ ચલાવવા સક્ષમ નથી. પરીણામે મંડળી અને સભાસદોના આર્થિક તેમજ વહીવટી હિતોને નુકશાન કર્તા હોવાનું સ્પષ્ટ થાય છે. તમામ બાબતો જોતા મંડળીમાં વહીવટદાર નિમવા યોગ્ય જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એમ. જે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા મને મળેલ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ અનુસાર ધી ન્યુ સમા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. વડોદરાની વ્ય. કમીટીને દુર કરી મંડળીમાં વહીવટદાર તરીકે શ્રી એલ. કે. પ્રજાપતીની નિમણુંક મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી ૧ વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી કરૂં છું.

(૧) મંડળીનો રોજ બરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદાર નો મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે

(૨ વહીવટદારશ્રીએ વ્ય. કમીટીનાં તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતો વખત જીલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતી હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસીક પ્રગતી અહેવાલ નિયમીત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમીત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧-૨-૨૦૦૨.

એમ. જે. પરમાર,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણમાં લીધો :—

જીમ્સ વાલ્મીના કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સ. નં. લી. મુ. વડોદ, તા. આણંદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાક ફડચ/૦૧/ચ/ ૩૭૯/૨૦૦૧, તારીખ ૩૧-૧૨-૨૦૦૧.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૪૦/૨૦૦૨.—જીમ્સ વાલ્મીના કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મુકામ વડોદ, તા. આણંદ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત આણંદની ઓફીસના નોંધ નંબર સે-૩૦૯૭૨, તા. ૩૦-૮-૯૯ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) ગ્રેડ-૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં " ૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તા. ૨૧-૨-૨૦૦૨.

વંચાણમાં લીધા :-

(૧) એલીકોન એમ્પ્લોઇઝ કો. ઓપ. ક્રેડીટ સો. લી. ને ફડચામાં લઇ જવાનો આ કાર્યાલયનો હુકમ ક્રમાંક ઉખસ/ક-જ/ ફડચ/ચ/૧૪૫/૨૦૦૧, તા. ૧-૫-૨૦૦૧.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૦૫/ચ/૪૩ / ૨૦૦૨.- એલીકોન એમ્પ્લોઈઝ કો. ઓપ. ક્રેડીટ સો. લી. વલ્લભ વિદ્યાનગર, મું. વલ્લભ વિદ્યાનગર, તા. આણંદમે જી. આણંદને આ કાર્યાલયના ઉપરોક્ત વંચાણે લીધેલ હુકમથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે મેનેજર ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી મંડળી લી. નડીઆદની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમાં લઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૮(૩) અન્વયે મળેલ અધિકારની રૂએ મેનેજર ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીઆદની નિમણુંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ખેડા જીલ્લા મધ્યથ સહકારી બેંક લી. નડીઆદની નિમણુંક કરૂં છું.

આણંદ, તા. ૨૧-૨-૨૦૦૨.

વંચાણમાં લીધા :—

રાવલી સેવા સહકારી મંડળી લીમીટેડ તાલુકો પેટલાદ ને ફડચામાં લઇ જવાનો આ કાર્યાલયનો હુકમ ક્રમાંક ઉખસ/કજ/ ફડચ/ચ/૨૧૨/૨૦૦૧, તા. ૯-૭-૨૦૦૧.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૧૫/ચ/૪૫/૨૦૦૨.— રાવલી સેવા સહકારી મંડળી લી. રાવલી, મુ. રાવલી, તા. પેટલાદ, જીલ્લો

INDEX

આણંદને આ કાર્યાલયના ઉપરોકત વંચાણે લીધેલ હુકમથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે મેનેજર શ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમાં લઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારની રૂએ મેનેજર શ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની નિમણુંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની નિમણુંક કરું છું.

આણંદ, તા. ૨૧–૨–૨૦૦૨.

વંચાણમાં લીધાં :—આણંદ મ્યુ. એમ્પ. કો. ઓપ., ક્રેડીટ સોસા ને ફડચામાં લઇ જવાનો આ કાર્યાલયનો હુકમ ક્રમાંક ઉખસ/ક–૪/ફડચ/ચ/૧૯૬/૨૦૦૧, તા. ૫–૭–૨૦૦૧.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૦૬/ચ/૪૪/૨૦૦૨.—આણંદ મ્યુ. એમ્પ. કો. ઓપ ક્રેડીટ સો લી. આણંદ, મુ. આણંદ, તા. આણંદ, જી. આણંદને આ કાર્યાલયના ઉપરોકત વંચાણે લીધેલ હુકમથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે મેનેજર શ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમાં લઇ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારની રૂએ મેનેજર શ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની નિમણુંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની નિમણુંક કરું છું.

આણંદ, તા. ૨૧–૨–૨૦૦૨.

(સહી) અધ્યક્ષ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. જી. પં. સહક/નધણ/૨૦૨/સે/૨૮૪૦૯/૨૦૦૨.–જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી સુરપુરા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સુરપુરા, તાલુકો બેચરાજી, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની કલમ–૯ (૧)–(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૮–૨–૨૦૦૨.

નં. જી. પં. નધણ/સહક/૨૨૩/મ/૨૮૪૦/૨૦૦૨.–જીલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી અર્બુદા જુથ કન્ઝયુમર્સ ગ્રાહક ભંડાર, સતલાસણા, મર્યાદિત સ્થળ સતલાસણા, તાલુકો સતલાસણા, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦ ના કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૮–૨–૨૦૦૨.

ક્રમાંક જી. પં. નધણ/સહક/૨૩ /ધ–૧૬૮૪૯/૨૦૦૨.—જીલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી શિવસાગર કો. ઓ. હાઉસીંગ મેસાયટી લી. મર્યાદિત સ્થળ બેચરાજી, તાલુકો બેચરાજી, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૮–૨–૨૦૦૨.

ક્રમાંક જી. પં. સહક/નધણ/૧૯૭/સે–૨૮૪૦૮/૨૦૦૨.—જીલ્લા પંચાયત મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી સીંદ્રાણા સેવા સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સીંદ્રાણા, તાલુકો મહેસાણા, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૮–૨–૨૦૦૨

INDEX

ક્રમાંક જી પં./નધણ/સહક/૨૧૩ / ખે–૮૮૩૭/૨૦૦૨.—જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી દેદાસણ પિયત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ દેદાસણ, તાલુકો ખેરાલુ, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૮–૨–૨૦૦૨.

ક્રમાંક જી. પં./નધણ/સહક / ૨૦૭/ખે–૪૮૩૬/૨૦૦૨.—જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી નુ ઉમિયા પિયત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ગવાડા, તાલુકે વિજાપુર, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની કલમ ૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૮–૨–૨૦૦૨.

ક્રમાંક જી.પં./નધણ/સહક/ ૨૧૮ / સે–૨૮૪૦૭/૨૦૦૨.—જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી સુરપુરા ગોપલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સુરપુરા, તાલુકો બેચરાજી, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૮–૨–૨૦૦૨.

ક્રમાંક જી. પં. નધણ/સહક/૨૨૮/ધ–૧૬૮૪૮/૨૦૦૨.—જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી આસોપાલવ કો. ઓ. હા. સો. લી., મર્યાદિત સ્થળ બેચરાજી, તાલુકે બેચરાજી, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦) નાં કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૮–૨–૨૦૦૨.

વિનોદ મોદી,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં,
જિલ્લા પંચાયત, મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

મેન્ડલ ક્રમાંક નધણ/૪૭૪૧/ક-૨/૫૬/૧૫૫૭/સે-૩૩૧૩૧/૨૦૦૨.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સિધ્ધિ વિનાયક ક્રેડીટ એન્ડ સપ્લાય કો. ઓ. સો. લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો, સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૮–૨–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ડલ ક્રમાંક નધણ / ૪૭૪૨ / ક-૨ / ૫ / ૧૫૫૬ / સે-૩૩૧૩૨/૨૦૦૨.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી યોગેશ્વર કો. ઓ. એન્ડ સપ્લાય સો. લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકે, સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૮–૨–૨૦૦૨.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(શહેર), અમદાવાદ.

ક્રમાંક નધણ/૦૧/ક-૨/૧૪/સે-૩૧૮૭૬/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે શ્રી મોઢેશ્વરી કો. એ. ક્રેડીટ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભરૂચ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચ સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૯–૨–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
ભરૂચ.

જાહેરનામું

સે ક્રમાંક : ઉખસ/નધણ/મસમ/ખ.૨/૧૧૦/ઉ-૧૨૧૪૦/૨૦૦૨.—જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે. કે, ધી વિજય મજુર કામદાર સહકારી

INDEX

મંડળી લી. નવા ઢીંકવા, મર્યાદીત સ્થળ નવાઢીંકવા, તાલુકો હાલોલ જી. પંચમહાલ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૨) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૨–૨–૨૦૦૨.

એમ. એન. તબિયાર,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ગોધરા.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ/૨૨૧-૨૮/ખે / ૫૫૧૮ / ૨૦૦૨.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી અર્બુદા પિયત સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ મોરડ, તાલુકો વડાલી, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૧૨–૨–૨૦૦૨.

જાહેરનામું

ક્રમાંક સહક / નધણ/વ/૨૨૫–૩૬/ખે / ૫૫૧૯ / ૨૦૦૨.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી પાઝ પિયત સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ પાઝ, તાલુકો ઈડર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૧૨–૨–૨૦૦૨.

જાહેરનામું

ક્રમાંક સહક / નધણ / વ/૨૩૦–૪૪ / ૨૦૦૨. —સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી સી. જી. મહેતા વિદ્યામંદિરના કર્મચારીઓની ધિરાણ / ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ઉમેદગઢ, તાલુકો ઈડર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

હીંમતનગર, તા. ૧૨–૨–૨૦૦૨

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ/૨૫૮-૬૫/સે/ ૩૨૮૪૦ / ૨૦૦૨.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી નવા વેણપુર ગૃપ સેવા સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ નવા વેણપુર, તાલુકો ભીલોડા, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૧૪–૨–૨૦૦૨.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ/૨૬૬-૭૩/સે / ૩૨૮૪૧ / ૨૦૦૨.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, જાંબુડી (ઠમુણી) ગૃપ સેવા સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ જાંબુડી (ઠમુણી) તાલુકો ભિલોડા, જિલ્લા સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનર, ૧૪–૨–૨૦૦૨.

જાહેરનામું

ક્રમાંક, સહક/નધણ/વ/૨૧૪–૮૧ /સે/૩૨૮૪૪/૨૦૦૨.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી હિંમતનગર તાલુકાની સેવા સહકારી મંડળીઓના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ હિંમતનગર; તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૧૪–૨–૨૦૦૨.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ/૨૮૨–૮૯/સે/ ૩૨૮૪૩ / ૨૦૦૨.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી ધનસુરા તાલુકા હાઈસ્કુલ કર્મચારી ગ્રાહક-ધીરાણ સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ધનસુરા, તાલુકો ધનસુરા, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર તા. ૧૪–૨–૨૦૦૨.

INDEX

જાહેરનામું

ક્રમાંક સહક/નધણુ/વ/૨૯૦–૯૭ / ઉ/ ૬૨૨૩/૨૦૦૨.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી ચાંપા ઉનીગાલીચા વણાટ ઉત્પાદક ઔદ્યો. સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ચાંપા, તાલુકો ઈડર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૧૪–૨–૨૦૦૨.

જાહેરનામું

ક્રમાંક સહક / નધણુ/વ /૨૯૮–૩૦૫/ઉ/૬૨૨૪/૨૦૦૨.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી મંગલમ ઉનીગાલીચા વણાટ / સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ કાળીડુંગરી, તાલુકો ભિલોડા, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર તા. ૧૪–૨–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, સા. કા. જિ. પં.
હિંમતનગર વતી.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—SA-14-3

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, MARCH 21, 2002 / PHALGUNA 30, 1923 [No. 12

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	501-523
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	12
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	149-159
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	6593—7078

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માંની પેટા-કલમ ૩૭ (૧) ૩ હેઠળનું

ક્રમાંક એસ.બી. / જાહેરનામું / ૦૭/૨૦૦૨.— નંબર ૭/ગપક/વશી / ૨૦૦૨ સુરત જિલ્લામાં ૧૬૫ મહુવા (અ.જ.જા.) વિધાનસભાની ચુંટણી અંગે થયેલ મતદાનની મતગણતરી તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ કલાક ૭-૦૦ થી થનાર છે. મતગણતરીના સ્થળ નીચે મુજબ છે. ઉપરોકત મતગણતરી સ્થળે-સુલેહશાંતિ જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુસર મતગણતરી સ્થળની આજુબાજુમાં ૧૦૦ મીટરના ઘેરાવામાં ચાર (૪) કે તેથી વધુ વ્યકિતઓને ભેગા થવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

INDEX

જેથી હું, વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માંની પેટા-કલમ ૩૭(૧)૩ થી મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે સદરહુ વિસ્તારમાં તારીખ ૨૧ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના કલાક ૧૭--૦૦ વાગ્યાથી તારીખ ૨૪ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના કલાક ૨૪--૦૦ વાગ્યાસુધી આથવા મત ગણતરી પુર્ણ થાય તે બે માંથી જે મોડું હોય તે સમય સુધી ચાર (૪) કે ચારથી વધુ વ્યકિતઓને ભેગા થવાની સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વિસ્તાર :—

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના નીચે મુજબના મતગણતરીના સ્થળો —

(૧) ડો. એસ. એન્ડ એસ. એસ. ગાંધી એન્જીનીયરીંગ કોલેજ મજુરા ગેટ સુરત.

વધુમાં હું, આદેશ કરૂં છું કે આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) મત ગણતરી કાર્યમાં રોકાયેલા વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી સરકારી નોકરી કે રોજગારમાં હોય તે-- વ્યકિતઓને—

(૩) કોઈ લગ્નના વરઘોડાને કોઈ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી/પ્રા. શિ./ઉગપક/જાહેરનામું / ૮ / ૨૦૦૨.— સુરત, શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારમાં કેટલાક પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનીફોર્મ ધારણ કરે છે. તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ ઉત્પન્ન થાય છે. પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ કેટલીક વખત ખાખી યુનીફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવો નજીવા ફેરફારથી આમ જનતાની દૃષ્ટી અને સમાજમાં કોઈ ફેરફાર પડતો નથી અને આવા નજીવા ફેરફાર સામેના ખાખી યુનીફોર્મ ધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનીફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દૂરઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામત માટે જોખમકારક હોવાનું માનવું છે.

પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ ખાખી યુનીફોર્મ હોવાથી ઘણી વખત તેઓનો ખાખી યુનીફોર્મ અવ્યવસ્થિત હોય છે. વાળ લાંબા રાખે છે. ચંપલ ધારણ છે. અને પોતે યુનીફોર્મમાં પાન ચાવતા હોય છે. અને સિગારેટ, બીડી, ફૂંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે. અને આવા ખાખી યુનીફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ આ જનતા ની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે. અને તેથી પોલીસ ની અસરકારકતા ઘટે છે.

ઉપરોકત હકિકત હોય અને આ પ્રવૃત્તિ હાલમાં વધતી જતી હોય તે અટકાવવા માટે આ પરિસ્થિતિનું તાત્કાલીક નિરાકરણ અનિવાર્ય બનેલ છે.

વાસ્તે હું વિનીત કુમાર ગુપ્તા આઈ.પી.એસ. પોલીસ કમિશનર સુરત શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/ ૧૦૮૦/એમ. અને ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૮૯થી બહાર પાડવા માં આવેલા સંકલિત જાહેરનામા માં જેનું પુનરાવર્તન નંબર જીજી/૧/૧૦૮૮/૬૭૫૦/મ, થી થયેલ છે. તે અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેથી સુરત શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનર શ્રી અને મદદનીશ પોલીસ કમિશનરશ્રીને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિનિયમનો ઉપયોગ કરવા સારૂ ખાસ અધિકૃત કરવામાં આવેલા છે.

હુકમ

જેથી ઉપર જણાવ્યા મુજબ મને મળેલ સત્તાની રૂએ સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના તમામ વિસ્તારમાં તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૨ના કલાક ૦૦/૦૦ થી તારીખ ૧૮મી એપ્રિલ ૨૦૦૨ના કલાક ૨૪/૦૦ સુધી નીચેનું કૃત્ય કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કોઈપણ ખાનગી સિકયુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનીફોર્મ ધારણ કરવો નહીં કે પોલીસ જેવો દેખાવ કરવો નહીં કે પોલીસ જેવા સ્ટાર પણ લગાડવા નહી.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળનું.

ક્રમાંક ઉ/ગપક/એસ.બી./ જાહેરનામું / ૯/ વશી / ૨૦૦૨.— સુરત શહેરમાં શાંતી અને સલામતીજાળવવા પગલાં લેવા જરૂરી જણાતુ હોવાથી વાસ્તે હું, વિનોત કુમાર, ગુપ્તા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ માંની પેટા-કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ ક. ૦૦-૦૦ થી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી લાકડી, ચપ્પુ અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા ખૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય-વગાડવાની.

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી ભાષણ આપવાથી અથવા નિશાની ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :— આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

———

જાહેરનામું

મુંબઈ પોલિસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨) ની કલમ-૩૭(૩) અન્વયે :

ક્રમાંક એસ.બી. / જાહેરનામું / ૧૦/૨૦૦૨. — નંબર ઉ/ગપક/ વિ.શા. / ૨૦૦૨.— ગોધરા ખાતે કાર સેવકો ઉપર થયેલ હુમલાના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદે તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ ગુજરાત બંધનું એલાન આપેલ છે. તે સંબંધે સુરત શહેરની સુલેહ શાંતિ તેમજ સલામતી અંગે ભય ઉપસ્થિત થવાનો સંભવ છે. જે અટકાવવા અંગે સાવચેતીના પગલા રૂપે.

વાસ્તે હું વી. કે. ગુપ્તા આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨) માંની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું, કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ કલાક 00-00 થી તારીખ ૧૦ મી માર્ચ, ૨૦૦૨ કલાક ૨૪--00 સુધી ચાર કરતા વધારે માણસો એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

વિસ્તાર :— સમગ્ર પોલીસ કમિશનરેટનો હકુમત હેઠળનો વિસ્તાર.

સ્પષ્ટીકરણ :— રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી હોમગાર્ડ દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને / કોઈ સ્મશાન યાત્રાને.

(૪) પરવાનગી મેળવી ભરાતી સભા કે સરઘસને.

આ હુકમને ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ મારી સહી-સિક્કા કરી આપેલ છે.

આમુખ

ક્રમાંક ઓલ. બી./ચેનલ પ્રસારણ/૬૯૪૨/૨૦૦૨.—તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા રેલ્વે સ્ટેશન પાસે સાબરમતી એકસપ્રેસ ટ્રેનમાં મુસાફર કરી રહેલાં માણસો ઉપર થયેલા જાનલેવા હુમલાનાં કારણે આવતીકાલે તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨નાં રોજ સમગ્ર ગુજરાત બંધનું એલાન થયેલ છે અને તે અન્વયે અન્ય કાર્યક્રમો પણ જાહેર થાય તેવી શકયતા રહે છે.

આવા બંધ અને બીજા કાર્યક્રમો દરમ્યાન બનેલા બનાવોને ઘણી વખત ટી.વી. ચેનલો ઉપર જે રીતે દર્શાવવામાં આવે છે અને જે રીતે દર્શાવવામાં આવે છે અને જે રીતે તેના સંદર્ભમાં નિવેદનો અથવા પ્રવચનો કરવામાં આવે છે તેથી ઘણીવખત કોમી તંગદીલી વધવા પામે છે અને બૂબજ ઉશ્કેરાટ થાય છે જેના કારણે નાના બનાવો પણ મોટા સ્વરૂપ લઈ શકે છે અને લોકોમાં બૂબ જ આકરા પ્રસરે છે અને વાતાવરણ વધુ તંગ થાય છે.

જેથી સુરત શહેરમાં જાહેર વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિનો ભંગ ન થાય તે હેતુથી જાહેર હિતમાં નીચે મુજબનો આદેશ જારી કરવામાં આવે છે.

આદેશ

કેબલ ટેલિવિઝન નેટવર્ક રેગ્યુલેશન અધિનિયમ, ૧૯૯૫ની કલમ ૧૯થી મળેલ સત્તાની રૂએ તેમજ ગુજરાત સરકારના માહીતી પ્રસારણ અને પ્રવાસન વિભાગનાઓ ના તારીખ ૧૯ જાન્યુઆરી ૧૯૯૬ના સત્તા સોંપણીના જાહેરનામાને ધ્યાને લેતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

INDEX

સુરત શહેરમાં આમુખામાં વર્ણવેલ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨નાં ગોધરા રેલ્વે સ્ટેશન ઉપરના પ્રસંગના પ્રત્યાઘાતરુપે જો ગુજરાત બંધ કે અન્ય વિરોધ પ્રદર્શન કરતાં કાર્યક્રમો જાહેર થાય અને આ કાર્યક્રમો દરમ્યાન કોમી તંગદીલી ફેલાય કે કોમી બનાવે બને તેવા કિસ્સાઓનું વારંવારનું પ્રસારણ કે આ કિસ્સાઓ અંગે પ્રજાજનોના સંવાદો, મુલાકાતો કે ધાર્મિક કે રાજકીય આગ્રાણીઓ ના સંવાદો, મુલાકાતો કે તેમના વ્યકિતગત અનુમાનો, અભિપ્રાયોના પ્રસારણ ઉપર અને તેની વિવેચનાનું કેબલ ટેલિવિઝન નેટવર્ક ઉપર પ્રસારણ કરવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે. આ આદેશ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ થી તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

વી. કે. ગુપ્તા
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ મુજબનો હુકમ.

નંબર પી.સી.ઓલ. (૧) વશી / ૮૪૫.— તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ ગોધરા મુકામે રેલ યાત્રિકોને સળગાવી મુકવાનો પ્રસંગ બન્યા બાદ તેના પ્રત્યાઘાતો સર્વત્ર ફેલાયેલ છે. તેમજ તે રીતે નડીયાદ શહેરમાં પણ તેના ઓવળા પ્રત્યાઘાતો પડયા છે. લોકો જાહેરમાં આવી તેની પ્રતિક્રિયા વ્યકત કરતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કાબુબહાર જવાના અને હિંસા થવાની તમામ શકયતાઓ રહેલ છે. આ પરિસ્થિતિનું નિવારણ કરવા અને તેને તાત્કાલિક અટકાવવા ઝડપી ઉપાયો યોજવાનું જાહેર સુલેહ શાંતિના હિતમાં છે.

વાસ્તે, હું, બી. એમ. જોષી, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા–નડિયાદ આથી ફરમાવું છું કે, નીચે દર્શાવિલ અનુસુચિમાં નિર્દેશ કરેલા વિસ્તારના રહેવાસીઓએ અને તેમાં અવર જવર કરનારા અને પ્રસંગોપાત આવનારાઓએ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી વિસ્તાર પુરતુ અનુસુચિમાં દર્શાવિલ કલાકો દરમ્યાન ઉપર્યુકત વિસ્તારની અંદર આવેલા કોઈપણ માર્ગ જાહેર રાહદારી રસ્તા, રાજમાર્ગ, શેરી, ગલી, પેટા ગલીમાં સવારી કરવી નહીં વાહન હંકારવું નહીં, ચાલવું નહીં, ઉભું રહેવું નહીં, રખડવું નહીં અથવા હરવું ફરવું નહીં અથવા તેનો બીજો કોઈ રીતે ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	સમય
(૧) નડીયાદ નગરપાલિકા હદમાં-કનીપુરા નાકા શાંતીફળીયા-વિશ્વનગર ફલેટ કુંભાર-ચાલી લઘુભાઈ છીંડું-અમદાવાદી બજાર પાંચ--હાંટડી, ખારાકુવા, ડભાણ--ચોકડી વિસ્તાર અલારપુરા, બોમ્બે રેસ્ટોરન્ટ.	અચોક્કસ મુદત સુધી-વખતો વખત છુટછાટ-આપવામાં આવે તે સમય સિવાયનો સમય.

આ હુકમ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી નડીયાદ તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી નડીયાદ સિવાય આ અર્થે તેમણે અધિકૃત કરેલ અધિકારી પાસેથી પરમીટ ધરાવતા વ્યકિતઓને તથા ફરજ પરના પોલીસ કર્મચારીઓ અને ફાયરબ્રિગેડના કર્મચારીઓ તેમજ આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૨૮ મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ ખેડા-નડીયાદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨ માં)ની કલમ-૩૭ની પેટા-કલમ (૩) હેઠળ :

નંબર ડી.એમ.એ.જી. / બીપીએ / ૨/૨૦૦૨ / વશી / ૮૦૧—યુ થી ૮૫૫-યુ.— ગોધરા મુકામે તારીખ ૨૭ મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ સાબરમતી ટ્રેન ઉપર થયેલ હુમલા અને આગ લગાડવાના બનાવના સંદર્ભે તથા તારીખ ૨૮ મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા આપાયેલ ગુજરાત બંધના એલાનથી જિલ્લામાં સરઘસ વિગેરે નિકળવાની શકયતા હોવાથી તથા જિલ્લામાં કોમી-રમખાણો હુલ્લડો કે કોઈ બખેડો થાય નહીં અને જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે માટે બનાસકાંઠા વિસ્તારમા ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ ની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

સબબ તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ના ૨૨ માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ હું એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બનાસકાંઠા આથી બનાસકાંઠા જિલ્લાના તમામ વિસ્તારમાં તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ થી તારીખ ૧ લી માર્ચ, ૨૦૦૨ સુધીની (બંને દિવસો સહીત) મુદત માટે ચાર કે ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળીને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારની નોકરીમાં તથા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો કોઈ ભંગ ઉલ્લંઘન કરવા બદલ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ ૩ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫ માંની) કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, સને ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબ.—

ક્રમાંક ડી.બી.પી.એ. / ૩ / ૨૦૦૨ / વશી / ૯૧૧ થી ૯૬૫ યુ.— તારીખ ૨૭ મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ ક. ૭.૧૫ વાગે દિલ્હીથી અમદાવાદ આવતી સાબરમતિ એક્ષપ્રેસ ટ્રેનના કારસેવકો ઉપર થયેલ હુમલા તેમજ આગ ચાંપવાના બનાવ અનુસંધાને હાલમાં ઉભી થયેલ કોમી તંગદીલી ઉપરાંત આગામી તારીખ ૧૧ મી માર્ચ ૨૦૦૨ થી ધોરણ ૧૦ તથા ૧૨ ની પરીક્ષાઓ શરૂ થતી હોઈ તથા તારીખ ૧૨ મી માર્ચ ૨૦૦૨ ના રોજ મહાશીવ રાત્રીનો પર્વ આવતો હોઈ અને તારીખ ૨૫ મી માર્ચ. ૨૦૦૨ ના રોજ મુસ્લીમ ભાઈઓનો મહોરમ / તાજીયાનો તહેવાર આવતો હોઈ ઉપરોક્ત ધ્યાનમાં લઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈ વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રુચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં.

વાસ્તે હું, એમ. બી. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મના કરું છું.

આ હુકમ તારીખ ૧ લી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૩૧ મી માર્ચ. ૨૦૦૨ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથીયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેમણે અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજ રોજ તારીખ ૧લી માહે સને ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

હુકમ

ફોર્મ નં. ૨૪

અડચણ, હુલ્લડ વિગેરે અટકાવવા અંગેનો મેજિસ્ટ્રેટનો હુકમ.

(જુઓ કલમ—૧૪૪)

નંબર ડી.એમ.એ.જી.કિ.પો. કો. કલમ-૧૪૪ / વશી / ૯૬૬ થી ૧૦૧૬ યુ.— ગોધરા મુકામે તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ સાબરમતી ટ્રેન ઉપર થયેલ હુમલા અને આગ લગાડવાના બનાવના સંદર્ભે તથા તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા આપાયેલ ભારત / ગુજરાત બંધના એલાનથી જિલ્લામાં સરઘસ વિગેરે નિકળવાની શકયતા હોવાથી તથા જિલ્લામાં કોમી રમખાણો, હુલ્લડો કે કોઈ બખેડો થાય નહીં અને જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ ની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

સબબ તેથી હવે કિ. પ્રો. કોડ, ૧૯૭૩ ની કલમ-૧૪૪(૧) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર આથી બનાસકાંઠા જિલ્લાના તમામ વિસ્તારમાં, તારીખ ૨૭ મી માર્ચ., ૨૦૦૨ થી તારીખ ૧૧ મી માર્ચ, ૨૦૦૨ સુધીની (બન્ને દિવસો સહીત) મુદત માટે ચાર કે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળીને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

આજ રોજ તારીખ ૧લી માર્ચ, સને ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.

હુકમ.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ-૨૨માં)ની કલમ-૩૭ ની પેટા-કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી/૯૯૬/૨૦૦૨.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ-સ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ. એલ. એ. ક્વાટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું, કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ કલાક ૦૦-૦૦થી તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

INDEX

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફકત ઉપવાસીઓ માટે ચ-૫, સેકટર-૧૭ અને સેકટર-૨૨ના ખુણાઓ ૨૦૦ ચો. મી. વિસ્તાર.

આપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહિ.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર, લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબ્રઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ-૩ હેઠળ.

નંબર ડીસી/બીપીઓ/જાહેરનામું/૩૭(૩)થી./૯૮૭/૨૦૦૨.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને આ૨-નાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૩) થી મારી સત્તાની રૂઈએ હું, કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું, આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં;—

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફકત ઉપવાસીઓ માટે ચ.-૫, સેકટર-૧૭ અને સેકટર-૨૨ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યા.

કે. બી. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની ૨૨ માંની કલમ-૩૭(૪) મુજબ :

નંબર પી.ઓ.એલ. / વશી / ૩૧૩/૨૦૦૨.— મહેસાણા જિલ્લાના ધરોઈ મુકામે તારીખ ૮મી માર્ચ, ૨૦૦૨ થી તારીખ ૯મી માર્ચ, ૨૦૦૨ સુધી મહેસાણા જિલ્લા હોમ ગાર્ડઝનો ફાયરીંગ કાર્યક્રમ યોજનાર છે. જેમાં ફાયરીંગ તારીખ ૮ મી માર્ચ, ૨૦૦૨ થી તારીખ ૯ મી માર્ચ, ૨૦૦૨ સુધી યોજવાનું નક્કી થયેલ છે. જેથી લોકોની તથા ઢોર ઢાંખરની સલામતી માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું, આઈ. જી. પરીખ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨ માંની) ની કલમ-૩૭(૪) થી મને મળેલ સત્તાની રૂઈએ મહેસાણા જિલ્લાના ધરોઈ મુકામે ધરોઈ બટના નિયત સ્થળના વિસ્તાર અને તેની આજુબાજુનાં ૧૫૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ ૮ મી માર્ચ, ૨૦૦૨ થી તારીખ ૯ મી માર્ચ, ૨૦૦૨ સુધીના સવારના ૭-૦૦ કલાક થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાં રૂપે માણસો તથા ઢોર-ઢાંખરની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

આઈ. જી. પરીખ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / ૨જી. નં. ૦૬/૨૦૦૨.— મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ નાં ૨૨ મા) અધિનિયમ કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૩૭ ની પેટા-કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨ થી તારીખ ૧૩ મી માર્ચ, ૨૦૦૨ સુધી (બંન્ને દિવસ સુધ્ધાં) આમ અધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે. એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજા ને પાત્ર થશે.

આથી હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ફરમાવું છું કે, આ હુકમ વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરી બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વલસાડ, તારીખ. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / ૨જી. નં. ૦૭/૨૦૦૨.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨માં) અધિનિયમ કલમ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી તહેવારો તથા જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો, અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ પમી માર્ચ, ૨૦૦૨ થી તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૨ (બંન્ને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અગવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨ જી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ૧ ૪૪ મુજબનો.

નં. પીઓએલ/વશી/૩૧૫૪-૫૭.—તારીખ ૨૭મી ફેબ્રુ આરી, ૨૦૦૨ ના રોજ ગોધરા મુકામે રેલ્યાત્રીઓને સળગાવી મુકવાનો પ્રસંગ બન્યા બાદ તેના પ્રત્યાઘાતો સર્વત્ર ફેલાયેલ છે. તેમજ ગુજરાત બંધ નું એલાન પણ તારીખ ૨૮મી ફેબ્રુ આરી, ૨૦૦૨ના રોજ આપવામાં

INDEX

આવેલ હતું. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એકંદરે ડહોળાયેલ છે. તે રીતે ખેડા શહેરમાં પણ તેના પ્રત્યાઘાતો પડેલ છે. લોકો જાહેરમાં આવી, તેની પ્રતિક્રિયા વ્યકત કરતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કાબુ બહાર જવાની અને હિંસા થવાની તમામ શકયતાઓ રહેલ છે. આ પરિસ્થિતિનો નિવારણ કરવા અને તેને તાત્કાલિક અટકાવવા ઝડપી ઉપાયો યોજવાનું જાહેર સુલેહ શાંતી ના હિતમાં છે.

વાસ્તે હું બી. એ. શાહ જી.એ.એસ. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ ખેડા આથી ફરમાવું છું કે, નીચે દર્શાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારના રહેવાસીઓએ અને તેમાં અવર જવર કરનારાઓએ અને પ્રસંગોપાત આવનારાઓએ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર પુરતુ અનુસૂચિમાં દર્શાવેલ કલાકો દરમ્યાન ઉપર્યુકત વિસ્તારની અંદર આવેલા કોઈ પણ માર્ગ, જાહેર રાહદારી રસ્તા, રાજય માર્ગ, શેરી, ગલી, પેટાગલીમાં સવારી કરવી નહી, વાહન હંકારવું નહી, ચાલવું નહી, ઉભુ રહેવુ નહી, રખડવું નહી, અથવા હરવુ ફરવુ નહી અથવા તેનો બીજો કોઈપણ રીતે ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	સમય
વિઠ્ઠલપુરા તથા ખેડા કેમ્પ સિવાયનો સમગ્ર ખેડા નગરપાલીકા વિસ્તાર.	આચોક્કસ મુદત સુધી વખતો વખત છુટછાટ આપવામાં આવે તે સિવાયનો સમય

આ હુકમ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ખેડા તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી ખેડા અથવા આ અર્થે તેમણે અધિકૃત કરેલ અધિકારીશ્રી પાસેથી પરમીટ ધરાવનાર વ્યકિતઓને તથા ફરજ પરના પોલીસ કર્મચારીઓને અને ફાયર બ્રિગેડના કર્મચારીઓ તેમજ આ કામે રોકવામાં આવે અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહી.

આજ તારીખ ૧લી માર્ચ, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ મુજબ.

નં. પી.ઓએલ-વશી-૩૧૫૮-૬૧.—તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ ગોધરા મુકામે રેલયાત્રીઓને સળગાવી મુકવાનો પ્રસંગ બન્યા બાદ તેના પ્રત્યાઘાતો સર્વત્ર ફેલાયેલ છે તેમજ ગુજરાત બંધનું એલાન પણ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ આપવામાં આવેલ હતું. જેથી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એકંદરે ડહોળાયેલ છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી મહેમદાવાદના પત્ર નં. એમ.એ.જી./૫૩૧ ૨૦૦૨ તારીખ ૧લી માર્ચ, ૨૦૦૨ થી જણાવ્યા મુજબ મહેમદાવાદ શહેરમાં પણ તેના ઘેરા પ્રત્યાઘાતો પડેલ છે. લોકો જાહેરમાં આવી તેની પ્રતિક્રિયા વ્યકત કરતાં હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કાબુ બહાર જવાની અને હિંસા થવાની તમામ શકયતાઓ રહેલ છે. આ પરિસ્થિતિનો નિવારણ કરવા અને તેને તાત્કાલિક અટકાવવા ઝડપી ઉપાયો યોજવાનું જાહેર સુલેહ શાંતિ ના હિતમાં છે.

વાસ્તે, હું, બી. એ. શાહ (જી.એ.એસ.) સબડીવીઝનલ મેજિસ્ટ્રેટ, આથી ફરમાવું છું કે, નીચે દર્શાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તાર ના રહેવાસીઓએ અને તેમાં અવર-જવર કરનારાઓએ અને પ્રસંગોપાત આવનારાઓએ અનુસૂચિમાં નિર્દિષ્ટ વિસ્તાર પુરતું અનુસૂચિમાં દર્શાવેલ કલાકે દરમ્યાન ઉપર્યુકત વિસ્તારની અંદર આવેલા કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તા, રાજય માર્ગ શેરી, ગલી તથા પેટા ગલીમાં સવારી કરવી નહી, વાહન હંકારવુ નહી, ચાલવું નહી, ઉભુ રહેવું નહી, રખડવું નહી અથવા હરવું ફરવું નહી અથવા તેનો બીજો કોઈપણ રીતે બીજો ઉપયોગ કરવો નહી.

અનુસુચિ

વિસ્તારનું વર્ણન	સમય
મહેમદાવાદ પો. સ્ટે. હેઠળના મહેમદાવાદ નગરનો વિસ્તાર	તા. ૧લી માર્ચ, ૨૦૦૨ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક થી આચોક્કસ મુદત સુધી વખતો વખત છુટછાટ આપવામાં આવે તે સિવાયનો સમય.

આ હુકમ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ખેડા તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી મહેમદાવાદ તથા આ અર્થે તેમણે અધિકૃત કરેલ અધિકારીશ્રી પાસેથી પરમીટ ધરાવનાર વ્યકિતઓને તથા ફરજ પરના પોલીસ કર્મચારીઓને અને ફાયર બ્રિગેડના કર્મચારીઓ તેમજ આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહી.

આજ તારીખ ૧લી માર્ચ, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pe only to the Supplement to the Central Gazette.	539-540
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-I) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	14
Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	169
Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, I V-A, IV-E and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	7643-8217

Miscellaneous Notifications, Appointments, etc.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પ્લસ/મજસ/વશી-૫૮૬ થી ૬૧૬.—આગામી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૨થી તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૨ના સમય દરમ્યાન મહોરમ, હોળી, ધૂળેટી, ગુડફ્રાઇડે વિગેરે તહેવારોની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂર જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. આઈ. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૨ થી તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૨ના (બંને દિવસો સહિત),

INDEX

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવાં નહીં, એકઠાં કરવા નહી, તથા તૈયાર કરવા નહી. મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાં નહી. અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાં નહી, અશ્લીલ ગીતો ગાવાં નહી.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, અથવા તેવા પત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી. :

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિતઓને જેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું હથિયાર લઈ જવાની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટર-શ્રી થી નીચેની પાયરીનો ના હોય, તેવા અધિકારીશ્રીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી, લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ હુકમનો ઉલ્લંઘન કરવાના શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૯મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. આઈ. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજિ. ૫ /૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને-૧૯૫૧ નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી તારીખ ૧૨મી માર્ચ ૨૦૦૨ ના રોજ મહાશિવરાત્રીના તહેવારને તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૭મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૧૯મી માર્ચ ૨૦૦૨ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) થી (ગ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :-

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરિટ કે. દૂધાત.
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—SA-14

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, APRIL 11, 2002 / CAITRA 21, 1924 [No. 15

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	541-545
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	15
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	170-171
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	6218—8861

પોલીસ કમિશનર દ્વારા

કર્ફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ ૧૪૪ અન્વયે લાદવામાં આવેલ કરફ્યુ હુકમમાં સુધારો.

નંબર ઉ/ગપક/વશી/એસબી/કર્ફ્યુ હુકમ/૧૬/૨૦૦૨.—અત્રેની કચેરીનાં કર્ફ્યુ હુકમ ક્રમાંક : એસબી/જાહેરનામું નંબર : ૧૧/૨૦૦૨ તથા એસબી/ જાહેરનામું / નંબર / ૧૨/૨૦૦૨ તારીખ ૨૭ માર્ચ ૨૦૦૨ તથા એસબી/ જાહેરનામું નંબર : ૧૩/૨૦૦૨ તારીખ ૩૭ માર્ચ ૨૦૦૨ થી કર્ફ્યુ હુકમનો જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ હતો હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતાં તારીખ ૬ઠ્ઠી માર્ચ/૨૦૦૨નાં રોજ નીચે જણાવેલ સમય માટે તેની સામે જણાવેલ વિસ્તારમાં પ્રતિબંધિત હુકમથી મુક્તિ આપવામાં આવેલ છે. સદરહું હુકમનો સમય પુરો થતાં ફરી કર્ફ્યુ હુકમ ચાલુ રહેશે.

(૧) તમામ માટે :

તારીખ	સમય	વિસ્તાર
૬/૩/૨૦૦૨	સવારનાં કલાક ૦૭/૦૦ થી ૨૦/૦૦સુધી	કરફ્યુ જાહેર કરવામાં આવેલ તમામ વિસ્તાર.

નોંધ : કરફ્યુ મુકિત દરમ્યાન ચાર થી વધુ માણસો ભેગા થવા ઉપર પ્રતિબંધ ચાલુ છે.

આજરોજ તારીખ ૭ મી માર્ચ ૨૦૦૨ ના રોજ સહી સિક્કા કરી આપેલ છે.

આદેશ

ક્રમાંક એલ./બી./ચેનલ પ્રસારણ/૭૩૯૭/૨૦૦૨.—અત્રેની કચેરીના આદેશ ક્રમાંક એલ./બી./ચેનલ પ્રસારણ/૭૨૭૪/૨૦૦૨ તારીખ ૪થી માર્ચ૨૦૦૨ થી, માય ટીવી ન્યુઝ ચેનલ તેમજ સુરત ચેનલના સંચાલકશ્રીઓને અત્રેના તારીખ/૨જી માર્ચ ૨૦૦૨ ના કચેરી આદેશ ક્રમાંક : એલ. બી/ચેનલ પ્રસારણ/૭૧૯૩/૨૦૦૨ અનુસાર ફરમાવેલ પ્રતિબંધ દિન-૧ માટે મોકુફ કરવામાં આવેલ હતો.

આ દિન-૧ની મોકુફી દરમ્યાન સદરહું બંને ટીવી ચેનલોના સંચાલકશ્રીઓએ આગાઉના આદેશોનું પાલન કરેલ હોય વધુ દિન-૧માટે સદરહું તારીખ ૨જી માર્ચ ૨૦૦૨ના પ્રતિબંધીત આદેશની મોકુફી વધારવા આદેશ કરવામાં આવે છે. એટલે કે આ પ્રતિબંધ મોકુફી તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૨નાં કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

સુરત, તારીખ ૫મી માર્ચ ૨૦૦૨.

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ ૧૪૪ અન્વયે લાદવામાં આવેલ કરફ્યુ હુકમમાં સુધારો

નંબર ઉ/ત્રપેક/એસબી / કરફ્યુ / હુકમ/૧૭/૨૦૦૨.—અત્રેની કચેરીના કરફ્યું હુકમ ક્રમાંક : એસબી/જાહેરનામું નંબર ૧૧/૨૦૦૨. તા. ૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી / જાહેરનામું નંબર/૧૩/૨૦૦૨. તારીખ ૩જી માર્ચ ૨૦૦૨થી કરફ્યુ હુકમનો જાહેરનામુ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ હતો. હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતાં તારીખ ૭મી માર્ચ ૨૦૦૨ નાં રોજ નીચે જણાવેલ સમય માટે તેની સામે જણાવેલ વિસ્તારમ પ્રતિબંધિત હુકમ થી મુકિત આપવામાં આવેલ છે. સદરહું હુકમનો સમય પુરો થતા ફરી કરફ્યુ હુકમ ચાલુ રહેશે.

(૧) તમામ માટે :

તારીખ	સમય	વિસ્તાર
૭/૩/૨૦૦૨	સવારનાં કલાક ૦૬:૦૦ થી ૨૨:૦૦સુધી	આઠવા, સલાબતપુરા, મહીધરપુરા, ચોકબજાર, લીમ્બાયત પો. સ્ટે. વિ.

નોંધ—કરફ્યુ મુકિત દરમ્યાન ચારથી વધુ માણસો ભેગા થવા ઉપર પ્રતિબંધ ચાલુ છે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૨ના રોજ સહી સિક્કા કરી આપેલ છે.

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ ૧૪૪ અન્વયે લાદવામાં આવેલ કરફ્યુ હુકમમાં સુધારો

નંબર ઉ/ગપક/વશી એસબી કરફ્યુ હુકમ /૧૮/૨૦૦૨.—અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંક : એસબી/જાહેરનામું, નંબર/૧૧/૨૦૦૨ તારીખ ૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી/ જાહેરનામું, નંબર/૧૨/૨૦૦૨, તારીખ ૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી/જાહેરનામું,/ નંબર ૧૩/ ૨૦૦૨ તારીખ ૩જી માર્ચ ૨૦૦૨ થી કરફ્યું હુકમનો જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ હતો. હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતાં તારીખ ૭મી માર્ચ ૨૦૦૨ના રોજ નીચે જણાવેલ સમય માટે તેની સામે જણાવેલ વિસ્તારમાં પ્રતિબંધિત હુકમથી સંપૂર્ણ મુકિત આપવામાં આવેલ છે.

(૧) તમામ માટે :

તારીખ	સમય	વિસ્તાર
૭/૩/૨૦૦૨	સવારના કલાક ૦૬:૦૦થી	રાંદેર, ઉધના, પાંડેસરા કતારગામ પો. સ્ટે. નાં સમગ્ર વિસ્તારમાં કરફ્યું મુકિત આપવામાં આવે છે.

નોંધ:—ચારથી વધુ માણસો ભેગા થવા ઉપર પ્રતિબંધ ચાલુ છે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૨ના રોજ સહી સિક્કા કરી આપેલ છે.

આદેશ

ક્રમાંક એલબી/ચેનલ પ્રસારણ/૭૪૯૩/૨૦૦૨.—અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : એલબી/ચેનલ પ્રસારણ/૭૧૯૩ /૨૦૦૨ અનુસાર તારીખ ૨જી માર્ચ ૨૦૦૨ નાં રોજથી કોમી બનાવોનું માય ટીવી તેમજ સુરત ચેનલના સંચાલકશ્રી અને પ્રસારણ કરવા માટે પ્રતિબંધ ફરમાવેલ હતો.

આ પ્રતિબંધ અત્રેના આદેશ ક્રમાંક : એલ.બી/ચેનલ પ્રસારણ/ ૭૩૯૭/૨૦૦૨ તારીખ ૫મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૨ નાં કલાક ૨૪.૦૦ સુધી મોકુફ રાખવામાં આવેલ હતો.

આ મોકુફી દરમ્યાન સદરહું બંને ટીવી ચેનલોના સંચાલકશ્રીઓએ આગાઉના આદેશો નું પાલન કરેલ હોવાનું લખાયેલ હોય સદરહું પ્રતિબંધ તારીખ ૯મી માર્ચ ૨૦૦૨ ના કલાક ૨૪.૦૦ સુધી મોકુફ રાખવામાં આવે છે. જે સમયે સદરહું પ્રતિબંધિત આદેશની મુદત પણ પુરી થાય છે.

સુરત, તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૨.

INDEX

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, કલમ ૧૪૪ અન્વયે લાદવામાં આવેલ કરફ્યુ હુકમમાં સુધારો.

નંબર ઉ/ગમક/વશી /નંબર એસબી/કરફ્યુ/હુકમ/૧૯/૨૦૦૨.—અત્રેની કચેરીનાં કરફ્યુ હુકમ ક્રમાંક એસબી/જાહેરનામું, નંબર/૧૧/૨૦૦૨ તારીખ ૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી/જાહેરનામું, નંબર/૧૨/૨૦૦૨ તારીખ ૨જી માર્ચ ૨૦૦૨ તથાએસબી/જાહેરનામું, નંબર:૧૩/૨૦૦૨ તારીખ ૩જી માર્ચ ૨૦૦૨ થી કરફ્યુ હુકમનો જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ હતો. હાલની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિમાં થયેલ સુધાર ધ્યાનમાં લેતાં તારીખ ૮મી માર્ચ ૨૦૦૨નાં રોજ નીચે જણાવેલ સમય માટે તેની સામે જણાવેલ વિસ્તારમાં પ્રતિબંધિત હુકમથી મુકિત આપવામાં આવેલ છે. સદરહું હુકમનો સમય પુરો થતાં ફરી હુકમ ચાલુ રહેશે.

(૧) તમામ માટે

તારીખ	સમય	વિસ્તાર
૮/૩/૨૦૦૨	સવારનાં કલાક ૦૬:૦૦ કલાક ૨૩:૦૦ સુધી	આઠવા, સલાબતપુરા, મહિધરપુરા, ચોકબજાર લિબાયત પો. સ્ટે. વિસ્તાર.

નોંધ:—ચારથી વધુ માણસો ભેગા થવા ઉપર પ્રતિબંધ ચાલુ છે.

આજરોજ તારીખ ૭મી માર્ચ ૨૦૦૨નાં રોજ સહી સિક્કા કરી આપેલ છે.

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ ૧૪૪ અન્વયે લાદવામાં આવેલ કરફ્યુ હુકમમાં સુધારો.

નંબર એસબી/ કરફ્યુ/હુકમ/૨૦/૨૦૦૨—અત્રેની કચેરીની કરફ્યું હુકમ ક્રમાંક : એસબી/જાહેરનામું નંબર/૧૧/૨૦૦૨ તા. ૨જી માર્ચ ૨૦૦૨ થી તથા એસબી /જાહેરનામું/નંબર ૧૨/૨૦૦૨, તારીખ /૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી/ જાહેરનામું નંબર /૧૩/૨૦૦૨ તા.૩જી માર્ચ ૨૦૦૨. કરફ્યું હુકમનો જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામા આવેલ હતો હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતાં તારીખ ૯મી માર્ચ ૨૦૦૨ના રોજ નીચે જણાવેલ સમય માટે તેની સામે જણાવેલ વિસ્તારમાં પ્રતિબંધીત હુકમથી મુકિત આપવામાં આવેલ છે. સદરહું હુકમનો સમય પુરો થતાં ફરી હુકમ ચાલુ રહેશે.

(૧) તમામ માટે :

તારીખ	સમય	વિસ્તાર
૯/૩/૨૦૦૨	સવારના કલાક ૦૬:૦૦ થી ૨૩:૦૦ સુધી	આઠવા સલાબતપુરા મહિધરપુરા, ચોકબજાર લિબાયત પો. સ્ટે. વિસ્તાર

નોંધ :—ચારથી વધુ માણસો ભેગા થવા ઉપર પ્રતિબંધ ચાલુ છે.

આજરોજ તારીખ ૮મી માર્ચ ૨૦૦૨ના રોજ સહી સિક્કા કરી આપેલ છે.

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ ૧૪૪ અન્વયે લાદવામાં આવેલ કરફ્યુ હુકમમાં સુધારો.

નંબર ઉ/ગપક/વશી/એચબી/કરફ્યુ હુકમ/૨૧/૨૦૦૨.—અત્રેની કચેરીનાં કરફ્યું હુકમ ક્રમાંક :/એસબી/જાહેરનામું નંબર ૧૧/૨૦૦૨ તારીખ ૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી/જાહેરનામું / નંબર ૧૨/૨૦૦૨. તારીખ ૨જી માર્ચ/૨૦૦૨ તથા એસબી/જાહેરનામું નંબર/૧૩/ ૨૦૦૨ તારીખા૩જી માર્ચ ૨૦૦૨ થી કરફ્યું હુકમનો જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ હતો હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતાં તારીખા ૧૦મી માર્ચ ૨૦૦૨નાં રોજ નીચે જણાવેલ સમય માટે તેની સામે જણાવેલ વિસ્તારમાં પ્રતિબંધિત હુકમ માં સુધારો કરવામાં આવે છે. સદરહું હુકમનો સમય પુરો થતાં ફરી હુકમ ચાલુ રહેશે

(૧) તમામ માટે :

તારીખ	સમય	વિસ્તાર
૧૦મી માર્ચ ૨૦૦૨	સવારનાં કલાક ૦૬:૦૦ થી ૨૩:૦૦ સુધી	આઠવા સલાબતપુરા મહિધરપુરા, ચોકબજાર લિબાયત પો.સ્ટે. વિસ્તાર.

નોંધ :—ચારથી વધુ માણસો ભેગા થવા ઉપર પ્રતિબંધ ચાલુ છે.

આજ રોજ તારીખા ૯મી માર્ચ, ૨૦૦૨ નાં રોજ સહી સિક્કા કરી આપેલ છે.

કરફ્યું હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ ૧૪૪ અન્વયે લાદવામાં આવેલ કરફ્યુ હુકમમાં સુધારો

નંબર ઉ/ગપક/વશી/એસ./બી. /કરફ્યું/હુકમ/૨૨/૨૦૦૨.—અત્રેની કચેરીનાં કરફ્યું હુકમ ક્રમાંક /એ.સ/બી/જાહેરનામું નંબર/૧૧/૨૦૦૨, તારીખ ૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી/જાહેરનામું નંબર/૧૨/૨૦૦૨ તારીખ ૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી/જાહેરનામું નંબર ૧૩/૨૦૦૨ તારીખ ૩જી માર્ચ, ૨૦૦૨ થી કરફ્યું હુકમનું જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ હતું હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતાં તારીખ ૧૧મી ૨૦૦૨નાં રોજ નીચે જણાવેલ સમય માટે તેની સામે જણાવેલ વિસ્તારમાં પ્રતિબંધિત હુકમમાં સુધારો કરવામાં આવે છે સદરહું હુકમનો સમય પુરો થતાં ફરી હુકમ ચાલુ રહેશે.

(૧) તમામ માટે :

તારીખ	સમય	વિસ્તાર
૧૧/૩/૨૦૦૨	સવારનાં કલાક ૦૬:૦૦ થી ૨૩:૦૦ સુધી.	આઠવા પો. સ્ટે. વિસ્તાર

(૨) સલાબતપુરા મહિધરપુરા ચોકબજાર લીંબાયત પો. સ્ટે. વિસ્તારમાંથી સંચારબંધી સંપૂર્ણપણે ઉઠાવી લીધેલ છે.

નોંધ.—ચારથી વધુ માણસો ભેગાં થવા ઉપર પ્રતિબંધ ચાલુ છે.

આજરોજ તારીખ ૧૦મી માર્ચ ૨૦૦૨નાં રોજ સહી સિક્કા કરી આપેલ છે.

INDEX

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, કલમ ૧૪૪ અન્વયે લાદવામાં આવેલ કરફ્યુ હુકમમાં સુધારો.

નંબર એસબી/૩/ગપક/વશી /કરફ્યુ હુકમ /૨૩/૨૦૦૨.—અત્રેની કચેરીનાં કરફ્યુ હુકમ ક્રમાંક : એસબી/જાહેરનામું, નંબર : ૧૧/૨૦૦૨, તા. ૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી/જાહેરનામું, નંબર ૧૯/૨૦૦૨, તા. ૨જી માર્ચ ૨૦૦૨ થી કરફ્યુ હુકમનો જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ હતો. હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતાં તા. ૧૨મી માર્ચ ૨૦૦૨ નાં રોજ નીચે જણાવેલ સમય માટે તેની સામે જણાવેલ વિસ્તારમાં પ્રતિબંધિત હુકમમાં સુધારો કરવામાં આવે છે.

સદરહું હુકમનો સમય પુરો થતાં ફરી હુકમ ચાલુ રહેશે.
(૧) તમામ માટે

તારીખ	સમય	વિસ્તાર
૧૨/૩/૨૦૦૨	સવારના ક. ૦૫ : ૦૦ થી ૨૪ : ૦૦ સુધી	આઠવાલાઈન્સ પો. સ્ટે. વિસ્તાર

નોંધ :—ચારથી વધુ માણસો મેળા થવા ઉપર પ્રતિબંધ ચાલુ છે.

આજરોજ તારીખ ૧૧મી માચ ૨૦૦૨ના રોજ સહી સિક્કા કરી આપેલ છે

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Read :— Hon'ble High Court Letter No. C. 2103/91, dated 7th January, 1991.

Notification

No. ADM ! N-1 / 821 / 2002.— In exercise of powers vested under Paragraph 628 of Chapter XXXI of the Civil Manual, Volume-I of 1960, the District Judge, Banaskantha, Palanpur, is hereby pleased to sanction the closing of all the Civil Courts in the Judicial District of Banaskantha, for the Annual Summer Vacation for Six weeks commencing from Monday, 29th April, 2002 to Sunday, the 9th June, 2002 (Both days inclusive).

The offices of the Nazir and Reepid keeper in the District Court, Palanpur and the offices of the Nazir of all the subordinate Civil Courts in the District will remain opened in vacation on all working days.

Palanpur, 7th March, 2002.

Miss. P. S. SHUKLA,
District and Sessions Judge,
Palanpur.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

વંચાણે લીધો : હાઈકોર્ટ પત્ર નં. સી/૨૧૦૩/૯૧, તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૧.

જાહેરનામું

નં. એડીએમ/ગોન/૧/૮૨૧/૨૦૦૨.—સિવિલ મેન્યુઅલ, વોલ્યુમ-૧ સને ૧૯૬૦ના પ્રકરણ/૩૧, ફકરો/૬૨૮ માં જણાવેલ અધિકારની રૂએ જિલ્લા ન્યાયાધીશ બનાસકાંઠા જિલ્લામાં આવેલ તમામ દિવાની કોર્ટોમાં/વાર્ષિક ઉનાળુ વેકેશન તા. ૨૯મી એપ્રિલ ૨૦૦૨, સોમવાર થી ૯ જુન/૨૦૦૨ રવિવાર (બંને દિવસો સહિત) સુધી છ અઠવાડીયા માટે બંધ રાખવાનું મંજુર કરે છે.

જિલ્લા અદાલત બનાસકાંઠાની નાઝીર અને રેકર્ડ કીપરની કચેરી તથા તાલુકાઓની દિવાની અદાલતોના નાઝીરશ્રીઓની કચેરીઓ વેકેશનના ચાલુ કામકાજના દિવસો દરમ્યાન ખુલ્લી રહેશે.

પાલનપુર, તારીખ ૭મી માર્ચ ૨૦૦૨

કુ. પી. એસ. શુકલ,
જિલ્લા અને સત્ર ન્યાયાધીશ,
પાલનપુર.

Read :-- High court letter No. C-2103/1991 dated 7th January 1991.

Notification

No. ADM / 1 / 208 of 2002.— In exercise of the powers vested under paragraph 628 chapter XXXI, of the Civil Manual, Volume--I, 1960, and in view of instructions contained in the High Court letter dated 7th January, 1991, cited in the preamble, I the undersigned, direct the closure of the District Court and all the Civil Courts in the Judicial District of Valsad, for the annual Summer Vacation for Six weeks from Monday 6th May, 2002 to Sunday the 16th June, 2002. (both days inclusive).

The Offices of Nazir and Record-Keeper, District Court, Valsad at Navsari, and the office of Nazir of all the subordinate Civil Courts in the District will remain open during the Vacation on working days.

Navsari, 13th February, 2002.

વંચાણે લીધો :— હાઈકોર્ટ પત્ર નંબર સી-૨૧૦૩ / ૧૯૯૧, તારીખ ૭ મી જાન્યુઆરી, ૧૯૯૧.

અધિસુચના

ક્રમાંક વહીવટી (૧) ૨૦૮ સને ૨૦૦૨ સિવિલ મેન્યુઅલ ભાગ-૧ ૧૯૬૦ ના ચેપ્ટર--૩૧ ના ફકરા ૬૨૮ થી મળેલ અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ નામદાર હાઈકોર્ટના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૧ ના પત્રમાં જણાવેલ સુચનાનુસાર હું નીચે સહી કરનાર આથી નિર્દેશ કરું છું કે, જિલ્લા ન્યાયાલય તથા વલસાડ જિલ્લાની બધી દિવાની અદાલતો સોમવાર તારીખ ૬ ઠ્ઠી મે, ૨૦૦૨થી રવિવાર, તારીખ ૧૬ મી જૂન, ૨૦૦૨ (બન્ને દિવસો સહીત) છ અઠવાડીયા સુધી વાર્ષિક ઉનાળું વેકેશન નિમિત્તે બંધ રહેશે.

INDEX

જિલ્લા ન્યાયાલય, વલસાડ, મુકામ નવસારીની નાઝરકીની કચેરી તથા દફ્તરીની કચેરી અને જિલ્લામાંની તાબાની બધી અદાલતોની નાઝરકીની કચેરી, ઉપરોકત વેકેશન દરમ્યાન કામકાજના બધા દિવસોએ કામકાજ માટે ખુલ્લી રહેશે.

નવસારી, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

Read :—

(1) High Court Letter No. C. 2103 / 1991, dated 7th January, 1991.

(2) This office Notification No. Adm. / 1 / 208 of 2002, dated 13th February, 2002.

Notification

No. ADM / 1 / 313 of 2002.— In partial modification of this office Notification referred to at Sr. No. 2 in the preamble, the undersigned directs the closing of all the Civil Courts in the Judicial District of Valsad, for the Annual Summer Vacation for Six Weeks for Monday 29th April, 2002 to Sunday the 9th June, 2002 (Both days inclusive), instead of Monday 6th May, 2002 to Sunday the 16th June, 2002, (Both days inclusive).

The other contents of the said Notification remained un changed.

Navsari, 11th March, 2002.

R. P. DHOLARIA,
District Judge, Valsad,
At Navsari.

આધિસૂચના

વંચાણે લીધા .—૧. હાઈકોર્ટ પત્ર નંબર/સી/૨૧૦૩/૧૯૯૧, તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૧.

૨. આત્રેની કચેરીની તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૨૦૦૨ની આધિસુચના નંબર વહીવટી-૧/૨૦૮/સને ૨૦૦૨.

ક્રમાંક વહીવટી/૧/૩૧૩/૨૦૦૨.—ઉપર પ્રસ્તાવનામાં અનુક્રમ નબર ૨ થી જણાવેલ આધિસુચનામાં આંશત : ફેરફાર કરી, હું નીચે સહી કરનાર આથી નિર્દેશ કરુ છું કે, વલસાડ જિલ્લાની તમામ દિવાની અદાલતો, સોમવાર તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૦૨ થી રવિવાર તારીખ ૧૬મી જુન ૨૦૦૨ (બન્ને દિવસો સહીત)ના બદલે, સોમવાર તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી રવિવાર ૯મી જુન, ૨૦૦૨ (બંન્ને દિવસો સહીત) છ અઠવાડીયા સુધી વાર્ષિક ઉનાળુ વેકેશન નિમિત્તે બંધ રહેશે.

સદરહુ આધિસુચનાની બાકીની બીજી હકીકતો યથાવત રહેશે.

નવસારી, તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨.

આર. પી. ઢોલરિયા,
ડીસ્ટ્રીકટ જજ, વલસાડ,
મુકામ નવસારી.

Supple. C. G. I—96

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—SA-14-9

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, APRIL 18, 2002 / CAITRA 28, 1924 [No. 16

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	546-573
Part-IA	Orders and Notifcaltons (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only te the Supplement to the Central Gazette.—	16
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	172—179
Part-I L	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act	8862—9517

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ ૧૪૪ અન્વયે લાદવામાં આવેલ કરફ્યુ હુકમમાં સુધારો.

નંબર એસબી/૩/ગપક/વશી/કરફ્યુ હુકમ/૨૪/૨૦૦૨.—અત્રેની કચેરીનાં કરફ્યુ હુકમ ક્રમાંક એસબી/જાહેરનામું નંબર : ૧૧/૨૦૦૨ તા. ૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી/જાહેરનામું નંબર :૧૨/૨૦૦૨ તા. ૨જી માર્ચ ૨૦૦૨ તથા એસબી/જાહેરનામું નંબર : ૧૩/૨૦૦૨ તા. ૩જી માર્ચ ૨૦૦૨ થી કરફ્યુ હુકમનું જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ હતું. હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતાં તારીખ ૧૩મી માર્ચ ૨૦૦૨નાં રોજ અઠવા પો.સ્ટે. વિસ્તારમાંથી સંપૂર્ણપણે કરફ્યુ ઉઠાવી લેવામાં આવેલ છે.

INDEX

નોંધ.—ચારથી વધુ માણસો ભેગા થવા ઉપર પ્રતિબંધ ચાલુ છે.

આજરોજ તા. ૧૨મી માર્ચ ૨૦૦૨ના રોજ સહી સિક્કા કરી આપેલ છે.

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચો :

(૧) આત્રેના જાહેરનામા ક્રમાક/એમએજી ટ્રાફિક/વશી/૧/૨૦૦૨ તા. ૭મી જાન્યુઆરી ૨૦૦૨

(૨) આત્રેના હુકમ ક્રમાક/એમએજી-ટ્રાફીક-વશી/૨૬. તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૨.

જાહેરનામું

ક્રમાક/એમએજી-ટ્રાફીક-વશી-૧૯૮.—સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ-(૧) હેઠળ મળેલા અધિકાર અન્વયે સદર કાયદાની કલમ-૩૩(૧) ની પેટા કલોઝ(બી) હેઠળ આમુખ (૧)નાં જાહેરનામાથી પ્રાથમિક રીતે પ્રસિધ્ધ કરેલા કરવા ધારેલા નિયમો તથા તેનાથી અસર થતાં લાગતા વળગતાં તમામની જાણ માટે પ્રસિધ્ધ કરી જાહેરનામું પ્રસિધ્ધ થયાનો તારીખથી દિન ૩૦(ત્રીસ)નાં વાંધો સૂચનો માંગવામાં આવેલ.

નિયત સમય મર્યાદામાં ઉપલબ્ધ થયેલ વાંધાઓ સૂચના પર યોગ્ય વિચારણા કરવામાં આવેલ છે આત્રેના જાહેરનામાં ક્રમાંક એમએજી-ટ્રાફીક વશી/૧/૨૦૦૨ તારીખ ૭મી જાન્યુઆરી ૨૦૦૨ થી ભરૂચ શહેરમાં પરિશિષ્ટ-૧ થી નક્કી કરેલ વિસ્તારમાંથી સવારના ૮-૦૦ થી રાત્રીના/૨૦ ૦૦ કલાક સુધી તમામ મોટા પ્રકારના વાહનો, ટેમ્પો, આનગી લકઝરી બસો તથા મીનીબસો (એસ.ટી બસો આને સ્કૂલ બસો સિવાય) તમામ માલવાહક હેવી કોમર્શીયલ વ્હીકલ એટલે ભારવાહક ખટારાઓના જવા તથા આવવા ઉપર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે ઉપલબ્ધ થયેલ વાંધાઓ જોતા ભરૂચ શહેરના જુદા જુદા વેપારીઓ તરફથી થયેલ રજુઆત અનુસાર તેઓના ગોડાઉન ભરૂચ શહેરમાં છે સાંજના ૬-૦૦ પછી મજૂરો મળતા નથી જેથી આ જાહેરનામાથી તેઓના ધંધા પર અસર થાય તેમ છે ટેમ્પા ચાલકો-માલિકો તરફથી થયેલ રજુઆત અનુસાર તેઓનું જીવન-નિર્વાહ ટેમ્પા ઉપર ચાલે છે આ જાહેરનામાથી તેઓની રોજી-રોટીના પ્રશ્ન ઉદ્‌ભવે તેમ છે સબબ નિયત સમય મર્યાદામાં ઉપલબ્ધ થયેલા વાંધાઓ તથા સૂચનો પર યોગ્ય વિચારણા કરી આખરી જાહેરનામાનો મુસદ્દો પ્રસિધ્ધ કરૂછું.

આખરી જાહેરનામાનો મુસદ્દો

ભરૂચ શહેરમાં મુખ્ય રસ્તો રેલ્વે સ્ટેશનથી મહંમદપુરા થઈ જંબુસર તરફ જાય છે. આ રસ્તો સમગ્ર ભરૂચનાં બજાર, વ્યાપાર કચેરીઓ તથા અન્ય આર્થિક આવાગમન માટેનો મુખ્ય રસ્તો છે. ભરૂચ શહેરમાં જુદાજુદા સ્થળોએ ટ્રકો-માલવાહક ટેમ્પાઓ વગેરે પણ દુકાનોમાં માલ ઉતારવા ઉભા રહે છે. આ ઉપરાંત નાના-મોટા વાહનોની તથા રાહદારીઓની અવર-જવર પુષ્કળ પ્રમાણમાં રહેતી હોય ટ્રાફીક અડચણ તથા અકસ્માત થવાની શકયતા છે. જેથી નીચે મુજબના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાંથી ભારે વાહનોના જવા-તથા આવવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું આવશ્યક જણાય છે.

જેથી હું અંજુ શર્મા (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)નાં પેટા કલોઝ(બી) અન્વયે મળેલ સત્તા ની રૂએ ભરૂચ શહેરમાં નીચે મુજબનાં પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર-માંથી સવારના ૮-૦૦ થી રાત્રીના ૮-૦૦કલાક સુધી તમામ મોટા-વાહનો આનગી લકઝરી બસો તથા મીનીબસો (એસ.ટી. બસો આને સ્કૂલ બસો સિવાય) તમામ માલવાહક હેવી કોમર્શીયલ વ્હીકલ એટલે ભારવાહક ખટારાઓનાં જવા તથા આવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ નિયમ નીચે મુજબના વાહનોને લાગુ પડશે નહિ.

(૧) એમ્બ્યુલન્સ વાહનો અગ્નિશામક વાહનો, એસ.ટી. બસો, સ્કૂલ બસો તથા સરકારી ભારે વાહનોને.

(૨) ૪૦૭ ટાટા ટેમ્પો, ૬૦૮ આયશર, મેટાડોર જેવા લાઈટ કોમર્શીયલ વ્હીકલને.

(૩) મહંમદપુરા મુન્શી મનુબરવાલા સર્કલ પાસે પૂર્વ બાજુએ પાંચબત્તી તરફ જતાં માર્ગની નીચે આવેલ વિસ્તારમાં તથા મહંમદ-પુરા મુન્શી મનુબરવાલા સર્કલ પાસેથી દહેજ-બંબાખાના તરફ જતાં માર્ગની નીચે આવેલ ગોડાઉન વિસ્તારમાં આવેલ જુદાજુદા વેપારીઓનાં ગોડાઉન પર જવા માટે જંબુસર બાયપાસવાળા માર્ગ થી વાહનો આવી જઈ શકશે.

(૪) આસ કિસ્સાઓમાં રજૂઆતની ગુણવત્તા ધ્યાને લઈ બપોરના ૨૨-૦૦ થી ૩-૦૦ દરમ્યાન આ જાહેરનામામાંથી મુકિત આપવાના અધિકાર સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચને સુપ્રત કરવામાં આવેલ છે. લગ્ન પ્રસંગ તથા ધાર્મિક પ્રવાસ માટેના વાહન ના એક ફેરાના આવાગમનના માટે સંબંધિત સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારી જરૂરી પરવાનગી આપી શકશે.

પરિશિષ્ટ

(૧) પૂર્વે સ્ટેશન ગરનાળા કસક સર્કલથી રેલ્વે સ્ટેશન થઈ મહંમદપુરા સુધી તથા તેના અંદરના ભાગે આવતો રસ્તો.

(૨) પશ્ચિમે મહંમદપુરા-સર્કલથી તથા બંબાખાનાથી અંદરના ભાગે આવતો રસ્તો.

(૩) ઉત્તરે શકિતનાથ ફાટક અને નાની ગાંધીની રેલ્વે લાઈનને વટાવી આવતા શહેરમાં પ્રવેશતા તમામ રસ્તા

(૪) દક્ષિણે રેલ્વે સ્ટેશનથી મહંમદપુરા તરફ આવતા રસ્તાઓને નદી તરફથી જોડતા મુખ્ય રસ્તાઓ તમામ જેમ કે વસંતમીલ ઢોળાવ પાસેનો રસ્તો સોનેરી મહેલથી આવતો હાજીબાના બજાર તરફથી આવતો દાંડીયાબજાર તરફથી આવતા તમામ રસ્તાઓ.

ઉકત પરિશિષ્ટમાં જણાવેલ માર્ગ ઉકત તમામ ભારે વાહનોનાં વાહક-આવર-જવર માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવે છે.

આ જાહેરનામાના કોઈપણ અંડનો ભંગ આથવા ઉલ્લંઘન કરનારને એક માસ સુધીની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ. ૧૯૫૧ની કલમ ૨૩૧ મુજબ દંડની પણ સજા થશે

આજ તારીખ ૨૧ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) ડબલ્યુ એ અન્વયેનું.

ક્રમાંક /એમઓજી/જાહેરનામું/વશી/૫૫૩ થી ૫૬૫/૨૦૦૨.—નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવ મોગરા ગામે તારીખ ૧૦મી માર્ચ ૨૦૦૨ થી તા. ૧૬મી માર્ચ ૨૦૦૨ સુધી પાંડુરી માતાનો મેળો યોજાનાર હતો આ મેળામાં આજુબાજુના ગામોમાંથી ગુજરાત મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્ર થતો હોય છે. તાજેતરમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ ગોધરા મુકામે બનેલ બનાવના કારણે રાજ્યમાં તથા નર્મદા જિલ્લા માં છુટા છવાયા કોમી બનાવો બનવા પામેલ છે. જેના કારણે જિલ્લાની હાલની પરિસ્થિતિ અતિસંવેદનશીલ છે. જેથી આવી અશાંત પરિસ્થિતિમાં આ મેળો ભરવા દેવામાં આવે તો જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અસર થવાની સંભાવના છે. જેથી લોકોની સલામતી જાળવવા તથા અશાંતિ અટકાવવા ઉકત દિવસો દરમ્યાન દેવમોગરા મુકામે ભરાનાર મેળો તથા જિલ્લામાં અન્ય જગ્યાએ ભરાનાર મહા શિવરાત્રીના મેળાઓ ભરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું જી. જે. ચાંપાનેરી,જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપલા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) ડબલ્યુ એ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ઉકત સમય દરમ્યાન દેવમોગરા મુકામે તથા નર્મદા જિલ્લામાં મહા શિવરાત્રી નિમિત્તે ભરાતા મેળાઓ યોજવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિતને ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૨ સુધી (બંન્ને દિવસો સહિત) અમલ રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૨ ના રોજ મારી સહી કરી કચેરી નો સિક્કો કરી આપ્યો

જી. જે. ચાંપાનેરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

જાહેરનામુ

નંબર ડીસીબી/એમઓજી/બી. પી.એ/૨જી/૩/૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ(૧) ના ક્લોઝ (બી) હેઠળ કાઢેલા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદો સદરહું કાયદાની કલમ-૩૩ પેટા કલમ-૬થી ઠરાવ્ય પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને નોટીશ આપવામાં આવે છે. કે સદરહું મુસદો રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયા પછી જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી કોઈપણ વાંધા અથવા સુચનો વિચારણામાં લેશે નહિ ઉપરોકત મુદત પૂરી થાય તે પહેલો સદરહું મુસદાનાં સંબંધમાં કોઈ વ્યકિત પાસેથી જે કોઈ વાંધા અથવા સુચનો (જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નવસારીને મળશે તેના ઉપર તેઓ વિચારણા કરશે.

મુસદ્દો :

નં. ડીસીબી/એમઓજી/બી.પી.એ./૨જી-૩/૨૦૦૨, તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈ ના ૨૨માં) ક્લોઝ (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લા મેજિસ્ટ્રેટ આથી નીચે નિયમો કરે છે.

નવસારી જિલ્લાનાં નીચે જણાવેલ એસ.ટી. બસ સ્ટેશનના વિસ્તારને બોમ્બે પોલીસ એકટ હેઠળ "નો પાર્કીંગ ઝોન" તરીકે જાહેર કરવા તરીકે જાહેર કરવા પરંતુ એસ.ટી. સ્ટેન્ડનાં વિસ્તારમાં આવેલ રીક્ષા સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી રીક્ષાઓને "નો પાર્કીંગ ઝોન" માંથી મુકિત આપવા આથી ઠરાવવામાં આવે છે

આનુ નંબર	તાલુકો	પોલીસ સ્ટેશનનું નામ	એસ. ટી. સ્ટેન્ડ ડેપોનું નામ
૧	૨	૩	૪
૧	નવસારી	નવસારી ટાઉન	નવસારી એસ ટી ડેપો નંબર-૧ તથા નવસારી એસ ટી ડેપો નંબર-૨ આજુબાજુનો ૧/૨ કિ મી વિસ્તાર
૨	ગણદેવી	ગણદેવી પો. સ્ટે.	ગણદેવી બસ સ્ટેન્ડ આજુબાજુને વિસ્તાર તથા અમલસાઠ બસ સ્ટેન્ડ આજુબાજુનો વિસ્તાર
૩	ગણદેવી	બીલીમોરા પો. સ્ટે.	બીલીમોરા એસ ટી ડેપોની આજુ-બાજુનો ૧/૨ કિ મી વિસ્તાર
૪.	ચીખલી	ચીખલી પો. સ્ટે.	ચીખલી બસ સ્ટેન્ડના આજુબાજુનો ૧/૨ કિ.મી. વિસ્તાર
૫.	વાંસદા	વાંસદા પો.સ્ટે.	વાંસદા બસ સ્ટેન્ડના આજુબાજુનો ૧/૨ કિ. મી. વિસ્તાર.

નવસારી, તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૨.

એ. એન. ખત્રી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ક્રમાક / પી.ઓએબી / વશી / ૫૫૯/ ૨૦૦૨ / વશી.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ૨૨મા) ની કલમ/૩૩નો પેટા કલમ-૧ (સજા) મુજબ બહાર પાડવા વિચારેલ જાહેરનામાનો ખરડોઉકત અધિ-નિયમની ઉકત કલમ-૩૩ની પેટા કલમ-૬ મુજબ તેનાથી અસર પહોચવાનો સંભવ હોય તેવા તમામની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આથી નોટીસ આપવામાં આવે છે કે, સરકારી રાજ્યપત્ર માં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ પુરો થયા બાદ જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ ઉકત ખરડો વિચારણામાં લેશે.

સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ સુધીમાં આ જાહેરનામાના ખરડા સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી લેખિત વાંધા સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણને મળશે, તો તે વિચા-રણામાં લેવામાં આવશે.

જાહેરનામાનો ખરડો

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨મા) ની કલમ ૩૩ ની પેટા કલમ-૧(સી) થી મને મળેલ સત્તાની રૂએ હું, હિમાશુ શેઠ

INDEX

જી.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, પાટણ જિલ્લામાં આવેલા એસ.ટી. સ્ટેન્ડ/પીક-અપ સ્ટેન્ડની આજુબાજુના (પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણેના) વિસ્તારોમાં વાહનો નિયમન માટે નીચે પ્રમાણે હુકમ કરૂ છું.

"પરિશિષ્ટમાં દર્શાવવા મુજબે એસ.ટી. સ્ટેન્ડ પીક-અપ સ્ટેન્ડની આજુબાજુ વિસ્તારોમાં ખાનગી જીપ, મેટાડોર, ટ્રક વિગેરે ખાનગી ભાડેથી ફરતા વાહનો ઉભા રાખી શકશે નહિ."

પરિશિષ્ટ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨મા) ની કલમ-૩૩(૧)સી અન્વયેનું એસ.ટી. સ્ટેન્ડ/પીક-અપ સ્ટેન્ડની આસપાસના વિસ્તારમાં ખાનગી ભાડાથી ફરતા વાહનો ઉભા રખવા સારૂ પ્રતિબંધ ફરમાવવા જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાક/ પીઓએલ/ વશી/૧૫૯૯/૨૦૦૨ તારીખ ૪થી માર્ચ ૨૦૦૨ લગત

આનુ. નં.	શહેર/ ગામ	ખાનગી / ભાડેથી ફરતા વાહનો ઉભા નહિ રાખવાનો વિસ્તાર
૧	પાટણ	(૧) એસ.ટી. સ્ટેન્ડ પાટણની પૂર્વ બાજુએ દુકાનો હોઈ ખાનગી વાહનો ઉભા રાખવા નહી. (૨) એસ.ટી. સ્ટેન્ડ પાટણની ઉતરે જાહેર રોડ હોઈ ડો ક્રાં મોદીના દવાખાના સુધી એસ.ટી. સ્ટેન્ડ ૨૦૦ મીટરના અંતર સુધી (૩) એસ.ટી. સ્ટેન્ડ પાટણની દક્ષિણે કિલાચંદ શોપીંગ સેન્ટર તેમજ કરમશી કોમપ્લેક્ષ તેમજ પંચરત્ન કોમપ્લેક્ષ સુધીનો ૨૦૦ મીટરના વિસ્તાર સુધી.
૨	સિધ્ધપુર	(૧) સિધ્ધપુર એસ.ટી. સ્ટેન્ડથી દક્ષિણે ૪૦૦ મી. સુધી તિરૂપતિ માર્કેટના દરવાજા સુધી. (૨) સિધ્ધપુર એસ.ટી. સ્ટેન્ડ પશ્ચિમે પશુ દવાખાના સુધી ૪૦૦ મી. સુધી (૩) સિધ્ધપુર એસ.ટી. સ્ટેન્ડથી પૂર્વે રેલ્વેના પાટાની હદ તથા માર્કેટયાર્ડના દરવાજા સુધી આશરે ૪૦૦મીટર સુધી.
૩	ચાણસ્મા	એસ.ટી. સ્ટેન્ડની દરવાજાથી પૂર્વ પાંજરપોળ તરફ જતા રસ્તા ઉપર તથા દક્ષિણે ચાણસ્મા ગામમાં જવાના રસ્તા ઉપર તથા ઉત્તરે હાઈવે તરફ જતા રોડ ઉપર ૨૦૦ મીટર સુધી.
૪	હારીજ	બસ સ્ટેન્ડથી મહેસાણા રોડ ઉપર તેમજ બસ સ્ટેન્ડથી રાધનપુર તથા પાટણ રોડ ઉપર ૧૦૦ મીટરના વિસ્તાર સુધી
૫	સમી	બસ સ્ટેન્ડથી આજુબોજુના ૧૦૦ મીટરના ઘેરાવામાં
૬	રાધનપુર	એસ.ટી. સ્ટેન્ડની આજુબાજુના / ૨૦૦ મીટરના વિસ્તારમાં.
૭	વારાહી	એસ. ટી. સ્ટેન્ડથી હાઈવે રોડ ઉપર આશરે ૨૦૦ મી. વિસ્તાર સુધી.
૮	પાટણ જિલ્લો (શહેરી/ગ્રામ્ય વિસ્તાર)	પીક-અપ સ્ટેન્ડની આજુબાજુ ૫૦ (પચાસ)મી. ના વિસ્તારની અંદર.

આજ તારીખ ૪થી માર્ચ ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પાટણ, તારીખ ૪થી માર્ચ ૨૦૦૨.

હિમાંશુ શેઠ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) મુજબનું

નંબર ઉ/મકપ/પલ્સ/મજસ/વશી ૫૪૬.—તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજના રોજ ગોધરા શહેર રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ટ્રેન ઉપરનાં હુમલાના બનાવ તે સંબંધે વિશ્વ હિન્દુ પરિષદે આપેલ ગુજરાત બંધનું એલાન આગામી તારીખ ૧૨મી માર્ચ ૨૦૦૨ મહા શીવરાત્રી તારીખ ૨૫મી માર્ચ ૨૦૦૨ મહોરમ તથા તારીખ ૨૮/૨૯ મી માર્ચ ૨૦૦૨ હોળી ધુળેટીના તહેવારને ધ્યાને લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતીમય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૩ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી હોય છે

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું બી. એન. ડામોર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧લી માર્ચ ૨૦૦૨ થી ૧૦મી એપ્રિલ ૨૦૦૨ (બન્ને દિવસ સહીત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની ધકેલવાની યંત્રો સાધનો લઈ જવા એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી.

INDEX

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવા નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીઓ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીઓ જેને શારીરિક અશકિતના કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનીયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલો.

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી ૫૪૭.—તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સાબરમતી એકસપ્રેસ ટ્રેન પંચમહાલ જિલ્લાનાં ગોધરા શહેરમાં રેલ્વે યાર્ડમાંથી પસાર થઈ રહેલ હતી ત્યારે કેટલાક તોફાની તત્વોએ સદરહું ટ્રેનને પત્થરમારો કરી આમુક ડબ્બાઓને નુકશાન કરેલ છે, જેને લઈને બન્ને કોમો વચ્ચે તંગદીલી ઉભી થઈ ગોધરા શહેર વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો પ્રસંગ બનેલ છે. વિશ્વ હિન્દુ પરીષદે તા ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ "ગુજરાત બંધ" નું એલાન આપેલ છે આ બનાવનાં પ્રત્યાઘાત અટકાવી જાહેર સૂલેહ શાંતિ જાળવવી જરૂરી છે

તેથી હું બી. એન. ડામોર (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ ૩૭(૩) મુજબ મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લાની હદમાં પંદર દિવસની મુદત માટે એટલે કે તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨ થી તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૨ (બન્ને દિવસ સહ) સુધી ચાર કરતાં વધુ માણસો ભેગા થવું નહી કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા કોઈ સરઘસ કાઢવું નહી.

સ્પષ્ટીકરણ —રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનીયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) અને ભારતનાં ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ સજા થશે.

મેં આજ તારીખ ૨૭મી માહે ફેબ્રુઆરી સને ૨૦૦૨ના રોજ સહી કરી અને સિક્કો માર્યો છે.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર તાલીમ/રજી. ૧૦/૨૦૦૨.— કમાન્ડન્ટ, એકઝીકયુટીવ ઓફિસરશ્રી, કોસ્ટગાર્ડ એર સ્ટેશન, નાની દમણ, દમણના પત્ર નં. ૩૧૧/૨ તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૨ થી જણાવ્યાનુસાર કોસ્ટગાર્ડ એર સ્ટેશનના જવાનોની ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) કલમ-૩૭ની પેટા-કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉમરગામ, જિલ્લા વલસાડનાં ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૨૨મી માર્ચ, ૨૦૦૨ થી ૨૩મી માર્ચ, ૨૦૦૨ ના રોજ સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારનાં કોઈ આન અધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉ છું.

સદરહું ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી માર્ચ, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજી. નં. ૧૧ / ૨૦૦૨.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી તહેવારો તથા જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૦મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૨જી એપ્રિલ ૨૦૦૨ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો દંડા, તલવાર ભાલા, સોટા, બંદક ચપ્પુ, છરા લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

INDEX

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૯મી માર્ચ, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમઓજી/બીપીએ/૨જી-૬/૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કીરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૨ના રોજ મહોરમ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૨ ના રોજ હોળી, તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૨ના રોજ ધુળેટી અને ગુડ ફ્રાઈડેના તહેવારને તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૨૧મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૨જી એપ્રિલ ૨૦૦૨ સુધી (બંને દિવસો સુદ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમનો ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાના ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત,

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૦મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

સુધારો હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ નં પીઓએલ-વશી-૩૧૫૪-૫૭ તારીખ ૧-૩-૨૦૦૨ ના સંદર્ભ.

નંબર પી ઓ એલ / વશી.— ઉપર જણાવેલ હુકમથી ખેડા નગર પાલિકા વિસ્તારમાં (વિઠ્ઠલપુરા તથા ખેડા કેમ્પ વિસ્તાર સિવાય) તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે અચોક્કસ મુદતની સંચારબંધી જાહેર કરેલી છે તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તેમાટે સંચાર બંધી અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

INDEX

જેથી હું, બી. એ. શાહ, (જી. એ. એસ.) સબ. ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ખેડા આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ હુકમ નં. પી. ઓ. એલ.--વશી --૩૧૫૪--૫૭, તારીખ ૧લી માર્ચ ૨૦૦૨ થી બીજો હુકમ થતાં સુધી ખેડા શહેરમાં અમલમાં છે, તે વિસ્તાર આ હુકમથી તારીખ ૮મી માર્ચ, ૨૦૦૨ ના કલાક ૦૭-૦૦ થી ૨૨-૦૦ સુધીના સમય દરમિયાન સંચારબંધીના અમલમાં છુટછાટ આપવા ફરમાવું છું.

આજ તારીખ ૮ મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સુધારા હુકમ

ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ નં પીઓએલ-વશી-૩૧૫૪-૫૭ તા. ૧લી માર્ચ ૨૦૦૨ના સંદર્ભ.

નં. પીઓએલ-વશી.—ઉપર જણાવેલ હુકમથી ખેડા નગર પાલિકા વિસ્તારમાં (વિઠ્ઠલપુરા તથા ખેડા કેમ્પ વિસ્તાર સિવાય) તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે અચોક્કસ મુદતની સંચારબંધી જાહેર કરેલી છે.તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે સંચારબંધી અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે

જેથી, હું, બી. એ. શાહ, (જી એ.એસ.) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ખેડા આ ઉપરથી ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ હુકમ નં. પી.ઓ.એલ-વશી-૩૧૫૪-૫૭, તારીખ ૧લી માર્ચ ૨૦૦૨ થી બીજો હુકમ થતાં ધી ખેડા શહેરમાં અમલમાં છે તે વિસ્તાર આ હુકમથી તારીખ ૯મી માર્ચ ૨૦૦૨ ના કલાક ૦૬-૦૦ થી ૨૩-૦૦ સુધીના સમય દરમિયાન સંચારબંધીના અમલમાં છુટછાટ આપવા ફરમાવું છું.

આજ તારીખ ૯મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સુધારા હુકમ

ફોજદારી કાર્યરિતી અધિનિયમ, સને ૧૯૭૩નો કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ નં પીઓએલ વશી/ ૩૧૫૪-૫૭, તા. ૧લી માર્ચ ૨૦૦૨ ના સંદર્ભ.

નં. પીઓએલ/વશી.—ઉપર જણાવેલ હુકમથી ખેડા નગર પાલિકા વિસ્તારમાં (વિઠ્ઠલપુરા તથા ખેડા કેમ્પ વિસ્તાર સિવાય) તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે અચોક્કસ મુદતની સંચારબંધી જાહેર કરેલી છે તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે સંચાર બંધી અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

જેથી હું, બી. એ. શાહ (જી.એ.એસ.), સબ- ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ખેડા આ ઉપરથી ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ હુકમ નં પી. ઓ. એલ /વશી/૩૧૫૪-૫૭ તા ૧લી માર્ચ, ૨૦૦૨થી બીજો હુકમ થતાં સુધી ખેડા શહેરમાં અમલમાં છે. તે વિસ્તાર આ હુકમથી તારીખ ૧૦મી માર્ચ ૨૦૦૨ ના કલાક ૬-૦૦ થી ૨૩-૦૦ સુધીના સમય દરમિયાન સંચારબંધીના અમલમાં છુટછાટ આપવા ફરમાવું છું.

આજ તારીખ ૧૦મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સુધારા હુકમ

ફોજદારી કાર્યરિતી અધિનિયમ, સને ૧૯૭૩નો કલમ ૧૪૪ અન્વયે કરેલ હુકમ નં. પીઓએલ-વશી-૩૧૫૪-૫૭, તા. ૧લી માર્ચ, ૨૦૦૨ ના સંદર્ભ.

નં. પીઓએલ-વશી .—ઉપર જણાવેલ હુકમથી ખેડા નગર પાલિકા વિસ્તાર (વિઠ્ઠલપુરા તથા ખેડા કેમ્પ વિસ્તાર સિવાય) તંગ પરિસ્થિતિ ના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે અચોક્કસ મુદત નો સંચારબંધી જાહેર કરેલી છે. તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે સંચારબંધી અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

જેથી હું બી. એ. શાહ (જી.એ.એસ.) સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ખેડા આ ઉપરથી ફોજદારી કાર્યરિતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ હુકમ નં. પી.ઓ.એલ.-વશી-૩૧૫૪-૫૭ તા. ૧લી માર્ચ ૨૦૦૨ થી બીજો હુકમ થતાં સુધી ખેડા શહેરમાં અમલમાં છે. તે વિસ્તાર આ હુકમથી તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨ના કાલાક ૦૬-૦૦ થી ૨૩-૦૦ સુધીના સમય દરમ્યાન સંચારબંધીના અમલમાં છુટછાટ આપવા ફરમાવું છું.

આજ તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

નં. પીઓએલ વશી.—તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા મુકામે રેલયાત્રિકોને સળગાવી મુકવાનો પ્રસંગ બન્યા બાદ તેના પ્રત્યાઘાતો સર્વત્ર ફેલાતાં તેમજ તે રીતે પહાડ ગામમાં તેના અવળા પ્રત્યાઘાતો પડતાં અને લોકો જાહેરમાં આવી તેની પ્રતિક્રિયા વ્યક્ત કરતાં હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કાબુ બહાર જવાના અને હિંસા થવાની તમામ શકયતાઓ હોવાથી તે પરિસ્થિતિ નું નિવારણ કરવા અને તેને તાત્કાલિક અટકાવવા અત્રેના હુકમ નં. પીઓએલ/વશી/૨૦૦૨ તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૨ના થી અચોક્કસ મુદતનો કરફ્યુ સંબંધિત વિસ્તારોમાં લાદવામાં આવ્યો હતો તથા પાછળથી તેમાં ઉપર્યુકત છુટછાટ પણ મુકવામાં આવી હતી.

હવે પહાડ ગામમાં તનાવ અને ધર્ષણની પરિસ્થિતિ દુર થઈ હોવાથી તેમજ શાંતિ પ્રવર્તી હોવાથી હાલમાં કરફ્યુનો અમલ ચાલુ રાખવો જરૂરી જણાતો નથી. તેથી અત્રેના તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૨ના ઉપરોકત હુકમથી પહાડ ગામમાં લાદવામાં આવેલ કરફ્યુ આજ તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨ ના રોજ ૬-૦૦ કલાક થી સદંતર ઉઠાવી લેવા આથી હુકમ કરવામાં આવે છે.

ખેડા, તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૨.

બી. એ. શાહ,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ખેડા.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમની ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનો.

નંબર એમએજી/વશી/૧૬૦૯ થી ૧૪/૨૦૦૨.—વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના વાઘોડીયા ગામમાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ બનેલ બનાવ અંગે કોમી તંગદીલી પેદા થયેલ હોય જેથી હિન્દુ મુસલમાન નાગરિકો ઉશ્કેરાય તેવી પરિસ્થિતિ છે અને ગામમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે તેવી ભીતી થતાં તથા અન્ય બંને કોમો વચ્ચે કોમી તંગદીલી ઉભી ન થાય તે હેતુથી કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ફોજદારી કાર્યરિતી અધિનિયમની ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ હું ધીરેન પંડયા (જી.એ.એસ.) સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ડભોઈ.

વાઘોડીયા ગ્રામ પંચાયતની હદનો ચારે તરફનો તમામ વિસ્તાર મેઈન રોડ સહિતનો વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરૂં છું. જેમાં ચાર કરતા વધુ ઈસમોએ ભેગા થવું નહી દાખલ થવું નહી; કે ગેરકાયદેસર મંડળી બનાવી ફરવું નહી. ભેગા કરાવવા નહી કે શસ્ત્રો સાથે ફરવું નહી.

આ પ્રતિબંધિત હુકમ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના ૧૮-૦૦ કલાકથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમ રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા અધિનિયમ,૧૯૭૩ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરેલ છે.

ફોજદારી કાર્યરીતી અધિનિયમની ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ.

વાંચ્યા :—(૧) અત્રેની કચેરીના હુકમ નં. એમએજી/વશી/૧૬૦૯ થી ૧૪/૨૦૦૨, તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨
(૨) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી વાઘોડીયાના તારીખ ૨જી માર્ચ, ૨૦૦૨નો રીપોર્ટ.

નંબર એમએજી/વશી/૧૬૬૫ થી ૭૦/૨૦૦૨.—વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના વાઘોડીયા ગામમાં વંચાણ ૧માં જણાવેલ હુકમથી વાઘોડીયા ગ્રામ પંચાયતની હદનો ચારે તરફનો તમામ વિસ્તાર મેઈન રોડ સહિતનો વિસ્તાર તંગ પરિસ્થિતિના કારણે તથા કોમી તંગદીલી પેદા થાય અને ગામની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે તેવી ભીતી થતાં તાત્કાલિક અટકાવવા માટે પગલાં લેવામાં આવેલ વંચાણ ૨થી હાલમાં વાઘોડીયા ગામમાં શાંતિ છે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે તેવો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ વાઘોડીયા તરફથી તારીખ ૨જી માર્ચ, ૨૦૦૨ના રોજ રીપોર્ટ આવેલ છે અને લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે ફકત સ્ત્રીઓને પ્રતિબંધિતનો હુકમ કરેલ તેમાં મને છૂટછાટ આપવાની યોગ્ય જણાય છે.

જેથી હું, ધીરેન પંડયા, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ડભોઈ આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મે જાહેર કરેલ વંચાણ-૧ના હુકમથી વાઘોડીયા ગામમાં તારીખ ૨જી માર્ચ, ૨૦૦૨ના બપોરના ૧૫-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી ફકત સ્ત્રીઓને કરવામાં આવેલ પ્રતિબંધિત હુકમથી છૂટછાટ આપવાનું ફરમાવું છું.

આજરોજ તારીખ ૨જી માર્ચ, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

વાંચ્યા :—(૧) અત્રેની કચેરીના હુકમ નં. એમએજી/વશી/૧૬૦૯ થી ૧૪/૨૦૦૨, તા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨.
(૨) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી વાઘોડીયાના તા. ૩જી માર્ચ ૨૦૦૨નો રીપોર્ટ.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમની ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબનો.

નં. એમએજી/વશી/૧૬૭૨ થી ૭૭/૨૦૦૨.—વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના વાઘોડીયા ગામમાં વંચાણ ૧માં જણાવેલ હુકમથી વાઘોડીયા ગ્રામ પંચાયતની હદનો ચારે તરફનો તમામ વિસ્તાર મેઈન રોડ સહિતનો વિસ્તાર તંગ પરિસ્થિતિના કારણે તથા કોમી તંગદીલી પેદા થાય અને ગામની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે તેવી ભીતી થતાં તાત્કાલિક અટકાવવા માટે પગલાં લેવામાં આવેલ વંચાણ ૨થી હાલમાં વાઘોડીયા ગામમાં શાંતિ છે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે તેવો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ વાઘોડીયા તરફથી તારીખ ૩જી માર્ચ ૨૦૦૨નો રીપોર્ટ આવેલ છે અને લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ મેળવી શકે તે હેતુ સારૂ તમામ માટે વાહન સિવાય તેઓને પ્રતિબંધિતનો હુકમ કરેલ તેમાં મને છૂટછાટ આપવાની યોગ્ય જણાય છે.

જેથી હું, ધીરેન પંડયા સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ ડભોઈ આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મે જાહેર કરેલ વંચાણ ૧ના હુકમથી વાઘોડીયા ગામમાં તા. ૩જી માર્ચ, ૨૦૦૨ ના બપોરના ૧૩-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી તમામ માટે વાહન સિવાય કરવામાં આવેલ પ્રતિબંધિત હુકમથી છુટ્ટછાટ આપવાનું ફરમાવું છું.

આજરોજ તારીખ ૩જી માર્ચ, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

વાંચ્યા:—(૧) અત્રેની કચેરીના હુકમ નં. એમએજી/વશી/૧૬૦૯ થી ૧૪/૨૦૦૨, તા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨
(૨) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી વાઘોડીયાના તા. ૭મી માર્ચ ૨૦૦૨નો રીપોર્ટ.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમની ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબનો

નં. એમએજી વશી/૧૮૨૫ થી ૧૮૩૦/૨૦૦૨.—વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાનાં વાઘોડીયા ગામમાં વંચાણ ૧માં જણાવેલ હુકમથી વાઘોડીયા ગ્રામ પંચાયતની હદને ચારે તરફને તમામ વિસ્તાર મેઈન રોડ સહિતનો વિસ્તાર તંગ પરિસ્થિતિના કારણે તથા કોમી તંગદીલી પેદા થાય અને ગામની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે તેવી ભીતી થતા તાત્કાલિક અટકાવવા માટે પગલા લેવામાં આવેલ

INDEX

વંચાણ—૨ થી હાલમાં વાઘોડીયા ગામમાં શાંતિ છે. પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે તથા પરિસ્થિતિ રાબેતા મુજબની સામાન્ય થયેલ છે તેવો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ વાઘોડીયા તરફથી તા. ૭મી માર્ચ ૨૦૦૨ ના રોજ રીપોર્ટ આવેલ છે. અને લોકોને જરૂરી રાહત રહે અને જીવનજરૂરીયાતની ચીજ વસ્તુઓ મેળવી શકે અને દરેક પ્રજા પોતાની રોજીંદી કામગીરી કરી શકે તે હેતુ સારૂં સદંતર સંચારબંધી ઉઠાવી લેવા વિનંતી કરેલ છે.

જેથી હું ધીરેન પંડયા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ડભોઈ આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મે જાહેર કરેલ વંચાણ-૧ના હુકમથી વાઘોડીયા ગામમાં તા. ૭મી માર્ચ ૨૦૦૨ થી સવારના ૦૫.૦૦ થી સદંતર સંચારબંધી ઉઠાવી લેવા હુકમ કરૂં છું.

આજરોજ તારીખ ૭મી માર્ચ ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

ધીરેન પંડયા,
સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ડભોઈ.

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

નંબર પી.ઓ.એલ./ સી એન.એફ/૨/૨૦૦૨ —તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ ગોધરા ખાતે કારસેવાના બનાવોના સંદર્ભે હિંમતનગર શહેરમાં તંગ પરિસ્થિતિ પ્રવર્તે છે વળી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨ થી તારીખ અનિશ્ચિત મુદત સુધી ના રોજ શહેરમાં પથ્થરો પડવાના, આગ લગાડવાના, છુટા છવાયા બનાવો બનેલ છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૧-૩-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૮-૨-૨૦૦૨નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૬/૨૦૦૨થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૦૨૫/ ખ / ૪૭૨ / ૨૦૦૨.—શ્રી રાધેશ્યામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. મહેસાણા. તા. જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૧૪-૨-૨૦૦૨ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪/૨૦૦૨થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, શ્રી એન. બી. બારોટ, સહકારી અધિકારી, (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પુર્ણ કરવાની રહેશે.

૧૯૬૫ના ગુજરાત સહકારી મંડળીઓના નિયમોના નિયમ-૫૦ અન્વયે ફડચા અધિકારીશ્રીએ પોતાના હોદ્દાની મુદ્દત દરમ્યાન દર ત્રણ મહીના પુરા થયેથી તેમને મળેલી અને ચુકવેલી રકમનો નમુના નં. ૯ પ્રમાણે હિસાબ આ કચેરીને રજુ કરવાનો રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા ૨૧-૩-૨૦૦૨.

કે. પી. ત્રીવેદી,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :-

(૧) શ્રી સંધાણા કો-ઓ. હાઉસીંગ સોસાયટી લિ. સંધાણાના ફડચા અધિકારીશ્રીનો તા. ૬-૧૨-૦૧નો પત્ર નં. ફડચ/૦૧/જ/૧૨૩/૦૧.

INDEX

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ ૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવ.લય, ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ.-૨૪–૯૧/ડીડીસી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા.નં.નધણ/ફડચ/ખ/૧૧૭/૨૦૦૨.—શ્રી સંધાણા કો.ઓપ. હાઉ. સો. લી. મુ. સંધાણા, તા. માતર, જી. ખેડા, મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ૪૩૫૨ તા. ૫–૧–૭૧ થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીઆદના હુકમ નંબર ઉખસ./કજ/ફડચા/ગ–૨/૨૬૭/૯૬, તા. ૨૭-૫-૯૬થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૩૦–૩–૨૦૦૨.

———

વંચાણે લીધા :—

(૧) શ્રી પુનાદરા સેવા સહકારી મંડળી લી. પુનાદરાના ફડચા અધિકારીશ્રીનો તા. ૧૭–૫–૨૦૦૧ નો પત્ર નં. ફ/૫૪/૧૯૬૫.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ–૨૦ અને ૧૧૪ (૨)

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ ના જાહેરનામાં ક્રમાંક જી. એચ. કે. એચ –૨૪–૯૧/ડી. ડી. સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૧૧૮/૨૦૦૨.—શ્રી પુનાદરા સેવા સહકારી મંડળી લી. મુ. પુનાદરા, તાલુકો કપડવંજ, જીલ્લા ખેડા, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર. સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે–૨૬૯૧૮, તારીખ ૨૯–૨–૬૦ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ.ખ.સ/કજ.ફડચા/ગ–૨/૪૫૨૮, તા. ૨૨–૧૧–૯૩ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૩૦–૩–૨૦૦૨.

———

વંચાણે લીધા :—

(૧) શ્રી પોરડા ભાટેરા સેવા સહકારી મંડળી લી. પોરડા ભાટેરાના ફડચા અધિકારીશ્રીનો તા. ૧–૧૦–૨૦૦૧નો પત્ર નં. ફ/૫૪/૮૫૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ ૨૦ અને ૧૧૪(૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ ૨૪-૯૧/ડી.ડી.સી.૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા.નં. નધણ/ફડચ/ખ/૧૧૯/૨૦૦૨.— શ્રી પોરડા ભાટેરા સેવા સહકારી મંડળી લી. મુ. પોરડા ભાટેરા, તાલુકા કપડવંજ, જીલ્લા ખેડા શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૧૨૩૯, તા. ૧૩/૨/૭૪થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/કજ/ફડચા/ગ–૨/૨૦૮૬/૯૪, તારીખ ૩/૧૦/૯૪થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાના કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે, અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે

નડીઆદ, તા. ૩૦–૩–૨૦૦૨.

———

ક્રમાંક નધણ/સેટ્ટ/૧૧૦૧/૦૧/ખ/૧૧૪-૩૨૩૧૦/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે માનાવત–મળીયાદેવ દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ માનાવત–મળીયાદેવ, પો. સરાડીયા, તાલુકો વિરપુર, જીલ્લો ખેડા.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તા. ૨૮-૩-૨૦૦૨.

વંચાણમાં લીધા :-

કૂણા કૃષિ પિયત સ. મં. લી. મુ. કૂણા, તા. મહેમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨-૧૯૯ તા. ૧૯૯.

હુકમ

જા. નં ઉખસ/ક. જ/ફડચા/ગ-૨/૧૩૫૬૧/૧૨૬/૨૦૦૨.- કૂણા કૃષિ પિયત સહકારી મંડળી લી. મુકામ કૂણા, તાલુકો મહેદાવાદ, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર ખ-૩૪૧૩, તા. ૭-૬-૬૧ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી નં.-૧ સદર કચેરીની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તા. ૧૯-૩-૨૦૦૨.

વંચાણમાં લીધા :-

લક્ષ્મીકૃપા કો. ઓપ. હાઉ. સોસાયટી લી. સ. મં. લી. મુકામ નડીઆદ, તાલુકો નડીઆદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/ /૧૯૯ તા. - -૧૯૯ .

હુકમ

જા. નં. ઉખસ/ક. જ / ફડચા / ગ-૨ / ૧૩૫૬૨ / ૧૨૭ / ૨૦૦૨.- લક્ષ્મીકૃપા કો. ઓપ. હાઉ. સોસા. લી. મુકામ નડીઆદ, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડા ને શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર ખ-૧૦૦૨૭ તા. ૭-૮-૮૨થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧ હાલત સદર કચેરીની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તા. ૧૯-૩ ૨૦૦૨.

વંચાણમાં લીધા :-

બારમુવાડા (જરાવત) કૃષિ પિયત સહકારી મંડળી લી., મુકામ બારમુવાડા, (જરાવત) તાલુકો મહેમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/ /૧૯૯ તા.

હુકમ

જા. નં. ઉખસ/ક. જિ./ફડચા / ગ-૨ / ૧૩૫૬૩ / ૧૨૮ / ૨૦૦૨ - બારમુવાડા (જરાવત) કૃષિ પિયત સહકારી મંડળી લી., મુ. બારમુવાડા (જરાવત) તાલુકો મહેમદાવાદ, જીલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર ૩૩૯૭ તા. ૫-૨-૯૧ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી નં.-૧ સદર કચેરીની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું

નડીઆદ, ૧૯-૩-૨૦૦૨.

એ. બી. પટેલ.
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, નડીઆદ..

વંચાણે લીધા :-

(૧) શ્રી ખેડાલ સેવા સહકારી મંડળી લી. ખેડાલના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૭-૧૧-૨૦૦૧ નો પત્ર નં. ફ/૫૪/૧૦૪૨૭.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪ જે.

INDEX

હુકમ

જા. નં. ફડચ/૫૬/ચ/૫૫/૨૦૦૨.—શ્રી બોદાલ સેવા સહકારી મં. લી. બોદાલ મુ. બોદાલ, તા. બોરસદ, જીલ્લા આણંદને મદદનીશ જી. રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર બે–૬૬૯૩, તા. ૧૭–૩–૧૯૨૦ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ.ખ.સ. / ક. જ./ફડચા / ગ–૨ / ૨૭૨ તારીખ ૨૭–૫–૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૧૫–૩–૨૦૦૨.

વંચાણમાં લીધા :–

સૈજપુર તમાકુ ઉત્પાદક સ. મં. લી. મુ. સૈજપુર, તા. બોરસદ, ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાક : ફડચ / ૦૧ / ચ / ૩૧૫ / ૨૦૦૧, તા. ૧૨–૧૦–૨૦૦૧.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફ-૧૩૫૬૮/ચ/૫૪/૨૦૦૨.—સૈજપુર તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ સૈજપુર, તાલુકો બોરસદ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત આણંદની ઓફીસના નોંધ નંબર–૨૦૭૬૫, તા. ૭–૩–૧૯૮૪ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં " ૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તા. ૧૫–૩–૨૦૦૨.

વંચાણમાં લીધા :—

સારોલ તમાકુ ઉત્પાદક સ. મં. લી. મુ. સારોલ, તા. બોરસદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ. ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૯૬/૨૦૦૧, તા. ૫–૭–૨૦૦૧.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફ-૧૩૫૬૭/ચ/૫૩/૨૦૦૨.— સારોલ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ સારોલ, તાલુકો બોરસદ જિલ્લા આણંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પં. આણંદની ઓફીસના નોંધ નંબર સે–૨૧૨૫૯, તારીખ ૪–૧૦–૧૯૯૬ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તા. ૧૫–૩–૨૦૦૨.

વંચાણમાં લીધા :

મેધવા (બડાપુરા) સેવા સ. મં. લી મેધવા (બડાપુરા) તા. ઉમરેઠને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ. ક્રમાંક ફડચ/૦૧/ચ/૨૮૭/૨૦૦૧, તા. ૧૮–૯–૨૦૦૨.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફ-૧૩૫૬૯/ચ/૫૭/૨૦૦૨.— મેધવા (બડાપુરા) સેવા સહકારી મંડળી લી. મુકામ મેધવા (બડાપુરા) તાલુકો ઉમરેઠ, જીલ્લો આણંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત આણંદની ઓફીસના નોંધ નંબર ૧૨૦૩૫, તારીખ ૧૬–૧૦–૧૯૭૨થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની સદર કાયદાના કલમ ૧૦૮(૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૯-૩–૨૦૦૨.

INDEX

વંચાણમાં લીધા :—

આથી ખેડૂત પિયત સ. મં. લી. મુ. આથી, તા. પેટલાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

કમાંક ફડચ/૦૧/ચ/૧૬૪/૨૦૦૧, તા. ૧–૬–૨૦૦૧.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફ–૧૩૫૭૦/ચ/૬૦/૨૦૦૨.—આથી ખેડૂત પિયત સહકારી મંડળી લી. મુકામ આથી, તાલુકો પેટલાદ, જીલ્લો આણંદ ને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત આણંદની ઓફીસના નોંધ નંબર એ–૩૨૧૧, તા. ૨૩–૧૦–૮૬થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. આણંદની સદર કાયદાની કલમ–૧૦૮(૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમાં કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તા. ૨૦–૩–૨૦૦૨.

વંચાણમાં લીધા :—

આણંદ તાલુકા સહકારી વૃક્ષ ઉછેર ખરીદ વેચાણ સંઘ લી. મુકામ આણંદ, તા. આણંદ, ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કમાંક : ફડચ/૦૧/ચ/૩૫૯/૨૦૦૧, તારીખ ૨૬–૧૧–૨૦૦૨.

હુકમ

જા નં. ઉખસ/કજ/ફ–૧૩૫૭૧/ચ/૬૬/૨૦૦૨.— આણંદ તાલુકા સહકારી વૃક્ષ ઉછેર ખરીદ વેચાણ સંઘ લી. મુકામ આણંદ, તાલુકો આણંદ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત આણંદની ઓફીસના નોંધ નંબર એ–૨૬૨૪૪, તા. ૨૫–૧૧–૧૯૯૨ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તા. ૨૦–૩–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ આણંદનો સહકારી કાયદાની કલમ–૮૧ હેઠળની વહીવટી ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરી તરફથી તા. ૩૧–૧–૨૦૦૨, કમાંક સકક/૦૧/ધ/૬૧ થી ૬૬/૨૦૦૨ થી વ્ય. કમીટી સભ્યોને આપેલ કારણદર્શક નોટીસ.

(૩) તા. ૧૪–૨–૨૦૦૨ના રોજ હાજર રહી ૫ વ્ય. કમીટી સભ્યોએ આપેલ નિવેદન.

જા. ન.. સકક/૦૧/જ/૧૩૬/૨૦૦૨.— ધી ત્રણોલ દુધ ઉત્પાદક, સહકારી મંડળી લિ. ત્રણોલ તા. આણંદ, જી. આણંદ, એ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયે (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલી મંડળી છે જેનો વહીવટ મંડળીના માન્ય થયેલા પેટા નિયમો અનુસાર ચલાવવાનો હોય છે. મંડળીના પેટાનિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ મંડળીના કાર્યવાહકોએ નિભાવવાની હોય છે.

મંડળીના તા. ૧–૪–૨૦૦૧ થી તા. ૩૦–૯–૨૦૦૧નો ઓડીટ સમય દરમ્યાન જણાઇ આવેલ વહીવટી ખામીઓને અનુલક્ષીને મંડળીનો વહીવટ સારી રીતે ચલાવવામાં મંડળીની વ્ય. કમીટી નિષ્ફળ ગયેલ હોઇ સ. કા. કલમ–૮૧ અન્વયે વહીવટી ખાસ અહેવાલ થતાં મંડળીના સભાસદોને આમુખ નં.–૨માં જણાવ્યા મુજબ કારણ દર્શક નોટિસ આપી રજુઆત કરવા જણાવતાં તા. ૧૪–૨–૨૦૦૨ના રોજ મંડળીનાં ૫ વ્ય. કમીટી સભ્યોએ રૂબરૂમાં હાજર રહી નિવેદન આપેલ છે, તેમાં જણાવેલ વિગતે કારણ દર્શક નોટીસમાં જણાવેલ મુદ્દાઓ પરત્વે સહમતિ દર્શાવેલ છે અને મંડળીની વ્ય. કમીટીને દુર કરી વહીવટદારની નિમણુંક કરવા જણાવતાં અધિનિયમની કલમ–૮૧ હેઠળની કાર્યવાહી કરવી મંડળીના તથા સભાસદોના હિતમાં જણાતાં મંડળીની હાલની વ્ય. કમીટીની જગ્યાએ વહીવટદારની નિમણુંક કરવી ઉચિત જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. જે. પરમાર જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી

INDEX

મંડળી અધિનિયમની કલમ–૮૧ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી ત્રણોલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ત્રણોલ, તા. જી. આણંદની હાલની વ્યવસ્થાપક કમીટીને વહીવટથી દુર કરી મંડળીનો વહીવટ ચલાવવા સુ શ્રી આર. કે. ઠરજી, નડીયાદ તા. નડીયાદ જી. ખેડાની વહીવટદાર તરીકે નિમણુંક કરું છું. સદર નિમણુંકનો સમય વહીવટદાર તરફથી ચાર્જ સંભાળ્યા તારીખથી ૭ માસ માટેનો રહેશે. વહીવટદારનું મહેનતાણું હવે પછી નકકી કરવામાં આવશે.

આણંદ, તા. ૨૧–૩–૨૦૦૨.

એમ. જે. પરમાર,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચો) લગત જી. રજી. સ. મં. પાટણના પત્ર નં. ફડચ / સચ્ચ/ ૦૧/૮૭ ૨૦૦૧, તા. ૨૦–૪–૨૦૦૧ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ /ક/ક–૧૩૪૨/૩૭૩/૩૮૨/૨૦૦૨.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી આનંદ કો. ઓપ. હા. સોસાયટી લી. મુ. પાટણ, તા. પાટણ, નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૬૩૪૩, તારીખ ૧૮-૧-૧૯૮૨થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૩ અન્વયે જીલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/ ૨૪૫૭/૧૯૯૮, તારીખ ૩૧–૮–૧૯૯૮ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચો) તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/સચ્ચ/૦૧/૮૭/૨૦૦૧, તા. ૨૦–૪–૨૦૦૧ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમની કલમ–૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી આનંદ કો. ઓપ. હા. સો. લી. પાટણની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ. તા. ૧૮–૩–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, પાટણ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક ઉ/૧૧૧૮૬/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, નર્મદા સાગર મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ લાવાકુંઇ, તાલુકો નસવાડી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧)–અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.
વડોદરા, તા. ૭–૩–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, જિ. પંચાયત,
વડોદરા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :—

(૧) આ કાર્યાલયના વચગાળાના આદેશ જા. નં. સેન ઉખસ/ ફડચ/૦૧/ખ–૨/૫૨, તારીખ ૨૨–૨–૨૦૦૧ થી મંડળીને ફડચામાં લઈ જવાનો અપાયેલ આદેશ.

(૨) તા. ૨૯–૧૦–૨૦૦૧ ની સાંભળવાની અપાયેલ તક.

અંતિમ આદેશ

ક્રમાંક સેન/ઉખસ/ફડચ/૦૧/ખ–૩/૧૫૭ થી ૧૬૪/૨૦૦૨.— ધી પંચાયત પરિવાર ગ્રાહક સ. મં. લી. મુકામે વાલીયા, તા. વાલીયા, જી. ભરૂચને અત્રેની કચેરીના વ. ચ. જા. નં. ફડચ/ ૦૧/ખ–૨/૫૨, તા. ૨૨–૨–૨૦૦૧ થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો આદેશ આપવામાં આવેલ હતો જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૩) હેઠળ બહાલી આપતા સદર મંડળીને ફડચામાં લઇ જવાનો આ અંતિમ આદેશ હુકમ આપવામાં આવે છે. અને આ અંગે સદર મંડળીના શ્રી સહકારી અધિકારી (ફડચો ૧–૨) ભરૂચ લગત કચેરી શ્રીમતી બી. પી. જાદવની નિમણુંક ફડચા

INDEX

અધિકારી તરીકે કરવામાં આવે છે. અને નીમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પુરી કરવાની રહેશે.

ભરૂચ, તા. ૨૭-૩-૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ભરૂચ.

નં. ઉખસ સેદુ-૪૨૪૬૧.-આથી જાહેર કરે છે કે, મ. સં. દહુનિયા (માંડવા) દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ માંડવા, તાલુકો વલસાડ, જિ. વલસાડ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૦-૩-૨૦૦૨.

નં. ઉખસ સેદુ-૪૩૯૦૯.-આથી જાહેર કરે છે કે, મહિલા સંચાલિત નામધા-ચંડોર દુધ ઉત્પાદક સ. મં. મર્યાદિત સ્થળ ચંડોર, તાલુકો પારડી, જિ. વલસાડ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૦-૩-૨૦૦૨.

નં. ઉખસ સેદુ-૩૩૯૧૦ -આથી જાહેર કરે છે કે, મહિલા સંચાલિત નાની કચવાલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ નાની કચવાલ, તાલુકો પારડી, જિ. વલસાડ.

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી .

વલસાડ, તા. ૨૦-૩-૨૦૦૨.

નં. ઉખસ-સા-૩૩૯૧૧/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે, સિદ્ધિ વિનાયક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વાપી, તા. પારડી, જિ. વલસાડ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૧-૩-૨૦૦૨.

નં. ઉખસ-સા/૩૪૯૧/૨૦૦૨.-આથી જાહેર કરે છે કે, કલ્પવૃક્ષ ઓનર્સ એસોસીએશન કો. ઓ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વલસાડ, તાલુકો વલસાડ, જી. વલસાડ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૧-૩-૨૦૦૨.

નં. ઉખસ/ઉ-૧૨૦૨૦/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ઓમ મજુર અને કામદારની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ડુંગરી, તાલુકો પારડી, જીલ્લો વલસાડ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામા આવી છે.

વલસાડ, તા. ૨૫-૩-૨૦૦૨.

ન ઉખસ/ઉ-૧૨૦૨૧/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે રામવાડી મજુર અને કામદારોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ તગારીયા, તાલુકો ધરમપુર, જીલ્લો વલસાડ.

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૫-૩-૨૦૦૨.

નં. ઉખસ/ધ-૧૯૯૪૨/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, સાંઇકૃપા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ GIDC ગુંદલાવ તાલુકો વલસાડ,, જીલ્લો વલસાડ.

સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧૫-૩-૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
વલસાડ.

INDEX

ક્રમાંક : ઉખસ / નધણુ / ધ-૨૦૪૮૦ / ઝ /૨૪૦/૨૪૧/સને ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે શ્રી સૌરભ (પાલ) કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી. પાલ, મર્યાદિત સ્થળ પાલ, તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૮–૩–૨૦૦૨.

ક્રમાંક : ઉખસ /નધણુ / ધ-૨૦૪૮૧/ ઝ / ૨૪૨ / ૨૪૩/સને ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે શ્રી ગણેશ (અડાજણ) કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., અડાજણ, સુરત મર્યાદિત સ્થળ અડાજણ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૮–૩–૨૦૦૨.

ક્રમાંક ઉખસ / નધણુ / સા.૩૬૪૩/ઝ/૨૪૪/૨૪૫ / ૨૨૧૮/ ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ઉધના સ્ટેશન શોપીંગ શોપ હોલ્ડર્સ કો. ઓપ. સોસાયટી લી. ઉધના સુરત. મર્યાદિત સ્થળ ઉધના સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૮–૩–૨૦૦૨.

વાંચ્યો :—અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૩૧૮/૦૨, તા. ૨૦–૨–૨૦૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૨૮/૨૨૧૫/ખ/૩૮૬/૨૦૦૨.— ધી ખુહારી વૃક્ષ ઉછેર કરનારી સ. મં. લી. C/o માનવ કલ્યાણ ટ્રસ્ટ ઠે. વીરપોર-ખુહારી, તા. વાલોડ, જી. સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક ઉ–૬૨૦૧, તા. ૨૫–૩–૮૬થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૦–૨–૨૦૦૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવાનાં આવ્યો હતો. સદર સસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા–૨ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧૧–૩–૨૦૦૨.

વાંચ્યો :– સહકારી અધિકારી ફડચા–૨ સુરતના તા. ૨૧–૨–૦૨ના જા. નં. ફડચ/૦/૪૨ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ / ઉખસ / ૧૬૩૩/ખ/૪૯૨/ ૨૦૦૨.—ધી ધલાગામ આદિવાસી સ. પું. ખેતી મં. લી., મુ ધલાગામ, તા. કામરેજ, જીલ્લો સુરતના નોંધણી ક્રમાંક નં ખે.–૩૮૦૫ તારીખ ૨૯–૫–૯૫ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ ઉખસ / ૧૬૩૩ / ખ / તારીખ ૧૯–૧૨–૨૦૦૦ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૬–૩–૨૦૦૨.

વાંચ્યો : સહકારી અધિકારી ફડચા–૨ સુરતના તારીખ ૧૧–૩–૨૦૦૨ નાં જા. નં. ફડચ/૦૨/૪૮/ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૬૨૨/ખ/૪૯૪/૨૦૦૨.— ધી સાંસા (વાણિયા ફળીયુ) ખેતી મિયત સં. મં. લી. મુ. મહુવા, તા. મહુવા, જિ. સુરતના નોંધણી ક્રમાંક : નં. ખે-૩૨૫૭ તારીખ ૧૧–૨–૯૪ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રા- સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ / ઉખસ / ૧૬૨૨ / ખ-૧૧૫ તારીખ ૩૦–૧–૯૫ ના

INDEX

હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી, ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૬-૩-૨૦૦૨

વાંચ્યો : સહકારી અધિકારી ફડચા-૨ સુરતના તા. ૧૧-૩-૨૦૦૨ નાં જા. નં. ફડચા/૦૨/૪૯ / ૨૦૦૨ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ / ઉખસ / ૧૬૭૪ / ખ / ૪૯૩ / ૨૦૦૨.- ધી જયસંતોક એપાર્ટમેન્ટ કો. ઓ. હા. મો. લી. મુ. વરાછારોડ, તા. ચોર્યાસી, જિ. સુરતના નોંધણી ક્રમાંક : નં. ૫-૧૦૮૬૮ તારીખ ૩-૧૧-૧૯૮૩થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૬૭૪/ખ-૯૫૫, તારીખ ૩૦-૬-૨૦૦૦ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવુ અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૬-૩-૨૦૦૨.

વાંચ્યો :-સહકારી અધિકારી ફડચા-૨ સુરતના તારીખ ૧૧-૩-૨૦૦૨નાં જા. નં. ફડચ/૦૨/૫૦/૨૦૦૨થી મંડળીની નોંધણી રદ ની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ / ઉખસ / ૧૬૮૮/ખ/૪૯૫/૨૦૦૨.- ધી કૈલાસ નગર કો.ઓ.હા.સર્વિસ સો. લી. મુ. નાનાવરાછા, તા. ચોર્યાસી, જી. સુરતના નોંધણી ક્રમાંક નં.સા. ૨૪૩૧ તા. ૧-૬-૮૬થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૬૮૮/ખ/૧૨૭૫ તારીખ ૨૯-૧૧-૨૦૦૧ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૬-૩-૨૦૦૨.

વાંચ્યો :— સહકારી અધિકારી ફડચા-૨ સુરતનાં તારીખ ૫-૩-૨૦૦૨નાં જા. નં. ફડચ/ઉખસ/૦૨/૪૧થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ / ઉખસ / ૧૫૪૭ /ખ /૪૯૬/૨૦૦૨.— ધી આંબાલી સહકારી ગ્રાહક ભંડાર લી. મુકામ આંબોલી તા. કામરેજ, જિ. સુરતના નોંધણી ક્રમાંક : નં. ભ-૩૧૭૨ તા. ૧-૭-૮૭ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/ ૧૫૪૭/ખ/૨૨૭૮ તારીખ ૩૦-૧૦-૯૬ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૬-૩-૨૦૦૨.

ક્રમાંક ઉખસ / નવણ / ધ-૨૦૪૮૩ / ઝ / ૩૦૬/૩૦૭/સને ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે, ત્રિરતીયા ટાવર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., રાંદેર સુરત, મર્યાદિત સ્થળ રાંદેર સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

INDEX

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૬–૩–૨૦૦૨.

ક્રમાંક ઉખસ / નધણુ / ધ–૨૦૪૮૪ / ઝ / ૩૦૮/૩૦૯/સને ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, ખદીજા ટાવર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. રાંદેર સુરત મર્યાદિત સ્થળ રાંદેર સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૬–૩–૨૦૦૨.

ક્રમાંક ઉખસ / નધણુ / ધ–૨૦૪૮૫ / ઝ / ૩૧૦/૩૧૧/સને ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, ફાતેમા ટાવર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. રાંદેર સુરત, મર્યાદિત સ્થળ રાંદેર સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૬–૩–૨૦૦૨.

ક્રમાંક ઉખસ / નધણુ / સે–૩૨૭૪૨ / ઝ/ ૩૧૯/૩૨૦/સને ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે વાંઝાફળી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. વાંઝાફળીયા, મર્યાદિત સ્થળ વાંઝાફળી, તાલુકો સોનગઢ, જીલ્લો સુરત

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૮–૩–૨૦૦૨.

આર. આર. વઘાસીયા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

જાહેરનામું

ક્રમાંક સહક / નધણુ / વ /૫૨૮–૩૧/સે–૩૨૮૪૫/૨૦૦૨. - સાબરકાંઠા જીલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, મૌછા સેવા સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ મૌછા, તાલુકો પ્રાંતીજ, જીલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિમતનગર, તા. ૨૮–૩–૨૦૦૨.

જાહેરનામું

ક્રમાંક સહક / નધણુ / વ / ૫૩૬–૪૩ / ખે–૫૫૨૦ / ૨૦૦૨.—સાબરકાંઠા જીલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી મહાકાળી વૃક્ષ સંરક્ષણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ માનપુર, તાલુકો હિમતનગર, જીલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિમતનગર, તા. ૨૮–૩–૨૦૦૨.

જાહેરનામું

ક્રમાંક:સહક / નધણુ / વ / ૫૪૪–૫૧/ખે/૫૫૨૧/૨૦૦૨.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી ખુબડીયાનાં છાપરાં વૃક્ષ ઉછેર સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ખુબડીયાનાં છાપરાં, તાલુકો ખેડબ્રહ્મા, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૨૮–૩–૨૦૦૨.

(સહી) અવાન્ય,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત
હિંમતનગર વતી.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—SA-14-B

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, MAY 2, 2002 / VAISHAKHA 12, 1924 [No. 18

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	630-643
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	18
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	182-206
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	10187—10914

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચો :—

૧. અત્રેના હુકમ નંબર એમએજી-સંચારબંધી-વશી-૨૧૮, તા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨.

હુકમ

ક્રમાંક એમએજી-સંચારબંધી-મુક્તિ-વશી-૨૬૧-૨૦૦૨.—તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ આમુખ-૧થી ભરૂચ શહેરના સમગ્ર વિસ્તાર તેમજ તેમા આવતી તમામ સોસાયટીના સમગ્ર વિસ્તારમાં તથા ભરૂચ દહેજ જંબુસર બાયપાસ તથા એને અડીને આવતી તમામ સોસાયટીઓ વિસ્તારમાં સાવચેતીનાં પગલારૂપે લોકોના જાનમાલના તેમજ શહેરની સુલેહશાતિના ભંગ થવાની શક્યતા હોય અચોક્કસ મુદત માટે સંચારબંધી દાખલ કરવામાં આવેલ છે.

[illegible] તારીખ ૩૧ મી માર્ચ ૨૦૦૨ના રોજથી સવાર ના ૫-૦૦ વાગ્યાથી ભરૂચ શહેરનાં સમગ્ર વિસ્તાર તેમજ તેમાં આવતી તમામ સોસાયટીના સમગ્ર વિસ્તારના તથા ભરૂચ-દહેજ-

INDEX

જંબુસર બાયપાસ તથા તેને અડીને આવતી તમામ સોસાયટી વિસ્તારમાંથી દિવસની સંચારબંધી માંથી મુકિત આપવામાં આવે છે. હવે પછી બીજો આદેશ ન થાય ત્યાં સુધી દરરોજ ફકત રાત્રીના ૨૨.૦૦ કલાકથી સવારના ૫.૦૦ કલાક સુધી સંચારબંધી અમલમાં રહેશે.

આજ તારીખ ૮મી માર્ચ સને ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો છે.

વાંચો :—

(૧) અત્રેના હુકમ નંબર-ગ્રેમઓજી-સંચારબંધી-વશી-૨૨૩, તા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨.

(૨) અત્રેના હુકમ નંબર-ગ્રેમઓજી-સંચારબંધી-વશી-૨૪૨, તારીખ ૫મી માર્ચ ૨૦૦૨.

હુકમ

ક્રમાંક /ગ્રેમ-ઓજી-સંચારબંધી-મુકિત-વશી-૨૬૨/૨૦૦૨.— તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨નાં રોજ આમુખ (૧)થી ભોલાવ, મકતમપુર, ઝાડેશ્વરનો વિસ્તાર તથા તેમાં આવતી તમામ સોસાયટીઓનો વિસ્તાર તથા ભોલાવ, ઝાડેશ્વર, મકતમપુરને અડીને આવતી તમામ સોસાયટી વિસ્તારમાં સાવચેતીના પગલારૂપે લોકોનાં જાનમાલ નાં તેમજ કોમની સુલેહ શાંતિનો ભંગ થવાની શકયતા હોય, આથી ઉક્ત મુદત માટે સંચારબંધી દાખલ કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે આમુખ (૨) થી તારીખ ૫મી માર્ચ ૨૦૦૨ નાં રોજથી સવારના ૭.૦૦ વાગ્યાથી ભોલાવ,મકતમપુર, ઝાડેશ્વરનો વિસ્તાર તથા તેમાં આવતી તમામ સોસાયટીઓમાં આવતાં તમામ વિસ્તારનો દિવસની સંચારબંધીમાંથી મુકિત આપવા તથા દરરોજ ફકત રાત્રીના ૯.૦૦ થી સવારના ૬.૦૦ વાગ્યા સુધી સંચારબંધી અમલમાં રાખવામાં આવેલ.

પરંતુ હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધરતી હોવાને કારણે ભોલાવ, ઝાડેશ્વરનો વિસ્તાર તથા તેમાં આવતી તમામ સોસાયટીઓનો વિસ્તાર તથા ભોલાવ, ઝાડેશ્વર મકતમપુરને અડીને આવતી તમામ સોસાયટી વિસ્તારમાં શાંતિ પ્રવર્તતી હોવાને કારણે તારીખ ૯મી માર્ચ ૨૦૦૨નાં રોજ સવારના ૬.૦૦ કલાકથી આ વિસ્તારમાં થી સંચારબંધીનો અમલ સંપૂર્ણપણે ઉઠાવી લેવામાં આવે છે. ફકત મકતમપુર ગામમાં બીજો આદેશ ન થાય ત્યાં સુધી દરરોજ રાત્રીના ૨૨.૦૦ કલાકથી સવારના ૫.૦૦ કલાક સુધી સંચારબંધી અમલમાં રહેશે.

આજ તારીખ ૮મી માર્ચ સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૩) અન્વયે કરેલો.

બ્રાંચ ડીસીબી / ગ્રેપ્રનોજી / બીપીઓ / રજી. નં. ૦૮/૨૦૦૨.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ની ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, પંકજકુમાર, જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ, આગામી તહેવારો તથા જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, પંકજકુમાર, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ ૩૭ ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લા તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૨ થી ૨૮ મી માર્ચ, ૨૦૦૨ સુધી (બંન્ને દિવસ સુધ્ધાં) અને અધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ ૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વલસાડ, તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૨.

પંકજ કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭ (૧) મુજબનું.

ક્રમાંક ડી. બી. પી. એ.-૪/૨૦૦૨ /વશી—અત્રેના જિલ્લામાં આગામી તારીખ ૪થી એપ્રિલ, ૨૦૦૨ના રોજ કુંપટ ગામે શીતળા માતાનો મેળો ભરાનાર હોઈ તથા ૧૪મી એપ્રિલ ૨૦૦૨ ના સીંધીભાઈઓનો ચેટીચાંદનો તહેવાર તારીખ ૨૧મી એપ્રિલ ૨૦૦૨ના રોજ રામનવમી તથા તારીખ ૨૫મી એપ્રિલ ૨૦૦૨ ના રોજ જૈન ભાઈઓનો મહાવીર જયંતિનો તહેવાર આવતા હોઈ આ તમામ સંજોગોને ધ્યાને લઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૨ થી તારીખ ૩૦મી એપ્રિલ ૨૦૦૨ સુધી (બંને દિવસો સહીત) નીચે જણાવેલ કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(ક) શસ્ત્રો દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈપણ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈ વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહીં;

INDEX

(ધ) મનુષ્યો અથવા શત્રો અથવા પૂતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં;

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી, તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહિ;

વાસ્તે, હું, એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં)ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મનાઈ કરું છું.

આ હુકમ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૨ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૨ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ, તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજ રોજ તારીખ ૧લી માહે એપ્રિલ, સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

હુકમ

ઝાડગણ, હુલ્લડ વિગેરે અટકાવવા અંગેનો મેજિસ્ટ્રેટનો (જુઓ કલમ-- ૧૪૪)

નંબર જી. એમ. ઓ. જી. ક્રિ. પ્રો. કો. કલમ--૧૪૪ વશી.— ગોધરા મુકામે તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ સાબરમતી ટ્રેન ઉપર થયેલ હુમલા અને આગ ચાંપવાના હુમલાના બનાવ અનુસંધાને હાલના પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષી ગુજરાત ભરમાં કોમી રમખાણ અને હાલની તંગદીલ પરિસ્થિતિ જોતાં તથા તારીખ ૧૪ મી એપ્રિલ, ૨૦૦૨ ના રોજ ચેટીચાંદનો તારીખ ૨૧ મી એપ્રિલ, ૨૦૦૨ ના રોજ રામનવમી તથા તારીખ ૨૫ મી એપ્રિલ, ૨૦૦૨ ના રોજ મહાવીર જયંતીનો તહેવાર આવતો હોઈ જિલ્લામાં કોમી રમખાણો, હુલ્લડો કે કોઈ બખેડો થાય નહીં અને જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

સબબ તેથી હવે કિ. પ્રો. કોડ. ૧૯૭૩ની કલમ--૧૪૪ (૧)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રીએમ બી પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા, પાલનપુર આથી બનાસકાંઠા જિલ્લાના તમામ વિસ્તારમાં તારીખ ૧ લી એપ્રિલ, ૨૦૦૨ થી તારીખ ૩૦ મી એપ્રિલ, ૨૦૦૨ સુધીની (બન્ને દિવસો સહીત) મુદત માટે ચાર કે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળીને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

આજ રોજ તારીખ ૨૭ એપ્રિલ સને ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨ મા) ની કલમ ૩૭ ની પેટા-કલમ ૧ હેઠળ :

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧) વશી. ૧૧૯૦/૨૦૦૨.— ગાંધીનગર ગુજરાતનું પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું, કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૨ કલાક ૦૦.૦૦ થી ૨૮મી માર્ચ, ૨૦૦૨ કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો આવતા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલી ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાનો, ચાળા પાળવાનો, અથવા નકલ કરવાની તથા ચીત્રો, નિશાનીઓ, જાહેર બોર્ડો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર રહેસુલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, વહન કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

INDEX

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર / કલોલ / દહેગામ / માણસાએ જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી / સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું, અધિનિયમની કલમ ૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૯ ના ૪૫ માંની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૧મી માચ, ૨૦૦૨ ના રોજ માર્ચ સહી સિક્કા કરી આપ્યા.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩) વશી ૧૨૧૧/૨૦૦૨.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ એલ એ કવાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવા નું જરુરી જણાય છે જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩)થી મને મળેલ સત્તાની રૂઈએ હું કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૩મી માર્ચ ૨૦૦૨ કલાક ૦૦ ૦૦ થી તારીખ ૨૮મી માર્ચ ૨૦૦૨ કલાક ૨૪ ૦૦ સુધી ની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી, કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાનયાત્રાને.
(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા સિવાયનો ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફકત ઉપવાસીઓ માટે ચ.પ, સેકટર-૧૭, અને સેકટર-૨૨ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૩મી માર્ચ ૨૦૦૨ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં

કે. બી. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

———

હુકમ

નંબર પલસ/મજસ/વશી. ૩૪૬ થી ૩૮૩.—પંચમહાલ જિલ્લામાં કેટલીક ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી ૨૦૦૨ હેઠળ કાર્યક્રમ જાહેર થયેલ છે. તથા જિલ્લામાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ પછી કોમી હીંસાના બનાવ નોંધાયેલ છે તે જોતા આગામી સમા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાહેર સુલેહ શાંતિ તેમજ જાહેર સુરક્ષા જળવાઈ રહે તે માટે શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ ૧૭(૩) બીની જોગવાઈ અનુસાર પંચમહાલ, જિલ્લાના સમગ્ર વિસ્તારના પરવાનેદાર ના હથીયાર પરવાના તાત્કાલિક અસરથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી મોકુફ/સસ્પેન્ડ/કરવામાં આવે છે. જેથી પાકરક્ષણ તથા જાત રક્ષણ અંગેના હથીયાર પરવાના હેઠળના પરવાનેદારના હથીયારો તથા દારૂગોળો સબંધીત પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક જમા કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

જે તે પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીએ તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ગોધરા ટાઉનએ તેમના હદ વિસ્તારના પરવાનેદારો પાસેના હથીયારો અને દારૂગોળો તાત્કાલીક મેળવી પોલીસ સ્ટેશને જમા લઈ તાત્કાલિક રીપોર્ટ કરવો.

આ હુકમનો અમલ તાકીદે કરવો.

ગોધરા, તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૨.

(સહી) આચાર્ય,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

———

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે બહાર પાડેલો.

ક્રમાંક ઉ/મકમ/પલસ/મજશ/વશી. ૭૯૯.—તારીખ ૨૭મી ફેબ્રુ-આરી ૨૦૦૨ના રોજ સાબરમતી એકસપ્રેસ ટ્રેન પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં રેલ્વે યાર્ડમાંથી પસાર થઈ રહી હતી ત્યારે કેટલાક તોફાની તત્વોએ સદરહું ટ્રેનને પથ્થરમારો કરી, અમુક ડબ્બાઓને નુકશાન કરેલ. જેને લઈને બન્ને કોમો વચ્ચે તંગદીલી ઉભી થઈ. ગોધરા શહેર તથા સમગ્ર જિલ્લાના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાના પ્રસંગો બનેલા છે. હજુ પણ જિલ્લામાં તંગદીલી ભરી પરિસ્થિતિ વર્તાય છે. આ બનાવના પ્રત્યાઘાતો અટકાવી જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂરી છે.

તેથી હું, બી. એન. ડામોર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ

INDEX

૧૪૪ મુજબ મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લાની હદમાં તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૨ (બંન્ને દિવસો સુધી) ચાર કરતાં વધુ માણસો ભેગા થવું નહી. કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી. અથવા કોઈ સરઘસ કાઢવું નહી.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમની કલમ - ૧૮૮ મુજબ સજા થશે.

મેં આજ તારીખ ૧૪મી માહે માર્ચ સને ૨૦૦૨ ના રોજ સહી કરીને સિક્કો માર્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ : ૩૭ (૩) અન્વયે બહાર પાડેલો.

ક્રમાંક ઉ/મકમ/પ્લસ/મજથ/વશી. ૮૦૦.—તારીખ ૨૭મી ફેબ્રુ-આરી ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેન પંચમહાલ જિલ્લા ના ગોધરા શહેરમાં રેલ્વે યાર્ડમાંથી પસાર થઈ રહી હતી ત્યારે કેટલાક તોફાની તત્વોએ સદરહું ટ્રેનને પથ્થર મારો કરી, અમુક ડબ્બાઓને નુકશાન કરેલ. જેને લઈને બન્ને કોમો વચ્ચે તંગદીલી ઉભી થઈ. ગોધરા શહેર તથા સમગ્ર જિલ્લાના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાના પ્રસંગો બનેલા છે. હજુ પણ જિલ્લામાં તંગદીલી ભરી પરિસ્થિતિ વર્તાય છે. આ બનાવના પ્રત્યાઘાતો અટકાવી જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂરી છે.

તેથી હું બી. એન. ડામોર(જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ : ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ ૩૭ (૩) મુજબ મળેલી સત્તાની રુએ ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લાની હદમાં ૧૫ દિવસની મુદત માટે એટલે કે, તારીખ ૧૭મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૨ (બન્ને દિવસો સુધી) ચાર કરતા વધુ માણસો ભેગા થવું નહી. કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી. અથવા કોઈ સરઘસ કાઢવું નહી.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિ-નિયમ ૧૯૫૧ની, કલમ-૧૩૫, (૩) અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ- ૧૮૮ મુજબ સજા થશે.

મેં આજ તારીખ ૧૪મી માહે માર્ચ સને ૨૦૦૨ ના રોજ સહી કરીને સિક્કો માર્યો છે.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ.

ક્રમાંક / મકઠ/પી. ઓ. એલ /વશી-૪૧૧-૧૮/૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧લી માર્ચ ૨૦૦૨થી તારીખ૧૫મી માર્ચ ૨૦૦૨નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો
(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની
(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,
(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.
(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.
(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.
(જ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહી:—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.
(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતનો કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૧લી માર્ચ ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ.

ક્રમાંક /મકઠ/પીઓએલ/વશી-૪૧૯-૨૬/૨૦૦૨.—જિલ્લામાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની

INDEX

પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧લી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨ ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓ એકત્ર/ભેગા થવું નહીં.

વધુમાં હું, આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવાલયો પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યકિતઓ

(૫) એસ.ટી બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી

સદરહું હુકમનો ભંગ કરનાર કોઈ પણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧લી માર્ચ ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આહવા.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા સુધારા હુકમ

ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ નં. પીઓએલ-વશી-૩૧૫૪-૫૩,તારીખ ૧લી માર્ચ ૨૦૦૨ ના સંદર્ભ.

નંબર પીઓએલ-વશી.—ઉપર જણાવેલ હુકમથી ખેડા નગર પાલિકા વિસ્તારમાં (વિઠ્ઠલપુરા તથા ખેડા કેમ્પ વિસ્તાર સિવાય) તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સૂલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે અચોક્કસ મુદતની સંચારબંધી જાહેર કરેલી છે. તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે સંચાર બંધી અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાયું છે.

જેથી, હું, બી. ઓ. શાહ (જી.એ.એસ.),સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ખેડા, આ ઉપરથી ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ હુકમ નં. પી.ઓ.એલ.-વશી ૩૧૫૪-૫૩, તારીખ ૧લી માર્ચ ૨૦૦૨ થી બીજો હુકમ થતાં સુધી ખેડા શહેરમાં અમલમાં છે. તે વિસ્તાર આ હુકમથી તારીખ ૧૨મી માર્ચ ૨૦૦૨ ના કલાક ૦૬-૦૦ થી ૨૩-૦૦ સુધીના સમય દરમિયાન સંચારબંધીના અમલમાં છુટછાટ આપવા ફરમાવું છું.

આજ તારીખ ૧૨મી માર્ચ ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સુધારા હુકમ

ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને ૧૯૭૩ના કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ નં. પીઓએલ-વશ-૩૧૫૪-૫૩, તા. ૧લી માર્ચ ૨૦૦૨ ના સંદર્ભ.

નં. પીઓએલ-વશી.—ઉપર જણાવેલ હુકમથી ખેડા નગર પાલિકા વિસ્તારમાં (વિઠ્ઠલપુરા તથા ખેડા કેમ્પ વિસ્તાર સિવાય) તંગ પરિસ્થિતિ ના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સૂલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે અચોક્કસ મુદત સુલેહ શાંતિને ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે અચોક્કસ મુદત ની સંચારબંધી જાહેર કરેલ છે. તે વિસ્તારમાં લોકોને જરૂર રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે સંચારબંધી અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

જેથી, હું બી. એ. શાહ, (જી.એ.એસ.) સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ખેડા આ ઉપરથી ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ -૧૪૪ અન્વયે મે જાહેર કરેલ હુકમ નં. પી.ઓ.એલ. -વશી-૩૧૫૪-૫૩, તારીખ ૧લી માર્ચ ૨૦૦૨ થી બીજો હુકમ થતાં સુધી ખેડા શહેરમાં અમલમાં છે. તે વિસ્તાર આ હુકમથી તારીખ ૧૩મી માર્ચ ૨૦૦૨ના કલાક ૦૫-૦૦ થી ૨૪-૦૦ સુધીના સમય દરમિયાન સંચારબંધીના અમલમાં છુટછાટ આપવા ફરમાવું છું.

આજ તારીખ ૧૩મી માર્ચ ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એ. શાહ,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ખેડા.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ-પકમ-પચસ-વશી. ૬૭૬/૨૦૦૨.—આ કચેરીના તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના હુકમ ક્રમાંક-ઉ/મકમ/પચસ/વશી. ૨૭૦૨ થી ગોધરા શહેરમાં પોલીસ ચોકી નં. ૧ થી ૯માં આવતા સમગ્ર ગોધરા નગરપાલીકા વિસ્તારમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યુ લાદવામાં આવેલ છે. ગોધરા શહેરની હાલની પરિસ્થિતિ ધ્યાનમાં લઈ, ને, તેમજ લોકોને આવશ્યક ચીજ વસ્તુઓ મળી રહે તે હેતુથી હાલમાં અમલમાં રહેલ કરફ્યુના સમયમાં નીચે મુજબના સમય માટે કરફ્યુ મુકિત આપવામાં આવે છે.

તારીખ	સમય	વિસ્તાર
3/3/2002	૧૫-૩૦થી ૧૬-૦૦	પોલીસ ચોકી નંબર ૧, ૨, ૮, ૭
	૧૬-૩૦ થી ૧૭-૦૦	પોલીસ ચોકી નં. ૩, ૪, ૫
	૧૭-૩૦થી ૧૮-૦૦	પોલીસ ચોકી નં. ૬, ૯

INDEX

ઉપરોકત સમય પુરો થતાં કરફ્યુનો અમલ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ ના હુકમ મુજબ અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી માર્ચ-૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ-મકમ-પલસ-વશી./૬૭૬/૨/૨૦૦૨.—આ કચેરીના તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના હુકમ ક્રમાંક-ઉ/મકમ/પલસ/વશી./૨૭૦૨ થી ગોધરા શહેરમાં પોલીસ ચોકી નં. ૧ થી ૯માં આવતા સમગ્ર ગોધરા નગરપાલીકા વિસ્તારમાં તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યુ લાદવામાં આવેલ. જે અન્વેના જાહેરનામા ક્રમાંક-ઉ-મકમ-પલસ-વશી./ ૬૭૬/ ૨૦૦૨ તારીખ ૩જી માર્ચ ૨૦૦૨ થી કરફ્યુ મુકિત માટે કરવામાં આવેલ. હુકમ તાત્કાલીક અસરથી સંપુર્ણ રદ કરવામાં આવે છે. અને અચોક્કસ મુદતનો કરફ્યુ અમલમાં રહેશે. અને તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના હુકમ મુજબ અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરી નો સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

ક્રમાંક ઉ / મકમ / પલસ / કા / વશી / ૨૭૦૩/૨૦૦૨.— ગોધરા મુકામે તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ એકાએક અસામાજીક તત્વોએ રેલ્વેના ડબ્બા સળગાવતાં તોફાન શરૂ થતાં, અને જાનહાનિ થતાં, તેના પ્રત્યાઘાત રૂપે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના નીચેના વિસ્તારમાં અનિચ્છનીય બનાવ બનવા પામેલ છે. જેથી લોકોના જાનમાલ જોખમ અને ભયમાં મૂકાય અને જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે અને એવી રીતે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા તથા તેને અંકુશમાં લેવાનું અને ઝડપી ઉપાયો યોજવાનું ઈચ્છનીય છે.

તેથી હું, એન. કે. ડામોર, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરા પ્રાંત, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે નીચે આપેલ અનુસુચિમાં નિર્દેશેલ વિસ્તારોના રહેવાસીઓએ તેમાં અવર "જવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસુચિમાં નિર્દેશ કરેલ વિસ્તાર પૂરતું તે અનુસુચિમાં દર્શાવેલા કલાકો દરમ્યાન ઉપરોકત વિસ્તારની અંદર આવેલ કોઈ પણ માર્ગ જાહેર રાહદારી રસ્તો, રાજમાર્ગ શેરી, ગલી, પેટા ગલીમાં સવારી કરવી નહી, વાહન હંકારવું નહી, ચલાવવું નહી, ઉભા રહેવું નહી, રખડવું નહી અથવા હરવું ફરવું નહી અથવા તેનો બીજો કોઈ ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	સમય
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના દેલોલ / કાલોલ / વેજલપુર / ડેરોલ વિસ્તાર.	અચોક્કસ મુદત સુધી.

આ હુકમ આ કચેરીના અધિકૃત કરેલા અધિકારી પાસેથી પરમીટ ધરાવનાર વ્યકિતઓને તથા ફરજ પરની પોલીસના તથા આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહીં

મેં આજરોજ તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા કર્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ / મકમ / પલસ / હા / મુ / વશી / ૨૭૦૪ / ૧/૨૦૦૨.— આ કચેરીના તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના હુકમ ક્રમાંક ઉ/મકમ/પલસ/વશી./૨૭૦૪ થી હાલોલ શહેરમાં આવતા સમગ્ર હાલોલ નગરપાલિકા વિસ્તારમાં તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ સવારના ૧૭--૨૫ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યું લાદવામાં આવેલ છે. હાલોલ નગરપાલિકા વિસ્તારની હાલની પરિસ્થિતિ ધ્યાનમાં લઈને, તેમજ લોકોને આવશ્યક ચીજ વસ્તુઓ મળી રહે તે હેતુથી હાલમાં અમલમાં રહેલ કરફ્યુના સમયમાં નીચે મુજબના સમય માટે કરફ્યુ મુકિત આપવામાં આવે છે.

INDEX

તારીખ	સમય	વિસ્તાર	
૧	૨	૩	
૪/૩/૨૦૦૨	બપોરના— ૧૩-૦૦ થી ૧૫-૦૦ સુધી	(૧) આરાદ રોડ થી સ્વામિનારાયણ ચોકી તથા કોઠી ફળીયાનો પૂર્વ તરફનો વિસ્તાર.	ફકત બાળકો અને સ્ત્રીઓ માટે.
		(૨) વડોદરા-ગોધરા રોડનો તથા પશ્ચિમ તરફનો તમામ સોસાયટી વિસ્તાર.	ફકત બાળકો અને સ્ત્રીઓ માટે.
	બપોરના— ૧૫-૦૦ થી ૧૬-૦૦ સુધી.	(૧) કસ્બા વિસ્તારનો તમામ ભાગ. (અંદરના વિસ્તાર સહિત).	ફકત બાળકો અને સ્ત્રીઓ માટે.
	બપોરના— ૧૬-૦૦ થી ૧૮-૦૦સુધી.	(૧) સ્વામિનારાયણ મંદિરથી જૈન મંદિર સુધીનો વિસ્તાર (મેઈન બજાર થઈને).	ફકત બાળકો અને સ્ત્રીઓ માટે.
		(૨) મેઈન બજાર બોમ્બે હાઉસથી જતો ગોધરારોડ તરફથી બસ સ્ટેન્ડ વિસ્તારની વચ્ચેનો ભાગ.	ફકત બાળકો અને સ્ત્રીઓ માટે.

ઉપરોકત સમય પુરો થતાં કરફ્યુનો અમલ તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના હુકમ મુજબ અમલમાં રહેશે.

આજ તારીખ ૪ થી માર્ચ, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

ક્રમાંક ૩/મકમ/પલસ/ગો/મુ/વશી/૨૭૦૨/૬૭૬/૫/૨૦૦૨.— આ કચેરીના તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના હુકમ ક્રમાંક ૩/મકમ/પલસ/વશી./૨૭૦૨ થી ગોધરા શહેરમાં પોલીસ ચોકી નં. ૧ થી ૯ માં આવતા સમગ્ર ગોધરા નગરપાલિકા વિસ્તારમાં તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યુ લાદવામાં આવેલ છે. ગોધરા શહેરમા પોલીસ ખાતા દ્વારા કાયદો અને વ્યવસ્થાની જણાવેલી પરિસ્થિતિની વિગતો ધ્યાનમાં લઈ, નીચે જણાવેલા વિસ્તારોમાં કરફ્યુ મુકિત માટે જણાવતાં, ધ્યાને લઈ, ગોધરા શહેરમાં લોકોને આવશ્યક ચીજ વસ્તુઓ મળી રહે તે હેતુથી હાલમાં અમલમાં રહેલ કરફ્યુના સમયમાં નીચે મુજબના સમય માટે કરફ્યુ મુકિત આપવામાં આવે છે.

તારીખ	સમય	કરફ્યુ મુકિત વિસ્તાર	કોના માટે ?
૧	૨	૩	૪
૯ મી માર્ચ, ૨૦૦૨	૮-૦૦ થી ૧૨-૦૦	ગોધરા શહેરી વિસ્તાર	તમામ માટે.

ઉપરોકત કરફ્યુ મુકિતનો સમય પુરો થતાં આત્રેના તારીખ, ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના કરફ્યુનો હુકમ મુજબ અમલમાં રહેશે.

આજ તારીખ ૯ મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ૩/મકમ/પલસ/ગો/મુ/વશી. ૨૭૦૨/૬૭૬/૭/૨૦૦૨.— આ કચેરીના તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના હુકમ ક્રમાંક ૩/મકમ/પલસ/વશી./૨૭૦૨ થી ગોધરા શહેરમાં પોલીસ ચોકી નં. ૧ થી ૯ માં આવતાં સમગ્ર ગોધરા નગરપાલિકા વિસ્તારમાં તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ સવારના ૧૦--૦૦ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યુ લાદવામાં આવેલ છે. ગોધરા શહેરમાં પોલીસ ખાતા દ્વારા કાયદો અને વ્યવસ્થાની જણાવેલ પરિસ્થિતિની વિગત ધ્યાનમાં લઈ, નીચે જણાવેલા વિસ્તારોમાં કરફ્યુ મુકિત માટે જણાવતાં, તે ધ્યાને લેતાં, ગોધરા શહેરમાં લોકોને આવશ્યક ચીજ વસ્તુઓ મળી રહે તે હેતુથી હાલમાં અમલમાં રહેલ કરફ્યુના સમયમાં નીચે મુજબના સમય માટે કરફ્યુ મુકિત આપવામાં આવે છે.

INDEX

તારીખ	સમય	કરફ્યુ મુકિત વિસ્તાર	કોના માટે ?
૧	૨	૩	૪
૯ મી માર્ચ, ૨૦૦૨ થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી.	સંપૂર્ણ સમય માટે બીજો હુકમ ન થાય ત્યાં સુધી.	ગોધરા શહેરી વિસ્તારના ફકત ચોકી નંબર-૮ અને ૯ નો સમગ્ર વિસ્તાર.	તમામ માટે.

ઉપરોકત કરફ્યુ મુકિતનો સમય પુરો થતાં આત્રેના તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના કરફ્યુનો હુકમ મુજબ અમલમાં રહેશે.

આજ તારીખ ૯ મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ / મકમ / પલસ / ગો / મુ / વધી. ૨૭૦૨ / ૬૭૬ / ૮/૨૦૦૨.— આ કચેરીના તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના હુકમ ક્રમાંક ઉ / મકમ / પલસ / વધી. ૨૭૦૨ થી ગોધરા શહેરમાં પોલીસ ચોકી નં. ૧ થી ૯ માં આવતા સમગ્ર ગોધરા નગરપાલિકા વિસ્તારમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ સવારના ૧૦--૦૦ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યુ લાદવામાં આવેલ છે. ગોધરા શહેરમાં પોલીસ ખાતા દ્વારા કાયદો અને વ્યવસ્થાની જણાવેલ પરિસ્થિતિની વિગત ધ્યાનમાં લઈ, નીચે જણાવેલ વિસ્તારોમાં કરફ્યુ મુકિત માટે જણાવતાં, તે ધ્યાને લેતાં, ગોધરા શહેરમાં લોકોને આવશ્યક ચીજ વસ્તુઓ મળી રહે તે હેતુથી હાલમાં અમલમાં રહેલ કરફ્યુના સમયમાં નીચે મુજબના સમય માટે કરફ્યુ મુકિત આપવામાં આવે છે.

તારીખ	સમય	કરફ્યુ મુકિત વિસ્તાર	કોના માટે ?
૧	૨	૩	૪
૧૦ મી માર્ચ, ૨૦૦૨	સવારના ૯-૦૦ થી બપોરના ૧૫--૦૦ કલાક સુધી.	ગોધરા શહેરી વિસ્તારના ચોકી નંબર-૧ થી ૭ નો સમગ્ર વિસ્તાર.	તમામ માટે.

ઉપરોકત કરફ્યુ મુકિતનો સમય પુરો થતાં આત્રેના તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના કરફ્યુનો હુકમ મુજબ અમલમાં રહેશે.

આજ તારીખ ૧૦ મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ / મકમ / પલસ / ગો / મુ / વધી ૨૭૦૨ / ૬૭૬ / ૯/૨૦૦૨.— આ કચેરીના તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના હુકમ ક્રમાંક ઉ / મકમ / પલસ / ગો / મુ / વધી ૨૭૦૨ થી ગોધરા શહેરમાં પોલીસ ચોકી નં ૧ થી ૯ માં આવતાં સમગ્ર ગોધરા નગરપાલિકા વિસ્તારમાં તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ સવારના ૧૦--૦૦ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યુ લાદવામાં આવેલ છે ગોધરા શહેરમાં પોલીસ ખાતા દ્વારા કાયદો અને વ્યવસ્થાની જણાવેલ પરિસ્થિતીની વિગતો ધ્યાનમાં લઈ, નીચે જણાવેલા વિસ્તારોમાં કરફ્યુ મુકિત માટે જણાવતાં, તે ધ્યાને લેતાં, ગોધરા શહેરમાં લોકોને આવશ્યક ચીજ વસ્તુઓ મળી રહે તે હેતુથી અમલમાં રહેલ કરફ્યુના સમયમાં નીચે મુજબના સમય માટે કરફ્યુ મુકિત આપવામાં આવે છે.

તારીખ	સમય	કરફ્યુ મુકિત વિસ્તાર	કોના માટે ?
૧	૨	૩	
૧૧મી માર્ચ, ૨૦૦૨-- થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી	સવારના ૭--૦૦ થી-- સાંજના ૧૯--૦૦ કલાક સુધી	ગોધરા શહેરી વિસ્તારના ચોકી નંબર-- ૧ થી ૭ નો સમગ્ર વિસ્તાર	તમામ માટે.

ઉપરોકત કરફ્યુ મુકિતનો સમય પુરો થતાં આત્રેના તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૨ ના કરફ્યુનો હુકમ મુજબ અમલમાં રહેશે.

આજ તારીખ ૧૧ મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન. કે. ડામોર,
સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ગોધરા પ્રાંત, ગોધરા.

INDEX

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

કરફ્યુ હુકમમાં છુટછાટ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે કાઢેલ.

(અત્રેની કચેરીના હુકમ નંબર પી.ઓ.એલ. / સી.એન.એફ. ૨/૨૦૦૨, તારીખ ૨૮-૨-૨૦૦૨ અનુસંધાને).

નંબર પી.ઓ.એલ. / સી.એન.એફ ૩/૨૦૦૨.— ખેડબ્રહ્મા--શહેરમાં ઉપર જણાવેલ હુકમથી ખેડબ્રહ્મા શહેરના સમગ્ર વિસ્તારના લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં જાહેર સુલેહ શાંતિનો ભંગ થતાં તાત્કાલિક અટકાવવા માટે સંચારબંધી લાદી પગલાં લેવામાં આવેલા આ વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ--વસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુંટછાટ મુકવાનું મને ઈસ્ટ જણાય છે

આથી હું આર. જી. સ્વામી, તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ખેડબ્રહ્મા આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ ઉપરોકત હુંકમ હેઠળ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં ફકત શાકભાજીની દુકાન, મેડીકલ સ્ટોર્સ, દુધ વિતરણ કેન્દ્ર, તથા અનાજ દળવાની ઘટી જેવી આવશ્યક ખરીદી માટે મહિલાઓ અને આઠ વર્ષ સુધીના બાળકો માટે આજરોજ--તારીખ ૩ જી માર્ચ, ૨૦૦૨ ના રોજ કલાક ૮--૦૦ થી ૧૧--૦૦ સુધી કરફ્યુ અમલમાંથી મુકિત આપવાનું ફરમાવું છું.

આજ રોજ તારીખ ૩ જી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

કરફ્યુ હુકમમાં છુટછાટ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ--૧૪૪ અન્વયે કાઢેલ.

(અત્રેની કચેરીના હુકમ નંબર પી ઓ એલ / સી એલ એસ / ૨/૨૦૦૨, તારીખ ૨૮-૨-૨૦૦૨ અનુસંધાને).

નંબર પી ઓ એલ / સી એન.એફ. ૩/૨૦૦૨..— ખેડબ્રહ્મા--શહેરમાં ઉપર જણાવેલ હુકમથી ખેડબ્રહ્મા શહેરના સમગ્ર વિસ્તારના લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં જાહેર સુલેહ શાંતિનો ભંગ થતાં તાત્કાલિક અટકાવવા માટે સંચારબંધી લાદી પગલાં લેવામાં આવેલા આ વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ મુકવાનું મને ઈસ્ટ જણાય છે.

આથી હું આર. જી. સ્વામી, તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ખેડબ્રહ્મા. આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ ઉપરોકત હુકમ હેઠળ ઉપર-નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં ફકત મેડીકલ સ્ટોર્સ, શાકભાજીની દુકાન--અનાજ દળવાની ઘંટી, કરીયાણાની દુકાન તથા વ્યાજબી ભાવના દુકાનમાં આવશ્યક ચીજવસ્તુ ખરીદવા મહિલાઓ અને આઠ વર્ષ સુધીના બાળકો માટે આજરોજ તારીખ ૪ થી માર્ચ, ૨૦૦૨ ના રોજ કલાક ૧૬--૦૦ થી ૧૮--૦૦ સુધી કરફ્યુ અમલમાંથી મુકિત આપવાનું ફરમાવું છું.

આજરોજ તારીખ ૪ માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

કરફ્યુ હુકમમાં છુટછાટ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪/અન્વયે કાઢેલ.

(અત્રેની કચેરીના હુંકમ નંબર પી ઓ એલ / સી એન એફ / ૨/૨૦૦૨, તારીખ ૨૮-૨-૨૦૦૨ અનુસંધાને)

નંબર પી.ઓ.એલ. / સી.એન.એફ. ૩/૨૦૦૨.— ખેડબ્રહ્મા--શહેરમાં ઉપર જણાવેલ હુકમથી ખેડબ્રહ્મા શહેરના સમગ્ર વિસ્તારના લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે સંચારબંધી લાદી પગલાં લેવામાં આવેલા આ વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

આથી હું આર. જી. સ્વામી, તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-ખેડબ્રહ્મા આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ ઉપરોકત હુકમ હેઠળ ઉપર-નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં તમામ માટે આજરોજ તારીખ ૬ ઠ્ઠી માર્ચ ૨૦૦૨ ના રોજ કલાક સવારના ૭-૦૦ થી સાંજના ૭-૦૦ સુધી કરફ્યુ અમલમાંથી મુકિત આપવાનું ફરમાવું છું.

આજરોજ તારીખ ૬ ઠ્ઠી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

કરફ્યુ હુકમમાં છુટછાટ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ--૧૪૪--અન્વયે કાઢેલ.

(અત્રેની કચેરીના હુકમ નંબર પી.ઓ.એલ. તારીખ ૨૮-૨-૨૦૦૨ અનુસંધાને)

નંબર પી.ઓ.એલ. / સી.એન.એફ. / ૩/૨૦૦૨.— ખેડબ્રહ્મા શહેરમાં ઉપર જણાવેલ હુકમથી ખેડબ્રહ્મા શહેરના સમગ્ર વિસ્તારના લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં જાહેર સુલેહ શાંતિનો ભંગ થતાં તાત્કાલિક અટકાવવા માટે સંચારબંધી લાદી પગલાં લેવામાં આવેલા આ વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે માટે કરફ્યુના અમલમાં છુટછાંટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

આથી હું, આર. જી. સ્વામી, તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ખેડબ્રહ્મા આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ--૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ ઉપરોકત હુકમ હેઠળ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં તમામ માટે આજરોજ તારીખ ૮મી માર્ચ, ૨૦૦૨ ના રોજ સવારે કલાક ૬--૦૦ થી રાત્રે ૯--૦૦ કલાક સુધી કરફ્યુ અમલમાંથી મૂકિત આપવાનું ફરમાવું છું.

આજ રોજ તારીખ ૭ મી માર્ચ ૨૦૦૨ના, રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો

INDEX

કરફ્યુ હુકમમાં છુટછાટ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે.

નંબર પી.ઓ.એલ. / સી.એન.એફ. / ૨/૨૦૦૨.— ખેડબ્રહ્મા શહેરમાં ઉપર જણાવેલ હુકમથી ખેડબ્રહ્મા શહેરના સમગ્ર વિસ્તારના લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં જાહેર સુલેહશાંતિનો ભંગ થતાં અટકાવવા માટે સંચારબંધી લાદી પગલાં લેવામાં આવેલ. આ-વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવનજરૂરી ચીજવસ્તુ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

આથી હું, આર. જી. સ્વામી, તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ખેડબ્રહ્મા આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ ઉપરોકત હુકમ લેકળ ઉપર નિર્દેશ કરેલા વિસ્તારમાં તારીખ ૯ મી માર્ચ ૨૦૦૨ ના રોજ સવારના ૬--૦૦ કલાક થી રાત્રીના ૯--૦૦ કલાક સુધી કરફ્યુ અમલમાંથી મુકિત આપવાનું ફરમાવું છું.

આજ તારીખ ૮ માહે માર્ચ, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

કરફ્યુ હુકમમાં છુટછાટ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે

નંબર પી.ઓ.એલ. / સી.એનએફ. / ૨/૨૦૦૨.— ખેડબ્રહ્મા--શહેરમાં ઉપર જણાવેલ હુકમથી ખેડબ્રહ્મા શહેરમાં સમગ્ર વિસ્તારના લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવા માટે સંચારબંધી લાદી પગલાં લેવામાં આવેલ. આ વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

આથી, હું આર. જી. સ્વામી તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ખેડબ્રહ્મા, આ ઉપરથી ફોજદારી કર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ નીચે કલમ--૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ ઉપરોકત હુકમ લેકળ ઉપર નિર્દેશ કરેલા વિસ્તારમાં તારીખ ૧૧ મી માર્ચ, ૨૦૦૨ ના રોજ સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી કરફ્યુ અમલમાંથી-મુકિત આપવાનું ફરમાવું છું.

આજ તારીખ ૧૦ મી માહે માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

આર. જી. સ્વામી,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ખેડબ્રહ્મા

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે કાઢેલ હુકમમાં ફેરફાર કરતો. :

નંબર પી.ઓ.એલ. / વશી.— ખંભાત શહેર પોલીસ ઈન્સ્પેકટરશ્રી ખંભાત તરફથી આજ રોજ મળેલ લેખીત પત્રમાં જણાવ્યા મુજબ ખંભાત શહેરમાં તારીખ ૧ લી માર્ચ, ૨૦૦૨ ના રોજ રાત્રીના ૨૩-૩૦ કલાકથી મુકેલ ઓચોક્કસ મુદતની સંચાર બંધીમાં છુટછાટ મુકવા જણાવવામાં આવેલ છે. અને પત્રમાં જણાવેલ છે કે હાલ પરિસ્થિતી નિયંત્રણ હેઠળ છે. અને લોકો જરૂરી આવશ્યક ચીજ વસ્તુ ખરીદી શકે અને દુધ મેળવી શકે તે માટે કરફ્યુમાં છુટછાટ મુકવા જણાવેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીને લક્ષમાં રાખી સંચાર બંધીના અમલમાં નીચે મુજબ છુટછાટ મુકવા હુકમ કરવામાં આવે છે.

આનુસૂચિ	સમય
ખંભાત શહેર, પોલીસ-સ્ટેશનનો સમગ્ર વિસ્તાર.	સવારના ૬-૦૦ થી રાત્રીના--૨૪-૦૦ કલાક સુધી.

ઉપરોકત આનુસૂચિમાં દર્શાવેલ સમય પુરો થયેથી સંચાર બંધીનો અમલ ચાલુ રહેશે.

આજ રોજ તારીખ ૧૦ મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી સિક્કો કરવામાં આવ્યો.

વંચાણમાં લીધું :—

(૧) આત્રેની કચેરીના હુકમ નં. પી.ઓ.એલ. / વશી / તારીખ ૧લી માર્ચ, ૨૦૦૨.

(૨) પોલીસ ઈન્સ્પેકટરશ્રી ખંભાત સીટી પત્ર નં. તારીખ--૧૦ મી માર્ચ, ૨૦૦૨.

હુકમ

નંબર પી.ઓ.એચ. / વશી.— ગોધરા મુકામે થયેલ હત્યાકાંડના પગલે તારીખ ૧ લી માર્ચ, ૨૦૦૨ ના રોજ ખંભાત શહેરમાં રાત્રીના સમયે અતિ કોમી તોફાનો ફાટી નીકળતા તારીખ ૧ લી માર્ચ, ૨૦૦૨ ના રાત્રીના ૧૧--૩૦ કલાકથી ઓચોક્કસ મુદતની સંચારબંધી આમુખ (૧) ના હુકમથી લાદવામાં આવેલ હતી. તારીખ ૨ જી માર્ચ, ૨૦૦૨ થી ૧૦ મી માર્ચ, ૨૦૦૨ સુધી ખંભાત શહેરમાં શાંતિ પ્રવર્તી હતી. જેથી દરરોજ કરફ્યુ મૂકિત તબક્કાવાર આપવામાં આવેલ હાલ ખંભાત શહેરમાં સંપૂર્ણ શાંતિ છે. જેથી આમુખ (૨) થી પોલીસ ઈન્સ્પેકટરશ્રી ખંભાત સીટી એ અંગત શહેરની સ્થિતી નિયંત્રણ હેઠળ હોઈ તારીખ ૧૧ મી માર્ચ, ૨૦૦૨ થી સંચારબંધી સદંતર ઉઠાવી લેવા ભલામણ કરેલ છે.

હાલ ખંભાત શહેરમાં સંપુર્ણ શાંતિ છે. સંચારબંધીમાં અમલ--દરમ્યાન કોઈ જાનહાની કે અન્ય બનાવ બનેલ નથી. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી હાલ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

વાસ્તે હું, શ્રી આર. એચ. ઉપાધ્યાય, એકઝીકયુટી મેજિસ્ટ્રેટ, ખંભાત ફોજદારી અધિનિયમ, ૧૯૭૩ થી મને મળેલ અધિકારની રુએ ખંભાત શહેરમાંથી આમુખ (૧) થી લાદેલ સંચારબંધી આજ તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૨ થી સંપુર્ણ પણે ઉઠાવી લેવા હુકમ કરું છું.

આજ તારીખ ૧૧ મી માર્ચ, ૨૦૦૨ ના રોજ સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

આર. એચ. ઉપાધ્યાય,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ખંભાત.

INDEX

આ કચેરી ના હુકમ નં. પી.ઓ.એલ./સી.ઓન.એફ./૨/૦૨ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨. પી.ઓ.એલ. કરફ્યુ મુકિત/૩/૦૨ તારીખ ૨જી માર્ચ ૨૦૦૨ તથા પી.ઓ.એલ./સી.ઓન.એફ./૩/૨૦૦૨ તારીખ ૩જી માર્ચ ૨૦૦૨ તથા સરખા હુકમ નંબર તારીખ ૪થી માર્ચ, ૨૦૦૨.

કરફ્યુ હુકમમાં છુટછાટ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેના.

હુકમ

નં. પી.ઓ.એલ. / સી.એન.એફ./૩/૨૦૦૨.—ભીલોડા ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં ઉપર જણાવેલ હુંકમથી ભીલોડા ગ્રામ પંચાયત હદ-ના સમગ્ર વિસ્તારના લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં જાહેર સુલેહ શાન્તીનો ભંગ થતાં તાત્કાલીક અટકાવવા માટે સંચારબંધી લાદી પગલાં લેવામાં આવેલા જે આ વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ મુકવાનું મને યોગ્ય જણાય છે.

વાસ્તે હું, પી. એસ. વાઘેલા, તાલુક એકઝી. મેજિસ્ટેટ, ભીલોડા આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મે જાહેર કરેલ ઉપરોકત હુકમ હેઠળ ઉપર નિર્દિષ્ટ કરેલ સમગ્ર વિસ્તાર માટે આજરોજ તારીખ પમી માર્ચ ૨૦૦૨ ના રોજ કલાક ૯-૦૦ વાગ્યાથી ૧૮-૦૦ વાગ્યા સુધીના સમય પુરતો કરફ્યુ અમલમાંથી મુકિત આપવાનું ફરમાવું છું.

સાંજના ૧૮-૦૦ કલાક પછી કરફ્યુ અમલવારી કરવાની રહેશે.

ભિલોડા, તારીખ પમી માર્ચ, ૨૦૦૨.

પી. એસ. વાઘેલા,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
ભિલોડા.

લાયઝન અધિકારી અને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ દ્વારા.

હુકમ

વાંચ્યો :— સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના હુકમ ક્રમાંક મકમ / પલસ / વશી. ૨૭૦૫, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

વાંચ્યો :— સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા નં. જીજી / ૩૭ / સીઆરસી / ૨૨૦૨ / ૯૦૬, તારીખ ૬ઠ્ઠી-માર્ચ, ૨૦૦૨.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેર પાડેલ.

ક્રમાંક ૩ / મકમ / પલસ / મો / મુ / વશી ૨૭૦૬ / ૨૦૦૨.— સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાની કચેરીની તારીખ ૨જી માર્ચ, ૨૦૦૨ ના હુકમ ક્રમાંક ૩ / મકમ / પલસ / વશી. ૨૭૦૬ થી મોરવા (હડફ) તાલુકાના મોરા, રામપુર (કસનપુર), નાટાપુર, મોરવા (હડફ) વિસ્તારમાં તારીખ ૨જી માર્ચ, ૨૦૦૨ ના રોજ બપોરના ૧૫-૪૦ વાગ્યાથી અગોક્કસ મુદતનો કરફ્યુ લાદવામાં આવેલ છે.

ઉપર વંચાણે લીધેલ સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૨ ના જાહેરનામાંથી અમોને મળેલ સત્તાની રૂએ મોરવા (હડફ) તાલુકાના મોરા ગામના સમગ્ર વિસ્તારની હાલની પરિસ્થિતિ ધ્યાનમાં લઈને, તેમજ મામલતદારશ્રી અને પી. એસ. આઈ. મોરવા (હડફ) ના અહેવાલ અનુસાર લોકોનું જનજીવન સામાન્ય રહે તે હેતુથી હાલમાં અમલમાં રહેલ કરફ્યુના સમયમાં નીચે મુજબના સમય માટે કરફ્યુ મુકિત આપવા હુકમ કરવામાં આવે છે.

તારીખ	સમય	કરફ્યુ મુકિત વિસ્તાર	કોના માટે ?
૧	૨	૩	૪
૧૦-૩-૨૦૦૨ થી અમલ	સાંજના ૧૮-૦૦-- કલાકથી સવારના-- ૭-૦૦ કલાક સુધી.	મોરા ગામના- સમગ્ર વિસ્તાર	તમામ માટે

આજ તારીખ ૧૦ મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન. એલ. દેસાઈ,
લાયઝન અધિકારી મોરવા(હ) તાલુકા અને
ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ, મોરવા(હ) તાલુકા,
જિલ્લો પંચમહાલ.

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ઠના આધારે)

તારીખ ૭, ૧૪, ૨૧, ૨૮, ૭, ૧૪, ૨૧, ૨૮, ૪, ૧૧, ૧૮, ૨૫ માહે ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ, સને ૨૦૦૨ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૧૮/૨૩-૧-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ.
૨	૧૯/૨૫-૧-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૩	૨૦/૨૫-૧-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.

INDEX

૧	૨	૩
૪	૨૧/૨૯-૧-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ
૫	૨૨/૨૯-૧-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૬	૨૩/૩૧-૧-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૭	૨૪/૩૧-૧-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૮	૨૫/૩૧-૧-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૯	૨૬/૪-૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૧૦	૨૭/૬-૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીઆદ.
૧૧	૨૮/૧૬-૨-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૨	૨૯/૧૯-૨-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૩	૩૦/૧૯-૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીઆદ.
૧૪	૩૧/૧૯-૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૫	૩૨/૨૦-૨-૨૦૦૨	પોલીસ કમશિનર, વડોદરા શહેર.
૧૬	૩૩/૨૧-૨-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૭	૩૪/૨૨-૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૮	૩૫/૨૨-૨-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૯	૩૬/૨૫-૨-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા.
૨૦	૩૭/૨૬-૨-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.
૨૧	૩૮/૨૬-૨-૨૦૦૨	નર્મદા રાજપીપલા.
૨૨	૩૯/૨૬-૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૨૩	૪૦/૭-૩-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૪	૪૧/૭-૩-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૨૫	૪૨/૭-૩-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૬	૪૩/૭-૩-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૭	૪૪/૮-૩-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૨૮	૪૫/૮-૩-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.

INDEX

૧	૨	૩
૨૯	૪૬/૮-૩-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૩૦	૪૭/૮-૩-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, નડીઆદ.
૩૧	૪૭-એ/૮-૩-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીઆદ.
૩૨	૪૮/૮-૩-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ.
૩૩	૪૯/૮-૩-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૩૪	૫૦/૮-૩-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૩૫	૫૧/૮-૩-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૩૬	૫૨/૯-૩-૨૦૦૨	કલેકટર, બનાસકાંઠા.
૩૭	૫૩/૯-૩-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૩૮	૫૪/૧૧-૩-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૩૯	૫૫/૧૧-૩-૨૦૦૨	સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાધનપુર.
૪૦	૫૬/૧૩-૩-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ.
૪૧	૫૭/૧૩-૩-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા.
૪૨	૫૮/૧૩-૩-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો નડીઆદ.
૪૩	૫૯/૧૩-૩-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૪૪	૬૦/૧૩-૩-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૪૫	૬૧/૧૩-૩-૨૦૦૨	સબ-ડીવીઝનલ મેસ્ટ્રિટ, રાધનપુર.
૪૬	૬૨/૧૪-૩-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા.
૪૭	૬૩/૧૪-૩-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૪૮	૮૨/૧-૪-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા
૪૯	૮૯/૨-૪-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૫૦	૧૦૦/૬-૪-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૫૧	૧૧૨/૧૧-૪-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૫૨	૧૧૩/૧૧-૪-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, MAY 9, 2002 / VAISHAKHA 19, 1924 [No. 19

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pe only to the Supplement to the Central Gazette.	644-650
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-I) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	19
Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	207-212
Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I,I V-A, IV-E and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	10915-11587

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક: ઉ/ગપક/વરાછા રોડ/ફ્લાયઓવર બ્રીજ/૬૯૧/૨૦૦૨.—સુરત શહેરમાં વરાછારોડ ઉપર વૈશાલી સીનેમાથી કાપોદરા જી.ઈ.બી. ઓફીસ સુધીના રોડ ઉપર ફ્લાય ઓવર બ્રીજ બાંધવાનું કામ કાપોદરા જી.ઈ.બી. ઓફીસ સામેથી શરૂ થઈ ગયેલ છે. અને બીજા તબક્કાનું બાંધકામ હીરાબાગ સર્કલથી બરોડા પ્રીસ્ટેજ સુધી બે માસ ચાલનાર છે. જેથી આ કામગીરી વિના અવરોધે થાય અને ટ્રાફીક નિયમન સરળતાથી ચાલે અને કોઈ ટ્રાફીક સમસ્યા ઉભી ન થાય તે માટે હીરાબાગ સર્કલથી બરોડા પ્રિસ્ટેજ સુધીના રોડની બન્ને બાજુએ વાહન પાર્કીંગ કરવા ઉપર પ્રતિબંધ "નો પાર્કીંગ" ફરમાવવાનું ઉચીત જણાય છે.

INDEX

જેથી હું વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ હીરાબાગ સર્કલથી બરોડા પ્રિસ્ટેજ સુધીના રોડની બન્ને બાજુઓ વાહન પાર્કીંગ ના થાય તે માટે આ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ થયાં તારીખથી બે માસ માટે એટલે કે તારીખ ૧લી મે ૨૦૦૨ સુધી આ વિસ્તારમાં વાહન પાર્કીંગ કરવા ઉપર પ્રતિબંધ "નો પાર્કીંગ" ફરમાવું છું.

આ જાહેરનામું તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૨થી અમલમાં આવશે.

આજરોજ તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૨ ના રોજ મારા સહી સીક્કા કરી આપેલ છે.

આમુખ

ક્રમાંક : એલ.બી / ૮૧૦૨/૨૦૦૨.—તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ ગોધરા ખાતે રેલ્વે સ્ટેશને કારસેવકોના મોત નિપજાવવાના કૃત્યોના પ્રત્યાઘાત રૂપે સુરત શહેર ખાતે પણ કોમી હિસાના બનાવો બનેલા છે. હિસાના કૃત્યો હાલમાં અંકુશમાં છે, પરંતુ કોમી આગ્રપાની હાજરી નકારી શકાય તેમ નથી.

ઉપરોકત બનાવોને અનુલક્ષીને કોમી હિસા ભડકાવવા બાબત તેમજ ભારત દેશની સાર્વભૌમત્વતા તેમજ અખંડિતતાના પડકારરૂપ નિવેદનો, સમાચારો અને અન્ય વિગતોની અતિશયોકિત તેમજ ગેર-રજુઆતો ભર્યુ પ્રસારણ પાકિસ્તાન ટી.વી. (પીટીવી) પરથી બતાવવામાં આવતા હોઈ, ભારત વિરોધી લાગણીઓ રાખનાર અસામાજિક તત્વોને કોમી હિંસા ફેલાવવા અને ભારત દેશની અખંડિતતાને જોખમમાં મૂકવાની પ્રવૃત્તિઓ અને કાવત્રા કરવાની ઉત્તેજના મળે છે. કોમી તંગદીલીને ધ્યાને લેતાં એવું માનવાને કારણ છે કે, કે, પી.ટી.વી. નું પ્રસારણ ચાલુ રાખવાથી કોમ કોમ વચ્ચે, વર્ગ વર્ગ વચ્ચે, ધર્મ, જાતિ, જન્મસ્થળ, નિવાસ, ભાષા વિગેરે કારણોને લીધે પ્રોત્સાહન મળે તેમ છે અને એક બીજા પ્રત્યે ધિક્કારની, દુ:ખની લાગણીઓને પ્રોત્સાહન મળે તેમ હોઈ કાયદો વ્યવસ્થા તેમજ જાહેર વ્યવસ્થામાં બાધ થાય તેમ હોઈ પી.ટી.વી.નું પ્રસારણ સુરત ખાતેથી કરાવવું જાહેરહિતમાં યોગ્ય ન હોઈ નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

હું, વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેરને ધી કેબલ ટેલિવિઝન નેટવર્ક રેગ્યુલેશન અધિનિયમ, ૧૯૯૫ની કલમ ૧૯થી મળેલ સત્તાની રૂએ તેમજ ગુજરાત સરકારશ્રી ના માહીતી અને પ્રસારણ વિભાગના તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬ના જાહેરનામા ક્રમાંક : (૧) નં. (જીએચટી-૯૬-૧)એમએનઆર-૧૦૯૪-જીઓઆઈ-૪૪ (સેકશન ૧૧)-ઈ અને (૨) નં. (જીએચટી-૯૬-૨)એમએનઆર-૧૦૯૪-જીઓઆઈ-૪૪ (સેકશન-૧૯)-ઈ મુજબના સત્તા સોંપણીના જાહેરનામાને ધ્યાને લેતાં અધિકૃત અધિકારી તરીકે ફરમાવું છું, કે સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ નીચે સંબોધિલ સર્વે કેબલ ઓપરેટરોએ પોતાના રીલે કેન્દ્રો ઉપરથી પી.ટી.વી.નું પ્રસારણ સદંતર આજરોજ તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૨ થી તાત્કાલિક અસરથી દિન-૧૦ માટે બંધ કરવા ફરમાવું છું. આ પ્રતિબંધ તારીખ ૨૪મી માર્ચ ૨૦૦૨ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

સુરત, તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૨.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨)ની કલમ ૩૭(૩) અન્વયે.

નં. ઉ/ગપક/વિ. શા/એસ. બી./જાહેરનામું/૨૫/૨૦૦૨.—ગોધરા ખાતે કાર સેવકો ઉપર થયેલ હુમલાના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદે તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાત બંધનું એલાન આપેલ છે. તે સંબંધે સુરત શહેરના સુલેહ શાંતિ તેમજ સલામતી અંગે ભય ઉપસ્થિત થવાનો સંભવ છે. જે અટકાવવા અંગે સાવચેતીના પગલા રૂપે.

વસ્તે હું વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨)માંની કલમ ૩૭ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તાર, તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨ કલાક ૦૦.૦૦ થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૨ કલાક ૨૪.૦૦ સુધી કરતા વધારે માણસો એકત્ર થવા, સભા ભરવા, કે સરઘસ કાઢવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

વિસ્તાર.—સમગ્ર પોલીસ કમિશનરેટનો હકુમત હેઠળનો વિસ્તાર.

સ્પષ્ટીકરણ.—૨૬૧માં ફૂટપાથનો સમાવેશ થાય છે.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી હોમગાર્ડ દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને/કોઈ સ્મશાન યાત્રાને.

(૪) પરવાનગી મેળવી ભરાતી સભા કે સરઘસને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૨નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની કલમ ૩૭(૧)(૩)હેઠળનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૨૬/ઉ/ગપક/વશી/૨૦૦૨.—સુરત શહેરમાં તારીખ ૧૮મી માર્ચ ૦૨ થી તારીખ ૨જી એપ્રિલ ૦૨ સુધી એસ.એસ.સી. તથા એચ.એસ.સી.ની પરીક્ષા લેવામાં આવનાર છે, જે પરીક્ષાઓ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર (હાઈસ્કુલો, સ્કુલો) લેવામાં આવશે, જેથી પરીક્ષા દરમ્યાનમાં કોઈ તોફાન ન થાય અને પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાનમાં કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવણીના હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે ચારથી

INDEX

વધુ વ્યકિતઓ ભેગા થવાથી કે સભા ભરવાથી કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાઈ છે.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની કલમ ૩૭ની પેટા કલમ (૧)(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ વાસ્તે હું વી. કે. ગુપ્તા, પોલીસ કમિશ્નર, સુરત શહેર આથી સદરહુ વિસ્તારોમાં તારીખ ૧૮મી માર્ચ ૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૭ એપ્રિલ ૦૨ ના કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કે ચારથી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વિસ્તાર : —

સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળની નીચે મુજબની હાઈસ્કુલો, સ્કુલો (એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્રો)

(૧) સરસ્વતી વિદ્યાલય, ઓ. કે. રોડ યુનિટ-૧
(૨) સરસ્વતી વિદ્યાલય, ઓ. કે. રોડ, યુનિટ-૨
(૩) આર્યના વિદ્યા સંકુલ, લંબે હનુમાન રોડ,
(૪) ઓ. વી. પટેલ કરંજ હાઈસ્કુલ, માતાવાડી,
(૫) રામકૃષ્ણ વિદ્યાભવન, લંબે હનુમાન રોડ,
(૬) નવચેતન વિદ્યાલય, સંતોષનગર.
(૭) પ્રિયદર્શની વિદ્યાલય, વરાછા રોડ,
(૮) જી.જી. ઝડરીયા શાળા, ઓ. કે. રોડ
(૯) આશાદીપ વિદ્યાલય, શકિત વિજય સોસાયટી
(૧૦) આદર્શ વિદ્યાલય, માતાવાડી.
(૧૧) સાધના કન્યા વિદ્યાલય, સાધના સોસાયટી, વરાછારોડ.
(૧૨) એમ. એન. જે. પટેલ શાળા, વરાછા.
(૧૩) સંસ્કાર વિદ્યાલય, સત્ય નારાયણ સોસાયટી.
(૧૪) પી.પી. સવાણી હાઈસ્કુલ, વરાછા રોડ સુરત.
(૧૫) સુરત ડાયમંડ ગર્લ્સ હાઈસ્કુલ, વરાછા રોડ, સુરત.
(૧૬) એચ.વી.ડી. પટેલ સાર્વજનિક વિદ્યાલય, પૂણાગામ, કાપોદ્રા.
(૧૭) આર. એન. નાયક હાઈસ્કુલ યુનિટ-૧
(૧૮) આર. એન. નાયક હાઈસ્કુલ યુનિટ-૨
(૧૯) એસ.ઈ.એમ. હાઈસ્કુલ, ઉધના.
(૨૦) પી.એચ.બુચકાનીવાલા હાઈસ્કુલ, ખરવરનગર.
(૨૧) ન્યુ મોડર્ન ઈંગ્લીશ સ્કુલ, ભેસ્તાન રોડ, સુરત.
(૨૨) છત્રપતિ શિવાજી મરાઠી શાળા, ઉધના.
(૨૩) આર.એન. નાયક ઉચ્ચ માધ્યમિક શાળા, રોડ નં. ૧૪
(૨૪) શારદા વિદ્યા મંદિર, ગોપાળનગર, ઉધના.
(૨૫) આર. એન. નાયક ઉચ્ચ એકેડમી પ્રા. શાળા, ઉધના.
(૨૬) સાર્વજનિક હાઈસ્કુલ, લીંબાયત.
(૨૭) બ્રાઈટ લેન્ડ ગુજરાતી હાઈસ્કુલ, સમુલડેરી રોડ, સુરત.
(૨૮) વી.ટી. ચોકસી હરીપુરા રામપુરા મેઈન રોડ, સુરત.
(૨૯) લીલાબા ગર્લ્સ વિદ્યાલય, લાલદરવાજા, સુરત.
(૩૦) પ્રોપાયટરી ઈંગ્લીશ સ્કુલ, ભાગળ, સુરત.
(૩૧) આઈ.સી. ગાંધી હાઈસ્કુલ, સુમુલ ડેરી રોડ, સુરત.
(૩૨) મહિધરપુરા અંગ્રેજી માધ્યમિક શાળા, સુમુલ ડેરી રોડ,સુરત.
(૩૩) સર જે.જે. ગુજરાતી હાઈસ્કુલ, શાહપોર, સુરત.
(૩૪) સર જે.જે. ગુજરાતી હાઈસ્કુલ, શાહપોર, સુરત.
(૩૫) એન.એમ. ઝવેરી ઝવેરી હાઈસ્કુલ, લાલગેટ, સુરત.
(૩૬) ઓંગલોઠ ઉર્દુ હાઈસ્કુલ, સોદાગરવાડ, સુરત.
(૩૭) આઈ.પી. મીશન બોયઝ સ્કુલ, મુગલીસરા, સુરત.
(૩૮) અંબાબા ગર્લ્સ હાઈસ્કુલ, સુરત.
(૩૯) ગુરૂકુલ કુમાર વિદ્યાલય, કતારગામ.
(૪૦) ગુરૂકુલ કુમાર વિદ્યાલય, કતારગામ.
(૪૧) ગજેરા વિદ્યાભવન, કતારગામ.
(૪૨) બાળાશ્રમ માધ્યમિક શાળા, કતારગામ.
(૪૩) રમણી નારાયણ ગુરુ વિદ્યાલય, વેડરોડ, સુરત.
(૪૪) શિશુ વિહાર વિદ્યાલય, રણછોડ પાર્ક, કતારગામ.
(૪૫) નિલકંઠ કન્યા વિદ્યાલય, સીંગણપોર ચાર રસ્તા સુરત.
(૪૬) જી.ટી.પી.ટી. ચોર્યાસી ઈંગ્લીસવાળા કતારગામ, સુરત.
(૪૭) પી.એમ.ભગત માધ્યપીક શાળા, કતારગામ, સુરત.
(૪૮) અખંડ આનંદ વિદ્યાભવન વેડરોડ, સુરત.
(૪૯) ટી.એન. ગોધાણી કન્યા વિદ્યાલય, કતારગામ, સુરત.
(૫૦) નવ સર્જન વિદ્યાલય, પાંડેસરા, સુરત.
(૫૧) એન.જી. ઝવેરી જૈન હાઈસ્કુલ, ગોપીપુરા, સુરત.
(૫૨) રત્ન સાગર જૈન હાઈસ્કુલ, ગોપીપુરા, સુરત.
(૫૩) ટી.એન.ટી.વી. સાર્વ. હાઈસ્કુલ, સુરત.
(૫૪) એસ.પી. ઝવેરી ગર્લ્સ સ્કુલ, ગોપીપુરા, સુરત.
(૫૫) કે.વી.એસ. આંડગાલા હાઈસ્કુલ યુનિટ-૧, સુરત.
(૫૬) કે.વી.એસ. આંડગાલા હાઈસ્કુલ, યુનિટ-૨ સુરત.,
(૫૭) એમ.જી. સીગાપુરી ગર્લ્સ સ્કુલ ગોપીપુરા, સુરત.
(૫૮) પ્રવૃત્તિ વિદ્યાલય ટીમ્બીયાવાડ, સુરત.
(૫૯) જીવન ભારતી વિદ્યાલય, સુરત.
(૬૦) સીગ્મા ગુજરાતી માધ્યમિક શાળા, સંગ્રામપુરા, સુરત.
(૬૧) સીગ્મા ઉર્દુ માધ્યપિક શાળા, સંગ્રામપુર, સુરત.
(૬૨) જી.એન્ડ જી.વી. કડીવાલા હાઈસ્કુલ સંગ્રામપુરા, સુરત.
(૬૩) આર.ડી. કોન્ટાકટર હાઈસ્કુલ, નાનપુરા, સુરત.
(૬૪) એન.ટી. જરીવાલા માધ્યપિક શાળા, સુરત.
(૬૫) લુડઝ કોન્વેન્ટ હાઈસ્કુલ, અઠવાલાઈન્સ સુરત.
(૬૬) આઈ.જી.દેસાઈ વિદ્યાલય, ભટાર ચાર રસ્તા, સુરત.
(૬૭) સી.સી.શાહ સાર્વ. સ્કુલ અઠવાલાઈન્સ, સુરત.
(૬૮) સર વી.ડી.ટી. ગર્લ્સ. અઠવાલાઈન્સ સુરત.
(૬૯) શારદા યતન સ્કુલ પીપલોદ સુરત.
(૭૦) વિદ્યા ભારતી હિન્દી વિદ્યાલય ભટાર મગદલ્લા રોડ, સુરત.
(૭૧) વિદ્યાભારતી અંગ્રેજી વિદ્યાલય, ભટાર મગદલ્લા રોડ, સુરત.
(૭૨) લોક ભારતી વિદ્યાલય સોમનાથ માર્ગ, સુરત.
(૭૩) સેન્ટ ઝવેરીયસ ઘોડ રોડ, સુરત.
(૭૪) એમ.એમ.પી. હાઈસ્કુલ, રાંદેર, સુરત.
(૭૫) આઈ.એન.ટેકરાવાળા આડાજણ પાટીયા સુરત.
(૭૬) એચ.એચ.બી. દાળીયા હાઈસ્કુલ, આડાજણ સુરત.
(૭૭) સરદાર ઈંગ્લીસ સ્કુલ રાંદેર રોડ, સુરત.
(૭૮) ડી.આર.રાણા સ્કુલ પાલનપુર પાટીયા, સુરત.
(૭૯) બોધરા એન્ડ આગ્રવાલ હાઈસ્કુલ, આડાજણ રોડ,સુરત.
(૮૦) સંસ્કાર ભારતી વિદ્યાલય રાંદેર રોડ, સુરત.
(૮૧) લોકમાન્ય વિદ્યાલય યુનિટ-૧ રાંદેર સુરત.
(૮૨) પીપરડીવાલા ઈંગ્લીસ હાઈસ્કુલ રાંદેર, સુરત.
(૮૩) શાંન્તી નિકેતન વિદ્યા વિહાર પાલનપુર પાટીયા, સુરત.
(૮૪) આમોદ એન્ડ આમીતા હાઈસ્કુલ, રાંદેર સુરત.
(૮૫) વી.ડી.દેસાઈ વાડીવાલા હાઈસ્કુલ આડાજણ પાટીયા સુરત.
(૮૬) શીશુ કુંજ વિદ્યા વિહાર જહાંગીરપુરા, સુરત.
(૮૭) ઓલ.ડી. હાઈસ્કુલ સચીન, સુરત.
(૮૮) આર.એસ.એમ. પુણાવાલા સાર્વ. હાઈસ્કુલ ઉમરા,સુરત.
(૮૯) સન ફલાવર હાઈસ્કુલ કુભકોનગર, સુરત.
(૯૦) ઉચ્ચતર માધ્યમિક શાળા કુભકોનગર, સુરત.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ઉપરોકત એસ.એસ.સી./એચ.એસ.સી./પરીક્ષામાં વિદ્યાર્થીઓ તથા પરીક્ષા કાર્યમાં રોકાયેલા વ્યકિતઓને.

INDEX

(૨) ફરજ ઉપર હોય તેવી સરકારી નોકરી કે રોજગારમાં હોય તેવી વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને (વાજીંત્રો વગાડયા સિવાય)
(૪) કોઈ સ્મશાન યાત્રાને (શાંતીમય રીતે)

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) "બી" હેઠળ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૨૭/૩/ગપક/વશી/૨૦૦૨.—તારીખ ૨૮મી માર્ચ ૨૦૦૨નાં રોજ હોળી તથા તારીખ ૨૯મી માર્ચ ૨૦૦૨ ના રોજ ધૂળેટીનો તહેવાર છે. આ તહેવારના દિવસોએ લોકો એક બીજા ઉપર પાણી, રંગ, ગુલાલ ફિગેરે ઉડાડી, જાહેર જગ્યામાં એક સ્થળેથી બીજા સ્થળે દોડાદોડી કરતાં હોય છે, જેના કારણે રસ્તાઓ ઉપર અડચણો, ભરોસો ઉભા થઈ વાહન વ્યવહારને અડચણરૂપ તેમજ ભયજનક પરિસ્થિતી ઉદ્‌ભવવાની પુરતી સંભાવના રહેતી હોય અને તેનાથી કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર શાંતિ સલામતી જોખમાય છે.

આથી હું, વિનીતકુમાર ગુપ્તા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૩ (૧) બી, મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૭મી માર્ચ ૨૦૦૨ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૨ કલાક : ૨૪-૦૦ વાગ્યા સુધી પોલિસ કમિશનર, સરત શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર જગ્યા, જાહેર રસ્તાઓ ઉપર એકબીજા ઉપર પાણી, રંગ, ગુલાલ, તથા અન્ય પદાર્થો છાંટવા કે ઉડાડવા કે પીચકારી કરવી નહી. તથા અન્ય કોઈ પણ રીતે એકબીજા કોઈ, પદાર્થ નાખવો નહી તેમજ પ્લાસ્ટીકની કોથળીઓમાં પાણી ભરીને પાણીના ફુગ્ગા મકાનો તથા એપાર્ટમેન્ટ મોંથી જાહેર રસ્તાઓ ઉપર જતાં રાહદારીઓ તથા વાહન ચાલકો ઉપર ફેંકવા નહીં, તેમજ સ્કુટરો, તથા મોટર સાયકલો ઉપર બાલ્દી કે અન્ય સાધનોમાં કલરવાળું પાણી ભરીને લઈ જઈ રાહદારીઓ તથા વાહનચાલકો ઉપર ફેંકવું નહીં, તે માટે પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદર અધિનિયમની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૯મી માર્ચ ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

વિનિતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૩) અન્વયે કાઢેલો.

નં. ડીસીબી/એમએજી/૨જી. ૯/૨૦૦૨.—વલસાડ જિલ્લામાં તા. ૧૮મી માર્ચ ૨૦૦૨થી શરૂ થતી એસ.એસ.સી./ એચ.એસ.સી. પરીક્ષા અંગેનો સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ શાંતિ અને સલામતી પૂર્વક પરીક્ષા આપી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા શુભ હેતુથી સરઘસ કાઢવ ની તથા સભા ભરવાની તથા કેન્દ્રની હદથી ૧૦૦મીટરના વિસ્તાર માં બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રો માં પ્રવેશ કરતા અટકાવવાની મને જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) થી મળેલી સત્તાની રૂએ કલમ-૩૩(૩) મુજબ ફરમાઉ છું કે,

૧. વલસાડ જિલ્લામાં ગુજરાત એસ.એસ.સી. બોર્ડ તથા એચ.એસ.સી બોર્ડ ગાંધીનગર સંચાલિત પરીક્ષાના તમામ અધિકૃત કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરનાં વિસ્તારમાં તારીખ ૧૮મી માર્ચ ૨૦૦૨થી ૩૧મી માર્ચ ૨૦૦૨ સુધી (બંન્ને દિવસો સહિત) ૪ (ચાર) કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહિ અથવા સરઘસ કાઢવું નહી.

૨. પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રો માં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગું પડશે નહી.

૧. લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઈડ વ્યકિતઓને તેમજ એસ.એસ.સી./ /એચ.એસ.સી. પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ પોલીસ કર્મચારીઓ તથા અધિકારીઓ.

૩. કેન્દ્રના સંચાલકશ્રીઓ, સંચાલકો, બિલ્ડીંગ કન્ડકટરશ્રીઓ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન, તથા ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ/જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી દ્વારા ઓળખપત્ર આપવામાં આવ્યા હોય તેવા સ્કવોડ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિનઅધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિ-નિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) મુજબ તેમજ ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૨નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નં. ડીસીબીએમ.સએજી/વશી-૧૧૮૩/૨જી નં. ૧/૨૦૦૨.—નવસારી જિલ્લામાં આગામી તારીખ ૧૮મી માર્ચ ૨૦૦૨થી તારીખ ૨જી એપ્રિલ ૨૦૦૨ સુધી (બંને દિવસો સહિત) એસ.એસ.સી. / એચ. એસ.સી. બોર્ડની પરીક્ષાઓ લેવાનાર છે. આ બંને પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય તેમજ પરીક્ષાર્થીઓ અંદ નિરીક્ષકો, જાહેર જનતા વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહીં, તેમજ જાહેર સુલેહશાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. પરીક્ષાર્થીઓ પરીક્ષા ભય વગર આપી શકે તે માટે આવા નીચે નિર્દિષ્ટ કરેલા નવસારી જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રો ઉપર કેન્દ્રોની હદથી ૨૦૦ મીટરનાં ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓએ ભેગા થવા પર, સભા કરવા પર, સરઘસ કાઢવા પર, મંડળી કે સરઘસ સદરહુ ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારોમાં પ્રવેશવા પર તારીખ ૧૮મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૨જી એપ્રિલ ૨૦૦૨ સુધી હું, કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છું.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ / અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

(૩) આ હુકમ લગ્નના વરઘોડાને કે સગાઇનયાત્રા કે રેલ્વે/એસ.ટીમાં મુસાફરી કરવા માંગતા બોનાફાઇડ વ્યકિતઓ તથા ઉકત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ/વિદ્યાર્થીઓ તેમજ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૪) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં. અથવા સરઘસ કાઢવું નહીં. કે ભેગા થવું નહીં.

નિર્દિષ્ટ વિસ્તાર

(૧) એચ. ડી. માલ્ટિપરપઝ હાઈસ્કુલ અમલસાડ, તા. ગણદેવી.
(૨) એચ.ડી. સાર્વજનિક કન્યા વિદ્યાલય અમલસાડ, તા. ગણદેવી.
(૩) જે.જે. મહેતા સીર્વજનિક હાઈસ્કુલ. બીલીમોરા,તા. ગણદેવી.
(૪) એલ.એમ.પી. રેવા એક્ષ. હાઈસ્કુલ, બીલીમોરા. તા.ગણદેવી.
(૫) સેંટ જોસફ ઈ. ટી. હાઈસ્કુલ, બીલીમોરા, તા. ગણદેવી.
(૬) સર સી. જે. ન્યુ. હાઈસ્કુલ, ગણદેવી, તા. ગણદેવી.
(૭) શ્રીમતી ડી. આઈ. કાપડીયા કન્યા વિદ્યાલય. ગણદેવી, તા. ગણદેવી.
(૮) કે. વી.એસ. હાઈસ્કુલ. ગણદેવી, તા. ગણદેવી.
(૯) આસપો કન્યા વિદ્યાલય આંતલીયા, તા. ગણદેવી.
(૧૦) ધી ડી. ઈ. ઈટાલી સાર્વજનિક હાઈસ્કુલ, ચીખલી, તા. ચીખલી.
(૧૧) શ્રી સદગુરૂ૨.મ.મા. વિદ્યાલય, વંકાલ યુનિટ-૧, તા. ચીખલી.
(૧૨) શ્રી સદગુરૂ૨.મ.મા. વિદ્યાલય.વંકાલ યુનિટ-૨, તા. ચીખલી.
(૧૩) સંસ્કાર વિદ્યા મંદિર, પાણી ખાડક, તા. ચીખલી.
(૧૪) શ્રી જનતા માધ્યમિક શાળા, ખેરગામ, તા. ચીખલી.
(૧૫) માધ્યમિક શાળા ધામધુમા, તા. ચીખલી.
(૧૬) આઈ. સી. દેસાઈ. તલાવચોરા, તા. ચીખલી.
(૧૭) શ્રેયસ હાઈસ્કુલ, સાદકપોર, તા. ચીખલી.
(૧૮) માધ્યમિક ગ્રામ શાળા પ્રતાપનગર, તા. વાંસદા.
(૧૯) શ્રી જનતા હાઈસ્કુલ. ઉનાઈ. તા. વાંસદા.
(૨૦) વિદ્યાકિરણ હાઈસ્કુલ. ઉનાઈ. તા. વાંસદા.
(૨૧) શ્રી પ્રતાપ હાઈસ્કુલ, વાંસદા, તા. વાંસદા.
(૨૨) શ્રી જે. એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કુલ, દિગેન્દ્રનગર. તા. વાંસદા.
(૨૩) શ્રી જે.બી. પંચાલ, માધ્યમિક શાળા, લીમઝર તા. વાંસદા.
(૨૪) શ્રી સદગુરૂ હાઈસ્કુલ, ભીનાર, તા. વાંસદા.
(૨૫) આદર્શ નિવાસી શાળા. વાંસદા. તા. વાંસદા.
(૨૬) શ્રી એસ. એમ. કે. આર. વશી. હાઈસ્કુલ, મરોલી સ્ટેશન, તા. જલાલપોર.
(૨૭) ડી. ડી. હાઈસ્કુલ ફોર ગર્લ્સ, નવસારી.
(૨૮) વિદ્યાકુંજ હાઈસ્કુલ, નવસારી.
(૨૯) ધી ડી. કે. ટાસ. હાઈસ્કુલ, નવસારી.
(૩૦) નગરપાલિકા. હાઈસ્કુલ, નવસારી.
(૩૧) શેઠ આર. જે. જે. હાઈસ્કુલ, નવસારી.
(૩૨) શેઠ આઈ. એમ. બનાતવાળા હાઈસ્કુલ. નવસારી.
(૩૩) શેઠ પુ. હ. વિદ્યાલય, નવસારી.
(૩૪) બાઈ એન. ટી. ઝેડ ગર્લ્સ, હાઈસ્કુલ, નવસારી.
(૩૫) સર સી. જે. એન. ઝેડ મંટ્રેસા હાઈસ્કુલ. નવસારી.
(૩૬) આર. ડી. પટેલ સાર્વજનિક હાઈસ્કુલ, ચોવીસી.
(૩૭) આશ્રમ શાળા ભકત આશ્રમ હાઈસ્કુલ, નવસારી.
(૩૮) શ્રી સરદાર શારદા મંદિર, વિજલપુર.

આજ રોજ તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૨નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

કિરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

કલેકટર દ્વારા

વાંચન લીધું :—

(૧) અત્રેના હુકમ નં. એસયુપી/કસન/ભાવ બાંધણી/કમિશન/વ. ૨૦૦૦/તા. ૧૨મી ડીસેમ્બર. ૨૦૦૦.
(૨) સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગના પત્ર ક્રમાંક કસન/૧૦/૨૦૦૦/૫૩૬/બ, તા. ૪થી માર્ચ, ૨૦૦૨.
(૩) એસ.એલ.સી. અમદાવાદના પત્ર ક્રમાંક જી.એસ.ઓ/એસકેઓ/કેટીવાય/પ્રાઈસીંગ, તા. ૩જી માર્ચ ૨૦૦૨.
(૪) હિન્દુસ્તાન પેટ્રો. કોર્પોરેશન લી. વાપીનું બીલ તા. ૨જી માર્ચ ૨૦૦૨ તથા ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી. વાપીનું બીલ તા. ૫મી માર્ચ, ૨૦૦૨.
(૫) ધી કેરોસીન રીસ્ટ્રીકશન એન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ ઓર્ડર-૧૯૯૩.

INDEX

હુકમ

નં. એસયુપી/ક્સન/ભાવ બાંધણી/૩૬૭૨ થી ૩૭૧૫/૨૦૦૨.—આમુખ-૧માં જણાવેલ હુકમથી વલસાડ જિલ્લા માટે જાહેર વિતરણ વ્યવસ્થા યોજના હેઠળના ઓક્ષા વાપી ડેપોના કેરોસીનના ભાવમાં થયેલ ઘટાડો તથા કંપની નિયુક્ત જથ્થાબંધ વિક્રેતાઓના કમિશન દરમાં વધારો કરી કેરોસીનના ભાવ નક્કી કરવામાં આવેલ છે.

હાલમાં સરકારશ્રી તરફથી આમુખ-૨માં જણાવેલ પત્રથી એસ.એલ.સી. અમદાવાદના તા. ૩જી માર્ચ ૨૦૦૨ના પત્રમાં કેરોસીનના ભાવમાં વધારો કરવામાં આવેલ છે. જેથી કેરોસીનના નવા ભાવની બાંધણી કરવા જણાવેલ છે. કેરોસીનના વધારેલ ભાવ મુજબ ઓક્ષા-વાપી ડેપોથી એક કીલો લીટર (૧૦૦૦ લીટર) કેરોસીનનો ભાવ રૂા. ૮૨૬૭-૯૨ પૈસા નક્કી થયેલ છે.

આમ ઓક્ષા વાપી ડેપોના કેરોસીનના ભાવમાં થયેલ વધારાને લક્ષમાં લઈ આમુખ-૧ના હુકમથી નક્કી કરવામાં આવેલ ભાવોમાં જરૂરી ફેરફાર કરી, કેરોસીનના ભાવમાં વધારો કરી નવેસરથી કેરોસીનના જથ્થાબંધ તેમજ છૂટક વિતરણ ભાવો નક્કી કરવાના થાય છે.

સબબ, હું પંકજ કુમાર, આઈ.એ.એસ., કલેકટર, વલસાડ,—તે ધી કેરોસીન ફીક્સેશન ઓ,સીલીંગ પ્રાઈસીસ ઓર્ડર-૧૯૯૩નીકલમ -૨(ડી)(L) થી મળેલ સત્તા અને અધિકારની રૂએ ટેબલ-એ તથા ટેબલ-બી માં જણાવેલ વલસાડ જિલ્લાના સેન્ટરો માટે કેરોસીનના જથ્થાબંધ તેમજ છૂટક ભાવોમાં તા. ૧લી માર્ચ ૨૦૦૨ થી અમલમાં આવે તે રીતે નીચે જણાવેલ શરતોને આધિન ભાવો નક્કી કરવા હુકમ કરૂ છું.

શરતો :

(૧) જથ્થાબંધ વિક્રેતા, ટેબલ-એમાં નિર્દિષ્ટ કરેલ ભાવથી વેચાણ કરી શકશે.

(૨) જ્યારે એજન્ટ તરફથી છૂટક વિક્રેતાઓને દુકાન બેઠા કેરોસીનનો પુરવઠો આપવામાં આવે ત્યારે નીચે જણાવ્યા મુજબનો હોય ડીલીવરી ચાર્જ મ્યુનિસિપાલીટી/ નગરપંચાયત/ગ્રામ પંચાયત વિસ્તાર માટે વેપારી પાસેથી ૧ કિ.લી. ના એટલે કે (૧૦૦૦લીટર) આલાયદા વસુલ કરી શકશે.

(૧) ૧ થી ૧૦ કિ.મી. ના અંતર માટે રૂા. ૧૭૮/-

(૨) ૧૧ થી ૨૦ કિ.મી. ના અંતર માટે રૂા. ૧૯૦/-

(૩) ૨૧ થી ૩૦ કિ.મી. ના અંતર માટે રૂા. ૨૦૭/-

(૪) ૩૧ થી ૪૦ કિ.મી. ના અંતર માટે રૂા. ૨૧૮/-

(૫) ૪૧ થી વધુ કિ.મી. ના અંતર માટે રૂા. ૨૩૬/-

(૩) ઉપરોક્ત નક્કી કરેલ ભાવોથી ડીલર/જથ્થાબંધ વિક્રેતા કે છૂટક વિક્રેતા ફેરીયાઓ વધારે ભાવ લઈ શકશે નહિ.

(૪) કેરોસીનનો વેપાર ડીલર/ જથ્થાબંધવિક્રેતા /છૂટક વિક્રેતાઓએ પોતાની દુકાનના પ્રવેશ દ્વાર આગળ ભાવ તથા જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. ફેરીયાઓએ પોતાની લારી ઉપર છૂટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાનો રહેશે.

(૫) ઉપરોક્ત મુકરર કરેલ ભાવોમાં તમામ સ્તરે આવતા કમિશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૬) ઉપરોક્ત મુકરર કરેલ ભાવોથી વધુ ભાવો લેનાર સામે ધી આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ હેઠળ કાયદાની કોર્ટમાં ધારાકીય જોગવાઈ અનુસાર ફોજદારી પગલાં લેવામાં આવશે.

ટેબલ-એ :

પેટ્રોલીયમ કંપનીના અધિકૃત એજન્ટો / હોલસેલરો/રીટેઈલરો/સબડીલરોએ જથ્થાબંધ વાપરનારાઓ અને છૂટક વેપારીઓ અને ફેરીયાઓને એક કિલો લીટર (૧૦૦૦ લીટર) અને ૨૦૦ (બસો) લીટર એટલે કે એક બેરલના વેચાણ આપવાના કેરોસીનના ભાવ.

અનુ. નંબર	વિગત	વાપી ડેપોથી એજન્ટના ધંધાના સ્થળેથી સપ્લાય સ્થળે લાવવાના કેરોસીનના ગુરૂત્તમ ભાવ			
		ધરમપુર અને કપરાડા	વલસાડ ઉમરગામ	પારડી	વાપી
૧	૨	૩	૪	૫	૬
(૧)	૧ કિ.લી. એટલે કે ૧૦૦૦લીટરના જથ્થાબંધ વેચાણ આપવાના ભાવ.	૮,૭૩૪.૨૨	૮,૭૧૬.૨૨	૮,૬૮૮.૨૨	૮,૬૭૬.૨૨
(૨)	૨૦૦ લીટર એટલે કે એક બેરલના ભાવ	૧,૭૪૬.૮૫	૧,૭૪૩.૨૫	૧,૭૩૭.૬૫	૧,૭૩૫.૨૫

INDEX

ટેબલ-બી :

અધિકૃત હોલસેલરો, સબડીલર્સ, રીટેઈલર્સ, ફેરીયાઓએ એજન્ટના ધંધાના સ્થળેથી જુદાજુદા અંતર માટે દીવાબત્તી તથા રાંધવાના હેતુ માટે વાપરનાર ગ્રાહકોને કેરોસીનના છૂટક વેચાણ આપવાના એક લીટરના ભાવ.

અ.નં.	વિગત	એજન્ટોના ધંધાના સ્થળેથી જુદાજુદા અંતર માટે છૂટક કેરોસીનના વેચાણ આપવાના ગુરૂત્તમ એક લીટરના ભાવ (વાપી ડેપોથી)			
		ધરમપુર અને કપરાડા	વલસાડ ઉમરગામ	પારડી	વાપી
૧	૨	૩	૪	૫	૬
(૧)	મ્યુનિસિપાલીટી / નગર પંચાયત સ્થાનિક વિસ્તાર માટે તથા ૦ થી ૧૦ કિ.મી. ના અંતર માટે.	૯.૧૦	૯.૦૫	૯.૦૫	૯.૦૦
(૨)	૧૦ કિ.મી. થી ઉપર ૨૦ કિ.મી. સુધીના અંતર માટે.	૯.૦૫	૯.૦૫	૯.૦૫	૯.૦૦
(૩)	૨૧ કિ.મી. થી ઉપર ૩૦ કિ.મી. સુધીના અંતર માટે.	૯.૧૦	૯.૦૫	૯.૦૫	૯.૦૫
(૪)	૩૧ કિ.મી. થી ઉપર ૪૦ કિ.મી. સુધીના અંતર માટે.	૯.૧૦	૯.૧૦	૯.૦૫	૯.૦૫
(૫)	૪૧ કિ.મી. થી ઉપરના કિ.મી. સુધીના અંતર માટે.	૯.૧૦	૯.૧૦	૯.૦૫	૯.૦૫

ઉપરોક્ત મુકરર કરેલ ભાવો તારીખ ૧લી માર્ચ ૨૦૦૨થી અમલી બને છે. જેથી અત્રેની કચેરીનો આમુખ-૧ મં જાણાવેલ હુકમ થી નક્કી થયેલ ભાવો રદ ગણાશે, પરંતુ આગાઉ નક્કી કરેલ ભાવો અંગે જે કોઈ ગુન્હાઓ બનેલા હશે તેને આ હુકમથી કોઈ બાધ આવશે નહિ.

વલસાડ, તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨.

પંકજ કુમાર,
કલેકટર, વલસાડ.

Supple. C. G. I—114

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—SA-14-2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, MAY 16, 2002 / VAISHAKHA 26, 1924 [No. 20

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	630-675
Part-I A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	20
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	213-226
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	11588—11854

પોલીસ કમિશનર દ્વારા

આમુખ

ક્રમાંક એલ.બી. / ૮૮૮ /૨૦૦૨.— તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨નાં રોજ ગોધરા ખાતે રેલ્વે સ્ટેશને કારસેવકોના મોત નિપજાવવા ના કૃત્યોના પ્રત્યાઘાતરૂપે સુરત શહેર ખાતે પણ કોમી હિંસાના- બનાવો બનેલા છે. હિંસાના કૃત્યો હાલમાં અંકુશમાં છે, પરંતુ કોમી અજંપાની હાજરી નકારી શકાય તેમ નથી.

ઉપરોક્ત બનાવોને અનુલક્ષીને કોમી હિંસા ભડકાવવા ખાતર તેમજ ભારત દેશની સાર્વભૌમત્વતા તેમજ અખંડિતતાના પડકારરૂપ નિવેદનો સમાચારો અને અન્ય વિગતોની અતિશયોક્તિ તેમજ ગેર રજુઆતો ભર્યુ પ્રસારણ પાકિસ્તાન ટી. વી. (પી. ટી વી) પરથી બતાવવામાં આવતા હોઈ, ભારત વિરોધી લાગણીઓ રાખનાર અસામાજિક તત્ત્વોને કોમી હિંસા ફેલાવવા અને ભારત દેશની અખંડિતતાને જોખમમાં મુકવાની પ્રવૃતિઓ અને કાવત્રા કરવાની ઉત્તેજના મળે છે. કોમી તંગદીલીને ધ્યાને લેતાં એવું માનવાને કારણ છે કે, પી. ટી.વી. નું પ્રસારણ ચાલુ રાખવાથી કોમ કોમ વચ્ચે,વર્ગ વર્ગ વચ્ચે, ધર્મ, જાતિ,

INDEX

જન્મસ્થળ, નિવાસ, ભાષા વિગેરે કારણોને લીધે પ્રોત્સાહન મળે તેમ છે અને એકબીજા પ્રત્યે ધિક્કારની, ધ્વેની લાગણીઓને પ્રોત્સાહન મળે તેમ હોઈ કાયદો વ્યવસ્થા તેમજ જાહેર વ્યવસ્થામાં બાંધ થાય તેમ હોઈ પી. ટી. બી. નું પ્રસારણ સુરત ખાતેથી કરાવવું જાહેરહિતમાં યોગ્ય ન હોઈ, તારીખ ૧૪ મી માર્ચ, ૨૦૦૨ નાં રોજ આત્રેના આદેશ ક્રમાંક એલ.બી./૮૧૦૨/૨૦૦૨થી દિન--૧૦ માટે પ્રતિબંધ માટે પી.ટી.વી. નું પ્રસારણ સર્વે કેબલ ઓપરેટરકીઓએ સદંતર બંધ કરવા માટે આદેશ કરવામાં આવેલ છે. આ આદેશ હાલમાં ચાલુ છે પરંતુ તારીખ ૨૪ મી માર્ચ, ૨૦૦૨ નાં રોજ તેની મુદત પુરી થતી હોઈ અને આગામી દિવસોમાં મુસ્લિમો તેમજ હિન્દુ પ્રજા તેમજ અન્ય પ્રજાને લગતાં તહેવારો આવતા હોઈ જાહેરહિતમાં પી. ટી. નું પ્રસારણ આત્રેથી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી નહીં કરવા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

હું વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેરને ધી કેબલ ટેલિવિઝન નેટવર્ક રેગ્યુલેશન અધિનિયમ, ૧૯૯૫ ની કલમ--૧૯ થી સત્તાની રુએ તેમજ ગુજરાત સરકારશ્રી ના માહિતી અને પ્રસારણ વિભાગના તારીખ ૧૫ મી જાન્યુઆરી, ૧૯૯૬ ના જાહેર નામા ક્રમાંક (૧) નંબર (જી.એસ.ટી.--૯૬--૧) એમ.એન.આર.--૧૦૯૪--જી.ઓ.-આઈ--૪૪ (સેકશન--૧૧)--ઈ અને (૨) નંબર (જી.એચ.ટી.--૯૬--૨) એપ.એન.આર.--૧૦૯૪--જી.ઓ.આઈ.--૪૪(સેકશન--૧૯) --ઈ મુજબના સત્તા સોંપણીના જાહેરનામાને ધ્યાને લેતાં અધિકૃત અધિકારી તરીકે ફરમાવું છું કે, સુરત શહેર પોલીસ કમિશનરે વિસ્તારમાં આવેલ નીચે અંબોધિલ સર્વે કેબલ ઓપરેટરોએ પોતાના રીતે કેન્દ્રો ઉપરથી પી. ટી. નું પ્રસાણ બીજો હુકમ ન થાય ત્યાં સુધી નહીં કરવા પ્રતિબંધ ફરમાવું છું.

સુરત, તારીખ ૨૧ મી માર્ચ, ૨૦૦૨.

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/વરાછા રોડ/ફલાયઓવર બ્રીજ/૮૦૫/૨૦૦૨.— સુરત શહેરમાં વરાછારોડ ઉપર વૈશાલી સીનેમાથી કાપોદ્રા જી.ઈ.બી. ઓફિસ સુધીના રોડ ઉપર ફલાય ઓવર બ્રીજ બાંધવાનું કામ કાપોદ્રા ચાર રસ્તા જી.ઈ.બી. ઓફીસની સામે શરૂ થઈ ગયેલ છે. અને પ્રથમ તબક્કાનું બાંધકામ હિરાબાગથી કાપોદ્રા જી.ઈ.બી. ઓફિસ સુધી ત્રણ માસ ચાલનાર છે. જેથી આ કામગીરી વિના અવરોધે થાય અને ટ્રાફિક નિયમન સરળતાથી ચાલે અને કોઈ ટ્રાફિક સમસ્ય ઉભી ન થાય તે માટે ડાયમંડ સ્કુલ (ફાયર સ્ટેશન) ચાર રસ્તાથી હિરાબાગ સર્કલ સુધીના રોડ ઉપર વાહન પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ" "નો પાર્કિંગ" ફરમાવવાનું ઉચીત જણાય છે.

જેથી હું વી. કે. ગુપ્તા આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર. મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)બી મુજબ મને મળેલ સત્તાની રૂએ કાપોદ્રા ડાયમંડ સ્કુલ (ફાયર સ્ટેશન) ચાર રસ્તાથી હીરાબાગ સર્કલ સુધીના રોડ ઉપર વાહન પાર્કિંગના થાય તે માટે આ વિસ્તારને જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસ માટે એટલે કે તારીખ ૩૦મી જુન ૨૦૦૨ સુધી આ વિસ્તારમાં વાહન પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ "નો પાર્કિંગ" ફરમાવું છું.

આ જાહેરનામું તારીખ ૨૮મી માર્ચ ૨૦૦૨ થી અમલમાં આવશે.

આજરોજ તારીખ ૨૪મી માર્ચ ૨૦૦૨ ના રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) આર (૩) અન્વયે કાઢેલો

ક્રમાંક એસ.બી. / જાહેરનામું / ૩૦ / ૨૦૦૨.— ગુજરાત રાજ્ય ચૂંટણી કમિશનર, ગાંધીનગર દ્વારા સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતાં ચોર્યાસી તાલુકાની ગ્રામ પંચાયત ચૂંટણી--૨૦૦૨ નો કાર્યક્રમ જાહેર કરેલ છે, તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા ચોર્યાસી તાલુકા ગ્રામ્ય પંચાયત ચૂંટણી--૨૦૦૨ તારીખ ૭ મી એપ્રિલ, ૨૦૦૨ ના રોજ નક્કી કરવામાં આવેલ છે. જિલ્લા કલેકટરશ્રી, સુરતનાં જાહેરનામા ક્રમાંક ગસપ / ચટણ / સામાન્ય/ ચુંટણી / ચોર્યાસી / ૨૦૦૨, તારીખ ૧૧ મી માર્ચ, ૨૦૦૨ ના પત્ર આધારે ઉપરોકત ચૂંટણી જાહેર કરવામાં આવેલ છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો ને તેમના કાર્યકર્તા, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપરજ નહીં, પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કુટરે, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવાને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. બુબજ ઉંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરાઓ અને ગલા-ઓમાં ફરે છે, તેમજ જુદા જુદા ગામોએ વસવાટાં ઓ, મહોલ્લાઓ-વસાહતોઓ અને લત્તાઓમાં પણ જાય છે. આને કારણે બુબ ધ્વની પ્રદુષણ થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ, પહોચે છે. અભ્યાસકર્તા વિદ્યાર્થીઓ ઉપર આવી બુજબ પ્રતિકુળ અસર પડે છે. કારણ કે, વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરુ થઈ જાય છે અને તે મુજબ મોડી રાત્રિ સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજથી બુબજ તકલીફ પડે છે. સામ ન્ય પ્રજાને બુબજ હરકત, અગવડ અને ત્રાસ જોખમ અને ભય થાય છે જેથી ચુંટણી પ્રક્રીયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી પડે છે.

જેથી હું, વી. કે. ગુપ્તા, આઈ. પી. એસ, પોલીસ કમિશનર, સુરત શહેર ધી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) આર (૩) થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂ છું કે,—

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ગોઠવેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના કલાક ૦૬--૦૦ થી રાત્રિના કલાક ૨૨--૦૦ વાગ્યા સુધીજ કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના કલાક ૦૬--૦૦ વાગ્યા પહેલા અને રાત્રે કલાક ૨૨--૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસમાં હેતુસર સવારે કલાક ૦૬--૦૦ વાગ્યા પહેલા કે રાત્રે કલાક ૨૨--૦૦ પછી રક્ષણ પરજ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય ને માટે સંબંધીત સરકારી સત્તાધિકારીની આગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધીત અધિકારી, સત્તાધિકારીએ જાતે ખાત્રી કરીને પરવાનગી

INDEX

ને લીધે જાહેર શાંતી જોખમાય નહીં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કડાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતાં લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો, ઉપર ગોઠવેલ લાઉડ-સ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગી પત્ર, પરમીટ આપવામાં આવે તેના વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકર ઉપયોગ માટે આવી પરમીટ મેળવ્યાં પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધીત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર, પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાનેપાત્ર ઠરશે.

આ.હુકમ તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૩જી એપ્રિલ, ૨૦૦૨ના રોજમારી સહી સિક્કા કરી આપેલ છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ. ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/ ૩૧/૨૦૦૨.—ગુજરાત રાજય ચૂંટણી કમિશનર ગાંધીનગર દ્વારા ચોર્યાસી તાલુકાના ગ્રામ્ય પંચાયતની ચૂંટણી -૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા ચોર્યાસી તાલુકાની ગ્રામ્ય પંચાયતની ૧૩ બુથમાં તારીખ ૭મી એપ્રિલ ૨૦૦૨નાં રોજ મતદાન નક્કી કરવામાં આવેલ છે.

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર ચોર્યાસી તાલુકા ગ્રામ્ય પંચાયત ચુંટણી તારીખ ૭મી એપ્રિલ ૨૦૦૨નાં રોજ કલાક ૦૮-૦૦ થી કલાક. ૧૭-૦૦ દરમ્યાન હોય, આ અંગે ચૂંટણીના. ઉમેદવાર તરફથી મતદાન બુથની બહાર ૨૦૦ મીટર દુર ટેબલ, ખુરશીઓ કે મંડપ વિગેરે ગોઠવવા ઉપર નિયંત્રણ મુકવાનું આવશ્યક છે.

જેથી હું વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ. ૧૪૪ થી મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે,

(૧) તારીખ ૭મી એપ્રિલ ૨૦૦૨નાં રોજ ચોર્યાસી તાલુકા ગ્રામ્ય પંચાયત ચૂંટણીના તમામ મથકોના ૨૦૦મીટરની ત્રિજયામાં કોઈપણ પક્ષના ઉમેદવાર (એજન્ટો) કાર્યકરો મત આપવા જનાર લોકો ને તે મતદાર યાદીમાંથી તેમના નામ તથા મતદાર યાદીનો નંબર કાઢી આપવા માટેની સ્લીપો આપવા માટે બુથ કે મંડપ ગોઠવવા નહીં કે, ગોઠવવાની કોશિષ કરવી નહીં.

(૨) મતદાન મથકની ૨૦૦ મીટરના બહારના વિસ્તારમાં બુથ મંડપ જો આવા ગોઠવવામાં આવે ત્યાં માત્ર એક ટેબલ અને બે ખુરશી ચૂંટણી પંચના નિયમ મુજબ રાખી શકશે.

(૩) આવા બુથો ઉપર અને આસપાસ ટોળા ભેગા થઈ શકશે નહીં. બુથનું સંચાલન કરનાર વ્યકિત મતદારોને મતદાન માટે જગ્યામાં કોઈ અડચણ ઉભી કરી શકશે નહીં.

(૪) એકજ જગ્યાંએ બે મતદાન મથકો હોય તે પણ ઉમેદવાર તે સ્થળથી ૨૦૦ મીટર બહાર જ એકજ બુથ ઉભુ કરી શકશે.

(૫) આવા બુથો ઉભા કરનાર ઉમેદવાર કે રાજકીય પક્ષ ચૂંટણી અધિકારીશ્રીને જે મતદાન મથક માટે બુથ ઉભા કરવાના છે. તેનું નામ ક્રમ નંબર સહિત લેખિતમાં આપવાના રહેશે. આવાં બુથો ઉભા કરવામાં કાયદો હેઠળ સરકારી સત્તા અધિકારી સ્થાનિક સત્તા અધિકારીની મંજુરી લેવાની થતી હોય તો મંજુરી લેખિતમાં મેળવી પોતાની પાસે રાખવાની રહેશે.

(૬) દરેક બુથ પર ઉમેદવારનું નામ તેનો પક્ષ કે પ્રતિક દર્શાવતું પત્ર એક જ બેનર પ્રદશન કરી શિકશે. આવુ બેનર ત્રણ ફુટથી વધારે લાંબુ અને દોઢ ફુટથી વધારે પહોળું હોવું જોઈએ નહીં. આ પ્રતિબંધ વિરૂધ્ધનું કોઈપણ બુથ પરનું બેનર કાયદો અને વ્યવસ્થા જાળવવા અધિકારી હટાવી શકશે.

હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડની કલમ. ૧૮૮ મુજબ શિક્ષા ને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૨ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) ડી.એ., અન્વયે.

ક્રમાંક : એસ.બી. /જાહેરનામું/૩૨/૨૦૦૨.—ગુજરાત રાજય ચૂંટણી કમિશનર, ગાંધીનગર દ્વારા સુરત ચોર્યાસી તાલુકા પંચાયતની ચુંટણી -૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા ચોર્યાસી તાલુકાની ગ્રામ પંચાયતમાં આવતા મતદાન મથકોમાં મતદાન તારીખ ૭મી એપ્રિલ ૨૦૦૨ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

જિલ્લા કલેકટરશ્રી, સુરતના જાહેરનામા ક્રમાંક:ગસપ/ચટણ/સામાન્ય ચૂંટણી/ચોર્યાસી/૦૨, તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨ના પત્ર આધારે ઉપરોકત ચૂંટણી જાહેર કરવામાં આવેલ છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેરમાર્ગોની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા જાહેર માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય આગેવાનોના કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે, એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજા, પતાકા,

INDEX

ભીતચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે અને તેના લીધે ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ધી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ. ૩૩(૧) ડી.એ. થી મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) રાજ્ય સરકાર, નગરપાલીકાઓ અથવા સરકારી બોર્ડ, નિગમો પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા મહાનગરપાલીકા/તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતની ચૂંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન, અથવા વ્યકિત દ્વારા સંબંધીત સરકારી કચેરી, નગરપાલીકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમની લેખિત પૂર્વ મંજુરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર ધજા, પતાકા, બેનર્સ મુકી શકાશે નહીં કે દિવાલો પર ચિત્રો દોરાવી શકાશે નહીં કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહીં.

(૨) ઉપરના અંક-૧માં જણાવ્યા પ્રમાણેની મંજુર આપતા પહેલા સંબંધીત સરકારી કચેરીના રહેતા અધિકારી અથવા નગર પાલીકા, પંચાયતો, સરકારી બોર્ડ નિગમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સુચિત રસ્તાઓ, માર્ગો, સ્થળ અથવા મકાન એ આવા કટઆઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ, કમાનો, દરવાજા વિગેરે મુકવા સામાન્ય જનતાની સલામતી કે સુરક્ષા જોખમાતી નથી અને તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવરજવરમાં કોઈ પ્રકારની અડચણ ઉભી થતી નથી અને આ માટે સદર સરકારી કચેરી, નગર પાલીકા, પંચાયતો, સરકારી બોર્ડ/નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સંબંધીત પો. સ્ટે. નં. અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ-મંજુરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનયમ, ૧૯૫૧ની કલમ, ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૪મી એપ્રિલ ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) બી. અન્વયે કાઢેલો.

ક્રમાંક એસ.બી. /જાહેરનામું/૩૩/૨૦૦૨.—ગુજરાત રાજ્ય ચૂંટણી કમિશનર, ગાંધીનગર દ્વારા ચોર્યાસી તાલુકાની ગ્રામ્ય પંચાયત ચૂંટણી-૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા ગામડાઓમાં તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૨ના રોજ મતદાન નક્કી કરવામાં આવેલ છે. જિલ્લા કલેકટરશ્રી સુરતના જાહેરનામા ક્રમાંક ગસય/થટણ/સામાન્ય ચૂંટણી/ચોર્યાસી /૨૦૦૨ તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨ના પત્ર આધારે ઉપરોકત ચૂંટણી જાહેર કરવામાં આવે છે.

ચોર્યાસી ગ્રામ પંચાયતની ચૂંટણી તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૨નાં રોજ મતદાન હોય મતદાન મથકની ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ પ્રકારના વાહનો કોઈપણ રાજકીય પક્ષના તથા અપક્ષના ઉમેદવાર કાર્યકરો કે કોઈપણ વ્યકિત લઈ પ્રવેશે નહીં તે માટે પ્રતિબંધ મુકવાની જરૂર છે.

આથી હું, વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ. ૩૩(૧)બી. થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ મતદાન મથકો થી ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ પ્રકારના વાહનો લાવવા ઉપર પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેના વાહનધારકોને લાગુ પડશે નહીં.

(૧) પોલીસના વાહનોને.

(૨) ચૂંટણી કામે જતા સરકારી વાહનોને સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલા વાહનોને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૨નાં રોજ મતદાન શરૂ થયે થી મતદાન પુરું થાય ત્યાં સુધી અમલમા રહેશે.

આજરોજ તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૨નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ. ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક : ઉ/ગપક/એસી. બી./જાહેરનામું/૩૪/૨૦૦૨.—ભારતના સંવિધાન આર્ટીકલ્સ કલમ. ૨૪૩(કે) અને ૨૪૩(ઝેડ) એ તેમજ આ અર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક :એસ.ઈ.સી. ઈ.એલ.સી. સી.ઓ.સી. ૧૬/૧૯૯૯ના તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૯ના પેરા નં.૧૬માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી હથિયારો સાથે હરવા ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

ચોર્યાસી તાલુકાની ગ્રામ પંચાયતની સામાન્ય ચુંટણીઓ દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને ચુંટણીઓ દરમ્યાન કોઈ હિંસક બનાવ ન બને તથા મુકત અને ન્યાયી ચુંટણીઓ થાય તે માટે ચુંટણી પ્રકિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવી કાર્યવાહી કરવાની જરુર જણાય છે

જ્યારે હિંસક બનાવો તેમજ કાયદો અને વ્યવસ્થાની જળવણીને લગતા કૃત્યમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચુંટણી પ્રકિયા દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે. તે માટે સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જણાય છે. સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમા

INDEX

જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોઈ તેવા હથિયારોનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમિયાન તેઓ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ન કરી શકે તેનો ઉપાય કરવાની મને તાત્કાલીક જરૂર જણાય છે તેમજ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલા હોઈ તેવા હથિયારોનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ન કરી શકે તેનો પણ ઉપાય કરવાની મને તાત્કાલીક જરૂર જણાય છે.

આમે જેથી હું, વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ. ૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ. (૨) ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં. અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં વસવાટ કરતા હોય તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહીં.

અપવાદ :—

આ હુકમના પેરા નં. ૪(૧) અને (૨) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(૨) રાષ્ટ્રીયકૃત તેમજ સરકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સિકયુરીટી ગાર્ડ તેમજ સુરત મહાનગરપાલીકા સુરત શહેરમાં આવેલ હીરાની કંપનીઓ તથા સોનાચાંદીના દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યકિતને) કામકાજના સમય દરમ્યાન સુરક્ષા અર્થે રાખવાની છુટ મળશે.

ચોર્યાસી તાલુકાની ગ્રામ પંચાયતની સામાન્ય ચુંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોઈ અને ચુંટણીનો સમયબધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોઈ અને યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી રાખી શકાય તેમ ન હોય ઉપર પેરા નં. ૪માં જણાવ્યા મુજબ હું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ. ૧૪૪(૨) હેઠળ હુકમ કરૂં છું.

આ હુકમ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૦૨થી તારીખ ૧૪મી એપ્રિલ ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વી. કે. ગુપ્તા
પોલીસ કમિશનર,
સુરત શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

હંગામી જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટફક/ જાહેરનામું/ ૮૦૬/૨૦૦૨.—સુરત શહેરમાં વરીયાવરોડ ઉપર સંત શ્રી આસારામજીનો આશ્રમ આવેલ છે. જે આશ્રમમાં હોળી ધુળેટીના પૂર્વ દરમ્યાન તારીખ ૨૮મી માર્ચ ૨૦૦૨ થી ૩૧મી માર્ચ ૨૦૦૨ દરમ્યાન ધ્યાનયોગ શીબીર તથા હોલીકા ઉત્સવનું આયોજન કરવામાં આવેલ હોઈ જેમાં મોટી સંખ્યામાં દેશના ખુણે ખુણેથી ભકતજનો તથા સુરત શહેર તથા આસપાસના ગામોની ધાર્મિક જનતા વિશાળ સંખ્યામાં આશ્રમમાં વાહનો સાથે ભેગા થાય છે. જેના લીધે ટ્રાફીકની આવરજવરમાં ઘણીજ અગવડતા ઉભી થાય છે. તેથી આ પ્રસંગે જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને સુલેહ શાંતીનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી અકબંધ રહે તે હેતુસર હું ડો. પી. કે. રોશન, નાયબ પોલીસ કમિશનર પશ્ચિમ અને ટ્રાફીક સુરત શહેર હું મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૨૮મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૨ સુધી સવાર ક. ૮/૦૦ થી રાત્રે ક. ૨૦/૦૦ સુધી જાહેર જનતાના હિતાર્થે નીચે મુજબની ટ્રાફિક વ્યવસ્થા કરૂં છું.

(૧) જહાંગીરપુરા ત્રણ રસ્તાથી વરીયાવ તરફ જનાર બસ ટ્રક થ્રીવ્હીલર તથા ફોર વ્હીલર વાહનો સારોલી જકાતનાકા થઈ સારોલી પુલ નીચેથી વરીયાવ જકાતનાકા તરફ જઈ શકશે.

(૨) વરીયાવ જકાતનાકા તરફથી આવનાર બસ ટ્રક થ્રીવ્હીલર તથા ફોર વ્હીલર વાહનો સારોલી પુલ નીચેથી સારોલી જકાતનાકા થઈ જહાંગીરપુરા ત્રણ રસ્તા આવી શકશે.

અપવાદ : ટુ વ્હીલર વાહનો આશારામ બાપુના આશ્રમમાં આવનાર બસો તથા આશ્રમ વહીકલ પાસ ધરાવનાર તથા સરકારી આવશ્યક સેવાના વાહનો ફાયરબ્રીગેડ એમ્બ્યુલન્સ વાહનોને ઉપરોકત જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૮મી માર્ચ ૨૦૦૨ ના રોજ મારી સહી સીક્કા કરી આપેલ છે.

પી. કે. રોશન,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

BY DISTRICT JUDGE

Read :—High Court Letter No. S. 2103/2002, Dated 21st March, 2002.

Notification

No. CB. 360 of 2002. Under the powers vested in him under paragraph 62, Page 265 of Chapter XXXI of the Civil Manual, Volume-I, 1960, the District Judge, Vadodara directs the closing of all the Civil Courts in Vadodara District during Annual Summer Vacation for a period of Five Weeks commencing from Monday May 6th, 2002 to Sunday

INDEX

June, 9th 2002 (both days inclusive) and One Week, from Monday November, 11th 2002 to Sunday November, 17th 2002 (both days inclusive) as approved under High Court Letter cited in the preamble.

The Offices of the Nazir and the Record Keeper. District Court, Vadodara, the Nazir, Small Causes Court, Vadodara and those of the Nazirs of the Civil Courts in the Distrct, shall remain open during the Vacation on all working days.

Vadodara, 21st March, 2002.

C. D. PATEL,
Ditstrict Judge. Vadodara.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

વંચાણે લીધા : ગુજરાત હાઈકોર્ટનો પત્ર નં. સી. ૨૧૦૩/૨૦૦૨, તારીખ ૨૧મી માર્ચ ૨૦૦૨

જાહેરનામું

નંબર : સીબી. ૩૬૦ સને ૨૦૦૨.—આમુખમાં દર્શાવેલ હાઈકોર્ટના પત્રથી મંજુરી મળ્યા અન્વયે અને સીવીલ મેન્યુઅલ ૧૯૬૦ ભાગ-૧ પાના-૨૬૫ પ્રકરણ-૩૧ ફકરા-૬૨૮ થી મળેલા અધિકાર અન્વયે વડોદરા જિલ્લા ન્યાયાધીશ વડોદરા જિલ્લાની તમામ દિવાની અદાલતો સોમવાર તારીખ ૬ઠ્ઠી મે ૨૦૦૨ થી રવિવાર તારીખ ૯મી જુન ૨૦૦૨ સુધી (બંને દિવસો સાથે) પાંચ સપ્તાહ માટે અને સોમવાર તારીખ ૧૧મી નવેમ્બર ૨૦૦૨ થી રવિવાર તારીખ ૧૭મી નવેમ્બર ૨૦૦૨ સુધી એક સપ્તાહ માટે વેકેશન સબબ બંધ રાખવાનું ઠરાવે છે.

જિલ્લા ન્યાયાલય વડોદરાની નાઝર શાખા તથા રેકર્ડ શાખા તેમજ સ્મોલ કોઝ કોર્ટ વડોદરાની નાઝર શાખા અને તમામ દિવાની અદાલતોની નાઝર શાખાઓ ઉપરોક્ત વેકેશન દરમિયાન કામકાજના દિવસોએ ખુલ્લી રહેશે.

વડોદરા, તારીખ ૨૧મી માર્ચ ૨૦૦૨.

સી. ડી. પટેલ,
જિલ્લા ન્યાયાધીશ,
વડોદરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળનું.

ક્રમાંક /એમએજી-વશી-૧૮૪.—ભરૂચ જિલ્લાનાં અંકલેશ્વર, પાનોલ, તથા ઝઘડીયા નોટીફાઈડ એરીયામાં જી.આઈ.ડી.સી. આવેલ છે. આ જી.આઈ.ડી.સી.માં આવેલ કેટલીક કંપનીઓ દ્વારા રાત્રીનાં સમયે ટેન્કરો દ્વારા રસાયણીક કચરો વિવિધ સ્થળે ગેરકાયદેસર રીતે ખાલી કરવામાં આવે છે. તે મતલબનો વ્યાપક રૂપમાં લોકો દ્વારા તથા જીન્ડસ્ટ્રીયલ એસોસીએશન મારફતે પણ ફરિયાદો મળેલ છે આ ગેરકાયદેસરની રાત્રીનાં સમય રસાયણીક કચરાનાં ટેન્કરોની હેરાફેરી થી લોકોની જાન તથા સ્વાસ્થ્યની સામે ભય ઉભો થયેલ છે. અને ક્યારેક મોટી હોનારત થવા પણ દહેશત રહેલ છે. જેથી રાત્રીના સમયે અંકલેશ્વર, પાનોલી, જગડીયા, જીઆઈડીસીના વિવિધ કંપની-ઓમાંથી રસાયણીક કચરો ટેન્કર-ટ્રેકટરો બંધ બોડીના વાહનો, ડમ્પરો ખાલી કે ભરેલા પીપ અથવા ડ્રમ્સ લઈ જતાં વાહનો દ્વારા વહન કરવા અને ખાલી કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું અંજુ શર્મા, જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાઉ છું કે હુકમની તારીખથી બે માસ માટે રાત્રીનાં ૭.૦૦ કલાકથી બીજા દિવસે સવારના ૮.૦૦કલાક સુધી અંકલેશ્વર, પાનોલી, તથા જગડીયા ઔદ્યોગિક સંકુલમાંથી રસાયણિક ભરેલ ખાલી કે અન્ય વસ્તુ ભરેલા ટેન્કરો-ટ્રેકટરો બંધ બોડીના વાહનો, ડમ્પરો, ખાલી કે ભરેલા પીપ અથવા ડ્રમ્સ લઈ જતાં કોઈપણ પ્રકારના વાહનો હરવા ફરવા ઉપર લાવવા-લઈ જવા ઉપર તથા અન્ય કોઈપણ બાનગી આગર જાહેર સ્થળે ઠાલવવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

આ આદેશ ફકત કોમન એન્ફલ્યુમેન્ટ પ્લાન્ટ (ઓનવારોટેકનોલોજી લો.)નાં ટેન્કરોને તથા બરફના ટ્રેકટરને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ બદલ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં)ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી માર્ચ ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(આર)(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક/એમએજી-વશી-૨૬૭.—ગુજરાત રાજયમાં તારીખ ૧૮મી માર્ચ ૨૦૦૨ થી એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા શરૂ થનાર છે. સદર બોર્ડની પરીક્ષા ભરૂચ જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવનાર છે. આ ઉપરાંત ભરૂચ જિલ્લાની જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ વાર્ષિક પરીક્ષા માર્ચ-૨૦૦૨ તથા એપ્રિલ-૨૦૦૨માં લેવામાં આવનાર છે. જેથી મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવાના કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે તેમ છે. અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે. તેમજ ધ્વનિ પ્રદૂષણ પણ થાય છે. જેથી તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૧૧મી એપ્રિલ ૨૦૦૨ સુધી લાઉડસ્પીકર બેફામ, મનસ્વી તથા મોટા અવાજે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી બને છે.

જેથી હું અંજુ શર્મા, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(આર)(૩)થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લામાં તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૧૧મી એપ્રિલ ૨૦૦૨ સુધી કોઈએ પણ લાઉડ સ્પીકર બેફામ, મનસ્વી તથા મોટા અવાજે વગાડવું નહિ, તેમજ લાઉડ સ્પીકરનો અવાજ મકાનની બહાર જાય તે રીતે લાઉડ સ્પીકર વગાડવું નહિ,

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૧મી એપ્રિલ ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

વાંચ્યો :—

(૧) અત્રેના હુકમ નં. એમ.એ.જી. સંચારબંધી-મુકિત-વશી-૨૬૧/૨૦૦૨ તારીખ ૮મી માર્ચ ૨૦૦૨.

ક્રમાંક એમએજી-સંચારબંધી-વશી-૨૯૫.—તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨ના રોજ ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાવચેતીના પગલા રૂપે કેટલાક વિસ્તારના લોકોના જાનમાલના રક્ષણ માટે તેમજ ભરૂચ શહેરની સુલેહશાંતિનો ભંગ થવાનો ભય છે અને એવી રીતે ભંગ થતો અટકાવવાનું ઈષ્ટ છે. અને તેમ થતું તાત્કાલિક અટકાવવાનું તથા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે.

આથી હું, અંજુ શર્મા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે આપેલ 'અનુસૂચિમાં' નિર્દિષ્ટ કરેલ વિસ્તારનાં રહેવાસીઓએ તેમના અવર-જવર કરનારાઓને અને પ્રસંગોપાત આવનારાઓને નિર્દિષ્ટ કરેલ વિસ્તાર પૂરતુ તે અનુસૂચિમાં દર્શાવેલ તારીખ તથા કલાકો દરમ્યાન અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારની અંદર આવેલા કોઈપણ માર્ગ, જાહેર રાહદારી, રસ્તા, રાજ્યમાર્ગ, શેરી, ગલી, પેટાગલીમાં સવારી કરવી નહિ, વાહન હંકારવું નહી, ચાલવું નહિ, ઉભા રહેવું નહિ, રખડવું નહિ, અથવા હરવુ ફરવું નહિ, અથવા તેનો બીજો કોઈ રીતે ઉપયોગ કરવો નહિ. આ હુકમ સરકારી વાહનોને લાગુ પડશે નહિ, સરકારી ફરજ પરના અધિકારી-કર્મચારીઓને પણ આ હુકમ લાગુ પડશે નહિ.

અનુસૂચિ

અનુ. નંબર	વિસ્તારનું નામ	તારીખ અને સમય
(૧)	ભરૂચ શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આવતો સમગ્ર વિસ્તાર.	તા. ૧૫મી માર્ચ ૨૦૦૨નાં રોજ બપોરનાં ૧૫.૧૫ કલાક થી ઓચોક્કસ મુદત માટે.

આમુખ (૧)થી જણાવ્યા અનુસાર ભરૂચ શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશન, તેમ આવતી તમામ સોસાયટીઓ તથા ભરૂચ-દહેજ-જંબુસર-બાયપાસ તથા તેને અડીને આવતી તમામ સોસાયટીઓના વિસ્તારમાં બીજો આદેશ ન થાય ત્યાં સુધી દરરોજ ફકત રાત્રીના ૨૨.૦૦ કલાકથી સવારના ૫.૦૦ કલાક સુધી સંચારબંધી અમલમાં રહેશે.

આ હુકમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેમજ આ અર્થે અધિકૃત કરેલ અધિકારી પાસેથી પરમીટ ધરાવનાર વ્યકિતઓને લાગુ પડશે નહિ.

મેં આજરોજ તારીખ ૧૫મી માર્ચ, સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો :—

(૧) અત્રેના હુકમ ક્રમાંક /એમએજી-સંચારબંધી-વશી-૨૯૫ તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨.

હુકમ

ક્રમાંક /એમએજી-સંચારબંધી-મુકિત-વશી-૨૯૬.—તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨નાં રોજ આમુખ (૧) થી ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સમગ્ર વિસ્તારમાં સાવચેતીના પગલારૂપે લોકોના જાનમાલનાં તેમજ શહેરની સુલેહશાંતિનો ભંગ થવાની શકયતા હોય, ઓચોક્કસ મુદત માટે સંચારબંધી દાખલ કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૨નાં રોજ ઉપર દર્શાવેલ વિસ્તારમાં ૧૧.૦૦ કલાકથી ૧૪.૦૦ કલાકના સમય દરમ્યાન તમામ માટે ઉકત સંચારબંધીમાંથી મુકિત આપવામાં આવે છે. અને ૧૪.૦૦ કલાક પછીથી ઉકત સંચારબંધીનો અમલ ઓચોક્કસ મુદત સુધી ચાલુ રહેશે.

આજ તારીખ ૧૬મી માહે માર્ચ સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો :

(૧) અત્રેના હુકમ ક્રમાંક /એમએજી-સંચારબંધી-વશી-૨૯૫ તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨.

(૨) અત્રેના હુકમ ક્રમાંક/એમએજી-સંચારબંધી-મુકિત-વશી-૨૯૬ તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૨.

હુકમ

ક્રમાંક એમએજી-સંચારબંધી-મુકિત-વશી-૨૯૭.—તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨નાં રોજ આમુખ (૧)થી ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સમગ્ર વિસ્તારમાં સાવચેતીના પગલારૂપે લોકોનાં જાનમાલ નાં તેમજ શહેરની સુલેહશાંતિનો ભંગ થવાની શકયતા હોય ઓચોક્કસ મુદત માટે સંચારબંધી દાખલ કરવામાં આવે છે.

આમુખ (૨)થી જનતાની સુવિધા માટે તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૨ નાં રોજ ઉપર દર્શાવેલ વિસ્તારમાં ૧૧.૦૦ કલાકથી ૧૪.૦૦ કલાક ના સમય દરમ્યાન તમામને ઉકત સંચારબંધીમાંથી મુકિત આપવામાં આવેલ છે.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતાં જનતાની સુવિધા માટે તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૨નાં રોજ ભરૂચ શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન ના સમગ્ર વિસ્તારમાં તમામ માટે સંચારબંધીમાંથી મુકિતનો સમય બપોરના ૧૪.૦૦ સુધીનો હતો. જે લંબાવી ભરૂચ શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનના સમગ્ર વિસ્તારમાં ૧૯.૦૦ કલાક સુધી તમામને ઉકત સંચારબંધીમાંથી મુકિત આપવામાં આવે છે. અને ૧૯.૦૦ કલાક પછીથી ઉકત સંચારબંધીનો અમલ ઓચોક્કસ મુદત સુધી ચાલુ રહેશે.

આજ તારીખ ૧૬મી માહે માર્ચ સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો :—

(૧) અત્રેના હુકમ ક્રમાંક /એમએજી-સંચારબંધી-વશી-૨૯૫ તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨.

વાંચ્યો :

(૧) અત્રેના હુકમ ક્રમાંક/એમએજી-સંચારબંધી-વશી-૨૯૭, તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨.

INDEX

હુકમ

ક્રમાંક એમઓજી-સંચારબંધી-મુક્તિ-વશી-૩૦૧.—તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૨નાં રોજ આમુખ (૧) થી ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સમગ્ર વિસ્તારમાં સાવચેતીના પગલા રૂપે લોકોનાં જાન-માલનાં તેમજ શહેરની સુલેહશાંતિનો ભંગ થવાની શકયતા હોય અચોક્કસ મુદત માટે સંચારબંધી દાખલ કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૧૭મી માર્ચ ૨૦૦૨નાં રોજ ઉપર દર્શાવેલ વિસ્તારમાં ૭.૦૦ કલાકથી ૨૨.૦૦ કલાકના સમય દરમ્યાન તમામને ઉકત સંચારબંધીમાંથી મુકિત આપવામાં આવે છે. અને ૨૨.૦૦ કલાક પછીથી ઉકત સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી ચાલુ રહેશે.

આજ તારીખ ૧૬મી માહે માર્ચ સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચો :—

૧. ભરૂચની કચેરીના હુકમ નંબર એમ.ઓ.જી-સંચારબંધી-વશી-૨૧૮ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨.

૨. ભરૂચના હુકમ નંબર એમ.ઓ.જી-સંચારબંધી-મુકિત-વશી-૩૦૮ તારીખ ૧૭મી માર્ચ ૨૦૦૨.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો

ક્રમાંક એમ.ઓ.જી-સંચારબંધી-વશી-૩૧૬.—આમુખ-૧થી ભરૂચ શહેરમાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજથી ભરૂચ શહેર 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનના વિસ્તારમાં તેમજ તેમાં આવતી તમામ સોસાયટીના સમગ્ર વિસ્તારમાં તથા ભરૂચ-દહેજ-જંબુસર-બાયપાસ તથા તેને અડીને આવતી તમામ સોસાયટી વિસ્તારમાં સાવચેતીના પગલારૂપે લોકોના જાનમાલના રક્ષણ માટે તેમજ શહેરની સુલેહશાંતિનો ભંગ થવાની શકયતા હોય અચોક્કસ મુદત માટે સંચાર-બંધી દાખલ કરવામાં આવેલ હતી.

આમુખ-૨થી બીજા આદેશ ન થાય ત્યાં સુધી જનતાની સુવિધા માટે તારીખ ૧૮મી માર્ચ ૨૦૦૨ના રોજથી સવારના ૫.૦૦ વાગ્યાથી રાત્રીના ૨૩.૦૦ કલાક સુધી તમામને સંચારબંધીમાંથી મુકિત આપ-વામાં તથા દરરોજ ફકત રાત્રીના ૨૩.૦૦ કલાકથી સવારના ૫.૦૦ કલાક સુધી સંચારબંધી અમલમાં રાખવામાં આવેલ.

હાલની પરિસ્થિતિને ધ્યાને લેતાં તારીખ ૧૮મી માર્ચ ૨૦૦૨ના રોજથી ભરૂચ શહેર "એ" ડીવીઝન પોલીસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર, તેમાં આવતી તમામ સોસાયટીનો સમગ્ર વિસ્તાર તથા ભરૂચ-દહેજ-જંબુસર-બાયપાસ તથા તેને અડીને આવતી તમામ સોસાયટી વિસ્તા-રમાં સાવચેતીના પગલાં રૂપે હવે પછી બીજો આદેશ ન થાય ત્યાં સુધી દરરોજ રાત્રીના ૨૦.૦૦ કલાકથી સવારના ૫.૦૦ કલાક સુધી સંચારબંધી અમલમાં રાખવા આદેશ કરવામાં આવે છે.

આજ તારીખ ૧૮મી માર્ચ ૨૦૦૨ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો છે.

વાંચો :

(૧) કચેરીના હુકમ નંબર-એમ.ઓ.જી-સંચારબંધી-વશી-૩૧૩ તારીખ ૧૮મી માર્ચ ૨૦૦૨

(૨) કચેરીના હુકમ નંબર-એમ.ઓ.જી-સંચારબંધી-વશી-૩૧૯, તારીખ ૧૯મી માર્ચ ૨૦૦૨.

હુકમ

ક્રમાંક એમ.ઓ.જી-સંચારબંધી-મુકિત-વશી-૩૨૨.—આમુખ (૧)-થી ભરૂચ શહેર "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર તેમજ આમુખ (૨) થી બી. ટી. એમ. થી રેલ્વે સ્ટેશન સુધીના રસ્તાને ઉપરાંત ઘોળી કુઈ વિસ્તાર સહિતને રસ્તા ઉપરનો નદી તરફ બી' ડીવિઝન પોલીસ સ્ટેશનની હદ સુધીનો સમગ્ર શહેર વિસ્તાર અને પાંચબત્તીથી લીંક રોડ જતા મુજબ મુખ્ય રસ્તો તથા તે રસ્તાની પશ્ચિમે ડાબી તરફનો સમગ્ર વિસ્તારમાં સાવચેતીના પગલા રૂપે લોકોના જાનમાલના તેમજ શહેરની સુલેહશાંતિનો ભંગ થવાની શકયતા હોય અચોક્કસ મુદત માટે સંચારબંધી દાખલ કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૨૨મી માર્ચ ૨૦૦૨નાં રોજ ઉકત તમામ સંચારબંધી અસરગ્રસ્ત વિસ્તારમાં સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકના સમય દરમ્યાન ફકત સ્ત્રીઓ માટે ઉકત દર્શાવેલ વિસ્તારમાં સંચારબંધીનો આંશિક હળવો કરવામાં આવે છે. અનાજ કરીયાણાની દુકાન, ફળફળાદિ, શાકભાજીની દુકાનો, મેડીકલ સ્ટોર્સ તથા અન્ય આવશ્યક ચીજ વસ્તુઓની દુકાન ખોલી શકાશે. આ માટે સંચારબંધી નાં મુકિત અંગેના પાસ નજીકના સંબંધિત પોલીસ સ્ટેશન (ભરૂચ સીટીએ ડિવિઝન-બી-ડિવિઝન) નાં થાણા અમલદારે જે તે દુકાનદારને પહોંચતા કરવાના રહેશે. આ પાસો આપવા માટે તારીખ ૨૨મી માર્ચ ૨૦૦૨નાં રોજ સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન જીવન જરૂરીયાત ચીજવસ્તુ તથા અન્ય જરૂરી કાર્ય કરવા માટે પાસ આપવા માટે થાણા અમલદારને અધિકૃત કરવામાં આવે છે. આ પાસો આપતી વખતે અસામાજીક પ્રવૃત્તિ, ગુનાહીત પ્રવૃત્તિ ધરાવતા વ્યકિત તથા અનઆવશ્યક ઈસમને પાસ ઈસ્યુ ન થાય તે બાબતની કાળજી લેવાની રહેશે.અને સવારના ૧૧.૦૦ કલાક પછીથી ઉકત સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી ચાલુ રહેશે.

આજ તારીખ ૨૧મી માર્ચ, સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચો :— (૧) કચેરીના હુકમ નંબર એમ.ઓ.જી- સંચારબંધી- મુકિત- વશી- ૩૧૩, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૨.
(૨) કચેરીના હુકમ નંબર એમ.ઓ.જી- સંચારબંધી- મુકિત- વશી- ૩૧૯, તારીખ ૧૯મી માર્ચ, ૨૦૦૨.

હુકમ

ક્રમાંક એમ.ઓ.જી. / સંચારબંધી / મુકિત / વશી / ૩૨૨.— આમુખ (૧) થી જણાવ્યા મુજબ ભરૂચ શહેર "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તેમજ આમુખ (૨) થી બી. ટી. એમ. થી રેલ્વે સ્ટેશન સુધીના રસ્તા ઉપરાંત ઘોળીકુઈ વિસ્તાર સહિત તે રસ્તા-

INDEX

ઉપરનો નદી તરફનો "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનની હદ સુધીનો સમગ્ર વિસ્તાર અને પાંચબત્તીથી લીક રોડ જતા મુખ્ય રસ્તો તથા તે રસ્તાની પશ્ચિમે ડાબી તરફનો ભરૂચ સીટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં સાવચેતીના પગલા રૂપે લોકોના-- જાનમાલના તેમજ શહેરની સુલેહશાંતીનો ભંગ થવાની શકયતા હોય આથોક્કસ મુદત માટે સંચારબંધી દાખલ કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૨૩ મી માર્ચ, ૨૦૦૨ નાં રોજ ઉકત તમામ સંચારબંધી અસરગ્રસ્ત વિસ્તારમાં નીચે મુજબ સંચારબંધી મુકિત આપવામાં આવે છે.

અનુ. નંબર	વિસ્તાર	સંચારબંધી મુકિતનો સમય
(૧)	ભરૂચ સીટી "એ" તથા "બી" ડિવિઝન સંચારબંધી અસરગ્રસ્ત વિસ્તાર.	સવારના ૯.૦૦ થી બપોરના ૧૩.૦૦ કલાક સુધી ફકત મહિલાઓ માટે.
(૨)	ભરૂચ સીટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનનો-- સંચારબંધી અસરગ્રસ્ત વિસ્તાર.	સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક સુધી તમામ માટે તમામ માટે.
(૩)	ભરૂચ સીટી "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનનો-- સમગ્ર વિસ્તાર.	સવારના ૧૧.૦૦ થી બપોરના ૧૩.૦૦ કલાક સુધી, તમામ માટે.

ઉકત સંચારબંધીનો આમલ બપોરના ૧૩-૦૦ કલાક પછીથી આથોક્કસ માટે ચાલુ રહેશે.

મેં આજરોજ તારીખ ૨૨ મી માર્ચ, સને ૨૦૦૨ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચો : (૧) અત્રેના હુકમ નંબર એમએજી સંચારબંધી- મુકિત- વશી- ૩૧૩, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૨.
(૨) અત્રેના હુકમ નંબર એમ એજી/ સંચારબંધી- મુકિત- વશી- ૩૧૯, તારીખ ૧૯ મી માર્ચ, ૨૦૦૨.

હુકમ

ક્રમાંક એમ.એ.જી. / સંચારબંધી / મુકિત / વશી / ૩૪૮.— આમખ (૧) થી જણાવ્યા મુજબ ભરૂચ શહેર "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તેમજ આમુખ (૨) થી બી. ટી. એમ. થી રેલ્વે સ્ટેશન સુધીના રસ્તા ઉપરાંત ઘોળીકુંઈ વિસ્તાર સહિત તે રસ્તા ઉપરનો નદી તરફનો "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનની હદ સુધીનો સમગ્ર શહેર વિસ્તાર અને પાંચબત્તીથી લીક રોડ જતાં મુખ્ય રસ્તો તથા તે રસ્તાની પશ્ચિમે ડાબી તરફનો ભરૂચ સીટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં સાવચેતીના પગલાં રૂપે લોકોના જાનમાલના તેમજ શહેરની સુલેહશાંતીના ભંગ થવાની શકયતા હોય આથોક્કસ મુદત માટે સંચારબંધી દાખલ કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૨૪ મી માર્ચ, ૨૦૦૨નાં રોજ ઉકત તમામ સંચારબંધી અસરગ્રસ્ત વિસ્તારમાં નીચે મુજબ સંચારબંધીમાંથી મુકિત આપવામાં આવે છે.

અનું. નંબર	વિસ્તાર	સંચારબંધી મુકિતનો સમય
(૧)	ભરૂચ સીટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનનો- સચારબંધી અસરગ્રસ્ત વિસ્તાર.	સાવારના ૯.૦૦ થી ૧૩.૦૦ કલાક સુધી તમામ માટે.
(૨)	ભરૂચ સીટી "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનનો- સમગ્ર વિસ્તાર.	સવારનો ૧૪.૦૦ થી બપોરના ૧૭.૦૦ કલાક સુધી, તમામ માટે.
(૩)	ભરૂચ સીટી "એ" તથા "બી" ડીવીઝન પોલીસ સ્ટેશનનો સંચારબંધી એસરગ્રસ્ત સમગ્ર વિસ્તાર	સવારના ૯.૦૦ થી સાંજના ૧૭.૦૦ કલાક સુધી ફકત મહિલાઓ માટે.

ઉકત સંચારબંધીનો આમલ ઉપર જણાવ્યા પ્રમાણે મકિતનો સમય પૂર્ણ થયે આથોક્કસ મુદત માટે ચાલુ રહેશે.

મેં આજરોજ તારીખ ૨૩મી માર્ચ સને ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

INDEX

વાંચો :— (૧) અત્રેના હુકમ નંબર એમ્ એજી- સંચારબંધી- મુક્તિ- વશી- ૩૧૩, તારીખ ૧૮ મી માર્ચ, ૨૦૦૨.
(૨) અત્રેના હુકમ નંબર એમએજી- સંચારબંધી- મુક્તિ- વશી- ૩૧૯, તારીખ ૧૯મી માર્ચ, ૨૦૦૨.

હુકમ

ક્રમાંક એમ.એ.જી. / સંચારબંધી / મુક્તિ / વશી / ૩૧૬. – આમુખ (૧) થી જણાવ્યા મુજબ ભરૂચ શહેર "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તેમજ આમુખ (૨) થી બી. ટી. એમ. થી રેલ્વે સ્ટેશન સુધીના રસ્તા ઉપરાંત ઘોળીકુઈ વિસ્તાર સહિત તે રસ્તા ઉપરનો નદી-તરફનો "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનની હદ સુધીનો સમગ્ર શહેર વિસ્તારઓને પાંચબત્તીથી લીંક રોડ જતાં મુખ્ય રસ્તો તથા તે રસ્તાની પશ્ચિમે હાબી તરફનો ભરૂચ સીટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં સાવચેતીના પગલાં રૂપે લોકોના જાનમાલના તેમજ શહેરની સુલેહ શાંતીનો ભંગ થવાની શક્યતા હોય અચોક્કસ મુદત માટે સંચારબંધી દાખલ કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૨૬મી માર્ચ, ૨૦૦૨ નાં રોજ ઉકત તમામ સંચારબંધી અસર ગ્રસ્ત વિસ્તારમાં નીચે મુજબ સંચારબંધીમાંથી મુકિત આપવામાં આવે છે.

આનુ. નંબર	વિસ્તાર	સંચારબંધી મુકિતનો સમય
(૧)	ભરૂચ સીટી "એ" તથા "બી" ડીવિઝન પોલીસ-સ્ટેશનનો સંચારબંધી અસરગ્રસ્ત સમગ્ર વિસ્તાર	સવારના ૮.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી તથા ૧૫.૦૦ કલાકથી ૧૮:૦૦ કલાક સુધી તમામ માટે.
(૨)	ભરૂચ સીટી "એ" તથા "બી" ડીવિઝન પોલીસ-સ્ટેશનનો સંચારબંધી અસર ગ્રસ્ત વિસ્તાર.	સવારના ૮.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધી ફકત મહિલાઓ માટે.

ઉકત સંચારબંધીનો અમલ ઉપર જણાવ્યા પ્રમાણે મુકિતનો સમય પૂર્ણ થયે અચોકકસ મુદત માટે ચાલુ રહેશે.

મેં આજ રોજ તારીખ ૨૧મી માર્ચ, સને ૨૦૦૨ નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યે.

વાંચો :— (૧) અત્રેના હુકમ નંબર એમએજી- સંચારબંધી- મુક્તિ- વશી- ૩૧૩, તારીખ ૧૮ મી માર્ચ, ૨૦૦૨.
(૨) અત્રેના હુકમ નંબર એમએજી- સંચારબંધી- મુક્તિ- વશી- ૩૧૯, તારીખ ૧૯ મી માર્ચ, ૨૦૦૨.

હુકમ

ક્રમાંક એમ.એ.જી. / સંચારબંધી / મુક્તિ / વશી / ૩૫૭.— આમુખ (૧) થી જણાવ્યા મુજબ ભરૂચ શહેર "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તેમજ આમુખ (૨) થી બી. ટી. એમ. થી રેલ્વે સ્ટેશન સુધીના રસ્તા ઉપરાંત ઘોળીકુઈ વિસ્તાર સહિત તે રસ્તા ઉપરનો નદી તરફનો "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનની હદ સુધીનો સમગ્ર વિસ્તાર અને પાંચબત્તીથી લીંક રોડ જતાં મુખ્ય રસ્તો તથા તે રસ્તાની પશ્ચિમે હાબી તરફનો ભરૂચ સીટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં સાવચેતીના પગલાં રૂપે લોકોના જાનમાલના તેમજ શહેરની સુલેહશાંતીનો ભંગ થવાની શકયતા હોય અચોક્કસ મુદત માટે સંચારબંધી દાખલ કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૨૭ મી માર્ચ, ૨૦૦૨ નાં રોજ ઉકત તમામ સંચારબંધી અસરગ્રસ્ત વિસ્તારમાં નીચે મુજબ સંચારબંધીમાંથી મુકિત આપવામાં આવે છે.

આનુ. નંબર	વિસ્તાર	સંચારબંધી મુકિતનો સમય
(૧)	ભરૂચ સીટી "એ" તથા "બી" ડીવીઝન પોલીસ-સ્ટેશનનો સંચારબંધી અસરગ્રસ્ત સમગ્ર-વિસ્તાર.	સવારના ૮.૦૦ થી ૧૩.૦૦ કલાક સુધી તથા ૧૫.૦૦ કલાકથી ૧૯.૦૦ કલાક સુધી તમામ માટે.
(૨)	ભરૂચ સીટી "એ" તથા "બી" ડીવીઝન પોલીસ સ્ટેશનનો સંચારબંધી અસરગ્રસ્ત સમગ્ર-વિસ્તાર.	સવારના ૮.૦૦ થી ૧૯.૦૦ કલાક સુધી ફકત મહિલાઓ માટે.

ઉકત સંચારબંધીનો અમલ ઉપર જણાવ્યા પ્રમાણે મુકિતનો સમય પૂર્ણ થયે અચોક્કસ મુદત માટે ચાલુ રહેશે.

મેં આજ રોજ તારીખ ૨૬ મી માર્ચ સને ૨૦૦૨ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો. :

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું :

ક્રમાંક એમ.એ.જી./જાહેરનામું/વશી/૭૮૩ થી ૮૦૫/૨૦૦૨.— નર્મદા જિલ્લામાં દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ તારીખ ૨૯ મી માર્ચ ૨૦૦૨ ના રોજ ધુળેટીનો પર્વ ઉજવવામાં આવનાર છે. આ તહેવારના દિવસે એકબીજા પર એબીલ--ગુલાલ / રંગ છાટી-ધુળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે કેટલાક લોકો દ્વારા દવાના પાવડર જેવા કેમીકલ્સ / રંગ વગેરે શરીરને નુકશાન કરતા પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે. જેનાથી માનવ સ્વાસ્થ્ય

ને વિપરિત અસર થાય છે. તથા જાહેર રસ્તાઓ ઉપર ધુળેટીનો પર્વ ઉજવવાથી ટ્રાફિકને પણ અડચણ રૂપ થાય છે. તેમજ કેટલાક લોકો ઉપર બળ જબરી પૂર્વક રંગ તથા કીચડ છાંટવામાં આવે છે. જેના કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શકયતા રહેલી છે. તથા જાહેર રસ્તા ઉપર જતા આવતા વાહનોના ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવામાં આવે છે. તેમજ તાજેતરની અશાંત પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અસર થવાની સંભાવના છે. જેથી જાહેર સ્થળો રસ્તાઓ ઉપર ધુળેટ રમવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા, એને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નર્મદા જિલ્લામાં તારીખ ૨૯ મી માર્ચ ૨૦૦૨ ના રોજ ધુળેટીના દિવસે પાવડર જેવા શરીરને નુકશાન કરતા કેમીકલ્સ/રંગનો ઉપયોગ કરવા પર તથા જાહેર રસ્તા માર્ગો પર ધુળેટી રમવા પર તથા જાહેર જનતા પર બળજબરી પૂર્વક રંગ તથા કીચડ છાંટવા પર તેમજ જાહેર રસ્તા ઉપર જતાં આવતાં-વાહનોના ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિતને ઉકત કાયદાની કલમ--૧૩૧ પ્રમાણે સજાને આને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૮ મી માર્ચ ૨૦૦૨ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

જી. જે. ચાંપાનેરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

અડચણ, હુલ્લડ વિગેરે અટકાવવા અંગેનો મેજિસ્ટ્રેટનો હુકમ

(જુઓ કલમ - ૧૪૪)

નંબર ડી.ઓમ.એ. જી. કિ. પો. કો. કલમ ૧૪૪ વશી ૧૧૫૨ થી ૧૨૦૭ યુ.—ગોધરા મુકામે તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સાબરમતી ટ્રેન ઉપર થયેલ હુમલા અને આગ લગાડવાના બનાવના સંદર્ભે તથા તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા આપાયેલ ભારત/ગુજરાત બંધ ના એલાન થી જિલ્લામાં ફાટી નીકળેલ કોમી રમખાણ અને હાલની તંગદીલી પરિસ્થિતિમાં જેના જિલ્લામાં કોમી રમખાણો, હુલ્લડો કે કોઈ બખેડો થાય નહી અને જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે તે માટે બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

સબબ તેથી હવે કિ. પ્રો. કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪(૧)થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એમ.બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર, આથી બનાસકાંઠા જિલ્લાના તમામ વિસ્તારમાં તારીખ ૧૯મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૨૫મી માર્ચ ૨૦૦૨ સુધી ની (બન્ને દિવસો સહીત) મુદત માટે ચાર કે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળીને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

આજ રોજ તારીખ ૧૯મી માર્ચ સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે.

નંબર ડી/એમ.એ.જી/૧/પરીક્ષા/વશી.--૧૨૧૧ થી ૧૨૩૧.— તારીખ ૨૬મી માર્ચ, ૨૦૦૨ થી ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ દ્વારા જુદી જુદી પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં યોજાય તેમજ-- વિદ્યાર્થીઓનું વાતાવરણ સર્જાય, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને વિદ્યાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા

INDEX

કોઈ ખલેલ ન પડે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર બનાસકાંઠા જિલ્લાના નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની હદ-મર્યાદાથી બહાર ના ૨૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાઓ તથા સંચાલકશ્રીઓ સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા ઉપર પ્રતિબંધ-મુકવાનું જાહેર સલામતી માટે ઈષ્ટ જણાયેલ છે.

ઉત્તર ગુજરાત યુનિર્વસીટી પરીક્ષા કેન્દ્રો ના નામ :

ક્રમાનુ. નંબર	તાલુકાનું નામ	કેન્દ્રનું નામ	પરીક્ષાના સ્થળનું નામ (કોલેજનું નામ)
૧	૨	૩	૪
(૧)	પાલનપુર	પાલનપુર	(૧) જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ, પાલનપુર.
(૨)	વડગામ	વડગામ	(૧) વડગામ આર્ટસ કોલેજ, વડગામ.
(૩)	ડીસા	ડીસા	(૧) ડી. એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા.
(૪)	કાંકરેજ	થરા	(૧) કાંકરેજ આર્ટસ અને કોમર્સ કોલેજ, થરા.
(૫)	દાંતા	અંબાજી	(૧) અંબાજી આર્ટસ કોલેજ, અંબાજી.

વાસ્તે હું શ્રી એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાં, પાલનપુર, ઉપરોક્ત જણાવેલ પરીક્ષાના કેન્દ્રો ઉપર તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૨ થી તારીખ ૩૦ મી માર્ચ, ૨૦૦૨ (બંન્ને દિવસો સહીત) સુધી જે તે સમયે જે પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા ચાલું હોય તે દિવસ દરમ્યાન જે તે પરીક્ષા કેન્દ્રના સ્થળની હદ મર્યાદાથી બહાર ૨૦૦ મીટર ના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ/સંચાલકો સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ પ્રતિબંધ મુકતા હુકમ કરૂ છું.

આજરોજ તારીખ ૧૯ મી માર્ચ, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે

ક્રમાંક પી.ઓ.એલ. / વશી / ૨૮૨.— ભરૂચ જિલ્લામાં પ્રતિ-વર્ષની માફક ચાલુ વર્ષે પણ તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૨ નાં રોજ ધૂળેટીનો પર્વ ઉજવવામાં આવનાર છે. ધુળેટીના દિવસે એકબીજા પર અબિલ, ગુલાલ નાખી સદર પર્વ ઉત્સવ થી ઉજવે છે. અનુભવે જણાયેલ છે કે ધૂળેટીના દિવસે અન્ય લોકો દ્વારા ઝટપટ પાવડર જેવાં કેમીકલ્સના છૂટથી ઉપયોગ થાય છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમીકલ્સ તથા અન્ય કેમીકલ્સથી સ્વાસ્થય પર વિપરિત અસર થાય છે. તેમજ જાહેર રસ્તાઓ પર ધૂળેટીનો પર્વ ઉજવતાથી ટાફીકને પણ અડચણ થાય છે. જેથી ધૂળેટીના દિવસે ઝટપટ પાવડર જેવા શરીરને નુકશાન કરતા કેમીકલ્સનો ઉપયોગ કરવા પર તથા જાહેર રસ્તાઓ પર ધૂળેટી રમવા પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે. આ ઉપરાંત કેટલાક લોકો ઉપર બળજબરી પૂર્વક રંગ તથા કીચડ છાંટવામાં આવે છે તે કારણે સુલેહશાંતિનો ભંગ થાય છે જે નિવારવા આવશ્યક છે. તથા જાહેર રસ્તા ઉપર જતાં આવતાં વાહનોના ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ--૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ જિલ્લામાં તારીખ ૨૯ મી માર્ચ, ૨૦૦૨ નાં રોજ ધૂળેટીના દિને ઝટપટ પાવડર જેવા શરીરને નુકશાન કરતાં કેમીકલ્સ રંગનો ઉપયોગ કરવા પર તથા જાહેર રસ્તા માર્ગો પર ધૂળેટી રમવા પર તથા જાહેર જનતા પર બળજબરી પૂર્વક રંગ તથા કીચડ છાંટવા પર તેમજ જાહેર રસ્તા ઉપર જતાં આવતાં વાહનોના ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવા પર પ્રતિબંધ મૂકવા આથી હું ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ મી માર્ચ, સને ૨૦૦૨ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ--૧૪૪ મુજબ

ક્રમાંક એમ.ઓ.જી. / વશી / ૨૯૪.— ગુજરાત રાજ્યમાં તારીખ ૧૮ મી માર્ચ, ૨૦૦૨ થી તારીખ ૨ જી એપ્રિલ, ૨૦૦૨ સુધીનાં સમય દરમ્યાન એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા શરૂ થનાર છે. સદરહુ પરીક્ષા ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર ભરૂચ, જંબુસર, આમોદ, હાંસોટ, પાલેજ, ઝગડીયા, વાલીયા, નબીપુર, ટંકારીયા, વાગરા, નેત્રંગ, સામલોદ, માસરરોડનાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવાનાર છે. સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિને ભંગ કે હુલ્લડ કે બખેડા અટકાવી

INDEX

શકાય તે હેતુસર ઉકત સ્થળોએ આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યકિત કે વ્યકિતઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ--ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ--૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૧૮ મી માર્ચ, ૨૦૦૨ નાં દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૨જી એપ્રિલ, ૨૦૦૨ નાં રોજ રાત્રીના, ૨૪-૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લામાં આવેલ ભરૂચ, અંકલેશ્વર જંબુસર, આમોદ, હાંસોટ, પાલેજ, જગડીયા, વાલીયા, નબીપુર ટંકારીયા, વાગરા, નેત્રંગ, સામલોદ, સાસરોડ, મુકામે આવેલ એસ. એસ. સી. તથા એચ. એસ. સી. ના તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યકિત કે વ્યકિતઓનાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાં ને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરના અધિકારીશ્રી.

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં વ્યકિતઓને.

(૩) ફરજ પરનાં પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી તપાસ ટૂકડીઓને.

આ હુકમનો ભંગ બદલ કે ઉલ્લંઘન કરનાર સાથે ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ નાં ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ મી માહે માર્ચ સને ૨૦૦૨ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એગએજી-પીઓએ-વશી-૩૨૧.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી, હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨ મા) ની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ હું, એમ.એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૨મી માર્ચ ૨૦૦૨નાં રોજ સવારમાંનાં ૬.૦૦ વાગ્યાથી તારીખ ૫મી એપ્રિલ ૨૦૦૨નાં રોજ સાંજના ૨૪.૦૦ વાગ્યા સુધી (બંને દિવસ સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

" ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

વધુમાં હુ આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦નાં ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી માર્ચ સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ : ૧૪૪ અન્વયે બહાર પાડેલો.

ક્રમાંક. ઉ/મકમ/પલસ/મજસ/વશી ૧૦૮૧.—તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા શહેરમાં રેલ્વે સ્ટેશને બલેલ બનાવને લઈને બન્ને વચ્ચે કોમી તંગદીલી ઉભી થઈ ગોધરા શહેર તથા સમગ્ર જિલ્લાના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિના ભંગ થવાના પ્રસંગો બનેલા છે. આગામી સમયમાં હોળી/ધુળેટી/રંગપંચમી/ચૈત્ર નવરાત્રિ/રામ નવમી ત્યિારે તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા જિલ્લામાં વિવિધ જગાઓ ભરાતા મેળા તેમજ હાટ પર પ્રતિબંધ મૂકી લોકોને મોટી સંખ્યામાં એકત્ર થતાં અટકાવી જાહેર સુલેહ શાંતિ જાળવવી જરૂરી છે.

તેથી હું બી. એન. ડામોર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩નો કલમ-૧૪૪ મુજબ મળેલીસત્તાનીરૂએ ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લાની હદમાં તારીખ ૨૧મી માર્ચ ૨૦૦૨ થી તા. ૩૦મી એપ્રિલ ૨૦૦૨ (બન્ને દિવસો સહ) સુધી કોઈ પણ સ્થળોએ મેળા તેમજ હાટ માટે લોકોએ એકત્ર થવું નહી.

આ હુકમનો ભંગ કથવા ઉલ્લંઘન કરનારને ભારતનાં ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

મેં આજ તારીખ ૨૧મી માહે માર્ચ સને ૨૦૦૨નાં રોજ સહી કરી અને સિક્કો માર્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખા) મુજબ

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી./૧૩૮૫.—પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં, ભામૈયા ચોકડીથી રેલ્વે સ્ટેશન તરફ જતા જુના માર્ગ ઉપર શિગ્નલ ફળીયા પાસે રેલ્વેનું ગરનાળું આવેલ છે. તે જગ્યાએ કોમી તોફાનો સાબરમતિ એકસપ્રેસ ટ્રેન ઉભી રખાતાં થયેલ હતાં. આ રેલ્વે ગરનાળુ કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ લોકોની સલામતી માટે ભયરૂપ છે. તેમજ આસામાજીક તત્વો તરફથી વાહનોમાં ગેરકાયદેસર પ્રતિબંધિત વસ્તુઓ તથા ગુન્હાહિત ચીજ વસ્તુઓ લાવવા -લઈ જવા માટે આ રસ્તાનો ઉપયોગ કરાય છે. તેવી આધારભુત માહીતી આધારે પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ

INDEX

ગોધરાને જાણ થતાં તેઓશ્રી તરફથી તે આધારે ઉકત જણાવેલ ગરનાળામાં થઈને પસાર થતાં વાહનોની હેરફેર ઉપર પ્રતિબંધ મુકવા અત્રે દરખાસ્ત કરેલ છું.

પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ કરેલ દરખાસ્ત સાથે સંમત થતાં જણાવેલ ગરનાળામાં થઈને પસાર થતા વાહનોની હેરફેર ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાયેલ છે.

તેથી હું શ્રી બી. એન. ડામોર, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ,ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની ની કલમ-૩૩ની પેટા કલમ-૧ (બ) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, ગોધરા શહેરમાં ભામૈયા ચોકડીથી રેલ્વે સ્ટેશન તરફ જતા જુના માર્ગ ઉપર શિગ્નલ ફળીયા પાસે રેલ્વેનું ગરનાળુ સવાર થઈને જનારા, વાહનમાં બેસીને જનારા, સાયકલ/મોટર સાયકલ/સ્કુટર ઉપર જનારા, ત્રણ તથા ચાર પૈડાવાળા તેમજ ચાર પૈડાથી વધુ પૈડા ધરાવતા વાહનો-રીક્ષા, જીપ ટ્રેકટર, ટેમ્પા, ટ્રક, ટેન્કર અને તેથી પણ મોટા અન્ય વાહનોની હેરફેર પર પ્રતિબંધ ફરમાવું છું.

હુકમનું ઉલ્લંઘન કરનાર કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦પાહે માર્ચ-૨૦૦૨ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલિસ અધિનીયમ ૧૯૫૧ની કલમ-૩૩(૩) અન્વયે બહાર પાડેલો

ક્રમાંક. ઉ/મકપ/પલસ/મજસ/વશી ૧૪૨૨.—તારીખ ૨૭મી ફેબ્રુ-આરી ૨૦૦૨ના રોજ ગોધરા શહેરમાં રેલ્વે સ્ટેશને બનેલ બનાવને લઈને બન્ને કોમો વચ્ચે તંગદીલી ઉભી થઈ ગોધરા શહેર તથા સમગ્ર જિલ્લાના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતીનો ભંગ થવાના પ્રસંગો બનેલા છે. આગામી સમયમાં કાયદો અને વ્યવસ્થાની પરિ-સ્થિતિ તથા જાહેર સુલેહ શાંતી જાળવવી જરૂરી છે.

તેથી હું બી. એન. ડામોર (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ ૩૩(૩) મુજબ મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લાની હદમાં પંદર દિવસની મુદત માટે એટલે કે તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૨ (બપોરના ૧૧-૦૦ કલાક)થી તા. ૧૬મી એપ્રિલ ૨૦૦૨ (બપોરના ૧૧-૦૦કલાક) સુધી ચાર કરતાં વધુ માણસો ભેગા થવું નહી. કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા કોઈ સરઘસ કાઢવું નહી.

સ્પષ્ટીકરણ.:—રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિ-નિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫(૩) અને ભારતના ફોજદારી અધિનિયમ ની કલમ -૧૮૮ મુજબ સજા થશે.

મેં આજ તારીખ ૧લી માહે એપ્રિલ સને ૨૦૦૨નાં રોજ સહી કરી અને સિક્કો માર્યો છે.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને : ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક મક્ર / પીએસેલ / વશી - ૫૨૨-૧૦ ૨૦૦૨

ડાંગ જિલ્લાના આહવા ગામે સરકારી માધ્યમિક શાળા. આહવા અને સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ખાતે તારીખ ૧૮મી માર્ચ ૨૦૦૨ થી તારીખ ૨જી એપ્રિલ ૨૦૦૨ સુધી ધોરણ-૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓ લેવાનાર છે. જેથી આ બન્ને પરીક્ષા સેન્ટરના હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં સુલેહ શાંતિ અને કાયદો તેમજ વ્યવસ્થા જળવાઈ રહે અને પરિક્ષાઓ ખુબ સારી રીતે લેવાય, પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતી કે અનિયમીતતા ન થાય તે જરૂરી છે. અને તેવું ઈષ્ટ જણાય છે, અને તેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પુરતું કારણ છે.

આથી હું ડી. યુ. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ, જિલ્લો ડાંગ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ મુજબની મળેલ સત્તાની રૂએ આથી તા. ૧૮મી માર્ચ ૨૦૦૨ થી તા. ૨જી એપ્રિલ ૨૦૦૨ (બંને દિવસો સહિત) ડાંગ જિલ્લાના સરકારી માધ્યમિક શાળા આહવા અને સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવા ખાતેના માધ્યમિક શિક્ષણ બોર્ડ પરીક્ષા કેન્દ્રના ૧૦૦ મીટરના વિસ્તાર માં નીચેની વિગતે પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું

(૧) ચાર કે તેથી વધુ શખ્સોએ ભેગા થવું નહી. પરીક્ષા કાર્યક્રમ દરમ્યાન કોઈ ગેરરીતી કે અનિયમીતતા સર્જાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહી.

(૨) જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા પ્રયત્નો કરવા નહી કે કરાવવા નહી.

વધુમાં આદેશ કરૂં છું કે, ઉપર જણાવેલ પ્રતિબંધો જે માણસો સરકારી નોકરીની કામગીરીમાં રોકાયેલ હશે તેમને પરીક્ષાની કામ-ગીરી સાથે સંકળાયેલા સરકારી કર્મચારીઓને તપાસણી માટે નિમણુંક પામેલ જિલ્લા કક્ષાના તેમજ બોર્ડ કક્ષાના સ્વોર્ડના સભ્યોને તેમજ પ્રતિબંધિત વિસ્તારમાંથી સ્મશાન યાત્રામાં પસાર જતાં ઈસમોને લાગુ પડશે નહી.

આજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

INDEX

કલેકટર દ્વારા

વંચાણમાં લીધું :—

(૧) અત્રેની કચેરીના હુકમ નં. સપ/કસન/વ/૩૭૧૩ થી ૩૭૪૦/૨૦૦૦ તારીખ ૨૩મી નવેમ્બર ૨૦૦૦
(૨) મેનેજરશ્રી, સ્ટેટ લેવલ કો-ઓર્ડીનેટર અમદાવાદના તા. ૩૧ મી માર્ચ ૨૦૦૨ના ફેકસ મેસેજ
(૩) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર-૧૯૯૩

હુકમ

નંબર સપ/કસન/વ/૭૯૭ થી ૮૧૨/૨૦૦૨.—આમુખ-૧માં જણાવેલ હુકમથી પાટણ જિલ્લાના જુદા-જુદા કેન્દ્ર ગ્રાટે કેરોસીન એજન્ટ/જથ્થાબંધ વિક્રેતા તેમજ છુટક વિક્રેતાઓના સિધ્ધપુર (સુજાણપુર) ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના વેચાણ ભાવ ઠરાવવામાં આવેલ છે. ઉપરાંત રાજય સરકારના ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩માં તારીખ ૩૦મી એપ્રિલ ૨૦૦૧ના રોજથી નગરપાલિકા વિસ્તારમાંથી ઓકટ્રોય વસૂલાત તારીખ ૧લી મે ૨૦૦૧થી સંપૂર્ણ રદ થતાં અત્રેથી જિલ્લામા રાધનપુર, હારીજ, ચાણસ્મા, પાટણ અને સિધ્ધપુર નગરપાલિકા વિસ્તારમાં આમુખ (૧)માં જણાવેલ હુકમની શરત નં. ૮ મુજબ નવેસરથી વિતરણ ભાવ જકાત બાદ કરી તા. ૧લી મે ૨૦૦૧થી અમલી બનાવેલ છે.

આમુખ-૨માં જણાવેલ પત્રથી સિધ્ધપુર (સુજાણપુર) ડેપોના કેરોસીનના પ્રતિ કિ. લી. ના ભાવ રૂા. ૮૨૨૮/૯૬ નક્કી થઈ આવેલ છે.

સબબ, આમુખ-૩ની મળેલ સત્તાની રૂએ હું હિમાંશુ શેઠ (જી.એ.એસ.) કલેકટર, પાટણ, કેરોસીનના કેન્દ્રવાર વેચાણ ભાવ આ હુકમથી નીચે મુજબ ઠરાવું છું.

અનુ. નં.	કેન્દ્રનું નામ	કેરોસીન એજન્ટ જથ્થાબંધ વિક્રેતાને ૧૦૦૦લી. વેચાણ આપવાનો ભાવ રૂા. પૈસા.	જથ્થાબંધ વિક્રેતાઓએ રીટેઈલર / ફેરીયાને ૧૦૦૦ લી. વેચાણ આપવાનો ભાવ રૂા. પૈસા.	રીટેઈલર / ફેરીયાઓએ ગ્રાહકને ૧લીટર વેચાણ આપવાનો ભાવ રૂા. પૈસા.
૧	૨	૩	૪	૫
૧	પાટણ ...	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૮.૭૫
૨	કમલીવાડા ...	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૮.૭૫
૩	ભાટસણ ...	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૮.૭૫
૪	જંગરાલ ...	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૮.૭૫
૫	સિધ્ધપુર ...	૮,૫૮૨.૨૬	૮,૫૮૨.૨૬	૮.૭૫
૬	કકોશી ...	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૮.૭૫
૭	હારીજ ...	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૮.૭૫
૮	સમી ...	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૮.૭૫
૯	શંખેશ્વર ...	૮,૬૫૧.૪૨	૮,૬૫૧.૪૨	૮.૮૦
૧૦	ચાણસ્મા ...	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૮.૭૫
૧૧	બાલીસણા ...	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૮.૭૫
૧૨	ખળી ચાર રસ્તા ...	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૮.૭૫
૧૩	રાધનપુર ...	૮,૬૪૯.૩૪	૮.૬૪૯.૩૪	૮.૮૦

INDEX

શરતો :—

(૧) જે વિક્રેતાઓ સ્ટોરેજ ટેન્કની સુવિધાઓ ધરાવતા નથી તેમની પાસેથી ઓઈલ કું. ઈલાયદા રીતે રૂા. ૪૩-૦૦ અંકે રૂપિયા તેતાલીસ પુરા કિ.લી દીઠ વસુલ કરશે.

(૨) જ્યારે કેરોસીન એજન્ટ. જથ્થાબંધ વિક્રેતાને વેચાણ કરશે ત્યારે કેરોસીન એજન્ટને જથ્થાબંધ વિક્રેતા પાસેથી કીલો દીઠ ૪૦.૩૦ પૈસા ભાવ ઓછા લેવાના રહેશે.

(૩) સેન્ટરથી ૫ કિમીથી વધુ દુરના સ્થળ માટે ૧લી. ૦-૦૫ પૈસા પ્રમાણે વધુ ભાવ ગણવાનો રહેશે.

(૪) ઉપરના ભાવ તમામ સ્ટેજે આવતા કપીશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) ઉપર મુજબ બાંધેલ ભાવથી વધુ ભાવ એજન્ટ. જથ્થાબંધ વિક્રેતા કે છુટક વિક્રેતા, ફેરીયા લઈ શકશે નહીં.

(૬) ઉપરના ભાવ સિધ્ધપુર (સુજનપુર) ઈન્સ્ટોલેશન પોઈન્ટ પરથી સપ્લાય થતા કેરોસીનના જથ્થાને લાગુ પડશે.

(૭) ઉપરના ભાવમાં સેલ્સટેક્ષ, સરચાર્જ મજરે આપવામાં આવેલ છે.

(૮) આ ભાવ જાહેર થયા બાદ આગાઉના ભાવ અમલમાં રહેશે નહી.

(૯) કેરોસીન વેચાણ કરતા એજન્ટ / જથ્થાબંધ વિક્રેતા / છૂટક વિક્રેતાઓએ પોતાની દુકાનના પ્રવેશ દ્વાર આગળ ભાવ-જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૧૦) ફેરીયાઓએ પોતાની લારી ઉપર છુટક વેચાણ પ્રદર્શીત કરવાનો રહેછે.

(૧૧) આ હુકમનો અમલ તારીખ ૧લી માર્ચ ૨૦૦૨ થી કરવાનો રહેશે.

ઓ.નં.	સેન્ટરનું નામ	૧કિ.લી. સિધ્ધપુર (સુજાણપુર) ડેપોના ભાવ	સુજાણપુર ડેપો સુધીનું અંતર	ઠરાવેલ ઘેારણે ભાડું લઘુત્તમ ૦ થી ૧૦કિ.મિ.રૂા. ૧૪૩/- ૧ થી ૮૫ કિ.મિ. રૂા. ૧૭૧-૬૦ ૮૫ ઉપર કિ.મી.મિ.દીઠ રૂા. ૧-૦૪	ડીલરનું નામ કમીશન	એકસ્ટ્રા ઓર્ડીનરી ચાર્જ	જથ્થાબંધને વેચાણ કરવાનેા ભાવ	જથ્થાબંધ વિકેતાઓ રીટેઈલરોને વેચાણ કરવાનેા ભાવ	રીટેઈલરનું કમીશન તથા વધારાનું ખર્ચ	૧૦૦૦લીટર ગ્રાહકોને વેચાણ કરવાનેા ભાવ	૧લીટર વેચાણ કરવાનેા ભાવ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧	પાટણ	૮,૨૨૮.૯૬	૩૭	૧૭૧.૬૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૧૪૭.૦૦	૮,૭૫૭.૮૬	૮.૭૫
૨	કમલીવાડા	૮,૨૨૮.૯૬	૩૦	૧૭૧.૬૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૧૪૭.૦૦	૮,૭૫૭.૮૬	૮.૭૫
૩	ભાટસણ	૮,૨૨૮.૯૬	૪૦	૧૭૧.૬૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૧૪૭.૦૦	૮,૭૫૭.૮૬	૮.૭૫
૪	જંગરાલ	૮,૨૨૮.૯૬	૩૩	૧૭૧.૬૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૧૪૭.૦૦	૮,૭૫૭.૮૬	૮.૭૫
૫	સિધ્ધપુર	૮,૨૨૮.૯૬	૪	૧૪૩.૦૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૫૮૨.૨૬	૮,૫૮૨.૨૬	૧૪૭.૦૦	૮,૭૨૯.૨૬	૮.૭૫
૬	કાકોશી	૮,૨૨૮.૯૬	૧૩	૧૭૧.૬૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૧૪૭.૦૦	૮,૭૫૭.૮૬	૮.૭૫
૭	હારીજ	૮,૨૨૮.૯૬	૬૫	૧૭૧.૬૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૧૪૭.૦૦	૮,૭૫૭.૮૬	૮.૭૫
૮	સમી	૮,૨૨૮.૯૬	૮૦	૧૭૧.૬૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૧૪૭.૦૦	૮,૭૫૭.૮૬	૮.૭૫
૯	શંખેશ્વર	૮,૨૨૮.૯૬	૧૦૨	૨૧૨.૧૬	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૫૧.૪૨	૮,૬૫૧.૪૨	૧૪૭.૦૦	૮,૭૯૮.૪૨	૮.૮૦
૧૦	ચાણસ્મા	૮,૨૨૮.૯૬	૫૫	૧૭૧.૬૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૧૪૭.૦૦	૮,૭૫૭.૮૬	૮.૭૫
૧૧	બાલીસણા	૮,૨૨૮.૯૬	૪૨	૧૭૧.૬૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૧૪૭.૦૦	૮,૭૫૭.૮૬	૮.૭૫
૧૨	ખળી ચાર રસ્તા	૮,૨૨૮.૯૬	૧૧	૧૭૧.૬૦	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૧૦.૮૬	૮,૬૧૦.૮૬	૧૪૭.૦૦	૮,૭૫૭.૮૬	૮.૮૦
૧૩	રાધનપુર	૮,૨૨૮.૯૬	૧૦૧	૨૧૦.૦૮	૧૭૦.૦૦	૪૦.૩૦	૮,૬૪૯.૩૪	૮,૬૪૯.૩૫	૧૪૭.૦૦	૮,૭૯૬.૩૪	૮.૭૫

ઉપર્યુકત દર્શાવેલ ભાવ કરતાં વધુ ભાવ લેનાર સામે આચીવ ધારા-૧૯૫૫ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે.

પાટણ, તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૨.

હિમાંશુ શેઠ,
કલેકટર, પાટણ.

સબ--ડિવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

સુધારા હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ--૧૪૪ અન્વયે કરેલ હુકમ નં. પી.ઓ.એલ. / વશી / ૩૧૫૪--૫૭, તારીખ ૧લી માર્ચ, ૨૦૦૨ના સંદર્ભ.

નંબર પી.ઓ.એલ. / વશી.— ઉપર જણાવેલ હુકમથી ખેડા નગર પાલિકા વિસ્તારમાં (વિઠ્ઠલપુરા તથા ખેડા કેમ્પ વિસ્તાર સિવાય) તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે-ક્રોક્સ મુદતની સંચારબંધી જાહેર કરેલી છે. તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે સંચાર બંધી અમલમાં છુટછાંટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

જેથી, હું બી. એ. શાહ, (જી. એ. એસ.), સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ખેડા, આ ઉપરથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ હુકમ નં. પી.ઓ.એલ. / વશી / ૩૧૫૪--૫૭, તારીખ ૧ લી માર્ચ, ૨૦૦૨ થી બીજો હુકમ થતાં સુધી ખેડા શહેરમાં અમલમાં છે. તે વિસ્તાર આ હુકમથી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૨ના કલાક ૦૫--૦૦ થી ૨૪--૦૦ સુધીના સમય--દરમિયાન સંચારબંધીના અમલમાં છુટછાંટ આપવા ફરમાવું છું.

આજ તારીખ ૧૬ મી માર્ચ, ૨૦૦૨, ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સુધારા હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ--૧૪૪ અન્વયે કરેલ હુકમ નં. પી.ઓ.એલ. / વશી / ૩૧૫૪--૫૭, તારીખ ૧લી માર્ચ, ૨૦૦૨ના સંદર્ભ.

નંબર પી.ઓ.એલ. / વશી.— ઉપર જણાવેલ હુકમથી ખેડા નગર પાલિકા વિસ્તારમાં (વિઠ્ઠલપુરા તથા ખેડા કેમ્પ વસ્તાર સિવાય) તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે ક્રોક્સ મુદતની સંચારબંધી જાહેર કરેલી છે. તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે સંચાર બંધી અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

જેથી, હું, બી. એ. શાહ, (જી. એ. એસ.), સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ખેડા, આ ઉપરથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ હુકમ નં. પી.ઓ.એલ. / વશી / ૩૧૫૪--૫૭, તારીખ ૧ લી માર્ચ, ૨૦૦૨ થી બીજો હુકમ થતાં સુધી ખેડા શહેરમાં અમલમાં છે. તે વિસ્તાર આ હુકમથી તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૨ના કલાક ૦૫--૦૦ થી ૨૪.૦૦ સુધીના સમય દરમિયાન સંચારબંધીના અમલમાં છુટછાટ આપવા ફરમાવું છું.

આજ તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સુધારા હુકમ

ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ નં. પીઓએલ-વશી-૩૧૫૪-૫૭ તા. ૧લી માર્ચ ૨૦૦૨ ના સંદર્ભ.

નં. પીઓએલ-વશી.—ઉપર જણાવેલ હુકમથી ખેડા નગર પાલિકા વિસ્તારમાં (વિઠ્ઠલપુરા તથા ખેડા કેમ્પ વિસ્તાર સિવાય) તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે ક્રોક્સ મુદતની સંચારબંધી જાહેર કરેલી છે. તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે સંચાર બંધી અમલમાં છુટછાટ મુકવાનું મને ઈષ્ટ જણાય છે.

શ્રી ઉમિયા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. સુરપુરા, તા. ઊંઝા, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નંબર ૮૦૨૭, તા. ૧૬–૪–૯૧થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) ના ખંડ (ક) (ગ (૨) (૪) અન્વયે આથી ફડચામા લઇ જવાનાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. આરોટ સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુક કરવામા આવે છે.

નોંધ :–ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખથી ૧ માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૬–૫–૨૦૦૨.

વંચાણે લીધા :–

(૧) શ્રી એસ. જે. પટેલ, સભ્ય–ઓડીટર, સ. મં. ખેરાલુના પત્ર ક્રમાંક આઘુ/૦૧/૩૧૭/૨૦૦૨, તા. ૧૫–૧–૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૦/૨૦૦૨, તારીખ ૧૪–૨–૨૦૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૪૪૮/૨૦૦૨, તારીખ ૨૧–૩–૨૦૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૮૬૦/૨૦૦૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે ધી સમરાપુરા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી., મુ. સમરાપુરા, તા. સતલાસણા, જી. મહેસાણા., નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયા 'મંડળી' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૩૭૦૬, તા. ૧–૫–૯૫ છે.

ઉપરોકત આમુખ–૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૭–૨૦૦૦ થી તા. ૩૧–૩–૨૦૦૧ સુધીના સમયનું અન્વેષણ સભ્ય–ઓડીટર, સ. મં. ખેરાલુ ને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ. નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૦/૨૦૦૨, તા. ૧૪-૨-૦૨. થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૮ બાબતે મંડળીને રજુઆત કરવા માટે સુનાવણી રાખવામાં આવેલ હતી જેની જાણવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૪૪૮/૦૧, તા. ૨૧–૩–૦૨ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતો જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા ચાર વર્ષના ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ–૮૫ નો ભંગ થયેલ છે.

(૨) ઓડીટ સમયમાં સને ૧૯૯૮/૧૯૯૯ તથા ૨૦૦૦/૨૦૦૧ ના વર્ષમાં મંડળીની વા. સા. સભા મળેલ નથી જેથી, સહકારી કાયદાની કલમ–૭૭ નો ભંગ થવા પામેલ છે.

(૩) ઓડીટ સમયના બે વર્ષના ગાળામાં મંડળીની વ્ય. કમીટીની એકપણ બેઠક મળેલ નથી. તેમજ, વ્ય. કમિટી તરફથી મંડળીના પેટા નિયમ મુજબની કોઇ કાર્યવાહી થયેલ નથી.

(૪) ઓડીટ સમયના બે વર્ષના ગાળામાં મંડળીએ તેના પેટા નિયમના ઉદ્દેશો અનુસારની કોઈ પ્રવૃત્તિ કરેલ નથી,

(૫) સંસ્થાના કાર્યવાહકોને સંસ્થાના કામકાજ પરત્વે કોઈ રસ જણાયેલ નથી.

(૬) મંડળીનો છેલ્લા બે વર્ષથી ઓડીટ વર્ગ "ડ" છે.

(૭) મંડળી છેલ્લા ચાર વર્ષથી સ્થાગત અવસ્થામાં છે.

(૮) તા. ૧-૪-૦૧ થી છેવટ સુધીના હિસાબી પત્રકો તથા શેર બંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, રજુ કરેલ નથી,

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે,

વચગાળાનો આદેશ

શ્રી સમરાપુરા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી., મુ. સમરાપુરા, તા, સતલાસણા, જી. મહેસાણા ની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નંબર : ૩૭૦૬, તા, ૧–૫–'૯૫ થી નોંધવામાં આવેલ, તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ–૧૦૭ (૧) ના ખંડ (ક),(ગ) (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે, તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન પી, આરોટ સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે,

INDEX

નોંધ :—

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૬-૫-૨૦૦૨,

વંચાણે લીધા :-

(૧) શ્રી ઓડીટર ગ્રેડ-૧ (ટેસ્ટ) સહકારી મંડળીઓ (ન. જ.), મહેસાણાના પત્ર ક્રમાંક : અધણુ / ૦૧/ગ-૧/૨૬૦, તા. ૧૩-૨-૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૪૨૫/ ૨૦૦૨, તા. ૧૬-૩-૨૦૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૫૯૭/ ૨૦૦૨, તારીખ ૬-૪-૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ/૦૧/ખ/૮૬૧/૨૦૦૨.— ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી પુનાસણ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પુનાસણ, તા. જી. મહેસાણા., નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે,) સદર મંડળીને નોંધણી નં. ૨૦૦૪૮, તા. ૨૫-૫-૮૩ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૭-૦૦ થી તા. ૩૧-૩-૦૧ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ-૧ (ટેસ્ટ), સ. મં. (ન. જ.) મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણું રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૪૨૫/૨૦૦૨, તા. ૧૬-૩-૦૨થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી.

અત્રેની ફડચા સંબંધી કારણદર્શક નોટીસ મોડીક મુદતી સમયમાં ન મળવાથી અત્રે પરત મળેલ, જેથી યોગ્ય તકરૂપે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૫૯૭/૦૨, તા. ૬-૪-૦૨ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તક પુરી પાડવામાં આવેલ છે. છતાં સમય મર્યાદામાં કોઇ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળી તા. ૧-૭-૯૬ થી તા. ૩૧-૩-૦૧ના વર્ષ સુધી સ્થગિત અવસ્થામા છે. મંડળી તેના મુખ્ય ઉદ્દેશો મુજબ રાયડા પુલિંગની કામગીરી કરતી નથી.

(૨) મંડળીનો છેલ્લા ૬ વર્ષથી ઓડીટ વર્ગ "ડ" છે.

(૩) મંડળીએ કલમ-૮૫નો ભંગ કરી છેલ્લા ૬ વર્ષથી ઓડીટના ઓડીટ દુરસ્તી રીપોર્ટ સંબંધકર્તા ઓડીટરોને મોકલી આપેલ નથી.

(૪) સહકારી કાયદાની કલમ-૭૭ અન્વયે મંડળીએ વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી. તા. ૧-૭-૯૬ થી તા. ૩૦-૬-૯૭, તા. ૧-૭-૯૭ થી તા. ૩૦-૬-૯૮, તા. ૧-૭-૯૮ થી તા. ૩૦-૬-૯૯, તા. ૧-૭-૯૯ થી તા. ૩૦-૬-૨૦૦૦ અને તા. ૧-૭-૦૦ થી તા. ૩૧-૩-૦૧ સુધીમાં વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

(૫) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી વ્ય. કમીટીની સભા બોલાવેલ નથી.

(૬) મંડળીએ ઓડીટ વર્ષ ૯૬/૨૦૦૦ની ઓડીટ ફી રૂા. ૨૦૦ ભરેલ નથી.

(૭) તા. ૩૧-૩-૦૧ના સરવૈયે મુડી દેવા બાજુએ રાયડા પુલીંગ એડવાન્સ રૂા. ૪,૧૮,૦૮૮.૫૦ તે સામે સભાસદ રાયડા પુલિંગ એડવાન્સ લેણાં બાજુએ રૂા. ૪,૨૬,૬૨૦-૬૬ની બાકીઓ છે. જે તફાવત અંગે ખૂલાસો કરેલ નથી.

(૮) વર્ષ ૯૮/૬૬ની ઓડીટ ફી રૂા. ૨૦૦ તા. ૧૨-૬-૦૦ એ ભરાયેલ છે, જેનું ચલન મંડળીના દફ્તરે છે. તેની હિસાબી અસર આપેલ નથી. આમ, મંડળીનો રોજમેળ નિયમિત લખાતો નથી. અને કોઇ નાણાંકીય વ્યવહાર નથી.

(૯) તા. ૩૧-૩-૦૧ અંતિત નફો રૂા. ૨,૫૮૩-૧૦ ઘણા વર્ષોથી બેંચાય છે, પણ તેની ફાળવણી કરવામાં આવતી નથી.

(૧૦) તા. ૧-૪-૦૧ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

થી પુનાસણ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પુનાસણ, તા. જી. મહેસાણાની સહકારી મંડળી અધિનિયમ-

INDEX

૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધણી નં. ૨૦૦૪૮, તા. ૨૫–૫–૮૩ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)ના ખંડ (ક)(ગ)(૨)(૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે, તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોક્ત વચગાળાનો હુકમ સામે મંડળીએ કોઇ રજુઆત ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૬–૫–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) શ્રી પી.પી. પટેલ, ઓડીટર ગ્રેડ–૧, સહકારી મંડળીઓ, વિજાપુરના પત્ર ક્રમાંક અપણ /૦૧ / ૨૮ / ૨૦૦૨, તા. ૧–૨–૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૯/૦૨, તારીખ ૧૪–૨–૨૦૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) તા, ૭–૩–૨૦૦૨નો મંડળીનો પત્ર.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૪૫૨/૦૨, તા. ૨૧–૩–૦૨ થી સ્મૃતિપત્ર–૧.

(૫) અત્રેની કચેરીનો ઉખસ/ફડચ / ૦૧ / ખ / ૫૯૨/૨૦૦૨, તા. ૬–૪–૨૦૦૨ થી પાઠવેલ સ્મૃતિપત્ર. નં. ૨.

(૬) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ અન્વયે કલમ–૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૮૬૨/૨૦૦૨.–ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ અન્વયે ધી સહજાનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. મહેસાણા, જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે. સદર મંડળીનો નોંધણી નં. ૧૬૪૬/ ૧૯૬૭ છે.

ઉપરોકત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૭–૯૯ થી તારીખ ૩૧–૩–૨૦૦૧ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ–૧ સહકારી મંડળીઓ, વિજાપુરને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૯/૨૦૦૨, તા. ૧૪–૨–૨૦૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૬ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. પરંતુ, વિગત જણાવતાં અત્રેની કચેરીના પત્રાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૪૫૪/૨૦૦૨, તા. ૨૧–૩–૨૦૦૨, થી દિન–૭માં પૂર્તતા રજુ કરવા આમુખ–૪ થી સ્મૃતિપત્રથી જણાવેલ. જેમાં મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ ફડચ / ૦૧ / ખ / ૫૯૨, તા. ૬–૪–૦૨ થી સંસ્થાને ફરીથી સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા બાબતની તક પુરી પાડવામાં આવેલ છે. છતાં, પુરાવાઓ સહિત કોઈ રજુઆત કરેલ નથી.

ઉક્ત તમામ બાબતો જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીમાં તા. ૧–૭–૯૫ થી તા. ૩૦–૬–૯૮ અને તા. ૧–૭–૯૮ થી તા. ૩૦–૬–૯૯ સુધીના ઓડીટ મેમોની ખામીઓનો દુરસ્તી રિપોર્ટ મોકલેલ નથી. આમ, સહકારી કાયદાની કલમ–૮૫ નો અને પેટા કાયદાનો ભંગ કરેલ છે.

(૨) મંડળીના પેટા નિયમ મુજબ મેનેજીંગ કમીટી સભાઓ નિયામત મળવી જોઇએ. જે મળેલ નથી. તપાસણી સમયમાં મંડળીની મેનેજીંગ કમીટીની એકપણ સભા મળેલ નથી. જે બતાવે છે કે, મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

(૩) મંડળીનું હિસાબીવર્ષ પુરૂં થાય તે પછીના ૩ માસમાં મંડળીની વાર્ષિક સાધારણ સભા બોલાવવી જોઇએ. તપાસણી સમયમાં મંડળીની એકપણ વર્ષથી વા. સા. સભા મળેલ નથી. આમ, પેટા નિયમ મુજબ કમીટી તેમની ફરજ બજાવતી નથી. અને સહકારી કાયદાની કલમ–૭૭નો ભંગ કરેલ છે.

(૪) મંડળીના સભાસદો મંડળીમાં કોઇ વહીવટી ફાળો ભરતા નથી. આથી, મંડળીમાં તા. ૩૧–૩–૦૧ ના અંતે રૂા. ૨૪,૯૯૮.૨૫ ની ખોટ છે.

(૫) મંડળીમાં ૨૦ સભાસદો છે. અને તમામ સભાસદોના મકાન બાંધકામ પૂર્ણ થયેલ છે. મંડળીમાં સરકારશ્રીનું કે બેંકનું કોઇ દેવું નથી.

(૬) તારીખ ૧–૪–૨૦૦૧ થી છેવટ સુધીના હિસાબી પત્રકો તેમજ, શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજપર્યંત રજુ કરેલ નથી.

INDEX

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી સહજાનંદ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. મહેસાણા, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ૬૬૪૬/૧૯૬૭ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો અને ૧૯૬૧ની કલમ–૧૦૭ (૧) ના ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે આથી ફડચામા લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચા), મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવમાં આવે છે.

મહેસાણા, તા. ૧૬–૫–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૨૧–૩–૨૦૦૨, નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૪૬૯/૨૦૦૨ થી વચગાળાનો આદેશ.

(૨) મંડળીની સમય મર્યાદામાં ન થયેલ રજુઆત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ /૧૩૩૮૩ /ખ/૮૭૭ /૨૦૦૨.—શ્રી સિપોર તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સિપોર, તા વડનગર, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧થી તા. ૨૧–૩–૨૦૦૨, ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૪૬૯/ખ/૨૩૫/૨૦૦૨ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

૧૯૬૫ના ગુજરાત સહકારી મંડળીઓના નિયમોના નિયમ–૫૦ અન્વયે ફડચા અધિકારીશ્રીએ પોતાના હોદ્દાની મુદ્દત દરમ્યાન દર ત્રણ મહિના પુરા થયેથી તેમને મળેલી અને ચુકવેલી રકમનો નમુના નં. ઝ પ્રમાણે હિસાબ આ કચેરીને રજુ કરવાનો રહેશે.

ફડચા ફી બાબત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૬–૫–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) શ્રી બી. કે. ગૌસ્વામી, ઓડીટર ગ્રેડ–૨, સ. મં. મહેસાણા ના પત્ર ક્રમાંક અપણ/૦૧/૪૬/૦૨, તા. ૨૦–૨–૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૪૧૩/૨૦૦૨, તારીખ ૧૬–૩–૨૦૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ-૫૬૮/૨૦૦૨, તારીખ ૬–૪–૨૦૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે કલમ ૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૮૭૮/૨૦૦૨.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી તુલસીધામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. નાગલપુર, તા. જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીયાં 'મંડળી' તરીકે ઉલ્લેખ કરાયેલ છે). સદર મંડળીનો નોંધણી નં. ૬૬૧૨, તા. ૪–૪–૧૯૮૩ છે.

ઉપરોક્ત આમુખ–૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૭–૯૭ થી તા. ૩૧–૩–૦૧ સુધીના સમયનું અન્વેષણ ઓડીટ ગ્રેડ–૨, સ. મં., મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૪૧૩/૦૨, તા. ૧૬–૩–૨૦૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૭ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી, જેની બજવણી થયેલ છે, મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૬૮/૨૦૦૨, તા. ૬–૪–૨૦૦૨ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા

INDEX

વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં કોઇ રજુઆત થવામાં નથી.

ઉપરોકત તમામ બાબતો જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે,

(૧) મંડળીનું તા. ૧-૪-૯૨ પહેલાનું રેકર્ડ માજી મંત્રીશ્રીએ ચાલુ કાર્યવાહકોને સુપ્રત કરેલ નથી, જેથી હિસાબોની ખરાઇ પાછલા ઓડીટ મેમા ઉપરથી કરવામાં આવેલ છે, આમ, કાર્યવાહકોએ રેકર્ડ ચાર્જમાં લેવા અંગે પુરતી કાળજી લીધેલ નથી,

(૨) મંડળીના છેલ્લા ૧૦ વર્ષના ઓડીટ રીપોર્ટના દુરસ્તી રીપોર્ટ કરવામાં આવેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોએ કલમ ૮૫નો ભંગ કરેલ છે.

(૩) મંડળીના પેટાનિયમો અન્વયે મંડળીની વ્ય, કમીટી એ માસમાં એકવાર મળવી જોઇએ, તે તપાસથી મુદ્દતમાં એકપણ વાર મળેલ નથી, આમ, મંડળીની વ્ય, કમીટીને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી,

(૪) સહકારી કાયદાની કલમ ૭૭ અન્વયે મંડળીની વા, સા, સભા વર્ષ પુરૂં થયે, જણ માસમાં એકવાર મળવી જોઇએ, જે તપાસણી મુદ્દતમાં એકપણ વખત મળેલ નથી, આમ, કલમ ૭૭નો ભંગ કરી, મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી,

(૫) મંડળીએ મહેસાણા ડીસ્ટ્રીકટ બેંકની વચગાળાની લોન મેળવેલ, જે પૈકી મંડળીના દફતરે ભરાયેલ રકમના કોઇપણ જાતના વહેવારો નોંધવામાં આવેલ નથી. જેથી, મંડળીના દફતરે તા, ૩૧-૩-૦૧ની આખરી પરિસ્થિતિ જાણી શકાતી નથી અને હોદ્દેદારોએ ખાતા મેળવણી માટે કોઇ કાર્યવાહી કરેલ નથી,

(૬) મંડળીનું પાછલું તા, ૧-૭-૯૨નું રેકર્ડ નહીં મળીતાં, અગાઉની તારીખ ૧-૭-૯૨ થી તા, ૩૦-૬-૯૭નું ઓડીટ તે સમયની હિસાબી તારીજ દ્વારા કરવામાં આવેલ, આમ, ગત ઓડીટને અંતે તા. ૩૦-૭-૯૭ના રોજનું સરવૈયું વેરીફિકેશન થયેલ ન હોવાથી ચાલુ તપાસણી સમયમાં પણ તારીજ, નફા-નુકશાન બનાવેલ છે, જેથી, મંડળીની સાચી આર્થિક સ્થિતિ જાણી શકાતી નથી.

(૭) તા, ૧-૪-૦૧ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની યાદી તથા સરવૈયાની નકલ રજુ કરવા જણાવવા છતા, રજુ કરેલ નથી,

આમ ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી તુલસીધામ કો, ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. નાગલપુર, તા. જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ, નંબર ૧૦૬૧૨, તારીખ ૪-૪-૧૯૮૩ થી નોંધવામાં આવે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ (ક) (ગ) (૨)(૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૬-૫-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર-શ્રી ગ્રેડ-૧ સ. મંડળીઓ વિજાપુરના પત્ર ક્રમાક અપણ/ફડચ/૦૧/૨૭/૨૦૦૨ના તા. ૧-૨-૨૦૦૨થી રજુ. ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ / ૨૨૮/ ૨૦૦૨, તા. ૧૪-૨-૨૦૦૨ થી કારણ દર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીનો ૨૧-૩-૦૨નો ફડચાનો વચ. આદેશ ઉખસ/ફડચ/૦૧/ખ/૪૭૧/૨૦૦૨.

(૪) સંસ્થા ની તા. ૧૦-૪-૦૨ના અંશતઃ પુરાવાથી રજુઆત.

(૫) અત્રેની કચેરીનો સ્મૃતિપત્ર પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/ ૬૩૮/૨૦૦૨. તા. ૧૫-૪-૨૦૦૨થી સંસ્થાને જાણ.

(૬) સંસ્થાના તા. ૧૮-૪-૦૨ના પત્રથી મુદ્દત માંગણી પત્ર.

(૭) સંસ્થાની તા. ૨-૫-૨૦૦૨ના પત્ર અને પુરાવાઓથી ફડચામાં ન લઇ જવા રજુઆત દરખાસ્ત.

(૮) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ - ૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૮૭૬/૨૦૦૨.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇ આધિન ધી તુલસીશ્યામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. તા. મહેસાણાની સંસ્થા નોંધણી નંબર ૧૦૭૭૬, તા. ૭-૬-૮૬થી નોંધાયેલ છે.

ઉક્ત સંસ્થાના તા. ૧૦-૭-૯૮થી ૩૧-૩-૨૦૦૧ના સમયના અન્વેષણ દરમ્યાન જણાઇ આવેલ ખામીઓ અધિન આમુખ-(૧)ની વિગતો અને ફડચા કાર્યવાહી અંગે ઓડીટરશ્રી દ્વારા

INDEX

અહેવાલ થયેલ જે અહેવાલ આધીન આમુખ (૨)થી અત્રેથી કારણદર્શક નોટીસ પાઠવેલ. જેનો સમય મર્યાદામાં કોઇ પ્રત્યુત્તર ન થતાં આમુખ–(૩)ની વિગતે ફડચાનો વચગાળાનો આદેશ થયેલ, જેની સામે સંસ્થાએ તા. ૧૦–૪–૦૨ના પત્રથી અંશત: આધારો રજુ કરી સંસ્થાને ફડચામાં ન લઇ જવા રજુઆત કરેલ, જેની સામે આમુખ (૫)ના અત્રેના સ્મૃતિપત્રથી વાસ્તવિક પુર્તતા કરવા જણાવેલ. જેની સામે સંસ્થાએ આમુખ–(૬)ના મુદ્દત માંગણી પત્ર આધીન આમુખ–(૭)ની વિગતે પુરાવાઓ રજુ કરી લોકશાહી ઢબે તેનો વહીવટ સભાસદો કરે. તેવી વિનંતી કરેલ છે.

તારણ

શ્રી તુલસીશ્યામ કો, ઓપ. હાઉસીંગ સોસાયટી લી, મુ, તા. મહેસાણા, એ આમુખ–(૩)ના ફડચાના વચગાળાના આદેશ સામે આમુખ (૪) અને (૭)થી ફડચામાં જવા અંગેના કારણો સામે ખાડી દુરસ્તી સંલગ્ન ઓડીટરશ્રીને મોકલી આપી અને નકલ રજુ કરેલ છે. ટ્રાન્સફર ફી અંગેના પ્રશ્નની વિગતમાં અગાઉનો ઠરાવ રદ કરી મુળ સ્થીતીનો અમલ કરેલ છે. વ્યવસ્થાપક કમીટી નિયમીત મળવાની ખાત્રી તેમજ તા. ૩૦–૬–૨૦૦૧ અને તા. ૫–૪–૦૨ની વાર્ષિક સાધારણ સભાની કામગીરી વિગત રજુ કરી વા, સાધારણ સભામાં સંસ્થાને ફડચામાં ન લઇ જવા અંગે ઠરાવ કરી બાકીઓની પુર્તતાની સ્પષ્ટતા ઠરાવમાં રજુ કરેલ છે. સભાસદોની યાદી તેમજ ૧–૭–૯૮ થી ૩૧–૩–૨૦૦૧ સુધીના વર્ષવાર હિસાબી પત્રકો રજુ. કરેલ છે, નિયમીત રોજમેળ કામગીરી અંગે ખાત્રી રજુ કરેલ છે, તેમજ સંસ્થાને ફડચામાં ન લઇ જતાં લોકશાહી ઢબે તેનો વહીવટ સંસ્થાના સભાસદો કરે તેવી ન્યાયીક માગણી કરેલ છે, જે તમામ વિગતો ધ્યાને લઇ આમુખ (૮)થી જોગવાઇ આધીન નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કે. પી. ત્રિવેદી, ઇ. ચા. જીલ્લા રજીસ્ટ્રાર, સ, મં. મહેસાણા, સહકારી કાયદો ૧૯૬૧ની કલમ–૧૦૭ની જોગવાઇ આધીન ઉપરોક્ત પ્રસ્તાવના અને તારણ આધીન સંસ્થાની તા. ૧૦–૪–૦૨, ૧૮–૪–૦૨, અને ૨–૫–૦૨નો પત્ર, આધાર, સા. સભા ઠરાવ, ખુલાસા, ખાત્રી આદીના શ્રી તુલસીશ્યામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી, મુ. તા, જી, મહેસાણા, નોંધણી નંબર ૧૧૭૭૬, તા. ૭–૩–૮૬ને અત્રેથી આપવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ /૪૭૧/ ૨૦૦૨. તા, ૨૧–૩–૦૨, સંસ્થાએ રજુ. કરેલ સ્પષ્ટતાની વિગતોએ વાસ્તવિક પાલન કરવાની શરતે પરત ખેંચી ફડચા કાર્યવાહી બંધનો હુકમ કરું છું.

મહેસાણા, તા. ૧૬–૫–૨૦૦૨.

વંચાણે લીધા :–

(૧) શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત મહેસાણાના પત્ર ક્રમાંક જીપમ / સહક/૨૧૧૦/ ૨૦૦૧, તા. ૧૯–૧૧–૨૦૦૧ રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્રાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૪૧૧/૨૦૦૧, તા. ૧૦–૧૨–૨૦૦૧ થી કારણ દર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૧/ ૨૦૦૨, તારીખ ૧૪–૨–૨૦૦૨થી સ્મૃતિપત્ર.

(૪) મંડળીની તા. ૧૬–૨–૨૦૦૨ની પુરાવાઓ /આધાર વગરની રજુઆત.

(૫) અત્રેના તા. ૧૬–૩–૨૦૦૨થી સ્મૃતિપત્ર.

(૬) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ની જોગવાઇઓ,

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ખ / ૮૮૨ / ૨૦૦૨.– ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે થી ઉનાવા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ, ઉનાવા, તા, ઊંઝા, જી, મહેસાણા, નોંધાયેલ સહકારી સંસ્થા છે, (જેનો હવે પછી અહીયાં 'મંડળી' તરીકે ઉલ્લેખ કરાયેલ છે, સદર મંડળીનો નોંધણી નં, ૧૫૦૪૩, તા, ૧૬–૧૨–૧૯૧૨ છે,

ઉપરોક્ત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળી-ની તા. ૧૨–૧૧–૨૦૦૧ના રોજ શ્રી મદદનીશ જીલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, મહેસાણાની મુલાકાત આધીન સદર મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો અહેવાલ અત્રે રજુ થતાં તેઓના અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાક ઉખસ/ફડચ / ૦૧ / ખ / ૧૪૧૧/૨૦૦૧, તા. ૧૦–૧૨–૨૦૦૧થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી,

જેમાં મુદ્દા નં, ૧ થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે, મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ, તેમજ, જવાબ પાઠવવા મુદત માગણી કરતા, અત્રેથી તા. ૧૭–૧–૨૦૦૨ની મુદત આપવામાં આવેલ. જે મુદતે સંસ્થા તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેથી આમુખ–૩ની વિગતે સ્મૃતિપત્ર પાઠવેલ. જે સ્મૃતિપત્ર આધીન સંસ્થાએ અત્રે તા.૧૬-૨-૨૦૦૨ના રોજ રજુઆત કરેલ, જે રજુઆતમાં અત્રેની ફડચાની કારણદર્શક નોટીસના મુદ્દાઓ અંગે વાસ્તવિક આધાર/ પુરાવાઓ સહની કોઇ રજુઆત થયેલ નથી. અને કાયદાની મર્યાદામાં સમય મર્યાદા પુર્ણ થયેલ છે.

જેથી, મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ખ / ૪૨૯/૨૦૦૨, તા. ૧૬–૩–૨૦૦૨થી સંસ્થાને બીજો સ્મૃતિપત્ર પાઠવ્યો,

INDEX

અનેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે: છતાં, પુરાવાઓ/વાસ્તવિક પૂર્તતા કરેલ નથી,

ઉપરોકત તમામ બાબતો જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફરજ્યામાં લઈ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) સંસ્થાનું તા. ૧-૪-૨૦૦૦ થી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીનું ઓડીટ તારીખ ૧૮-૧૦-૨૦૦૧ના રોજ થયેલ છે, જેના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી સંસ્થાએ કરેલ નથી,

(૨) સંસ્થાનો છેલ્લા પાંચ વર્ષનો ઓડીટ વર્ગ 'ક' છે.

(૩) સંસ્થા ફકત રેશનીંગની કામગીરી કરે છે, તેના મુળ ઉદ્દેશો મુજબ ધિરાણ પ્રવૃત્તિ કે ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓનો વેપાર કરતી નથી. સંસ્થાની આવક કરતાં ખર્ચ વધારે છે, જેથી તારીખ ૩૧-૩-૨૦૦૧ના અંતે ૨૦૦૦/૨૦૦૧ના વર્ષના રૂા. ૨૦,૮૧૬,૨૩ ની ખોટ કરેલ છે. અને આજ રીતે વહીવટ ચાલતો રહે તો, દર વર્ષે ખોટ વધતી જાય.

(૪) સંસ્થાની જુની ખોટ રૂા. ૩,૧૭,૯૦૩.૧૪ છે. અને નવી ખોટ રૂપિયા ૨૦,૮૧૬,૨૩ ઉમેરાતા, કુલ રૂા. ૩,૮૮,૭૧૯/૩૭ની ખોટ થયેલી છે, સંસ્થા મોટી ખોટમાં છે. અને આર્થિક રીતે અર્થક્ષમ બની શકે તેમ નથી,

(૫) સંસ્થાના મંત્રી મુનુસભાઈ સત્તારભાઇ બાંચીએ રાજીનામું આપેલ છે. અને સંસ્થામાં કોઇ મંત્રી નથી. જેથી મંત્રી વગર સંસ્થા ચાલુ થઇ શકે તેવી શકયતા જણાતી નથી.

(૬) સહકારી કાયદાની કલમ-૬૪(બી) મુજબ તમામ સહકારી સંસ્થાઓની વ્યવસ્થાપક કમીટીમાં એક અનુસૂચિત જાતિના સભ્યનો સમાવેશ કરવાનું ફરજિયાત છે જેનો અમલ સંસ્થાએ આજદિન સુધી કરેલ નથી. આમ, સંસ્થાએ સહકારી કાયદાનો ભંગ કરેલ છે.

(૭) સંસ્થાનું તા. ૧-૭-૨૦૦૦ થી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીનું ડીસ્ટ્રીકટ એ'ડ તરફથી તા. ૩૧-૫-૨૦૦૧ના રોજ ઇન્સ્પેકશન થયેલ છે. જેની ખામીઓની આજ દિન સુધી દુરસ્તી થયેલ નથી કે, દુરસ્તી રીપોર્ટ પણ મોકલેલ નથી.

(૮) સંસ્થાનું ઓવર ડયુ બાકી રૂા. ૬૬,૨૮૫.૬૦નું ૧૭ સભ્યો પાસે બાકી પડે છે. જે વસુલ આવતું નથી. અને સંસ્થાના હોદ્દેદારોએ વસુલાત માટે કોઇ ગંભીર પ્રયત્નો કરેલ નથી.

(૯) સંસ્થાની બેંક લોન રૂા. ૨,૬૪,૯૬૫/-બાકી પડે છે. જે પરત ચુકવવા માટે સંસ્થા પાસે કોઇ નાણાંકીય જોગવાઇ નથી. સંસ્થા ખોટમાં છે. ખોટ વધતી જાય છે. એવા સંજોગોમા બેંક લોન પરત ચુકવી શકાય તેવી સંસ્થાની સ્થિતિ જણાતી નથી

(૧૦) બે'ક ઇન્સ્પેકશન મેમો (૧-૭-૨૦૦૦ થી તા. ૩૧-૩-૦૧)ની ખામી નં. ૯મા સંસ્થાને કાર્યક્ષમ બનાવવા ઘટતું કરવું. નહી તો સંસ્થાને ફરજ્યામાં લઇ જવા કાર્યવાહી હાથ ધરવા સુચન કરેલ છે.

(૧૧) તા. ૧-૪-૨૦૦૧થી છેવટ સુધીના હિસાબી પત્રકો શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફરજ્યાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ઉનાવા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. ઉનાવા, તા. ઊંઝા, મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ૧૫૦૪૩, તા. ૧૬-૧૨-૧૯૧૨ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) ના ખંડ (ક)(ગ) (૨) (૪) અન્વયે ફરજ્યા અધિકારી તરીકે શ્રી એન. પી. પારોટ, સહકારી અધિકારી (ફરજો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી ૧ માસની મુદ્દતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.
મહેસાણા, તા. ૧૮-૫-૨૦૦૨.

નં. ઉખસ/નધણ/સે-દુ-૩૩૨૨૩/ખ/૮૬૬/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી દેલપુરા (ખાંટ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ દેલપુરા, (ખાંટ) તાલુકો બેચરાજી, જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૪-૫-૨૦૦૨.

INDEX

નં. ઉખસ/નધણ/સે-૩૩૨૨૪/ખ/૯૦૦ / સને ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી જલારામ કો. ઓપ. ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ સોસાયટી લી. મહેસાણા મર્યાદીત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૪–૫–૨૦૦૨.

—

નં. ઉખસ/નધણ/ધ-૧૮૫૯૫/મ-૯૨૨/સને ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી સંકલ્પ કો. ઓ. હાઉસિંગ સોસાયટી લી. કડી. મર્યાદીત સ્થળ કડી, તાલુકો કડી, જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૯–૫–૨૦૦૨.

કે. પી. ત્રિવેદી,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, મહેસાણા.

—

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

રાજપત્ર - ભાગ ૪ ક્રં. ૩૨

REGISTERED No. G—SA-14-9

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, AUGUST 8, 2002 / SRAVANA 17, 1924 [No. 32

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette.	1022-1058
Part-IA	Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	32
Part I-B-Government Notifications published under Land Acquisition Act only.		343—366
Part-I-L-Notifications, Orders and Awards (other than those published in Parts-I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.		15925—

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

અધિક પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ મું'બઇ પોલીસ અધિનિયમ કલમ–૩૭ (૪) મુજબ.

નં. ઉ/ગપક/પો. હેડકવાટર/ફા. પ્રે./૬૮૨૫૫/૨૦૦૨.—સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉમરા ગામ નજીક ફાયરીંગ બટ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૯ની વચ્ચે આવેલ જમીન ઉપર તા. ૧–૭–૦૨ થી તા. ૩૧–૮–૨૦૦૨ સુધી દિન ૬૦ સુધી પોલીસ હેડ કવાટર ખાતે ૬ (છ) ગુજરાત ગર્લ્સ બટાલીયન એન. સી. સી સુરતનાઓ ફાયરીંગ ટેસ્ટ કરનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ની મું'બઇ અધિનિયમની કલમ ૩૭(૪) પ્રતિબંધી હુકમ પ્રસિદ્ધ કરવો જરૂરી છે.

INDEX

આથી હું અધિક પોલીસ કમિશનરશ્રી, (વહીવટ) સુરત શહેર હુકમ નં. એમ. સી. બી.-૧/૧૯૮૮/૨૯૦૬૫, તા. ૧૪-૧૧-૮૮ મુજબ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ ૩૭ (૪) મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત જીલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉમરા ગામની નજીક આવેલ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ની વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર તા. ૧-૭-૦૨થી તા. ૩૧-૮-૦૨ દિન ૬૦ સુધી ૬ (૭) ગલ્ર્સ બટાલીયન એન. સી. સી. સુરતનાઓએ ૨૨ રાયફલ્સનું ફાયરીંગ રાખેલ હોવાથી આજુ-બાજુનાં રહીશો તથા બહરના કોઇપણ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત તારીખો દરમ્યાન સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના કલાક ૧૬-૦૦ સુધી આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહી તેમજ તે હદમાં આવેલ તપી નદીનાં વિસ્તારમાં હોડી ફેરવવી નહી કે માછલા પકડવા નહી તેમજ હોડી ઉભી રાખવી નહિ.

આ હુકમનો ભંગ કરનાર ઇસમો ઇપીકો ક. ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨-૭-૨૦૦૨ને મારા સહી સિક્કા કરી આપેલ છે.

મીરા રામનિવાસ,
અધિક પોલીસ કમિશનર,
(વહીવટ) સુરત શહેર.

BY DISTRICT & SESSIONS JUDGE

Notification

No. ADM/1/732 of 2002.— During the Summer Vacation of six weeks from 29-4-2002 to 9-6-2002 (both days inclusive) in the Judicial District of Valsad, the following Civil Judges and Judicial Magistrates were prevented from enjoying vacation and allowed to enjoy the Summer Vacation for the period shown against their names as per Column No. 3 and 4 respectively, as per the provisions of Rule 741 *read* with Rule 743 of the Bombay Civil Services Rules.

Sr. No.	Name of Civil Judge and Judicial Magistrate	Period for which prevented from enjoying vacation	Period for which allowed to enjoy vacation	Remarks
1	2	3	4	5
1.	Mr. M. M. Soni, Civil Judge (S. D.) Navsari.	6-5-2002 to 9-5-2002 (4 days)	29-4-2002 to 5-5-2002 (7 days)	Transferred as 4th extra Assistant Judge, Bharuch. w.e.f. 10-5-2002
2.	Mr. A. G. Vasa, Chief Judicial Magistrate, Valsad, at Navsari.	29-4-2002 to 14-5-2002 23-5-2002 to 24-5-2002 (18 days)	15-5-2002 to 22-5-2002 25-5-2002 to 9-6-2002 (24 days)	—
3	Mr. D. Y. Malik, 2nd Joint Civil Judge, (S. D.) & J.M.F.C., Navsari.	29-4-2002 to 7-5-2002 22-5-2002 to 9-6-2002 (28 days)	8-5-2002 to 21-5-2002 (14 days)	—

INDEX

1	2	3	4	5
4.	Mr. P. M. Atodaria, Civil Judge, (S. D.) & Additional Chief Judicial Magistrate, Valsad.	29-4-2002 to 5-5-2002 27-5-2002 to 9-6-2002 (21 days)	6-5-2002 to 26-5-2002 (21 days)	—
5.	Mr. M. I. Pathan, Joint Civil Judge, (J. D.) & J.M.F.C., Navsari.	4-5-2002 to 15-5-2002 24-5-2002 to 4-6-2002 6-6-2002 to 9-6-2002 (28 days)	29-4-2002 to 3-5-2002 16-5-2002 to 23-5-2002 5-6-2002 (14 days)	—
6.	Miss. M. S. Raval, 2 nd Joint Civil Judge, (J. D.) & J.M.F.C., Navsari.	29-4-2002 to 23-5-2002 7-6-2002 to 9-6-2002 (28 days)	24-5-2002 to 6-6-2002 (14 days)	—
7.	Mr. D. P. Mahida, Civil Judge (J. D.), & J.M.F.C., Chikhli.	29-4-2002 to 2-5-2002 10-5-2002 to 5-6-2002 (31 days)	3-5-2002 to 9-5-2002 6-6-2002 to 9-6-2002 (11 days)	—
8.	Mr. N. T. Joshi, Joint Civil Judge (S. D.) & J.M.F.C., Valsad.	29-4-2002 to 6-5-2002 (8 days)	7-5-2002 & 8-5-2002 (2 days)	Promoted and Posted as 2nd Extra Assistant Judge, Valsad at Navsari. w. e. f. 9-5-02.
9.	Mr. S. M. Mehta, Joint Civil Judge (J. D.) & J.M.F.C., Valsad.	29-4-2002 to 27-5-2002 (29 days)	28-5-2002 to 9-6-2002 (13 days)	Posted as 2nd Joint Civil Judge (J. D.) & J.M.F.C., Valsad. w. e. f. 10-6-02.
10.	Mr. R. G. Devdhara, Joint Civil Judge (J. D.) & J.M.F.C., Pardi.	29-4-2002 to 18-5-2002 24-5-2002 to 31-5-2002 (28 days)	19-5-2002 to 23-5-2002 1-6-2002 to 9-6-2002 (14 days)	Transferred as J.M.F.C., (Railway) Viramgam.

INDEX

1	2	3	4	5
11.	Mr. K. M. Dave Civil Judge (J. D.) & J.M.F.C., Umbergaon.	29-4-2002 to 10-5-2002 (12 days)	11-5-2002 to 9-6-2002 (30 days)	—
12.	Mr. M. M. Gandhi, Civil Judge (J. D.) & J.M.F.C., Pardi.	29-4-2002 to 26-5-2002 (28 days)	27-5-2002 to 9-6-2002 (14 days)	Transferred as Civil Judge (J.D.), Mansa.
13.	Mr. A. G. Raval, Civil Judge (S. D.) & J.M.F.C., Gandevi.	27-5-2002 to 9-6-2002 (14 days)	29-4-2002 to 26-5-2002 (28 days)	—
14.	Mr. P. S. Kala, Joint Civil Judge (J. D.) & J.M.F.C., Gandevi.	29-4-2002 to 18-5-2002 2-6-2002 to 9-6-2002 (28 days)	19-5-2002 to 1-6-2002 (14 days)	—
15.	Mr. J. R. Padvi, Civil Judge (J. D.) & J.M.F.C., Vansda-Ahwa.	29-4-2002 to 4-5-2002 10-5-2002 to 29-5-2002 1-6-2002 (27 days)	5-5-2002 to 9-5-2002 30-5-2002 to 31-5-2002 2-6-2002 to 9-6-2002 (15 days)	Transferred as Civil Judge (J. D.) & J.M. F.C., Sankheda.
16.	Mr. R. U. Multani, Civil Judge (J. D.) & J.M.F.C., Dharampur.	29-4-2002 to 10-5-2002 1-6-2002 to 9-6-2002 (21 days)	11-5-2002 to 31-5-2002 (21 days)	—

Navsari, 18th June, 2002.

R. P. Dholaria,
District Judge,
Valsad, at Navsari.

ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ દ્વારા

અધિસુચના

ક્રમાંક : વહીવટી : ૧/૭૩૨ સને ૨૦૦૨.–વલસાડ જીલ્લા ન્યાયધીશીમાં તારીખ ૨૯–૪–૨૦૦૨ થી ૦૯–૦૬–૨૦૦૨ (બન્ને દિવસો સહિત) ના છ અઠવાડીયાના ઉનાળુ વેકેશન દરમ્યાન નીચે મુજબના સિવિલ જજીસ અને જયુડીશીયલ મેજિસ્ટ્રેટોને મુંબઈ સેવા મુલ્કી નિયમોના નિયમ ૭૪૧ સાથે વાંચતા ૭૪૩ અન્વયે કોલમ નંબર ૩ માં દર્શાવ્યા મુજબના સમય પુરતાં વેકેશન ભોગવતા અટકાવવામાં આવેલ છે. અને તેઓને કોલમ નંબર ૪માં દર્શાવ્યા મુજબના સમય માટે વેકેશન ભોગવવા દેવામાં આવેલ છે.

INDEX

અનુ. નંબર	સિવિલ જજ અને જયુડીશીયલ મેજિસ્ટ્રેટનું નામ	કેટલા સમય પુરતા વેકેશન ભોગવતા અટકાવવામાં આવેલ છે.	કેટલો સમય વેકેશન ભોગવેલ છે.	નોંધ
૧	૨	૩	૪	૫
૧	શ્રી. એમ. એમ. સોની સિવિલ જજ (સી. ડી) નવસારી.	૬–૫–૨૦૦૨ થી ૯–૫–૨૦૦૨ (૪ દિવસ)	૨૯–૪–૨૦૦૨ થી ૫–૫–૨૦૦૨ (૭ દિવસ)	ચોથા એકસ્ટ્રા આસીસ્ટન્ટ જજ, ભરૂચ તરીકે તારીખ ૧૦–૫–૨૦૦૨ બદલી થયેલ છે.
૨	શ્રી. એ. જી. વસા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ વલસાડ મુકામ : નવસારી	૨૯–૪–૨૦૦૨ થી ૧૪–૫–૨૦૦૨ ૨૩–૫–૨૦૦૨ થી ૨૪–૫–૨૦૦૨ (૧૮ દિવસ)	૧૫–૫–૨૦૦૨ થી ૨૨–૫–૨૦૦૨ ૨૫–૫–૨૦૦૨ થી ૯–૬–૨૦૦૨ (૨૪ દિવસ)	——
૩	શ્રી ડી. વાય. સદીક બીજા જોઈન્ટ સિવિલ જજ (સી. ડી.) અને જે. એમ. એફ. સી. નવસારી.	૨૯–૪–૨૦૦૨ થી ૭–૫–૨૦૦૨ ૨૨–૫–૨૦૦૨ થી ૯–૬–૨૦૦૨ (૨૮ દિવસ)	૮–૫–૨૦૦૨ થી ૨૧–૫–૨૦૦૨ (૧૪ દિવસ)	——
૪	શ્રી. પી. એમ. અટોદરીયા સીવીલ જજ (સી. ડી.) અને વધારાના ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, વલસાડ.	૨૯–૪–૨૦૦૨ થી ૫–૫–૨૦૦૨ ૨૭–૫–૨૦૦૨ થી ૯–૬–૨૦૦૨ (૨૧ દિવસ)	૬–૫–૨૦૦૨ થી ૨૬–૫–૨૦૦૨ (૨૧ દિવસ)	——
૫	શ્રી એમ. આઈ પઠાણ, જોઈન્ટ સીવીલ જજ (જુ.ડી.) અને જે. એમ. એફ. સી., નવસારી.	૪–૫–૨૦૦૨ થી ૧૫–૫–૨૦૦૨ ૨૪–૫–૨૦૦૨ થી ૪–૬–૨૦૦૨ ૬–૬–૨૦૦૨ થી ૯–૬–૨૦૦૨ (૨૮ દિવસ)	૨૯–૪–૨૦૦૨ થી ૩–૫–૨૦૦૨ ૧૬–૫–૨૦૦૨ થી ૨૩–૫–૨૦૦૨ ૫–૬–૨૦૦૨ (૧૪ દિવસ)	—
૬	કુમારી એમ. એસ. રાવલ બીજા જોઈન્ટ સીવીલ જજ (જુ.ડી.) અને જે. એમ.એફ. સી. નવસારી.	૨૯–૪–૨૦૦૨ થી ૨૩–૫–૨૦૦૨ ૭–૬–૨૦૦૨ થી ૯–૬–૨૦૦૨ (૨૮ દિવસ)	૨૪–૫–૨૦૦૨ થી ૬–૬–૨૦૦૨ (૧૪ દિવસ)	—

INDEX

૧	૨	૩	૪	૫
૭.	શ્રી ડી. પી. મહીડા, સીવીલ જજ (જુ.ડી.) અને જે. એમ. એફ. સી. ચીખલી.	૨૯-૪-૨૦૦૨ થી ૨-૫-૨૦૦૨ ૧૦-૫-૨૦૦૨ થી ૫-૬-૨૦૦૨ (૩૧ દિવસ)	૩-૫-૨૦૦૨ થી ૯-૫-૨૦૦૨ ૬-૬-૨૦૦૨ થી ૯-૬-૨૦૦૨ (૧૧ દિવસ)	—
૮.	શ્રી એન. ટી. જોષી, જોઈન્ટ સીવીલ જજ (સી. ડી.) અને જે. એમ. એફ. સી. વલસાડ.	૨૯-૪-૨૦૦૨ થી ૬-૫-૨૦૦૨ (૮ દિવસ)	૭-૫-૨૦૦૨ થી ૮-૫-૨૦૦૨ (૨ દિવસ)	તા. ૯-૫-૨૦૦૨ થી બઢતી મળતા બીજા એકસ્ટ્રા આસી. જજ, વલસાડ મુકામ નવસારી તરીકે નિમણુંક થયેલ છે.
૯.	શ્રી એસ. એમ. મહેતા જોઈન્ટ સિવિલ જજ (જુ.ડી.) અને જે. એમ. એફ. સી., વલસાડ.	૨૯-૪-૨૦૦૨ થી ૨૭-૫-૨૦૦૨ (૨૯ દિવસ)	૨૮-૫-૨૦૦૨ થી ૯-૬-૨૦૦૨ (૧૩ દિવસ)	તા. ૧૦-૬-૨૦૦૨ થી બીજા જોઈન્ટ સિવિલ જજ (જુ.ડી.) અને જે. એમ. એફ. સી. વલસાડ તરીકે નિમણુંક થયેલ છે.
૧૦	શ્રી આર. જી. દેવધરા, જોઈન્ટ સિવિલ જજ, (જુ. ડી.) અને જે. એમ. એફ. સી. પારડી.	૨૯-૪-૨૦૦૨ થી ૧૮-૫-૨૦૦૨ ૨૪-૫-૨૦૦૨ થી ૩૧-૫-૨૦૦૨ (૨૮ દિવસ)	૧૯-૫-૨૦૦૨ થી ૨૩-૫-૨૦૦૨ ૧-૬-૨૦૦૨ થી ૯-૬-૨૦૦૨ (૧૪ દિવસ)	જે. એમ. એફ. સી (રેલ્વે), વીરમગામ તરીકે બઢતી થયેલ છે.
૧૧	શ્રી કે એમ. દવે, સિવિલ જજ (જુ. ડી.) અને જે. એમ. એફ. સી., ઉમરગામ.	૨૯-૪-૨૦૦૨ થી ૧૦-૫-૨૦૦૨ (૧૨ દિવસ)	૧૧-૫-૨૦૦૨ થી ૯-૬-૨૦૦૨ (૩૦ દિવસ)	——
૧૨	શ્રી એમ. એમ. ગાંધી, સિવિલ જજ (જુ. ડી.) અને જે. એમ. એફ. સી., પારડી.	૨૯-૪-૨૦૦૨ થી ૨૬-૫-૨૦૦૨ (૨૮ દિવસ)	૨૭-૫-૨૦૦૨ થી ૯-૬-૨૦૦૨ (૧૪ દિવસ)	સિવિલ જજ (જુ. ડી.) અને જે. એમ. એફ. સી. માણસા તરીકે બઢતી થયેલ છે.
૧૩	શ્રી એ. જી. રાવલ, સિવિલ જજ (સી. ડી.) અને જે. એમ. એફ. સી. ગણદેવી	૨૭-૫-૨૦૦૨ થી ૯-૬-૨૦૦૨ (૧૪ દિવસ)	૨૯-૪-૨૦૦૨ થી ૨૬-૫-૨૦૦૨ (૨૮ દિવસ)	——

INDEX

૧	૨	૩		૪		૫
૧૪	શ્રી પી. એસ. કલા, જોઈન્ટ સિવિલ જજ (જ. ડી.) અને જે. એમ. એફ. સી., ગણદેવી.	૨૯-૪-૨૦૦૨ ૧૮-૫-૨૦૦૨ ૨-૬-૨૦૦૨ ૯-૬-૨૦૦૨ (૨૮ દિવસ)	થી થી	૧૯-૫-૨૦૦૨ ૧-૬-૨૦૦૨ (૧૪ દિવસ)	થી	——
૧૫	શ્રી જે. આર. પાડવી. સિવિલ જજ (જ. ડી.) અને જે. એમ. એફ. સી., વાંસદા-આહવા.	૨૯-૪-૨૦૦૨ ૪-૫-૨૦૦૨ ૧૦-૫-૨૦૦૨ ૨૯-૫-૨૦૦૨ ૧-૬-૨૦૦૨ (૨૭ દિવસ)	થી થી	૫-૫-૨૦૦૨ ૯-૫-૨૦૦૨ ૩૦-૫-૨૦૦૨ ૩૧-૫-૨૦૦૨ ૨-૬-૨૦૦૨ ૯-૬-૨૦૦૨ (૧૫ દિવસ)	થી થી	સિવિલ જજ (જુ. ડી.) અને જે. એમ. એફ. સી. સંયુક્ત કોર્ટ તરીકે બદલી થયેલ છે.
૧૬	શ્રી આર. યુ. મુલતાની સિવિલ જજ (જુ. ડી.) અને જે. એમ. એફ. સી., ધરમપુર.	૨૯-૪-૨૦૦૨ ૧૦-૫-૨૦૦૨ ૧-૬-૨૦૦૨ ૯-૬-૨૦૦૨ (૨૧ દિવસ)	થી થી	૧૧-૫-૨૦૦૨ ૩૧-૫-૨૦૦૨ (૨૧ દિવસ)	થી	——

નવસારી, તારીખ ૧૮મી જુન, ૨૦૦૨.

આર. પી. ઢોલરિયા,
ડીસ્ટ્રીક્ટ જજ, વલસાડ
મુકામ નવસારી.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આખરી જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/બીપીએ/૨૭૭. ૪/૦૧/વશી-૧૧૪૪/૨૦૦૨.—મુંબઇ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઇનાં ૨૨ માં) ની કલમ-૩૩ની પેટા-કલમ (૧) ના કલોઝ (બી) હેઠળ કાઢવા ધારેલ જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કાયદાની કલમ-૩૩ની પેટા-કલમ-૬થી ઠરાવ્યા પ્રમાણે રાજ્યપત્રમાં તારીખ ૨૧-૬-૨૦૦૧નાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદ્દતમાં સદરહુ મુસદ્દા સંબંધી વાંધા સૂચનો મંગાવેલ છે. પરંતુ સદરહુ મુદ્દત દરમ્યાન કોઈના વાંધા મળેલા નથી. એટલે સદરહુ જાહેરનામાનો મુસદ્દો આખરી કરવા માટે નિર્ણય લેવામાં આવેલ છે. અને તેથી નીચે મુજબના મુસદ્દાનું પ્રાથમિક જાહેરનામુ આથી આખરી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

મુસદ્દો :

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/વશી-૧૧૪૪/૨૦૦૨.—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઇના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા-કલમ (૧) ના કલોઝ (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ નવસારી, જિલ્લા મેજીસ્ટ્રેટ આથી નીચે મુજબના નિયમો કરે છે.

"નવસારી જિલ્લાના નવસારી નગર પાલિકા હદ વિસ્તારની બહાર નવસારી મરોલી રોડની ડાબી બાજુએ વિરાવળ જકાત નાકાને લાગીને આવેલ ગધેવાન બંગલાની સામે કેપ્ટન પુલ છે. તેમાં નીચેના ભાગે વિરાવળ ગ્રામ પંચાયતની ખુલ્લી જમીન છે. તે જમીનને ૮ (આઠ) ડિઝલ મીનીડોર રીક્ષા માટે "રીક્ષા સ્ટેન્ડ" તરીકે જાહેર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

નવસારી, તા. ૨૬-૬-૨૦૦૨.

એ. એન. ખત્રી,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨ની) કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર-૩૦/૨૦૦૨.—આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, શ્રીમતિ ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯મી જુન, ૨૦૦૨ થી તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૦૨ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું :—

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું આણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચી અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય, તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, આસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :-આ હુકમનો ખંડ--૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.:—

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ની પેટા-કલમ--૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ, (સને ૧૮૬૦નો અધિનિયમ ૪૫) ની કલમ--૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી જુન, ૨૦૦૨ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યો.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ--૩૭(૩) મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસઆર - ૩૧ / ૨૦૦૨.—આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ--૩૭(૩) થી મને મળેલ અધિકારોની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯મી જુન, ૨૦૦૨ થી તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૦૨ના કલાક ૨૪--૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :— અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા,

INDEX

આસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા, સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, (સને ૧૮૬૦નો અધિનિયમ ૪૫) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી જુન, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી. બી. પી. એ. / ૬૯૨૦૦૨/ વશી–૨૫૪૫૧ થી ૨૫૫૪૬U-આગામી તા. ૧૨–૭–૨૦૦૨ના રોજ હિન્દુભાઇઓ, તરફથી "અષાઢી બીજ" નિમિત્તે જિલ્લાના વિવિધ શહેરોમાં શોભાયાત્રા કાઢવામાં આવે છે. તેમજ હાલના પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઇ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૧–૭–૨૦૦૨ થી ૩૧–૭–૨૦૦૨ સુધી (બંને દિવસો સહીત) નીચે જણાવેલ કૃત્યો કરવાની મનાઇ ફરમાવવામાં આવે છે.

(ક) શસ્ત્રો દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, અથવા શારીરીક ઇજા પહોચાડી શકાય તેવું કોઇપણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઇ જવો નહી.

(ગ) પથરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઇ વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહીં, એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું આર. એસ. નિનામા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨મા) ની કલમ–૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા, વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરૂં છું.

આ હુકમ તા. ૧–૭–૨૦૦૨ થી તા. ૩૧–૭–૨૦૦૨ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકતીઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કોઇપણ હથીયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથીયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટ, અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ, તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીશ્રી, જે તે શારીરીક અશકિતના કારણે અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૨૯મી માહે, જુન સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કર્યો.

આર. એસ. નિનામા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૪૪૨/૨૦૦૨.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ની પેટા-કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, જાહેર શાંતિ અને સલામતી સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી જુલાઈ ૨૦૦૨ના દિવસે સવારનાં ૬.૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી જુલાઈ ૨૦૦૨નાં રોજ રાત્રીના ૨૪.૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાં) સુધી.

INDEX

(ક) શત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ, અથવા તેવી વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠાં કરવાં નહિ તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લીલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તેવી ચેષ્ટા કરવી નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લે-કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ નોટીસો, પરિપત્રો ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ:—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રીને કે જે શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૭મી જુન સને ૨૦૦૨ના રોજ મારી સહી કરી તથા સિક્કો કરી આપ્યો છે.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી./ ૩૫૧૧ /૨૦૦૨.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને આ૨-નાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું શ્રી કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ નાં કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૭-૬-૨૦૦૨ કલાક ૦૦.૦૦થી ૧૧-૦૭-૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીના મુદત માટે નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે

INDEX

સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વીધી કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહિ.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર/કલોલ/દહેગામ/માણસાએ જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર, લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ, તારીખ ૨૭મી જુન, ૨૦૦૨ના રોજ મારી સહી-સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨ માં) ની કલમ ૩૭ ની પેટા કલમ ૩ હેઠળ.

નંબર ડીસી / બીપીએ / જાહેરનામું / ૩૭(૩) વશી–૩૫૨૬/ ૨૦૦૨.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં, વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ ઓમ. ઓલ. એ. કવાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨ માં) ની કલમ ૩૭ ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, શ્રી કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૭મી જુન ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી. :—

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને;

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને;

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને;

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર :— ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા સિવાયનો ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર :

ફકત ઉપવાસીઓ માટે ચ-૫, સેકટર—૧૭, અને સેકટર—૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ—૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫ માંની કલમ—૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૭મી જૂન ૨૦૦૨ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યાં.

કે. બી. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/બીપીએ/૨૭. નં. ૨૩ / ૨૦૦૨.— વલસાડ જિલ્લાના વાપી નગરપાલિકા વિસ્તારમાં વાપી પૂર્વ તરફથી રેલ્વે ફાટકથી પી. ડબલ્યુ. ડી સુધીના ઓવરબ્રીજથી નીચેની જગ્યા તથા સર્વિસ રોડનો વિસ્તાર તથા વાપી પશ્ચિમ તરફના રેલ્વે ફાટકથી સ્ટેશન સુધીનો ઓવરબ્રીજથી નીચેની જગ્યા તથા સર્વિસ રોડનો વિસ્તાર "નો હોકર્સ ઝોન" જાહેર કરવા મુંબઇ પોલીસ અધિનિયમ–૧૯૫૧ (સને ૧૯૫૧ નાં ૨૨માં) ની કલમ–૩૩ (૧)(બી) હેઠળ અત્રેનાં નં. ડીસીબી/ એમએજી/બીપીએ/ ૨૭. ૨૨/૨૦૦૨, તા. ૨૨–૫–૨૦૦૨ થી પ્રાથમિક જાહેરનામું જાહેર પાડવામાં આવેલ હતું સદરહુ

INDEX

પ્રાથમિક જાહેરનામા અન્વયે અત્રેથી મુદત અંદર વાંધાઓ મંગાવવામાં આવેલ હતા. મુદત દરમ્યાન કોઇ વાંધાઓ મળેલ નથી. આથી આખરી જાહેરનામું પ્રસિદ્ધ કરવાનું જરૂરી જણાતાં નીચે જણાવ્યા મુજબનું આખરી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઇના ૨૨માં) ની કલમ-૩૩-(૧)(બી) હેઠળ મળેલી સત્તાની રૂએ હું જે. સી. ચુડાસમા, વલસાડ જિલ્લાનાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આથી નીચેના નિયમો કરે છે.

(૧) વલસાડ જિલ્લાના વાપી નગરપાલિકા વિસ્તારમાં નીચે મુજબના સ્થળે "નો હોકર્સ ઝોન" જાહેર કરવાનું આથી ઠરાવવામાં આવી છે.

અ નં.	સ્થળનું નામ
૧.	વાપી પૂર્વ તરફથી રેલ્વે ફાટકથી પી. ડબ્લ્યુ. ડી. સુધીના ઓવરબ્રીજથી નીચેની જગ્યા તથા સર્વિસ રોડનો વિસ્તાર.
૨.	વાપી પશ્ચિમ તરફના રેલ્વે ફાટકથી પોલીસ સ્ટેશન સુધીનો ઓવરબ્રીજની નીચેની જગ્યા તથા સર્વિસરોડ વિસ્તાર.

ઉપરોકત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન માટે અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે "નો હોકર્સ ઝોન" જાહેર કરવા ઠરાવવામાં આવે છે.

આજ તા. ૨૮-૬-૨૦૦૨નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજી. નં. ૨૪/૨૦૦૨.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી રથયાત્રાનો તહેવાર તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ મા)ની કલમ ૩૭ ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૨જી જુલાઈ, ૨૦૦૨ થી ૧૫મી જુલાઈ, ૨૦૦૨ સુધી આ અધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ ૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

છે તે સામે અમારી આ કેવીએટ અરજી કરી ઉકત પ્રતિબંધીત આદેશો કરતા પહેલા અમોને રૂબરૂ સાંભળવા તક આપવા વિનંતી કરી છે.

ઉકત બન્ને તરફે થયેલ રજુઆતોના સંદર્ભે અત્રેથી જીલ્લા પોલીસ અધિકારીશ્રી, તથા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, ભરૂચ પાસેથી જરૂરી અભિપ્રાય મેળવવામાં આવેલ છે. મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, ભરૂચે તા. ૨૯–૬–૦૨ના રોજ ભાડભુતથી અંભેટા લુવારા સુધી નર્મદા નદીના યાંત્રિક બોટ દ્વારા પ્રવાસ કરી સ્થળ નિરીક્ષણ કરેલ છે. તે અનુસાર મનાડ, મહેગામના કીનારે સામે ખુલ્લા એરીયામાં ખુંટા ચોંડેલ જોવા મળેલ તથા આગળ જતા વેગણી ગામે, કોલીયાદ ગામે વિગેરે સ્થળોએ પણ મચ્છી મારીની પુર્વ તૈયારી રૂપે આશરે ૪૦૦ નંગ ખુંટા અને ૬૦૦ નંગ ખુંટાના ઢગલાઓ જોવા મળેલ. વળી અગાઉના વર્ષોમાં આપેલ અભિપ્રાય મુજબ દરીયામાંથી હીલ્સા મચ્છી પ્રજનન અર્થે નર્મદા નદીમાં મીઠા પાણી તરફ પ્રયાણ કરી ઝણોર સુધી આવતી હોય છે. જેથી ખુંટા પદ્ધતિથી થતી મચ્છીમારી હીલ્સા ફીસરીઝના ઉત્પાદનને અસર કરે છે. વળી ભરતી ઓટના સમયે મચ્છીમારી માટે જતા માછીમારોની જાળ વચ્ચે લગાડેલ ખુંટાઓમાં જાળો ભરાય જવાથી જાળને નુકશાન થવા ઉપરાંત હોડી પણ ઉંધી વળી જવાની અને જાનહાની થવાની સંભાવના હોય તેવા પ્રતિબંધ માટે મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, ભરૂચ એ ભલામણ કરી છે.

પ્રસ્તુત કામે પ્રતિબંધીત હુકમો કરવા કરેલ રજુઆતના વ્યકિતઓ તથા રજુ થયેલ કેવીએટના અરજદારો અને તેમાં જણાવેલ સામાવાલાઓને અત્રે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ સમક્ષ તા. ૬–૭–૨૦૦૨ના રોજ તથા ૯–૭–૨૦૦૨ના રોજ રૂબરૂ સાંભળવામાં આવેલ છે અને તેમાં તેઓએ તથા તેમના તરફેના વકીલશ્રીઓએ લંબાણપૂર્વકની દલીલો કરી બન્ને પક્ષકારોએ જણાવેલ છે કે, નર્મદા નદીમાં સળંગ પાટમાં એક ખુણાથી બીજા ખુંટા સુધી એમ સમગ્ર સળંગ પાટમાં ખુંટા નહી લગાવવા અને ગાઢ (Deep) પાણી કે તેવા વહેણુવાળા પાણીમાં પણ ખુંટા નહીં લગાવવા સંમતિ દર્શાવેલ છે.

સણબ ઉપરના સંજોગો ધ્યાને લઇ હાલમાં ફીસીંગની સીઝન ચાલુ હોય અને લોકો હોડીઓમાં મોટા પ્રમાણમાં અવર જવર કરતા હોય આ રીતે અવર જવર થતી હોડી વહાણને કે તેમાં રહેલ કોઈપણ વ્યકિતને થતી અડચણ-નુકશાન અટકાવવા તથા લોકોના જાન કે સલામતીને થતુ જોખમ અટકાવવા તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ ઉપરાંત પ્રસ્તુત કામે અરજદારો અને સામાવાલાઓ વચ્ચે મે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ સમક્ષ થયેલ સમાધાન મુજબ ઝણોરથી લુવારા ગામ સુધીમાં પસાર થતી નર્મદા નદીમાં ખુંટાઓ ચોડવા, લગાવવા અંગે નીચેની શરતોમાં જણાવેલ અને નિયત કરેલ પ્રતિબંધિત વિસ્તાર માટે હું શ્રી એમ. એસ. ઠક્કર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આદેશ ફરમાવું છું કે :–

શરતો :—

(૧) નર્મદા નદીમાં સળંગ પાટમાં એક ખુણાથી બીજા ખુણા સુધી સળંગ પાણીના ડીપમાં (ઉંડાણમા) અને પાટના મધ્ય ભાગમાં ખુંટા લગાડી શકાશે નહી.

(૨) ગામથી લો ટાઈડ માર્કમાં કોઈ મચ્છીમારો ખુંટા લગાડી શકશે નહી અને ડીપ પાણીમાં અને હાઈટાઈડ માર્કવાળા વિસ્તારમાં મચ્છીમારોની હોડીઓ સહેલાઈથી અવર જવર કરી શકે તે માટે તેવો વિસ્તાર પુરી રીતે ખુલ્લો રહેશે.

(૩) લો ટાઈડ માર્કએરીયા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી ભરૂચે નક્કી કરવાનો રહેશે.

(૪) હાલ ગામના કીનારાના સામેના કે અંદરના ભાગમાં કે જયાં પાણી વધુ હોય ત્યાં ખુંટા લગાવેલ હશે કે ભવિષ્યમાં લગાવશે અથવા જાહેરનામાનો ભંગ કરતાં ખુંટા લગાવ્યા હશે તેવા ખુંટાઓ અરજદારો તરફે રેવા મત્સ્યોદ્યોગ સહકારી મંડળીના શ્રી ગોકુળભાઈ તળજાભાઈ પરમાર રહે. વડદલા, તા. વાગરા, તથા શ્રી જીતેન્દ્રસિંહ જે. રાજ રહે. કોલીયાદ, તા. વાગરા તથા સામાવાલા તરફે ભાડભુત મત્સ્યોદ્યોગ સ. મં. લી., ના શ્રી રમેશભાઈ જે. માછી અને ભરૂચ માછી સમાજના શ્રી રમણુભાઈ એસ. માછી રહે. ભરૂચની સંયુકત કમીટી પોલીસની મદદથી તેવા ખુંટા દુર કરાવવાની જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ સમક્ષ જવાબદારી લીધેલ હોય તેવી જવાબદારી પુર્ણ કરવાની રહેશે,

(૫) પ્રસ્તુત કામે અરજદારો અને સામાવાલાઓ એમ બન્ને પક્ષે એક બીજા સાથે કાયદો અને વ્યવસ્થાને લગતા કોઈ પ્રશ્નો ઉપસ્થિત થવા નહી દેવા અને તમામ રીતે કાયદો અને વ્યવસ્થા જાળવવા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ, રૂબરૂ આપેલ બાંહેધરી અનુસાર તેઓ જવાબદાર રહેશે.

(૬) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ સમક્ષ તા. ૯–૭–૦૨ના રોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ સમાધાનનું બન્ને પક્ષોએ અક્ષરશઃ પાલન કરવાનું રહેશે.

(૭) આ પ્રતિબંધ ગામના કીનારે આવતી પણ લો ટાઈડ માર્કથી વધારે નદી બાજુ અંદર નહી તેવી જગ્યા પર લાગુ પડશે નહી.

સણબ ઉકત બાબતો મુજબ ભરૂચ તાલુકાના ઝણોરથી વાગરા તાલુકાના લુવારા ગામ વચ્ચે પસાર થતી નર્મદા નદીમાં ઉકત શરતોમાં નિર્દિષ્ટ કરેલ પ્રતિબંધીત વિસ્તારમાં ખુંટા મારવા અર્થે આ હુકમની તારીખથી બે માસ માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ હુકમનો અનાદર થયે કે

INDEX

શરતોનો ભંગ થયે ઈન્ડીયન પીનલ કોડ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૧-૭-૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી આપ્યો.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ ૨૨મા) ની કલમ ૩૭ની પેટા-કલમ-૧ હેઠળ.

નંબર : ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧) વશી. ૩૭૫૬/૨૦૦૨.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેર વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ. એલ. એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઇમારતો આવેલી છે. અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે જોવાની ખુબજ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતી જળવવાના હેતુથી હું શ્રી કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઇએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૨-૭-૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી ૨૬-૭-૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદ્દત માટે નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઇપણ ક્ષારકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઇ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધી કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઇ જવાનું, ધારણ કરવાનું, હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર / કલોલ / દહેગામ / માણસાએ જેઓને શારીરીક અશક્તિ કે તેવા કારણોસર લાકડી / સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૦મી જુલાઇ ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ ૩૭ ની પેટા કલમ(૩) હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩) વ.શી. ૩૭૯૧/૨૦૦૨ — ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના

INDEX

નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને આવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨ માં) ની કલમ ૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, કે. બી. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૨મી જુલાઈ ૨૦૦૨ કલાક ૦૦.૦૦થી તારીખ ૨૬મી જુલાઈ, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી :–

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર .—ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા સિવાયનો ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર .— ફકત ઉપવાસીઓ માટે ચ-પ. સેકટર-૧૭, અને સેકટર-૨૨ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૯૫૯ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૦ મી જુલાઈ, ૨૦૦૨ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

કે. બી. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.૧૩/૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને-૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૧૨મી જુલાઈ ૨૦૦૨ના રોજ રથયાત્રાનો તહેવાર તથા પ્રવર્તમાન પરિસ્થિતિ ને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત-ઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૩જી જુલાઈ ૨૦૦૨ થી તારીખ ૧૫મી જુલાઈ ૨૦૦૨ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જવાની અથવા પેટાવેચી મસાલ લઈ જવાની,

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(ઝ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ(ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :–

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવુ કોઈપણ, હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીઓ જેને શારિરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને

INDEX

૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૩જી જુલાઈ ૨૦૦૨નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ.

ક્રમાંક/મકડ/પી. ઓ. એલ/વશી-૧૦૮૬-૧૧૦૩/૨૦૦૨.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૫મી જુલાઈ ૨૦૦૨ થી તારીખ ૧૯મી જુલાઈ ૨૦૦૨નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ઘ) કોઈપણ સરઘસમાં જવાની અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહી: —

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૫મી જુલાઈ ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી-૧૧૦૪-૧૧૨૧ / ૨૦૦૨.— જિલ્લામાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૫મી જુલાઈ ૨૦૦૨ થી તારીખ ૧૯મી જુલાઈ ૨૦૦૨ ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી, કે સરઘસ કાઢવું નહી, તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓ એકત્ર/ભેગા થવું નહી.

વધુમાં હું, આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓ

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યકિતઓ.

(૫) એસ.ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૫મી જુલાઈ ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

INDEX

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. પીએએલ./એસ.આર./૨૩/૨૦૦૨.—આણંદ જિલ્લાના આણંદ તાલુકાના ગામડી ગામે ૧ કેસ કોલેરા પોઝીટીવ માલુમ પડેલ છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આણંદ જિલ્લા પંચાયતના તા. ૧–૭–૨૦૦૨ અને ૨–૭–૨૦૦૨ના અહેવાલ ધ્યાને લેતાં કોલેરાનો ઉપદ્રવ ન વધે તે હેતુથી અને જાહેર આરોગ્યની દૃષ્ટિએ સાવચેતીના પગલાં રૂપે મોજે ગામડી તા. આણંદને કોલેરાગ્રસ્ત જાહેર કરવું જરૂરી જણાય છે.

સને ૧૯૮૭ના વાવડ રોગ અધિનિયમની કલમ–૨ (બ) વંચાણે લેતાં અને કલમ ૨ થી મળેલ સત્તાની રૂએ હું આર. બી. દવે, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ આથી મોજે ગામડી, તા. આણંદ તેમજ આણંદ નગરપાલિકાના વિસ્તાર ગામને કોલેરાગ્રસ્ત જાહેર કરું છું. તેમજ નગરપાલિકા આણંદ અને ગામડીની આજુબાજુના ૧૦ કિ.મી. વિસ્તારના ગામોને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરું છું.

આ અંગે જરૂરી પગલાં લેવા સારૂ મામલતદારશ્રો, આણંદ ગ્રામ્ય/શહેરને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરું છું. આ જાહેરનામું તા. ૩૦–૯–૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૯–૭–૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપેલ છે.

આર. બી. દવે,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ

કલેકટર દ્વારા

જાહેરનામું

ન. એલએમ/અધિકાર / વસી / ૨૪૪ / ૨૦૦૨.—મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૩ થી મને મળેલ સત્તાના રૂએ હું જયંત પરિમલ, આઈએએસ, કલેકટર, ખેડા, આ જાહેરનામાથી ખાસ વસુલાત અધિકારી અને નાયબ મામલતદારશ્રી, ધી ખેડા પીપલ્સ કો. ઓ. બેન્ક લી., ખેડાને સદર બેન્કની બાકી.લેણાંની રકમો જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવા ઉકત અધિનિયમની નીચે દર્શાવેલ સત્તાઓ ધી ખેડા પીપલ્સ કો. ઓ. બેન્ક લી., ખેડાને કાર્યમથક રાખી ખેડા જિલ્લાના તમામ ગામોમાં ભોગવવા આથી અર્પિકૃત કરું છું.

મુંબઇ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ

૧૫૨–માંગણાની નોટીસો કાઢવા બાબત.

૧૫૩–સરકાર દાખલ કરવાની ધમકીની નોટીસો કાઢવા બાબત (પ્રોવીઝન–અ).

૧૫૪–જંગમ મિલ્કત જેની કિંમત રૂા. ૨૦૦/– થી વધારે ના હોય તેવા કિસ્સામાં મિલ્કત જપ્ત કરવા તથા હરાજ કરવા બાબત.

૧૬૫] સ્થાવર મિલ્કતને વેચવા માટેના જાહેરનામા તથા
૧૬૬] નોટીસો કાઢવા બાબત.

૧૬૭–જેમાં અધિકૃત અમલદારે ટોચ કિંમત નક્કી કરેલ હોય તે મિલ્કતની હરાજી કરવા બાબત.

૧૬૮–નાશ થઈ જતી ચીજોનું વેચાણ કરવા બાબત.

નડીઆદ, તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૨.

જયંત પરિમલ,
કલેકટર, ખેડા, નડીઆદ.

સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ-મકમ-પલસ-ગો-મુ-વશી. ૨૭૦૨/૨૧ / ૨૦૦૨.—આ કચેરીના તા. ૨૫–૫–૨૦૦૨ ના હુકમ ક્રમાંક–ઉ/મકમ/પલસ/વસી. ૨૭૦૨/૧૨/૨૦૦૨થી ગોધરા શહેરમાં પોલીસ ચોકી નં. ૧ થી ૭ માં આવતા સમગ્ર ગોધરા નગરપાલીકા વિસ્તારમાં તા. ૨૫–૫–૦૨ના રોજ સવારના ૫–૦૦ વાગ્યાથી અચોકકસ મુદ્દતનો કરફ્યુ લાદવામાં આવેલ છે. ગોધરા શહેરમાં પોલીસ ખાતા દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બાબતે નીચે જણાવેલા વિસ્તારોમાં કરફ્યુ મુકિત માટે જણાવતાં તે વિગત ધ્યાને લઈ, ગોધરા શહેરમાં લોકોને આવશ્યક ચીજ વસ્તુઓ મળી રહે તે હેતુથી હાલમાં તા. ૨૫–૫–૦૨થી અમલમાં રહેલ અચોકકસ મુદ્દતના કરફ્યુના સમયમાં નીચે મુજબના સમય માટે કરફ્યુ મુકિત આપવા હુકમ કરવામાં આવે છે.

તારીખ	સમય	કરફ્યુ મુકિત વિસ્તાર	કોના માટે
તા. ૨૪–૬–૦૨ થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી.	સવારના ૫–૦૦ કલાકથી રાત્રીના ૨૪–૦૦ કલાક સુધી	ગોધરા શહેરની પોલીસ ચોકી નં. ૧ થી ૭નો સમગ્ર વિસ્તાર	તમામ માટે

ઉપરોકત કરફ્યુ મુકિતનો સમય પુરો થતાં અત્રેના તા. ૨૫–૫–૦૨ના અચોકકસ મુદ્દતના કરફ્યુનો હુકમ અમલમાં રહેશે.

આજ તારીખ ૨૪મી જુન ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન. કે. ડામોર,
સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટ,
ગોધરા પ્રાંત, ગોધરા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા. ૧૩–૮–૯૮નાં ક્રમાંક ફડચ/ફ. ૧૧૪૬૫/ધ. ૨/૯૨૨/૯૮નો ફડચાનો હુકમ અને તા. ૨૪–૮–૦૧ ના જા નં ફડચ/ફ. ૧૧૪૬૫/ધ-૨/૭૪૦/૦૧ ના સુધારા હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીના તારીખ ૨૭–૨–૦૨ના ક્રમાંક ફડચ/ફ-૧/૫૦/૨૦૦૨થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઇઓ.

હુકમ

જાવક નંબર ફડચ / ફ–૧૧૪૬૫ / ધ–૨ / ૪૭૯ / સને ૨૦૦૨.— ધી શીવમ મજુર કારદાર સહકારી મંડળી લી. અમદાવાદ, નોંધણી ક્રમાંક–ઉ–૪૬૫૭, તા. ૨૨–૯–૧૯૮૩ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી, તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૧૩–૮–૧૯૯૮ના ક્રમાંક ફડચ/ફ–૧૧૪૬૫/ધ–૨/૯૨૨/૯૮ના હુકમ અને તા. ૨૪–૮–૦૧ ના જા. નં. ફડચ/ફ-૧૧૪૬૫/ધ-૨/૭૪૦/૨૦૦૧ ના સુધારા હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સંદર્ભ–૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૬–૬–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા રજીસ્ટ્રાર ઓડીટશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૩–૧–૨૦૦૨નો પત્ર ક્રમાંક અપણ/૦૧/ગ-૪/૫૪/૨૦૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીનો તા. ૧૦–૧–૨૦૦૨ નો પત્ર ક્રમાંક સકક/૦૧/ધ-૨ / ૩૦ / ૨૦૦૨થી કારણદર્શક નોટીસ તથા તા. ૨૫–૧–૨૦૦૨ અને તા. ૧૩–૨–૨૦૦૨ના સુનાવણી અંગેના સ્મૃતિપત્રો.

(૩) આ કચેરીના તા. ૮–૩–૨૦૦૨ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૫૮ / ધ. ૨/૧૯૩/ સને ૨૦૦૨ નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૫૮/ધ. ૨/૪૮૦/સને ૨૦૦૨.— ધી લક્ષ્મણકૃપા કો.-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નં. ધ. ૧૭૧૨૧, તા. ૨૦–૩–૧૯૮૫ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોને સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું તા. ૧૧-૪-૨૦૦૨ થી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીનું ઓડીટ શ્રી આર. એમ. શાહ, ઓડીટર ગ્રેડ–૧, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે ઓડીટ દરમ્યાન નીચેની ક્ષતિઓ ધ્યાનમાં આવેલ હતી.

(૧) અગાઉના ઓડીટ નોંધમાં ઉલ્લેખાયેલ સોસાયટીએ બાનાખત કરેલ જમીનના માલિક સાથે વિવાદ થતાં નામદાર કોર્ટમાં થયેલ કેસની બાબતોનું કોઈ રેકર્ડ ઓડીટર સમક્ષ રજુ કરાયેલ નથી.

(૨) ઓડીટ સમયનો રોજ મેળ સામાન્ય ખાતાવહી, વ્યક્તિગત શેર / થાપણ ખાતાવહી, સભાસદ રજીસ્ટર, શેર રજીસ્ટર જેવા પાયાના હિસાબી રેકર્ડ તથા વાર્ષિક સાધારણ સભા ઠરાવબુક, વ્યવસ્થાપક કમીટી ઠરાવ બુક વિગેરે વહીવટી દફતર મંડળીએ નિભાવેલ નથી.

(૩) ઓડીટ સમય દરમ્યાનના સમય માટે વાર્ષિક સાધારણ સભા મળેલ હોવાનું પ્રસ્થાપીત થાય તેવું રેકર્ડ રજુ કરાયેલ નથી.

(૪) મંડળીના પેટા નિયમો મુજબ વ્યવસ્થાપક કમીટીએ કરેલ કાર્યવાહીની ઠરાવબુકો રાખેલ નથી.

(૫) ઓડીટ સમય દરમ્યાન વ્યવસ્થાપક કમીટીની મીટીંગો મળેલ નથી.

ઉપરોક્ત વિગતો જોતાં મજકુર સોસાયટી દ્વારા તેના પેટા નિયમોના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કોઈ નક્કર કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી. તેમજ સહકારી મંડળીએ રાખવાના થતાં પાયાના હિસાબી અને વહીવટી દફતર રાખવામાં આવેલ નથી. આમ મંડળી સહકારી કાયદા-કાનુન અને અને પેટા નિયમો મુજબ કામ કરતી ન હોવાનું જણાતાં અર્થાત મંડળી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે

INDEX

ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ તેમજ ત્યાર બાદ રજુઆતની વ્યાજબી તક મળી રહે તે હેતુથી વધુ સુનાવણી રાખવામાં આવેલ હતી. પણ સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર રહેલ નહીં કે લેખીત રજુઆત લખી મોકલવા નહીં, જે તથા ઓડીટરના અહેવાલને લક્ષમાં લઇ સંદર્ભ–૩ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી મજકુર હુકમ સામે જો કોઇ રજુઆત કરવાની થતી હોય તો દિન–૩૦માં અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સહ રજુઆત કરવા જણાવવામાં આવેલ જેને વ્યાજબી અને પુરતો સમય પસાર થવા છતાં હજુ સુધી મજકુર સોસાયટીના સભાસદો / હોદ્દેદારો કે હિત ધરાવનારા તરફથી અત્રે કોઇ રજુઆત મળવામાં નથી.

ઉકત સંજોગો અને સંદર્ભ–૩ના હુકમની વિગતો ધ્યાને લેતાં મજકુર સોસાયટી સ્થગિત અવસ્થામાં છે. અને ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી તેમ માનવાને પૂરતા અને વ્યાજબી કારણો જણાતાં હોઇ સંદર્ભ–૩ અન્વયે કરવામાં આવેલ હુકમને કાયમ કરી મજકુર સોસાયટીને આટોપી લેવાની ઝડપી કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતુ હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી લક્ષ્મણકૃપા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ધ–૧૭૧૨૧, તા. ૨૦–૩–૧૯૮૫ ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૬–૬–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંધણ/૪૭૫૫/ક–૨/૧૩૦/સે-૩૩૧૪૧/૨૦૦૨.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ગુરૂકૃપા કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૩–૬–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નંધણ/૪૭૫૬/ક–૨/૧૩૩/ભ-૫૨૧૮/૦૨.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી આનંદ કન્ઝયુમર્સ કો. ઓપ. સ્ટોર્સ લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૩–૬–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નંધણ/૪૭૫૮/ક–૨/૧૪૩/ભ-૫૨૧૯/૦૨ – આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી પ્રિયંકા સહકારી ગ્રાહક ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૯–૬–૨૦૦૨.

વાંચણમાં લીધા :—

(૧) આ કચેરીના તા. ૨૭–૧૦–૯૯ ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૪૯૨ / ધ. ૨ / ૬૪૨ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૧) લગત આ કચેરીના તા. ના ક્રમાંક થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ. ૧૧૪૯૨ / ધ-૨ / ૫૦૬/સને ૨૦૦૨ — ધી રુદ્રભાગ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ નોંધણી ક્રમાંક ભ–૩૬૦૬, તા. ૨૬–૮–૮૬ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદના તા. ૨૭–૧૦–૯૯ ના ક્રમાંક

INDEX

ફડચ/ફ. ૧૧૪૬૧/ધ-૨/૫૪૨ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સંદર્ભ–૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ–૨૦ (૧) અન્વયે સદરહુ મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૧૯–૬–૨૦૦૨.

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના તા. ૧–૩–૯૮ ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૪૬૧/ધ, ૨/૭૭૨/૯૮ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૧) લગત આ કચેરીના તા. ૧૦–૬–૨૦૦૨ના પત્રાંક ફડચ/ફ. ૧/૫૬/૨૦૦૨ થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ. ૧૧૪૬૧/ધ–૨ / ૫૧૦ / ૨૦૦૨.— ધી નાગરભર્ડ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ, નોંધણી ક્રમાંક. ભ - ૩૮૭૦, તા. ૨૦–૩–૮૯ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (જાહેર) અમદાવાદના તા. ૧–૩–૯૮ ના જા. નં. ફડચ/ફ. ૧૧૪૬૧ / ધ–૨ /૭૭૬/૯૮ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ–૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીના નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૧૯–૬–૨૦૦૨.

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીનો તા. ૫–૩–૯૫ના જા. નં. ફડચ–/૦૧/ધ.-૨/૭૬૨/૧૯૯૫નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદના તા. ૬–૬–૨૦૦૨ના જા. નં. આરઇસી/ફડચ/૨/૨૧૬૭ના પત્રથી રજુ થયેલ તુલસીવન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને પુનઃજીવીત કરવા અંગેની દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ૦૧ / ધ-૨ / ૫૧૧ / ૨૦૦૨.— ધી તુલસીવન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૯ હેઠળ નોંધાયેલ રજીસ્ટર્ડ નં. ધ–૩૧૪૬, તા. ૨૬–૬–૧૯૬૮વાળી સહકારી ગૃહમંડળી છે.

સદરહુ મંડળીનો વહીવટ કસ્ટોડીયન હસ્તક હતો અને સહકારી કાયદાની જે તે કલમ હેઠળ કસ્ટોડીયનની નિયુક્તિ અંગેની મહત્તમ અવધિ વિતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા મંડળીના સભાસદો ઇચ્છતા ન હોવાથી તેમજ કસ્ટોડીયન દ્વારા પણ મંડળીનો વહીવટ અસરકારક રીતે સંચાલીત થઇ શકે તેમ ન હોવાથી પુખ્ત વિચારણાને અંતે આમુખ–૧થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ જે અન્વયે ફડચા અધિકારી દ્વારા સદર મંડળીનો વહીવટ સંભાળી લેવામાં આવેલ હતો.

આમુખ–૨ના પત્રથી કરવામાં આવેલ રજુઆત મુજબ સદર સોસાયટીમાં ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદનું જે ફડચા લેણું હતુ તે પુરેપુરું સંસ્થામાં ભરપાઇ કરવામાં આવેલ છે. તેમજ સોસાયટીના સભાસદોની તા. ૫–૫–૦૨ની ખાસ સાધારણ સભામાં સભાસદોએ મંડળીનો વહીવટ સંભાળી લેવા તૈયાર હોવાની રજુઆત કરેલ છે. તથા મંડળીની નોંધણી રદ ન કરવા અને મંડળી પુનઃજીવીત કરવા આગળની કાર્યવાહી કરવા ફડચા અધિકારીને ઠરાવથી જણાવેલ છે. જે ધ્યાને લઈ મજકુર સોસાયટીના ફડચા અધિકારીએ પણ સહકારી કાયદાની કલમ–૧૯-ખ અન્વયે મંડળી પુનઃજીવીત કરવા અને સૂચિત મંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના કરી વહીવટ પરત સુપ્રત કરવા પરવાનગી માંગતા આ ભલામણ કરેલ છે.

ઉક્ત તમામ વિગતો જોતાં, સોસાયટી વર્ષો જુની બંધ-હાલી છે. સોસાયટીની તમામ બાકી રકમ સંસ્થાને ભરપાઇ કરવામાં આવેલ છે તે સંજોગોમાં સોસાયટીના સભ્યો સોસાયટીનો વહીવટ પરત મેળવવા અગ્રેસર હોવાનું જણાતું હોઇ ફડચા અધિકારીનો અહેવાલ ધ્યાને લેતાં મજકુર સોસાયટીને પુનઃજીવીત કરવામાં હરકત સરખું જણાતું ન હોઇ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

INDEX

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૯-ખ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ ધી તુલસીવન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ, નોંધણી નંબર ધ-૩૧૪૬, તા. ૨૬-૬-૧૯૯૮ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરું છું.

(૧) સોસાયટીનું ઓડીટ દર વર્ષે નિયમિત નિયમોનુસાર ખાતા મારફત કરાવી લેવાનું રહેશે.

(૨) સહકારી કાયદા-કાનુન અને મંડળીના મંજુર થયેલા પેટા નિયમો, લેન્ડ સિલીંગ એકટ, જમાન સંપાદનને લગતા કાયદા અને અન્ય લાગુ પડતા સંબધીત તમામ કાયદાઓનું સોસાયટીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

સદરહુ શરતોનો ચુસ્તપણે અમલ કરવાની શરતે મજકુર સોસાયટીને પુનઃજીવીત કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૯-૬-૨૦૦૨.

વંચાણમાં લીધા :-

(૧) આ કચેરીના તા. ૨૨-૧-૨૦૦૧ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૩૫/ધ. ૨/૪૭/સને ૨૦૦૧નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીના તા. ૧૦-૬-૨૦૦૨ના ક્રમાંક ફડચ/ફ. ૧/૫૫/૨૦૦૨થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નં ફડચ / ફ. ૧૧૫૩૫/ધ. ૨/૫૧૨/સને ૨૦૦૨.— ધી ગુજરાત મહીલા પછાત વર્ગ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ, નોંધણી ક્રમાંક ઉ. ૩૧૬૧, તા. ૨૯-૬-૧૯૭૯થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૨૨-૧-૨૦૦૧ના જા. નં. ફડચ/ફ ૧૧૫૩૫/ ધ. ૨/૪૭/સને ૨૦૦૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સદર્ભ-૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૧૯-૬-૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંબર / ૪૭૫૯/ક-૨/૧૪૭ / ધ-૧૯૯૯૭/ ૨૦૦૨.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી હરીભકત બંગલોઝ કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૪-૬-૨૦૦૨

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

જા. નં. નંધણ/૩૨૮૭/ક-૩/૪૩૪/સે-૩૩૧૯૪/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે, ધોળકા તાલુકા ફળ, ફૂલ, અને શાકભાજી ખરીદ-વેચાણ અને પ્રોસે. કો. ઓપ. સો. લી., મર્યાદિત સ્થળ નેસડા, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૪-૫-૨૦૦૨.

જા. નં. નંધણ/૩૨૮૩/ક-૩/૪૩૫/સે-૩૩૧૯૫/૨૦૦૨ — આથી જાહેર કરે છે કે, જયઅંબે રાઇસ અને પ્રોસેસિંગ સહ. મંડળી લિ., મર્યાદિત સ્થળ આવળા, તાલુકો આવળા, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૪-૫-૨૦૦૨.

જા. નં. નંધણ/૩૨૮૪/ક-૩/૪૩૭/સે-૩૩૧૯૬/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે, બાવળા તેલીબીયા ઉત્પા. ની સહ. ખરીદ વેચાણ મંડળી લિ., મર્યાદિત સ્થળ બાવળા, તાલુકો બાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૪-૫-૨૦૦૨.

INDEX

જા. નં. નધણ/૩૨૮૬/ક–૩/૪૩૮/સે–૩૩૧૯૭/૨૦૦૨.– આથી જાહેર કરે છે કે, રાશમ શાકભાજી ખરીદ–વેચાણ અને પ્રોસેસિંગ સહકારી મંડળી લિ., મર્યાદિત સ્થળ રાશમ, તાલુકો ભાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૪–૫–૨૦૦૨.

જા. નં. નધણ/૩૨૮૫/ક–૩/૪૩૯/સે–૩૩૧૯૮/૨૦૦૨.– આથી જાહેર કરે છે કે, ભાવળા કોટન સેલ્સ જીનીંગ કો. ઓપ. સો. લિ., મર્યાદિત સ્થળ, ભાવળા, તાલુકો ભાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૪–૫–૨૦૦૨.

ક્રમાંક / નધણ / ૩૨૯૧/ક–૩/૪૫૮/ઉ–૧૨૦૭૪/૨૦૦૨.– આથી જાહેર કરે છે કે, જગદંબા શાકભાજી ખરીદ–વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., ભાવળા, મર્યાદિત સ્થળ ભાવળા, તાલુકો ભાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯–અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૦–૫–૨૦૦૨.

ક્રમાંક નધણ /૩૨૯૩/ક–૩/૪૫૯/ઉ–૧૨૦૭૫/૨૦૦૨.– આથી જાહેર કરે છે કે. સાંઇનાથ ફળ અને ફૂલ ઉત્પાદકોની ખરીદ–વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી; મર્યાદિત સ્થળ ભાવળા, તાલુકો ભાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯–અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૦–૫–૨૦૦૨.

ક્રમાંક નધણ/ ૩૨૯૨ / ક-૩/૪૬૦ /સે-૩૩૧૯૬/૨૦૦૨.– આથી જાહેર કરે છે કે. ધી ન્યુ દુર્ગા ફ્રુ ઉત્પાદકોની રૂપાંતર કરનારી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભાવળા, તાલુકો ભાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૦–૫–૨૦૦૨.

ક્રમાંક / નધણ / ૩૨૯૦ / ક-૩/૪૬૧/સે-૩૩૨૦૦/૨૦૦૨.– આથી જાહેર કરે છે કે કેરાલા રાઇસ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી. કેરાલા મર્યાદિત સ્થળ કેરાલા, તાલુકો ભાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૦–૫–૨૦૦૨.

ક્રમાંક નધણ/૩૨૯૫/ક-૩/૪૬૨/સા-૩૫૭૧/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે સાલજડા, અનાજ કઠોળ ખરીદ વેચાણ અને રૂપાંતર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સાલજડા, તાલુકો ભાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૦–૫–૨૦૦૨.

ક્રમાંક નધણ/ ૩૨૯૪/ ક-૩ / ૪૬૩/સા-૩૫૭૨/૨૦૦૨ — આથી જાહેર કરે છે કે, ભવાની તેલીબીયા ઉત્પાદકોની ખરીદ વેચાણ અને રૂપાંતર કરનારી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભાવળા, તાલુકો ભાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૦–૫–૨૦૦૨.

INDEX

ક્રમાંક નંવણ / ૩૨૬૭ / ક-૩/૪૨૫/ઉ-૧૨૦૩૬/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી આદીવાસી મજુર કામદાર સ. મં. લી. મર્યાદિત સ્થળ ધરજી, તાલુકો બાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૧–૫–૨૦૦૨.

વંચાણમાં લીધા :

(૧) અત્રેના તા. ૨૮–૧–૦૨નો અંતિમ આદેશ ફડચ/ગ-૩/૧૪૫/૦૨

(૦) ફડચા અધિકારી લગત કચેરીના તા. ૨૯–૫–૨૦૦૨નો પત્રથી મંડળીને પુનઃજીવિત કરવા અંગેની ભલામણ સહિત રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ તથા ૯૯ (ખ) ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ન/ગ-૩/૧૧૮૨/૨૦૦૨.—ધી દહેલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. દહેલા, તા. જી. ગાંધીનગરને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી ક્રમાંક એફ/૭૨૦, તા. ૨–૧૧–૬૦થી નોંધાયેલ દૂધ મંડળી છે.

મંડળી તેના ઉદ્દેશો મુજબ કાર્યવાહી કરતી બંધ થયેલ હોઇ ગાંધીનગર દુધ ઉત્પાદક સહકારી સંઘ લી; ના તારીખ ૨૯–૨–૯૮ના પત્રને આધિન મંડળીને કલમ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા લખાણ કરતાં અત્રેથી કારણદર્શક નોટીસ તથા અન્ય પત્રોથી મંડળીના હોદ્દેદારોને રજુઆત અર્થે તકો આપવામાં આવેલ હતી. છતા. મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં અત્રેના તા. ૩–૧૨–૯૮ના વચગાળાના આદેશથી ત્રિન ૩૦માં રજુઆત અર્થે તક આપવામાં આવેલ હતી. મંડળીને ત્યારબાદ અત્રેથી માંગ્યા મુજબની માહિતી આધારો રજુ ન કરતાં સંદર્ભ–૧ના આદેશથી મંડળીને આટોપી લેવા સારૂનો હુકમ કરવામાં આવેલ હતો.

સંદર્ભ–૨નાં પત્રથી ફડચા અધિકારીએ કરેલ ભલામણ મુજબ મંડળી છેલ્લા ચાર વર્ષથી કાર્યશીલ છે. મંડળીએ રજુ કરેલ છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક અહેવાલો પ્રમાણે મંડળીના નફામાં ચાલે છે. મંડળી દુધ ઉપરાંત સભ્યોના ઢોર માટે ઘાસ દાણ, રજકો, ઘી, કપાસખોળ, ચા, જુવારનો પૂરક વેપાર કરે છે. મંડળીએ છેલ્લા વર્ષમાં દૂધ ઘર બનાવેલ છે. મંડળી હાલ નિયમિત વહિવટ ચલાવે છે. મંડળીની તારીખ ૧૨–૫–૨૦૦૨ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૨ થી મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવેલ છે.

ફડચા અધિકારીશ્રીની ઉકત ભલામણ, મંડળીનો ઠરાવ વગેરે વિગતો જોતાં સભ્યોના હીતખાતર નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૯૬૧ની કલમ–૧૦૭ તથા ૯૯ (ખ) ની સત્તાની રૂએ, શ્રી દહેલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દહેલા, તા. જી. ગાંધીનગર ની નોંધણી ક્રમાંક એફ–૭૨૦ તા. ૨–૧૧–૬૦ છે. તેની સામે કરવામાં આવેલ અત્રેનો તા. ૨૮–૧–૨૦૦૨નો અંતિમ આદેશ રદ કરૂં છું. અને મંડળીને પુનઃ જીવીત કરૂં છું.

અમદાવાદ, તા. ૪–૬–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને કલમ ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૪૪૯૬, તા. ૨૭–૫–૬૮.

(૩) ઓડીટર સહકારી મંડળીઓ દહેગામનો તા. ૧૧–૨–૦૨ના પત્રથી કરેલ ખાસ અહેવાલ.

(૪) અત્રેની કચેરીની તા. ૬–૫–૦૨ની કારણદર્શક નોટીસ.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ-૩/૧૧૧૮/૨૦૦૨.— ઉપર દર્શાવેલ ક્રમાંક–૩ થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી પીપલજ ગૃપ તેલી. ઉત્પા. સ. મં. લી. મુ પીપલજ, તા. દહેગામ, જી. અમદાવાદ / ગાંધીનગર મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશો અનુસાર કામકાજ સ્થગિત થઇ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપર સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીએ ઓડીટ મેમાની દુરસ્તી ન કરી કલમ ૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીએ પેટા નિયમ પ્રમાણે વ્યવસ્થાપક કમીટીઓ બોલાવેલ નથી.

(૩) મંડળીએ વાર્ષિક સાધારણ સભામાં પેટાનિયમ અનુસાર કોઇ પ્રગતિકારક ઠરાવ કરેલ નથી.

(૪) સંડળીએ પેટાનિયમ અનુસાર કોઇ પ્રવૃત્તિઓ કરેલ નથી.

INDEX

(૫) મંડળીના હોદ્દેદારો કે સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૬) મંડળીએ ડેડસ્ટોક, રજીસ્ટર, વ્યક્તિગત શેર ખાતાવહી કે શેર રજીસ્ટર જેવા અગત્યના રજીસ્ટર રાખેલ નથી.

(૭) મંડળીમાં આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધુ છે. મંડળી ખોટમાં ચાલે છે.

ઉપરના સંજોગો ધ્યાને લેતા મંડળીને સહકારી કાયદાની કલમ ૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું એચ. એન. દવજી, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (૩૨લ), અમદાવાદ મને મળેલ અધિકારની રૂઇએ ધી પીંપલજ ગ્રુપ તેલી. ઉત્પા. સ. મં. લી. મુ. પીંપલજ કે જેનો નોંધણી ક્રમાંક એ-૨૪૧૫૦ તારીખ ૧૮-૮-૯૦ છે, તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરું છું. અને આજ અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે શ્રી એ. બી. કોરડીયા લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (૩૨લ), અમદાવાદની ફરજ્યા અધિકારી તરીકે નિયુક્ત કરું છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઇ ખુલાસો કે રજુઆત કરવી હોય તો નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે, ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો કે રજુઆત થશે નહી. તો મુદત વિત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તા. ૫-૬-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડી.સી.સી./૧૩૬૮/૧૮૪૯૬/ખી, તારીખ ૨૭-૫-૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના હુકમ ક્રમાંક મસમ/૨/ક/૩૯૬૫, તા. ૮-૬-૧૯૯૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૨૯-૩-૯૬.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૨૫૭, તારીખ ૨૭-૨-૨૦૦૨.

(૬) અત્રેની કચેરીના તા. ૨૦-૬-૧૯૯૬, ૧૬-૧-૧૯૯૭, ૬-૮-૧૯૯૭, ૨૬-૯-૧૯૯૭, ૮-૧૦-૧૯૯૯, ૧૧-૧૦-૦૧, ૧૩-૧૧-૦૧ના પત્રો.

(૭) મંડળીની તા. ૨૨-૧૦-૨૦૦૧ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૧૨૫૪/૨૦૦૨.-ધી વર્ધમાન ગ્રુપ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વર્ધાના મુવાડા, તા. દહેગામ, જીલ્લો ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક એ-૨૫૮૪, તા. ૧૯-૧-૧૯૯૩ છે તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૨૫૭, તા. ૨૭-૨-૨૦૦૨ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઈ વાંધો - વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો-વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ-૬ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો-વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. તેમ માનવાને કારણ રહે છે. ઉક્ત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દવજી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (૩૨લ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂઇએ ધી વર્ધમાન ગ્રુપ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ વર્ધાના મુવાડા, તા. દહેગામ, જી. ગાંધીનગર, કે જેનો નોંધણી ક્રમાંક એ-૨૫૮૪૮, તા. ૧૯-૧-૧૯૯૩ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરું છું.

અમદાવાદ, તા. ૧૧-૬-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક/ધખ/૨૭૭/ડીસીસી/૧૩૬૮/૧૮૪૯૬/ખી, તા. ૨૭-૫-૭૮.

INDEX

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક/ખસમ/૨/ક/૩૯૬૫, તા. ૮–૬–૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા, ૨૪–૪–૦૧.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ–૩/૨૬૩, તા. ૨૭–૨–૦૨.

(૬) અત્રેની કચેરીના તા. ૪–૧૦–૦૧, ૨૭–૧૨–૦૧ના પત્રો.

(૭) મંડળીની તા. ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૧૧૫૭/૨૦૦૨.—ધી ડઢાણા મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. ડઢાણા, તા. માંડલ, જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક તારીખ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ–૩/૨૬૩, તા. ૨૭–૨–૦૨ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઈ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઈ વાંધો-વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ–૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દરજી, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ફરલ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ ધી ડઢાણા મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. ડઢાણા, તા. માંડલ, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક તા. થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂ છું.

અમદાવાદ, તા. ૧૧–૬–૨૦૦૨.

———

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીસીસી/૧૧૬૮/૧૮૪૬ / જી, તારીખ ૨૭–૫–૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૯૬૫, તા. ૮–૬–૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૭–૧૨–૯૫.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૨૫૬, તા. ૨૭–૨–૦૨.

(૬) અત્રેની કચેરીના તા. ૨૦–૨–૯૬, તા. ૧૦–૬–૯૬, તા. ૧૬–૧–૯૭, ૬–૮–૯૭, ૮–૧૦–૯૯, ૧૧–૧૦–૦૧, તા. ૧૩–૧૧–૦૧ ના પત્રો.

(૭) મંડળીની તા. ૨૨–૧૦–૦૧ ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૧૧૫૮/૨૦૦૨.– ધી પાટનાકુવા ગ્રુપ તેલીબીયા ઉત્પાદક સ. મં. લી. મુ પાટનાકુવા, તા. દહેગામ, જી. ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૨૪૧૬૯, તા. ૧૧-૪-૯૧ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક : (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૨૫૬ / તા. ૨૭-૨-૦૨ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો–વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ –૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો–વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો–વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ફરલ), અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ ધી પાટનાકુવા ગ્રુપ તેલીબીયાં ઉત્પા. સ. મં. લી., મુકામ પાટનાકુવા, તા. દહેગામ, જીલ્લો ગાંધીનગર કે જેનો નોંધણી

INDEX

ક્રમાંક ૨૪૧૬૯, તા. ૧૧–૪–૯૧ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરું છું.

અમદાવાદ, તા. ૧૧–૬–૨૦૦૨.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ ડીસીસી / ૧૧૬૮ / ૧૮૪૬૬/બી, તા. ૨૭–૫–૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક : ખસમ/૨/ક/૩૯૬૫, તા. ૮–૬–૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૩–૭–૦૧, તા. ૧૪–૮–૦૧.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ–૩/ ૨૬૬, તા. ૨૭–૨–૦૨.

(૬) અત્રેની કચેરીના તા. ૨૭–૧૨–૦૧ ના પત્રો.

(૭) મંડળીના તા.————ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ગ–૩/૧૧૬૪/૨૦૦૨.—ધી ગવર્નમેન્ટ સેન્ટ્રલ પ્રેસ કન્ઝયુમર્સ કો–ઓપ સો. લી. મુ. ગાંધીનગર, તા. ગાંધીનગર, જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ભ–૧૧, તા. ૨–૧૧–૬૧ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ / ૦૧ / ગ–૩ / ૨૬૬, તા. ૨૭–૨–૦૨ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઈ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો–વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ–૬ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો–વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો / હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મ. (રૂરલ), અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ ધી ગવર્નમેન્ટ સેન્ટ્રલ પ્રેસ કન્ઝયુમર્સ કો–ઓપ. સો. લી. મુ. ગાંધીનગર, તા. ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક ભ–૧૧, તા. ૨–૧૧–૬૧ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરું છું.

અમદાવાદ, તા. ૧૩–૬–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર, વિભાગના ઠરાવ ક્રમાંક; ધખ/૨૭૭/ડીસીસી/૧૧૬૮/૧૮૪૬૬/બી, તા. ૨૭–૫–૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક : ખસમ/૨/ક/૩૯૬૫, તા. ૮–૬–૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૨૫–૯–૨૦૦૦.

(૫) અત્રેની કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ ગ/૩/૨૫૮ તા. ૨૭–૨–૨૦૦૨.

(૬) અત્રેની કચેરીના તા. ૭–૬–૦૧, ૭–૩–૦૧, ૪–૧૦–૦૧, ૨૭–૧૨–૨૦૦૧. ના પત્રો.

(૭) મંડળીની તારીખ ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ–૩/૧૧૬૫/૨૦૦૨.–ધી વારણા પછાતવર્ગ બક્ષીપંચ સામુ. ખેતી સહ. મંડળી લી. મુ. વારણા, તા. ધોળકા, જી. અમદાવાદ કે જે નો નોંધણી ક્રમાંક ૩૩૪૩, તા. ૨૨–૧૧–૯૨ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક : (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ–૩/૨૫૮, તા. ૨૭–૨–૨૦૦૨ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ–૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી

INDEX

તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (૩૨૯), અમદાવાદ મને મળેલ સત્તાની રૂઇએ ધી વારણા અક્ષીપંચ સામુ. ખેતી સહ. મંડળી લી. મુ. વારણા, તા. ધોળકા, જીલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ૩૩૪૩, તારીખ ૨૨-૧૧-૯૨થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરું છું.

અમદાવાદ, તા. ૧૩-૬-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ / ૨૭૭ / ડીસીસી / ૧૧૬૮ / ૧૮૪૬૬ / ખી, તા. ૨૭-૫-૯૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૬૬૫, તા. ૮-૬-૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૧૬-૩-૯૯.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૨૬૨, તા. ૨૭-૨-૦૨.

(૬) અત્રેની કચેરીના તા. ૧૩-૪-૯૯, ૨૦-૮-૯૯, ૪-૧૦-૦૧, ૨૭-૧૨-૦૧ના પત્રો.

(૭) મ.ડળીની તા. ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૧૬૫/૨૦૦૨.—ધી શકિત દુધ ઉત્પાદક સહ. મં. લી. મુ. કેશરડી, તા. ધોળકા, જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૭૮૦૭, તા. ૧૮-૧૧-૭૮ છે, તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ / ૦૧ / ગ-૩/૨૬૨, તા. ૨૭-૨-૦૨ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ લાંબો-વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ-૬ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો-વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો / હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (૩૨૯) અમદાવાદ મને મળેલ સત્તાની રૂઇએ ધી શકિત દુધ ઉત્પાદક સહ. મં. લી. મુ. કેશરડી, તા. ધોળકા, જીલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૭૮૦૭, તા. ૧૮-૧૧-૭૮ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરું છું.

અમદાવાદ, તા. ૧૩-૬-૨૦૦૨.

વંચાણમાં લીધા :

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીસીસી/૧૧૬૮/૧૮૪૬૬/ખી, તા. ૨૭-૫-૯૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૬૬૫, તા. ૮-૬-૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૨૧-૧૨-૯૮.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩ ૨૫૯, તા. ૨૭-૨-૦૨.

(૬) અત્રેની કચેરીના તા. ૧૯-૧-૯૯, ૧૧-૮-૯૯, ૩૦-૮-૯૯, ૨૮-૧૨-૯૯, ૪-૧૦-૦૧, ૨૭-૧૨-૦૧ના પત્રો.

(૭) મંડળીની તા. ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૧૩૬૬/૨૦૦૨.—ધી કલ્યાણગઢ દુધ ઉત્પા. સ. મં. લી. મુ. કલ્યાણગઢ તા. ધોળકા જી.

INDEX

અમદાવાદ/ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક ૨૧૭૭૨, તા. ૧૦-૪-૮૬ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ / ૦૧ / ગ-૩/૨૫૯, તા. ૨૦-૨-૦૨થી આટોપી લેવા અદેશ સામે મંડળીને કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો-વિરોધ રજુ થયેલ નથી આમ છતાં મંડળીને સદર્ભ-૬ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૬ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો-વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણે રહે છે. ઉક્ત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દવજી, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મ (૩૨લ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ થી કલ્યાણગઢ દૂધ ઉત્પા. સ. મં. લી., મુ. કલ્યાણગઢ, તા. ધોળકા, જીલ્લો અમદાવાદ/ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક ૨૧૭૭૨, તા. ૧૦-૪-૮૬થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરું છું.

અમદાવાદ, તા. ૧૩-૬-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ / ૨૭૭ / ડી.સી.સી. / ૧૧૬૮ /૧૮૪૯૬ /ખી, તા. ૨૭-૫-૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૬૬૫, તારીખ ૮-૬-૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૧૬-૧૧-૨૦૦૦.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૨૬૫, તા. ૨૦-૨-૨૦૦૨.

(૬) અત્રેની કચેરીના તારીખ ૨૭-૩-૦૧, ૫-૧૦-૦૧, ૨૭-૧૨-૦૧ના પત્રો.

(૭) મંડળીની તારીખ ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

(૧) મંડળી છેલ્લા પાંચ વર્ષથી બંધ હાલતમાં હોઇ કોઇ કામગીરી કરાયેલ નથી (૨) ઉદ્દેશો મુજબ દુધનું ખરીદ વેચાણ કરેલ નથી. (૩) ઓડીટ દુરસ્તી કરાવેલ નથી. (૪) વ્યવસ્થાપક કમીટી કે સાધારણ સભાની મીટીંગો છેલ્લા પાંચ વર્ષથી મળેલ નથી. (૫) ધીરાણની વસુલાત કરાયેલ નથી.

આમ સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ તથા ત્યારબાદ સોસાયટીને રજુઆતની વાજબી અને પુરતી તક આપવા છતાં પણ સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો/સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટી સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ નથી તેમ માનવાને પૂરતા કારણો હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ

INDEX

સત્તાની રૂઈએ, ધી રોજપુર-ગોપાલપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. અમદાવાદ, નોંધણી નં.ર. ઉ-૨૩૨૯૭, તારીખ ૨૨-૧૧-૮૯ ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી નોએલ, ઇ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમયમર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહીં તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૨૫-૬-૨૦૦૨

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ / ૪૭૬૦ / ક-૨/૧૫૬ સે-૩૩૧૪૩/ ૨૦૦૨.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી પ્રભુ પૂજન દૂધ અને ફળ વાપરનારાઓની સ. મં. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૮-૬-૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) શ્રી જગન્નાથ રામચંદ્ર કુંભારે તથા અન્યોની તારીખ વગરની અત્રે તા. ૨૫-૨-૦૨ના રોજ મળેલ અરજી.

(૨) આ કચેરીના તા. ૧૮-૩-૨૦૦૨ના પત્ર ક્રમાંક ફડચ/ ૦૧/ધ-૨/૨૩૨/૨૦૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીના તા. ૨૪-૫-૨૦૦૨નાં જા. નં. ફડચ/ફ-૧૧૫૬૨/ધ-૨/૪૩૬/૨૦૦૨નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૫૬૨/ધ-૨/૫૪૧/સને ૨૦૦૨.— ધી અંબીકા મીલ નંબર ૧/૨ના કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ધીરાણ મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૨૪૩૬, તા. ૪-૩-૧૯૭૪ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યશૈલી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવુ ફરજીયાત છે.

સંદર્ભ-૧ થી થયેલ રજુઆત મુજબ મજકુર સોયટી જે સંસ્થા / મીલના કર્મચારીઓની બનેલી છે તે સંસ્થા / મીલ સને ૧૯૯૩ થી બંધ હાલતમાં છે અને ત્યારથી મજકુર મંડળી બંધ હાલતમાં છે. મજકુર મંડળીનું દફતર અરજદાર પૈકી શ્રી જગન્નાથ રામચંદ્ર કુંભારેના કબજામાં છે અને તેઓની વધુ ઉંમરના કારણે સાચવી શકે તેમ ન હોઇ સોસાયટીના અન્ય સભાસદોની સહીઓ સાથે અરજી રજુ કરી મજકુર મંડળીને ફડચામાં લઇ જવા વિનંતી કરેલ, જે વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ ન હતી જે લક્ષમાં લઇ સંદર્ભ-૩ થી વચગાળાનો હુકમ પસાર કરી અમારી સમક્ષ ૦૧-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ જેને વાજબી અને પુરતો સમય પસાર થવા છતાં સોસાયટી તરફથી કોઇ રજુઆત મળવામાં નથી.

આ સંજોગો અને સંદર્ભ-૧ થી રજુ થયેલ રજુઆતની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામા હાલ કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટાનિયમો મુજબ ચાલતો નથી. જેથી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ઇ. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ, ધી અંબીકા મીલ નં. ૧/૨ના કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ, નોંધણી નંબર ૧૨૪૩૬, તારીખ ૪-૩-૧૯૭૪ ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એન. ઇ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨-૭-૨૦૦૨

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ / ૪૭૬૧ / ક–૨/૧૬૪ /સે./૩૩૧૪૪/ ૨૦૦૨.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઈદા કો. ઓ. ક્રેડિટ એન્ડ સપ્લાય સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨–૭–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તા. ૫–૭–૯૫ ના જા. નં. ફડચ/૦૧/ધ.-૨ ૬૯૪/૧૯૯૫ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) ધી ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદના તા. ૬–૧૧–૨૦૦૧ ના જા. નં. આરઇસી/ફડચ/૧૧/૩૭૨૬ના પત્રથી રજુ થયેલ ભારતમાતા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને પુનઃજીવિત કરવા અંગેની દરખાસ્ત તથા તા. ૨–૭–૨૦૦૨ ના જા. નં. આરઇસી / ફડચ /૧૫૭ થી રજુ થયેલ પુર્તતા અહેવાલ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ.૨/૫૫૪/૨૦૦૨.—ધી ભારતમાતા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ રજીસ્ટર્ડ નં ધ–૫૪૨૬, તા. ૧૮–૬–૭૪ વાળી સહકારી ગૃહમંડળી છે

સદરહુ મંડળીનો વહીવટ કસ્ટોડીયન હસ્તક હતો અને સહકારી કાયદાની જે તે કલમ હેઠળ કસ્ટોડીયનની નિમુકિત અંગેની મહતમ અવધિ વીતી ગયેલ હોવા છતા સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા મંડળીના સભાસદો ઈચ્છતા ન હોવાથી તેમજ કસ્ટોડીયન દ્વારા પણ મંડળીનો વહીવટ અસરકારક રીતે સંચાલીત થઈ શકે તેમ ન હોવાથી પુર્વોક્ત વિચારણાને અંતે આમુખ–૧ થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ જે અન્વયે ફડચા અધિકારી દ્વારા સદર મંડળીનો વહીવટ સંભાળી લેવામાં આવેલ હતો.

આમુખ–૨ ના પત્રોથી કરવામાં આવેલ રજુઆત મુજબ સદર સોસાયટીમાં ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પો. લી., અમદાવાદનું જે ફડચા લેણું હતું તે પુરેપુરૂં સંસ્થામાં ભરપાઇ કરવામાં આવેલ છે તેમજ સોસાયટીના સભાસદો મંડળીનો વહીવટ સંભાળી લેવા તૈયાર હોવાની રજુઆત કરેલ છે. તથા મંડળીની નોંધણી રદ ન કરવા અને મંડળી પુનઃજીવીત કરવા આગળની કાર્યવાહી કરવા ફડચા અધિકારીને મંડળીની સાધારણ સભા બોલાવી વ્યવસ્થાપક કમીટીની રચના કરી આર્જ સુપ્રત કરવા જરૂરી કાર્યવાહી કરવા મંજુરી આપવા જણાવેલ છે. જે ધ્યાને લેતાં મજકુર સોસાયટીના ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૯-ખ અન્વયે મંડળી પુનઃજીવીત કરવા અને સૂચિત મંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના કરી વહીવટ પરત સુપ્રત કરવા અંગે પરવાનગી માંગેલી છે.

ઉકત તમામ વિગતો જોતાં, સોસાયટી વર્ષો જુની બંધાયેલી છે. સોસાયટીની તમામ બાકી રકમ સંસ્થાને ભરપાઈ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં સોસાયટીના સભ્યો સોસાયટીનો વહીવટ પરત મેળવવા અગ્રેસર હોવાનું જણાતું હોઇ ફડચા અધિકારીનો અહેવાલ ધ્યાને લેતાં સભાસદોના વિશાળ હિતમાં મજકુર સોસાયટીને પુનઃજીવીત કરવામાં હરકત સરખુ જણાતું ન હોઇ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯-ખ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઇએ ધી ભારતમાતા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ નોંધણી નંબર ધ-૫૪૨૬, તા. ૧૮–૬–૧૯૭૪ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરૂંછું.

(૧) સોસાયટીનું બાકી ઓડીટ તાત્કાલિક કરાવી લેવાનું રહેશે અને ત્યારબાદનું ઓડીટ દર વર્ષે નિયમિત નિયમોનુસાર ખાતા મારફત સ્વાયી સુચનાનુસાર કરાવી લેવાનું રહેશે.

(૨) સહકારી કાયદા-કાનુન અને મંડળીના મંજુર થયેલા પેટા નિયમો લેન્ડ સિલીંગ એકટ, જમીન સંપાદનને લગતા કાયદા અને અન્ય લાગુ પડતા સંબધીત તમામ કાયદાઓનું સોસાયટીને ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદરહુ શરતોનો ચુસ્તપણે અમલ કરવાની શરતે મજકુર સોસાયટીને પુન જીવીત કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૩–૭–૨૦૦૨.

INDEX

વંચાણે લીધા :—

(૧) આ કચેરી દ્વારા તા. ૧૯-૪-૦૨ ના લોકસત્તા, જનસત્તા, અમદાવાદ ગુજરાતી દૈનિક પત્રમાં પાના નં. ૬ ઉપર પ્રસિદ્ધ કરાવેલ જાહેર નોટીસ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. સકક / ૦૧ /ધ-૨/૫૫૭/સને ૨૦૦૨.— જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના કાર્યક્ષેત્રમાં આવેલી આ સાથે સામેલ પરિશિષ્ટના કૉલમ નં. ૨ માં દર્શાવેલ મંડળીઓએ મુંબઇ સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૨૫ અથવા ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળીઓ છે, કે જેઓના નામ સામે કૉલમ નં. ૩ માં દર્શાવેલ નોંધણી નંબર/તારીખથી તે રજીસ્ટર્ડ થયેલ છે. આ સહકારી મંડળીઓએ તેઓનો વહીવટ સહકારી કાયદા કાનુન નિયમો અને જે તે મંડળીના મંજુર થયેલા પેટા નિયમો મુજબના ઉદ્દેશો પરિપુર્ણ થાય તે પ્રમાણે કરવાનો રહે છે. સદરહુ મંડળીઓનું બાકી ઓડીટ પુર્ણ કરવા માટે જે તે નિયુકત ઓડિટરશ્રીએ જે તે સંબંધીત સહકારી મંડળીના સરનામે પત્રવ્યવહાર કરતા સમન્સો પાઠવતા, રૂબરૂ મુલાકાતો લઇને સંપર્ક કરી બાકી ઓડીટ પુર્ણ કરવા પ્રયત્ન કરેલ છતાં મજકુર મંડળીઓ સરનામા મુજબના સ્થળે મળી ન આવવાના કારણે તેમજ સોસાયટીના હોદ્દેદારો દ્વારા ઓડીટ માટે જરૂરી રેકર્ડ રજુ ન કરવાના કારણે મજકુર સહકારી મંડળીઓ સહકારી કાયદા-કાનુન નિયમો અને મંડળીના પેટા-નિયમો મુજબ કામ કરતી ન હોવાના નિષ્કર્ષ ઉપર આવી જે તે સોસાયટી માટે નિયુક્ત સંબંધીત ઓડીટરશ્રીએ જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની ભલામણસહ તે સહકારી મંડળી સામે સહકારી કાયદાની કલમ ૧૪૩ અન્વયેની કાર્યવાહી કરવા, કલમ-૧૦૩ અન્વયે ફડચામાં લઈ જવા અથવા કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવા ખાસ અહેવાલ ભલામણસહ અત્રે લખી મોકલેલ તે અહેવાલની વિગતો લક્ષમાં લઇ તથા આ સાથે સામેલ પરિશિષ્ટના ક્રમાંક. ૧૮ અને ૧૯ માં સમાવિષ્ટ સહકારી મંડળીઓના કિસ્સામાં ફડચામાં લઈ જવાનો હુકમ કરી નિયુકત કરવામાં આવેલ ફડચા અધિકારી દ્વારા રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ આ સાથે સામેલ પરિ-શિષ્ટમાં સમાવિષ્ટ ક્રમાંક. ૧ થી ૩૭ સહકારી મંડળી-ઓની સહકારી કાયદાની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવાની કાર્યવાહી હાથ ધરવા અને તે અંગે બહોળી પ્રસિદ્ધિ ધરાવતાં ગુજરાતી દૈનિકપત્રમાં જાહેર નોટીસ, પ્રસિદ્ધિ કરાવ-વાનો નિર્ણય લેવામાં આવેલ અને તે મુજબ ન્યાયના હિતમાં જે તે સોસાયટીના હોદ્દેદારો, સભ્યો, હિત ધરાવતી સંસ્થાઓ અને શખ્સોને રજુઆતની પુરતી તક મળી રહે તે હેતુથી સંદર્ભ-૧ થી જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવીને તેમાં દર્શાવ્યા મુજબની સહકારી મંડળીઓની નોંધણી રદ કેમ ન કરવી ? તે મતલબ એક માસમાં અમારી સમક્ષ/ આ કચેરીમાં લેખિત/ મૌખિક રજુઆત કરવા જણાવવામાં આવેલ જેને વ્યાજબી અને પુરતો સમય પસાર થવા છતાં મજકુર જાહેર નોટીસમાં દર્શાવેલ મંડળીઓ પૈકીની આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ મંડળીના હોદ્દેદારો, સભ્યો કે હિત ધરાવતી સંસ્થાઓ કે શખ્સો તરફથી આજદિન સુધી લેખિત કે મૌખિક રજુઆત અમારી સમક્ષ રજુ કરેલ નથી. જેથી મજકુર મંડળીઓને સંદર્ભ-૧ ની જાહેર નોટીસ અંગે કાંઇ કહેવાનું રહેતું નથી. તથા તે સહકારી કાયદા-કાનુન નિયમો અને મંડળીના પેટા નિયમોથી નિયત કરવામાં આવેલ ઉદ્દેશો મુજબની કામગીરી કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. અને સોસાયટીના હોદ્દેદારો કે સભ્યોને મંડળીના કાયદા-કાનુન દ્વારા ચલાવવામાં રસ નથી તેમ માનવાને પુરતા અને વજુદવાળા કારણો રહે છે. તેથી આ સાથે સામેલ પરિશિષ્ટના કૉલમ નં. (૨) માં દર્શાવેલ મંડળીઓ તેના નોંધાયેલ કે ઉપલબ્ધ સરનામે કામ કરતી ન હોઈ આ મંડળીઓની નોંધણી રદ કરવા બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૨૦ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણે અનુક્રમ નંબર (૧) થી (૩૭) મુજબની કૉલમ નં. (૨) માં દર્શાવેલ નામ ધરાવતી સહકારી મંડળીઓ કે જેના નોંધણી નંબર/તારીખ કૉલમ નં. ૩ માં દર્શાવેલ તે સહકારી મંડળીઓની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

પરિશિષ્ટ

જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૪-૭-૨૦૦૨ ના જા. નં. સકક/૦૧/ધ. ૨/૫૫૭/ સને ૨૦૦૨ ના હુકમનું બીડાણ,

અનુ. નંબર	સોસાયટીનું નામ	નોંધણી નંબર/તારીખ
૧	૨	૩
૧	અમદાવાદ મોટર્સ કર્મચારી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ.	૧૧૮૧૫, તા. ૯-૫-૧૯૭૭
૨	રીઝર્વ બેંક સ્ટાફ ક્વાર્ટર્સ આહક સહકારી ભંડાર લી., અમદાવાદ.	ભ. ૩૩૯૭, તા. ૨૬-૪-૧૯૮૬

INDEX

૧	૨	૩
૩	બંસીધર ચાંદલોડીયા કો ઓપ. હા. સોસાયટી લી., અમદાવાદ.	૧૭૭૮૦, —
૪	જયકિશાન ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ.	ભ. ૪૩૩૭, —
૫	તુલસી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ.	૧૬૫૮૪, —
૬	સૌરાષ્ટ્ર બાંધકામ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ.	ઉ. ૬૯ —
૭	સ્પ્રીંગવેલી ખેતી સહકારી મંડળી લી., અમદાવાદ.	બે. ૨૯૪૦, તા. ૨૩–૭–૧૯૮૫
૮	શાંતીવન સામુદાયીક ખેતી સહકારી મંડળી લી., અમદાવાદ.	૩૮૭૫ —
૯	કંચનદર્શન કો. ઓપ. હા. સો. લી., અમદાવાદ.	ધ. ૩૬૬૦, —
૧૦	વટવા મુક્તાનંદપાર્ક કો. ઓ. હા. સોસાયટી લી., અમદાવાદ.	ધ. ૮૯૭૭, —
૧૧	છાયાપુષ્પ કો. ઓ. હા. સો. લી., અમદાવાદ.	ધ. ૧૭૭૯૭, તા. ૧૦–૧–૧૯૮૭
૧૨	ન્યુ એકતા કો. ઓ. હા. સો. લી., અમદાવાદ.	ધ. ૧૨૫૬૩, —
૧૩	ન્યુ કર્ણાવતી કો. ઓ. હા. સો. લી., અમદાવાદ.	ધ. ૧૩૭૭૬. —
૧૪	એન. એચ. એલ. કોલેજ કર્મચારી-ઓની કો-ઓ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ.	૧૧૦૫૫, તા. ૨૪–૧૦–૧૯૭૦
૧૫	રૂસ્તમ જહાંગીર વકીલ મીલ કર્મચારીઓની કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ.	સે. ૧૨૪૩૮, તા. ૫-૩–૧૯૭૪
૧૬	શ્રદ્ધા ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ.	ભ–૪૨૬૨, તા. ૧૦–૫–૧૯૯૭
૧૭	સ્વસ્તિક ટેક્ષટાઈલ કુાં. પ્રા. લી.ના કર્મચારીઓની ક્રેડીટ સહકારી મંડળી લી., અમદાવાદ.	સે–૧૧૮૨૬, —
૧૮	ગુજરાત મેટલબોક્ષ કર્મચારીઓની કો. ઓ. ક્રેડીટ સો. લી., અમદાવાદ.	૧૭૫૩૪, તા. ૧૮–૯–૧૯૭૧
૧૯	પૂનાજી કન્ઝયુમર્સ કો. ઓ. સો. લી., અમદાવાદ.	ભ–૧૮૯૭, તા. ૧૬–૨–૧૯૬૧
૨૦	પરિચય ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ.	૪૫૯૯, —
૨૧	આનંદપાર્ક કો. ઓ. હા. સો. લી., અમદાવાદ.	ધ–૧૭૮૧૦, —
૨૨	પ્રતીમા કો. ઓ. હા. સો. લી., અમદાવાદ.	ધ–૧૭૬૬૨, તા. ૪–૭–૧૯૮૩
૨૩	મધુવન બેંક ઓફ બરોડા સ્ટાફ કો. ઓ. હા. સો. લી., અમદાવાદ.	ધ–૬૦૬૧, તા. ૨૬–૨–૧૯૮૨
૨૪	જગનંદીની કો. ઓ. હા. સો. લી., અમદાવાદ.	૧૧૧૯૮, —
૨૫	મહિલા સહાયક સહકારી મંડળી લી., અમદાવાદ.	૨૧૦૬, તા. ૩–૧૧–૧૯૫૩
૨૬	ન્યુ મંગલમ કો. ઓ. હા. સે. લી., અમદાવાદ.	ધ–૬૧૬૯, તા. ૨૮–૧૧–૧૯૮૧
૨૭	છત્રપતિ મરાઠા કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ	૧૩૩૮૩ તા. ૧૧–૪–૧૯૫૦
૨૮	પેસ્ટ કન્ટ્રોલ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ.	ઉ. ૨૫૮૪, તા, ૨–૫–૧૯૬૨
૨૯	પંકજ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ.	ભ. ૩૮૫૩, —
૩૦	ઉત્તર ગુજરાત મજુર કામદાર સહકારી ભંડાર લી., અમદાવાદ.	ઉ. ૨૪૦૬, તા. ૭–૬–૧૯૬૨
૩૧	અજમેરી ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ.	૪૨૭ —
૩૨	શક્તિ મજુર કામદાર સહકારી મંડળી લી, અમદાવાદ.	૭૮૧૫ —
૩૩	સમર્પણ (પોટલીયા) કો. ઓ. હા. સો. લી., અમદાવાદ.	ધ. ૧૭૭૬૨, તા. ૨–૧–૧૯૯૫
૩૪	હેમીનાપાર્ક કો. ઓ. હા. સો. લી., અમદાવાદ.	ધ. ૬૫૩૩, તા. ૩૦–૯–૧૯૭૭
૩૫	મહાલક્ષ્મી કો. ઓ. હા. સો. લી., અમદાવાદ.	ધ. ૧૬૧૯૫, તા. ૩–૬–૧૯૬૩
૩૬	કાઠીયાવાડ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ.	ભ. ૪૫૩૨, તા. ૧–૨–૧૯૬૪
૩૭	બ્રુકબોન્ડ એમ્પ્લો. કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ.	સે. ૧૮, તા. ૧૨–૬–૧૯૬૬

અમદાવાદ, તા. ૪–૭–૨૦૦૨

વંચાણે લીધા :-

(૧) જીલ્લા રજીસ્ટ્રાર ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૦-૫-૨૦૦૨ નો પત્ર ક્રમાંક અપણુ/૦૧/૮૫/૨૦૦૨ થી આવેલ બાસ અહેવાલ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ,

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૭૨/ધ-૨ / ૫૬૨ સને ૨૦૦૨.-ધી હાથીજણ રામકૃષ્ણ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે. જેના નોંધણી નંબર ધ. ૧૨૦૬૦. તા. ૨૧-૨-૧૯૮૬ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનુ દર વર્ષે નિયમિત ઓડિટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તા. ૧-૭-૯૫ થી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીનું શ્રી આર. એમ. શાહ, ઓડીટર, ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ દ્વારા હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. અને તેના ભાગરૂપે સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો અહેવાલ રજુ કરેલ છે જેમાં જણાવ્યા મુજબ મજકુર સોસાયટીએ હાથીજણ ગામની સીમમાં સર્વે નં. ૩૧૯ ની બ્લોક નં. ૩૦૬ ની ૩-૨૦ એકર ગુઠા જમીન ખરીદેલ હતી. સદર જમીનની બાબતે ચાલતી તકરારમાં નાયબ કલેકટરશ્રી, અમદાવાદનો તા. ૨૮-૮-૯૭ નો ચુકાદો સોસાયટીની વિરૂદ્ધમાં આવતા મજકુર જમીન, જમીન માલીકને પરત કરેલ હતી ત્યારબાદ જમીન ખરીદેલ નથી. તા. ૨૫-૪-૦૧ ની સોસાયટીના તમામ સભ્યો (કુલ સભ્ય સંખ્યા ૧૪૬ની હાજરીમાં મળેલ વાર્ષિક સાધારણ સભામાં સર્વાનુમતે ઠરાવ નં. ૧ થી ૩ પસાર કરી તે ઠરાવની વિગતો મુજબ મેળવીને ફડચામાં લઇ જવા/નોંધણી રદ કરવા ઠરાવેલ છે તે ઠરાવની નકલ ઓડિટર દ્વારા અહેવાલ સાથે રજુ થયેલ છે. આમ સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સોસાયટીને સંદર્ભ-૧ અન્વયે સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી કરવા અહેવાલ ભલામણ સહ અત્રે લખી મોકલવામાં આવેલ છે.

સંદર્ભ-૧થી રજુ થયેલ અહેવાલની સાથે સામેલ સોસાયટીની વાર્ષિક સાધારણ સભાના ઠરાવની વિગતો મુજબ મંડળી આટોપી લેવાનો ઠરાવ સર્વાનુમતે પસાર કરી ઓડીટર દ્વારા અત્રે રજુ કરવામાં આવેલ છે, ત્યારે મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી જરૂરી બનતી હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી હાથીજણ રામકૃષ્ણ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ધ. ૧૨૦૬૦, તા. ૨૧-૨-૧૯૮૬ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એન. ઈ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૬-૭-૨૦૦૨.

નોંધણીનુ પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નંધણુ/૪૭૬૫/ક-૨/૧૭૦/સે. ૩૩૧૪૫/૨૦૦૨ — આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી વાળીનાથ કો. ઓ. ક્રેડિટ એન્ડ સપ્લાય સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૦-૭-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીને તા. ૨૨-૧-૨૦૦૧ ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૩૯/ધ. ૨/૪૬/ સને ૨૦૦૧ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીના તારીખ ૮-૭-૨૦૦૨ ના જા. નં. ફડચ/ફ. ૩/૧૦૮/૦૨ ના પત્રથી આવેલ પરિશ્રમ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદને પુનઃજીવીત કરવા અત્રેની સહકારી કાયદાની કલમ-૧૯.ખ અન્વયેની દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ./૧૧૫૩૯/ધ. ૨/૫૮૫/સને ૨૦૦૨.— ધી પરિશ્રમ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ

INDEX

તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૯ હેઠળ રજીસ્ટર્ડ થયેલ સહકારી મંડળી છે કે જેનો નોંધણી નંબર ૭૧૫૪, તારીખ ૨૮–૬–૧૯૭૭ છે.

સંબંધીત મંડળીના બાકી ઓડીટ માટે સંબંધીત ઓડીટર ખ્વારા સોસાયટીને નોટીસ આપેલ તેમજ રૂબરૂ મુલાકાત લીધેલ તેમ છતાં મજકુર સોસાયટીએ ઓડીટ કરાવેલ નહીં જેથી જીલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૪–૮–૨૦૦૦ ના પત્રથી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૩ અન્વયે ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી કરવા ભલામણસહ ઓડીટર ખ્વારા રજુ થયેલ ખાસ અહેવાલ અત્રેની કચેરીમાં રજુ કરેલ જે ઉપર જરૂરી કાનુની પ્રક્રિયા અનુસર્યા બાદ અત્રેથી સુંર્ફભ–૧ થી સોસાયટીને ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવેલ અને મજકુર સોસાયટીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચે –૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવેલ જે અન્વયે સોસાયટીના દફતરનો હવાલો મેળવવા માટે ફડચા અધિકારીએ સોસાયટીની મુલાકાત લીધેલ હતી.

આમુખ–(૨) માં વંચાણે લીધેલ ફડચા અધિકારીના પત્રમાંની વિગતો અને તે સાથે મીડાણુ લઈ આવેલ સોસાયટીના સભાસદો શ્રી અનિલ રમણલાલ પરમાર તથા અન્યો દ્વારા તા. ૪–૭–૨૦૦૨ થી સોસાયટીને પુન : જીવીત કરવા અંગે ફડચા અધિકારીને ઉદ્દેશીને કરેલ દરખાસ્તમાંની વિગતો મુજબ મજકુર સોસાયટીનું સને ૧૯૯૭ સુધીના હિસાબોનું ઓડીટ થયેલ છે. ત્યારબાદના હિસાબો તૈયાર છે. હોદ્દેદારના બદલાયેલ સરનામાને કારણે ઓડીટ દ્વારા સંપર્ક થઈ ન શકવાથી તથા ઓડીટ અંગેની ટપાલ સોસાયટીને ન મળવાથી ઓડીટ કરાવી શકેલ ન હતા. સોસાયટીના હિસાબો છેવટ સુધીના તૈયાર છે અને હાલ છેવટ સુધીના હિસાબોનું ઓડીટ કરાવવા તૈયાર છે. મંડળીનું દફતર હાલ સોસાયટી હસ્તક છે. મંદીના કારણે કામકાજ ન મળવાથી મંજકુર સભાસદો છુટા પડી ગયેલ હવે એકત્ર થઈ મંડળી ચાલુ રાખવા સંમત થયેલ છે. મંડળીના હોદ્દેદારો કામકા જ મેળવી ચાલુ સભાસદો /જીન સભાસદોને રોજી પુરી પાડે છે, મંડળીમાં હાલ કારોબારી કમીટી કાર્યરત છે. જેની યાદી રજુ કરેલ છે. સભાસદો મંડળીનો વહીવટ પોતાના હસ્તક માંગતા હોઇ મંડળીને પુન : જીવીત કરવા રજુઆત કરેલ છે. ફડચા અધિકારીએ મજકુર દરખાસ્ત ઉપર રજુ કરેલ અભિપ્રાયમાં સોસાયટીનું બાકી ઓડીટ કરાવી લેવું. મંડળીનો વહીવટ સહકારી કાયદા-કાનુન મુજબ કરવો, મંડળીના ચોપડા / દફત નિયમિત નિભાવવા વિગેરે શરતે મજકુર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૯–ખ અન્વયે પુન : જીવીત કરવા અંગેના ધટતા હુકમો કરવા ભલામણ સાથે વિનંતી કરેલ છે.

ઉકત તમામ બાબતો તથા ફાઇલ ઉપરથી વિગતો ધ્યાને લેતાં એ બાબત સ્પષ્ટ છે કે મજકુર સોસાયટીને માત્ર ઓડીટ ન કરાવવાના એક માત્ર કારણસર ફડચામાં લઈ જવામાં આવેલ ત્યારે બાકી ઓડીટ પૂર્ણ કરાવવાની સોસાયટીની પ્રાથમિક જરૂરીયાત/શરત અંગેનો ફડચા અધિકારીનો અભિપ્રાય ઉચિત જણાય છે. વળી સોસાયટીના સભાસદો સોસાયટીને સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા-નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી અમલવર્તી કરવા અગ્રેસર છે અને ઉત્સાહી વલણ ધરાવતાં હોવાનું જણાય છે. સોસાયટીનું સને ૧૯૯૭ સુધીનું હિસાબી ઓડીટ થયેલ છે ત્યારબાદના હિસાબો તૈયાર છે. ઓડીટર સંપર્ક કર્યેથી ઓડીટ કરાવી લેવાની ખાત્રી આપેલી છે. સોસાયટીનું અસ્તિત્વ ટકાવી રાખવામાં આવે તો તે તેના બહુમત સભાસદો/જીન સભાસદોને રોજગારી પુરી પાડવા અંગેની ઉદ્દેશો મુજબ કામગીરી કરી સભાસદોને પ્રાથમિક જરૂરીયાત સંતોષી શકે તેમ છે તેમજ બાકી ઓડીટ પુર્ણ થઇ શકે તેવા સ્પષ્ટ સંજોગો છે. ત્યારે સોસાયટીના બહુમત સભાસદોના વિશાળ હિત અને ફડચા અધિકારીની શરતી ભલામણ તેમજ સદર કેસની સમગ્ર હકીકતો / વિગતો ધ્યાને લેતા સોસાયટીના સભાસદોને વહીવટ પરત સુપરત કરી પોતાની સોસાયટીનો વહીવટ કરવાની એક તક આપવી જરૂરી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૯. ખ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ ધી પરિશ્રમ મજુર કામદાર સહકારી મંડળી લી.. અમદાવાદ, નોંધણી નંબર. ૭૧૫૪, તા. ૨૮–૬–૧૯૭૭ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુન : જીવીત કરવાનો હુકમ કરૂં છું.

(૧) સોસાયટીનું બાકી ઓડીટ તાત્કાલીક પુર્ણ કરાવવાનું રહેશે અને હવે પછીથી સોસાયટીનું ઓડીટ દર વર્ષે નિયમિત, ખાતાની સ્થાયી સુચના મુજબ નિયમોનુસાર કરાવવાનુ રહેશે.

(૨) સહકારી કાયદા–કાનુન અને મંડળીના મંજુર થયેલા પેટાનિયમો તથા અન્ય લાગુ પડતા તમામ કાયદાઓનો સોસાયટીએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદરહું શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે મજકુર મંડળીને પુનઃજીવીત કરવાની પરવાનગી આપવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૦–૭–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/ ૪૭૬૬ /ક-૨ / ૧૮૦ /ઉ-૧૨૦૪૨/ ૨૦૦૨.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી હિમાલી મજુર કામદાર સ. મં. લી., સ્થળ અમદાવાદ શહેર,

INDEX

સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૫–૭–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા. ૩૧–૧–૦૨ ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૫૬/ધ. ૨/૮૨, સને ૨૦૦૨નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીના તા. ૬–૬–૦૨ના ક્રમાંક ફડચ/ફ. ૨/૯૫/૦૨ થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) અત્રેની કચેરીના તા. ૮–૭–૦૨ ના જા. નં. ધરમ/ખ-૪/૧૪૩૩/૨૦૦૨ નો પત્ર.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ. ૧૧૫૫૬/ધ. ૨/૬૦૮/૨૦૦૨.—શ્રી ઓમ રણછોડ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ, નોંધણી ક્રમાંક ભ. ૫૦૦૫, તા. ૧–૩–૧૯૯૯ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૩૧–૧–૦૨ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૫૬/ધ. ૨/૮૨, સને ૨૦૦૨ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સંદર્ભ–૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા તથા સંદર્ભ–૩ થી રજુ થયેલ પત્રમાંની વિગતો મુજબ મજકુર સોસાયટીમાં સરકારશ્રીના લેણાંની વસુલાત મેળવવાની બાકી રહેતી ન હોઇ મજકુર સહકારી મંડળીનું ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહું કાયદાની કલમ–૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૧૬–૭–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૮–૩–૦૨ નો પત્ર ક્રમાંક અપણ/૧૧/ગ–૪/૬૨૮/સને ૨૦૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૨૦–૪–૨૦૦૨ ના પત્ર ક્રમાંક સકક/૦૧/૫. ૨/૩૪૫/૨૦૦૨ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૨૨–૫–૨૦૦૨ ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૬૧/ધ. ૨ / ૪૩૪ / સને ૨૦૦૨નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૬૧/ધ. ૨/૬૧૪/૨૦૦૨.—ધી રામપુર્ણમ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેના નોંધણી નંબર ધ. ૧૦૮૦૭, તારીખ ૩–૮–૧૯૮૪ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમીત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું આખરી ઓડીટ તા. ૧–૭–૧૯૯૫ થી તા. ૩૧–૩–૨૦૦૧ સુધી શ્રી આર. એલ. જોગી, સર્ટીફાઇડ ઓડીટર દ્વારા હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ તથા ઓડીટ દરમ્યાન નીચેની વિગતે બાબતો ધ્યાને આવેલ હોવાનું જણાયેલ છે.

(૧) મંડળીનાં નોંધણીના ઉદ્દેશો મુજબ સભાસદોને રહેઠાણ પુરા પાડવા સંબંધી કાર્યવાહી કરાવેલ નથી.

(૨) મંડળીની સાધારણ સભામાં એકના એક સભાસદો (કુલ ૧૨) ની સહી જોવા મળેલ છે. અન્ય સભાસદોને મંડળીના કામકાજમાં રસ ન હોવાનું જણાયેલ છે.

(૩) ઓડીટ અહેવાલની દુરસ્તી કરાવેલ નથી.

(૪) મંડળીની પાસે જમીન મેળવી બાંધકામ કરવા અંગે કોઈ નાણાં ભંડોળ ઉપલબ્ધ નથી.

(૫) સભાસદ રજીસ્ટર અધુરી વિગતે છે.

ઉકત બાબતો ધ્યાને લેતાં મંડળી સ્થગિત અવસ્થામાં હોવાનું જણાતાં સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ મુદતે સોસાયટી તરફે શ્રી ગેલાજી કરશનભાઇ સોલંકી ઉપસ્થિત રહેલ અને મૌખિક

INDEX

રજુઆત કરવા જણાવેલ કે સોસાયટીમાં રહેઠાણ વિહોણા પછાત જાતિના સભાસદો છે. તા. ૩૧-૩-૨૦૦૧ સુધીનું ઓડીટ પુર્ણ કરાવેલ છે. જમીન મેળવી સભાસદો માટે આવાસો બાંધવાની પેટા-નિયમો મુજબની કામગીરી કરવા સોસાયટી કટિબંદ્ધ હોઇ મજકુર મંડળીને ફડચામાં લઇ જવા વિનંતી કરવામાં આવેલ જે રજુઆત અને સંદર્ભ-૧ થી રજુ થયેલ ખાસ અહેવાલની વિગતો ધ્યાને લઈ, મજકુર સોસાયટીને સંદર્ભ-૩ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરવામાં આવેલ અને તે સામે કોઈ રજુઆત કરવાની થતી હોય તો અમારી સમક્ષ દિન-૩૦ માં રજુઆત કરવા જણાવવામાં આવેલ પણ તેને વાજબી અને પૂરતો સમય પસાર થવા છતાં મજકુર સોસાયટીના હોદ્દેદારો દ્વારા સંદર્ભ-૩ થી કરાયેલ હુકમ સામે કોઇ રજુઆત મળવામાં નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલ તથા સંદર્ભના હુકમની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પસ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા-અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પારપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા-નિયમો મુજબ ચાલતો નથી. જેથી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી રામપૂર્ણમ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ નોંધણી નંબર ધ. ૧૦૮૦૭, તા. ૩- -૧૯૮૪ ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૮-૭-૨૦૦૨.

વંચાણમાં લીધા :-

(૧) આ કચેરીના તા. ૬-૧-૨૦૦૧ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૩૩/ ધ. ૨/૧૭/૨૦૦૧નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીના તા. ૨૯-૭-૨૦૦૨ના ક્રમાંક ફડચ/ફ. ૧/૮૧/૨૦૦૨થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ. ૧૧૫૩૩/ધ. ૨/૬૬૩ સને / ૨૦૦૨.- ધી તેરા મેરા સાથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., અમદાવાદ નોંધણી ક્રમાક ૯૦૧૦, તા. ૧૬-૩-૧૯૯૧થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૬-૦૧-૨૦૦૧ના હુકમ ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૩૩/ધ. ૨/૧૭/૨૦૦૧થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩-૮-૨૦૦૨.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર),
અમદાવાદ.

ક્રમાંક નધણ / ૩૨૮૯ / ક-૩/૪૬૩/સે-૩૩૨૦૧/૨૦૦૨. - આથી જાહેર કરે છે કે હીરામણિ શિક્ષણ સંસ્થા સંકુલ કર્મચારી ક્રેડિટ એન્ડ કન્ઝયુમર્સ કો. ઓ. સો. લિ., મર્યાદિત સ્થળ છારોડી, તાલુકો દસક્રોઈ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ તા. ૧૨-૬-૨૦૦૨.

ક્રમાંક / નધણ / ૩૨૯૮/ક-૩/૪૬૪/સે. ૨૮૫૭૪/૨૦૦૨. - આથી જાહેર કરે છે કે સોમેશ્વર સેવિંગ્સ એન્ડ ક્રેડિટ કો. ઓ. સો. લી., મર્યાદિત સ્થળ બાવળા, તાલુકો બાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૨-૬-૨૦૦૨.

INDEX

ક્રમાંક નંધણ/૩૩૦૦ / ક-૩/૫૦૨ / સે-૩૩૨૦૨/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ઉમિયા ક્રેડિટ એન્ડ સપ્લાય સ. મં. લી., મર્યાદિત સ્થળ બાવળા, તાલુકો બાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૫-૬-૨૦૦૨.

ક્રમાંક નંધણ/ ૩૩૦૧ /ક-૩/૫૦૫/સે-૩૩૨૦૩/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી આશાપુરા અચત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કોઠ, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૭-૬-૨૦૦૨.

ક્રમાંક નંધણ/ ૩૩૦૨ /ક-૩/૫૧૦/સે—૩૩૨૦૪/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ઓમ સાંઇ ક્રેડીટ એન્ડ સપ્લાય કો-ઓપ. સોસા. લી., મર્યાદિત સ્થળ કળીકુંડ ધોળકા, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા ૧૮-૬-૨૦૦૨.

ક્રમાંક નંધણ/૩૩૦૩/ક-૩ /૫૧૩/ સે-૩૩૨૦૫/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી કૃષ્ણ ક્રેડીટ એન્ડ સપ્લાય સ. મ. લી., મર્યાદિત સ્થળ ગુંદરા-ધોળકા, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૯-૬-૨૦૦૨.

ક્રમાંક નંધણ/૩૩૦૪ /ક-૩ /૫૨૧/ધ-૨૦૨૮૭/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શીવપૂજન કો-ઓપ. હાઉ. સોસા. લી. મર્યાદિત સ્થળ ચાંદખેડા, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૦-૬-૨૦૦૨.

ક્રમાંક નંધણ/૩૩૦૫/ક-૩ /૫૨૨/ સે-૨૮૫૭૫/ ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે સાંગણપુર દૂધ ઉત્પા. સહ. મંડળી લી., મર્યાદિત સ્થળ સાંગણપુર, તાલુકો રાણપુર, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૦-૬-૨૦૦૨.

ક્રમાંક નંધણ/૩૩૦૬/ક-૩ /૫૨૩/સે-૨૮૫૭૬ /૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શેલા દૂધ ઉત્પાદક સહ. મંડળી લી., મર્યાદિત સ્થળ શેલા, તાલુકો ધંધુકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૦-૬-૨૦૦૨.

વંચાણે લીધા .

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૪૪૬૬, તા. ૨૭-૫-૬૮.

(૩) અત્રે મળેલ રજુઆતના સંદર્ભે મંડળીની સ્થળ તપાસ કરી મેળવેલ વિગતો તથા મંડળીના ચેરમેનશ્રીનું તા. ૨૦-૩-૨૦૦૨ ના રોજ મેળવેલ નિવેદન.

(૪) ધી ભાઇકાકાનગર કો. એ. હા. સો. લી., ના તા. ૧-૭-૧૯૯૯ થી ૩૧-૩-૨૦૦૧ સુધીનો ઓડીટ અહેવાલ.

INDEX

ક્રમાંક ધરમ/ચ–૩/૪૨૧/૨૦૦૨.— ધી ભાઇકાકાનગર કો. ઓ. હા. સોસાયટી લી., મુ. થલતેજ, તા. દશક્રોઇ જી. અમદાવાદની મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશો અનુસાર મંડળી કામકાજ કરતી નથી અને માત્ર મંડળીની વ્યવસ્થાપક સમિતિ અંગત હિત સંબંધી જ કામકાજ કરે છે તે નીચેના સંજોગો પરથી સ્પષ્ટ થાય છે.

(૧) સદરહુ ગૃહમંડળીમાં તેની નોંધણી થયા તા. ૬-૯-૧૯૬૫ થી આજદીન સુધી તેના સભ્યો તેમજ વ્યવસ્થાપક સમિતિના સભ્યો મંડળીમાં પ્લોટ કે મકાન ધારણ કરતા નથી કે હાલમાં પણ પ્લોટ/મકાન ધારણ કરતા નથી જે જે હકીકત મંડળીના સભ્ય થવાની લાયકાત ધરાવતા નથી.

(૨) વંચાણે લીધેલ હુકમમાં સને ૧૯૯૯–૨૦૦૧ ના ઓડીટ અહેવાલમાં પણ મંડળીની નોંધણી બાદ માત્ર પ્લોટ વેચાણનો જ ધંધો કરે છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ બાબતે તપાસ કરાવતાં મંડળીએ તેની નોંધણી બાદ ગૃહ સહકારી મંડળી તરીકેના ઉદ્દેશો મુજબ કામગીરી હાથ ધરી નથી. મંડળીએ નોંધણી સમયે ખરીદેલ કુલ ૧,૦૯,૦૨૧ ચો. મીટર જમીન હતી તેના પ્લોટ પાડી કુલ-૧૩૦ પ્લોટસનું વેચાણ કર્યું છે. પરંતુ ખરીદનાર પૈકી કોઇને પણ સભાસદ બનાવ્યા નથી. નોંધણીની તારીખે જે પ્રમોટરો હતા તે સિવાય બીજા સભ્ય બનાવવામાં આવ્યા નથી.

(૩) ગૃહમંડળીના હોદ્દેદારોએ ડેવલપર દ્વારા વ્યક્તિ/ઇસમને પ્લોટનું અવાટ વેચાણ કરી ઉપજેલ રકમ સોસાયટીના હિસાબોમાં જમા લીધેલ નથી. આમ ગૃહમંડળીના હોદ્દેદારોએ ગૃહમંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી કરેલ નથી. ગૃહ સહકારી મંડળી તરીકે નોંધાયેલ મંડળી સહકારી મંડળી તરીકેના કોઇ હાર્દને જાળવી શકેલ નથી. સભાસદ માટે આવાસો બાંધકામ કરવાને બદલે સહકારી મંડળીના ઓથા હેઠળ પ્રવૃત્તિ કરેલ છે જે તેના ઉદ્દેશો સાથે સુસંગત નથી.

(૪) ગૃહમંડળીની નોંધણી થયેથી સહકારી કાયદા, કાનુનની જોગવાઇઓનો સરેઆમ ભંગ કરી વ્યક્તિગત શખ્સ/ઇસમને પ્લોટનું વેચાણ કરી સભાસદ તરીકે દાખલ ન કરી પ્લોટ ધારણ કરનારને સભ્ય તરીકેના હકકોથી વંચિત રાખેલ છે અને જેના કારણે ધી ભાઇકાકાનગર કો. ઓ. હા. સો. લી. ગૃહમંડળીમાં પ્લોટ ખરીદનાર વ્યક્તિ/ઇસમોને હાલમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે રોડ, રસ્તા ગટર, વીજળી કોમન પ્લોટ વગેરે માટે પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે.

(૫ ધી ભાઇકાકાનગર કો. ઓ. હા. સો. લી. ગૃહમંડળીમાં છેલ્લા કેટલાક વર્ષોથી ગૃહમંડળીમાં પ્લોટ ધારણ ન કરનાર અને બની બેઠેલા સભ્યો/હોદ્દેદારોએ સહકારી પ્રવૃત્તિના નામે પ્લોટોનું વેચાણ કરી મહત્તમ નફો જ મેળવવાની કાર્યવાહી હાથ ધરીને સહકારના સિદ્ધાંતોનો ભંગ કરેલ છે.

ઉપરના સંજોગો ધ્યાને લેતાં ઉકત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ફરલ) અમદાવાદ મને મળેલ અધિકારની રૂએ ધી ભાઇકાકાનગર કો. ઓ. હા. સો. લી., મુકામ થલતેજ, કે જેનો નોંધણી ક્રમાંક :– ધ–૧૫૭૧, તા. ૬–૯–૧૯૬૫ છે તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરું છું અને આ જ અધિનયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે શ્રી એ. બી. કોરડીયા ફરજ઼ા અધિકારી લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી (ફરલ) અમદાવાદની ફરજ઼ા અધિકારી તરીકે નિયુક્ત કરું છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાની તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉકત મુદ્દત દરમ્યાન મંડળી તરફથી કોઇપણ ખુલાસો કે રજુઆત થશે નહીં તો મુદ્દત વિત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તા. ૨૦–૬–૨૦૦૨.

ક્રમાંક નધણ / ૨૮૭૦ / ક–૩ / ૫૨૬ / ધ–૨૦૨૮૮ / ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ગાંધીનગર જયુડીશીયલ સ્ટાફ કો.–ઓ. હાઉ. સો. લી., મર્યાદિત સ્થળ સરગાસણ, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૧–૬–૨૦૦૨.

ક્રમાંક નધણ/૩૩૧૫/ક–૩/૫૬૧/ધ–૨૦૨૮૯ / ૨૦૦૨.– આથી જાહેર કરે છે કે શબ્દ કો. ઓ. હાઉ. સો. લી., મર્યાદિત સ્થળ ભાટ, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ તા. ૨૯-૬-૨૦૦૨.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકારી ખાતા નં. ધબ / ડી. ડી. સી. / ૭૨'૬ / બી,-૩૧ / ૧૨ / ૬૫.

(૩) સહકાર કમિશ્નરશ્રી અને રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળી ગુજરાત રાજ્ય અમદાવાદના તા. ૨૯-૧-૬૬ના હુકમ નંબર એડી / એમ-૧.

(૪) અત્રેની કારણદર્શક નોટીસ : ફડચ/૦૧/ગ-૩/૧૨૨૭-એ/ ૨૦૦૨, તા ૨૦-૬-૦૨.

(૫) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી-એચ કે એચ-૨૪-૯૧ / ડી ડી સી-૧૧૮૮-૫૨૦૪ જે, તારીખ ૩૦-૪-૯૧ થી મળેલ અધિકાર.

પ્રસ્તાવના

ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૧૩૭૨/૨૦૦૨.—ધી સુનીતાપાર્ક (ગોતા) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. ગોતા, તા. દસક્રોઇ, જીલ્લા અમદાવાદ રજીસ્ટર નં. ધ-૧૭૮૨૮, તા. ૧-૩-૯૭ થી નોંધાયેલ ગૃહ સહકારી મંડળી છે.

સદરહું મંડળી મોજે ગોતાના સર્વે નં. ૨૬૩-૨૬૪ની કુલ-૧૮૭૫૫ ચોરસવાર જમીન ઉપર કુલ-૨૪ સભ્યો માટે નોંધવામાં આવેલ સમળ મંડળીની નોંધણી થયા બાદ અત્યાર સુધી એટલે કે પાંચ વર્ષનો સમય વીત્યાં છતાં, મંડળી પાસે અગર તેના નામે જમીન મેળેલ નથી થયેલ નથી. જેથી ગૃહ સહકારી મંડળી તરીકેનો તેનો મૂળભૂત ઉદ્દેશ બર આવેલ નથી. મંડળીની નોંધણી બાદ અત્યાર સુધી એકપણ વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક કમીટીની મીટીંગ પણ તેનાં હોદ્દેદારોએ બોલાવેલ નથી, અગર ભરેલ નથી જે ઉપરથી ફલિત થાય છે કે મંડળી તેના હોદ્દેદારો કે સભ્યોને ચલાવવામાં રસ નથી. મંડળીએ તેના નોંધાયેલ પેટા કાયદા તથા સહકારી કાયદા કાનૂન પ્રમાણેની કામગીરી કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. જે બાબતે જરૂરી સ્પષ્ટતા કરવા ઉક્ત સંદર્ભ-૪ થી તેનાં હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી. સંભાળવાની તક પણ આપવામાં આવેલ છે. સદર નોટીસનો તેના હોદેદારો દ્વારા કોઇ પ્રત્યુત્તર ન મળતાં સદર મંડળીની નોંધણી રદ કરવી આવશ્યક હોઈ નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક ૧ અને ૨ તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારીની રૂએ શ્રી સુનીતાપાર્ક (ગોતા) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. ગોતા, તા. દસક્રોઇ, જી. અમદાવાદ જેનો નોંધણી નં. ધ-૧૭૮૨૮, તા. ૧-૩-૯૭ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું.

અમદાવાદ, તા. ૧૭-૭-૨૦૦૨.

ક્રમાંક નધણી/૩૩૪૧ / ક-૩ /૬૦૯૬/ઉ-૧૨૦૭૮/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે મારૂતિ મજુર સહકારી મંડળી, મર્યાદિત સ્થળ સાણંદ, તાલુકો સાણંદ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૫-૭-૨૦૦૨.

એચ. એન. દરજી,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(રૂરલ), અમદાવાદ.

વંચાણમાં લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી લાલપુર ગોપાલક સહકારી મંડળી લી., તા. થરાદ, જીલ્લો બનાસકાંઠાના તા. ૧૭-૬-૨૦૦૨ ના પત્ર ક્રમાંક સચ / ફડચ / ૭૬ / ૨૦૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૧૪(૨) અને કલમ-૨૦ (૧) ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૧૦૭૬ / ફ.-૧૨૮૯૮ / સને ૨૦૦૨.— ધી લાલપુર ગોપાલક સહકારી મંડળી લી., મુ. લાલપુર, તાલુકો થરાદ, જીલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (પંચાયત) પાલનપુરના તારીખ ૨૮-૧૦-૯૭ ના નોંધણી ક્રમાંક ૨૯૯૮૫ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. પાલનપુરના તા. ૩૧-૧૨-૨૦૦૧ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૨૫૭૫/ફ-૧૨૮૯૮ સને ૨૦૦૧થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ના

INDEX

પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સ. મં. એના અધિનિયમની કલમ–૧૧૪ (૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથે સાથ આજ કાયદાની કલમ–૨૦ (૧) અન્વયે મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૨૫-૬-૨૦૦૨.

વંચાણમાં લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી ધા ટેટોડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. તા. , જી. બનાસકાંઠાના તા. – –૨૦૦૨ના પત્ર ક્રમાંક .

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૧૪ (૨) અને કલમ ૨૦ (૧) ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૧૧૧૫/ફ-૧૨૮૯૫/સને ૨૦૦૨.— ધી ટેટોડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ટેટોડા, તાલુકો ડીસા, જીલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (પંચાયત) પાલનપુરના તારીખ ૬–૯–૯૬ના નોંધણી ક્રમાંક સે/૨૮૮૭૭થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. પાલનપુરના તા. ૩૧-૧૨-૨૦૦૧ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૨૫૭૬/ફ-૧૨૮૯૫/સને ૨૦૦૧થી કાયદાની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ–૧ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સ. મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથેસાથ આજ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૨૭–૬–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) તા. ૧–૭–૬૩ થી ૩૦–૬–૬૪નો ઓડીટ મેમો તથા બનાસ બેંકની દરખાસ્ત તા. ૧૪–૨–૬૭.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૪–૧૦–૯૬.

(૩) મંડળીનો તા. ૭–૪–૯૭નો રજુઆત પત્ર.

(૪) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૮–૬–૯૭.

(૫) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૩–૫–૬૮ના હુકમ ક્રમાંક ધ (ખ) ડીડીસી/૧૧૬૮/૧૮૪૬૬/બી થી મળેલ સત્તાઓ.

(૬) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૧૩૮/ફ-૧૨૬૮૭/૨૦૦૨.— ધી મડાણા (ગઢ) ગૃપ સેવા સહકારી મંડળી લી., મુ. મડાણા (ગઢ), તા. પાલનપુર, જિ. બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર સે–૧૫૦૦, તા. ૨૯–૧૨–૪૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. મંડળીના ઓડીટ મેમો દ્વારા તેમજ બનાસ બેંકની દરખાસ્તને ધ્યાને લઇ આમુખ–૨ થી મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. નોટીસ સામે મંડળીએ રજુઆત કરતાં જણાવેલ છે કે મંડળીના માજી મંત્રીશ્રીએ કરેલ ઉચાપતના રૂ. ૫,૫૫,૩૬૮/-ની વસુલાતની કિંમતી રાહે નામદાર કોર્ટ પાલનપુરમાં કાર્યવાહી ચાલુ છે. તેમજ માજી મંત્રીશ્રીની તથા જામીનદારોની જમીનની જાહેર હરાજી તા. ૧૯-૧-૯૮ના રોજ રાખેલ હતી. પરંતુ મંત્રીએ હરાજી સામે સ્ટે મેળવી લેતાં, તેમજ જામીનદારે હરાજી સામે હાઇકોર્ટમાં અપીલ કરેલ છે. આ કામે ના. કોર્ટમાં મુદ્દતે પડે છે. છેલ્લી મુદત તા. ૭–૪–૯૯નો હતી અને ઉચાપતની રકમની વસુલાતના દાવા અંગેના કોર્ટમાં કાર્યવાહી ન્યાયાધીન છે.

મંડળી છેલ્લા ઘણા વર્ષોથી બંધ છે. બેંકની લોન મુદ્દત વીતી થવા છતાં ભરપાઇ થઈ નથી તેમજ મંડળીના સભાસદોને મંડળી દ્વારા કોઇ લાભ થતો નથી. મંડળી દ્વારા કોઈ નવું ધિરાણ થતું નથી. ખાતર, બીયારણ પુરૂં પાડવામાં આવતું નથી આમ મંડળી સંપૂર્ણ સ્થાગત અવસ્થામા છે. મંડળીમાં ફકત મંત્રીશ્રીએ કરેલ નાણાની ઉચાપતના નાણાની વસુલાત પૂરતી કાર્યવાહી થાય છે. મંડળીના સભાસદો મંડળીને ફડચામાં લઇ જવા વારંવાર માંગણી કરેલ છે. મંડળી ઊભી હોવાથી બીજી મંડળીની નોંધણી થઇ શકતી નથી. અને આમ મંડળીના સભાસદોને ઘણી મુશ્કેલીઓ પડે છે. સાથે સાથે બનાસ બેંકના લ્હેણાંની પણ કોઇ વસુલાત થતી નથી. મંડળીની સંપૂર્ણ સ્થગિત બનવાથી મંડળીના ચાર પ્લોટ સમાહર્તા પાલનપુર એ રદ કરેલ છે. આમ મંડળી ફકત કાગળ ઉપર ચાલે છે અને એકજ બાબતના કારણે મંડળી કામ કરતી હોવાનું, અને ઉદ્દેશ્યો પ્રમાણે કોઈ કામકાજ થતું નહીં હોવાનું સ્પષ્ટ થતાં, હવે સભાસદોના હિત ખાતર નીચેના કારણોને લઇ મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળી છેલ્લા દશ વર્ષ ઉપરાંતથી સ્થગિત છે.

(૨) મંડળીનાં બેંક લોન મુદ્દતવીતી થવા છતાં પરત ભરપાઇ થતું નથી.

INDEX

(૩) સભાસદ ફિરાણુ મુદ્દતવીતી થવા છતાં વસુલાત થતી નથી.

(૪) નામદાર સરકારશ્રીની દેવા ફેડવા લોન ભરપાઈ કરી નથી.

(૫) મંડળીની કુલ ખોટ રૂા. ૩૩૬૧૮૦/- છે જે ખોટમાં ઉત્તરોત્તર વધારો થવા સંભવ છે.

(૬) સરકારશ્રીના દેવા રાહત યોજનામાં રૂા. ૬૭૩૬૮/- ની રકમ ના મંજુર કરેલ છે. જેથી સભાસદો પાસેથી વસુલ કરેલ નથી.

(૭) માજી મંત્રીશ્રી પાસે રૂા. ૫,૫૫,૩૮૮/- ની વસુલાત થઈ નથી.

(૮) મંડળીના નામે મંજુર થયેલ ચાર પ્લોટો ઉપર કોઇ બાંધકામ થતું નથી.

ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક જણાતાં અત્રેના તા. ૧૮-૯-૧૯૯૭ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી પી. એન. નિનામા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી મડાણા (ગઢ) ગ્રુપ સેવા સહકારી મંડળી લી., મુ. મડાણા (ગઢ), તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠા, નોંધણી નંબર સે-૧૫૦૦, તા. ૨૯-૧૨-૪૯ થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧) ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૨૯-૬-૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ પાલનપુરનો તા. ૧૬-૮-૨૦૦૧નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૨૮-૯-૨૦૦૧.

(૩) મંડળીની રજુઆત તા. ૧૦-૧૦-૨૦૦૧.

(૪) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૮-૧-૨૦૦૨.

(૫) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૩-૫-૬૮ના હુકમ ક્રમાંક ધ(ખ)ટીડીસી/૧૧૬૮/૧૮૪૬૬/બી થી મળેલ સત્તાઓ.

(૬) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૧૨૫/ફ-૧૩૬૮૮/૨૦૦૨.— ધી જોરાવરગઢ ગોપાલક સહકારી મંડળી લી., મુ. જોરાવરગઢ, તા. વાવ, જિલ્લો બનાસકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૧૯૫૮૬, તા. ૨૮-૯-૯૭થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ થી જણાવ્યા પ્રમાણે મંડળીની નોંધણી થયા બાદ ઉદ્દેશ્યો પ્રમાણે કામગીરી શરૂ કરી નથી. અને મંડળી સ્થગિત અવસ્થામાં છે, તે ધ્યાને લઇ આમુખ-૨ થી મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. નોટીસમા જણાવેલ કારણોની વિગતવાર રજુઆત કરવા ૧૫ દિવસનો સમય આપવામાં આવેલ હતો. મંડળીએ લેખિત રજુઆત તા. ૧૦-૧૦-૨૦૦૧થી કરેલ જેમાં જણાવ્યા પ્રમાણે મંડળીને કાંર્યશીલ મંત્રી ન મળવાથી આમ બનવા પામેલ છે હવેથી મંડળીના પેટા નિયમ તથા ઉદ્દેશ્યો પ્રમાણે મંડળીને કાર્યરત રાખવા ખાત્રી આપવામાં આવેલ. આમ મંડળીની રજુઆત વાસ્તવિક જણાતી નહિ હોવાથી આમુખ-૪ થી મંડળીને ફડચામાં લઇ જતો વચગાળાનો આદેશ કરેલ હતો. સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવા મંડળીના કાર્યવાહકોને જણાવેલ હતું. આથી મંડળીના મંત્રીશ્રીએ તા. ૨૫-૨-૨૦૦૨ના રોજ રૂબરૂ લેખિત થી રજુઆત કરેલ, જે વખતે તેમને કાયદાથી વાકેફ કરેલ અને એક માસની મુદ્દત આપી મંડળીને કાર્યરત કરવા જણાવેલ હતું. એક માસ ઉપરાંતનો સમય થયા બાદ અત્રેના તા. ૮-૪-૨૦૦૨ના પત્રથી મંડળીએ ઉદ્દેશ્યો પ્રમાણે કામગીરી શરૂ કરી હોય, તો તે અંગેનો અહેવાલ રજુ કરવા જણાવેલ હતું. પરંતુ મંડળી તરફથી કોઇ કામગીરી કર્યાનો અહેવાલ રજુ થયેલ નથી. આમ મંડળી કોઇ કામગીરી કરતી નથી તે સ્પષ્ટ થવાથી હવે સભાસદોના હિત ખાતર નીચેના કારણોને લઇ મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળીનાં નોંધણી થયા ત્યાર બાદ કોઇ કામગીરી શરૂ કરી નથી.

(૨) છેલ્લા ચાર વર્ષથી સંપૂર્ણ સ્થગિત અવસ્થામાં છે.

(૩) પેટા નિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થયેલ નથી.

(૪) મંડળીનું હજુ પણ બેંક સૂચિત ખાતુ છે.

ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક જણાતાં અત્રેના તા. ૧૮-૧-૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આથી હું શ્રી પી. એન. નિનામા, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી જોરાવરગઢ ગોપાલક સહકારી મંડળી લી., મુકામ જોરાવરગઢ, તાલુકા વાવ, જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબર ૨૯૫૮૬, તા. ૨૮-૯-૯૭થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૨૨-૭-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ પાલનપુરનો તા. ૧૦-૯-૨૦૦૧ નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૨૯-૯-૨૦૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૯-૧-૨૦૦૨.

(૪) મંડળીની લેખિત રજુઆત તા. ૬-૨-૨૦૦૨.

(૫) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૩-૫-૬૮ના હુકમ ક્રમાંક ધ (ખ) ડીડીસી / ૧૧૬૮ / ૧૮૪૬૬/મી, થી મળેલ સત્તાઓ.

(૬) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ૦૧ / ગ/૧૧૨૬/ફ-૧૩૬૮૯/૨૦૦૨.—ધી ભેસાણા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ભેસાણા, તાલુકો દિયોદર, જીલ્લો બનાસકાંઠા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર સે/૨૯૧૨૨, તા. ૬-૫-૯૭થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ થી જણાવ્યા પ્રમાણે મંડળીની નોંધણી થયા બાદ ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ કરી નથી. અને મંડળી સ્થગિત અવસ્થામાં છે. તે ધ્યાને લઇ આમુખ-૨થી મંડળીના કાર્યવાહકને ફડચાના કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. નોટીસમાં જણાવેલ મુદ્દાઓની રજુઆત કરવા ૧૫ દિવસનો સમય આપવામાં આવેલ હતો. તેમ છતાં મંડળી તરફથી કોઇ રજુઆત થઈ નથી. આમ મંડળી સ્થગિત હોવાનું સ્પષ્ટ થતાં આમુખ-૩થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ. સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવા જણાવવામાં આવેલ હતું. આથી મંડળીના કાર્યવાહકોએ લેખિત રજુઆત તા. ૬-૨-૨૦૦૨ થી કરેલ હતી. તેમાં જણાવ્યા પ્રમાણે હવેથી જરૂરી ભંડોળ ભેગુ કરી મંડળીના ઉદ્દેશ્યો મુજબ કામગીરી કરવાની ખાત્રી આપી મંડળીને જરૂરી મુદત આપવા વિનંતી કરેલ, આથી મંડળીને કામગીરી શરૂ કરવા જરૂરી સમય આપવામાં આવેલ હતો. હવે મંડળીએ કામગીરી કરેલ હોય તો તે અંગેનો અહેવાલ રજુ કરવા અત્રેથી તા. ૮-૪-૨૦૦૨ના પત્રથી જણાવતાં તે મંડળી તરફથી કોઇ અહેવાલ રજુ થયો નથી. જે ધ્યાને લેતાં મંડળી હજુ પણ સ્થાગિત છે. અને મંડળીએ કોઇ કામગીરી શરૂ કરી નથી. તે સ્પષ્ટ થવાથી હવે સભાસદોના હિત ખાતર નીચેના કારણોને લઇ મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળીની નોંધણી થયા ત્યારથી મંડળી સ્થગિત છે.

(૨) પેટા નિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થયેલ નથી.

(૩) કાર્યવાહકો-સભાસદો મંડળી ચલાવવા રસ ધરાવતા નથી.

ઉપરોક્ત કારણોસર મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક જણાંતાં અત્રેના તા. ૧૯-૧-૨૦૦૨ના વચગાળાના આદેશને મહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી પી. એન. નિનામા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી ભેસાણા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મં. લી. મુ. ભેસાણા, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબર સે/૨૯૧૨૨, તા. ૬-૫-૯૭થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૨૨-૭-૨૦૦૨.

INDEX

ધ્યાને લીધા :—

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૧૫-૧૦-૨૦૦૧નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તારીખ ૪-૧૨-૨૦૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૪-૩-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૩-૫-૬૮ના હુકમ ક્રમાંક ધ (ખ) ડીડીસી / ૧૧૬૮ / ૧૮૪૯૬/અ થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮નો જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૧૨૭/૬-૧૩૬૯૦ / ૨૦૦૨.— ધી આંબેડકર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુ. છાપી, તાલુકો વડગામ, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ધ/૭૬૬૭, તારીખ ૬-૩-૯૨ થી નોંધવામાં આવેલી સહકારી ગૃહ મંડળી છે. આમુખ—૧ થી જણાવ્યા પ્રમાણે મંડળી ઘણા સમયથી સ્થગિત હોઈ તથા પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નહિ હોવાથી, આમુખ—૧ થી મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. તથા ૧૫ દિવસ સુધીમાં રજુઆત કરવા જણાવવા છતાં મંડળી તરફથી કોઇ રજુઆત થઇ નથી. આમ મંડળી સ્થગિત હોવાનું જણાઇ આવતા, અત્રેથી ફડચાનો વચગાળાનો આદેશ તારીખ ૧૪-૩-૨૦૦૨થી કરેલ, સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવા પણ જણાવવામાં આવેલ હતું. આથી મંડળીના કાર્યવાહકોએ તારીખ ૨૨-૪-૨૦૦૨ થી લેખિત રજુઆત કરી જણાવેલ હતું કે મંડળીને જમીન મળે તો ઉદ્દેશ્યો પ્રમાણે કામગીરી શરૂ કરી હોત, પરંતુ મંડળીએ પ્રયત્નો ચાલુ રાખેલ છે. ગુજરાત ગ્રામ્ય ગૃહ નિર્માણ બોર્ડની જમીન છે તે જમીન ઉપર પંદર પ્લોટની જમીન પડતર છે. જે ગૃહ નિર્માણ બોર્ડ મંડળીને જમીન આપે તે માટેના પ્રયત્નો હાથ ધરેલ છે જે ધ્યાને લઈ મંડળીને એક તક આપવા વિનંતી કરી છે મંડળીને જમીન સંપાદન થયા વિના નોંધણી થયેલ જેનો દશ વર્ષ ઉપરાંતનો સમય થવા છતાં મંડળીને જમીન મળેલ નથી અને મંડળી સ્થગિત રહેલ છે. જે ધ્યાને લઈ હવે સભાસદોના હિત ખાતર નીચેના કારણોને લઇ મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળી છેલ્લા દશ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) પેટા નિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થતો નથી.

(૩) અગાઉના ઓડીટ મેમોની દુરસ્તી કરી નથી.

(૪) મંડળીના કાર્યવાહકો—સભાસદો મંડળી ચલાવવા રસ ધરાવતા નથી.

ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં અત્રેના તા. ૧૪—૩—૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી પી. એન. નિનામા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ પાલનપુર, હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી આંબેડકર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. છાપી, તા. વડગામ, જિલ્લો બનાસકાંઠા, નોંધણી નં. ધ/૭૬૬૭, તા. ૬—૩—૯૨થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) નવી જગ્યા પાલનપુરની, નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૨૨—૭—૨૦૦૨.

પી. એન. નિનામા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

ક્રમાંક નધણ/૦૧/ક-૨/૨૭૫/સે/૩૩૮૩૪/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે દયાદરા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી, મર્યાદિત સ્થળ દયાદરા, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ—૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૯—૬—૨૦૦૨.

ક્રમાંક નધણ/૦૧/ક-૨/૨૭૪/સે-૩૩૮૩૫/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે સલાદરા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ સલાદરા, તાલુકો વાગરા જિલ્લો ભરૂચ.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૯–૬–૨૦૦૨.

ક્રમાંક ન'વગુ/૦૧/ક-૨/૨૬૮/સે-૩૩૮૬/૨૦૦૨.— થી જાહેર કરે છે કે, કહાનવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કહાનવા, તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૯-૬–૨૦૦૨.

વચગાળાનો આદેશ

ક્રમાંક સેન ઉખસ/ફડચ/૦૧/ખ–૩/૩૯૩ થી ૩૯૮/૨૦૦૨.– થી રવી કોમ્પ્લેક્ષ શોપ્સ એનર્સ, કો. ઓ. સર્વિસ. સોસાયટી, મુકામ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જીલ્લા ભરૂચને નોંધણી નંબર આ./૮૮૬નો તા. ૧૩–૫–૯૯ થી નોંધવામાં આવેલ હતી. સદર મંડળીને ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧ના અધિનિયમની કલમ ૧૦૭ (૧) (ક) (ખ) ગ) (૧) (૨) (૩) (૪) (૫) (૭) (૨) (૩) અન્વયે આથી સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ આપવામાં આવે છે. ને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો–૧, સુરત કચેરી, શ્રીમતી બી. પી. જાદવ, ભરૂચની નિમણુંક કરવામાં આવે છે.

આ આદેશની સામે સદર મંડળીએ કોઈ રજુઆત કરવાની હોય તો નીચે સહા કરનાર અધિકારીશ્રીને એક માસની અંદર કરવાનો રહેશે. જો ઉપરોક્ત મુદતના સમયમાં સદર મંડળી તરફથી મંડળીને ફડચામાં નહી જવા અંગે કોઈપણ જાતની રજુઆત અત્રેની કચેરીએ નહી કરવામાં આવે તો આ આદેશ અંગે મંડળીને કોઇ વાંધો રજુઆત કરવાની નથી. એમ માનીને આ લેખીત વચગાળાનો આદેશ મુદત પુરી થયેથી કાયમ કરવામાં આવશે.

ભરૂચ, તા. ૧૮–૭–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) આ કાર્યાલયના વચગાળાનો આદેશ જા. નં. સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૪/તારીખ ૩–૧–૨૦૦૨થી મંડળીને ફડચામાં લઇ જવાનો આદેશ અપાયેલ આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક સને/ઉખસ/ફડચ/૦૧/ખ–૩/૪૦૧ થી ૪૧૦/૨૦૦૨.–થી દિનેશ્વર દુધ ઉત્પાદક સ. મં. લી., મુકામે દેમાર, તાલુકો ઝગડીયા, જિલ્લા ભરૂચને અત્રેની કચેરીના વ. ચ. જા નં. /ફડચ/૦૧/ખ-૨/૪/તારીખ ૩–૧–૨૦૦૨. થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો આદેશ આપવામાં આવેલ હતો જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૩)હેઠળ બહાલી આપતા સદર મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ હુકમ આપવામાં આવે છે. અને આ અંગે સદર મંડળીના શ્રી સહકારી અધિકારી (ફડચો-૧) ભરૂચ સુરત કચેરી શ્રીમતી બી. પી. જાદવની નિમણુંક ફડચા અધિકારી તરીકે કરવામાં આવે છે. અને નિમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પુરી કરવાની રહેશે.

ભરૂચ, તા. ૧૯–૭–૨૦૦૨.

જી. એસ. ત્રિવેદી,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ભરૂચ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, SEPTEMBER 12, 2002/BHADRA 21, 1924 [No. 37

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1199-1264
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	37
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	409-417
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	17449-18027

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) મુજબનો

નંબર ૩/ગપક/વિ.શા./૭૧૫/૨૦૦૨.-અમદાવાદ શહેરની પરિસ્થિતીને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર, તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ, સને. ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧લી જુલાઈ, ૨૦૦૨થી ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૨ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઇ પણ જાતના ચપ્પુ જેને અઢી ઇંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઇજા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(ખ) કોઇ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યકિત અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચીત્રો નિશાનીઓ જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇપણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યુ હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિ.

૩. પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઇપણ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ નં. ૪૫ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી માહે જૂન, સને ૨૦૦૨ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો

નંબર ઉ/ગપક/વિ.શા/૭૧૬/૨૦૦૨.-અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને. ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૨જી જુલાઈ, ૨૦૦૨ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૫મી જુલાઈ ૨૦૦૨ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરનો હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ, ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને. ૧૮૬૦ની કલમ, ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી માહે જૂન સને ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યા છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો

નંબર ઉ/ગપક/વિ.શા/૭૧૭/૨૦૦૨.-અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને. ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ

INDEX

૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૨ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૨ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ, ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને. ૧૮૬૦ની કલમ, ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી માહે જુલાઈ, સને ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયેનો

ક્રમાંક ઉ/ગપક/આઈ-૩૭૨/૧૧૩૫/૨૦૦૨.-અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ જે સુભાષબ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદર જગ્યા પર તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૨થી તારીખ ૩૧મી ઓક્ટોબર, ૦૨ સુધીના સમય દરમ્યાન પોલીસ અધિકારીઓ રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ થવાની હોય સદર જણાવેલ હદમાં રહેતા પ્રજાજનો તથા ઢોર ઢાંખરની સલામતી સારૂ સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭(૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૨થી તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી બટની આજુબાજુના રહીશો તેમજ બહારની કોઈ પણ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદમાં જવું નહીં. અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવો નહીં.

રીવોલ્વર પ્રેક્ટીસનો સમય સવારના કલાક ૭-૦૦થી ૧૭-૦૦ વાગ્યા સુધીનો રહેશે. આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

મેં આજ તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કા માર્યા છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક ઉ/ગપક/વિ.શા/૭૧૮/૨૦૦૨.-અમદાવાદ શહેરમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર તરફથી માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (એસ.એસ.સી.) અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર(એચ.એસ.સી.) ની પૂરક પરીક્ષાઓ યોજાનાર હોઈ આ પરીક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અને તેઓના વાલી તથા સગાવહાલાઓ મુકવા આવે ત્યારે પરીક્ષા કેન્દ્રો ઉપર ભીડ થતી હોય છે. અને પરીક્ષા કેન્દ્રોનું શાંત વાતાવરણ ડહોળાય છે. જેથી પરીક્ષાર્થીઓ મુક્ત મને પરીક્ષા આપી શકતા નથી.

જેથી હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેરના પોલીસ કમિશનર, હકુમત હેઠળના જે પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા ચાલતી હોય તે વિસ્તારમાં તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૨ના રોજ સવારના કલાક ૮-૩૦થી કલાક ૧૮-૩૦ સુધી કોઈપણ બીનઅધિકૃત વ્યક્તિઓએ પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટર એરીયામાં પ્રવેશ કરવો નહીં.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ ૪૫ની કલમ, ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

અપવાદ : આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ સરકારી કર્મચારીઓને લાગુ પડશે નહી.

આજ તારીખ ૨૬મી માહે જુલાઈ, સને ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો

નંબર ઉ/ગપક/વિ.શા/૭૧૯/૨૦૦૨.-અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૨જી ઓગસ્ટ, ૨૦૦૨ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓગસ્ટ, ૨૦૦૨ના કલાક ૨૪ -૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

INDEX

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ, ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને. ૧૮૬૦ની કલમ, ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી માહે જુલાઈ, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ક્રમાંક/ ઉ/ગપક/વરાછારોડ/ફલાય ઓવરબ્રીજ/૧૮૬૪/૨૦૦૨.- સુરત શહેરમાં વરાછારોડ ઉપર વૈશાલી સિનેમાંથી કાપોદ્રા જી.ઈ.બી. ઓફીસ સુધીના રોડ ઉપર ફલાય ઓવર બ્રીજ બાંધવાનું કામ શરૂ છે. અને હાલમાં બરોડા પ્રિસ્ટેજથી મીનીબજાર તરફ રોડની બન્ને બાજુએ પતરા બેસાડી બ્રીજ બાંધકામનો રોડ વચ્ચેનો ભાગ અલગ પાડી બાકીનાં રોડ પર ટ્રાફિક શરૂ રાખેલ છે. અને બ્રીજ બાંધકામ ધીમે ધીમે આગળ વધતું જાય છે. બ્રીજ બાંધકામના લીધે ટ્રાફીક માટે બાકી રહેતા રોડ પર વાહનો પાર્ક કરવામાં આવે તો ટ્રાફિક જામના પ્રસંગો સર્જાય તેમ છે જેથી બ્રીજ બાંધકામ કામગીરીમાં ટ્રાફિક ભારણનાં કારણે કોઈ સમસ્યા ઉભી ન થાય અને વૈશાલી સિનેમાથી કાપોદ્રા જી.ઈ.બી. સુધીના વરાછા મુખ્ય માર્ગ પર કોઈ ટ્રાફિક અવરોધ ઉભા ન થાય તે સારૂ વૈશાલી સિનેમા ત્રણ રસ્તાથી કાપોદ્રા જી.ઈ.બી. ઓફિસ ડાયમંડ સ્કુલ (ફાયર સ્ટેશન) સુધીનાં રોડની બન્ને બાજુએ વાહન પાર્કીંગ કરવા ઉપર અગાઉ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૨ અને તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૨નાં જાહેરનામાંથી અમલમાં મૂક્યા પ્રમાણેનો વાહન પાર્કીંગ પરનો પ્રતિબંધ "નો પાર્કીંગ ઝોન" ચાલુ રાખવો હિતાવહ જણાય છે.

જેથી હું, વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને. ૧૯૫૧ કલમ ૩૩ બી, મુજબ મને મળેલ સત્તાની રૂએ વૈશાલી સિનેમા ત્રણ રસ્તાથી કાપોદ્રા જી.ઈ.બી. ઓફિસ ડાયમંડ સ્કુલ (ફાયર સ્ટેશન) સુધીના રોડની બન્ને બાજુએ વાહન પાર્કિંગ ન થાય તે માટે આ વિસ્તારમાં જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી તારીખ ૩૧મી ડીસેમ્બર ૨૦૦૨ સુધી આ વિસ્તારમાં વાહન પાર્કીંગ કરવા ઉપર પ્રતિબંધ "નો પાર્કીંગ " ફરમાવું છું

આ અંગે જરૂરી જાહેરનામાં બોર્ડની વ્યવસ્થા એસ.એમ.સી ના અધિકારીઓએ કરવાની રહેશે.

આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

આજરોજ તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૨ના રોજ મારી સહી સીક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ હેઠળનું .

નંબર ઉ/ગપક/એસબી/જાહેરનામું/વશી/૪૭/૨૦૦૨.–સુ શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણ હોવાથી વાસ્તે હું, વિનીતકુમાર ગુપ્તા, આઈ. પી. એસ., પોલ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ મ પેટા કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણા વિસ્તારોમાં તા. ૩જી ઓગસ્ટ, ૨૦૦૨ ક. ૦૦-૦૦ થી તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉ પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા ધારી ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મો પદાર્થો લઈ જવાની ;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અંથવા પેટાવેલી મશાલ લઈ જવા

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પુત દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વ વગાડવાની;

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, ન કરવાથી અથવા નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા પ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિ પ્રમાણે સુરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેન રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભા આપવાથી અથવા ચાળા વિગેર કરવાથી, ભાષણ આપવ અથવા નિશાની ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અ તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સ વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પ નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉ અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હો વ્યક્તિઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈ અધિકારીએ જેને અશક્તિના કારણે લાઠી અથવા લાકડી રાખવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓને.

INDEX

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ, તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૪ ની કલમ-૧૪૪ અન્વયે કાઠવામાં આવેલ.

નંબર ઉ/ગપક/એસબી/૪૮/૨૦૦૨.–સુરત શહેરમાં હાલમાં ચાલતા ગુજરાત ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસીએશન દ્વારા ગુજરાત ગેસ ભાવ વધારાનાં વિરોધનાં અનુસંધાને ચાલતાં આંદોલનને ધ્યાનમાં લઈ સુરત શહેરમાં રાંદેર પો. સ્ટે. વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણ ખાતે કોઈપણ પ્રકારનાં સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સુરત શહેરનાં પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનાં રાંદેર પો. સ્ટે. વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણનાં ૨૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ પ્રકારની સુલેહશાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા થવા ઉપર કોઈ સભા બોલાવવા કે રેલી કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેર, આથી ફરમાવું છું કે, રાંદેર પો. સ્ટે. વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણ પાસે ૨૦૦ મીટરનાં વિસ્તારમાં ચાર કે ચાર કરતા વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ ભરવા અંગે તા. ૨જી ઓગસ્ટ, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી દિન ૧૦ માટે એટલે કે તા. ૧૨મી ઓગસ્ટ, ૨૦૦૨ નાં કલાક ૨૪-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ : જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવા તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨) ની કલમ ૩૭(૩) અન્વયે.

નંબર ઉ/ગપક/એસબી/જાહેરનામું/૪૯/૨૦૦૨.–તાજેતરમાં ગુજરાત રાજ્યમાં બનેલાં કોમી બનાવોનાં કારણે ઉભા થયેલ વાતાવરણમાં કાયદો અને વ્યવસ્થા સારી રીતે સચવાઈ રહે અને સુલેહ શાંતિ તેમજ સલામતી ભંગ ના થાય તે માટે સાવચેતીના પગલાં રૂપે.

હું, વી. કે. ગુપ્તા, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨) માંની કલમ-૩૭ ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસો એકત્ર થવા સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

વિસ્તાર : સમગ્ર પોલીસ કમિશનરેટનો હકુમત હેઠળનો વિસ્તાર.

સ્પષ્ટીકરણ : રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી હોમગાર્ડ દળની વ્યક્તિઓને

(૩) કોઈ લગ્નના વરઘોડાને/કોઈ સ્મશાન યાત્રાને.

(૪) પરવાનગી મેળવી ભરાતી સભા કે સરઘસને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨જી, ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ મારી સહી સીક્કા કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૪ ની કલમ-૧૪૪ અન્વયે કાઠવામાં આવેલ.

નંબર ઉ/ગપક/એસબી/વશી/૫૦/૨૦૦૨.–સુરત શહેરમાં હાલમાં ચાલતા ગુજરાત ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસીઓશન દ્વારા ગુજરાત ગેસ ભાવ વધારાનાં વિરોધનાં અનુસંધાને ચાલતાં આંદોલનને ધ્યાનમાં લઈ સુરત શહેરમાં રાંદેર પો. સ્ટે. વિસ્તારમાં આવેલ ગેસ કંપની

INDEX

અડાજણ ખાતે કોઈપણ પ્રકારનાં સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સુરત શહેરનાં પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનાં રાંદેર પો. સ્ટે. વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણનાં ૨૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ પ્રકારની સુલેહશાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા થવા ઉપર કોઈ સભા બોલાવવા કે રેલી કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેર, આથી ફરમાવું છું કે, રાંદેર પો. સ્ટે. વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણ પાસે ૨૦૦ મીટરનાં વિસ્તારમાં ચાર કે ચાર કરતા વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ ભરવા અંગે તા. ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી દિન ૧૦ માટે એટલે કે તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૦૨ નાં કલાક ૨૪-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ : જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવા તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT AND SESSIONS JUDGE

Read : (1) This Office Notification No. B/8/3/1418 of 2002, Dated 11th July, 2002.

(2) Hon'ble High Court Notification No. C-2101/ 2002, dated 9th August, 2002.

Notification

No. B/8/3/1721 of 2002.— In partial modification of this Office Notification cited in the preamble at Sr. No. 01, the District Judge, Ahmedabad [Rural] at Ahmedabad is pleased to declare 2nd Saturday, August 10, 2002 as a closed Saturday for the District Court and the subordinate Courts of Ahmedabad [Rural] District and their offices stationed at Ahmedabad and Gandhinagar.

Ahmedabad 9th August 2002.

N. D. SHAH,
District & Sessions Judge,
Ahmedabad.

BY DISTRICT JUDGE

Notification

No. B/7(I)/1141/2002.— The following Assistance (Junior Clerks),working in the Judicial Department of BHARUCH DISTRICT have been declared PASSED in Higher and LOWER Standard Departmental Examinations held on 1st and 2nd July, 2002, in District Court, Bharuch.

Their names are arranged in order of merits.

Higher Standard Departmental Examination

1.	Smt. Mehta D. P.	Assistant	Assistant Court, Bharuch.
2.	Kum. Jethvani A. H.	Assistant	Chief Court, Bharuch.
3.	Shri Gandhi S. K.	Assistant	District Court, Bharuch.
4.	,, Shaikh A. A.	Assistant	Civil Court, Jr. Dn. Jambusar.
5.	,, Vasava M. J.	Assistant	Joint Civil Court, Jr. Dn., Rajpipla.
6.	Smt. Tailor D. J.	Assistant	District Court, Bharuch.

Out of the Successful Candidates in Higher Standard Departmental Examination, Exemption was granted in the paper shown against their names, as under.

Sr. No. 03 : Paper No. II.
Sr. No. 04 : Paper No. I & III.
Sr. No. 05 : Paper No. I & II.
Sr. No. 06 : Paper No. I, II, III & Oral Test.

INDEX

Lower Standard Departmental Examination

01. Shri.Vasava N. R. Assistant D. G. P. Office, Bharuch.

Out of the Successful Candidates in Lower Standard Departmental Examination, Exemption was granted in the paper shown against their names, as under.

Sr. No. 01 : Paper No. II, & Typing Test.

Bharuch, 26th July, 2002.

A. G. URAISEE,
District Judge, Bharuch.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક બી-૭(૧)/૧૧૪૧/૨૦૦૨.–ભરૂચ જિલ્લાના ન્યાય ખાતાની તારીખ પહેલી અને બીજી જુલાઈ, ૨૦૦૨ના રોજ જિલ્લા અદાલત, ભરૂચમાં લેવામાં આવેલ ખાતાકીય ઉચ્ચ અને નિમ્ન શ્રેણીની પરીક્ષામાં નીચે જણાવેલ જુનીયર ક્લાર્ક (આસીસ્ટન્ટ) ઉતીર્ણ થયેલ છે.તેમની ગુણવત્તા પ્રમાણે ગોઠવવામાં આવેલ છે.

-: ઉચ્ચ શ્રેણી પરીક્ષા :-

અનુ. નંબર	નામ	કોર્ટનું નામ
(૧)	શ્રીમતી ડી. પી. મહેતા, જુનીયર ક્લાર્ક (આસીસ્ટન્ટ),	આસીસ્ટન્ટ કોર્ટ ભરૂચ.
(૨)	કુ. એ.એચ. જેઠવાણી, જુનીયર ક્લાર્ક (આસીસ્ટન્ટ),	ચીફ કોર્ટ ભરૂચ.
(૩)	શ્રી એસ. કે. ગાંધી, જુનીયર ક્લાર્ક (આસીસ્ટન્ટ),	જિલ્લા અદાલત, ભરૂચ.
(૪)	શ્રી એ. એ. શેખ, જુનીયર ક્લાર્ક (આસીસ્ટન્ટ),	સીવીલ કોર્ટ (જુ.ડી.), જંબુસર.
(૫)	શ્રી એમ. જે. વસાવા, જુનીયર ક્લાર્ક (આસીસ્ટન્ટ),	જોઈન્ટ સીવીલ કોર્ટ (જુ.ડી.), રાજપીપલા
(૬)	શ્રીમતી ડી. જે. ટેલર, જુનીયર ક્લાર્ક (આસીસ્ટન્ટ),	જિલ્લા અદાલત, ભરૂચ.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોમાંથી નીચે જણાવ્યા મુજબના અનુક્રમ નંબરને તેમની સામેના પેપરોમાં મુક્તિ આપવામાં આવેલ હતી.

અ. નં. ૩. પેપર નંબર : ૨.

અ. નં. ૪. પેપર નંબર : ૧ અને ૩.

અ. નં. ૫. પેપર નંબર : ૧ અને ૨.

અ. નં. ૬. પેપર નંબર : ૧, ૨, ૩ અને મૌખિક પરીક્ષા

- : નિમ્ન શ્રેણી પરીક્ષા :-

અનુ. નંબર	નામ	કોર્ટનું નામ
(૧)	શ્રી એન. આર. વસાવા, જુનીયર ક્લાર્ક (આસીસ્ટન્ટ),	જિલ્લા સરકારી વકીલની કચેરી,ભરૂચ.

નિમ્ન શ્રેણીની પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારને પેપર નં. ૨ અને ટાઈપીંગ ટેસ્ટના પેપરોમાં મુક્તિ આપવામાં આવેલ હતી.

ભરૂચ, તારીખ ૨૬મી જુલાઈ, ૨૦૦૨.

એ. જી. ઉરેઝી,
જિલ્લા ન્યાયાધીશ, ભરૂચ.

INDEX

BY DISTRICT JUDGE

Read :- Letter dated : 29th July, 2002 received from the post of Master, Navasari, Navasari Main post Office, Navasari

Notification

No. ADM/8/886 of 2002.— Consequent upon the letter received from the post Master, Navasari Main post Office, Navasari referred to above in the preamble hence-forth all the mails concerring to the District and Sessions Court Navasari shall be sent subscribing the address on the envelop mentioning the Post Box Number as under for effective, prompt and sure delivery to the addressee.

DISTRICT & SESSIONS JUDGE,
POST BOX NO. 87,
NAVASARI-396445

It is further notified that the mails/posts concerning to the Courts of the Joint district Judge, Navasari, Assistant Judge, Navasari District Legal Service Authority, Navasari and District Government Pleader, Navasari, shall also be addressed superscribing the name of the respective court/office and thereafter marking the envelope by means of C/o address as Post Box No. 87 as aforesaid.

Navasari 30th July, 2002

R. P. DHOLARIA,
District Judge,
Navasari.

ખાંડ નિયામક દ્વારા

વંચાણમાં લીધા :-

૧. ચેરમેનશ્રી, કસ્ટોડીયન કમીટી, ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., પાળજનો તા. ૧૯-૫-૨૦૦૧, ૩-૭-૨૦૦૧ તથા તા. ૧૫-૫-૨૦૦૨ની દરખાસ્ત.

૨. મેનેજરશ્રી, ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નડીયાદનો તા. ૩-૮-૨૦૦૨ નો પત્ર.

૩. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ક/૧૦૬૪/૨૦૦૨.-ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., પાળજ, તા. પેટલાદ, જિ. આણંદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધાયેલ ખાંડ સહકારી મંડળી છે. જેની નોંધણી તા. ૩૦-૪-૧૯૬૮ના રોજ થયેલ છે. (જેનો હવે પછી અત્રે મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

મંડળીએ પેટા નિયમના ઉદ્દેશો મુજબ સને ૧૯૭૧/૭૨ના વર્ષાન્તે શેરડી પિલાણની કામગીરી શરૂ કરેલ. મંડળીએ તેની દૈનિક પિલાણ ક્ષમતા ૧૨૫૦ મે.ટન છે તે મુજબ એક યા બીજા કારણોસર એકપણ વર્ષ તેની પિલાણ ક્ષમતા મુજબ શેરડી પિલાણની કામગીરી કરેલ નથી. પરિણામે મંડળીની ખોટમાં સતત વધારો થવા પામેલ. સને ૧૯૮૩-૮૪ના વર્ષથી મંડળીના કાર્યવાહકોએ શેરડી પિલાણની કામગીરી બંધ કરેલ. આ ખાંડ મંડળીની વહીવટ સરકાર હસ્તક લેવા રજૂઆત થતાં તા. ૩-૧-૮૬ના રોજ મંડળીના બોર્ડને દૂર કરી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઈ મુજબ મંડળીનો વહીવટ સરકાર હસ્તક લેવામાં આવેલ. જે બાદ વહીવટી સરળતા માટે આ કચેરીના તા. ૨૪-૭-૯૦ના આદેશથી સહકારી કાયદાની કલમ-૭૪ (ઘ)ની જોગવાઈ હેઠળ ૧૩ સભ્યોની કસ્ટોડીયન કમિટિની નિમણૂંક કરવામાં આવેલ. જે કમિટિની મુદત વખતો વખત વધારી આપી છેલ્લે તા. ૨૮-૩-૨૦૦૪ સુધી ચાલુ રાખવામાં આવેલ હતી.

પ્રસ્તુત મંડળીએ છેલ્લા પાંચ વર્ષમાં કરેલ શેરડી પિલાણની વિગત નીચે મુજબ છે.

વર્ષ	શેરડી પિલાણ (મે.ટન)	ખાંડ ઉત્પાદન (ક્વિન્ટલ)	રિકવરી (ટકા)
૧૯૯૫-૯૬	૧.૨૮	૧.૧૨	૮.૬૪
૧૯૯૬-૯૭	૧.૩૩	૧.૧૯	૯.૦૨
૧૯૯૭-૯૮	૦.૯૮	૦.૮૧	૮.૫૩
૧૯૯૮-૯૯	૧.૪૧	૧.૦૮	૭.૩૮
૧૯૯૯-૨૦૦૦	૧.૨૯	૧.૧૪	૯.૦૩

સદર સંસ્થાએ શેરડી પિલાણની કામગીરી તા. ૨૩-૩-૨૦૦૦-થી શેરડીનો પુરવઠો ન મળવાથી બંધ કરેલ છે.

સંસ્થાની તા. ૧૪-૧૨-૨૦૦૦ના રોજ મળેલી કસ્ટોડીયન કમિટિમાં લેવાયેલ નિર્ણય મુજબ ખેડા જિલ્લામાં ચાલુ વર્ષ દરમિયાન અને આણંદ જિલ્લામાં ગયા વર્ષે કેનાલ બંધ હતી. તથા ચાલુ વર્ષે વરસાદ ઓછો હોવાથી ખેડૂતોએ નોંધાયેલ શેરડીનો પુરવઠો ૩૦,૦૦૦ ટનથી ઓછો મળવાનો હોઈ ચાલુ વર્ષે પિલાણ કરવામાં આવેલ નથી. તથા ૨૦૦૦-૨૦૦૧ના વર્ષમાં દુષ્કાળની પરિસ્થિતિને કારણે કેનાલ દ્વારા થતું પિયત બંધ હોઈ તથા કૂવાના પાણી ઊંડા જવાથી તથા સદર મંડળી નાણાંકીય સગવડ ઊભી ન કરી શકવાને કારણે શેરડી પિલાણની કામગીરી કરી શકેલ નથી.

આમુખમાં વંચાણે લીધેલ કસ્ટોડીયન કમિટિના તા. ૧૯-૫-૨૦૦૧ તથા તા. ૩-૭-૨૦૦૧ના પત્રોથી અત્રેની કચેરીને કરેલ દરખાસ્ત મુજબ પિયતની સગવડ ન હોવાને કારણે તથા સંસ્થાની નબળી આર્થિક સ્થિતિ ધ્યાને લઈ સંસ્થાનો વહીવટ સરકારશ્રી હસ્તક લેવા રજૂઆત કરેલ છે. તથા તા. ૧૫-૫-૨૦૦૨ના પત્રથી કસ્ટોડીયન કમિટિના સભ્યશ્રીઓએ તથા ચેરમેનશ્રીએ રાજીનામું આ કચેરીને મોકલી આપેલ છે. તથા સંસ્થાનો વહીવટ સરકારશ્રીએ સંભાળી લેવા રજૂઆત કરેલ છે.

મંડળીમાં છેલ્લા ત્રણ વર્ષમાં નફા-નુકશાનની વિગતો નીચે મુજબ છે.

INDEX

૧૯૯૬-૯૭	રૂા. ૧,૯૬,૩૪,૫૫૮ ખોટ
૧૯૯૭-૯૮	રૂા. ૩,૯૫,૭૩,૨૬૩ ખોટ
૧૯૯૮-૯૯	રૂા. ૬,૩૪,૨૫,૦૧૫ ખોટ

તા. ૩૦-૯-૯૯ અંતિત મંડળીના સરવૈયા મુજબ મંડળીનું ભરપાઈ થયેલ શેરભંડોળ રૂા. ૩,૧૦,૪૧,૦૦૦ તથા રીઝર્વ ફંડ રૂા. ૨૦,૮૧,૫૧,૮૮૨ છે. જેની સામે એકત્રિત ખોટ રૂા. ૪૧,૪૭,૩૮,૮૬૮ છે. એટલે કે મંડળીના પોતાના સઘળા ફંડોનું ધોવાણ થઈ ગયેલ છે. ખાંડની રીકવરી ઘટેલ છે તથા ખોટમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. સરકારશ્રીનો શેરફાળો રૂા. ૧૯૦.૦૦ લાખ મુદતવીતી થયેલ છે. મંડળીની કુલ જવાબદારીઓ વ્યાજ સાથે તા. ૩૦-૬-૨૦૦૧ ના રોજ કુલ ૫૨.૨૦ કરોડની છે. તે પૈકી ચરોતર નાગરિક બેંક લી. આણંદની નાણાંકીય જવાબદારીઓ રૂા. ૨૬.૨૦ કરોડની થાય છે. જે ૫૦ ટકાથી વધુ છે.

શ્રી ખેડા જિલ્લા મધ્યસ્થ બેંક લી.ની રૂા. ૨ કરોડ અને નાગરિક સહકારી બેંકોની ડિપોઝીટ રૂા. ૨.૧૪ કરોડ મળી વ્યાજ સાથે ૮.૭૯ કરોડ જેટલી છે.

ચરોતર નાગરિક સહકારી બેંક લિ. હાલ સરકારી વહીવટ હેઠળ છે. જ્યારે ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.એ આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક-૨ના પત્રથી જણાવ્યા મુજબ બેંક દ્વારા બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ, આણંદમાં ચાલતા દાવાની રકમ રૂા. ૧૭,૩૪,૧૪,૮૭૨-૧૮નો ચુકાદો બેંકની તરફેણમાં આવેલ છે. જેમાં પ્રતિવાદીની અવલ જપ્તી તથા મનાઈ હુકમવાળી મિલ્કતો તથા ખુટતી રકમો તથા સંસ્થાની તમામ સ્થાવર જંગમ મિલકતો સામે બજવણી કરી વસુલ લેવાનો હુકમ થયેલ છે. જેથી ચરોતર ખાંડ મંડળીનો ચાર્જ બેંકને સુપ્રત કરવા રજૂઆત કરેલ છે.

ઉપરોકત સમગ્ર વિગતોની સમીક્ષા કરતા મંડળીના તમામ ફંડોનું ધોવાણ થયેલ છે. સંસ્થા એકત્રિત ખોટ રૂા. ૪૧.૪૭ કરોડની પૂરી કરે અને દેવાની ચુકવણી કરે તે અસંભવ છે. શેરડી વાવેતર, પિલાણ જોતા ક્ષમતા મુજબ શેરડી પિલાણ થવાની શક્યાતા જમાતી નથી. જે સમગ્ર વિગતો ધ્યાને લેતાં સંસ્થાની આર્થિક પરિસ્થિતિ અને હાલની સ્થગિત અવસ્થા અને કામગીરી જોતાં પુનઃકાર્યાન્વિત થઈ શકે તેવા સંજોગો જણાતા નથી. આ સંજોગોમાં ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ લી., પાળજ, જિ. આણંદનો સરકારશ્રી હસ્તક ચાલતો વહીવટ સમાપ્ત કરી મંડળીને ફડચામાં લઈ જવા માટે સ્પષ્ટ અભિપ્રાય થાય છે. આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું બી. આર. કટારા, ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, મને મળેલ સત્તાની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ લી., પાળજ, તા. પેટલાદ, જિ. આણંદને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરું છું. તેમજ સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે **શ્રી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદ**ની નિમણૂંક કરું છું.

ફડચા અધિકારીએ આ મંડળીનો ચાર્જ તાત્કાલિક સંભાળી અત્રે તેની જાણ કરવી.

ગાંધીનગર, તારીખ ૨૩મી ઓગસ્ટ, ૨૦૦૨.

બી. આર. કટારા,
ખાંડ નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (ઓ), મુજબનો હુકમ.

નંબર. ડી/એમએજી/૧/સભા-સરઘસ/૨૦૦૨/વશી. ૩૦૩૮૧ થી ૯૬U.-મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (ઓ) મુજબ જીલ્લાના શહેરો અને ગામોમાં સભા/સરઘસ કાઢવા માગતા હોય તો કેવી રીતભાત વર્તણૂંકથી સભાઓ તથા સરઘસો યોજવા/કાઢવા જે સબંધનું જાહેરનામું આ કચેરીના હુકમ નંબર ડી/એમએજી/૧૯૮૬ તારીખ ૧૪-૭-૮૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ડીસાની કચેરી અમલમાં આવેલ હોઈ અત્રેના હુકમ તા. ૩૧-૭-૨૦૦૨ના હુકમમાં જરૂરી ફેરફાર કરી તે મુજબ અત્રેના હુકમ નંબર ડી/એમએજી/૧/સરઘસ/૨૦૦૧/વશી. ૯૩૮૦ થી ૯૪૨૮ તા. ૫-૭-૨૦૦૧ થી હુકમ કરેલ છે.

સબબ વર્તમાન સંજોગોને લક્ષમાં લેતા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં લેતા આ જાહેરનામાંની મુદતમાં વધારો કરવો જરૂરી જણાયેલ છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ઓ) અન્વયે મળેલ સત્તાની રૂએ જાહેરનામું એક વર્ષ માટે એટલે કે તા. ૧-૮-૨૦૦૨ થી ૩૧-૭-૨૦૦૩ સુધી લંબાવવા હુકમ કરૂં છું.

આજરોજ તા. ૧૫મી જુલાઈ, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કમલ દયાની,
જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા.

સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ખ મુજબનું.

જાહેરનામું

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૧૬૭૩.-રાજપીપલા નગરપાલિકા વિસ્તારમાં આવેલ બ્રીજનું કામ તારીખ ૨૮મી જુલાઈ,

INDEX

૨૦૦૨થી શરૂ થનાર હોવાથી કારમાઇકલ બ્રીજવાળો રસ્તો તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૨થી રાહદારીઓ તથા બે, ત્રણ અને ચાર પૈડાવાળા વાહનો માટે બંધ કરવા જાહેરનામું બહાર પાડવા મુખ્ય અધિકારીશ્રી, રાજપીપલા નગરપાલિકા દ્વારા અત્રે વિનંતી કરતાં કારમાઇકલ બ્રીજના રસ્તાના ઉપયોગ પર મુંબઇ પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) ખ હેઠળ પ્રતિબંધ મુકવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે હું શ્રી ડી. જી. ઝાલાવાડિયા, જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા, મુંબઇ પોલિસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં)ની કલમ-૩૩(૧)ખ આધારે મને મળેલ સત્તાની રૂએ કારમાઇલ બ્રીજનું બાંધકામ ચાલુ કરવાનું હોવાથી સદર બ્રીજવાળો રસ્તો રાહદારીઓ તથા બે, ત્રણ અને ચાર પૈડાવાળા વાહનો માટે તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૨ બંધ કરવા ફરમાવું છું. રાજપીપલા શહેરમાં આ બ્રીજ ઉપર થઇને આવતાં રાહદારીઓ તથા બે, ત્રણ અને ચાર પૈડાવાળા વાહનો કાળીયાભૂતથી મહાવિદ્યાલયવાળા રસ્તે થઇ પ્રવેશ કરવાનો રહેશે તથા રાજપીપલા શહેરમાંથી આ બ્રીજ ઉપર થઇને બહાર જતા રાહદારીઓ તથા બે, ત્રણ અને ચાર પૈડાવાળા વાહનો રાજેન્દ્રનગર સોસાયટીમાં થઇને લઇ જવાનાં રહેશે.

ઉક્ત હુકમ તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૨થી તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે. નગરપાલિકાએ સદર બ્રીજની બન્ને બાજુએ દુરથી દેખાય તેવા રસ્તો બંધ હોવાના બોર્ડ મુકવાના રહેશે.

આ હુકમના ભંગ બદલ મુંબઇ પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ દંડ તથા સજાને પાત્ર રહેશે.

આજ તારીખ ૨૬મી જુલાઇ, ૨૦૦૨ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

મુંબઈ પોલીસ અધિનિયમ અન્વયે કાઢેલ સને ૧૯૫૧ની કલમ-૩૭ (૪)

હુકમ

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૧૮૫૩.-નર્મદા જિલ્લામાં આવેલ રાજપીપલા યુનિટના એન.સી.સી. છાત્રોને આગામી મહિનામાં થલ સૈનિક શિબિરમાં ભાગ લેવાનો હોય તેના ભાગરૂપે છાત્રોને રાયફલથી ફાયરીંગની પ્રેકટીસ કરાવવાની હોય તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૦૨થી તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૦૨ સુધી પોલિસ અધિક્ષકશ્રી નર્મદા-રાજપીપલા હસ્તકના જુના ફાયરીંગ બટ રાજપીપલા ખાતે ફાયરીંગ પ્રેકટીસ કરાવવાનો કાર્યક્રમ રાખેલ છે. તેથી આ સમય દરમ્યાન ટેકરા ફળિયાની પાછળનો ભાગ પોલિસ અધિક્ષકશ્રી, નર્મદાની કચેરીએથી ઉત્તર તરફનો જુનો ફાયરીંગ બટ રાજપીપલાની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઇપણ વ્યક્તિઓ, જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઇ ફરમાવવાનું મને આવશ્યક જણાય છે.

તેથી હવે, મુંબઇ પોલિસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં)ની કલમ-૩૭(૪) થી મને મળેલ સત્તાની રૂએ હું શ્રી ડી. જી. ઝાલાવાડિયા, જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા- રાજપીપલા યુનિટના એન.સી.સી. છાત્રોને ફાયરીંગ પ્રેકટીસ માટે રાજપીપલા ટેકરા ફળિયાની પાછળનો ભાગ પોલિસ અધિક્ષકશ્રીની કચેરીથી ઉત્તર તરફનો જુનો ફાયરીંગ બટ, રાજપીપલાના વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૦૨થી તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૦૨ સુધીના (બંને દિવસો સહિત) સમય માટે કોઇપણ વ્યકિતઓ/જાનવરો વગેરેના પ્રવેશ માટે મનાઇ ફરમાવું છું. હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમ સદરહું વિસ્તારમાં સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડીને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર વાન મારફતે તેની જાહેરાત કરવી જે વિસ્તારમાં ફાયરીંગ કરવામાં આવનાર છે તે વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડની હદ નક્કી કરી જાહેર જનતાની જાણ માટે સહેલાઇથી દેખાઇ આવે તે રીતે પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશના મનાઇ માટેના બોર્ડ કમાન્ડીંગ ઓફીસરશ્રી, ૩ ગુજરાત (ઇન્ડીયા) કંપની એન.સી.સી. રાજપીપલા યુનિટે મુકાવવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનારને કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડિયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૩) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર-૩૬/૨૦૦૨.- આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારીની રૂઇએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૨ થી તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૨ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું

INDEX

ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની;

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તૈયાર કરવાની;

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની;

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય, તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રુરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશેનહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને;

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન, વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ;

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી, અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારશ્રીઓને જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ, (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૩) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર-૩૭/૨૦૦૨.– આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ , અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૨ થી તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૨ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી, તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા-ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ પર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, (સને ૧૮૬૦ ના ૪૫માં)ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) મુજબનું

ક્રમાંક ડી.બી.પી.એ./૮/૨૦૦૨/વશી./૩૦૩૨૪ થી ૭૯U.-માહે ઓગસ્ટ, ૨૦૦૨ના માસમાં તારીખ ૧૫મી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ ''સ્વતંત્ર દિન'' આવતો હોઈ તેમજ તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ હિન્દુભાઈઓ તરફથી ''જન્માષ્ટમી''નો તહેવાર ઉજવનાર છે. આ તહેવાર દરમ્યાન પાલનપુર શહેર, ડીસા શહેર, ધાનેરા, અમીરગઢ, ભીલડી અંબાજી વિગેરે જગ્યાએ શોભાયાત્રા નીકળનાર છે. તથા ચાલુ માસ હિન્દુભાઈઓનો ''પવિત્ર શ્રાવણ માસ'' હોઈ, દરમ્યાન જિલ્લામાં વિવિધ સ્થળોએ મેળા ભરાનાર હોઈ આમ આ તમામ પ્રસંગોને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૦૨થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૨ સુધી (બંને દિવસો સહીત) નીચે જણાવેલ કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, પારીયા, ધોકા, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કંઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈપણ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહિ;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો તેવી વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પૂતળા દેખાડવા નહિ;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ;

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું એસ. એસ. વાઘેલા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાઠાં, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ની મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાઠાં વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મના કરૂ છું.

આ હુકમ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૨થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૨ સુધી બંને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઇ વ્યક્તિ કે જે તે ઉપરી અધિકારીએ એવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા પોલીસ અધિકારીશ્રીઓ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશક્તિના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

આજ રોજ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબનું

ક્રમાંક એમએજી/વશી/૮૮૨.-ગુજરાત રાજયમાં તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૨નાં રોજ એસ. એસ. સી. તથા એચ. એસ. સી. એપ્રિલ, ૨૦૦૨ની પૂરક પરીક્ષા શરૂ થનાર છે. સદરહુ પરીક્ષા ભરૂચના ભારતીય વિદ્યાભવન, નર્મદા વિદ્યાલય, જી. એન. એફ. સી. ટાઉનશીપ કેન્દ્ર પર લેવાનાર છે. આ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તે હેતુસર ઉકત સ્થળોએ આવેલ તથા પરીક્ષા કેન્દ્રની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૨નાં રોજ સવારના ૬.૦૦ વાગ્યાથી રાત્રીના ૨૪.૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લામાં ભરૂચ મુકામે આવેલ નીચે મુજબના એસ. એસ. સી. તથા એચ. એસ. સી. ના પરીક્ષા કેન્દ્રની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

એસ. એસ. સી. અને એચ. એસ. સી. પરીક્ષા કેન્દ્ર

ભારતીય વિદ્યાભવન, નર્મદા વિદ્યાલય, જી. એન. એફ. સી. ટાઉનશીપ કેન્દ્ર, ભરૂચ.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરનાં કર્મચારીઓ-અધિકારીશ્રીઓને;

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતી વ્યક્તિઓને;

(૩) ફરજ પરની પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષક દળની વ્યક્તિઓને;

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી તપાસણી ટૂકડીઓને.

INDEX

આ હુકમનો ભંગ બદલ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતનો ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં)ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી જુલાઇ, ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

હુકમ

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી./૫૭૨.-ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની મુંબઇના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ જાહેર શાંતિ અને સલામતિ સારૂ ફરમાવુ છું કે, કોઇએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તાર તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૨ના દિવસે સવારના ૬.૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૦૨નાં રોજ રાત્રીના ૨૪.૦૦ કલાક (બંને દિવસો સુધ્ધા) સુધી.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરી, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ;

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ;

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લે-કાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ, નોટીસો, પરિપત્રો, ખરડાની હોળી કરી સળગાવવા નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યક્તિઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીને અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ-સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ

''ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર ''આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે એને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૯ જુલાઇ, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

વાંચ્યો : મુખ્ય અધિકારીશ્રી, ભરૂચ નગરપાલિકા પત્ર જાવક નંબર-પવડી-તારીખ ૮મી જુલાઇ, ૨૦૦૨.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧)(સી) હેઠળ બહાર પાડેલ

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી./૯૨૧.-મુખ્ય અધિકારીશ્રી ભરૂચ નગરપાલિકાએ આમુખ (૧)માં પત્રથી દરખાસ્ત કરી જણાવેલ છે કે ભરૂચ નગરપાલિકા વિસ્તારના સ્વામિનારાયણ મંદિર ઢાળથી ધોળીકુઇ તરફ જતો રસ્તો આર. સી. રોડ,નો બનાવવા અંગેનું કામ હાથ ધરવાનું હોય, દિન-૨૫ (પચ્ચીસ) માટે સદર રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવો જરૂરી હોય, જાહેરનામું પ્રસિદ્ધ કરવા માંગણી કરી છે.

સબબ ભરૂચ નગરપાલિકા હદમાં આવેલ દાંડીયા બજાર તરફનો રસ્તો સી. સી. રોડનો બનાવવાનો હોય, સ્વામીનારાયણ મંદિર ઢાળથી ધોળીકુઇ બજાર તરફ જતો રસ્તો તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૦૨ સુધી બંધ રાખવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આદેશ કરૂ છું કે, ભરૂચ નગરપાલિકા હદમાં આવેલ સ્વામીનારાયણ મંદિર ઢાળથી ધોળીકુઇ બજાર સુધીનો માર્ગ તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૦૨ સુધી બંધ રહેશે.

સદર માર્ગ બંધ થતા તે રસ્તા પરનો ટ્રાફીક હાજીખાના બજાર, ખાકચોકથી ચીંગલપુરા ગોલવાડ, ધીકુડીયા થઈ સ્ટેશન રોડના રસ્તે આવી જઈ શકાશે.

INDEX

આ હુકમનો અનાદર કરનાર સામે કાયદેસરના પગલા લેવામાં આવશે.

આજ તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી./૫૭૭.-ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે એ હેતુથી તથાજાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭ (૩)થી મળેલ અધિકારની રૂએ હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, આથી સદરહું વિસ્તારમાં તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ સવારના ૬.૦૦ કલાકથી તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૨નાં રોજ રાત્રીના ૨૪.૦૦ કલાક (બંને દિવસો સુધ્ધા)ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

''ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર ''વધુમાં હું આદેશ કરૂ છું. કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૯૬૦નાં ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૦૨નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૫૧ થી ૯૬૦.-ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ મુકામે જન્માષ્ટમી છઠીનોમ, મેઘરાજા, ઉત્સવ નિમિત્તે તારીખ ૩૦મી ઓગસ્ટ ૨૦૦૨ થી તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૨ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે. અને ઘાસ, કામળા, વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોક્ત દિવસો દરમ્યાન સોનેરી મહેલ વિસ્તારની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ઉપરોકત મેળાના દિવસ દરમ્યાન ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

આ હુકમના ઉલ્લંઘન કરનાર, ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ માહે ઓગષ્ટ સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયેનું.

ક્રમાંક પીઓએલ/વશી/૯૬૧ થી ૯૭૦.-ભરૂચ શહેરનાં સોનેરી મહેલ તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ વિસ્તારમાં જન્માષ્ટમી છઠીનોમ, મેઘરાજા ઉત્સવ નિમિત્તે તારીખ ૩૦મી ઓગસ્ટ ૨૦૦૨ થી તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૨ સુધી જાહેર મેળો ભરાનાર છે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યો પૈકી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો સંભવ છે, જેથી દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકના ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા તે ઉપર ન્હાવું ધોવું કે કપડા ધોવા કે જાનવરોને નહવડાવવા નહિ, અને વાહનો ધોવા નહિ.

(૨) યાત્રાના સમયે, મેળાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો-પેશાબ કરવા નહિ.

(૩) ગંધાતા વાસી અને ઉતરી ગયેલા અગર માનવ ખાદ્ય માટે બિન-ઉપયોગી એવા ફળફળાદી પીણા તથા ખોરાક વેચવા નહિ.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહિ.

(૫) જે યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી એવા રોગ અટકાવવા માટેનાં ઈન્જેકશનો વિગેરે અગાઉથી લીધા વગર મેળામાં આવવું નહિ.

INDEX

વાસ્તે, હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) અન્વયે મળેલ અધિકારની રૂએ ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડના સ્થળે જ્યા મેળો ભરાતો હોય તેવા સ્થળોએ ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/- (બસો) સુધીના દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૩૦મી ઓગસ્ટ ૨૦૦૨ થી તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૨ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૬ ઓગષ્ટ સને ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક પીઓએલ/વશી/૯૭૧ થી ૯૮૦.-ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ ભરૂચ મુકામે પ્રતિવર્ષ નં૪ માફક ચાલુ વર્ષે જન્માષ્ટમી છઠી નોમ, મેઘરાજાના ઉત્સવ નિમિત્તે તારીખ ૩૦મી ઓગસ્ટ ૨૦૦૨ થી તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૨ સુધીના સમયમાં જાહેર મળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રિત થશે જેથી માળામાં હાથલારીઓમાં માલ-સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર વિયંત્રણ મુકવા માટે જે જગ્યાયે લારીઓ ઉભી રાખવા નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય કોઈ જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૩૦મી ઓગસ્ટ ૨૦૦૨થી તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૨ સુધીના સમય માટે (બંને દિવસો સહિત ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં તથા પોસ્ટેલ ગ્રાઉન્ડ મેળામાં કોઈપણ ઈસમોએ પોતાની હાથ લારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહિ પરંતુ પોલીસ ખાતા અગર નગરપાલિકા તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમના ઉલ્લંઘન કરનાર, સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે. ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ માહે ઓગષ્ટ સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ક્રમાંક એમએજી/વશી/૯૮૧ થી ૯૯૦.-ભરૂચ શહેરમાં ગોકુળ અષ્ટમીના તહેવાર અંગે સોનેરી મહેલ તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૩૦મી ઓગસ્ટ ૨૦૦૨ થી તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૨ સુધીના સમય દરમ્યાન જાહેર મેળો ભરાશે. અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રીત થનાર હોય જાહેર જનતાની સલામતિ માટે ઉપરોકત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું ફરમાવું છું કે ભરૂચ શહેરના નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૩૦મી ઓગસ્ટ ૨૦૦૨ થી તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૨ (બંને દિવસો સહિત) બપોરના ૧૨-૦૦ કલાકથી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતાં હશે તેમને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર

(૧) પાંચબત્તીથી સોનેરી મહેલ સુધી.

(૨) લલ્લુભાઈ ચકલાથી સોનેરી મહેલ સુધી.

(૩) હાજીખાના બજાર, ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.

(૪) વલંદા કોઠીથી સોનેરી મહેલ સુધી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૧૬ ઓગષ્ટ સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો છે.

હુકમ

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડિટરશ્રી, સ. મં., ભરૂચના તા. ૮–૧૧–૨૦૦૧ના પત્રાંક અપણુ / ૦૧ / ખ-૨ / ૯૪૩થી સામેલ થઇ આપેલ ઓડીટર (ન. જ. ૨) સ. મં., ભરૂચે કરેલ ફડચામાં લઈ જવા અંગેની દરખાસ્ત.

(૨) અત્રેના પત્રાંક ફડચ/૦૧/ધ/૮/૦૨, તા. ૧૦–૧–૨૦૦૨ તથા ખસમ/૦૧ / ધ / ૯૫, તા. ૨૯–૫–૦૨થી મંડળીના ચેરમેન/સેક્રેટરીને પાઠવેલ પત્ર.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૧૦/ધ/૧૧૧/૨૦૦૨.–ધી કુકરદા–કેવડી સેવા સ. મં. લી., કેવડી, તા. દેડીયાપાડા, જિ. નર્મદા, નોંધણી નં. ૩૨૦૮, તા. ૩૧–૧–૧૯૬૧થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીનું ઓડીટ ઓડીટરશ્રી (ન. જ. ૨.) સ. મં., ભરૂચે તા. ૧–૧૧–૯૯થી ૩૧–૩–૦૧ સુધીના સમયનું હાથ ધરી પૂર્ણ કરેલ છે. ઓડીટમાં જણાવેલ ખામીઓ નીચે મુજબ છે.

(૧) મંડળીએ તેના પાછલા અન્વેષણ નોંધની દુરસ્તી મોકલેલ નથી.

(૨) મંડળી ખેતી વિષયક ધીરાણ–વસુલાત તેમજ અન્ય હેતુઓ માટે નોંધાયેલી છે. તપાસણી સમયમાં મંડળીએ કોઇ ઉદ્દેશો મુજબની કામગીરી કરેલ નથી.

(૩) મંડળીની પાછલી બાકી ઓડીટ ફી રૂા. ૨૨૬૧/– તથા ચાલુ ઓડીટ ફી રૂા. ૧૬૦૨/– મળી કુલ ૩૮૬૩/–ની ઓડીટ ફી બાકી પડે છે.

(૪) મંડળીની વ્ય. ક. ની બેઠક નિયમિત મળતી નથી. જે મીટીંગ મળેલ છે. જેમાં ખર્ચની મંજુરી, પ્રતિનિધિ મોકલવા બાબત સિવાય મંડળીની પ્રવૃત્તિ બાબતે તેમજ મંડળીના વિકાસ બાબતે કોઇ ઠરાવ થયેલ નથી.

(૫) મંડળીના આયોજકોને કે સભાસદોને મંડળીની પ્રવૃત્તિમાં રસ જણાતો નથી.

(૬) મંડળીના કર્મચારી નિયમિત હિસાબી દફતર લખતા નથી. તેમજ ખોટા અને બહાના બનાવી એક યા બીજા કારણસર ઓડિટ કામગીરીમાં વિલંબ કરી સરકારી કામમાં વિલંબ અને વિક્ષેપ ઉભો કરે છે.

(૭) ૩૧–૩–૨૦૦૧ અંતે મંડળીમાં એકત્રિત ખોટ રૂા. ૧,૦૯,૦૮૮/૩૨ ની છે.

વચગાળાનો આદેશ

ધી કુકરદા-કેવડી સેવા સ.મં લી., કેવડી, તા. દેડીયાપાડા, જી. નર્મદા, નોંધણી નંબર ૩૨૦૮, તા. ૩૧–૧–૧૯૬૧થી નોંધવામાં આવેલ હતી. સદર મંડળીને ગુજરાત રાજ્ય સહ. મંડળીઓનો કાયદો, ૧૯૬૧ના અધિનિયમની કલમ ૧૦૭ (૧) (ક) (ખ) (ગ) (૧),૨),૩)(૪)(૫) (ગ) (૨) (૩) અન્વયે આથી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ભરૂચ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. ભરૂચની નિમણુંક કરવામાં આવે છે.

આ આદેશની સામે સદર મંડળીએ કોઇ રજુઆત કરવાની હોય તો નીચે સહી કરનાર અધિકારીશ્રીને એક માસની અંદર કરવાની રહેશે. જો ઉપરોકત મુદતના સમયમાં મંડળી તરફથી મંડળીને ફડચામાં નહી લઇ જવા અંગે કોઇપણ જાતની રજુઆત અત્રેની કચેરીએ નહી કરવામાં આવે તો આ આદેશ અંગે મંડળીને કોઈ વાંધો રજુઆત કરવાની નથી. એમ માનીને લેખિત વચગાળાનો આદેશ મુદત પુરી થયેથી કાયમ કરવામાં આવશે,

નર્મદા, રાજપીપલા તા. ૨–૬–૨૦૦૨.

———

ક્રમાંક નધણુ/૦૧/ખ-૧/૨૦૨/ઉ-૧૨ ૧૯૯/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી મણેશ આદિવાસી મજુર કામદાર સ. મં. લી., મર્યાદિત સ્થળ ઘાભવણ, તાલુકો ડેડીયાપાડા, જીલ્લો નર્મદા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, તા. ૨–૭–૨૦૦૨.

જી. એસ. ત્રિવેદી,
જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં.
નર્મદા.

———

ક્રમાંક ઉખસ / નધણુ / દ્યમ/ખ-૨/૩૩૬ / સે. ૩૩૫૯૦ / ૨૦૦૨.—જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ચારણુના ભેંસાવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ચારણુના ભેંસાવાડા, મર્યાદિત સ્થળ ચારણુના ભેંસાવાડા, તાલુકો લુણાવાડા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૮–૬–૨૦૦૨.

———

ક્રમાંક ઉખસ/નધણુ/દ્યમ/ખ-૨/૩૩૭/સે. ૩૩૫૯૩/૨૦૦૨.—જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગોધરા, આથી જાહેર

INDEX

કરે છે કે, ધી કાટડીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., કાટડીયા, મર્યાદિત સ્થળ કાટડીયા, તાલુકો હાલોલ, જીલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા. તા. ૨૮-૬-૨૦૦૨.

સે. ક્રમાંક ઉખસ / નધણ / દ્યમ/ખ-૨/૩૩૫/સે. ૩૩૫૯૨/ ૨૦૦૨.- જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા, આથી જાહેર કરે છે કે, ધી ઝરવા, દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ઝરવા, મર્યાદિત સ્થળ ઝરવા, તાલુકો જાંબુઘોડા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ગોધરા,, તારીખ ૨૮-૬-૨૦૦૨.

સે. ક્રમાંક : ઉખસ / નધણ / દ અમ / ખ-૨ / ૩૩૮/સે-૩૩૫૯૧/૨૦૦૨.— જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા, આથી જાહેર કરે છે કે ધી ભગવતી (રમજીની નાળ) દુધ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ ભગવતી (રમજીની નાળ), તાલુકો શહેરા, જીલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૮-૬-૨૦૦૨.

સે. ક્રમાંક ઉખસ/નધણ/દ્યમ/ખ-૨/૩૬૦/સે.-૩૩૫૯૪/ ૨૦૦૨.-જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા, આથી જાહેર કરે છે કે ધી અખાડાના દેગમડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., અખાડાના દેગમડા, મર્યાદિત સ્થળ તાલુકો ખાનપુર, જીલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૮-૭-૨૦૦૨.

વાંચ્યો :—

(૧) રૂપે. ઓડીટર, મોલ્ક ઓડીટ ઓફીસ, ગોધરાના પત્રાંક : અપણુ/૭૨૮/૦૧, તા. ૧૪-૨-૦૧ થી આવેલ. ઓડીટર ગ્રેડ-૨ ટેસ્ટ ગોધરાના તા. ૨-૧૨-૨૦૦૨ નો વહીવટી અહેવાલ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરના પત્રાંક : જીએચકેએચ /૨૪/૫૧/ડીડીસી/૧૧૮૮/ ૭૨૦૪/જ, તા. ૩૦-૭-૫૧.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ નં. અપણુ/ ખ-૧ / ૨૧૮૪/૦૧, તા. ૨૯-૧૧-૦૧.

પ્રસ્તાવના

જા. નં. અપણુ/ખ-૧ /૪૬૬ / ૨૦૦૨.- ધી ધનોલ દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. પો. ધનોલ, તા. ગોધરા, જી. પંચમહાલ તે ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ દુધ ઉત્પાદક સહકારી મંડળી છે.

સદર મંડળીનું તા. ૧-૧-૨૦૦૦ થી તા. ૩૦-૬-૨૦૦૦ સુધીના સમયનું ઓડીટ શ્રી કે. ડી બારિઆ સબ ઓડીટર, સં. મં. દુધ, ગોધરા-૧ તરફથી કરવામાં આવેલ હતું તે જ સમયનું ટેસ્ટ ઓડીટ શ્રી એસ. કે. રાણા, ઓડીટર ગ્રેડ-૨ ટેસ્ટ ગોધરા તરફથી કરવામાં આવેલ છે. જે ટેસ્ટ ઓડીટમાં જણાઈ આવેલ ખામીઓ / મુદ્દાઓ અંગેનો વહીવટી અહેવાલ આમુખ-૧માં જણાવ્યા મુજબની વિગતે તેમના તા. ૨-૧૨-૨૦૦૦ ના પત્રથી રૂપે. ઓડીટર મીલ્ક ઓડીટ ઓફીસ મારફતે અત્રે મોકલેલ છે. જેમાં જણાવ્યા મુજબના ખામીઓની વિગતો નીચે પ્રમાણે છે.

(૧) મંડળીના અગાઉ થયેલ ઓડીટ મુજબના દુરસ્તી અહેવાલ મોકલેલ નથી. જે મુજબ સહકારી કાયદાની કલમ નં. ૮૫ નો ભંગ થયેલ છે.

(૨) ટેસ્ટ ઓડીટ સમયમાં મંડળીએ નીચે પ્રમાણેના હિસાબી દફતરો / રજીસ્ટરો વસાવી છેવટ સુધીના લખીને સહીઓ કરી દફતરે રાખેલ નથી. દા. ત. સામાન્ય ખાતાવહી/ રોકાણ રજીસ્ટર/વ્યકિતગત ખાતાવહી, ડેડસ્ટોક રજીસ્ટર.

(૩) મંડળીના પેટા નિયમો મુજબ કારોબારીની બેઠકો નિયમિત મેળવેલ નથી. જે તે ઓડીટ સમયમાં એકપણ વખત મેળવેલ નથી.

(૪) મંડળીની વાર્ષિક સાધારણ સભા જોતાં છેલ્લા ત્રણ વર્ષથી એકપણ વખત વા. સા. સભા મેળવેલ નથી. જે મુજબ સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ થયેલ છે.

(૫) મંડળીએ પાછલી નોંધ વ્યવસ્થિત રાખેલ નથી.

(૬) મંડળીના રોજમેળ પાના નં. ૬૭ તથા ૬૯માં જે હવાલાઓ પાડેલ છે. જે હવાલાઓ ઓડીટ થયા પછી પાડેલા જણાય છે, જે હિસાબી દૃષ્ટિએ યોગ્ય નથી.

INDEX

(૭) મંડળીના સરવૈયામાં પાછલા વર્ષની ખોટ છે. જ્યારે તાં. ૩૦–૬–૯૯ ના અંતેના નફાની ફાળવણી કરેલ છે. જેમાં પાછલા હિસાબો અન્ય છુટી પડેલ મંડળીના નામે જણાય છે.

(૮) છુટી પડેલ મંડળી પાસેથી ડેડસ્ટોક/ફકતર જે મેળવવાનું બાકીમાં છે. જે મેળવેલ નથી.

આમ ઉપર જણાવેલ ખામીઓ/મુદ્દાઓ અંગેની પુર્તતા/રજુઆતો કરવા માટે અત્રેની કચેરીના આમુખ–૩માં જણાવ્યા મુજબની વિગતે કારણદર્શક નોટીસ આપતાં મંડળીના ચેરમેનશ્રી/મંત્રીશ્રી, તા. ૧૫–૪–૦૨ અને તા. ૧૮–૪–૦૨ના રોજ કરેલ રજુઆત પ્રમાણે ઉપરના મુદ્દાઓ પ્રમાણે કોઇપણ પ્રકારની અમલ/પુર્તતા કરેલ નથી. તેમજ હાલમાં મંડળીની કામગીરી પણ બંધ હાલતમાં રહેવા પામેલ છે.

આમ ઉપર જણાવ્યા મુજબની વિગતે સંચાલકોને મંડળીના સંચાલનમાં રસ / ઉત્સાહ જણાતો ન હોઈ આમુખ–૧ (૩)માં જણાવ્યા મુજબની વિગતે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, નીચે સહી કરનાર શ્રી એમ. એન. તબિયાર, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં., ગોધરા તે ધી ધનોલ દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. પો. ધનોલ, તા. ગોધરાને પ્રસ્તાવનામાં જણાવેલ વિગતો ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૮૧ હેઠળ સંદર્ભ આ. ૩માં જણાવેલ જાહેરનામા અન્વયે મળેલ સત્તાની રૂએ ઉક્ત મંડળીની વ્યવસ્થાપક સમિતિને દુર કરી તેમની જગ્યાએ વહીવટદાર તરીકે ધી પંચમહાલ જીલ્લા દુધ ઉત્પાદક સ. સંઘ લી., ગોધરાની નિમણુંક નીચે જણાવેલ શરતોને આધીન કરું છું.

શરતો

(૧) વહીવટદારની મુદત હુકમની તારીખથી છ મહીના સુધીની રહેશે.

(૨) વહીવટદારે મંડળીના ચુંટણીના નિયમો અનુસાર ચુંટણીની કાર્યવાહી હાથ ધરી ચુંટાયેલા નવા વ્ય. કમીટી સભ્યોને ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

(૩) અસામાન્ય સંજોગોમાં જો નિયત મુદ્દતમાં ચુંટણી થઇ જ ન શકે તેમ હોય તો તેનાં સ્પષ્ટ કારણો સહીત અત્રે જાણ કરી, વહીવટદારની મુદત વધારવા માટેની દરખાસ્ત કરવાની રહેશે.

(૪) વહીવટદારના સમય હેઠળ પ્રસ્તાવનામાં જણાવેલ ખામીઓની પુર્તતા/અમલ કરવાનો રહેશે.

(૫) વહીવટદારે તાત્કાલીક અસરથી વહીવટ મેળવી લઈ તેની જાણ અત્રે કરવાની રહેશે.

(૬) વહીવટદારે મંડળીની રોજીંદી કામગીરી નિયમિત કરી માસિક અહેવાલ દર માસની પાંચમી તારીખે મળી જાય તે રીતે અત્રે મોકલવાનો રહેશે.

(૭) વહીવટદારએ આ કચેરીની વખતો વખતની સુચનાઓને આધીન રહીને વહીવટ કરવાનો રહેશે.

(૮) વહીવટદારે મહેનતાણા પેટે કોઇ ખર્ચ સંસ્થામાં પાડવાનો રહેશે નહીં.

(૯) વહીવટદારે આ કચેરીની પુર્વ મંજુરી મેળવ્યા સિવાય ચુંટણીમાં મત આપી શકશે નહીં તેમજ તે અંગેની ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે નહીં.

ગોધરા, તા. ૧૬–૭–૨૦૦૨.

વાંચ્યા :—

(૧) અત્રેની કચેરીના હુકમ નં. સવન/૦૧/ખ–૧/૧૧૦૫/૦૧ તા. ૩૦–૬–૦૧.

(૨) વહીવટદારશ્રી ધી વરધરી સેવા સ. મં. લી., મુ. પો., વરધરી, તા. લુણાવાડા, જી. પંચમહાલની માંગણી પત્રાંક ૪૨/૨૩૨, તા. ૨૭–૫–૦૨.

(૩) ગુજરાત રાજ્ય સ. મં. ના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ હેઠળની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. અષણ/ખ–૧/૪૭૧/૨૦૦૨.—ધી વરધરી સેવા સહકારી મંડળી લી., મુ. પો. વરધરી, તા. લુણાવાડા, જી. પંચમહાલ તે ગુજરાત રાજ્ય સ. મં. ના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સેવા સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. ૨૫૮૧, તા. ૨૬–૧–૪૯ થી થયેલ છે.

ધી વરધરી સેવા સહકારી મંડળી લી., મુ. પો. વરધરી, તા. લુણાવાડા, જી. પંચમહાલને આમુખ–૧માં જણાવેલ હુકમમાં જણાવ્યા મુજબ સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ વહીવટદારશ્રી હેઠળ ધી પંચમહાલ જી. સ. બેન્ક લી. ગોધરાની નિમણુંક કરવામાં આવેલ હતી.

ઇન્સ્પેકટરશ્રી ધી પંચમહાલ જી. સ. બેન્ક લી., વરધરી શાખાના આમુખ–૨ માં જણાવેલ પત્રમાં જણાવ્યા મુજબ સદર મંડળીના વહીવટદારશ્રી હેઠળના સમયની મુદત વધારી આપવા માટેની માંગણી કરેલ છે.

આમ ઉપર જણાવ્યા મુજબની વિગતે તથા કાયદાની કલમ ૮૧ હેઠળની જોગવાઇઓને આધીન રહીને સદરહુ મંડળીના વહીવટદારશ્રી હેઠળની મુદત તા. ૩૦–૬–૨૦૦૩ સુધીના સમય માટેનો મુદત વધારો કરવામાં આવે છે. જેની શરતો નીચે પ્રમાણે રહેશે.

INDEX

શરતો

(૧) વહીવટદારશ્રીની મુદત તા. ૩૦–૬–૦૩ સુધીની રહેશે.

(૨) વહીવટદારશ્રીની મુદત પુર્ણ થવાના એક માસ પહેલાં મંડળીના કારોબારી સભ્યોની વરણી કરવામાં આવે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

(૩) વહીવટદારશ્રી તરફથી કરેલ કામગીરીનો માસીક અહેવાલ દર માસની પાંચમી તારીખ સુધીમાં અત્રે મળી જાય તે રીતે મોકલી આપવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ આ કચેરીની વખતો–વખતની સુચનાઓને આધીન રહીને જ કામગીરીઓ કરવાની રહેશે.

(૫) વહીવટદારશ્રીએ આ કચેરીની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય અન્ય કોઇ સંસ્થાની ચૂંટણીમાં મંડળી વતી મત આપી શકાશે નહિ. તેમજ ચૂંટણીમાં ઉમેદવારી કરી શકાશે નહિ.

(૬) વહીવટદારશ્રીએ મહેનતાણાનો ખર્ચ મંડળીમાં પાડવાનો રહેશે નહિ.

ગોધરા, તા. ૨૦–૭–૨૦૦૨.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના હુકમ નં. સવન/૦૨/ખ-૧/૧૦૧૬/૧૦૨૪, તા. ૩૦–૫–૦૧.

(૨) વહીવટીદારશ્રી ધી કડાછલા અર્થક્ષમ સેવા સ. મં. લી., મુ. પો. કડાછલા, તા. લુણાવાડા, જી. પંચમહાલની માંગણી પત્રાંક ૨૩૨ તા. ૨૭–૫–૦૨.

(૩) ગુજરાત રાજ્ય સ. મં. ના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૮૧ હેઠળની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. અપણુ/ખ-૧/૪૭૨/૦૨.—ધી કડાછલા અર્થક્ષમ સેવા સ. મં. લી., મુ. પો. કડાછલા, તા. લુણાવાડા, જિ. પંચમહાલ, તે ગુજરાત રાજ્ય સ. મં. ના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સેવા સહકારી મંડળી છે. જેનો નોંધણી નં.–૩૭૧૧, તા. ૩૦–૧૧–૬૦ થી થયેલ છે.

ધી કડાછલા અર્થક્ષમ સેવા સ. મં. લી., મુ. પો. કડાછલા, તા. લુણાવાડા, જી. પંચમહાલ ને આમુખ–૧માં જણાવેલ હુકમમાં જણાવ્યા મુજબ સહકારી કાયદાની કલમ–૮૧ હેઠળ વહીવટદારશ્રી હેઠળ ધી પંચમહાલ જીલ્લા સહકારી બેન્ક લી., ગોધરાની તા. ૨૯–૫–૦૨ સુધી નિમણુંક કરવામાં આવેલ હતી.

ઇન્સ્પેકટરશ્રી ધી પંચ. જી. સ બેન્ક લી., વરધરી શાખા ના આમુખ–૨ માં જણાવેલ પત્રમ જણાવ્યા મુજબ સદર મંડળીના વહીવટદારશ્રી હેઠળનો સમયની મુદત વધારી આપવા માટેની માંગણી કરેલ છે.

આમ ઉપર જણાવ્યા મુજબની વિગતે તથા કાયદાની કલમ–૮૧ હેઠળની જોગવાઇઓને આધીન રહીને સદરહુ મંડળીના વહીવટદારશ્રી હેઠળની મુદત તા. ૩૦–૬–૨૦૦૩ સુધીના સમય માટેની મુદત વધારો કરવામાં આવે છે. જેની શરતો નીચે પ્રમાણે છે.

શરતો :–

(૧) વહીવટદારશ્રીની મુદત તા. ૩૦–૬–૦૩ સુધીની રહેશે.

(૨) વહીવટદારશ્રીની મુદત પુર્ણ થવાના એક માસ પહેલ. મંડળીના કારોબારી સભ્યોની વરણી કરવામાં આવે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

(૩) વહીવટદારશ્રી તરફથી કરેલ કામગીરીનો માસીક અહેવાલ દર માસની પાંચમી તારીખ સુધીમાં અત્રે મળી જાય તે રીતે મોકલી આપવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ આ કચેરીની વખતો વખતની સુચનાઓને આધીન રહીને જ કરવાની રહેશે.

(૫) વહીવટદારશ્રીએ આ કચેરીની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય અન્ય કોઇ સંસ્થાની ચુંટણીમાં ઉમેદવારી કરી શકાશે નહિ તેમજ અન્ય કોઇ સંસ્થાની ચુંટણીમાં મંડળી વતી મત આપી શકાશે નહી.

(૬) વહીવટદારશ્રીએ મહેનતાણાનો ખર્ચ મંડળીમાં પાડવાનો રહેશે નહી.

ગોધરા, તા. ૨૦–૭–૨૦૦૨.

એમ. એન. તબિયાર,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ગોધરા.

સે. ક્રમાંક નધણુ/૧૮૮/સે-૩૨૧૮૮/ખ-૧/૭૨૯/૨૦૦૨.—જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દાહોદ આથી જાહેર કરે છે કે ધી ઉચવાણીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ઉચવાણીયા, તાલુકો દાહોદ, જીલ્લો દાહોદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ના કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દાહોદ, તા. ૨૯–૬–૨૦૦૨.

INDEX

વાંચ્યો :— (૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ગ્રાહક) લગત સદર કચેરીના તા. ૪–૭–૦૨ના પત્ર ક્રમાંક ફડચ / ગ/૧૭૩/૦૨થી મોકલેલ દરખાસ્ત.

(૨) શ્રી સ્પે.-ઓડીટર સ. મંડળીઓ. (ગ્રેઈન ડેપો) દાહોદનાં પત્ર નં. અષણ્/૦૨/૨૮૭/૯૪, તા. ૨૮–૧૨–૯૪થી મોકલેલ ઓડીટ રીપોર્ટ.

હુકમ

ક્રમાંક થન/ફડચ/૪૩/ખ-૧/૮૫૬/૨૦૦૨.—ધી નેલસુર મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી., મુ. પો. નેલસુર, તા. ગરબાડા, જી. દાહોદનાં નોંધણી નં. ઉ/૭૪૯૧, તા. ૩૦–૫–૭૭થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાના જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાનાં હુકમ નં. ઉખસ/ફડચ/ /૦૧/ચ/ ૯૭૮/૯૫, તા. ૨૦–૬–૯૫થી કરવામાં આવેલ હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઇ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

દાહોદ, તા. ૧૬–૭–૨૦૦૨.

———

વાંચ્યો —

(૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ગ્રાહક) લગત સદર કચેરીના પત્ર નં. ફડચ/૧૭૫/૦૨, તા. ૪–૭–૦૨થી મોકલેલ દરખાસ્ત.

(૨) શ્રી સ્પે.-ઓડીટર સ. મંડળીઓ (દૂધ) લીમખેડા ના પત્ર નં. તા. ૧૨–૯–૯૪થી મોકલેલ ઓડીટ રીપોર્ટ.

હુકમ

જા. નં. ફડચ/૧૩/ખ-૧/૮૬૬/૦૨.– ધી મેથાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પો. મેથાણ, તા. લીમખેડા, જિ. દાહોદની નોંધણી નં. સેદુ/૨૫૧૯૪, તા. ૩૧–૫–૯૦થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ હેઠળ નોંધવામાં આવી હતા. મંડળીનું કામકાજ આટોપી લેવાનો જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ; ગોધરાના હુકમ નં. ઉખસ/ફડચ/ ૦૧/૯૮૦/૯૫, તા. ૨૦–૬–૯૫થી કરવામાં આવેલ હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીનાં દરખાસ્ત મુજબ મંડળીની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમનાં તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ રદ થયેલ ગણાશે.

દાહોદ, તા. ૧૬–૭–૨૦૦૨.

———

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ગ્રાહક) લગત સદર કચેરીના તા. ૪–૭–૦૨નાં પત્ર ક્રમાંક ફડચ/ગ/૧૭૭/ ૦૨ની દરખાસ્ત.

(૨) સ્પે.ઓડીટર સહકારી મંડળીઓ સંતરામપુર નાં પત્ર ક્રમાંક અષણ્/૦૧/૯૨/૯૪, તા. ૨–૫–૯૪થી મોકલેલ ઓડીટ રીપોર્ટ.

હુકમ

જા. નં. ફડચ/૨૪/ખ-૧/૮૬૭/૦૨.—ધી સરદાર પટેલ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. પો. ઝાલોદ, તા. ઝાલોદ, જિ. દાહોદની નોંધણી તા. ૧૭–૯–૭૩ ના રોજથી નોંધણી નં. ધ. ૯૬૮થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો જિલ્લા રજીસ્ટ્રાર, સહ. મંડળીઓ, ગોધરાનાં ક્રમાંક ઉખસ/ગ/ફડચ/૦૧/ચ/૧૨૫૯/૯૪, તા. ૩૦–૬–૯૪થી કરવામાં આવેલ હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઇ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારોની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

દાહોદ, તા. ૧૬–૭–૦૨.

———

વાંચ્યો :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૧૯ ની જોગવાઇ.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ગ્રાહક) લગત સદર કચેરીના પત્ર નં. ફડચ/ગ/૧૮૨/૦૨, તા. ૧૦–૯–૦૨.

INDEX

હુકમ

જા. નં. ફડચ/૨૨/ખ. ૧/૯૬૮/૦૨. - ધી આફવા વિભાગ મજુર કામદાર સહકારી મંડળી લી. આફવા, તા. ફતેપુરા, જિ. દાહોદની નોંધણી નંબર ઉ. ૮૫૫૧, તા. ૨૪-૧૨-૮૨ થી સહકારી મંડળીઓનાં કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા માટે જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાના હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૧૭૭૧/૯૮, તા. ૨૪-૧૨-૯૮ થી હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ આમુખ-૨માં જણાવેલ ફડચા અધિકારીશ્રીની દરખાસ્તમાં જણાવ્યા મુજબ મંડળીના સભાસદો તરફથી મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવેલ હોઇ તેમજ મંડળીએ ઉદ્દેશો મુજબની કામગીરી કરવાં ખાત્રી આપેલ હોઇ સદર હુકમ ગ્રાહય રાખી આમુખ (૧) ની જોગવાઇઓને ધ્યાને લઇ સદર મંડળીને પુનઃજીવીત કરવા આથી નીચેની શરતોએ હુકમ કરવામાં આવે છે.

શરતો :—

(૧) મંડળીએ તેનું કામકાજ પેટા નિયમ તથા સહકારી કાયદા મુજબ કરવાનું રહેશે.

(૨ તા. ૯-૬-૦૨ ના રોજની ખાસ સાધારણ સભામાં થયેલ ઠરાવોનું પાલન કરવાનું રહેશે.

(૩) નવેસરથી કમિટિની રચના કરી ચેરમેનશ્રીની નિમણુંક કરી ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

(૪) મંડળીનું ઓડીટ નિયમિત દર વર્ષે નિયમોનુસાર ખાતાં મારફતે કરાવી લેવાનું રહેશે.

(૫) દર વર્ષ નિયમીત નિયત સમયમાં વાર્ષિક સાધારણ સભા બોલાવવાની રહેશે. તેમજ નિયમોનુસાર વ્યવસ્થાપક કમિટિ બોલાવવાની રહેશે.

(૬) મંડળીએ બાંધકામને લગતાં વર્ગ મંડળી બાંધકામના કામો કરાવવાના રહેશે.

દાહોદ, તા. ૧૬-૭-૦૨.

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ગ્રાહક) લગત સદર કચેરીના પત્ર નં. ફડચ/ગ/૨૧૨/૦૨, તા ૧૮-૭-૦૨.

(૨) સબ-ઓડીટર લગત સ્પેશ્યલ ઓડીટર સ મં. દાહોદનાં પત્ર નં. અપણ/ગ/૪૮૭/૧૯૯૫, તા. ૧-૧૨-૯૫થી મોકલેલ ઓડીટ રીપોર્ટ.

હુકમ

જા. નં. ફડચ/૨૮/ખ-૧/૯૯૬/૦૨.— ધી ક્રિશ્ચયન સેવા સહકારી મંડળી લી. મુ. પો. ઝાલોદ મુવાડા, તા. ઝાલોદ, જિ. દાહોદની નોંધણી નં. સે/૬૨૩૬, તા. ૧-૧૧-૭૨ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાના જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરાનાં હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૯૮૨/૯૬, તા. ૧-૬-૯૬ થી કરવામાં આવેલ હતો. જે અનુસાર સદરહુ મંડળીનાં ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઇ અને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ-૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

દાહોદ, તા. ૧૮-૭-૨૦૦૨.

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ગ્રાહક) લગત સદર કચેરીના પત્ર નં. ફડચ/ગ/૨૦૪/૦૨, તા. ૧૬-૭-૦૨.

(૨) સબ-ઓડીટર, સહકારી મંડળીઓ (ગ્રેઈન ડીપો), દાહોદના પત્ર નં. અપણ/૦૨/૨૫/૯૫, તા. ૧-૨-૯૫.

હુકમ

જા. નં. ફડચ / ૩૮ / ખ-૧ / ૯૦૦ / ૨૦૦૨.—ધી થલત મરધાં ઉછેર અને ઇંડાં વેચાણ કરનારી સહકારી મંડળી લી. થલત, તા. દાહોદ, જિ. દાહોદની નોંધણી નં. ઉ-૭૬૮૪, તા. ૫-૪-૭૯ થી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનાં જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાનાં હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૨૫૩૮/૯૫, તા. ૧૬-૧૦-૯૫ થી કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીનાં ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઇ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારોની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

દાહોદ, તા. ૧૮-૭-૨૦૦૨.

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ગ્રાહક) લગત સદર કચેરીનાં પત્ર નં. ફડચ/ગ/૨૦૬/૦૨, તા. ૧૬-૭-૦૨.

INDEX

(૨) સબ–ઓડીટર સહકારી મંડળીઓ (દુધ), લીમખેડાના પત્ર નં. ૧-૭ ૯૫.

હુકમ

જા. નં. લવદ/૨૭/ખ-૧/૯૦૧/૨૦૦૨.–ધી બાજરવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. બાજરવાડા, તા. ઝાલોદ, જિ. દાહોદની નોંધણી નં. સેદુ / ૧૯૫૫૫, તા. ૩–૯–૮૧થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનાં જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ગોધરાના, હુકમ નં. ઉખસ/ફડચ ૦૧/ચ/૬૦૧/૯૬, તા. ૩૧–૩–૯૬ થી કરવામાં આવેલ હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ કલમ–૨૦ ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારોની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

દાહોદ, તા. ૧૮–૯–૨૦૦૨.

વાંચ્યો :-

(૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ગ્રાહક) લગત સદર કચેરીના પત્ર નં. ફડચ/ગ/૨૦૨/૦૨, તા. ૧૬–૭–૦૨,

(૨) સબ-ઓડીટર, સહકારી મંડળીઓ હાલોલના પત્ર નં. અપણ/૦૧/૦૫/૯૫, તા. ૨–૧–૯૬થી મોકલેલ ઓડીટ રીપોર્ટ.

જા. નં. ફડચ/૭/ખ-૧/૯૦૨/૨૦૦૨.–ધી ઇચ્છાપુરી મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી., સાગટાળા, તા. દે. બારીયા, જિ. દાહોદની નોંધણી નં. ઉ–૫૭૨૬, તા. ૧૪–૨–૮૫ થી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાના હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૯૪૪/૯૬, તા. ૧–૬–૯૬થી કરવામાં આવેલ હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઇ ગુજરાત સહકારી મંડળીઓના આધિનિયમ, ૧૯૬૧ની કલમ–૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારોની રૂઈએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિતત્વ નાબુદ થયેલુ ગણાશે.

દાહોદ તા. ૧૮–૭–૨૦૦૨.

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ગ્રાહક) લગત સદર કચેરીના પત્ર નં. ફડચ/ગ/૨૧૭/૦૨, તા. ૨૦-૭-૦૨.

(૨) સબ-ઓડીટર સહકારી મંડળીઓ, સંતરામપુરના પત્ર નં. અપણ/૦૧/૩૦૦/૯૩, તા. ૨૦–૧૧–૯૩.

હુકમ

જા. નં. ફડચ/૧૮/ખ–૧ / ૧૦૮૦ /૨૦૦૨.—ધી સર્વોદય પિયત સહકારી મંડળી લી., મું. મારગાળા, તા. ફતેપુરા, જિ. દાહોદની નોંધણી નં. પી ૨૯૩૮, તા. ૧૧–૭–૮૮ થી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનુ કામકાજ આટોપી લેવાનો જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાના હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૧૫૪/૯૬, તા. ૬–૧–૯૬ થી કરવામાં આવેલ હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઇ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમ થી મળેલ અધિકારોની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિતત્વ નાબુદ થયેલ ગણાશે.

દાહોદ, તારીખ ૨૪–૭–૨૦૦૨.

વાંચ્યો :-

(૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ગ્રાહક) લગત સદર કચેરીનાં પત્ર નં. ફડચ/ગ/૨૧૮/૦૨, તા. ૨૦–૭–૦૨.

(૨) સબ-ઓડીટર, સહકારી મંડળીઓ, કાલોલ, તા. ૧–૬–૯૫ નાં પત્ર નં. અપણ/૦૧/૧૯૬૫.

હુકમ

જા. નં. ફડચ/૧૪/ખ-૧/૧૦૮૨/૨૦૦૨.— ધી લીમખેડા તાલુકો પંચાયત કર્મચારી ધિરાણ સહકારી મંડળી લી. લીમખેડા, તા. લીમખેડા, જિ. દાહોદની નોંધણી નં. સે ૩૨૦ તા. ૧૮–૩–૧૯૭૧થી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાના હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૧૧૩/૯૬. તા. ૨૫–૧–૯૬થી કરવામાં આવેલ હતો. જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઇ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર હુકમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

INDEX

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

દાહોદ, તા. ૨૪–૭–૨૦૦૨.

વાચ્યો :–

(૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારીશ્રી (ગ્રાહક) લગત સદર કચેરીના પત્ર નં. ફડચ/ગ/૨૧૪/૦૨, તા. ૨૦–૭–૦૨.

(૨) જિલ્લા રજીસ્ટ્રાર/સહકારી મંડળીઓ, ગોધરાના હુકમ નં. સવન/૦૫૪/ચ/૧૧૨૨/૯૬, તા. ૨૮–૬–૯૬.

હુકમ

જા. નં. ફડચ/૪૨/ખ-૬/૧૦૮૬/૦૨.—ધી રામનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., દાહોદ, તા. દાહોદ, જિ. દાહોદની નોંધણી નં. ધ-૬૧૩૧, તા. ૧–૧–૭૯થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો આદેશ આમુખ એથી કરવામાં આવેલ હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઇ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

દાહોદ, તા. ૩૧–૭–૦૨.

જે. એસ. ડામોર,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
દાહોદ.

નં. નધણ/૦૬/ક/૪૧૮/સે.દુ. ૩૩૫૧૭/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ધી સવાપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.. મર્યાદિત સ્થળ સવાપુર, તાલુકો તલોદ, જીલ્લો સાબરકાંઠા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૨૪–૬–૨૦૦૨.

નં. નધણ./૦૫/ક/૪૨૪/સે.દુ. ૩૩૫૧૬/૨૦૦૨.—આથી જાહેર કરે છે ધી પાઝ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાઝ, તાલુકો ખેડબ્રહ્મા, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૨૪–૬–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંક : ૨૪૯૧/ડી. ડી. જી./૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦–૩–૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી તાજપુર કેમ્પગૃપ સેવા સ. મં. લી., તાજપુર કેમ્પ, તાલુકો તલોદના તા. ૨૪–૬–૦૨નો અહેવાલ.

આદેશ

ક્રમાંક : ફડચ/ફ/૧૨૮૬/૦૧/ગ/૨૪૯૪/૦૨.— ધી તાજપુર કેમ્પગૃપ સેવા સહકારી મંડળી લી., મુ. તાજપુર કેમ્પ, તા. તલોદ, જીલ્લો સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે-૨૩૪૦, તા. ૨૬–૪–૭૧ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૬–૨–૦૧ ના હુકમથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ–૨નાં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૨૦ અન્વયે હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન–૧૫ માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૧૫–૭–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચીવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ૨૪૯૧ / ડી. ડી. જી. / ૧૧૮૮ / ૫૨૦૪ / જ, તા. ૩૦–૩–૯૧.

INDEX

(૨) ફડચા અધિકારીશ્રી, ધી અશોકપુરા તાજપુરી, તેલી. ઉ. સ. મં. લી., (ફડચામાં) અશોકપુરા તાજપુરા, તાલુકો હિંમતનગરના તા. ૨૪–૫–૨૦૦૨નો અહેવાલ.

આદેશ

ક્રમાંક : ફડચ / ફ / ૧૨૨૪૦ / ૦૧/ગ/૨૪૯૫/૨૦૦૨.—ધી અશોકપુરા (તાજપુરા) તેલી. ઉ. સ. મં. લી., મુ. અશોકપુરા, તા. હિમંતનગર, જીલ્લો સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર ૨૩૬૫૩, તા. ૧૪-૨-૮૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૬–૨–૨૦૦૧ના હુકમથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ–૨માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતીમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૨૦ અન્વયે હું જે. જે. શાહ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરૂં છું.

મંડળીના ફડચા અધિકારીએ, સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન–૧૫માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૧૫–૭–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ૨૪૯૧/ ડી. ડી. જી./૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦–૩–૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી આંબાવાડા મત્સ્યોદ્યોગ સ. મં. (ફડચામાં) મુ. પો. થાવસર, તાલુકો ઇડરના તા. ૨૪–૫–૨૦૦૨નો અહેવાલ.

આદેશ

ક્રમાંક : ફડચ/ફ/૧૨૨૪૮ / ૦૧/ગ/૨૪૯૬/૨૦૦૨.– ધી આંબાવાડા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. મુ. થાવસર તા. ઇડર, જીલ્લો સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર ઉ/૬૦૫૮, તા. ૮–૧૨–૯૬થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૬–૨–૦૧ના હુકમથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ–૨ માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચાઅધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતીમ ઓડીટ વગેરે થઇ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૨૦ અન્વયે હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરૂં છું.

મંડળી ના ફડચાઅધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન–૧૫માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૧૫–૭–૨૦૦૨.

વંચાણમાં લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક / ૨૪૯૧ / ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦–૩–૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી ચિત્રોડા ગૃપ તેલી. ઉ. સ. મં. લી., (ફડચામાં) ચિત્રોડા, તાલુકો ઇડર ના તારીખ ૨૪–૫–૨૦૦૨ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ / ફ /૧૧૮૭૪/૦૧/ગ/૨૪૯૭/૨૦૦૨.— ધી ચિત્રોડા ગૃપ તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ચિત્રોડા, તા. ઇડર, જીલ્લો સાબરકાંઠા, કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે. તે.–૧૦૨૬૫, તા. ૧૦–૧૦–૯૧થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૨–૭–૨૦૦૦ના હુકમથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવેલ જેના સદર્ભ–૨માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહું મંડળીના છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઇ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૨૦ અન્વયે હું જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરૂં છું.

મંડળીની ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન ૧૫માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૧૫–૭–૨૦૦૨.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક ૨૪૯૧/ડી.ડી.જી./ ૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦–૩-૯૧.

INDEX

(૨) ફડચા અધિકારીશ્રી, ધી મેાડાસા તાલુકા ખેતી વિકાસ અને બાં. બીજ ઉત્પા. સ. મં. લી., (ફડચામાં) વણીયાદ, તા. મેાડાસાનાતા. ૨–૭–૨૦૦૨ નેા અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૧૧૮૬૮/૦૧/ગ/૨૪૯૮/૨૦૦૨.—ધી મેાડાસા તા. ખેતી વિકાસ અને બીજ ઉત્પા. સહકારી મંડળી લી., મુ. વણીયાદ, તા. મેાડાસા, જી. સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નેાંધણી નંબર સે. તે. ૧૮૯૬૨, તા. ૨૫–૨–૮૨ થી નેાંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૧૯–૪–૨૦૦૦ના હુકમથી ફડચામાં લઈ જવાનેા આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ–૨માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુણ્ય કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતીમ ઓડીટ વગેરે થઇ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૨૦ અન્વયે હું, જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નેાંધણી આથી રદ કરૂં છુ.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન–૧૫માં આ કચેરીને સેાંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૧૫–૭–૨૦૦૨.

વંચાણે લીધા :–

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ૨૪૯૧/ડી. ડી. જી./૧૧૮૮–/૫૨૦૪/જ, તારીખ ૩૦–૩–૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી કર્મચારીનગર કેા. ઓ. હાઉ. સેા. લી.મીટેડ (ફડચામાં) મુકામ હિંમતનગર, તાલુકેા હિંમતનગરના તારીખ ૨૮–૬–૦૨ નેા અહેવાલ.

આદેશ

ક્રમાંક : ફડચ/ફ/૧૨૮૭૦/૦૧/ગ/૨૪૯૯/૨૦૦૨.— ધી કર્મચારીનગર કેા. ઓ. હાઉ. સેા. સહકારી મંડળી લી., મુ. હિમતનગર, તા. હિંમતનગર, જીલ્લેા સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નેાંધણી નંબર ધ–૧૨૪૦૫, તા. ૪–૬–૮૭ થી નેાંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તારીખ ૧૯–૧૧–૦૧ ના હુકમથી ફડચામાં લઈ જવાનેા આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ–૨ માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતીમ ઓડીટ વગેરે થઇ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ–૨૦ અન્વયે હું, જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નેાંધણી આથી રદ કરૂં છુ.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન–૧૫ માં આ કચેરીને સેાંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૧૫–૭–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ૨૪૯૧/ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦–૩–૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી તાજપુરી પંચાયત સ. મં. લી., (ફડચામાં) તાજપુરી, તાલુકેા હિંમતનગરના, તા. ૨૮–૬–૨૦૦૨ નેા અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૧૨૨૪૨/ ૦૧ /ગ / ૨૫૦૦ / ૨૦૦૨.– ધી તાજપુરી પંચાયત સહકારી મંડળી લી., મુ. તાજપુરી, તા. હિંમતનગર, જીલ્લેા સાંબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નેાંધણી નંબર ખે. ૫૮૮, તા. ૬–૨–૭૪ થી નેાંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૧૯–૧૧–૦૧ ના હુકમથી ફડચામાં લઈ જવાનેા આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ–૨ માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતીમ ઓડીટ વગેરે થઇ જતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૨૦ અન્વયે હુ. જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નેાંધણી આથી રદ કરૂં છુ.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન ૧૫માં આ કચેરીને સેાંપી દેવાનું રહેશે,

હિંમતનગર, તા. ૧૫–૭–૨૦૦૨.

નં. નવણુ/૦૧/ક/૪૯૧/સે.દુ. ૩૩૫૧૮/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી હિંડોળા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ હિંડોળા, તાલુકેા ભાયડ, જીલ્લેા સાબરકાંઠા.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૧૯-૭-૨૦૦૨.

નં. નધણ/૦૧/ક/૪૯૨/સે.દુ, ૩૩૫૧૯/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી સર્વોદય બચત અને ધિરાણ સહકારી મંડળી લી., મર્યાદિત રથળ, ઇલોલ, તાલુકો હિંમતનગર, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૧૯-૭-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪/૯૧/ડીડીજી/૧૧૮૮/ ૫૨૦૪, તારીખ ૩૧-૩-૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૩) તા. ૧૯-૪-૦૧ નો કાર્યવાહકોનો મંડળીને ફડચામાં લઈ જવા બાબતનો સંમતિપત્ર.

આલોચના

જા. નં. ફડચ/ફ/૧૨૮૭૬/૦૧/ગ/૨૫૬૮/૨૦૦૨.—ધી પીપરાણા ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી., મુ. પીપરાણા, તા. માલપુર, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક એફ. ૩૦૭, તા. ૯-૩-૧૯૫૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧-૭-૯૯ થી 30-૬-2000 સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ સબ ઓડીટરશ્રી, સ, મં. મોડાસા દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૨૮-૩-૦૧ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૬૦/૦૧ થી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૧૯-૪-૦૧ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. સદર મુદતે મંડળીના કાર્યવાહકોએ હાજર રહી આમુખ-૩ માં વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઇ જવાની લેખિત સંમતિ આપેલ હતી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાનો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લા સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી પીપરાણા ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી., મુ. પીપરાણા, તાલુકો માલપુર, જી. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ-૩ માં દર્શાવેલ સંમતિને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૨૫-૭-૨૦૦૨.

વંચાણે લીધા —

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જી.એચ.કે.એચ./૨૪/૯૧/ડી.ડી.જી./૧૧૮૮/ ૫૨૦૪/જ, તા. ૩૦-૩-૧૯૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

) આ કચેરીના તા. ૧૯-૪-૨૦૦૧ ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૮૫૨/૨૦૦૧.

આલોચના

જા. નં. ફડચ/ફ/૧૨૮૭૭/૦૧/ગ/૨૫૬૯/૨૦૦૨.—ધી રામપુર (નવા) ગૃપ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., તા. ઇડર, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ૧૦૨૯૩, તા. ૩૦-૪-૯૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧-૭-૯૯ થી ૩૧-૩-૨૦૦૦, સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ સબ ઓડીટરશ્રી સ. મં., ઇડર દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૧૫-૧૨-૨૦૦૦ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૨૫૯/૨૦૦૦ થી મંડળીને ફડચામાં કેમ ન

INDEX

લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૯-૧-૨૦૦૧ના રોજ રજુઆત કરવા મુદ્દત આપેલ હતી. પરંતુ નિયત મુદ્દતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉકત બાબતે રજુઆત કરવા સારૂ તારીખ ૧૯-૩-૨૦૦૧ના રોજની મુદ્દત આપેલ હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત થયેલ નથી. આમુખ-૩માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૬-૪-૨૦૦૧ ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ, તથા વચગાળાના આદેશની તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ અને કુલ રજુઆત માટે તા. ૨૧-૫-૦૧ના રોજ મુદ્દત આપેલ. પરંતુ આપેલ મુદ્દતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆતો કરવામાં આવેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જીલ્લો સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૩ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી રામપુર (નવા) તેલી. ઉત્પા. સ. મં. લી., મુ. રામપુર (નવા), તા. ઇડર, જી. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ-૩માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૨૫-૭-૨૦૦૨.

જે. જે. શાહ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
હિંમતનગર.

ક્રમાંક ઉખસ/નધણ/ધ-૨૦૪૮૮/ઝ/૫૦૮/૫૦૯/૨૦૦૨.— આથી જાહેર કરે છે રાધે-પાર્ક કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સુરત અડાજણ, મર્યાદિત સ્થળ અડાજણ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૧-૬-૨૦૦૨.

ક્રમાંક ઉખસ/નધણ/સ-૩૯૨/૬/૫૧૦/૫૧૧/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શિલાલેખ કોમર્શીયલ કો-ઓપ. સોસાયટી લી., સુરત વોર્ડ નં. ૬ મર્યાદિત સ્થળ મહીધરપુરા, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૧-૬-૨૦૦૨.

ક્રમાંક ઉખસ/નધણ/ધ-૨૦૪૮૯/ઝ/૫૧૨/૫૧૩/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી જલારામ દર્શન (ઉધના) કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ ઉધના સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૧-૬-૨૦૦૨.

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા-૨, સુરતનાં તારીખ ૨૦-૬-૦૨ નાં જા. નં. ફડચ/૦૨/૧૦૬ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૬૯૩/૪૬૭/ખ/૨૦૦૨.—ધી ગડત વિભાગ ઉદવહન સિંચાઇ સ. મં. મુ., પો. ગડત, તા. વ્યારા, જિ. સુરતના નોંધણી ક્રમાંક ખે-૨૭૬૦, તારીખ ૨૮-૮-૮૬ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના ક્રમાંક ફડચ/ઉખસ/૧૬૯૩/ખ/૧૪૪૬, તારીખ ૩૧-૧૨-૨૦૦૧ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત

INDEX

થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૯–૬–૨૦૦૨.

વાચ્યો :– સહકારી અધિકારી ફડચા–૨, સુરતના તા. ૨૦–૬–૨૦૦૨ના જા. નં. ફડચ / ૦૨/ ૧૦૭ / ૦૨ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ / ઉખસ / ૧૬૮૦/ખ /૫૩૦/ ૨૦૦૨.—ધી કોળકુઇ વિભાગ આદિમજુથ મત્સ્ય સ. મં., મુ. પો. કોળકુઇ, તા. વ્યારા, જિલ્લો સુરતની નોંધણી ક્રમાંક સે.–૨૨૭૪૭, તારીખ ૩૧–૭–૯૩ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના ક્રમાંક ફડચ/ ઉખસ/ ૧૬૮૦/ખ/૧૨૫૯, તારીખ ૨૮–૧૧–૨૦૦૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલાં જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૫–૭–૨૦૦૨.

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા–૨, સુરતના તા. ૨૦–૬–૨૦૦૨ના જા. નં. ફડચ/૦૨/૧૦૫ થી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૭૨૨ / ખ / ૫૩૧ / ૨૦૦૨.—ધી પથરાડીયા પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સ. મં. લી., મુ. પથરાડીયા, તા. બારડોલી, જિ. સુરતના નોંધણી ક્રમાંક બે–૪૭૭૨, તારીખ ૧૦–૮–૯૮ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક ફડચ / ઉખસ / ૧૭૨૨ / ૨૪૪/૦૨, તારીખ ૧૩–૨–૨૦૦૨ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૫–૭–૨૦૦૨.

વાંચ્યો :—અત્રેની કચેરીના જા. નં. સકક/૦૧/ખ/૩૦૪/૦૧, તા. ૧૬–૩–૨૦૦૧ ના પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા બાબત તથા વ્ય. કમીટીનો મંડળીને ફડચામાં લઇ જવાનો ઠરાવ નં. ૨, તા. ૨૮–૩–૨૦૦૧.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૧૭૪૮ / ખ / ૫૫૦ /૨૦૦૨.—ધી બુહારી વિભાગ પોલ્ટ્રી ફાર્મર્સ સહકારી મંડળી લી., મુ. પો. બુહારી, તા. વાલોડ, જિ. સુરત વિ. સુરતનાં નોંધણી ક્રમાંક સે–૧૬૫૧૦, તા. ૩–૭–૧૯૭૯થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૩–૩–૦૧ ના પત્રથી ફડચામા લઈ જવાનો મંડળીએ ઠરાવ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧૦–૭–૨૦૦૨.

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા-૨ સુરતનાં તા. ૧૫–૭–૦૨ નાં જા. નં. ફડચ/૦૨/૫૧૭/ થી મંડળીની નોંધણી રદ ની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૬૮૪/ખ/૬૨૫/૨૦૦૨.— ધી તુલસી એપાર્ટ. કો. ઓપ. સો. લી. મુ. બેગમપુરા, સુરત, તા. ચોર્યાસી, જિ. સુરતના નોંધણી ક્રમાંક : ધ-૫૨૦૫, તારીખ ૮–૭–૭૩ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રા., સહકારી મંડળીઓ, સુરતના ક્રમાંક

INDEX

ફડચ / ઉખસ / ૦૧/૧૨૬૦ / ૦૧, તારીખ ૨૮–૧૧–૦૧ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૪–૭–૨૦૦૨.

વાચ્યો :–સહકારી અધિકારી ફડચા–સુરતનાં તા. ૨૦–૬–૦૨નાં જા.નં.ફડચ/૦૨/૧૦૨થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા.ન. ફડચ/ઉખસ/૧૭૧૦/ખ/૫૨૯/૨૦૦૨.–ધી આદિવાસી પિયત વિસ્તારમાં પાણી પુરું પાડનારી સ. મં. લી., વાંકળ, તા. માંગરોળ, જિ. સુરતના નોંધણી ક્રમાંક : ખે-૩૨૫૫, તારીખ ૧૧–૨–૯૪ થી નોંધવામાં આવેલ હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના ક્રમાંક ફડચ / ઉખસ / ૧૭૧૦ / ખ/૯૬, તારીખ ૨૧–૧–૨૦૦૨ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૫–૭–૨૦૦૨.

વાંચ્યો : અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૫૧૩/૦૨, તા. ૩/૭/૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૪૯/ખ/૬૯૨/૨૦૦૨.— ધી વાંઝરડા વિભાગ મોટાંકદની ખેડુતોની સેવા સહકારી મંડળી લી., ઠે. મુ. પો.વાંઝરડા, તા. સોનગઢ, જિ. સુરત, વિ સુરતની નોંધણી ક્રમાંક ૧૭૬૮૦, તા. ૯–૧૨–૮૨ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૩–૭–૨૦૦૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી, આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૧૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સુરત ડી. કો. ઓપ. બેંક લી., જે. પી. રોડ, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૬–૮–૨૦૦૨.

વાચ્યો —અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૫૧૫/૦૨ તા. ૩–૭–૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૫૦ / ખ / ૬૯૩ / ૨૦૦૨.— ધી ગામતળાવ ખુર્દ જંગલના પુનઃનિર્માણ અને ગ્રામ વિકાસ સ. મં. લી., મુ. પો. ગામતળાવ ખુર્દ, તા. માંડવી, વિ. સુરતની નોંધણી ક્રમાંક સે–૨૭૪૧૪, તા. ૨૧–૧૨–૧૯૯૫ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૩–૭–૨૦૦૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા–૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે

સુરત, તા. ૬–૮–૨૦૦૨.

વાંચ્યો :—અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૫૧૭/૦૨, તા. ૩–૭–૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૧૭૫૧ / ખ / ૬૯૪ / ૨૦૦૨.—ધી હરીપુરા કાળાઘાટ વન વસાહત પિયત સહકારી મંડળી લી., મુ. કાળાઘાટ, પો. દહેવાડા, તા. માંડવી, વિ. સુરતની નોંધણી ક્રમાંક સે–૩૨૫૧, તા. ૭–૧૨–૧૯૯૪ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૩–૭–૦૨ના વચગાળાના આદેશથી

INDEX

ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા–૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૬–૮–૨૦૦૨.

વાંચ્યો :—અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૫૧૧/૦૨, તા. ૩–૭–૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૫૨/ખ/૬૯૫/૨૦૦૨.–ધી ભૈરવ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મં. લી. કે. ભૈરવ, તા. કામરેજ, જી. સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક સે–૧૭૬૫૩, તા. ૨૮-૧- ૦૩ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૩–૭–૦૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા–૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા ૬–૮–૨૦૦૨.

આર. આર. વધાસીયા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

જા. નં. પચત/સહકાફી/વશી/૪૫૮૮/૯૨.–નોંધણી ક્રમાંક સે. ૩૦૧૫૬.—જીલ્લા પંચાયત, ખેડા આથી જાહેર કરે છે કે શ્રી સંધાણા ગ્રામઘોમત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળી લી., મુ. સંધાણા, તા. માતર, જી. ખેડાને.

ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે નોંધવામાં આવી છે.

નડીયાદ, તા. ૨૩–૭–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ખેડા જિલ્લા પંચાયત,
નડીયાદ.

જાહેરનામું

જા. નં. ક/પચત/સહકાર/વશી/૭૩૪.–નોંધણી ક્રમાંક અ/૪૬૪૩–જીલ્લા પંચાયત આણંદ આથી જાહેર કરે છે કે શ્રી સેવરાપુરા પિયત સહકારી મંડળી લી., મુ. હરીપુરા, પો. ખડોધી, તા. ખંભાત, જિ. આણંદએ,

ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ ૯ (૧) અન્વયે નોંધવામાં આવી છે.

આણંદ. તા. ૧૯–૬–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
આણંદ.

નં. જી. પં./સહક/નધણ/૧૦૨૯/સે/૨૮૪૧૦/૨૦૦૨.—જીલ્લા પંચાયત મહેસાણા, આથી જાહેર કરે છે કે ડાભી સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ડાભી, તા. ઉંઝા, જીલ્લો મહેસાણા,

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૨–૭–૨૦૦૨.

નં. જી. પં. સહક/નધણ/૧૦૩૬/૪/૧૧૬૦૭/૨૦૦૨.—જીલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે જેતલવાસણા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સ. મં. લી., મર્યાદિત સ્થળ જેતલવાસણા, તા. વિસનગર, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૨–૭–૨૦૦૨.

INDEX

નં. જિ. પં. સહક/નધણ/૧૦૮૩/ખે/૪૮૩૮/૨૦૦૨.— જીલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે, શ્રી અંબિકા વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ શેષપુર, તાલુકો સતલાસણા, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૨-૭-૨૦૦૨.

નં. જી. પં. સહક / નધણ / ૧૦૭૧/૨૮૪૧૧/૨૦૦૨.— જીલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે, મિનો ત્રિસાપુરા એમ્પ્લોઇઝ ક્રેડીટ એન્ડ સપ્લાય કો. ઓ. સોસાયટી મર્યાદિત સ્થળ બુડાસણ, તાલુકો કડી, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૫-૭-૨૦૦૨.

નં. જી. પં. સહક/નધણ/૧૦૮૩/ખે/૪૮૩૯/૨૦૦૨.— જીલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે, રામપુરા (કાંસા) નહેર પિયત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ રામપુરા (કાંસા), તાલુકો વિસનગર, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૫-૭-૨૦૦૨.

નં. જી. પં. સહક/નધણ/૧૦૮૯/ખે/૪૮૪૦/૨૦૦૨.— જીલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે મહમદપુર નહેર પિયત સહકારી મંડળી લી.. મર્યાદિત સ્થળ મહમદપુર, તાલુકો વિસનગર, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૧-૭-૨૦૦૨.

નં. જી. પં. સહક/નધણ/૧૧૩૧/ભ/૨૮૪૧/૨૦૦૨.— જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે, સહયોગ કન્ઝયુમર્સ જુથ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કહીપુર, તાલુકો વડનગર, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ (૧૦) ના કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૨-૭-૨૦૦૨.

વિનોદ મોદી,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જી. પં. મહેસાણા.

નં. ખે/૫૭૨૫/૨૦૦૨.— વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, સહકાર ખેતી પિયત સ. મં લી., મર્યાદિત સ્થળ ચિખોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૦-૧૨-૨૦૦૧.

ન.ખે/૫૮૯૪/૨૦૦૨.— વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, જયમાતાજી નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ધનોરા, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪-૫-૨૦૦૨.

ક્રમાંક ખે/૫૮૯૫/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે ફતેપુરા માઇનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ફતેપુરા, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧)(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪-૫-૨૦૦૨.

INDEX

ક્રમાંક ખે/૫૮૯૬/૨૦૦૨.--વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શનાપુરા માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ શનાપુરા, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪–૫–૨૦૦૨.

ક્રમાંક ખે / ૫૮૯૭ / ૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે રણછોડરાય ચોરભુજ માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ચોરભુજ, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૨૪–૫–૨૦૦૨.

ક્રમાંક ખે/૫૮૯૮ / ૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે જયરણછોડ નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વેમાર કોઠાવ – તરવા, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪–૫–૨૦૦૨.

ક્રમાંક સા–૩૪૭૨ / ૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વાડોદરા આથી જાહેર કરે છે કે ઓસલામ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ઓસલામ, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૧–૭–૨૦૦૨.

ક્રમાંક ખે / ૫૮૯૫/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે ધી અલવા (જી) માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સણોલી–રવાલ-ગજદારા–ખંડા. અલવા, તાલુકો વાઘોડીયા, જિલ્લો વડોદરા.

સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલય ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૧–૭–૨૦૦૨.

ક્રમાંક ખે / ૫૯૦૦/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે ખંડીવાડા માઇનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ખંડીવાડા, અડીરણ, આસોજ, તા. વાઘોડીયા, જીલ્લો વડોદરા.

સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૧–૭–૨૦૦૨.

ક્રમાંક ખે–૫૯૦૧ / ૨૦૦૨.—વડોદરા જિલ્લા, પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, વાંસીયા માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વાંસીયા, તાલુકો સાવલી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૧–૭–૨૦૦૨.

ક્રમાંક ખે–૫૯૦૨ / ૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, કંબોલા માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કંબોલા, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૯મી ઓગષ્ટ, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૬૨૮-.ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારીની રુએ હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૪થી સપ્ટેમ્બર ૨૦૦૨નાં રોજ સવારના ૬-૦૦ કલાકથી તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ નાં રોજ રાત્રીના ૨૪.૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

''ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર''

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં ૪૫ માના કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો-૧૯૬૬ના નિયમ-૧૮(૧) (ગ).

નંબર. ઉ/મકમ/એન/ક્યુએલ/કેસપ/જાહેરનામુ/૧૮૯૨.- બનાસકાંઠા જીલ્લાના મોજે તેનીવાડા, તા. વડગામના સ.નં.-મોહીની વહેળા પૈકીમાં ૧-૦૦-૦૦૦ હેકટર વિસ્તારમાં રેતી ખનીજની લીઝ ૩ વર્ષ ના માટેશ્રી ક્રિશ્ચિયન ડેની બેન્જામીન રહે. પાલનપુરના ને ગુજરાત ગૌણ ખનિજ નિયમ-૧૯૬૬ ના નિયમ-૧૧ (૫) તળે અત્રેની કચેરીના હુકમ નંબર એજીપી/ક્યુએલ/૧૬૧૬/૧૦૫૫, તારીખ ૯મી એપ્રિલ ૨૦૦૧ થી મંજુર કરવામાં આવેલ સદર મંજુરીની શરત-(૧) મુજબ ૯૦ દિવસની સમયમર્યાદામાં અરજદારશ્રીએ સદર હુકમની શરત મુજબ કરારખત અંગે કાર્યવાહી પુર્ણ કરવાની રહે. તેમ કરવામાં કસુર કરે તો સદર હુકમ આપોઆપ રીવોક પાત્ર ઠરે છે. જે મુજબ કાર્યવાહી પુર્ણ નહી કરતાં સદર હુકમ રીવોક પાત્ર ગણવામાં આવે છે. અને

ગુજરાત ગૌણ ખનીજ ધારો-૧૯૬૬ના નિયમ-૧૮(૧)(ગ) હેઠળ ફેર ઉપલબ્ધી માટે આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ જાહેર જનતા માટે ફરીથી (રી-ગ્રાન્ટ) માંગણી માટે ઉપલબ્ધ થઈ શકશે. એમ કલેકટર બનાશકાંઠા જાહેર કરે છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકા	ગામ	સ.નં.	લીઝ માટે ફરીથી ઉપલબ્ધ થતો વિસ્તાર	ખનીજ
બનાશકાંઠા	વડગામ	તેનીવાડા	મોહીની નદી પટ	૧-૦૦-૦૦	રેતી-કંકર

ઉપરોક્ત પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ ફેર ઉપલબ્ધતા માટે જાહેર થયેલ હોઈ તે સમયમાં આવેલ અરજીઓ અપરીપક્વ ગણી ના-મંજુર કરવામાં આવશે.

પાલનપુર, તારીખ ૨૪મી જુન ૨૦૦૨.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો-૧૯૬૬ના નિયમ-૧૮(૧) (ગ).

નંબર. ઉ/મકમ/એન/ક્યુએલ/કેસપ/જાહેરનામુ/૧૮૯૨.- બનાસકાંઠા જીલ્લાના મોજે તેનીવાડા, તા. વડગામ ના સ.નં.-મોહીની વહેળા પૈકીમાં ૨-૦૦-૦૦૦ હેકટર વિસ્તારમાં રેતી ખનીજની લીઝ ૩ વર્ષ ના માટેશ્રી ક્રિશ્ચિયન ડેની બેન્જામીન રહે. પાલનપુરના ને ગુજરાત ગૌણ ખનિજ નિયમ-૧૯૬૬ ના નિયમ-૧૧ (૫) તળે અત્રેની કચેરીના હુકમ નંબર એજીપી/ક્યુએલ/૧૬૧૭/૧૦૪૯, તારીખ ૯મી એપ્રિલ ૨૦૦૧ થી મંજુર કરવામાં આવેલ સદર મંજુરીની શરત-(૧) મુજબ ૯૦ દિવસની સમયમર્યાદામાં અરજદારશ્રીએ સદર હુકમની શરત મુજબ કરારખત અંગે કાર્યવાહી પુર્ણ કરવાની રહે. તેમ કરવામાં કસુર કરે તો સદર હુકમ આપોઆપ રીવોક પાત્ર ઠરે છે. જે મુજબ કાર્યવાહી પુર્ણ નહી કરતાં સદર હુકમ રીવોક પાત્ર ગણવામાં આવે છે. અને

ગુજરાત ગૌણ ખનીજ ધારો-૧૯૬૬ના નિયમ-૧૮(૧)(ગ) હેઠળ ફેર ઉપલબ્ધી માટે આ જાહેરનામુ પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ જાહેર જનતા માટે ફરીથી (રી-ગ્રાન્ટ) માંગણી માટે ઉપલબ્ધ થઈ શકશે. એમ કલેકટર બનાશકાંઠા જાહેર કરે છે.

પરિશિષ્ટ

જલ્લો	તાલુકા	ગામ	સ.નં.	લીઝ માટે ફરીથી ઉપલબ્ધ થતો વિસ્તાર	ખનીજ
બનાશકાંઠા	વડગામ	તેનીવાડા	મોહીની નદી પટ	૨-૦૦-૦૦	રેતી-કંકર

ઉપરોક્ત પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ ફેર ઉપલબ્ધતા માટે જાહેર થયેલ હોઈ તે સમયમાં આવેલ અરજીઓ અપરીપક્વ ગણી ના-મંજુર કરવામાં આવશે.

પાલનપુર, તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૨.

કમલ દયાની,
(આઈ. એ. એસ.)
કલેકટર, બનાશકાંઠા.

જાહેરનામું

નં. એમઈડી/કોલેરા/વશી/૧૯૦૬/૨૦૦૨.- વડોદરા તાલુકાના દોડકા ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેના આજુબાજુના ૮ કી.મી. ના વિસ્તારના કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના પત્રાંક : આરોગ્ય/ઈપીસી/કોલેરા/જાહેરનામું/૧૩૪૧ થી ૧૩૪૩/૦૨ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૨ થી અત્રે નિવેદન કરેલ છે.

(૧) કોલેરા રેગ્યુલેશન એક્ટ તારીખ ૨૬મી મે, ૧૯૫૬ના મુંબઈ સરકારશ્રીના એક્સ્ટ્રા ઓડીનરી ભાગ ૪માં પ્રસિદ્ધ થયેલ છે, તેના રેગ્યુલેશન ૨, ૩, અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ મોજે : દોડકા ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુનાં ૮ કી. મી.

INDEX

ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

(૨) મામલતદારશ્રી, વડોદરા (ગ્રામ્ય) ને કોલેરા નિયંત્રણ અધિકારી તરીક નિમવામાં આવે છે. તેમને કોલેરા રેગ્રયુલેશન મુજબના તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૨.

ભાગ્યેશ જહા,
કલેકટર, વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી./૧૭/૨૦૦૨.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને. ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, એ.બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ સંવત્સરી ગણેશચતુર્થી તહેવાર તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતા ફરમાવુ છું કે, તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધી (બંને દિવસો શુધ્ધા)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની. મનાઈ.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યકિતઓ અથવા તેના સબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય અથવા તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (જ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવુ કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવુ કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને, ૧૯૫૧ના મુંબઈ પાલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨મા ની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

એ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, OCTOBER 3, 2002 / ASVINA 11, 1924 [No. 40

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1340-1362
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	40
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	445-457
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Indust- rial Disputes Act, and Gujarat Industrial Relations Act.	18982-19381

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

વંચાણે લીધું :- (૧) પોલીસ કમિશનરશ્રી સુરત શહેરના તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૦૦ના સ્થાયી હુકમ ક્રમાંક ૧૯ જે તેઓની કચેરીના હુકમ ક્રમાંક વહટ/ક.૧ એસ.ઓ. ૧૯/૨૦૦૦ તારીખ ૨૪મી માર્ચ, ૧૯૮૮થી પ્રસિદ્ધ થયેલ છે, તેના ફકરા ૨૩.

(૨) અત્રેની કચેરીના તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦નો આંશિક શુધ્ધિપત્ર.

જાહેરનામાનો આંશિક શુધ્ધિપત્ર

ક્રમાંક ઉ/ગપક/૨૪૯૨૭/૨૦૦૨.-સન ૧૯૫૧ના મુંબઈ પોલીસ ધારા (૧૯૫૧ બોમ્બે એક્ટ. ૨૨)ની કલમ ૩૩ની પેટા કલમ ૨ની ઉપ-કલમ ડબલ્યુ અને વાય તથા મુંબઈ રાજ્ય પોલીસ કમિશનર ધારાની કલમ-૪ સાથે વંચાણમાં લેતા મળેલ સત્તાની રૂએ સુરત શહેરના પોલીસ કમિશનરે ગુજરાત સરકારશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા બાદ આ કચેરીના તારીખ ૩જી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા નંબર ઉ/ગપક/એલબીથી સુરત શહેરમાં હોટલ ચલાવવા માટે નિયમો ઘડી કાઢેલ હતા.

INDEX

આમુખ (૨)માં જણાવેલ અત્રેની કચેરીના તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના આંશિક શુધ્ધિપત્ર દ્વારા નવા હોટેલ, લોજીંગ તેમજ રેસ્ટોરેન્ટ પરવાના મંજુર કરવા, રદ કરવા, મોકુફ રાખવા તેમજ ફેરફાર કરવા અધિક પોલીસ કમિશનરશ્રી રે.જ ૧ અને રે.જ ૨ ને અધિકૃત કરવાનો હુકમ કરવામાં આવેલ જે અંગે નીચે મુજબનો આંશિક ફેરફાર કરવામાં આવે છે. જે તાત્કાલિક અસરથી અમલમાં મુકાશે.

હવેથી રેસ્ટોરન્ટ લાયસન્સ મંજુર કરવા, રદ કરવા કે મોકુફ રાખવા તેમજ ફેરફાર કરવાની સત્તા અધિક પોલીસ કમિશનરશ્રી (વહીવટી) ને સોપવામાં આવે છે. લાયસન્સ આપતા પહેલા તેઓને સ્થળ વિઝીટ કરવાનું રહેશે. લાયસન્સ આપનાર અધિકારી તરીકે તેઓએ નિર્ણય લીધો હોય તે નિર્ણયની સામે પોલીસ કમિશનરશ્રી સુરત શહેરને અપીલ કરી શકાશે. સામાન્ય રેસ્ટોરેન્ટ સિવાય રહેણાંક હોટલો કે ખાનપાનની જગ્યા કે જયાં બીજા મનોરંજનના સાધનો દા.ત. રિસોર્ટ, એમ્યુઝમેન્ટપાર્ક, ઓપનએર રેસ્ટોરેન્ટ વિગેરે પણ હોય ત્યારે પરવાના આપવાની સત્તા પોલીસ કમિશનરશ્રી પાસે જ રહેશે, તેમજ હોટલ / રેસ્ટોરન્ટમાં સમય વધારવાની સત્તા પણ પોલીસ કમિશનરશ્રી હસ્તક રહેશે.

નવા રેસ્ટોરન્ટ રહેણાંક હોટલ/ગેસ્ટહાઉસના પરવાના સબંધે જે તે પોલીસ સ્ટેશનના નાયબ પોલીસ કમિશનરશ્રીઓનું અભિપ્રાય પણ મેળવવાના રહેશે.

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૨.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૪ની કલમ-૧૪૪ અન્વયે કાઢવમાં આવેલ.

નંબર ઉ/ગપક/વશી/એસ.બી/૫૪/૨૦૦૨.-સુરત શહેરમાં હાલમાં ચાલતા ગુજરાત ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોએશન દ્વારા ગુજરાત ગેસ ભાવ વધારાનાં વિરોધનાં અનુસંધાને ચાલતા આંદોલનને ધ્યાનમાં લઈ સુરત શહેરમાં રાંદેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણ ખાતે કોઈપણ પ્રકારનાં સુલેહશાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સુરત શહેરના પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના રાંદેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણના ૨૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ પ્રકારનો સુલેહશાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતાં વધારે માણસો ભેગા થવા ઉપર કોઈ સભા બોલાવવા કે રેલી કાઢવા ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેર, આથી ફરમાવું છું કે રાંદેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણ પાસે ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર કરતા વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ ભરવા અંગે તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૨ કલાક ૦૦-૦૦થી દિન ૧૫ માટે એટલે કે તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં કલાક ૨૪-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ : જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવા તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩.૧બી મુજબનું.

ક્રમાંક એસ.બી./ગણપતિ/જાહેરનામું/૫૫/૩/ગપક/વશી/૨૦૦૨.- આગામી તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ સુરત શહેરમાં યોજવામાં આવનાર ગણપતિ વિસર્જન યાત્રાના રૂટ ઉપર વિસર્જન યાત્રાની સરળતા માટે તથા જાહેર વ્યવસ્થાની જાળવણી ખાતર અન્ય તમામ વાહન વ્યવહારોના ટ્રાફીક ઉપર નિયંત્રણ રાખવાની આવશ્યકતા જરૂરી બનતી હોવાથી હું વિનીતકુમાર ગુપ્તા/આઈ.પી.એસ./ પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમની સને ૧૯૫૧ની કલમ ૩૩-૧-બી મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાન કરૂં છું કે :-

તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ ગણપતિ વિસર્જન યાત્રા દરમ્યાન કલાક ૮-૦૦થી વિસર્જન પુર્ણ થાય ત્યાં સુધીના સમય માટે નીચે જણાવેલા માર્ગોના વાહન વ્યવહાર માટે બંધ રહેશે અને બંધ કરેલા માર્ગોનો વાહન વ્યવહાર વૈકલ્પીક માર્ગોથી પસાર થશે.

અનુ. નંબર	બંધ કરેલ માર્ગો	સુચવેલ વૈકલ્પિક માર્ગ વ્યવસ્થા
૧.	દિલ્હીગેટથી સીનેમા રોડ થઈ ચોક બજાર તરફ જતો ટ્રાફીક દિલ્હીગેટ પોલીસ ચોકી પાસેથી બંધ કરવામાં આવશે.	આ રસ્તાનો ટ્રાફીક દિલ્હીગેટથી રીંગરોડના માર્ગે આગળ જઈ શકશે.
૨.	હોપપુલથી આવતો અને ચોક બજાર ગાંધીજી ની પ્રતિમા તરફ જતો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	આ રસ્તાનો ટ્રાફીક વિવેકાનંદ બ્રીજ કે સરદાર બ્રીજ જશે.
૩.	સાગર હોટલથી ગાંધીજીની પ્રતિમાં તરફ આવતો ટ્રાફીક જુની સિવીલ હોસ્પીટલ પાસેથી બંધ રહેશે.	
૪.	ચોક સર્કલથી ચોક પોલીસ સ્ટેશન (એસ.એમ.સી. કચેરી) તરફ જવાનો રસ્તો વાહનો તથા ગણપતિ માટે બંધ રહેશે.	

INDEX

૫. રૂખમાબાઇ હોસ્પીટલથી નાણાવટ તરફ જતો રસ્તો (પ્રતાપપ્રેસ ની ગલી) વાહનો માટે બંધ રહેશે.

૬. મોહન મીઠાઇવાલા ગલી-લીમડા શેરી આગળ આવેલ બન્ને ગલીઓ લાલગેટ સામે મુસા ચશ્માઘરની ગલી, લાબેલા સ્ટોર્સ સામે ચૌટા બજારમાં જવાનો રસ્તો રૂખમાબાઇ હોસ્પીટલ સામેની ગલી પાણીની ભીત સલીમભાઇ સોપારીવાલાના ઘર તરફ જતી ગલી, સિલ્ક હાઉસની ગલી તથા સરદાર મ્યુઝીયમ તરફ જવાનો રસ્તો વાહનો તથા ગણપતિ માટે બંધ રહેશે.

૭. જુની લાલગેટથી સોદાગર વાડ તથા નાણાવટ તરફ જવાનો રસ્તો તેમજ ચોકી પાછળની ખાલીજગ્યા વાહન વ્યવહાર અને ગણપતિ માટે બંધ રહેશે.

૮. નવસારી બજાર ચાર રસ્તા થી ડી.કે.એમ. સર્કલ થઇ કોટ સફીલ રોડ થઇ ભાગળ સુધીનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

(૧) નવસારીબજાર ચાર રસ્તા થી હનુમાનચાર રસ્તા ગોપીપુરા ચોકી ખપાટીયા ચકલા ચૌટાપુલ નીચે થઇ નાણાવટ થઇ મહાનગર પાલિકાના રસ્તે જશે.
(૨) નવસારી બજાર ચારરસ્તા તરફથી આવતો ટ્રાફીક રાજેશ્રી હોલ ઢેડ તલાવડી કૈલાશનગર મજુરાગેટથી રીંગરોડ જશે.

૯. નવાપુરા, કરવા રોડ થી એર ઇન્ડીયા તરફનો રસ્તો ચાર રસ્તાથી બંધ કરવામાં આવશે.

૧૦. સૈયદપુરા પંપીગ સ્ટેશનથી હરીજનવાસ, રાણીતળાવ બસ સ્ટેન્ડ ભાજીવાળી પોળ ભાગળ તરફ આવતાં ડાબા હાથ તરફની તમામ ગલીઓ બેરી કેટીંગ કરવાથી બંધ રહેશે.

૧૧. કાંસકી વાડ બસ સ્ટેન્ડ થી કળજુગ મહોલ્લો તરફ જતો રસ્તો તેમજ કળજુગ મહોલ્લો શરૂ થાય તેના નાકાથી ભવાની મંદિર તરફ જતો રસ્તો વાહન તથા ગણપતિ માટે બંધ રહેશે.

૧૨. રૂવા ળા ટેકરાથી શાકભાજી માર્કેટ તરફનો રસ્તો રૂવાળા ટેકરાથી ગણપતિ માટે બંધ રહેશે.

૧૩. ભવાની મંદિરથી ગલેમંડી તરફ જવાનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે અને રૂવા ળા ટેકરાતરફ પણ જઇ શકાશે નહિં.

૧૪. ગોળવાળા ચકલાના પશ્ચિમ તરફનો રસ્તો વાહનો તથા ગણપતિ માટે બંધ રહેશે.

૧૫. રૂવાળા ટેકરાથી ભાગળ આવતો રસ્તો બન્ને બાજુ ગણપતિ તથા વાહનો માટે બંધ રહેશે.

૧૬. ડી.કે. એમ. સર્કલથી મુલ્લાજી ની દેવડી તરફ જવાનો રસ્તો બંધ રહેશે.

૧૭. હોટલ સમ્રાટની બાજુમાં ડાંગીશેરી તરફ જતો રસ્તો ટ્રાફીક અને ગણપતિ માટે બંધ રહેશે.

૧૮. જુની ગલેમંડી પોલીસ ચોકી થી પાણીની ટાંકી તરફ આવતો દારૂખાના રોડ જુની ગલેમંડી ગેટથી બંધ રહેશે.

૧૯. ગોવાલક તરફથી ખરવર નગર તરફ આવતો રસ્તો બંધ રહેશે.

૨૦. મકાઇપુલ સર્કલથી નાનપુરા ટીમલીયાવાડ થઇ અઠવાગેટ તરફ જતો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે અને મકકાઇપુલ સર્કલ થી અઠવાગેટ સુધીની જમણી બાજુની તથા ડાબી બાજુની તમામ ગલીઓ પણ વાહન વ્યવહાર માટે બંધ રહેશે અને ત્રણ ફૂટ કે ત્રણફુટથી નાની ગણપતિ મુર્તીનું વિસર્જન નાવડી ઓવારા કરવાનું હોય ડચ ગાર્ડન વાળો રસ્તો ગણપતિ માટે ખુલ્લો રહેશે. વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

જમણી બાજુની ગલીઓ
(૧) ગોલંદાઝ સ્ટ્રીટ
(૨) કૈકાગલી (૩) ખરાદી શેરી (૪) ધોબીશેરી

INDEX

(૫) કાકાજી સ્ટ્રીટ (૬) ડૉ. માણેકની શેરી (૭) અથુગર મહોલ્લો (૮) જૈન મંદિરની ગલી

ડાબી બાજુની ગલીઓ

(૧) શંકર ધોબીની શેરી (૨) બારાહજારી મહોલ્લો (૩) જમરૂખ ગલી (૪) માછીવાડ તરફ જવાનો નવો રોડ (૫) ધમેન્દ્ર શુઝ ની ગલી (૬) ગોવર્ધનવાડ, (૭) મારવાડી મહોલ્લો (૮) ટીમલીયાવાડ એલ. આઈ.સી. થી કાદરશાની નાળ તરફ જતો રસ્તો (૯) ગાંધી સ્મૃતિ તરફ જતો રસ્તો (૧૦) કૈલાસ હોટલની ગલી (૧૧) મયુર ફર્નીચરની ગલી (૧૨) આંધ્ર બેંકની ગલી

૨૧.	કુવાડા ત્રણ રસ્તાથી ડુમસ મોટીફળી ઓવારા સુધીનો રસ્તો ગણપતિ સિવાયના વાહનો માટે બંધ રહેશે. ત્થા લંગરથી ડુમ્મસ મોટી-ફળી ઓવારા તરફ પણ વાહનો આવી શકશે નહીં.	ડુમસ ઓવારાથી ખાલી વાહનો ડુમસ મોટીબજાર થઇ લંગર તરફથી સુરત ડુમસ રોડ ઉપર આવશે.
૨૨.	ઉધના દરવાજા ચારરસ્તા ઉપર ઉધના તરફથી આવતો રસ્તો ચાર રસ્તાથી બંધ કરવામાં આવશે.	રીંગરોડ ઉપર જવા માંગતા વાહનોએ ફ્રી લેફ્ટમાંથી રીંગ-રોડ ઉપર જવાનું રહેશે ત્થા ટેક્ષ. માર્કેટ તરફ જવા માગતા વાહનોએ પણ ફ્રી લેફ્ટ માંથી રીંગરોડ ઉપર આવી કડીવાલા સર્કલથી રાઇટ ટર્ન લેવાનું રહેશે.
૨૩.	સબજેલની સામે પ્રાઇમ બેંક સર્કલના બન્ને ગેપ બંધ કરવામાં આવશે.	વાહન ચાલકોએ ઉધના દરવાજા તથા કડીવાલા સર્કલથી રાઇટ ટર્ન લેવાનો રહેશે.

સરકારી સેવાના આવશ્યક વાહનો પોસ્ટલ વાહનો ફાયરબ્રીગ્રેડ, એમ્બ્યુલન્સ વાહનોનું ઉપરોક્ત જાહેરનામાંથી મુકતી આપવામાં આવે છે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વિનિતકુમાર કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. ADM/10/244/2002.—The result of the Departmental Examinations for the members of staff of the Judicial Department, held on July 01 and 02, 2002, in the District Court, Valsad is hereby declared as under :-

I

Higher Standard Departmental Examination

1. None of the examinees is declared successful in the Higher Standard Departmental Examination.

2. Following examinees appeared at the Higher Standard Departmental Examination are not succeeded, but as they have obtained 50 percent or more, of the total marks, in the papers shown against their names, are exampted from appearing for the same paper again.

	Name	Paper No.
1.	Mr. M. B. Pande Assistant, D.L.S.A. District Court, Valsad.	II
2.	Miss. L. M. Patel Assistant, District Court, Valsad.	II

II

Lower Standard Departmental Examination

1. The following examinee who appeared in all the papers is declared successful in the Lower Standard Departmental Examination.

	Name	Total Marks Obtainde
1.	Miss. T. N. Patel, Assistant, District Court, Valsad.	329

2. The following examinees who appeared with exemption obtained in one,or more than one papers in previous attempts, are declared successful in the Lower Standard Departmental Examination.

1. Miss. H. B. Patel,
Assistant,
District Court,
Valsad.
2. Mr. R. J. Parekh,
Assistant,
District Court,
Valsad.
3. Mr. S. I. Vyas,
Assistant,
Civil Court,
Pardi.

3. Following examinees appeared at the Lower Standard Departmental Examination is not succeeded, but as

INDEX

they have obtained 50 percent or more, of the total marks in the papers shown against their names, are exempted from appearing for the same paper again.

	NAME	PAPER NO.
1.	MISS A. G. PATEL Assistant, Civil Court, Valsad.	Typing Test.
2.	MR. J. V. GANDHI Assistant, District Court, Valsad.	Paper-III & Type Test.
3.	MR. M. A. PATEL Assistant, D.G.P. Office, Valsad.	Typing Test

Valsad, 12th August, 2002.

B. D. Soni ,
District Judge,
Valsad.

ડિસ્ટ્રીકટ જજ દ્વારા

અધિસૂચના

ક્રમાંક વહીવટી/૧૦/૨૪૪/૨૦૦૨.-૨૦૦૨ના જુલાઈ મહિનાની ૧ અને ૨ તારીખે વલસાડ ડિસ્ટ્રીકટ કોર્ટમાં લેવાયેલ ન્યાય ખાતાના કર્મચારી ગણના માટે નિયત થયેલ ખાતાકીય પરીક્ષાઓના પરિણામ નીચે મુજબ છે.

૧. બધા પ્રશ્નપત્રોમાં બેઠેલા પરીક્ષાર્થીઓને ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવતા નથી.

૨. નીચે મુજબના પરીક્ષાર્થીઓ જેઓ ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને જેઓ પરીક્ષામાં અનુઉત્તીર્ણ થયા છે, પરંતુ તેઓએ તેમના નામની સામે દર્શાવેલ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ. કુલ ગુણમાંથી મેળવેલા હોય, તેઓને તે જ પ્રશ્નપત્રમાં ફરીથી ઉપસ્થિત રહેવા માટે મુક્તિ આપવામાં આવે છે.

	નામ	પેપર નંબર
(૧)	શ્રી એમ. બી. પાંડે આસીસ્ટન્ટ, જિલ્લા કાનૂની સેવા સમિતિ, વલસાડ.	બીજુ પેપર
(૨)	કુમારી એલ. એમ. પટેલ, આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ.	બીજુ પેપર

નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષા :

૧. બધા પ્રશ્નપત્રોમાં બેઠેલા આ નીચે જણાવેલ પરીક્ષાર્થીને, નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

	નામ	મેળવેલ કુલ ગુણ
(૧)	કુમારી ટી. એન. પટેલ, આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ.	૩૨૯

૨. નીચેના પરીક્ષાર્થીઓ કે જેઓ આ પરીક્ષામાં તેમના અગાઉના પ્રયત્નમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મેળવેલ મુકિત લઈને બેઠા હતા, તેઓને પણ નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

	નામ
(૧)	કુમારી એચ. બી. પટેલ, આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ.
(૨)	શ્રી આર. જે. પારેખ, આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ.
(૩)	શ્રી એસ. આઈ. વ્યાસ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, પારડી.

૩. નીચે મુજબના પરીક્ષાર્થીઓ જેઓ નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને જેઓ પરીક્ષામાં અનુઉત્તીર્ણ થયા છે, પરંતુ તેઓએ તેમના નામની સામે દર્શાવેલ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ. કુલ ગુણમાંથી મેળવેલા હોય, તેઓને તે જ પ્રશ્નપત્રમાં ફરીથી ઉપસ્થિત રહેવા માટે મુક્તિ આપવામાં આવે છે.

	નામ	પેપર નંબર
(૧)	કુમારી એ. જી. પટેલ આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, વલસાડ.	ટાઈપીંગ ટેસ્ટ.
(૨)	શ્રી જે. વી. ગાંધી, આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ.	પેપર ત્રીજું અને ટાઈપ ટેસ્ટ.
(૩)	શ્રી એમ. એ. પટેલ, આસીસ્ટન્ટ, ડી. જી. પી. ઓફિસ, વલસાડ.	ટાઈપીંગ ટેસ્ટ.

વલસાડ, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૦૨.

બી. ડી. સોની ,
ડિસ્ટ્રીકટ જજ,
વલસાડ.

INDEX

Notification

No.B. 8/ADM/58 of 2002.-The following Judicial Officers working in this Judicial District. Mahesana were prevented from availing of Summer vacation-2002 commencing from the 29-04-2002 and ending with 09-06-2002 for the period shown against their respective names under Rules 741 of the Bombay Civil Services Rules, 1959. Vol.-I.

Sr. No. 1	Name of the Judicial Officer 2	Period for which Prevented 3	No. of Days 4
1.	Shri A. A. Shaikh, Civil Judges (S. D.), Mahesana.	Enjoyed Full Vacation	
2.	Shri V. V. Mapara, Chief Judicial Magistrate, Mahesana, (at Present Under Suspension).	29-4-2002 to 15-5-2002	17
3.	Shri V. S. Shinde, 2nd Joint Civil Judge (S. D.) & J.M.F.C., Mahesana, at Present Civil Judge (S. D.), Mahesana.	29-4-2002 to 02-5-2002 08-5-2002 to 16-5-2002 24-5-2002 to 03-6-2002 06-6-2002 to 09-6-2002	28
4.	Shri K. R. Prajapati 3rd Joint Civil Judge (S. D.) & J.M.F.C., Mahesana, at Present Chief Judi. Magi., Mahesana.	29-4-2002 to 11-5-2002 20-5-2002 to 24-5-2002 28-5-2002 to 01-6-2002 04-6-2002 to 09-6-2002	29
5.	Shri R. M. Desai, 4th Joint Civil Judge (S. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 13-5-2002 22-5-2002 to 29-5-2002 01-6-2002 to 04-6-2002	27
6.	Smt. S. B. Vyas, 5th Joint Civil Judge (S. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 01-5-2002 04-5-2002 to 05-5-2002 10-5-2002 to 14-5-2002 17-5-2002 to 20-5-2002	14
7.	Shri P. P. Shah, 6th Joint Civil Judge (S. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 15-5-2002 28-5-2002 & 29-5-2002 31-5-2002 to 05-6-2002 07-6-2002 to 09-6-2002	28
8.	Shri B. B. Pathak, 7th Joint Civil Judge (S. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 05-5-2002 07-5-2002 to 08-5-2002 10-5-2002 to 26-5-2002 29-5-2002 to 31-5-2002	29
9.	Shri P. A. Patel, Joint Civil Judge (J. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 26-5-2002	28
10.	Miss P. B. Singh, 2nd Joint Civil Judge (S. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 14-5-2002 16-5-2002 to 26-5-2002	27
11.	Shri G. D. Pasi, 3rd Joint Civil Judge (J. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 05-5-2002 10-5-2002 to 19-5-2002 23-5-2002 to 09-6-2002	35
12.	Shri C. K. Chauhan, 4th Joint Civil Judge (J. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 05-5-2002 20-5-2002 to 09-6-2002	28
13.	Smt. P. C. Chauhan, 5th Joint Civil Judge (J. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 05-5-2002 20-5-2002 to 31-5-2002 02-6-2002 to 09-6-2002	27

INDEX

Sr. No. 1	Name of the Judicial Officer 2	Period for which Prevented 3	No. of Days 4
14.	Shri A. M. Shaikh, 6th Joint Civil Judge (J. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 23-5-2002 07-6-2002 to 09-6-2002	28
15.	Shri J. N. Thakkar, 7th Joint Civil Judge (J. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 19-5-2002 03-6-2002 to 09-6-2002	28
16.	Shri S. M. Rajpurohit 8th Joint Civil Judge (J. D.) & J.M.F.C., Mahesana.	29-4-2002 to 26-5-2002 08-6-2002 to 09-6-2002	30
17.	Shri N. H. Patel, Civil Judge (J. D.) & J.M.F.C., Visnagar.	29-4-2002 to 01-6-2002	34
18.	Shri N. M. Dharani, Civil Judge (J. D.) & J.M.F.C., Vadnagar.	13-5-2002 to 18-5-2002 19-5-2002 to 02-6-2002	21
19.	Kum. K. R. Prajapati, Civil Judge (J. D.) & J.M.F.C., Kheralu.	29-4-2002 to 26-5-2002	28
20.	Shri C. R. Barot, Civil Judge (J. D.) & J.M.F.C., Sidhpur.	29-4-2002 to 12-5-2002 20-5-2002 to 29-5-2002 31-5-2002 to 03-6-2002	28
21.	Shri R. L. Thakkar Joint Civil Judge (J. D.) & J.M.F.C., Sidhpur.	29-4-2002 to 08-5-2002 11-5-2002 to 19-5-2002 25-5-2002 to 26-5-2002 29-5-2002 to 02-6-2002	26
22.	Shri N. P. Chaudhari, 2nd Joint Civil Judge (J. D.) & J.M.F.C., Unjha.	29-4-2002 to 14-5-2002 24-5-2002 to 26-5-2002 01-6-2002 to 09-6-2002	28
23.	Shri C. B. Vyas, Civil Judge (J. D.) Patan.	29-4-2002 to 14-5-2002 25-5-2002 to 04-6-2002 08-6-2002 to 09-6-2002	29
24.	Shri J. B. Parikh, Joint Civil Judge (J. D.) & J.M.F.C., Patan.	29-4-2002 to 07-5-2002 15-5-2002 to 26-5-2002 03-6-2002 to 09-6-2002	28
25.	Shri J. A. Barot, Civil Judge (J. D.) & J.M.F.C., Chanasma.	29-4-2002 to 05-5-2002 13-5-2002 to 19-5-2002 27-5-2002 to 31-5-2002 03-6-2002 to 09-6-2002	26
26.	Shri R. M. Mirza, Civil Judge (J. D.) & J.M.F.C., Harij.	29-4-2002 04-5-2002 to 12-5-2002 20-5-2002 to 02-6-2002	24
27.	Shri D. J. Shah, Joint Civil Judge (J. D.) & J.M.F.C., Harij-Sami.	29-4-2002 to 26-5-2002	28
28.	Shri S. V. Christian, Civil Judge (J. D.) & J.M.F.C., Kadi.	29-4-2002 to 04-5-2002 10-5-2002 to 22-5-2002	19

INDEX

Sr. No. 1	Name of the Judicial Officer 2	Period for which Prevented 3	No. of Days 4
29.	Miss Y. M. Pandya, Civil Judge (J. D.) & J.M.F.C., Kalol.	29-4-2002 to 06-5-2002 10-5-2002 to 19-5-2002 01-6-2002 & 02-6-2002	20
30.	Shri S. J. Raje, Joint Civil Judge (J. D.) & J.M.F.C., Kalol.	01-5-2002 to 14-5-2002 18-5-2002 to 26-5-2002 01-6-2002 & 02-6-2002 07-6-2002 to 09-6-2002	28
31.	Kum. M. M. Patel, 2nd Joint Civil Judge (J. D.) & J.M.F.C., Kalol.	29-4-2002 to 10-5-2002	12
32.	Shri M. G. Dave, 3rd Joint Civil Judge (J. D.) & J.M.F.C., Kalol.	29-4-2002 to 12-5-2002 27-5-2002 to 02-6-2002	21
33.	Shri J. S. Nalieriwala, Civil Judge (S. D.) Vijapur.	29-4-2002 & 30-4-2002 07-5-2002 to 22-5-2002 24-5-2002 to 31-5-2002	26
34.	Shri H. D. Panchal, Civil Judge (J. D.) & J.M.F.C., Mansa.	29-4-2002 to 15-5-2002 24-5-2002 to 29-5-2002 01-6-2002 to 09-6-2002	32

Mahesana, Dated 9th September, 2002.

C. D. Patel,
District Judge,
Mahesana.

જાહેરનામું

ક્રમાંક જા. નં. બી. ૮/વહીવટ/૫૮/૨૦૦૨.-આ જીલ્લામાં કામ કરતા ન્યાયખાતાના નીચે જણાવેલ અમલદારોને તા. ૨૯-૪-૨૦૦૨ થી તા. ૯-૬-૨૦૦૨ સુધી વેકેશન દરમ્યાન તેમના નામની સામે દર્શાવેલ સમય માટે B. C. S. R.-741, Vol.-I. મુજબ ફરજ ઉપર રોકવામાં આવેલા હતા.

અનુ. નંબર ૧	અમલદારનું નામ ૨	કેટલા સમય માટે રોકવામાં આવેલા હતા ૩	દિવસો ૪
૧.	શ્રી એ. એ. શેખ, સીવીલ જજ (એસ.ડી.), મહેસાણા.	સમગ્ર વેકેશન ભોગવેલ છે.	--
૨.	શ્રી વી. વી. મપારા, ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૫મી મે, ૨૦૦૨	૧૭
૩.	શ્રી વી. એસ. સિન્દે, ૨ જા જો. સીવીલ જજ (એસ.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૨જી મે, ૨૦૦૨ તા. ૮મી મે, ૨૦૦૨ થી ૧૬મી મે, ૨૦૦૨ તા. ૨૪મી મે, ૨૦૦૨ થી ૩જી જુન, ૨૦૦૨ તા. ૬ઠ્ઠી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૧૭

INDEX

અનુ. નંબર	અમલદારનું નામ	કેટલા સમય માટે રોકવામાં આવેલા હતા	દિવસો
૧	૨	૩	૪
૪.	શ્રી કે. આર. પ્રજાપતિ, ઉજા જો. સીવીલ જજ (એસ.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૧મી મે, ૨૦૦૨ તા. ૨૦મી મે, ૨૦૦૨ થી ૨૪મી મે, ૨૦૦૨ તા. ૨૮મી મે, ૨૦૦૨ થી ૧લી જુન, ૨૦૦૨ તા. ૪થી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૯
૫.	શ્રી આર. એમ. દેસાઈ, ૪થા જો. સીવીલ જજ (એસ.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૩મી મે, ૨૦૦૨ તા. ૨૨મી મે, ૨૦૦૨ થી ૨૯મી મે, ૨૦૦૨ તા. ૧લી જુન, ૨૦૦૨ થી ૪થી જુન, ૨૦૦૨	૨૭
૬.	શ્રીમતી એસ. બી. વ્યાસ, ૫મા જો. સીવીલ જજ (એસ.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧લી મે, ૨૦૦૨ તા. ૪થી મે, ૨૦૦૨ થી ૫મી મે, ૨૦૦૨ તા. ૧૦મી મે, ૨૦૦૨ થી ૧૪મી મે, ૨૦૦૨ તા. ૧૭મી મે, ૨૦૦૨ થી ૨૦મી મે, ૨૦૦૨	૧૪
૭.	શ્રી પી. પી. શાહ, ૬ઠ્ઠા જો. સીવીલ જજ (એસ.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૫મી મે, ૨૦૦૨ તા. ૨૮મી મે, ૨૦૦૨ થી ૨૯મી મે, ૨૦૦૨ તા. ૩૧મી મે, ૨૦૦૨ થી ૫મી જુન, ૨૦૦૨ તા. ૭મી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૮
૮.	શ્રી બી. બી. પાઠક, ૭મા જો. સીવીલ જજ (એસ.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૫મી મે, ૨૦૦૨ તા. ૭મી મે, ૨૦૦૨ થી ૮મી મે, ૨૦૦૨ તા. ૧૦મી મે, ૨૦૦૨ થી ૨૬મી મે, ૨૦૦૨ તા. ૨૯મી મે, ૨૦૦૨ થી ૩૧મી મે, ૨૦૦૨	૨૯
૯.	શ્રી પી. એ. પટેલ, જો. સીવીલ જજ (જે.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૨૬મી મે, ૨૦૦૨	૨૮
૧૦.	કુ. પી. બી. સીંધ, બીજા જો. સીવીલ જજ (જે.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૪મી મે, ૨૦૦૨ તા. ૧૬મી મે, ૨૦૦૨ થી ૨૬મી મે, ૨૦૦૨	૨૭
૧૧.	શ્રી જી. ડી. પાસી, ૩ જા જો. સીવીલ જજ (જે.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૫મી મે, ૨૦૦૨ તા. ૧૦મી મે, ૨૦૦૨ થી ૧૯મી મે, ૨૦૦૨ તા. ૨૩મી મે, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૩૫
૧૨.	શ્રી સી. કે. ચૌહાણ, ચોથા જો. સીવીલ જજ (જે.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૫મી મે, ૨૦૦૨ તા. ૨૦મી મે, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૮
૧૩.	શ્રીમતી પી. સી. ચૌહાણ, પાંચમાં જો. સીવીલ જજ (જે.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૫મી મે, ૨૦૦૨ તા. ૨૦મી મે, ૨૦૦૨ થી ૩૧મી મે, ૨૦૦૨ તા. ૨જી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૭
૧૪.	શ્રી એ. એમ. શેખ, છઠ્ઠા જો. સીવીલ જજ (જે.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૨૩મી મે, ૨૦૦૨ તા. ૭મી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૮
૧૫.	શ્રી જે. એન. ઠક્કર, સાતમા જો. સીવીલ જજ (જે.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૯મી મે, ૨૦૦૨ તા. ૩જી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૮

INDEX

અનુ. નંબર	અમલદારનું નામ	કેટલા સમય માટે રોકવામાં આવેલા હતા	દિવસો
૧	૨	૩	૪
૧૬.	શ્રી એસ. એમ. રાજપુરોહિત, આઠમા જો. સીવીલ જજ (જે.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., મહેસાણા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૨૬મી મે, ૨૦૦૨ તા. ૮મી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૩૦
૧૭.	શ્રી એન. એચ. પટેલ, સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., વિસનગર.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧લી જુન, ૨૦૦૨	૩૪
૧૮.	શ્રી એન. એમ. ધારાણી, સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., વડનગર.	તા. ૧૩મી મે, ૨૦૦૨ થી ૧૮મી મે, ૨૦૦૨ તા. ૧૯મી મે, ૨૦૦૨ થી ૨જી જુન, ૨૦૦૨	૨૧
૧૯.	કુ. કે. આર. પ્રજાપતિ સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., ખેરાલુ.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૨૬મી મે, ૨૦૦૨	૨૮
૨૦.	શ્રી સી. આર. બારોટ સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., સિદ્ધપુર.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૨મી મે, ૨૦૦૨ તા. ૨૦મી મે, ૨૦૦૨ થી ૨૯મી મે, ૨૦૦૨ તા. ૩૧મી મે, ૨૦૦૨ થી ૩જી જુન, ૨૦૦૨	૨૮
૨૧.	શ્રી આર. એલ ઠક્કર જો. સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., સિદ્ધપુર.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૮મી મે, ૨૦૦૨ તા. ૧૧મી મે, ૨૦૦૨ થી ૧૯મી મે, ૨૦૦૨ તા. ૨૫મી મે, ૨૦૦૨ થી ૨૬મી મે, ૨૦૦૨ તા. ૨૯મી મે, ૨૦૦૨ થી ૨જી જુન, ૨૦૦૨	૨૬
૨૨.	શ્રી એન. પી. ચૌધરી, સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., ઉંઝા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૪મી મે, ૨૦૦૨ તા. ૨૪મી મે, ૨૦૦૨ થી ૨૬મી મે, ૨૦૦૨ તા. ૧લી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૮
૨૩.	શ્રી સી. બી, વ્યાસ, સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., પાટણ.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૪મી મે, ૨૦૦૨ તા. ૨૫મી મે, ૨૦૦૨ થી ૪થી જુન, ૨૦૦૨ તા. ૮મી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૯
૨૪.	શ્રી જે. બી. પરીખ, જો. સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., પાટણ.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૭મી મે, ૨૦૦૨ તા. ૧૫મી મે, ૨૦૦૨ થી ૨૬મી મે, ૨૦૦૨ તા. ૩જી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૮
૨૫.	શ્રી જે. એ. બારોટ, સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., ચાણસ્મા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૫મી મે, ૨૦૦૨ તા. ૧૩મી મે, ૨૦૦૨ થી ૧૯મી મે, ૨૦૦૨ તા. ૨૭મી મે, ૨૦૦૨ થી ૩૧મી મે, ૨૦૦૨ તા. ૩જી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૬
૨૬.	શ્રી આર. એમ. મીરઝા, સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., હારીજ.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ તા. ૪થી મે, ૨૦૦૨ થી ૧૨મી મે, ૨૦૦૨ તા. ૨૦મી મે, ૨૦૦૨ થી ૨જી જુન, ૨૦૦૨	૨૪
૨૭.	શ્રી ડી. જે. શાહ, સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., હારીજ-સમી.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૨૬મી મે, ૨૦૦૨	૨૮
૨૮.	શ્રી એસ. વી. ક્રિશ્ચિયન, સીવીલ જજ (જે. ડી.) અને જ્યુ. મેજી. ફ. ક., કડી.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૪થી મે, ૨૦૦૨ તા. ૧૦મી મે, ૨૦૦૨ થી ૨૨મી મે, ૨૦૦૨	૧૯

INDEX

અનુ. નંબર	અમલદારનું નામ	કેટલા સમય માટે રોકવામાં આવેલા હતા	દિવસો
૧	૨	૩	૪
૨૯.	કુ. વાય. એમ. પંડ્યા, સીવીલ જજ (જે. ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., કલોલ (ઉ. ગુ.)	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૬ઠ્ઠી મે, ૨૦૦૨ તા. ૧૦મી મે, ૨૦૦૨ થી ૧૯મી મે, ૨૦૦૨ તા. ૧લી જુન, ૨૦૦૨ થી ૨જી જુન, ૨૦૦૨	૨૦
૩૦.	શ્રી એસ. જે. રાજે, જો. સીવીલ જજ (જે. ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., કલોલ (ઉ. ગુ.)	તા. ૧લી મે, ૨૦૦૨ થી ૧૪મી મે, ૨૦૦૨ તા. ૧૮મી મે, ૨૦૦૨ થી ૨૬મી મે, ૨૦૦૨ તા. ૧લી જુન, ૨૦૦૨ થી ૨જી જુન, ૨૦૦૨ તા. ૭મી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૨૮
૩૧.	કુ. એમ. એમ. પટેલ, ૨જા જો. સીવીલ જજ (જે. ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., કલોલ (ઉ. ગુ.)	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૦ મે, ૨૦૦૨	૧૨
૩૨.	શ્રી એમ. જી. દવે, ૩જા જો. સીવીલ જજ (જે.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., કલોલ (ઉ. ગુ.)	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૨મી મે, ૨૦૦૨ તા. ૨૭મી મે, ૨૦૦૨ થી ૨જી જુન, ૨૦૦૨	૨૧
૩૩.	શ્રી જે. એસ. નાલીયેરવાલા, સીવીલ જજ (એસ. ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., વિજાપુર.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૩૦મી એપ્રિલ, ૨૦૦૨ તા. ૭મી મે, ૨૦૦૨ થી ૨૨મી મે, ૨૦૦૨ તા. ૨૪મી મે, ૨૦૦૨ થી ૩૧મી મે, ૨૦૦૨	૨૬
૩૪.	શ્રી એચ. ડી. પંચાલ, જો. સીવીલ જજ (જે.ડી.), અને જ્યુ. મેજી. ફ. ક., માણસા.	તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ થી ૧૫મી મે, ૨૦૦૨ તા. ૨૪મી મે, ૨૦૦૨ થી ૨૯મી મે, ૨૦૦૨ તા. ૧લી જુન, ૨૦૦૨ થી ૯મી જુન, ૨૦૦૨	૩૨

મહેસાણા, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

સી. ડી. પટેલ,
જીલ્લા ન્યાયાધીશ,
મહેસાણા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ધી પ્રીવેન્શન ઓફ એન્ટી સોશ્યલ એક્ટીવીટીઝ એક્ટ-૧૯૮૫ની કલમ-૩ (૨) નીચેના અટકાયતીને હાજર થવાની ફરજ પાડવા માટે જમીનો હુકમ.

(ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૮૩)

નંબર પીઓએલ (૧) પાસા.એસ.આર. ૨૪/૨૦૦૨.-ગુજરાત સામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક ધારા-૧૯૮૫ની જોગવાઈઓ નીચે કપડવંજના બંગડીવાડ વિસ્તારમાં રહેતા શ્રી મહંમદ આરીફ અસ્ફાકુરહેમાન શેખ સામે તારીખ ૧૭મી મે, ૨૦૦૨ના રોજ ''ભય જનક વ્યકિત'' ની કક્ષામાં અટકાયતી હુકમ કર્યા બાદ ઉક્ત અધિનિયમની કલમ-૮(૨) નીચે દિન-૭માં કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશને હાજર થવા અત્રેથી તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૦૨ના રોજ હુકમ કરવામાં આવેલ હતો. તથા તેની બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે. ત્યારબાદ અત્રેના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૨ના સરખા ક્રમાંકવાળા હુકમથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૮૨નીચે આ કોર્ટ સમક્ષ હાજર થવા હુકમ કરવામાં આવેલ છે. જેની બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે. આપના તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૨ અને ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૨ના અહેવાલોથી સ્પષ્ટ બનતી હકીકતો મુજબ અત્રેનો તારીખ ૧૭મી મે, ૨૦૦૨નો અટકાયતી હુકમ સદરહુ ઈસમને બજાવી શકાય તેમ નથી. તેમજ આપના અહેવાલથી મને એ પણ આપશ્રીએ ખાત્રી કરાવેલ છે કે પોતાની અટકાયતથી સદરહુ ઈસમ બચવા માટે તે સંતાતો અને ભાગતો ફરે છે. સદરહુ ઈસમે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલ સ્પે.સી.એ. નંબર ૬૮૩૨/૨૦૦૨ના પેરા-૩માં જાહેર કર્યા મુજબ તેને તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૦૨ના અત્રેના ઉપરોક્ત હુકમની તેને જાણ છે. તે જોતાં તેની સામે રહેલ હકીકતો સમજીને તે ફરાર થઈ ગયેલ છે. તે પર્યાપ્ત પુરાવાઓથી સ્પષ્ટ બને છે. તે કારણે તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૨ના અત્રેના હુકમથી તેની સામે સી.આર.પી.સી.ની કલમ-૮૨ નીચેનું જાહેરનામું અત્રેથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેનો પ્રસિદ્ધિ અહેવાલ આપશ્રીએ તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૨ના પત્રથી અત્રે મોકલી આપેલ છે.

સી.આર.પી.સી. ૮૨ નીચે તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ ધોરણસરના હુકમ પબ્લીક જાહેરનામાં યોગ્ય રીતે પ્રસિદ્ધ થવા છતાં આ ઈસમ ઈરાદાપૂર્વક સંતાતો અને ભાગતો ફરી અને ફરાર થઈ

INDEX

જઈ પોતાની અટકાયત ટાળતો હોઈ કપડવંજના બંગડીવાડ વિસ્તારમાં સી.સ. નં. ૫૩૦૩ વાળા તેના પિતાશ્રીના મકાનમાં આ ઈસમના નામે રહેલ ફક્ત જંગમ મિલ્કતો તેમજ તેના વકીલાતના વ્યવસાય માટે તેણે ભાડે રાખેલ સી.સ. નં. ૪૮૧૭વાળી ઓફીસરમાં રહેલ તેની જંગમ મિલ્કતો તથા કપડવંજ પીપલ્સ કો.ઓ. બેન્કના સેવીંગ ખાતા નં. ૧૧૦૦૮માં તેના ખાતે રહેલ રૂા. ૨૯૯નું બેલેન્સ તેમજ સબ પોસ્ટ ઓફીસ કપડવંજના બચત ખાતા નં. ૧૩૩૨૬૦૧માં બેલેન્સ રહેલ રૂા. ૩૦૦૭ અને ૪૫ પૈસાની રકમ તથા તેના નામે અન્યત્ર જે કંઈ જંગમ મિલ્કત મળી આવે તે તમામ કબજે લઈ જપ્તીમાં લેવા તથા જપ્તીમાં રાખવા આથી આપને જણાવવામાં આવે છે. અને આ વોરંટની જે રીતે બજવણી કરેલ હોય તેને પ્રમાણીત કરવાના શેરા સાથે વોરંટ પર કરવા તમોને આથી અધિકાર આપવામાં તેમજ ફરમાવવામાં આવે છે.

આજ તારીખ ૨૩મી ઓગસ્ટ, સને ૨૦૦૨ના રોજ મારી સહી અને કોર્ટનો સિક્કો કરી પ્રસિદ્ધ કર્યું

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર ૨૨)ની કલમ-૩૭(૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમ.એ.જી./એસ.આર./૪૨/૨૦૦૨.- આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, એ. જે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈ પણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની;

(૨) કોઈ પણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તૈયારી કરવાની;

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની;

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અંથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની;

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ:- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ, ૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમ.એ.જી./એસ.આર./૪૩/૨૦૦૨.- આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, એ. જે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવુ છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એ. જે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી./૧૦૯૮થી૧૧૦૭.-ભરૂચ શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે સોનેરી મહેલ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ સવારના ૯-૦૦થી રાત્રીના ૮-૦૦ કલાકનાં સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે શોભાયાત્રા નિકળનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રીત થનાર હોવાથી, જનતાની સલામતી માટે તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ને શુક્રવારના રોજ વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચને સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તની રૂએ ફરમાવુ છું. કે ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ને શુક્રવારના દિવસે સવારના ૯-૦૦ કલાકથી રાત્રીના ૮-૦૦ કલાક સુધી નીચે જણાવેલ માર્ગો ઉપર તમામ પ્રકારનાં વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજ અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર

(૧) પાંચબત્તી થી સોનેરી મહેલ સુધી.

(૨) લલ્લુભાઈ ચકલાથી ભોઈવાડ સોનેરી મહેલ સુધી.

(૩) કતોપોર સ્લોપથી કોઠી થઈ સોનેરી મહેલ સુધી.

(૪) હાજીખાના બજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.

(૫) લાલબજાર લલ્લુભાઈ ચકલા સુધીનો માર્ગ.

(૬) મોટા ચાર રસ્તાથી વેજલપુર નાના ચાર રસ્તા તરફ.

ઉપરોક્ત માર્ગો ઉપરથી પ્રસાર થતાં ગણપતિ-વિસર્જનની શોભાયાત્રા ગણપતિની મૂર્તિ બેસાડેલ ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પુરતી મુક્તિ રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી./૧૧૧૯.-અંકલેશ્વર શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે ચૌટા બજાર વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના સવારના ૧૧-૦૦થી રાત્રીના ૮-૦૦ કલાકનાં સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે શોભાયાત્રા નિકળનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રીત થનાર હોય, જાહેર જનતાની સલામતી માટે તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ને શુક્રવારના રોજ વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તની રૂએ ફરમાવુ છું. કે અંકલેશ્વર શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ને શુક્રવારના દિવસે સવારના ૧૧-૦૦ કલાકથી રાત્રીના ૮-૦૦ કલાક સુધી નીચે જણાવેલ માર્ગો ઉપર તમામ પ્રકારનાં વાહન વ્યવહાર માટે બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજ અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

INDEX

વિસ્તાર :-

(૧) અંકલેશ્વર-હાંસોટ જતા રોડ પૈકી પિરામણનાકાથી ભરૂચી નાકાનો રસ્તો.

(૨) હાંસોટથી અંકલેશ્વર આવતો રોડ પૈકી ભરૂચી નાકાથી પિરામણનાકા સુધીનો રસ્તો.

સદર માર્ગ બંધ થવાથી પિરામણનાકાથી સુરતી ભાગોળ થઈ કાગદીવાડ કસ્બાની વાડ થઈ સર્વોદયનગર થઈ એશીયાદ નગર થઈ જકાતનાકા થઈ હાંસોટ તરફ વાહન વ્યવહાર ચાલુ રહેશે.

ઉપરોક્ત માર્ગો ઉપરથી પસાર થતા ગણપતિ-વિસર્જનના સરઘસમાં ગણપતિની મૂર્તિ બેસાડેલ ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પુરતી જ મુક્તિ રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ઉજી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક પીઓએલ/વશી.૧૧૨૦ થી ૧૧૪૫.-ભરૂચ જિલ્લામાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે પણ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨થી તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨ તથા તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવનાર છે.સદર શોભાયાત્રામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રીત થશે. અનુભવે જણાયેલ છે કે ગણેશ વિસર્જનની શોભાયાત્રામાં જોડાયેલ તથા અન્ય લોકો દ્વારા ઝટપટ પાવડરનો છૂટથી ઉપયોગ થાય છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમીકલ્સના કારણે વિપરિત અસર થાય છે. જેથી ગણેશજીની મૂર્તિઓની શોભાયાત્રા દરમ્યાન ઝટપટ પાવડરના ઉપયોગ પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તની રૂએ ફરમાવુ છું કે ભરૂચ જિલ્લામાં તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ દરમ્યાન ગણેશજીની શોભાયાત્રા નિકળનાર છે. તેમાં ઝટપટ પાવડરનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આથી ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ઉજી સપ્ટેમ્બર, સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી/પીઓએલ/વશી.૬૮૧.-ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી સરઘની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને-૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૨નારોજ સવારના ૬-૦૦ કલાકથી તારીખ ઉજી ઓક્ટોબર, ૨૦૦૨ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસ સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ-૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી.૪૭૨૩/૨૦૦૨.- ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા

INDEX

આવતા હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું-૫૮૪૫/૨૦૦૨ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું, આર. જી. ત્રિવેદી; અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ : ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ કલાક ૦૦.૦૦ થી ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદરા ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર/કલોલ/દહેગામ/માણસાએ જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ના મુંબઈ ૨૨માં)ની કલમ-૩૭ની પેટા કલમ (૩) હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)વશી.૪૭૪૪/૨૦૦૨.- ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું-૫૮૪૫/૨૦૦૨ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં)ની કલમ ૩૭ની પેટા કલમ(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, આર. જી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર, આથી સદરહુ વિસ્તારમાં તારીખ : ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ કલાક ૦૦.૦૦ થી ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફકમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

INDEX

વિસ્તાર : ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા સિવાયનો ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફકત ઉપવાસીઓ માટે ચ.પ સેકટર-૧૭, અને સેકટર-૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારા સહી સિકકા કરી આપ્યા.

આર. જી. ત્રિવેદી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. નં. ૩૩/૨૦૦૨.- મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ રાજ્યની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યક્તિ.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.નં. ૩૪/૨૦૦૨.- મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ રાજ્યની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પ્રોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા-કલમ(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધી અનઅધિકૃત રીતે/ ગેર કાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧, (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વલસાડ, તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

INDEX

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/ તાલીમ/૨જી.૩૫/ ૨૦૦૨.- કોસ્ટ ગાર્ડના એર સ્ટેશન નાની દમણના પત્ર નં. ૩૧૧/૨, તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી જણાવ્યાનુસાર એર સ્ટેશન દમણ કોસ્ટ ગાર્ડના સ્મોલ આર્મ્સ ફાયરીંગ પ્રેકટીસના કામે નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઇપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઇજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨ મો) કલમ ૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાનુ રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ ની જોગવાઇ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉમરગામ જિલ્લા વલસાડનાં ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ : ૨૬ મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુ બાજુના રહીશો તેમજ બહારનાં કોઇ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઇ ફરમાઉં છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઇજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી કરી મુદા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ ની કલમ-૩૩/૬/મુજબનું

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૩૭૫૦.-પંચમહાલ જિલ્લામાં તા. ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી ગણપતિ ઉત્સવની ઉજવણી શરૂ થનાર છે. તથા તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધીમાં જુદી જુદી તારીખોએ જુદા જુદા સ્થળે વિસર્જન થનાર છે. ત્યારે સાર્વજનિક સ્થળોએ ગણપતિ સ્થાપના કરી જાહેર કાર્યક્રમો રાખવામાં આવે છે. સામાન્ય રીતે ગણપતિના વિસર્જન અંગે શોભાયાત્રાઓ કાઢવામાં આવે છે. આ પ્રસંગો દરમ્યાન થતા નાચગાનમાં જુદા જુદા પ્રકારના રંગો, ગુલાલ, અબીલ વગેરે પદાર્થોનું બહોળા પાયે ઉપયોગ થાય છે. ભૂતકાળમાં શાંતિ સમિતિની મીટીંગમાં થયેલ ચર્ચાઓ રજુઆતો મુજબ આ પ્રસંગોએ કેટલીક વ્યકિતઓ શરીરના કોમળ ભાગો અને મુખ્યત્વે આંખને હાની પહોંચે તેવા પદાર્થ પાવડર કે ભુકીના સ્વરૂપમાં ઉપયોગ કરે છે. જેથી આવી મુશ્કેલી નિવારવા માટે આંખ તેમજ શરીરને હાની કરે તેવા પાવડર પદાર્થ કે ભૂકાનુ વિતરણ અને છંટકાવ અટકાવવો જરૂરી છે.

આથી હું બી. એન. ડામોર (જી.એ.એલ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, સને ૧૯૫૧ ના મુબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩/૬ મુજબ પંચમહાલ જિલ્લાના કોઇ પણ સ્થળે આંખ તેમજ શરીરને નુકશાન કરે તેવા પાવડર કે અન્ય કોઇ સ્વરૂપના પદાર્થને વેચાણ વિતરણ પર તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધી બન્ને દિવસો સહીત પ્રતિબંધ ફરમાવું છું. તેમજ ગણપતિ વિસર્જનની શોભાયાત્રા દરમ્યાન કોઇપણ વ્યકિતએ આવો આંખ તેમજ શરીરને હાની પહોંચાડે તેવો પાવડર કે ભુકો કે પદાર્થ પોતાની પાસે રાખવો નહીં કે તેનો ઉપયોગ કરવો નહીં.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર કોઇપણ ઇસમ સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કર્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૩૭૫૫.-તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૨ દરમ્યાન જિલ્લામાં ગણશોત્સવ તથા પર્યુષણ પર્વની પણ ઉજવણી થનાર હોઇ તે ધ્યાને રાખતાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતિમય રહે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જીલ્લામાં તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૨ (બન્ને દિવસો સહીત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇપણ સાધન સાથે લઇ જવું નહી;

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઇ જવો નહી;

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો લઇ જવા એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુત ળાં દેખાડવા નહી તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી;

INDEX

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ-ઈન્સપેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નં. ૩/મકમ/મજસ/વશી/૩૬૯૦.-પંચમહાલ જિલ્લામાં સંતરામપુર ખાતે સંતરામપુર પોલીસ સ્ટેશનની હદમાં સંતરામપુર ટાઉન તથા પ્રતાપપુરા વિસ્તારમાં રાવડીનો મેળો તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૨૦૦૨ સુધી રાત દિવસ દરમ્યાન ભરાનાર છે. આ મે ળામાં પંચમહાલ-દાહોદ-સાબરકાંઠા જિલ્લાઓ ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ રાજયોમાંથી ઘણા મોટા પ્રમાણમાં માનવ મેદની એકત્ર થાય તેમ છે. સંતરામપુર નગરમાં પીવાના પાણીની તંગી હોઈ, એકત્રિત થનાર જનમેદની પીવાના પાણીનો પ્રશ્ન તથા જાહેર આરોગ્ય વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવાના હેતુથી ''રવાડી'' ના મેળામાં લોકોને એકત્ર થતા રોકવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ:૩૭ (૩) હેઠળ પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલી સત્તાની રૂએ હું, બી. એન. ડામોર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરામાંથી ફરમાવું છું કે, તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૨ના મેળા માટે લોકોએ એકત્ર થવું નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરતા શખ્સ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર, સને ૨૦૦૨ના રોજ મારી સહી કરી, કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

સને ૧૯૫૧મા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પલસ/મજસ/વશી/૩૨૦૫ થી ૩૨૩૫.-આગામી તારીખ ૧લી સપ્ટેમ્બર ૨૦૦૨ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૨ના સમય દરમ્યાન ગણેશ ચતુર્થી તથા ગણેશ વિસર્જન જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, બી. પી. ચૌહાણ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, દાહોદ, આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જીલ્લામાં તારીખ ૯મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૨ (બન્ને દિવસો સહીત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહી;

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુત ળા દેખાડવા નહી. અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી;

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, અથવા તેવા પત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી-

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિતઓને જેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય, અથવા આવું હથીયાર લઈ જવાની ફરજ હોય, પોલીસ સબ ઈન્સપેકટરશ્રી નીચેની પાયરીનાં ના હોય, તેવા અધિકારીશ્રીએ જે તે શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૨) અધિકૃત પરવાનેદારને લાગુ પડશે નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરતા શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૪ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. પી. ચૌહાણ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
દાહોદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) મુજબનું.

નં. પલસ/ગણપતિ વિસર્જન/ગાય પગલાં/૨૦૦૨.-સુરત જીલ્લાના કામરેજ તાલુકામાં કામરેજ ખાતે આવેલ નદીના ગાય પગલાં ઓવારે તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૨ ના રોજ ગણેશ વિસર્જન કરવામાં આવનાર છે. જે દિવસે ગાય પગલાં તાપી નદીના ઓવારે ગણેશ વિસર્જન કરવા માટે ઘણો ધસારો રહે છે. કામરેજ તાલુકાના તથા સુરત શહેરમાંથી પણ ગણેશ વિસર્જન કરવા માટે આવે છે. ગાય પગલાં ખાતે અગાઉ પણ ઘણા લોકો નદીના પાણીમાં અકસ્માતે ડુબી જઈ મરણ પામેલાનું કામરેજ પોલીસ સ્ટેશને નોંધાયેલ છે. સુરત શહેરનાં લોકો ગાય પગલાં ખાતે ગણેશ વિસર્જનનો આગ્રહ રાખતા હોઈ પરીણામે કોઈ અનિચ્છનીય બનાવ નહી બને તે માટે તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ કામરેજમાં તાપી નદી ગાય પગલા ઓવારે ગણેશ વિસર્જન પર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાયું છે.

સબબ, હું જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બી)થી મળેલા અધિકારની રૂએ સુરત જીલ્લાના કામરેજ તાલુકાના કામરેજ મુકામે તાપી નદીના ગાય પગલા ઓવારે કોઈ પણ વ્યકિતએ/જનસમુદાયે ગણપતિ વિસર્જનના હેતુસર જવું નહી અને ગાય પગલાં ઓવારે વિસર્જન કરવું નહી જે માટે પ્રતિબંધ ફરમાવું છું. આ હુકમનો અમલ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૨ (બન્ને દિવસો સુધ્ધા) રહેશે.

સ્થાનિક પોલીસ અધિકારીએ આ હુકમનો ઉપરોકત વિસ્તારમાં અને કામરેજ તાલુકા અને શહેરી વિસ્તારમાંથી ગાય પગલા ઓવારે ગણેશ વિસર્જન માટે મોકલવામાં આવતા વિસ્તારમાં બહોળો પ્રચાર કરવો.

નોંધ :-ગાય પગલાં ઓવારામાં ઓવારાની આજુબાજુ તાપી નદીને લાગુની જગ્યા અથવા વિસ્તારનો પણ સમાવેશ કરવાનો છે.

આજ તારીખ ૭મી સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલ.

નંબર પલસ/જાહેરનામું/વશી./૨૦૦૮/૨૦૦૨.-આગામી તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ ગણપતિની સ્થાપના (ગણેશચર્તુથી) તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ ગણેશ વિસર્જન (આનંદ ચૌદશ)ના તહેવારો આવતા હોવાથી સુરત જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુથી જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળનાં સુરત (રૂરલ) જીલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂર જણાયું છે.

વાસ્તે હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨)માંની કલમ-૩૭ની પેટા-કલમ (૪)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત (રૂરલ જીલ્લામાં તારીખ ૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજથી ૨૪મી સપ્ટેમ્બર નાં રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતા વધુ માણસોની કોઇ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :-

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૨) તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

(૩) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨માં)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭-૧ (૨) અન્વયે.

નંબર પલસ/ધાર્મિક તહેવારો/જાહેરનામું/વશી. ૨૦૦૭/૨૦૦૨.-આગામી તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ ગણપતિની સ્થાપના (ગણેશ ચર્તુથી) તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ ગણેશ વિસર્જન (આનંદ ચૌદશ) ના તહેવારો આવતા હોઈ તહેવારોમાં શાંતિ અને કોમી એખલાસભર્યુ વાતાવરણ જળવાઇ રહે, સુરત જીલ્લા વિસ્તારમાં કાયદે અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે, અને તેની સલામતી જાળવવી જરૂરી છે. એવું મને જણાયું છે. જેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઇના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ ની પેટા-કલમ(૧)(૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૨ સુધી (બંને દિવસો સુધ્ધા) કોઇ પણ વ્યકિતએ.

(૬) શસ્ત્રો, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી અથવા શારીરીક ઇજા પહોચાડી શકાય તેવું કોઇપણ સાધન સાથે લઇ જવું નહી;

INDEX

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે નાખવાના યંત્રો શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુત ળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, તથા તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા ચિત્રો પત્રકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બનાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતા કોઇ પણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઇ હથીયાર લઇ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું કોઇ હથીયાર લઇ જવાની જેમની ફરજ હોય.

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેમના અધિકૃત કરેલા કોઇ પોલીસ અધિકારીએ જેની શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જીલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી સુરત શહેર, સુરત વિસ્તાર સિવાય) આ જાહેરનામાના કોઇ પણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૭મી સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

જે. બી. વોરા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક : મકડ/પીઓ.એલ/વશી-૧૭૯૦-૧૭૯૯/૨૦૦૨. મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાંતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૨નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી લાકડી અથવા શારીરીક હિંસા પહોચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો;

(ખ) કોઈ પણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈ પણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવા ફરમાવ્યુ. હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશક્તિના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૨નાં રોજ મારી સંહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી-૧૮૦૦-૧૮૦૯/૨૦૦૨. જિલ્લાની હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતાં મુબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ, ફરમાવું છું. કે ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૨ ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી

INDEX

નહી કે બોલાવવી નહી, કે સરઘસ કાઢવું નહી, તેમજ ચાર કરતા વધુ વ્યક્તિઓ એકત્ર / ભેગા થવું નહી.

વધુમાં હું, આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓએ લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહું હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતનાં ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એમ.ઈ.ડી./વશી/૧૬૬૯/૨૦૦૨.- પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ખટકપુર ગામ કોલેરા પ્રોઝેટીવ તરીકેનો કેસ થયેલ હોવાથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પંચમહાલ ગોધરાએ તેમના પત્ર નંબર નીરોગ તારીખ પમી સપ્ટેમ્બર ૨૦૦૨ થી નીચે જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવા માંગણી કરેલ છે.

તાલુકાનું નામ	ગામનું નામ
શહેરા	ખટકપુર

ઉપરોક્ત સંજોગોમાં જાહેર આરોગ્યની સલામતી માટે પગલા લેવા જરૂરી જણાય છે. વાસ્તે હું, મનોજ અગ્રવાલ, (આઈ. એ. એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરા કોલેરા રેગ્યુલેશન એકટની કલમ-૨ અને કલમ-૩ અન્યવે મળેલ અધિકારની રૂએ શહેરા તાલુકાના ખટકપુર ગામને કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરૂ છું. મામલતદારશ્રી શહેરાને શહેરા તાલુકાના સમગ્ર વિસ્તાર માટે કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિયુક્ત કરૂં છું તેઓશ્રીએ રેગ્યુલેશન એકટ મુજબ નિયમોનુસાર પગલા લેવા કાર્યવાહી કરવી.

આ જાહેરનામું બહાર પાડ્યા તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

ગોધરા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૨.

મનોજ અગ્રવાલ,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જુન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ/ના આધારે)

તારીખ ૧, ૮, ૧૫, ૨૨, ૨૯, ઓગષ્ટ, અને ૫, ૧૨, ૧૯, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૨ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિદ્ધ થયેલા છે.

અનું. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદો
૧	૨	૩
૧	૧૪૪/૧૭-૫-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨	૧૭૨/૨-૭-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૩	૧૭૩/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૪	૧૭૪/ ,,	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ઉમરેઠ.
૫	૧૭૫/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૬	૧૭૬/૬-૭-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા.

INDEX

અનું. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૭	૧૭૭/૯-૭-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીયાદ.
૮	૧૭૮/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૯	૧૭૯/૧૧-૭-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૦	૧૮૦/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૧	૧૮૧/૧૨-૭-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૨	૧૮૨/ ,,	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૩	૧૮૩/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીયાદ.
૧૪	૧૮૪/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૫	૧૮૫/૧૩-૭-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૬	૧૮૬/૧૫-૭-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૭	૧૮૭/૧૬-૭-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૮	૧૮૮/૨૩-૭-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૯	૧૮૯/૨૪-૭-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડિયાદ
૨૦	૧૯૦/૨૫-૭-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડિયાદ
૨૧	૧૯૧/૨૬-૭-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૨૨	૧૯૨/૨૯-૭-૨૦૦૨	,, ,,
૨૩	૧૯૩/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા
૨૪	૧૯૪/૩૦-૭-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૨૫	૧૯૫/૩૧-૭-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા
૨૬	૧૯૬/૧-૮-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૨૭	૧૯૭/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા
૨૮	૧૯૮/૧-૮-૨૦૦૨	કલેકટર, દાહોદ.
૨૯	૧૯૯/૮-૮-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૩૦	૨૦૦/૧૨-૮-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડિયાદ
૩૧	૨૦૧/૧૩-૮-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૩૨	૨૦૨/૧૬-૮-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા
૩૩	૨૦૩/૧૯-૮-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૩૪	૨૦૪/૨૦-૮-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા
૩૫	૨૦૫/૨૦-૮-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૩૬	૨૦૬/૨૩-૮-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૩૭	૨૦૭/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૩૮	૨૦૮/ ,,	કલેકટર, ભરૂચ
૩૯	૨૦૯/ ,,	કલેકટર પંચમહાલ, ગોધરા
૪૦	૨૧૦/૨૬-૮-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા
૪૧	૨૧૧/૨૮-૮-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૪૨	૨૧૨/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડિયાદ
૪૩	૨૧૩/ ,,	,, ,,
૪૪	૨૧૪/૨-૯-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા

INDEX

અનું. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૪૫	૨૧૫/૩-૯-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ
૪૬	૨૧૬/ ,,	,, ,,
૪૭	૨૧૭/૪-૯-૨૦૦૨	,, ,,
૪૮	૨૧૮/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ
૪૯	૨૧૯ ,,	જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા
૫૦	૨૨૦/૫-૯-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૫૧	૨૨૧/ ,,	જિલ્લા મેજિસ્ટ્રેટ, ઈ.ચા., નર્મદા રાજપીપલા
૫૨	૨૨૨/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ
૫૩	૨૨૩/૬-૯-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૫૪	૨૨૪/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૫૫	૨૨૫/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૫૬	૨૨૬/૯-૯-૨૦૦૨	અધિકલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ
૫૭	૨૨૭/૧૨-૯-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૫૮	૨૨૮/૧૩-૯-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ
૫૯	૨૨૯/૧૬-૯-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા
૬૦	૨૩૦/૧૭-૯-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૬૧	૨૩૧/ ,,	પોલીસ કમિશનર, સુરત શહેર
૬૨	૨૩૨/ ,,	કલેકટર, ભરૂચ
૬૩	૨૩૩/ ,,	જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ
૬૪	૨૩૪/ ,,	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા
૬૫	૨૩૫/૧૮-૯-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા
૬૬	૨૩૬/૧૯-૯-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૬૭	૨૩૭/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાંબરકાંઠા
૬૮	૨૩૮/૨૦-૯-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૬૯	૨૩૯/ ,,	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, OCTOBER 10, 2002 / ASVINA 18, 1924 [No. 41

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1363-1398
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	41
Part I-B	Government Notifications, published under Land Acquisition Act only.	458-464
Part I-L	Notifications and Orders, Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	19382-20004

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

દારૂખાનું વેચાણ રાખવા તથા ફોડવા ઉપર છુટછાટ આપવા બાબતનું

જાહેરનામા ક્રમાંક/જ/ઉગપક/૧૦૨/નં. જ/૬૫૬/૬૨૩૭/૨૦૦૨.- હું કે. આર. કૌશીક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર બોમ્બે પોલીસ એક્ટની કલમ-૩૩ની પેટા કલમ (૧)(યુ) તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાનાં જાન તથા માલ મિલ્કત વિગેરેની સલામતી માટે નીચે મુજબનો હુકમ કરૂ છું. અત્રેની કચેરીનું તારીખ ૨૧મી એપ્રિલ ૨૦૦૨નાં જાહેરનામાં જા.ફ.જ/૬૫૬/૨૪૯૬/૨૦૦૨ના રોજ દારૂખાનું વેચવા, રાખવા તથા ફોડવા ઉપર પ્રતિબંધ મુકવા બાબતનું જાહેરનામું અમલમાં છે. આ જાહેરનામામા નીચે મુજબની છુટછાટ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી આપવામાં આવે છે.

(૧) પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હુકુમત હેઠળ સમગ્ર વિસ્તારમાં આવેલ અધિકૃત પરવાનાવાળા દારૂખાનાના (ફક્ત

INDEX

વેચાણ કરતા હોય તેવા) દુકાનદાર વહેપારીઓ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી દારૂખાનાનું વેચાણ ચાલુ કરી શકશે.

(૨) દારૂખાનાનું ઉત્પાદન કરતા વેપારીઓ દારૂખાનાનું ઉત્પાદન બીજો હુકમ ન થાય ત્યાં સુધી ચાલુ કરી શકશે નહિ.

(૩) કોઈપણ ઈસમ જાહેર રસ્તા ઉપર કે જાહેર રસ્તાની ૫૦ ફુટના અંદરના વિસ્તારમાં તથા સાયલન્સ ઝોનમાં અવાજ કરતાં દારૂખાનું ફોડી શકશે નહિ તથા ફેંકી શકાય તેવા કોઈપણ નામે ઓળખાતા ફટાકડા ફોડી શકશે નહિ.

(૪) પશુ પંખી ઉપર તથા મકાન ઉપર દારૂખાનુ પડે તે રીતે ફેકી શકાશે નહિ તથા કોઈપણ વ્યક્તિના જાનમાલને નુકશાન થાય તે રીતે દારૂખાનું ફોડી શકશે નહિ.

(૫) બોમ્બ ખોલીને તેનો પાવડર કાઢી છરાઓ તથા લોખંડના વેર સાથે ભેળવી ઉપયોગ કરશે નહી.

(૬) કોઈપણ વ્યક્તિ રાત્રીના કલાક ૧૦-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી દારૂખાનું ફોડી શકશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ બોમ્બે પોલીસ એક્ટ કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ પગલા ભરવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૨ થી કરવાનો રહેશે અને આ જાહેરનામું બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો હુકમ.

નંબર.ઉ/ગપંક/વિ.શા/૭૨૪/૨૦૦૨.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૨ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૨ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર સને ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : ઉ/ગપક/વિ.શાખા/યુનિફોર્મ/૭૨૫/૨૦૦૨.:-અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારમાં કેટલાક વ્યક્તિઓ પોલીસ જેવો ડ્રેસ પહેરે છે અથવા તો પોલીસના યુનિફોર્મમાં આવતી બીજી વસ્તુઓ જેવી કે બેલ્ટ, ટોપી, સ્ટાર અને બીજા ચિહનો લગાડે છે, જેનાથી પોલીસના ડ્રેસ અને બીજા ચિહનોનો પણ દુરૂપયોગ થાય છે. અમુક વ્યક્તિઓ પોલીસ જેવા ડ્રેસ ઉપર લગાડવામાં આવતા ચિહનો ધારણ કરી ગેરકાયદેસર કૃત્યો પણ કરે છે, જેથી પોલીસના યુનિફોર્મ અને યુનિફોર્મના ચિહનોનો દુરૂપયોગ અટકાવવા માટે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ, અને ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલા સંકલિત જાહેરનામાં જેવું પુનરાવર્તન નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. થી પણ થયેલ છે તે અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ ની નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે.

હુકમ

જેથી ઉપર જણાવ્યા મુજબ મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હેઠળની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં નીચેનું કૃત્ય કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કોઈપણ ખાનગી અથવા સિક્યુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહી તેમજ પોલીસ જેવા ટોપીના મોનોગ્રામ, પટ્ટા કે બેઝ લગાવવા નહી.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અપવાદ :- આ હુકમ સરકારશ્રીએ અધિકૃત કરેલ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

INDEX

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૪ની કલમ ૧૪૪ અન્વયે કાઢવામાં આવેલ.

નંબર ઉ/ગપક/વશી/એસ.બી./૫૬/૨૦૦૨.- સુરત શહેર હાલમાં ચાલતા ગુજરાત ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસીએશ દ્વારા ગુજરાત ગેસ ભાવ વધારાનાં વિરોધનાં અનુસંધાને ચાલતા આંદોલનને ધ્યાનમાં લઈ સુરત શહેરમાં રાંદેર પો. સ્ટે. વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણ ખાતે કોઈપણ પ્રકારના સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સુરત શહેરમાં પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનાં રાંદેર પો. સ્ટે. વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણનાં ૨૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ પ્રકારનો સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા થવા ઉપર કોઈ સભા બોલાવવી કે રેલી કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેર, આથી ફરમાવું છું કે રાંદેર પો. સ્ટે. વિસ્તારમાં આવેલ ગેસ કંપની અડાજણ પાસે ૨૦૦ મીટરનાં વિસ્તારમાં ચાર કે ચાર કરતાં વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ ભરવા અંગે તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી દિન ૨૦ માટે એટલે કે તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૦૨નાં કલાક ૨૪-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ:-

જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવા સ્મશાન યાત્રાઓ અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

આમુખ

ક્રમાંક એલ.બી./ચેનલ પ્રસારણ/૧૭૯૭/૨૦૦૨.-તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ અક્ષરધામ સ્વામીનારાયણ મંદિર ગાંધીનગર ખાતે આંતકવાદી હુમલાનો બનાવ બનેલ અને દર્શનાર્થીઓ ઉપર થયેલાં જાન લેવા હુમલાના કારણે આજરોજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ સમગ્ર ગુજરાત બંધનું એલાન થયેલ છે. અને તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ ભારતબંધનું એલાન થયેલ છે, અને તે અન્વયે અન્ય કાર્યક્રમો પણ જાહેર થાય તેવી શકયતા રહેલ છે.

આ બનેલ બનાવ તેમજ બંધના એલાન અને બીજા કાર્યક્રમો દરમ્યાન બનેલા બનાવોના ઘણી વખત ટી. વી. ચેનલો ઉપર જે રીતે દર્શાવવામાં આવે છે અને જે રીતે તેના સંદર્ભમાં નિવેદનો અથવા પ્રવચનો કરવામાં આવે છે કે મંતવ્યો જાહેર થાય છે તેથી ઘણી વખત કોમી તંગદીલી વધવા પામે છે. અને ખૂબ જ ઉશ્કેરાટ થાય છે. જેના કારણે નાના બનાવો પણ મોટા સ્વરૂપ લઈ શકે છે અને લોકોમાં ખૂબ જ ઉત્તેજના તથા અફવા પ્રસરે છે. અને વાતાવરણ વધુ તંગ થાય છે.

જેથી સુરત શહેરમાં જાહેર વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતીનો ભંગ ન થાય અને કાયદો તથા વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે તેમજ જાહેર હીતમાં નીચે મુજબનો આદેશ જારી કરવામાં આવે છે.

આદેશ

કેબલ ટેલિવિઝન નેટવર્ક રેગ્યુલેશન અધિનિયમ, ૧૯૯૫ની કલમ ૧૯ થી મળેલ સત્તાની રૂએ તેમજ ગુજરાત સરકારના માહીતી પ્રસારણ અને પ્રવાસન વિભાગનાઓના તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ના સત્તા સોંપણીના જાહેરનામાને ધ્યાને લેતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

સુરત શહેરમાં આમુખમાં વર્ણવેલ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં અક્ષરધામ સ્વામીનારાયણ મંદિર ગાંધીનગર ઉપરના બનાવના પ્રત્યાઘાત રૂપે ગુજરાત બંધ કે ભારત બંધ કે અન્ય વિરોધ પ્રદર્શન કરતા કાર્યક્રમો જાહેર થાય અને આ કાર્યક્રમો દરમ્યાન કોમી તંગદીલી ફેલાય કે કોમી બનાવો બને તેવા કિસ્સાઓનું વારંવારનું પ્રસારણ કે આ કિસ્સાઓ અંગે પ્રજાજનોના સંવાદો, મુલાકાતો કે ધાર્મિક કે રાજકીય અગ્રણીઓના સંવાદો, મુલાકાતો કે તેમના વ્યકિતગત અનુમાનો, અભિપ્રાયોના પ્રસારણો ઉપર અને તેના વિવેચનાનું કેબલ ટેલિવિઝન નેટવર્ક ઉપર પ્રસારણ કરવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે. આ આદેશ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

સુરત, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૪ની કલમ ૧૪૪ અન્વયે કાઢવામાં આવેલ.

નંબર ઉ/ગપક/વશી/એસ.બી./૫૭/૨૦૦૨.- તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ ગાંધીનગર ખાતેનાં અક્ષર પુરૂષાત્તમ સ્વામીનારાયણ મંદિર (બોચાસણવાસી)માં આંતકવાદીઓ ઘુસી જઈ દર્શનાર્થીઓ ઉપર ગોળીબારનાં હુમલાઓ કરી મોત નીપજાવાનાં અને

INDEX

ગંભીર ઈજાઓ પહોંચાડવાના બનાવો બનેલ છે. તેના અનુસંધાનમાં આજ રોજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગુજરાત બંધનું એલાન અને તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભારત બંધનું એલાન આપવામાં અવેલ છે. આ એલાનોને ધ્યાનમાં લઈ સુરત શહેરમાં સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે છે.

સુરત શહેરનાં પોલીસ કમિશનરની હકુમત હેઠળનાં સમગ્ર વિસ્તારમાં ચાર કરતાં વધારે માણસો ભેગા થવા ઉપર કોઈ સભા બોલાવવા કે સભા ભરવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, વી. કે. ગુપ્તા, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ રૂએ મળેલી સત્તા મુજબ સમગ્ર સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ચાર કરતા વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ ઉપર તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ કલાક ૧૨-૦૦ થી દિન-૧૦ માટે તારીખ ૪થી ઓકટોબર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું. આ પ્રતિબંધનો ભંગ કરનાર વ્યકિતઓ સામે ભારતીય ફોજદારી ધારા ૧૮૬૦ મુજબ ફોજદારી કાર્યવાહી થવા પાત્ર રહેશે.

અપવાદ:-

જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓ તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

ખાંડ નિયામક દ્વારા

વંચાણમાં લીધા :-

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના પત્ર ક્રમાંક :- સીએસકે-૧૨-૨૦૦૦-૨૯૨-ખ, તારીખ:-૧૭/૯/૨૦૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪ (ઘ) ની જોગવાઈઓ.

આમુખ

ક્રમાંક :-સરમ/૦૧/ખ/૧૧૮૫/૨૦૦૨.-શ્રી વાલોડ પ્રદેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. દાદરીયા (વિરપોર) તા. વાલોડ, જી. સુરત કે જે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર સે.-૬૭, તારીખ :-૧૩/૮/૯૦થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ ખાંડ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અત્રે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.)

મંડળીએ તેનો વહીવટ મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમિટિએ સહકારી કાયદા-કાનુન તેમજ મંડળીના પેટા નિયમમાં વિહિત થયેલી જોગવાઈઓ મુજબ કરવાના રહે છે.

સદર મંડળીની છેલ્લી વ્યવસ્થાપક સમીતિની ચુંટણી તારીખ :- ૫મી નવેમ્બર, ૧૯૯૬ના રોજ થતાં હોદ્દેદારોની ચુંટણી તારીખ :- ૩૦મી નવેમ્બર, ૧૯૯૬ના રોજ થયેલ હતી. સહકારી કાયદાની કલમ ૭૪ (સી) (૨) ની જોગવાઈ મુજબ નિયામક મંડળની મુદત હોદ્દેદારોની ચુંટણીની તારીખથી ત્રણ વર્ષની ગણાય તેથી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૯ પહેલાં આ સંસ્થાના નવા નિયામક મંડળની ચુંટણી કરવાની રહેતી હતી. પરંતુ ચુંટણી મંડળીની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી તેમજ વહીવટી સ્ટાફ હાજર ન હોવાથી ચુંટણીને લગતું સાહિત્ય તૈયાર થઈ શકે તેમ ન હોઈ ચુંટણી ખર્ચનો બોજો પડે તેમ હોઈ તથા દુષ્કાળની પરિસ્થિતિ હોઈ વ્યવસ્થાપક સમીતિની ચુંટણી મુલતવી રાખવા તારીખ :-૪થી મે, ૨૦૦૦ના પત્રથી મંડળીએ માંગણી કરેલ હતી. પરંતુ સરકારશ્રીએ તેનો અસ્વીકાર કરી અને ચુંટણી કાર્યવાહી ત્વરીત કરવા જણાવેલ. જે અન્વયે આ કચેરી તથા તાબાની કચેરી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (સુગર) સુરત દ્વારા મંડળીને ચુંટણીની કાર્યવાહી કરવા જણાવવા છતાં મંડળીએ મતદાર યાદી તથા ચુંટણીને લગતું સાહિત્ય સબંધકર્તા અધિકારીને મોકલી આપેલ ન હતું, તેથી ચુંટણી થઈ શકેલ નથી.

ઉપરોક્ત વિગતોએ મંડળીના ચૂંટાયેલ નિયામક મંડળની ચુંટણીની મુદત તારીખ :- ૨૯મી નવેમ્બર, ૧૯૯૯ના રોજ પૂર્ણ થયેલ છે. મંડળીમાં સરકારનું ગુજરાત રાજ્ય સહકારી બેંક લી. નું નાણાંકીય હિત તથા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકનું હિત ધ્યાને લેતાં સદર મંડળીમાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૭૪ (ઘ) હેઠળ નીચે મુજબ કસ્ટોડીયન કમિટિની નિમણુંક કરતો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, બી. આર. કટારા, ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૭૪ (ઘ) અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી વાલોડ પ્રદેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. દાદરીયા (વિરપોર), તા. વાલોડ, જી. સુરતમાં તાત્કાલીક અસરથી નીચે જણાવ્યા મુજબની વિગતે કસ્ટોડીયન કમિટિની નિમણુંક કરૂં છું.

અ. નં.	નામ	હોદ્દો
(૧)	ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેંક લી., અમદાવાદ.	કન્વીનર
(૨)	સુરત ડીસ્ટ્રીકટ કો. ઓપ. બેંક લી., સુરત	સભ્ય
(૩)	નાયબ સચિવશ્રી (સહકાર) સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે.	સભ્ય
(૪)	ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અથવા તેમના પ્રતિનિધિ.	સભ્ય

INDEX

અ. નં.	નામ	હોદ્દો
(૫)	શ્રી અમૃતભાઈ પટેલ મેનેજીંગ ડીરેકટરશ્રી, ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ (તજજ્ઞ તરીકે)	સભ્ય

કસ્ટોડીયન કમિટીએ હવાલો તાત્કાલિક અસરથી સંભાળી લેવાનો રહેશે.

ગાંધીનગર, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

બી. આર. કટારા,
ખાંડ નિયામક,
ગુ.રા., ગાંધીનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૪૩ (૧) મુજબનો.

નંબર : ડીસી/એમ.એ.જી./એસ.આર. ૪૪/૨૦૦૨.-અમદાવાદ જીલ્લાના ધંધુકા તાલુકાના ભડીયાદ મુકામે તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધી ઉર્સ (મેળો) ભરાનાર છે. આ ઉર્સમાં આશરે બે થી ત્રણ લાખ જેટલા માણસો આવતા હોય છે. આટલી મોટી સંખ્યામાં જ્યારે એકજ સ્થળે માણસો આવતા હોય ત્યારે, જાહેર સુખાકારી ભયમાં મુકાય તેવું મને લાગે છે.

વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ, તે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૪૩(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ઉર્સ (મેળા)માં ભાગ લેનાર દરેક વ્યક્તિ નીચેના નિયમો પાલન કરવા બંધાયેલ છે.

(૧) કોઈપણ યાત્રાળુ પીવાના પાણીનાં તળાવમાં કે કુવામાં પ્રોતાનું વાસણ બોળી શકશે નહીં. દરેક યાત્રાળુ પીવાનું પાણી ઉર્સ (મેળા)માં રાખવામાં આવેલ પાણી પાનાર પાસેથી મેળવી શકશે.

(૨) સડી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુધ્ધ પીણા ઉર્સ (મેળા) ના વિસ્તારમાં કોઇ વેચી શકશે નહી. ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક આવી વસ્તુઓ જમ કરી શકશે અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જરૂરી મદદ પુરી પાડશે.

(૩) ખાસ નકકી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય ઉર્સ (મેળા)ના વિસ્તારમાં કોઇપણ બીજી જગ્યાએ કોઇપણ શખ્સ જાજરૂ કે પેશાબ કરશે નહીં.

(૪) પોતાના વિસ્તારમાં હાજર રહેલા આરોગ્ય નિરીક્ષક ચા, ઠંડા પીણાં તથા ખાનપાનની દુકાનો તપાસી શકશે અને સ્વચ્છતા માટે જરૂરી સુચનાઓ આપશે. જે સુચનાઓનો અમલ કરવા તેવા શખ્સ બંધાયેલા છે.

(૫) ફરજ પર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક તથા રોગચાળો અટકાવવા માટે જવાબદાર કર્મચારીઓ દરેક યાત્રાળુઓને જરૂર પડે તપાસી શકશે અને મરકી, શિતળા, કોલેરા કે એવા ચેપી રોગોથી પીડાતા દર્દિને તાત્કાલીક ઉર્સ (મેળા) વિસ્તાર બહાર ખસેડી શકશે.

ઉપરના નિયમોનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કોઇપણ શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૯ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ હુકમ તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨થી તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઈ ૨૨ માં)ની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી-૪૯૭૨/૨૦૦૨.- ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં પત્ર નં. એલઆઈબી/૬૦૪૦/૨૦૦૨થી જરૂરી જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું, આર. જી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના કલાક ૦૦-૦૦ થી તા. ૯મી ઓકટોબર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

INDEX

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઇ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :- ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ :-

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઇ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર/કલોલ/દહેગામ/માણસાએ જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના મુંબઇ ૨૨મા)ની કલમ-૩૭ની પેટા-કલમ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)વશી-૫૦૦૧/૨૦૦૨.- ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના પત્ર નં. એલઆઈબી/૬૦૪૦/૨૦૦૨થી જરૂરી જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત રજુ કરૂ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યક્તિઓની કોઇ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઇ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઇ ૨૨માં)ની કલમ-૩૭ની પેટા કલમ-(૩)થી મને મળેલ સત્તાની રૂઇએ હું, આર. જી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના કલાક ૦૦-૦૦ થી તા. ૯મી ઓકટોબર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા સિવાયનો ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફક્ત ઉપરવાસીઓ માટે ચ. પ, સેકટર-૧૭, અને સેકટર-૨૨ના ખૂણાનો ૨૦૦ ચો. મી. વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યા.

આર. જી. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની ૨૨માંની કલમ ૩૭ (૪) મુજબ.

નંબર પીઓએલ/વશી/૧૭૭૦/૨૦૦૨.-મહેસાણા જિલ્લાના મહેસાણા પોલીસ હેડકવાર્ટર્સ મુકામે તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૨થી તારીખ ૧૫મી ઓક્ટોબર ૨૦૦૨ સુધી મહેસાણાની સ્થાનીક કોલેજો અને શાળાઓમાંથી એન.સી.સી. કેડેટસ પસંદ કરવા અંગેનો કેમ્પ યોજનાર છે, તેમાં ફાયરીંગ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૨થી તારીખ ૧૫મી ઓકટોબર ૨૦૦૨ સુધી દરરોજ સવારના ૭-૦૦ કલાકથી ૯-૦૦કલાકના સમય દરમ્યાન યોજવાનું નક્કી થયેલ છે. જેથી લોકોની તથા ઢોર ઢાખરની સલામતી માટે સાવચેતીના પગલા લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, આઈ. જી. પરીખ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(૨૨માંની)ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ, મહેસાણા મુકામે પોલીસ હેડકવાર્ટસ ફાયરીંગ બટના નિયત સ્થળના વિસ્તાર અને તેની આજુબાજુના ૧૫૦ મીટર ની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૨૦૦૨થી તારીખ ૧૫મી ઓકટોબર ૨૦૦૨ સુધીના દરરોજ સવારના ૭-૦૦ કલાકથી ૯-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાં રુપે માણસો તથા ઢોર ઢાખરની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

આઈ. જી. પરીખ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ આર (૩)અન્વયેનો.

ક્રમાંક એમ.એ.જી./જાહેરનામું/વશી/૨૫૮૮.-પર્યાવરણની સુરક્ષા અને અવાજનું પ્રદુષણ રોકવું અત્યંત આવશ્યક અને અનિવાર્ય છે. નામદાર સુપ્રિમ કોર્ટે ક્રિમીનલ અપીલ નંબર ૭૩૨/૦૨ અને સી. ડબલ્યુ. પી. નંબર ૪૬૮૩/૨૦૦૦માં અવાજના પ્રદુષણ સંબધી ચૂકાદા આપેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટના નિરીક્ષણો મુજબ અવાજના પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. અને અવાજના પ્રદુષણ વ્યાજબી નિયંત્રણથી વધુ હોય તો બંધારણની કલમ-૨૧નો ભંગ થાય છે. કોઈ ધર્મ અન્ય વ્યકિતઓની શાંતિના ભોગે પ્રર્થના કરવાનું જણાવતો નથી. ઢોલક વગાડવાનું કે એમ્પ્લીફાયર અને લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનું કોઈપણ ધર્મે સ્વીકારેલ નથી. આમ ધર્મના નામે અવાજનું પ્રદુષણ વધારવા કોઈપણ છૂટ આપી ન શકાય કે અવાજના પ્રસ્થાપિત માપદંડનો ભંગ કરવા ન દેવાય. એમ્પ્લીફાયર/લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની જો કોઈ ધર્મમાં પધ્ધતિ પડી ગઈ હોય તો પણ અન્ય વ્યકિતઓના હક્કના ભોગે તેમ ન થઈ શકે. ધર્મના નામે લાઉડ સ્પીકર/એમ્પ્લીફાયરના ઉપયોગથી વૃધ્ધ, અશકત, પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ કે બાળકો કે આરામ કરી રહેલ બિમાર વ્યકિતઓની ઉંઘમાં ખલેલ પહોંચાડવા વિગેરે લોકો/જાહેર પ્રજાને અવાજના પ્રદુષણથી મુકત રાખવા તથા સુપ્રિમ કોર્ટના ચૂકાદાઓના પાલન અર્થે પર્યાવરણની સુરક્ષા માટે તથા લોકોના સ્વાસ્થ્ય અને શાંતિની જાળવણી અર્થે ધાર્મિક સ્થળો પર લાઉડ સ્પીકર/એમ્પ્લીફાયરના ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

વાસ્તે હું એસ. એમ. સંગાડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપળા) સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ-૧ આર (૩)થી મળેલ સત્તાની રુએ નર્મદા જિલ્લાના તમામ ધાર્મિક સ્થળોએ લાઉડ સ્પીકર કે એમ્પ્લીફાયરનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

સદર હુકમનો જે તે વિસ્તારના પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પો.સ.ઈ.શ્રીએ અસરકારક અને ચુસ્ત અમલ કરાવવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

એસ. એમ. સંગાડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નં. ઉ/મકપ/પલસ/મજસ/વશી/૩૯૨૩.- તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ અક્ષર પુરષાત્તમ મંદિર ગાંધીનગર ખાતે થયેલ આંતકવાદી હુમલા સંદર્ભમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતિમય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં) ની કલમ ૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું બી. એન. ડામોર (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૨ (બન્ને દિવસો સહિત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહી.

INDEX

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવ ભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.:

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલો

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૩૯૫૨.- તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨નાં રોજ અક્ષરધામ સંકુલ ગાંધીનગર ખાતે થયેલ આંતકવાદી હુમલાના સંદર્ભમાં પંચમહાલ જિલ્લા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિ જાળવી જરૂરી છે.

તેથી હું બી. એન. ડામોર (જી. એ. એસ.), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે , સમગ્ર પંચમહાલ જીલ્લાની હદમાં તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૨ (બંન્ને દિવસો સહ) સુધી ચાર કરતાં વધુ માણસો ભેગા થવું નહી, કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા કોઈ સરઘસ કાઢવું નહીં.

સ્પષ્ટીકરણ:- રસ્તામાં ફુટપાટનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૩) અને ભારતનાં ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ સજા થશે.

સ્થાનિક પિરિસ્થિતિને લક્ષમાં રાખીને સભા/સરઘસ અંગે બાંગણી પરત્વે જે તે પ્રાંત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી નિર્ણય લઈ શકશે.

આજ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૨) અન્વયેનો

નંબર પલસ/જાહેરનામું/વશી.૨૧૫૬/૨૦૦૨.-તાજેતરમાં અક્ષરધામ સ્વામીનારાયણ મંદિર, ગાંધીનગર મુકામે થયેલ આતંકવાદીઓના હુમલાના સંદર્ભમાં અને ગુજરાત બંધ, ભારત બંધના જાહેર થયેલ એલાન અન્વયે હાલની તણાવયુકત પરિસ્થિતિને ધ્યાને લઈ સુરત જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર છે એવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (મુંબઈનાં ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭ ની પેટા કલમ (૧) (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૨ સુધી (બંને દિવસો સુધ્ધા) કોઈપણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, ધોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા નહીં.

(ગ) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેકવાના કે નાંખવાના યંત્રો શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવ ભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરાવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજી કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહીં બનાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહીં

(છ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બમો પાડવી નહી

INDEX

ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકર કે કામ કરતા કોઇ પણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથિયાર લઇ જવાની જેમની ફરજ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા તેમના અધિકૃત કરેલા કોઇ પોલીસ અધિકારીએ જેની શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જીલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર સુરત વિસ્તાર સિવાય આ જાહેરનામાના કોઇ પણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લેખ થતો જણાશે તો તેવી વ્યકિતઓને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિકકા કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧(સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયેનો

નંબર પલસ/જાહેરનામું/વશી.૨૧૬૬/૨૦૦૨.-તાજેતરમાં અક્ષરધામ સ્વામીનારાયણ મંદિર, ગાંધીનગર મુકામે થયેલ આતંકવાદીઓના હુમલાના સંદર્ભમાં અને ગુજરાત બંધ, ભારત બંધના જાહેર થયેલ એલાન અન્વયે સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતની હકુમત હેઠળના સુરત (રૂરલ) જિલ્લામાં શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂર જણાય છે.

વાસ્તુ હું જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨) માંની કલમ-૩૭ ની પેટા કલમ (૪) થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જીલ્લામાં તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી તા. ૫મી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતા વધુ માણસોની કોઇ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ:-

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૨) તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

(૩) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૨ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિકકા કરી આપ્યા.

જે. બી. વોરા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ હેઠળની જોગવાઇ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/૫-૧/૪૯૫, તારીખ ૨૬-૧૧-૦૧.

જા. ન. વહટ/૦૧/૫-૧/૩૩૪/૨૦૦૨.- ધી વચ્છેસર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. વચ્છેસર, તા., સાવલી, જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાવેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૪૪,૭૫,૭૦૦ મુદલ તથા વ્યાજ રૂા. ૩૪,૮૭,૬૩૬/- બાકી છે.

(૨) મંડળીમાં ૧૪૭ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ ૧૦૬ મુજબ લવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેનાં વેચાણ મંડળી મારફતે કરવા કોઇ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઇ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં રસ નથી.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમિટિ/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૫) મંડળીનો ઓડીટ વર્ગ "ક" છે. મંડળીની આર્થિક પરિસ્થિતી જોતા મંડળીના બંડોળા ધિરાણ ખોટમાં ગયેલા જણાઇ આવેલ છે. તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી

(૬) મંડળીની કામગીરી સ્થગિત હોવાથી હોઇ, આર્થિક નાણાંકીય પરિસ્થિતી નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૭) સભાસદો પાસે લોન રૂા. ૪૮,૬૮,૨૯૧/-મુદલ તથા વ્યાજ બાકી છે.

(૮) મંડળીની બેન્ક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમાની વાંધાઓની દુરસ્તી કરવામાં આવતી નથી.

(૯) મંડળીની વાર્ષિક સામાન્ય સભા મળતી નથી. તથા કર વર્ષે કારોબારીની મીટીંગ બોલાવવામાં આવતી નથી. હાજરપત્રક બનાવવામાં આવતું નથી. જેથી ચૂકતે લોન ભરનારને ફરીથી લોન મળી શકતી નથી.

આમ ઉપરોકત વિગતો જોતાં મંડળી મજબૂરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત હાલમાં જોખમ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃતિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાતુ નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કાર્યક્ષમતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટિને દુર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમિટિને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલી હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે. પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઇ, મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ થયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અર્થે કરતા માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેન્કના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું ડી. જી. ઠક્કાલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી વચ્છેસર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. વચ્છેસર, તા., સાવલી, જી. વડોદરાની વ્યવસ્થાપક કમિટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષની મુદત માટે નીચેની શરતોને આધીન રહી નિમણુંક કરૂં છું.

(૧) મંડળીનો રોજમરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુકરર ખર્ચ રાખેતા મુજબ મંડળીના બંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો આર્થિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૪-૮-૨૦૦૨.

વંચાણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળની જોગવાઇઓ.

INDEX

પાદરા, જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન ૨,૦૦,૦૦૦–૦૦ મુદ્દલ તથા વ્યાજ રૂા. ૫૫૯૫૮/– બાકી છે, જે તમામ મુદતવીતી બાકી છે.

(૨) મંડળીમાં ૨૭ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ–૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના ૯ વ્યવસ્થાપક સભ્યો પૈકી ૨ કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે. તેઓ કમીટીમાં ચાલુ રહી શકે નહી તેમને કમીટીમાંથી દુર કર્યા નથી.

(૪) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફતે કરવા કોઇ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતાં કોઇ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમિટિ/મંત્રી કરજે બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૬) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઈ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ જોખમમાં મુકાયેલ છે.

(૭) સભાસદો પાસે મુદ્દલ રૂા. ૨,૪૨,૮૭૨–૦૦ મુદતવીતી બાકી છે.

(૮) મંડળીની બેન્ક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી મજકુર નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનુ કામકાજ સ્થગિત દશામાં જંખે છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવત્તિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમીટીને દુર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્યવસ્થાપક કમિટિને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે, પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહય રાખવા પાત્ર ન હોઇ મંડળી વહીવટ અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઈ મંડળીને સભ્યોની વહીવટી અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઈ, આ સંજોગોમાં મંડળીને બેન્કના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું ડી. જી. દલાલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૩ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી ચોકારી વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. ચોકારી, તા. પાદરા, જિ. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરૂં છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો આર્થિક પ્રગતિ આલેખ નિયમિત રીતે ઓકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્ય વાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૨૦–૮–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૮૩ હેઠળની જોગવાઇઓ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ધ–૧/૪૭૪, તારીખ ૨૯–૯–૨૦૦૧.

જા. નં. વહટ/૦૧/ધ–૧/૩૪૦/૨૦૦૨.—ધી કડાછલાગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. કડાછલા, તા. પાવીજેતપુર જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૧૪,૭૦,૧૦૦–૦૦ મુદ્દલ તથા વ્યાજ રૂા. ૫૭,૧૦,૫૧/– બાકી છે.

(૨) મંડળીમાં ૧૩૧ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ–૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેનાં વેચાણ મંડળી મારફતે કરવા કોઇ વ્યવસ્થા કરેલ નથી.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/૫-૧/૪૬૭, તારીખ ૨૯-૮-૦૧.

જા. નં. વહટ /૦૧/૫-૧/૩૩૮/૨૦૦૨.— ધી અણીયાદી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. અણીયાદી, તા. પાવી-જેતપુર, જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૮૯,૨૯૨/- મુદ્દલ તથા વ્યાજ રૂા. ૪૫,૫૩૪/- બાકી છે. જે તમામ મુદતવીતી બાકી છે.

(૨) મંડળીમાં ૩૫ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ લવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના ૭ વ્યવસ્થાપક કમીટી સભ્યો પૈકી ૭ કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે, તેઓ કમિટિમાં ચાલુ રહી શકે નહિ તેમને કમીટીમાંથી દુર કર્યા નથી.

(૪) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેનાં વેચાણ મંડળી મારફતે કરવા કોઇ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઈ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમીટી/મંત્રી કરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૬) મંડળીનો ઓડીટ વર્ગ "ક" છે. મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતાં મંડળીના ભંડોળો ધિરાણ ખાતમાં ગયેલા જણાય આવેલ છે તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી.

(૭) મંડળીની કામગીરી સ્થગિત હિસામાં હોઈ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૮) મંડળીની બેન્ક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમાની બાબતોની દુરસ્તી કરવામાં આવતી નથી.

આમ, ઉપરોકત વિગત જોતાં મંડળી મજબૂરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ ક્ષમતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમીટીને દુર કરી તેની જગ્યાએ જે-તે વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્યવસ્થાપક કમીટીને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ, પરંતુ તેઓએ કરેલ રજુઆત માઠ સબબ પાત્ર ન હોઈ, મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહિવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેન્કના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું ડી. જી. ઠક્કાલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી અણીયાદી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. અણીયાદી, તાલુકા પાવી-જેતપુર, જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની, મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરીનો ખર્ચ થયેલા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિનો અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૨૦-૮-૨૦૦૨.

———

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની ભોગવાઇ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/૫-૧/૮૫ તારીખ ૨૫-૨-૨૦૦૨.

જા. નં. વહટ/૦૧/૫-૧/૩૩૯/૨૦૦૨.— ધી ચોકારી વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. ચોકારી, તા.

INDEX

સભાસદો બારોબાર વેચાણ કરતા હોઇ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઈ રસ નથી.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમિટી / મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૫) મંડળીનો ઓડીટ વર્ગ 'ક' છે. મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતા મંડળીના ભંડોળા ધિરાણ બોટમાં ગયેલ જણાઈ આવેલ છે. તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી.

(૬) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઇ, આર્થિક નાણાંકીય પરિસ્થિતી નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

આમ ઉપરોકત વિગેતે જોતા મંડળી મજકુરની નાણાંકોય સ્થિતી કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાતુ નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમા મંડળીમાં વ્યવસ્થાપક કમિટીને દૂર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્યવસ્થાપક કમિટીને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે, પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહય રાખવા પાત્ર ન હોઇ, મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોનાં વહીવટ અને હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેન્કના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી ડી. જી. કલાલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૮૧ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી કડાછલા ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. કડાછલા, તા. પાવી–જેતપુર, જિ. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) મંડળીનો માસીક પ્રગતિ અહેવાલ નિયમિત મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

(૩) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

વડોદરા, તા. ૨૦–૮–૦૨.

———

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની સહકારી કાયદાની કલમ–૮૧ હેઠળની જોગવાઇ.

(૨) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી વડોદરાનો તારીખ : ૪–૨–૦૨ ના પત્ર નં. અપણુ/૦૧/ક-૧/૩/૧૯૩–૦૨.

(૨) અત્રેની કચેરીની તારીખ : ૬–૫–૦૨ ના પત્ર નંબર વહટ/૦૧/ધ–૧/૧૬૨ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૪૪૭/૨૦૦૨.—ધી બહુથા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. બહુથા, તાલુકો સાવલી, જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

જીલ્લા સ્પેશ્યલ ઓડીટર વડોદરાના ખાસ અહેવાલથી મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા જણાવેલ છે. જેથી આ અંગે અત્રેથી સદર મંડળીને વહીવટ હેઠળ લેવા માટે સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ વહીવટદારની નિમણુંકનો હુકમ કરવામાં આવે છે.

(૧) મંડળીએ ૧–૭–૯૯ થી તા. ૩૦–૬–૨૦૦૦ સુધીના ઓડીટ મેમોની દુરસ્તી સમય મર્યાદામાં વાસ્તવિક કરેલ નથી. આમ સહકારી કાયદાના કલમ ૮૫ અને પેટા-નિયમ ૪૪ (૨૩) નો ભંગ કરેલ છે

(૨) મંડળીનું સભાસદ રજીસ્ટ્રાર છેવટ સુધીનું તૈયાર કરવામાં આવેલ નથી. મંડળીના સભાસદોના વારસદારોની નિમણુંક કરેલ નથી. આમ પેટા નિયમની કલમ ૨૧નો ભંગ કરેલ છે.

(૩) સંસ્થામાં સહકારી કાયદાની કલમ–૭૭ મુજબ વાર્ષિક સાધારણ સભા અને પેટા નિયમ ૨૩ અને ૨૬ મુજબ મળવામાં આવતી નથી.

(૪) મંડળીના વ્યવસ્થાપક કમિટિના તમામ કારોબારી સભ્યો મુદતવીતી બાકીદાર હોવા છતા વ્યવસ્થાપક કમિટિના

INDEX

હોદ્દા ઉપર ચુંટાયેલ છે. તેમને દુર કરવા કાર્યવાહી કરેલ નથી. આમ પેટા નિયમ–૩૫ (અ) અ(૧)નો ભંગ કરેલ છે.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમિટિ ની મીટીંગ પેટા નિયમ-૩૮ ની જોગવાઈ મુજબ નિયમીત બોલાવવી તેમજ ઠરાવ બુકમાં નોંધ કરવા જણાવેલ હોવા છતાં તપાસણી સમય દરમ્યાન ફકત છ વખત વ્યવસ્થાપક કમિટિની મીટીંગ મળેલ છે આમ પેટા નિયમની કલમ–૩૮ નો ભંગ કરેલ છે.

(૬) મંડળીની સિલકની જવાબદારી નિભાવતા હોદ્દારના જમીન ખત તેમજ સબંધરતા અંગેનો ઠરાવ કરેલ નથી. આમ પેટા નિયમની કલમ ૪૪(૨૨) નો ભંગ કરેલ છે.

(૭) મંડળીએ પોતાની સિલકની હેરફેરની સલામતી માટે સરકારી વિમા કંપનીનો વિમો ઉતરાવી પોલીસી લીધેલ નથી.

(૮) મંડળીએ તા. ૧૬–૯–૨૦૦૦ ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં. ૮ તથા તારીખ ૧૨–૩–૦૧ ના વ્યવસ્થાપક કમિટિના ઠરાવ નં. ૫ થી મંડળીની હાથ ઉપર સિલક રૂા. ૫૦૦૦/– રાખવા ઠરાવેલ હોવા છતાં હાથ ઉપર વધુ સિલક રાખવામાં આવે છે. આમ પેટા નિયમ–૩૭ નો ભંગ કરેલ છે.

(૯) સંસ્થાએ કરેલ રોકાણો અંગે રોકાણ રજીસ્ટર રાખેલ નથી. શિલ્લક ખાળો ભરેલ નથી ડેડ સ્ટોક રજીસ્ટર નવીન તૈયાર કરેલ નથી. તેમજ ડેડ સ્ટોક સામાન ઉપર ઘસારો કાઢવામાં આવતો નથી. સભાસદોને ધિરાણ પાસ બુક આપવામાં આવતી નથી.

(૧૦) વર્ષ આખરે તમામ સભાસદો પાસેથી બાકી નીકળતી અથવા જમા રહેતી રકમોની ખાત્રી કરી કબુલાત પત્રકો મેળવી ફરતરે રાખેલ નથી.

(૧૧) કારોબારીના સભ્ય રાઠોડ ઘનશ્યામભાઈ રાવજીભાઇ ખાતે મુદતવીતી બાકી ધિરાણ રૂા. ૬,૦૦૦/– બાકી પડે છે. જયારે મંડળીમાં અનામતની જરૂરીયાત ઉભી થઇ ત્યારે રાઠોડ ઘનશ્યામભાઇ રાવજીભાઇ પાસેથી અનામત રૂા. ૫૦૦૦ જમા કરાવેલ જે અનામત પાછી ચૂકવેલ છે. ખરેખર અનામત જમા લેવાની તારીખે રોજ-મેળમાં સિલક હોવા છતાં અનામત લીધેલ છે. તેમજ સદર કારોબારી સભ્ય પાસે મુદતવીતી બાકી ધિરાણ રૂા. ૬,૦૦૦/– બોલે છે. તે વસુલાત ન કરતા અનામત પરત કરેલ છે
(પેટા નિયમ ૧૦ (અ), ૩૫ (અ) (૬).

(૧૨) સંસ્થાએ સભાસદોને કરેલ ધિરાણની વસુલાત કરેલ નથી. મંડળીના હાલના પ્રમુખ શ્રી સોલંકી અર્જુનસિંહ પુલા મહિજીના પિતા શ્રી પુલાભાઈ મહીજીભાઇએ મંડળીમાંથી ૧૪ સભાસદોના નામે કુલ રૂા. ૧,૫૩,૨૦૦/- નું ધિરાણ ૧૯૯૭–૯૮ના વર્ષમાં લીધેલ, જેની વસુલાતની મુદત ૧૯૯૮–૯૯ના વર્ષમાં પુરી થઇ ગયેલ છે. તમામ રકમ મુદત વીતી બાકી છે. શ્રી પુલાભાઈ મહીજીભાઈ સોલંકી મંડળીના માજી પ્રમુખ હતા તેવો ગુજરી જતા મંડળીના બાકી લેહણા માટે તેઓના પુત્રો અને હાલના પ્રમુખશ્રી સોલંકી અર્જુનસિંહ પુલાભાઈ મુદતવીતી બાકીદાર પ્રમુખના હોદ્દા ઉપર રહી શકે નહિ તેઓશ્રીને દુર કરેલ નથી તેમજ તેમની સામે કાયદાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.

આમ સંસ્થાએ પેટા નિયમ તેમજ સહકારી કાયદા કાનુનની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને વ્યવસ્થાપક કમિટિએ મનસ્વી રીતે તેમજ મીન જવાબદારી રીતે વહીવટ કરી મંડળીને આર્થિક નુકશાન પહોંચાડેલ છે. ઉપરોકત વિગતે મંડળીમાં વહીવટદારની નિમણુંક કરતાં પહેલા મંડળીના કમીટી સભ્યોને રૂબરૂમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. સંસ્થા તરફથી રજુઆત થયેલ નથી.

ઉપરોકત સંજોગોમાં સદર સંસ્થામાં ચાલુ વ્યવસ્થાપક કમિટિના સભ્યોને બરતરફ કરી કલમ ૮૧ હેઠળ ૧ વર્ષ માટે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., વડોદરાની વહીવટ સંભાળે તારીખથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી બહુથા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. બહુથા, તા. સાવલી, જી. વડોદરાની ચાલુ વર્ષની વ્યવસ્થાપક કમિટિના સભ્યોને બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., વડોદરાની વહીવટદાર તરીકે નિમણુંક કરવામાં આવે છે. તેઓએ નીચે જણાવેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે, અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના હીતમાં કામગીરી કરવાની રહેશે.

INDEX

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયમિત નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૩-૯-૨૦૦૨.

નં. નધણ / ગ-૨ / ઉ-૧૨૧૭૧ / ૪૪૯ / ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી પવનસુત મજુર કામદાર સ. મં. લી., મયાદિત સ્થળ જરાદ, તાલુકો વાઘોડિયા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૮ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૬-૮-૨૦૦૨.

નં. નધણ / ગ-૨ / સે : ૩૩૭૧૮ / ૪૫૦ / ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી ગુલાબ ચાટાકા કો. ઓપ. હા. સર્વિસ સો., લી., મયાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામા આવી છે.

વડોદરા, તા. ૧૭-૮-૨૦૦૨.

વિચારણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ હેઠળની જોગવાઇ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક/વહટ/૦૧/ધ-૧/૪૪૦, તારીખ ૮-૮-૨૦૦૨.

જ. નં. વહટ/૦૧/ધ-૧/૩૩૫/૨૦૦૨.— ધી મોલેથા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. મોલેથા, તા. શિનોર, જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી " મંડળી " તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૪૨,૩૫,૨૦૦/- તથા વ્યાજ બાકી છે. જે પૈકી મુદ્દલ રૂા. ૩૩,૧૬,૦૦૦-૦૦ મુદતવીતી બાકી છે.

(૨) મંડળીના પંચ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે

(૩) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફતે કરવા કોઇ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઇ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમીટી / મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૫) મંડળીનો ઓડીટ વર્ગ " બ " છે. મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતા મંડળીના ભંડોળો ધિરાણ ખાતમાં જણાઇ આવેલ છે. તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી.

(૬) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઇ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૭) સભાસદો પાસે મુદ્દલ રૂ. ૪૭,૬૯,૫૫૦/- જે પૈકી રૂા. ૬૮,૪૮,૦૫૦/-મુદતવીતી બાકી છે.

(૮) મંડળીની બેન્ક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમોનાં ખામીઓની દુરસ્તી કરવામ આવતી નથી.

આમ ઉપરોક્ત વિગતો જોતા મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃતિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીનાં વ્યવસ્થાપક કમિટને દૂર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમિટિને ઉક્ત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે. પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહય રાખવાપાત્ર ન હોઇ, મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેન્કના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું. ડી. જી. દલાલ. જીલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી મોલેથા વિવિધ કાર્યકારી મંડળી લી., મુ. મોલેથા, તા. શિનોર, જી. વડોદરા ની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

INDEX

(૧) મંડળીનો રોજમરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમીત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા; તા. ૧૮-૯-૨૦૦૨.

— — —

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળનો જોગવાઇ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ધ-૧/૪૪૨, તારીખ ૪-૬-૨૦૦૧.

નં. વહટ/૦૧/ધ-૧/૩૩૬/૨૦૦૨.—ધી લીલોડ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. લીલોડ, તા. કરજણ, જિ. વડોદરા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૫.૩૫ લાખ મુદ્દલ તથા વ્યાજ રૂા. ૧૧.૬૫ લાખ બાકી છે. જે તમામ મુદતવીતી બાકી છે.

(૨) મંડળીમાં ૨૫ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના ૭ વ્યવસ્થાપક કમિટિ સભ્યો પૈકી ૩ કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે. તેઓ કમીટીમાં ચાલુ રહી શકે નહી તેમને કમીટીમાંથી દુર કર્યા નથી.

(૫) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફતે કરવા કોઈ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઈ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૬) મંડળીની વ્યવસ્થાપક કમીટી/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૭) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઇ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૮) સભાસદો પાસે મુદ્દલ રૂા. ૫.૫૪ લાખ તથા વ્યાજ મુદતવીતી બાકી છે.

(૯) મંડળીની બેન્ક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી તેમજ મંડળી ચાલી શકે તેવી કોઈ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટિને દુર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમીટીને ઉકત મુદ્દાઓ સબબ કારણ-દર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે, પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહય રાખવા પાત્ર ન હોઇ, મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઈ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેન્કમાં વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી લીલોડ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. લીલોડ, તા. કરજણ, જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટી બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે "વાઘોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરા" ની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજમરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

INDEX

(૩) મંડળીની માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે, તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૮–૯-૨૦૦૨.

ડી. જી.. દવાલ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, વડોદરા.

સે. ક્રમાંક ઉખસ / નધણુ/દ્યમ/ખ-૨/૪૪૭/સે.૩૩૫૯૬/૦૨.— જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી ચરાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ચરાડા, મર્યાદિત સ્થળ ચરાડા, તાલુકો સંતરામપુર, જીલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧૪–૮–૨૦૦૨.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના હુકમ નં. અપણુ/ખ-૧/૨૬૨/૦૨, તા. ૨૯–૪–૦૨.

(૨) આસી. જનરલ મેનેજરશ્રી, ધી પંચમહાલ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., ગોધરાના પત્રાંક પંચ/પ્રો/કયો/૩૪૦૧/૦૨, તા. ૧૨–૭–૦૨/તા. ૧૬–૮–૦૨.

પ્રસ્તાવના

જા. નં. અપણુ/ખ-૧/૫૧૧/૨૦૦૨.—ધી તોરણા દુધ ઉત્પાદક સ. મં. લી., મુ. તોરણા, પો. મહેલોલ, તા. ગોધરા, જી. પંચમહાલ તે ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી દુધ મંડળી છે. જેનો નોંધણી નં. ૨૨૧૪૦, તા. ૨૨–૧૨–૮૬ છે.

મંડળીને આમુખ–૧માં જણાવેલ હુકમમાં જણાવ્યા મુજબની વિગતે કરટોડીયન તરીકે ધી પંચમહાલ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., ગોધરા તરીકેની નિમણુંક કરવામાં આવેલ હતી. જે મુજબ સદર મંડળીના કરટોડીયન તરીકે શ્રી કે. એસ. પ્રજાપતિ ડેરી સુપરવાઈઝરશ્રીની નિમણુંક કરવામાં આવતાં તા. ૭–૫–૦૨ થી ચાર્જ સંભાળવામાં આવેલ હતો.

ધી પંચમહાલ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., ગોધરાના પત્રાંક પંચ/પ્રો કયો/૩૪૪૧/૦૨, તા. ૧૨–૭–૦૨માં જણાવ્યા મુજબ સદર મંડળીને કરટોડીયન હેઠળ, તા. ૧૪–૬–૦૨ના રોજ ખાસ સાધારણ સભા મેળવેલ હતી અને તે પછી તા. ૧૨–૭–૦૨ના રોજ વ્યવસ્થાપક કમીટીની બેઠક મેળવી કારોબારી સભ્યોની વરણી કરેલ છે. તેમજ બેંકમાં લેવડ–દેવડ માટે પણ ઠરાવ કરેલ છે. તેમજ ચાર્જની પણ લેવડ–દેવડ કરી દેવામાં આવેલ છે. તેમ જણાવેલ છે.

આમ ઉપર જણાવ્યા મુજબની વિગતે ધી તોરણા, પો. મહેલોલ, તા. ગોધરાને કરટોડીયન હેઠળની મુદત તા. ૧૨–૭–૦૨ના રોજથી સમાપ્ત થયેલ જાહેર કરવા માટે નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું નીચે સહી કરનાર શ્રી જી. એસ. ત્રિવેદી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા, તે મને મળેલ સત્તાની રૂએ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતોને ધ્યાનમાં રાખીને ધી તોરણા દુધ ઉત્પાદક સ. મં. લી., મુ. તોરણા, પો. મહેલોલ, તા. ગોધરા, જી. પંચમહાલને કરટોડીયન હેઠળની મુદત તા. ૧૨–૭–૦૨ના રોજથી સમાપ્ત થયેલ, પુર્ણ થયેલ જાહેર કરું છું.

ગોધરા, તા. ૩૦–૮–૨૦૦૨.

જી. એસ. ત્રિવેદી,
જીલ્લા રજીસ્ટ્રાર. સહકારી
મંડળીઓ, ગોધરા.

વાંચ્યો :—

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ/૧૭૫/ખ–૧/૭૪૧/૨૦૦૨, તા. ૧–૭–૨૦૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) ની જોગવાઇ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ફડચ/૧૭૫/ખ–૧/૧૧૩૮/૨૦૦૨.—ધી બોધડવા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી., મુ. બોધડવા, પો. કુકીયા, તાલુકો ઘાનપુર, જીલ્લો દાહોદ, નોંધણી ક્રમાંક સે. ૨૯૨૫૬, તા. ૩૧–૧૨–૯૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭(ક)(૨)(૪) અન્વયે આમુખ–૧ માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઇ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી જરૂર રજુઆત કરવા માટે પણ આમુખ–૧થી જણાવવામાં આવેલ હતું. છતાં મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ–૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો

INDEX

અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારીશ્રી (ગ્રાહક) લગત સદર કચેરીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

દાહોદ, તા. ૧૨-૮-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ના કલમ-૮૧ હેઠળની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં નં. જીએચ. કેએચ./એમ-૭/૧૯૯/સાંડીઇ/૧૦૯૭/૧૫૩-જે/તા. ૧૬-૧-૧૯૯૮.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : સવન/૦૧/ખ-૧/૩૫૯/૦૧/તા. ૫-૧૧-૨૦૦૧.

(૪) વહીવટદારશ્રીનો પત્ર નં. સકક/૦૧/ક/૧૦૩૨/૨૦૦૨/તા. ૧૪-૮-૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/ખ/૧૨૮૧/૨૦૦૨.— અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સવન/૦૧/ખ-૧/૩૫૯/૦૧, તા. ૫-૧૧-૨૦૦૧થી છાયણ ગ્રુપ જંગલ મજુર કામદાર સહકારી મંડળી લી. લીમડી, તા. ઝાલોદ, જિ. દાહોદમાં સહકારી કાયદાનાં કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે શ્રી એ. એસ. વરીયા, સહકારી અધિકારી ગ્રેડ-૧નો હુકમ કરવામાં આવેલ હતો. આમુખ (૩) થી પરંતુ આમુખ (૪) માં જણાવ્યા પ્રમાણે તેઓશ્રીની ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ (દુધ) વડોદરા તરીકે બઢતી થતાં તેઓશ્રીને અત્રેની કચેરીએથી તા. ૧૯-૮-૦૨ ના રોજથી છુટા કરવામાં આવેલ છે જેથી તેમની જગ્યાએ અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ગ્રેડ-૨ તરીકેની ફરજ બજાવતા કર્મચારી શ્રી એસ. પી. નીનામાનો નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જે. એસ. ડામોર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દાહોદ મને મળેલ સત્તાની રૂએ ધી છાયણ ગ્રુપ જંગલ મજુર કામદાર સહકારી મંડળી લી., તા. ઝાલોદ, જિલ્લા દાહોદમાં આમુખ (૩) થી જે હુકમ કરવામાં આવેલ હતો જેને તા. ૧૯-૮-૨૦૦૨ના રોજથી કેન્સલ કરી તેમની જગ્યાએ તા. ૨૦-૮-૨૦૦૨ના રોજની અસરથી વહીવટદાર તરીકે શ્રી એસ. પી. નીનામા, સહકારી અધિકારી ગ્રેડ-૨ સદર કચેરીને નિમણુંક અગાઉનાં આ કચેરીના હુકમ ક્રમાંક : સવન/૦૧/ખ-૧/૩૫૯/૦૧/તા. ૫-૧૧-૨૦૦૧માં જણાવેલ શરતોને આધિન કરૂં છું.

દાહોદ, તારીખ ૨૯-૮-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૭૪-ડી હેઠળની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં નં. જીએચ.કેએચ / એમ-૭ / ૧૯૯/સીડીઇ/૧૦૯૭/૧૫૩-જે/તા. ૧૭-૧-૧૯૯૮.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સવન/૦૧/ખ-૧/૫૯૧/૦૨/તા. ૧૩-૫-૨૦૦૨.

(૪) કસ્ટોડીયનશ્રીનો પત્ર નં. સકક/૦૧/ક/૧૦૩૧/૨૦૦૨/તા ૧૪-૮-૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/ખ/૧૨૮૨/૨૦૦૨.— અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સકક/૦૧/ખ/૫૯૧/૨૦૦૨, તા. ૧૩-૫-૨૦૦૨ થી ધી પંકજ કો. ઓપ. હા. સોસાયટી લી., દાહોદ, તા. દાહોદ, જિ. દાહોદમાં સહકારી કાયદાની કલમ-૭૪ ડી. હેઠળ કસ્ટોડીયન તરીકે શ્રી એ. એસ. વરીયા, સહકારી અધિકારી ગ્રેડ-૧નો હુકમ કરવામાં આવેલ હતો. આમુખ-(૩)થી પરંતુ આમુખ (૪)માં જણાવ્યા પ્રમાણે તેઓશ્રીની ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ (દુધ) વડોદરા તરીકે બઢતી થતાં તેઓશ્રીને અત્રેની કચેરીએથી તા. ૧૯-૮-૨૦૦૨ના રોજ થી છુટા કરવામાં આવેલ છે જેથી તેમના જગ્યાએ અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીશ્રી, તરીકેની ફરજ બજાવતા કર્મચારી શ્રી આર. એન. પલાસ નો નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

હુ જે. એસ. ડામોર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દાહોદ, મને મળેલી સત્તાની રૂએ ધી પંકજ કો. ઓપ. હા. સોસાયટી લી., દાહોદ, તા. દાહોદ, જિ. દાહોદમાં આમુખ-૩ થી જે હુકમ કરવામાં આવેલ હતો જેને તા. ૧૯-૮-૨૦૦૨ના રોજથી કેન્સલ કરી તેમની જગ્યાએ તા. ૨૦-૮-૨૦૦૨ના રોજની અસરથી કસ્ટોડીયન તરીકે શ્રી આર. એન. પલાસ, મદદનીશ સહકારી અધિકારી સદર કચેરીને નિમણુંક અગાઉના આ કચેરીના હુકમ ક્રમાંક સવન/૦૧/ખ/૫૯૧/૨૦૦૨, તા. ૧૩-૫-૨૦૦૨ માં જણાવેલ શરતોને આધિન કરૂં છું.

દાહોદ, તા. ૨૯-૮-૨૦૦૨.

જે. એસ. ડામોર,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, દાહોદ.

INDEX

નં. નધણુ / ૦૧ / ક / ૫૩૩ / સે. દુ. ૩૩૫૨૦ /૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ધી કૃષ્ણપુરા કંપા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કૃષ્ણપુરા કંપા, તાલુકો મોડાસા, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૩૧–૭–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક / ૨૪૯૧ / ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦–૩–૯૧.

(૨ ફડચા અધિકારીશ્રી, ધી જાદર ગ્રુપ તેલીબીયા ઉત્પાદક સ. મ. લી., (ફડચામાં) જાદર, તાલુકો ઈડર ના તારીખ ૨૩-૭-૨૦૦૨ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ / ફ /૧૧૮૫૦/૦૧/ગ/૨૭૦૬/૨૦૦૨.— ધી જાદર ગ્રુપ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. જાદર, તા. ઈડર, જીલ્લો સાબરકાંઠા, કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે. તે.–૨૩૬૪૦, તા. ૩૧–૧૨–૮૮થી નોંધાયેલ સહકારી સંસ્થા છે, જેને આ કચેરીના તા. ૨૪–૧૧–૧૯૯૯ના હુકમથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ–૨માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૨૦ અન્વયે હું જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફ્તર વિગેરે દિન–૧૫માં આ કચેરીને સોંપી દેવાનુ રહેશે.

હિંમતનગર, તા. ૨–૮–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચીવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ૨૪૯૧/ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦–૩–૯૧.

(૨) ફડચા અધકારીશ્રી, ધી કાસવાડા ગ્રુપ તેલીબીયા ઉ. સ. મં. (ફડચામાં) કાસવાડા, તા. માલપુર, ના તા. ૨૩–૭–૦૨ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક : ફડચ/ફ/૧૨૨૪૬/૦૧/ગ/૨૭૦૭/૦૨.—ધી કાસવાડા ગ્રુપ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ કાસવાડા, તા. માલપુર, જીલ્લો સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે. નો ૧૦૨૭૪, તા. ૭–૧૨–૯૨ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના (તા. ૬–૨–૦૧ ના હુકમથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામા આવેલ જેના સંદર્ભ–૨ નાં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતીમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૨૦ અન્વયે હું. જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફ્તર વિગેરે દિન–૧૫ માં આ કચેરીને સોંપી દેવાનુ રહેશે.

હિંમતનગર, તા. ૨–૮–૨૦૦૨.

નં. નધણુ / ૦૧ / ક / ૫૩૫ / ઉ. ૧૨૧૩૨ /૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ધી જય અંબે મજુર કામદાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ બાયડ, તાલુકો બાયડ, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર તા. ૫–૮–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: જી. એચ. કે. એચ./૨૪–૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/તા. ૩૦–૩–૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) આ કચેરીના તા. ૮–૧૨–૨૦૦૦ ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/૨૨૨૬/૨૦૦૦.

INDEX

(૪) અત્રેની કચેરીના તા. ૧૨–૭–૨૦૦૨ના ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૪૭૩/૨૦૦૨.

આલોચના

જા. નં. ફડચ/ફ/ગ/૧૨૮૭૮/૦૧/ગ/૨૭૪૬/૨૦૦૨.— ધી ડોભાડા ગ્રુપ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, તા. ઈડર, જિ. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સે. નં. ૧૦૨૯૨, તા. ૨૬–૩–૯૨ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૩૧–૩–૨૦૦૦ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૬૦૦/૨૦૦૦ થી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૨૪–૪–૨૦૦૦ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉકત બાબતે રજુઆત કરવા સારૂ તા. ૧૧–૭–૨૦૦૦ ના રોજની મુદત આપેલ હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઈ રજુઆત થયેલ નથી. ફરીથી ઉકત બાબતે રજુઆત કરવા સારૂ તા. ૩૦–૧૧–૨૦૦૦ના રોજ મુદત આપેલ હતી જે મુદતે હોદ્દેદારો તરફથી મંડળીને ફડચામાં લઇ જવાની સંમતિ આપેલ હતી. જેથી આમુખ–૩માં વંચાણે લીધેલ અત્રેના તા. ૮–૧૨–૨૦૦૦ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ. તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ અને ફરીથી રજુઆત માટે તા. ૬–૧–૨૦૦૧ના રોજ રજુઆત સારૂ મુદત આપેલ પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આપેલ નથી. આમુખ-૪થી ઉકત બાબતે રજુઆત કરવા સારૂ છેલ્લી તા. ૨૫–૭–૦૨ના રોજની મુદત આપેલ હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત થયેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી. તથા મંડળીને ફડચામાં લઇ જવા સંમતિ આપેલ હોઇ મંડળીને ફડચ માં લઇ જવાના વચગાળાના આદેશને કાયમી કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જીલ્લો સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી ડોભાડા ગ્રુપ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ ડોભાડા, (લક્ષ્મણપુરા કંપા), તાલુકો ઇડર, જીલ્લો સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો આમુખ–૩ માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતાં ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીને ત્રણ વર્ષમાં ફડચાની કામગારી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૫–૯–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪, તા. ૩૦–૩–૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૨૮–૩–૨૦૦૧ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૫૮/૨૦૦૧.

(૪) આ કચેરીના તા. ૨૫–૭–૨૦૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૫૫૬/૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૨૮૭૯/૦૧/ગ/૨૭૭૭/૨૦૦૨.— ધી જગમેર ગ્રુપ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. જગમેર, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સે. નં. ૨૩૬૪૩, તા. ૩૧–૧૨–૮૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧–૭–૯૭ થી તા. ૩૦–૬–૨૦૦૦ સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ સ્ટેટ ઓડીટર સ. મં. ઇડર દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૧૫–૨–૦૧ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૪૭/૨૦૦૧ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૨–૩–૦૧ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી. પરંતુ મંડળીના હોદ્દેદારોએ તા. ૧૯–૩–૦૧ ના રોજ હાજર રહી મંડળીના વર્ષો સારા આવતા વેપાર ધંધો કરશે તેવી રજુઆત કરી ફડચામાં ન લઇ જવાની રજુઆત કરેલ હતી. જે ગ્રાહ્ય ન રાખી આમુખ–૩ માં વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૮–૩–૦૧ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૫૮/૨૦૦૧ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરેલ અને રજુઆત માટે તા. ૩૦–૪–૦૧ ના રોજ મુદત આપેલ હતી. પરંતુ મંડળીના તા. ૨૬–

INDEX

૪–૦૧ ના પત્રથી સદરહું તારીખે હાજર રહી શકાય તેમ નથી જેથી નવા મુદ્દત ની રજુઆત કરેલ હતી. જેથી ફરીથી મંડળીને તા ૨૧–૫–૦૨ તા. ૫–૮–૦૨ ની મુદ્દત આપવામાં આવેલ જે મુદ્દતે મંડળીના હોદ્દેદારોએ હાજર રહ્યા તેમની રજુઆત મુજબ મંડળીની સમવાયી સંસ્થા સ્થગિત છે. તથા તેલીબીયાં પાકની ઉપજ નથી. જેથી મંડળી સ્થગિત છે. સમવાયી સંસ્થા કાર્યાન્વિત કરવા તથા તેમા રોકાયેલ શેરનાં નાણાં પરત આપવાની વિનંતી કરેલ છે. તથા મંડળીને ફડચામા ન લઇ જવાની રજુઆત કરેલ છે. મંડળીની સમવાયી સસ્થા ફડચા માં હોઇ તથા આ મંડળી લાંબા સમયથી સ્થાગત હોઇ, તેમની આ રજુઆત ગ્રાહય રાખવા પાત્ર નથી. જેથી આ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર જીલ્લો સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓ ના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી જગમેર ગ્રુપ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. જગમેર, તા. ઇડર, જી. સાબરકાંઠાને ફડચામાં લઇ જવાના આમુખ-૩માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતાં ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરું છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૨–૮–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકારી અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ / ૨૪–૯૧ / ડીડીજી / ૧૧૮૮/ ૫૨૦૪, તા. ૩૦–૩–૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તારીખ ૨૦–૧૧–૨૦૦૦ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૦૭૨/૨૦૦૦.

આલોચના

જા. નં. ફડચ/ફ/૧૨૮૮૦/૦૧ / ગ / ૨૭૭૮ / ૨૦૦૨.— ધી નાની માંયડી પિયત સહકારી મંડળી લી., મુ. નાની માંયડી, તા. મેઘરજ, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : એમ– ૨૪૩૦, તા. ૧૧–૮–૮૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧–૭–૯૩ થી તા. ૩૦–૬–૯૫ સુધીના સમયગાળાનું વૈદ્યાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ–૨, સ. મંડળી મોડાસા દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી ઉદ્દેશ મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામા લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીથી તા. ૫–૮–૯૯ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૧૭૧/૯૯ થી મંડળીને ફડચામા કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૨૭–૮–૯૯ના રોજ રજુઆત કરવા મુદ્દત આપેલ હતી. પરંતુ નિયત મુદ્દતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત / મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉકત બાબતે રજુઆત કરવા સારૂં તારીખ ૧–૧૧–૯૯ ના રોજની મુદ્દત આપેલ હતી. જે મુદ્દતે મંડળીના કાર્યવાહકોએ હાજર રહી એ મુજબમાં કરેલ કામગીરીનો અહેવાલ રજુ કરવા લેખિતમાં ખાત્રી આપી હતી. જે કામગીરીનો અહેવાલ રજુ કરવામાં નિષ્ફળ જતાં ફરીથી તા. ૧૫–૫–૨૦૦૦ ના રોજ તથા ૩–૧૦–૨૦૦૦ ના રોજ ઉકત બાબતે રજુઆત કરવા મુદ્દત આપેલ હતી. પરંતુ સદર મુદ્દતોએ મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમુખ–૩માં વંચાણે લીધેલ અત્રેના તા. ૨૦–૧૧–૨૦૦૦ ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ, તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત / મૌખિક રજુઆત કરવા જણાવેલ અને ફરીથી રજુઆત માટે તા. ૧૨–૧૨–૨૦૦૦ ના રોજ રજુઆત કરવા સારૂં મુદ્દત આપેલ. પરંતુ આપેલ મુદ્દતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. અને ફરીથી તા. ૫–૮–૦૨ ના રોજ રજુઆત સારૂં મુદ્દત આપેલ. પરંતુ આપેલ મુદ્દતે હાજર રહેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જીલ્લો સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી નાની માંયડી પિયત સહકારી મંડળી લી., મુ. નાની માંયડી, તા. મેઘરજ, જી. સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો આમુખ–૩માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરું છું હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી

INDEX

પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૨-૮-૨૦૦૨.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જી, તા. ૩૦/૩/૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૨૦-૬-૨૦૦૨ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૦૮૫/૨૦૦૨.

પ્રસ્તાવના

ક્રમાંક : ૯/ફડચ /ફ/ ૧૩૫૯૯/ ૦૧/ગ/૨૮૦૮/૨૦૦૨.- ધી ઓરોલ સેવા સહકારી મંડળી લિ., તા. બાયડ, જી, સાંબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સે. ૨૬૦૧૭, તા. ૧૪-૧૦-૫૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીની આર્થિક પરિસ્થિતિ અને કામગીરીમાં પ્રગતિ થવાને બદલે દિન પ્રતિદિન મંડળીની સ્થિતિ કથળતી જતી હોવાથી અને મંડળીના સંચાલકશ્રીઓને મંડળી ચલાવવામાં કોઈ રસ ન જણાતાં ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગર ખ્વારા મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૧૭-૪-૦૨ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૯૭૬/૦૨ થી મંડળી ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૬-૫-૦૨ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો ખ્વારા લેખિત / મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉક્ત બાબતે રજુઆત કરવા સારૂં તા. ૨૩-૫-૦૨ ના રોજની મુદત આપેલ હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત થયેલ નથી. જેથી આમુખ-૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૨૦-૬-૦૨ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત / મૌખિક રજુઆત કરવા જણાવેલ. અને ફરીથી રજુઆત માટે તા. ૧૮-૭-૦૨ના રોજ રજુઆત સારૂ મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી ઓરોલ ગ્રુપ સેવા સહકારી મંડળી લિ., મુ. ઓરોલ, તા. બાયડ, જિ. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ-૩ માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., હિંમતનગરની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીશ્રીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી બેંકમાં જમા કરાવવાની રહેશે

હિંમતનગર, તા. ૧૯-૮-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪/૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તારીખ ૩૦-૩-૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૨૦-૬-૦૨ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૦૮૬/૨૦૦૨.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ફ/૧૩૫૯૭/૦૧/ગ/૨૮૦૯/૨૦૦૨.-ધી ગાયત્રી પિયત સહકારી મંડળી લિ., મુ. ડોભાડા, તા. વડાલી, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : ઉ. ૪૦૦૩, તા. ૧૬-૩-૯૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીનું તા. ૧-૪-૨૦૦૦ થી ૩૧-૩-૨૦૦૧ સુધીના સમયગાળાનું ત્રૈધાનિક ઓડીટ, સબ ઓડીટર, સ. મં. ઇડર ખ્વારા હાથ ધરવામાં આવેલ હતુ. ઓડીટ દરમ્યાન મંડળીએ પેટા કાયદા ના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરી નથી. જેથી તેમણે ફડચામાં લઈ જવાની દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૬૫-૧-૦૨ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૪૩/૦૨ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૨૮-૧-૦૨ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો ખ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉક્ત બાબતે

INDEX

રજુઆત થતાં ફરીથી ઉક્ત બાબતે રજુઆત કરવા સારૂ તા. ૨૫–૨–૦૨ ના રોજની મુદત આપેલી હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત થયેલ નથી. જેથી આમુખ-૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૨૦–૬–૦૨ ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત / મૌખિક રજુઆત કરવા જણાવેલ અને ફરીથી રજુઆત માટે તારીખ ૧૮-૭-૦૨ ના રોજ મુદત આપેલ પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જીલ્લો સાબરકાંઠાની પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી ગાયત્રી પંચવત સહકારી મંડળી લિ., મુ. ડોભાંડા, તા. વડાલી, જી. સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો આમુખ–૩ માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું, અને સદર કાયદાની કલમ–૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સહકારી અધિકારી (ફડચો, લગત આ કચેરીની નિમણુંક કરૂ છું. હુકમ થયાની તારીખથી ત્રણ વર્ષમાં ફડચા અધિકારીશ્રિએ ફડચાના કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૯–૮–૨૦૦૨.

વંચાણે લીધા :–

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીઆઇ/૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦–૩–૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૨૦–૬–૨૦૦૨ ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાક ફડચ/૦૧/ગ/૨૦૮૧/૨૦૦૨.

પ્રસ્તાવના

ક્ર. નં. ફડચ/ફ/૧૩૫૯૮/૦૧/ગ/૨૮૧૦/૨૦૦૨.—ધી વરતોલ ગ્રૂપ સેવા સહકારી મંડળી લી., તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સે. ૨૦૭૩૫, તા. ૩૧–૩–૫૪થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીનું તા. ૧–૬–૦૧ થી ૩૧–૩–૨૦૦૨, સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨ સ. મં., ખેડબ્રહ્મા દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરી નથી તથા છેલ્લા ૧૨ વર્ષથી ધીરાણ પ્રવૃતિ સ્થગિત છે. તથા મંડળી આર્થિક રીતે પણ અર્થક્ષમ બનતી હોઇ મંડળીને ફડચામાં લઇ જવાની દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૧૫–૧–૦૨ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૪૨/૨૦૦૨ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તારીખ ૨૮-૧-૦૨ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત કરવા સારૂ તા. ૨૫–૨–૦૨ ના રોજની મુદત આપેલ હતી, પરંતુ હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત થયેલ નથી. જેથી આમુખ-૩માં વંચાણે લીધેલ અત્રેના તા. ૨૦–૬–૨૦૦૨ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ. તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમા લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ. અને ફરીથી રજુઆત માટે તા. ૧૮–૭–૨૦૦૨ ના રોજ રજુઆત સારૂ મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાને, પ્રસ્તાવનામા જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી વરતોલ ગ્રૂપ સેવા સહકારી મંડળી લી., મુ. વરતોલ, તાલુકો ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો આમુખ–૩ માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ – ૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીશ્રીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી બેંકમા જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૯–૮–૨૦૦૨.

જે. જે. શાહ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
હિંમતનગર, જી. સાબરકાંઠા.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૯૦/ઝ/૬૪૧/૨૦૦૨.—આથી જાહેર કરે છે ગંગામૈયા-ફ્લેટ્સ કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સુરત કતારગામ, મર્યાદિત સ્થળ કતારગામ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૫–૮–૨૦૦૨.

ક્રમાંક ઉખસ/નધણુ/સા-૩૭૯૫/ઝ/૬૩૯/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ગોલ્ડન પાર્ક કો-ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., અડાજણ સુરત મર્યાદિત સ્થળ અડાજણ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૫–૮–૨૦૦૨.

વાંચ્યો : સહકારી અધિકારી, ફડચા–૧ સુરતના તા. ૨૯–૭–૦૨ ના જા. નં. ફડચ/૦૧/ખ/૯૨થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૦ (ક) ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક સરમ/૦૧/ખ/૧૨૬૬/૨૦૦૨.- શ્રી ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. પંડવાઇ, તા. હાંસોટ, જિલ્લો ભરૂચમાં આમુખ-૧મા વંચાણે લીધેલ આ કચેરીના તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૦૧ ના હુકમથી હાલના નિયામક મંડળની મુદત તારીખ ૫મી મે, ૨૦૦૨ સુધી લંબાવી આપવામાં આવેલ છે. આમુખ-૨ના આ કચેરીના તારીખ ૯મી મે, ૨૦૦૨ના હુકમથી હાલના નિયામક મંડળની મુદત તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધી અગર નવા નિયામક મંડળની ચુંટણી થાય અને નવું નિયામક મંડળ હવાલો સંભાળે તે બે પૈકી જે વહેલું થાય એટલા સમય સુધી લંબાવી આપવામાં આવેલ છે.

સદર સંસ્થાની વ્યવસ્થાપક સમીતિની ચુંટણી કાર્યવાહી નાયબ કલેકટરશ્રી, અંકલેશ્વર દ્વારા શરૂ કરવામાં આવેલ. દરમિયાનમાં કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૨૦૦૨ ની અધિસુચના મુજબ નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચુંટણી રાજયની અશાંત પરિસ્થિતિને કારણે તારીખ ૩૦મી જુન, ૨૦૦૨ સુધી મુલત્વી રાખવામાં આવેલ છે. તે પછી નાયબ કલેકટરશ્રી, અંકલેશ્વરે હાથ ધરેલ ચુંટણી પ્રક્રિયામાં મતદાર યાદી અંગે વિવાદ ઉપસ્થિત થતાં ચુંટણી અધિકારી અને નાયબ કલેકટરશ્રી, અંકલેશ્વરે કામચલાઉ મતદાર યાદી તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૨ના હુકમથી રદ કરી નવેસરથી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૨ અંતિમ વર્ષની મતદાર યાદી તૈયાર કરવા હુકમ કરેલ છે. આમ, મતદાર યાદી અંગે વિવાદ ઉપસ્થિત થવાને કારણે ચુંટણી કાર્યવાહી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધીમાં પુર્ણ થઈ શકેલ નથી. આ સંજોગોમાં હાલના નિયામક મંડળની મુદત તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૩ સુધી લંબાવવી જરૂરી જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું બી. આર. કટારા, ખાંડ નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૦ (ક) (૧) ની જોગવાઇ હેઠળ મને મળેલ અધિકારની રૂએ શ્રી ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. પંડવાઇ, તા. હાંસોટ, જિલ્લો-ભરૂચના હાલના નિયામક મંડળની મુદત તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી અથવા નવા નિયામક મંડળની ચુંટણી થાય અને નવું નિયામક મંડળ હવાલો સંભાળે તે બે પૈકી જે વહેલું થાય એટલા સમય માટે લંબાવી આપું છું.

ગાંધીનગર, તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૨.

બી. આર. કટારા,
ખાંડ નિયામક, ગુ. રા.
ગાંધીનગર.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) એકસ મુજબ.

નં. ડી/એમએજી/૧/નવરાત્રી/૨૦૦૨/વશી./૩૮ ૩૨૯ થી ૮૯.- આગામી નવરાત્રિની ઉજવણી તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૦૨ સુધી થનાર છે. આ પવિત્ર તહેવારની ઉજવણી સમૃધ્ધ ભારતીય પરંપરાને અનુરૂપ હર્ષ ઉલ્લાસ પુર્ણ વાતાવરણમાં જાહેર પ્રજાને કોઇ પણ પ્રકારે અડચણ રૂપ થયા વગર થાય તે અતિ આવશ્યક છે.

દર વર્ષે નવરાત્રિના તહેવારો દરમ્યાન મોડી રાત્રે લાઉડ સ્પીકરના ઉપયોગથી થતી તકલીફોને ધ્યાનમાં લઇ જાહેર જનતાના વિવિધ વર્ગો દ્વારા સ્પીકરનો ઉપયોગ નિયંત્રીત કરવા બાબતે રજુઆતો મળે છે. અને વર્તમાન પત્રોમાં પણ આ બાબતે ઘણા સમાચારો પ્રસિધ્ધ થાય છે. આ અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા રાત્રિના ૧૦-૩૦ કલાક સુધીજ અવાજ ફેલાવતા સાધનોનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. વધુમાં આ બાબતે ગૃહ વિભાગ દ્વારા સઘન વિચારણાને અંતે તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. જે અનુસાર સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ તેમજ પોલીસ કમિશનરશ્રીઓએ સ્થાનિક કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તેમના વિસ્તારમાં નવરાત્રિના તહેવારો દરમ્યાન વધુમાં વધુ રાત્રિના ૧-૩૦ વાગ્યા સુધી ધીમા અવાજે લાઉડ સ્પીકર વગાડવા માટે પરવાનગી આપવી. અને કોઇપણ સંજોગોમાં રાત્રિના ૧-૩૦ વાગ્યા પછી અવાજ ફેલાવતા સાધનો દ્વારા રાસ-ગરબા ચાલુ ન રહે તેની તકેદારી રાખવા સુચના આપવામાં આવેલ છે.

વાસ્તે હું, કમલ દયાની, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૧૯૫૧ ના ૨૨ માં)ની કલમ-૩૩ (૧)(આર)(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જીલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં તારીખ તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૨ થી ૧૫મી ઓકટોબર, ૨૦૦૨ (નવરાત્રિના આરંભથી અંત સુધી) યોજાનાર નવરાત્રિ ઉત્સવમાં રાત્રિના ૧-૩૦ કલાક પછી ધ્વનિવર્ધક યંત્રો દ્વારા રાસ-ગરબા ચાલુ રાખવા ઉપર સંપુર્ણ પ્રતિબંધ ફરમાવું છું. (રાત્રિના ૧-૩૦ વાગ્યા સુધીના રાસ ગરબાના આયોજન માટે ધ્વનિવર્ધક યંત્ર વગાડવા માટે/અન્ય આનુષાંગિક વ્યવસ્થા માટે લેવાની થતી કાયદેસરની પરવાનગી પ્રવર્તમાન ધારા ધોરણ મુજબ ઇલાયદા રીતે સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવી લેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરવા બદલ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માહે ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ઘ)(ક) મુજબ.

નંબર ડી/એમએજી/૧/નવરાત્રી/૨૦૦૨/વશી./૩૮૩૯૦ થી ૪૫૫.-આગામી નવરાત્રીની ઉજવણી તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૨ થી તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી થનાર છે. આ પવિત્ર તહેવારની ઉજવણી સમૃધ્ધ ભારતીય પરંપરાને અનુરુપ હર્ષ ઉલ્લાસ પૂર્ણ, શ્રધ્ધાપૂર્ણ અને સદભાવનાપૂર્ણ વાતાવતણમાં જાહેર પ્રજાને કોઈપણ પ્રકારે અડચણપરૂપ થયા વગર થાય તે અતિ આવશ્યક છે.

નવરાત્રિ પર્વ સમૃધ્ધ ભારતીય પરંપરાને અનુરુપ હર્ષ ઉલ્લાસ પૂર્ણ રીતે ઉજવવાનો તહેવાર છે. આ તહેવારની ઉજવણીમાં સમાજના તમામ વર્ગો તથા નાના બાળકોથી માંડી મોટી ઉંમરની સ્ત્રી પુરૂષો ભાગ લે છે. આ ઉત્સવની ઉજવણી દરમ્યાન ઉજવણીના જાહેર સ્થળે પાન મસાલા/બીડી/સીગારેટ/ગુટકા કે જેના સેવનથી જાહેર આરોગ્યને નુકશાન તથા બાળકોના માનસ પર મોટી અસર પડવાનો પુરેપુરો સંભવ છે. જાહેર હિત તથા જાહેર સુખાકારી માટે આવી જાહેરાતો પર પ્રતિબંધ મુકવો અતિ આવશ્યક છે.

વાસ્તે હું, શ્રી કમલ દયાની, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૧૯૫૧ના ૨૨ માં) ની કલમ-૩૩ (૧) (ઘ) (ક) મુજબ મને મળેલ સતાની રુએ બનાસકાંઠા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૨ થી તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૨ (નવરાત્રિ આરંભથી અંત) સુધી યોજાનારા નવરાત્રિ ઉત્સવમાં ઉજવણી દરમ્યાન ઉજવણીના જાહેર સ્થળે પાન, મસાલા, બીડી, સીગારેટ, ગુટકાની જાહેરાતો કરવા અને મુકવા પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરવા બદલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કમલ દયાની,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૨૯૨/૨૦૦૨.- ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી તથા ઝઘડીયા નોટીફાઈડ એરીયામા જીઆઈડીસી આવેલ છે. આ જીઆઈડીસીમાં આવેલ કેટલીક કંપનીઓ દ્વારા રાત્રીના સમયે ટેન્કરો દ્વારા રસાયણીક કચરો વિવિધ સ્થળે ગેરકાયદેસર રીતે ખાલી કરવામાં આવે છે તે મતલબની વ્યાપક રૂપમાં લોકો દ્વારા તથા ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશન મારફતે પણ ફરિયાદો મળેલ છે. આ ગેરકાયદેસરની રાત્રીના સમયે રસાયણી કચરાના ટેન્કરોની હેરાફેરીથી લોકોની જાન તથા સ્વાસ્થ્યની સામે

INDEX

ભય ઉભો થયેલ છે. અને ક્યારેક મોટી હોનારત થવા પણ દહેશત રહેલ છે. જેથી રાત્રીના સમયે અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા જીઆઈડીસીના વિવિધ કંપનીઓમાંથી રસાયણીક ક્ચરો ટેન્કર, ટ્રેક્ટરો બંધ બોડીના વાહનો, ડમ્પરો, ખાલી કે ભરેલા પીપ અથવા ડ્રમ્સ લઈ જતાં વાહનો દ્વારા વહન કરવા અને ખાલી કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, અંજુ શર્મા, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, હુકમની તારીખથી બે માસ માટે રાત્રીના ૭-૦૦ કલાકથી બીજા દિવસે સવારના ૮-૦૦ કલાક સુધી અંકલેશ્વર, પાનોલી તથા ઝઘડીયા ઔદ્યોગિક સંકુલમાંથી રસાયણીક ભરેલ ખાલી કે અન્ય વસ્તુ ભરેલ ટેન્કરો, ટ્રેકટરો બંધ બોડીના વાહનો, ડમ્પરો, ખાલી કે ભરેલા પીપ અથવા ડ્રમ્સ લઈ જતાં કોઈપણ પ્રકારના વાહનોને હરવા ફરવા પર લાવવા લઈ જવા ઉપર તથા અન્ય કોઈપણ ખાનગી અગર જાહેર સ્થળે ઠાલવવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ આદેશ ફક્ત કોમન એન્ફલ્યુમેન્ટ પ્લાન્ટ (ઔનવોરો, ટેકનોલોજી લી. ના ટેન્કરોને તથા બરબના ટ્રેકટરને લાગુ પડશે નહિ.)

આ હુકમનો ભંગ બદલ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫ માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦ મી સપ્ટેમ્બર ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો :

નંબર ડીસીબી/એમએજી/બીપીએ /૨જી. નં. ૩૬/૨૦૦૨.– મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨ માં) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એલ. ચુઔગોં, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, રાજયની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માંટે નીચે જણાવેલ તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૧૫ મી ઓકટોબર, ૨૦૦૨ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા. તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ કે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગું પડશે નહીં.

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિત.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધું માં વધું એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / ૨જી. નં. ૩૭/૨૦૦૨.– મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ મા) અધિનિયમ કલમ-૩૭ (૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એલ. ચુઔગોં, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, રાજયની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતિ જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, એલ. ચુઔગોં, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૨જી ઓક્ટોબર, ૨૦૦૨, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી અન અધિકૃત રીતે /

INDEX

ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધું માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવાં માંગતા, મંદિર, મસ્જિદ, દેવળ માં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેલવનાર બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ના કલમ-૧૮૮ અનુસાર સજા ને પાત્ર થશે.

આજ રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વલસાડ, તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

એલ. ચુઔગોં,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર-૪૫/૨૦૦૨.– આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તેહું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ, નં. ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૦૨ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાબું અને છેડેથી અણીવાળું પડતુ હોય તેવુ ચપ્પુ ત્રણ ઈંચથી વધારે ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાની કારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા લઈ જવાની એકઠા કરવાની તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિકલાપુર માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે લહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીનેં આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મજિસ્ટ્રેટશ્રી, અધિક મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી બોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતની ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો અપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) મુજબનો :

નંબર ડીસી/પીઓએલ/એમએજી/ એસ.આર-૪૬/૨૦૦૨.- આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા

INDEX

મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રુઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૧મી ઓક્ટોમ્બર, ૨૦૦૨ ના કલાક : ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રુરલ, વિઠ્ઠલાપુર માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી અને કરી સિક્કો આપ્યો.

શ્રીમતી યુ. ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી./૭૨૧.-ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩)થી મને મળેલ અધિકારની રૂએ હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી સદરહું વિસ્તારમાં તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૨ના રોજ સવારના ૬-૦૦ કલાકથી તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૨નાં રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા)ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર "

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. ૧૮/૨૦૦૨.-મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, તારીખ ૨જી ઓક્ટોબર, ૨૦૦૨ ના રોજ ગાંધી જયંતિ તથા ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૨ ના રોજ આવતા દશેરાના તથા તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૨ થી તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૨ દરમ્યાન નવરાત્રીના તહેવાર તેમજ કાયદો વ્યવસ્થાની પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતી તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છે કે, તારીખ ૨જી ઓક્ટોબર, ૨૦૦૨ થી તારીખ ૧૫મી ઓક્ટોબર ૨૦૦૨ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

INDEX

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવ ભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનુ હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તવી વ્યક્તિ.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરુલા/વશી/૨૦૮૦/૨૦૦૨.-ડેપ્યુટી કમાન્ડન્ટ સી. આઈ. એસ. એફ. યુનિટ કે. જી. પી. પી. કવાસનાએ ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૦૨ થી ૩જી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી શેરુલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી ખાતર હું, એમ. એન. ગઢવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરુલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૦૨ થી ૩જી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ રાખેલ હોય, સદરહુ વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર, ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુની ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૦૨ થી ૩જી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરુલા/વશી/૧૯૭૭/૨૦૦૨.-સેનાપતી રાજય અનામત પોલીસ દળ, જુથ-૧૦ હસ્તકનું ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૨ થી ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી શેરુલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી ખાતર હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરુલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૨ થી તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ રાખેલ હોય, સદરહુ વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર, ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુની ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૨ થી તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જે. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

INDEX

અધિક કલેકટર (સં) દ્વારા

જાહેરનામું

નંબર એમઈડી/કોલેરા/વશી./૨૧૫૫/૨૦૦૨.-વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના અભોર ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેના આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના પત્રાંક આરોગ્ય/ઈપીસી/કોલેરા/જાહેરનામું/૧૩૭૨/૦૨, તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૦૨ થી અત્રે નિવેદન કરેલ છે.

૨. કોલેરા રેગ્યુલેશન એક્ટ, તારીખ ૨૬મી મે, ૧૯૫૬ ના મુંબઈ સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ભાગ-૪ માં પ્રસિદ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ મોજે : અભોર ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

૩. મામલતદારશ્રી, પાદરાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે. તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબના તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૦૨.

આર જે. માકડિયા,
અધિક કલેકટર, (સં)
વડોદરા.

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૪-૭૮નો એકટ-૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર પીઓએલ/પ્રતિબંધ/વશી/૩૪૮ થી ૩૭૧/૨૦૦૨.-સિદ્ધપુર ઐતિહાસિક સ્થળ રૂદ્રમહાલય આવેલ છે. તેની બાજુમાં એક મસ્જીદ આવેલ છે. જે જુમ્મા મસ્જીદ તરીકે ઓળખાય છે. અને તે મીલકતો ભારત સરકારના પુરાતત્વખાતા રક્ષિત ઈમારત તરીકે જાહેર કરાયેલ છે. અને તે ઈમારતોનો ઉપયોગ સારૂ હિન્દુ તથા મુસલમાનોની કોમો વચ્ચે સિદ્ધપુરમાં ઘણી ભારે તંગ પરિસ્થિતિ પેદા થાય છે અને તે હાલ પ્રવર્તે છે. આ બાબતે ના. ગુજરાત સરકારે અગાઉ પ્રતિબંધ વિસ્તાર તરીકે બહાર પાડેલ છે. જે જાહેરનામાની મુદત પુરી થાય છે. તેથી બંને કોમો તરફથી રૂદ્રમહાલય અને જુમ્મા મસ્જીદમાં પાક કરવા અને નમાજ પઢવા જાય તેમ માનવાને કારણ છે. હાઈકોર્ટમાં કેસો ચાલે છે. તેનો નિકાલ હવે આવેલ નથી. બંને કોમો વચ્ચે ફરીથી તંગદીલી ઉભી થવા સંભવ છે. જેથી જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવાનું ઈષ્ટ જણાય છે. અને તેમ થતું તાત્કાલિક અટકાવવા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે.

તેથી હું, આર. બી. ચૌધરી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, સિદ્ધપુર, મને મળેલ ખાસ સત્તાની રૂએ આથી હું ફરમાવું છું કે, નીચે અનુસંધાનમાં જણાવેલ મીલકતોમાં તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૨ના રોજથી ૬૦ દિવસ સુધી સદર મીલકતોમાં અગર તેની અંદર આવેલ કોઈપણ સ્થળે કોઈપણ રીતે ઉપયોગ કરવો નહીં. તેનો પ્રબંધ ફરમાવું છું.

મિલકતોના વિસ્તારની ચર્તુ:સીમા

પુર્વ દિશા : ઘર નં. ૧/૧૦/૮૪ ની પછીત નદીમાં જવાનો રસ્તો તથા ઘર નં. ૧/૧૦/૮૫ નો કરો.

પશ્ચિમ દિશા : રૂદ્રમહાલય તથા મસ્જીદની હદથી રસ્તો દેસાઈના મહાડ તરફ જવાનો તથા ત્યાંથી વહોરવાડ તરફ જવાનો રસ્તો મુકી ઘર નં. ૧/૧૦/૪૩, ૧/૧૦/૪૪, તથા ૧/૧૦/૪૫ ની પછીત તથા બારણું.

ઉત્તર દિશા : રૂદ્રમહાલય તથા મહોલ્લામાં ઘર નં. ૧/૧૦/૭૨ થી ૧/૧૦/૭૬ ના મકાનની પછીત તથા પશુવાદળની પોળ તરફ જવાનો રસ્તો જે દેસાઈના માઢ તરફ જાય છે. તેની બીજી બાજુએ ઘર નં. ૧/૧૧/૯૫ થી ૧/૧૧/૧૦૦ ના મકાનોનો આગળનો ભાગ.

દક્ષિણ દિશા : જુની વહોરવાડ તથા દેસાઈના માઢ તરફ જવાનો રસ્તો ઓળંગી ઘર નં. ૧/૫/૫ તથા ૧/૫/૬ નો આગળનો ભાગ તથા બારણા તથા ત્યારબાદ રસ્તો મુકીને ઘર નં. ૧/૧૦/૪૭ ના મકાનનો કરાનો ભાગ.

સદરહુ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે. આ ગુનો કોગ્નીઝેબલ બીન જામીનલાયક ગુનો છે. આ હુકમ જિલ્લા મેજી. પાટણ, જિલ્લા પોલીસ વડા શ્રી પાટણ એકઝીકયુટીવ શ્રી સિદ્ધપુર અથવા આ અર્થે તેમને અધિકૃત કરેલા અધિકારીઓ પાસેથી પરમીટ ધરાવનાર વ્યકિતઓને લાગુ પડશે નહીં. અગર ફરજ ઉપર હાજર રહેનારી પુરાતત્વ ખાતાના તથા રાજય સરકારના અધિકારીઓ તથા નોકરોને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૨૬મી સપ્ટેબર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

આર બી. ચૌધરી,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સિદ્ધપુર.

INDEX

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંધણ / ૪૭૬૨ / ક-૨/૧૨૬ ધ-૧૯૯૯૮/ ૨૦૦૨.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી એવુ બંગલોજ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો, સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨-૮-૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નંધણ/૪૭૬૮/ક-૨/૨૬૮/ધ. ૨૦૦૦૧/ ૨૦૦૨.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નીહિદ્ધ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો, સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨-૮-૨૦૦૨

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૮-૪-૦૨ ના પત્ર ક્રમાંક અપણ/૦૧/ ૫-૪/૬૬૬ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૨૬-૪-૦૨ ના પત્ર ક્રમાંક ફડચ/ ૦૧/ધ-૨/૩૭૯/૨૦૦૨ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૬-૬-૦૨ ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૬૫/ધ. ૨/૪૬૧, સને ૨૦૦૨ નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ચેરમેનશ્રી, પાયલપાર્ક કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદના તારીખ વગરના અત્રે તા. ૧૪-૮-૦૨ ના રોજ મળેલ પત્રથી મળેલ રજુઆત.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્ર. નં. ફડચ/ફ. ૧૧૫૬૫/ધ-૨/૭૨૯/૬૬૩૧/૨૦૦૨.— ધી પાયલપાર્ક કો.-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. ધ ૧૧૬૩૧, તા. ૨૫-૨-૧૯૮૯ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકીથી તા. ૩૧-૩-૦૧ સુધીનું શ્રી જી. એલ. વ્યાસ, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (શહેર) ન. જ. અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીનુ નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની ગેરહાજરી ઉપલબ્ધ થઇ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફ્તર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ, સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટી તરફે હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર રહેલ નહીં કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નહીં. જે સંજોગો તથા ઓડીટરશ્રીના અહેવાલ આધીન સંદર્ભ - ૩ થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી દિન - ૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાં સોસાયટીને જણાવવામાં આવેલ. જે અંગે સંદર્ભ - ૪ અન્વયે સોસાયટી દ્વારા થયેલ રજુઆતની વિગતો જોતાં મજકુર સોસાયટીને ધી ગુજરાત સ્ટેટ કો - ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદ દ્વારા ફાળવાયેલ લોનની વસુલાત મેળવવાની બાકીમા છે. સોસાયટી બંધાવેલ જણાય છે. સભ્યો વસવાટ ધરાવે છે જે સંજોગો ધ્યાને લેતા મજકુર સોસાયટીને આટોપી લેવાનું અંતિમ કક્ષાનું પગલું લેવું આ તબકકે અનુચિત જણાતું હોઇ સોસાયટીનું બાકી ઓડીટ વેળાસર પૂર્ણ કરાવવાની સુચના સહ સંદર્ભ-૩ થી કરવામાં આવેલ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ રદ કરવા બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ – ૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ થી પાયલપાર્ક કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી ક્રમાંક નંબર ધ–૧૨૬૭૧, તારીખ ૨૫–૨–૧૯૮૯ ને, આ કચેરીનો તારીખ ૩–૬–૨૦૦૨ ના ક્રમાંક ફડચ / ફ. ૧૧૫૬૫/ધ–૨/૪૬૧/સને ૨૦૦૨ થી ફડચામાં લઇ જવાનો કરવામાં આવેલ વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તા. ૨૮–૮–૨૦૦૨.

રૂબરૂ હાજર :—

(૧) આ કચેરીના તા. ૨૫–૬–૨૦૦૨ના હુકમ ક્રમાંક ફડચ/ફ/૧૧૫૬૦/ધ–૨ / ૫૨૩ / સને ૨૦૦૨ નો ફડચ નો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૨) શ્રીમત આ કચેરીના તા. ૧૬–૮–૨૦૦૨ના ક્રમાંક ફડચ / ફ–૨/૧૨૭ / ૦૨ના પત્રથી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ,

હુકમ

જા. નં. ફડચ / ફ. ૧૧૫૬૦/ધ. ૨/૭૩૩/સને ૨૦૦૨.— ધી નિર્મલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી ક્રમાંક ધ–૧૨૫૬૯ તા. ૩૦–૩–૧૯૮૮થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૨૫–૬–૨૦૦૨ના જા. નં. ફડચ/ફ–૧૧૫૬૦/ધ–૨/૫૨૩ /સને ૨૦૦૨ના હુકમથી ફડચામા લઈ જવામાં આવેલ હતી. સદ્ર્ભ–૧થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનેયમ–૧૯૬૧ની કલમ–૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ–૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩૦–૮–૨૦૦૨.

રૂબરૂ લીધા :—

(૧) જિલ્લા રપેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૮–૪–૦૨નો પત્ર ક્રમાંક. અપ્રમ/૦૧/ગ–૪/૭૯૬ સને ૨૦૦૨, થી આવેલ ખાસ અહેવાલ

(૨) આ કચેરીના તા. ૨૬–૪–૨૦૦૨ ના પત્ર ક્રમાંક. ફડચ/૦૧/ધ.૨/૩૭૬,/૨૦૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૩–૬–૦૨ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૬૬/ધ. ૨/૪૫૩/સને. ૨૦૦૨ નો વચગાળાને ફડચાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૬૬/ધ- ૨/૭૪૭/સને. ૨૦૦૨.– ધી જય યોગેશ્વર કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ ને સહકારી કાયદા હેઠળ નોંધાયેલ ગૃહમંડળી છે. જેની નોંધણી નંબર. ધ. ૭૪૭૬, તા. ૨૬–૬–૧૯૭૯ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારો એ સોસાયટીના નોંધાયેલ પેટા નિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનુ દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકીથી તા. ૩૧–૩–૨૦૦૧ સુધીનું શ્રી જી. એન. વ્યાસ, એ.ડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ (શહેર) ન. જ. અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહીં, આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબ્જામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઈ શકવાથી આ મંડળીનુ બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ – ૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ! તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનુ કવર પોસ્ટ ખાતા દ્વારા "એન. કે." ના શેરા સાથ અત્રે પરત મળેલ છે તથા સોસાયટી તરફે હોદ્દેદારો/સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી. જે ધ્યાને લઇ સંદર્ભ–૩ થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી તે સામે

INDEX

દિન–૩૦માં રજુઆત કરવાનો સોસાયટીને તક આપવામાં આવેલ પણ સોસાયટીને મજકુર હુકમની મોકલવામા આવેલ નકલનું કવર પોસ્ટ ખાતા દ્વારા "નોટ નોણ" ના શેરાથી અત્રે પરત કરેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ–સરનામાંની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ના કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી જય યોગેશ્વર કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ નોંધણી નંબર ધ–૭૪૫૯, તા. ૨૬–૬–૧૯૭૯ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો –૨) લાયત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. ફડચાની કાર્યવાહી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

ઉપરોકત સોસાયટીના ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ફડચાની કાર્યવાહી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગતો નિયમિત અત્રેથી લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તા. ૩–૯–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૮–૪–૦૨ નો પત્ર ક્રમાંક અપણ/૦૧/ ગ–૪/ ૭૬૬ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીનો તા. ૨૯–૪–૦૨ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ ધ–૨/૩૭૮/૨૦૦૨ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૩–૬–૦૨ ના જા. નં. ફડચ/ક. ૧૨૫૬૪/ ધ–૨/૮૫૦/સને ૨૦૦૨ નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ ફ. ૧૨૫૬૪ /ધ–૨/૧૪૮ સને. ૨૦૦૨.— ધી પી એન્ડ ટી ઓડીટ એમ્પ્લો. કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ધીરાણ મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૧૧૧૬, તા. ૧૭–૩–૧૯૮૬ છે મજકુર મંડળીનો વહીવટ, હિસાબ, કામકાજ કાર્યનીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે, તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડિટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકીથી તા. ૩૧–૩–૨૦૦૧ સુધીનુ ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ (પ્રમાણિત) શહેર અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહિં કે તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નહીં, આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબ્જામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સે.સાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ ૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨ થી સોસાટીને ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણ–દર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટી તરફે હોદ્દેદારો/ સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી જે ધ્યાને લઇ સંદર્ભ–૩ થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી તે હુકમ સામે દિન–૩૦ માં રજુઆત કરવાની સોસાયટીને તક આપવામાં આવેલ જે મુદ્દતે વાજબી અને પુરતો સમય પસાર થવા છતાં સોસાયટી તરફથી હજુ સુધી કોઇ રજુઆત મળવામાં નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. મોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ

INDEX

ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી પી એન્ડ ટી ઓડીટ એમ્પ્લો. કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ નોંધણી નંબર ૨૬૧૧૬, તા. ૧૭-૩-૧૯૮૨ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરેલ છે અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર પરીખ, સહકારી અધિકારી (ગ્રેડ-૨) સંગત આ કચેરીની નિમણુંક કરવામા આવે છે. ફડચાનાં કાર્યવાહી સમય મર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

ઉપરોકત સોસાયટીના ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ફડચાની કાર્યવાહી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરી ની વિગતો નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તા. ૩-૯-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૯-૫-૦૨ નો પત્ર ક્રમાંક અપણ/૦૧/ગ-૪/૧૦૫૩/૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૪-૬-૦૨ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ. ૨/૪૭૦/૦૨ નો કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૨૫-૬-૦૨ ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૭૧/ઘ. ૨/૧૨૫, ને ૨૦૦૨ નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૭૧/ઘ. ૨/૭૪૯/૨૦૦૨.—ધી લક્ષ્મીનારાયણ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મજુર મંડળી છે. જેનો નોંધણી નંબર ઉ. ૭૧૫૯, તા. ૩-૩-૧૯૭૮ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી, વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તા. ૧-૪-૨૦૦૦ થી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીનું શ્રી એચ. એન. જોધાણી, છઠ્ઠા વર્ગના ઓડીટર (ગ્રાહક) સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઈ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઈ શકવાથી તથા દફતર કોના કબ્જામાં છે. તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ સંદર્ભ-૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા મુનાસીબ નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર પોસ્ટ ખાતા દ્વારા " લેફ્ટ " ના શેરા સાથે અત્રે પરત મળેલ છે જે ધ્યાને લઇ મજકુર સોસાયટીને સંદર્ભ-૩ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી તે સામે રજુઆત કરવાની થતી હોય તો દિન-૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવા જણાવવામાં આવેલ જે હુકમની નકલ સોસાયટીને બજી ગયેલ છે. મજકુર હુકમને વાજબી અને પુરતો સમય પસાર થવા છતાં સોસાયટી તરફથી કોઇ રજુઆત મળવામાં નથી,

આ સંજોગો અને ઓડીટ દ્વારા સંદર્ભ-૧થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના હોદ્દેદારો અને સભાસદોને મંડળી ચાલુ રાખવામાં રસ ન હોવાનું માનવાને વાજબી અને પુરતા કારણો જણાતાં હોઇ મજકુર સોસાયટીમાં ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવા મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને

INDEX

પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ થી લક્ષ્મીનારાયણ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ, નોંધણી નંબર ઈ. ૭૫૯, તા. ૩-૩-૧૯૭૮ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. એચ. ઈ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. ફડચાની કાર્યવાહી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

ઉપરોકત સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે તરવાત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ફડચાની કાર્યવાહી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગતો નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તા. ૩-૯-૨૦૦૨.

વાંચો લીંક :—

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૮-૪-૦૨નો પત્ર ક્રમાંક અપણ/૦૧/૧-૪/૭૨૬ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૨૬-૪-૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૩૭૫/૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) પત્ર કોલીસ તા. ૩-૬-૨૦૦૨ના જા.નં. ફડચ/ફ-૧૧૫૬૩/ધ-૨/૪૬૦/૯૨ને ૨૦૦૨નો વચગાળાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૫૬૩/ધ-૨/૩૫૦ સને ૨૦૦૨.—ધી માનસરોવર ગવર્મેન્ટ સર્વન્ટ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેના નોંધણી નંબર ધ-૪૨૬૫, તા. ૬-૫-૧૯૭૧ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામ-કાજ, કાર્યશૈલી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકીથી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીનું શ્રી જી. એસ. વ્યાસ, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઈ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઈ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઈ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ સંદર્ભ-૨ થી સોસાયટી-ના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર પોસ્ટ ખાતા દ્વારા "એમ. કે." ના શેરા સાથે અત્રે પરત મળેલ છે તથા સોસાયટી તરફે હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી. જે બાબતે સદર મજકુર સોસાયટીને સંદર્ભ-૩ થી ફડચામાં લઈ જવાને વચગાળાનો હુકમ પસાર કરી તે સામે દિન-૩૦માં અમારી સમક્ષ રજુ-આત કરવાની તક આપવા છતાં સોસાયટી તરફથી હજુ સુધી કોઈ રજુઆત મળવામાં નથી. આમ, સોસાયટીના હોદ્દેદારો / સભાસદોને મજકુર મંડળી સહકારી કાયદા-કાનુન અને પેટા-નિયમો મુજબ ચલાવવામાં રસ ન હોવાનું માનવાને કારણ રહે છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના હોદ્દેદારો અને સભાસદોને મંડળી ચાલુ રાખ-વામાં રસ ન હોવાનું માનવાને વ્યાજબી અને પૂરતા કારણો જણાતાં હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહિ હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો નીચેના વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહ-કારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ થી માનસરોવર ગવર્મેન્ટ સર્વન્ટ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ધ-૪૨૬૫, તા. ૬-૫-૧૯૭૧ ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ

INDEX

કચેરીની નિમણુંક કરવામાં આવે છે. ફડચાની કાર્યવાહી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

ઉપરોક્ત સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે નવરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ફડચાની કામગીરીને ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગતો નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તા. ૩-૯-૨૦૦૨.

વંચાણમાં લીધા :

(૧) આ કચેરીના તા. ૨૦-૧૦-૯૭ ના ક્રમાંક. ફડચ/ફ. ૧૧૪૫૪/ધ. ૨/૧૪૦૦નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીના તા. ૨૯-૮-૦૨ના ક્રમાંક. ફડચ/ફ. ૧/૯૩/૨૦૦૨થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના-અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ.૧૧૪૫૪/ધ. ૨/૭૫૧ સને. ૨૦૦૨.— ધી મુકતજીવન આહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે નોંધણી ક્રમાંક ભ. ૪૨૮૩, તા. ૩૧-૧-૯૨ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૨૦-૧૦-૯૭ના જા. નં. ફડચ/ફ. ૧૧૪૫૪/ધ. ૨/૧૪૦૦/૯૭, ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે; સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા ૩-૯-૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૭-૪-૦૨નો પત્રક્રમાંક અપણ/૦૧/ગ-૪/૮૩૭/૨૦૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૨-૫-૦૨ના પત્ર ક્રમાંક/ફડચ/૦૧/ધ-૨/૩૮૬/સને ૨૦૦૨ની કારણદર્શક નોટીસ

(૩) આ કચેરીનો તા. ૨૫-૬-૦૨ નો જા. નં. ફડચ/ફ. ૧૧૫૨૮/ધ-૨/૫૨૨/સને ૨૦૦૨ નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૬૮/ધ-૨/૭૫૨/૨૦૦૨.— ધી વાલ્મીક કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેની નોંધણી નં. ધ-૧૨૫૯૫, તા. ૧૬-૬-૧૯૮૯ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટાનિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકીથી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીનું શ્રી એમ. જે. મકવાણા, સભ્ય ઓડીટર સહકારી મંડળીઓ (શહેર) પ્રમાણીત, અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પૂર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર પોસ્ટ ખાતા દ્વારા "લેફટ" ના શેરા સાથે અત્રે પરત મળેલ છે તથા સોસાયટી તરફે હોદ્દેદારો/સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત સાથી મોકલવામા આવેલ નથી. જે ધ્યાને લઈ સંદર્ભ-૩થી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી તે સામે દિન ૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ પણ મજકુર હુકમની સોસાયટીને મોકલેલ નકલનું કવર પોસ્ટ ખાતા દ્વારા 'લેફટ' ના શેરા સાથે અત્રે પરત મળેલ છે.

INDEX

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાનમાં લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા નિયમ મુજબ ચાલતો નથી. સોસાયટી ફક્તર અને હોદ્દેદારોને. નામ-સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરતી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સતાની રૂઇએ ધી વાલ્મીક કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ઘ. ૧૨૫૯૫, તા. ૧૬-૩-૧૯૮૯ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. ફડચાની કાર્યવાહી સમય મર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

ઉપરોકત સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ફડચાની કાર્યવાહી નિતિદિત રાખવા માટે કરેલ કામગીરીની વિગતો નિયમિત અત્રે મોકલવાની રહેશે.

અમદાવાદ, તા. ૩-૯-૨૦૦૨.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર વિભાગ),
અમદાવાદ.

ક્રમાંક નવચ/૩૨૬૮/ક-૩/૫૬૭ / ઉ.૧૨૦૭૨ / ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ત્રાસદગામ પછાત વર્ગ મજુર કામ. સહકારી મંડળી લી., મર્યાદિત રણ ત્રાસદ, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૯-૬-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ધમ્પ/૨૭૭/ડીડીસી/૧૬૬૮/૧૮૪૬૬/બી, તારીખ ૨૭-૫-૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક : ખસમ/૨/ક/૩૬૬૫, તા. ૮-૬-૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/ તા.

(૬) અત્રેની કચેરીના તા. ૧૩-૧૨-૦૧ના પત્રો

(૭) મંડળીની તા. ૨૭-૧૨-૦૧ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૧૨૭૬/૨૦૦૨. —ધી મારોલી હરિજન કો. ઓ. હાઉસીંગ સોસા. લી., મુ. મારોલી, તા. દસક્રોઇ, જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : બી-૧૧૭૩, તા. ૨૮-૫-૫૪ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક : (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ / ૦૧ / ગ-૩ / તા. થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઈ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઈ વાંધો - વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ-૬ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો - વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મ. (ગ્રામ્ય) અમદાવાદ મને મળેલ સત્તાની રૂઇએ ધી મારોલી હરીજન કો. ઓપ. હાઉ. સો. લી. મુ. મારોલી, તા. દસક્રોઇ, જીલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : બી-૧૧૭૩ તા. ૨૮-૫-૫૪થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ

INDEX

ઉપરોક્ત વાંચણે લીધા ક્રમાંક : (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું.

અમદાવાદ, તા. ૨-૭-૨૦૦૨.

ક્રમાંક નધણ / ૩૩૨૨/ક-૩/૬૧૮/સે-૩૩૨૦૬/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી અંબિકા ક્રેડીટ એન્ડ સપ્લાય સ. મં. લી., મર્યાદિત સ્થળ કલીકુંડ, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૮-૭-૨૦૦૨.

ક્રમાંક નધણ / ૩૩૨૩/ક-૩/૬૨૨/ધ-૨૦૨૯૦/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી અલ્કા કો. ઓપ. હાઉ. સોસા. લી., મર્યાદીત સ્થળ પેથાપુર, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૯-૭-૨૦૦૨.

ક્રમાંક નધણ / ૩૩૨૪/ક-૩/ધ-૨૦૨૯૧/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે રાજશ્રી (થલતેજ) કો. ઓપ. હાઉ. સો. લી., મર્યાદિત સ્થળ થલતેજ, તાલુકો દસક્રોઇ. જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૧-૭-૨૦૦૨.

ક્રમાંક નધણ / ૩૨૯૭/ક-૩/૬૪૭/સે-૨૮૫૭૭/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ક્રોયેાલિક કો. ઓપ. ક્રેડિટ એલ્ડ સપ્લાય સોસા. લી., મર્યાદિત સ્થળ વિંઝોલ, તાલુકો દસક્રોઇ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૫-૭-૨૦૦૨.

ક્રમાંક નધણ / ૩૩૧૨ /ક-૩/૬૭૮/સે-૨૮૫૭૮/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે રસુલપુરા દુધ ઉત્પા. સહ. મંડળી લી., મર્યાદિત સ્થળ રસુલપુરા, તાલુકો સાણંદ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૦-૭-૨૦૦૨.

ક્રમાંક નધણ / ૩૩૪૩/ક-૩/૬૭૫/સે-૨૮૫૭૫/૨૦૦૨ — આથી જાહેર કરે છે કે ઓમ શિવશક્તિ ક્રેડીટ એન્ડ સપ્લાય કો. ઓપ. સોસા. લી., મર્યાદિત સ્થળ થલતેજ, તાલુકો દસક્રોઇ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૦-૭-૨૦૦૨.

એચ. એન. દવે,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(ગ્રામ્ય), અમદાવાદ.

વાંચણમાં લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સહકારીશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બ, તા. ૨૭-૫-૬૮.

(૩) ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો. ઓપ. બેન્કનો તા. ૪-૩-૯૪નો અહેવાલ.

(૪) અત્રેના તા. ૪-૫-૧૯૯૪નો હુકમ ક્રમાંક સકક/ગ-૨/૧૧૦/૯૪ અન્વયે ધી અ. ડી. કો. ઓ. બેન્ક લી., ની વહીવટદાર તરીકે નિમણુંકનો ઠરાવ.

(૫) અત્રેના તા. ૬-૪-૯૬ ક્રમાંક સકક/ગ-૨/૨૦૪/૯૬થી તા. ૪-૫-૯૭ સુધી વહીવટદારની નિમણુંકનો મુદત વધારો.

(૬) અત્રેના તારીખ ૧૬-૭-૯૭ ક્રમાંક સકક/ગ-૨/૬૪૧/૯૭ થી તા. ૪-૫-૯૮ સુધી વહીવટદારની નિમણુંકનો મુદત વધારો.

(૭) ધી અ. ડી. કો. ઓ. બેન્ક લિ. ની કરટોડીયન તરીકે નિમણુંક સારૂં રજુઆત.

INDEX

(૮) અત્રેના તા. ૧૧–૧૨–૨૦૦૦ ક્રમાંક સકક/ગ.૨/૧૧૭૭/૨૦૦૦થી તા. ૪–૫–૨૦૦૧ સુધી કસ્ટોડીયન તરીકે નિમણુંક નો હુકમ.

(૯) અ. ડ્રી. કો. ઓ. બેન્ક લિ. નાં તા. ૨૩–૭–૦૧થી એક વર્ષ સારૂ કસ્ટોડીયન તરીકે નિમણુંક સારૂં રજુઆત.

(૧૦) અત્રેના તા. ૧૮–૯–૨૦૦૧ ક્રમાંક સકક/ગ-૨/૧૨૫/૦૧ થી તા. ૩–૫–૨૦૦૨ સુધી કસ્ટોડીયન તરીકે નિમણુંક નો હુકમ.

(૧૧) નાયબ રજિસ્ટ્રારશ્રી સ. મં. ગુ રા. ગાંધીનગરના તા. ૧૫–૧–૯૯ના પત્ર તેમજ સાથેલ ઉનાવા ગ્રામ પંચાયતના તા. ૨૭–૮–૯૮ના ઠરાવ નં. ૬ અન્વયે ખેડુત સભાસદ તથા ગામના હિતમાં મંડળીને ફડચામાં લઇ જવા કરેલ ઠરાવ.

(૧૨) વહીવટદારશ્રી ઉનાવા સેવા સ. મં. લિ., નો પ્રગતિ અહેવાલ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/ગ-૩/૧૪૫૩/૨૦૦૨.—ઉપર દર્શાવેલ વંચાણમાં લીધા ક્રમાંક (૩) અન્વયે ના ધ્યાન ઉપર આવેલ તે મુજબ ધી ઉનાવા સેવા મંડળીના નોંધાયેલ પેટા કાયદા અનુસાર સ્થગિત થઈ ગયેલ છે. અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી, તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) ધી અમદાવાદ ડી. કો. ઓ. બેંકના વંચાણમાં લીધા ક્રમાંક (૩) ના અહેવાલ અન્વયે સદરહુ મંડળીના કરજ લેનાર ૪૦૬ સભ્યો પૈકી ૨૦૬ સભ્યો મુદતવીતી બાકીદાર થતાં, એકત્રિત ખોટ રૂા. ૧૩,૪૫,૫૧૭ થતાં, સ્વકીય ભંડોળ કરતાં બેંક લેાનની રકમ વધી જતા તેમજ મંડળીની વ્યવસ્થાપક કમીટી મુદતવીતી બાકીદારો સામે વસુલાત લેવા નિષ્ફળ ગયેલ હોઇ બેંકે બોર્ડમાં ઠરાવ કરી મંડળીની વ્ય. કમીટી દૂર કરવા ભલામણ કરતા અત્રેથી વંચાણમાં લીધા ક્રમાંક (૪) થી વહીવટદાર તરીકે બેંકની નિમણુંક કરવામાં આવેલ ત્યાર બાદ વંચાણમાં લીધા ક્રમાંક (૫) તેમજ (૬) થી અનુક્રમે તા. ૫/૫/૯૭ તેમજ તા. ૪/૫/૯૮ સુધી વહીવટદાર તરીકેની મુદતમાં વધારો કરવામાં આવેલ સદરહુ વહીવટદાર તરીકેની અવધિમાં સભ્યો તરફથી વસુલાત ન થતાં બેંક તરફથી વંચાણમાં લીધાં ક્રમાંક (૭) તેમજ (૯) અન્વયે કસ્ટોડીયન તરીકેની નિમણુંક સારૂં રજુઆત કરતા અત્રેથી વંચાણમાં લીધા ક્રમાંક (૮) તેમજ (૧૦) થી તા. ૩/૫/૨૦૦૨ સુધી બેંકની કસ્ટોડીયન તરીકે નિમણુંક કરવામાં આવેલ. સદરહુ સમયગાળા દરમ્યાન મંડળી તરફથી મુદતવીતી ધિરાણ બાકી વસુલાતના પ્રયત્નો છતાં કોઇ વસુલાત આવેલ ન હતી. આમ ખાસ કોઇ પ્રગતિ થયેલ નથી કે ખોટના પ્રમાણમાં ઘટાડો થયેલ નથી. જે સબબ મંડળીને આટોપી લઇ ફડચામાં લઇ જવાનું યોગ્ય જણાય છે.

(૨) મંડળીમાં પેટા નિયમની કલમ ૭ (૨), ૮ (૧), ૮ (૨) ૨૭, ૪૧ (૨), ૪૪ (૭), ૪૪ (૧૦), ૪૪ (૧૧), ૪૪ (૧૪), ૪૪ (૨૦), ૪૫ (૪), ૪૬ તેમજ ૪૮ નો વારંવાર ભંગ થયેલ છે.

(૩) મંડળીમાં તા. ૨૮/૦૨/૦૨ ના અંતે સરગૈયા અન્વયે રૂા. ૧,૩૪,૬૪,૬૪૫/૬૮ જેટલી એકત્રિત ખોટ છે.

(૪) મંડળીમાં તા. ૨૮/૦૨/૦૨ ના અંતે સરગૈયા અન્વયે રૂા. ૫૦,૮૫,૧૪૫/૦૦ જેટલી મુદતવીતી ધિરાણ બાકી છે. જેની સભ્યો તરફથી કોઈ વસુલાત થયેલ નથી.

(૫) મંડળીમાં તા. ૨૮/૦૨/૦૨ ના સરગૈયા અન્વયે ભંડોળનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયેલ છે.

(૬) વંચાણમાં લીધા ક્રમાંક (૧૧) અન્વયે ઉનાવા ગ્રામ પંચાયતે તા. ૨૭/૮/૯૮ની સભામાં ઠરાવ નં. ૯ થી ખેડૂત સભાસદ તથા ગામના હિતને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઇ જવા ઠરાવેલ છે.

(૭) મંડળી તેના નોંધાયેલ પેટા નિયમો મુજબ મંડળી તરીકે એક અર્થક્ષમ તેમજ કાર્યક્ષમ એકમ તરીકે ટકી શકે તેમ નથી.

ઉપરના કારણો ધ્યાને લેતાં ઉકત મંડળીને સહકારી કાયદાની કલમ–૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું એ. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (ગ્રામ્ય) અમદાવાદ, વંચાણમાં લીધા ક્રમાંક (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ધી ઉનાવા સેવા સહકારી મંડળી, મુ. ઉનાવા, તા. જી. ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક, ૧૫૪૬૨ તા. ૧૦–૩–૫૯ છે તે મંડળીને ગુજરાત રાજ્ય, સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂં છું અને આજ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે મંડળીને આટોપી લેવાન કામગીરી સારૂં ફડચા અધિકારી તરીકે શ્રીએ. બી. કોરડીયા, ફડચા અધિકારી નં. ૧ લગત જિલ્લા રજીસ્ટ્રાર સ, મં. (ગ્રામ્ય) અમદાવાદની નિયુકત કરૂં છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઇ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે, ઉકત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઇપણ ખુલાસો રજુઆત થશે નહીં તો મુદત વીતયેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તા. ૨૭–૭–૨૦૦૨.

INDEX

ક્રમાંક નધણુ / ૩૩૬૨/ક-૩/૬૯૨ / જી-૨૦૬૦/૨૦૦૨ — આથી જાહેર કરે છે કે જયશ્રી ઉમિયા કો. ઓપ. કન્ઝયુમર્સ સોસા. લી., મર્યાદિત સ્થળ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૨-૭-૨૦૦૨.

ક્રમાંક નધણુ / ૩૩૭૮/ક-૩/૭૧૨ / સે ૨૮૫૮૦/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે માધવ ક્રેડીટ એન્ડ સપ્લાય કો. ઓપ. સો. લી., મર્યાદિત સ્થળ વિવેકાનંદનગર, તાલુકો દસ્ક્રોઈ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૬-૭-૨૦૦૨.

ક્રમાંક નધણુ/૩૩૬૩/ક-૩/૭૨૨/ધ-૨૦૯૨/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે શ્રી મુનીકૃપા કો. ઓપ. હાઉસીંગ સો. લી., મર્યાદિત સ્થળ સાણંદ, તાલુકો સાણંદ, જીલ્લો સાણંદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧) નો કલમ ૯-અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૦-૭-૨૦૦૨.

ક્રમાંક નધણુ/૩૩૭૭/ક-૩/૭૨૬ / કે-૧૨૦૭૯/૨૦૦૨.- આથી જાહેર કરે છે કે જયશ્રી ભેલડી મા સફાઇ કામદાર સ. મં. લી., મર્યાદિત સ્થળ આદરોડા, તાલુકો ધાવળા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯-અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૧-૭-૨૦૦૨.

ક્રમાંક નધણુ / ૩૩૩૭/ક-૩/૭૩૯/સા-૩૫૭૩ / ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ધી માણસા તેજના અને તેલી. ઉત્પા. સ. મં. લી., મર્યાદિત સ્થળ માણસા, તાલુકો માણસા, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૫-૮-૨૦૦૨.

એ. બી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ફરજ)
અમદાવાદ

વંચાણમાં લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી ધી દેલાણીયાપરા ફળ, શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., તા. ડીસા, જી. બનાસકાંઠાના તા. ૨૨-૭-૨૦૦૨ના પત્ર ક્રમાંક સઅ/ફડચ/ન/૯૩/૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૪ (૨) અને કલમ ૨૦ (૧) ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૧૨૯૫/ને ૨૦૦૨.—ફડચા હુકમ નંબર ફ-૧૩૬૬૫, તા. ૩૦-૩-૨૦૦૨.—ધી દેલાણીયાપરા ફળ, શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દેલાણીયાપરા, તાલુકો ડીસા, જીલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (પંચાયત) પાલનપુરના તા. ૨૬-૧૨-૯૫ ના નોંધણી ક્રમાંક ૨૭૯૫૬ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. પાલનપુરના તા. ૩૦-૩-૨૦૦૨ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૫૯૫/ફ-૧૩૬૬૫ થી કાયદાની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સ. મં.ઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથો-સાથ આજ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે

પાલનપુર, તા. ૭-૮-૨૦૦૨.

INDEX

વંચાણમાં લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી ધી રાણપુર-વડાવાસ જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., તાલુકા ડીસા, જીલ્લા બનાસકાંઠાના તા. ૧૮-૭-૨૦૦૨ ના પત્ર ક્રમાંક ફ્રચ/ફડચ/૧૫૨/૨૦૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અને કલમ-૨૦ (૧) ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/ ૨૯૬/સને ૨૦૦૨.-ફડચા હુકમ નંબર ફ-૧૨૦૧૯, તા. ૨૭-૯-૨૦૦૦.-ધી રાણપુર-વડાવાસ જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રાણપુર-વડાવાસ, તાલુકો ડીસા, જીલ્લો બનાસકાંઠા, કે જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (પંચાયત) પાલનપુરના તા. ૮-૧-૧૯૯૧ના નોંધણી ક્રમાંક ૨૫૬૦૪ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. પાલનપુરના તા. ૨૭-૯-૨૦૦૦ ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૧૭૦૦/ફ-૧૨૦૧૯ થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચ અધિકારી અને આમુખ-૧ના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઈ, ગુજરાત સ. મં. ઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથે સાથ આજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૭-૮-૨૦૦૨.

સહી અપવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
પાલનપુર.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારીશ્રી (ફડચો), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુરની ધી સેમોદ્રા ગ્રુપ વણકર સહ. મંડળી લી , મુ. સેમોદ્રા, તા. પાલનપુર (ફડચામાં) ની નોંધણી રદ કરવા અંગેની તા. ૧૪-૬-૨૦૦૧ ની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૨૦(૫) તથા ૧૧૪(૧) મુજબ નોંધણી રદ કરવા અંગે.

(૩) આ કચેરીની ફાઈલ ઉપરની તા. ૬-૮-૨૦૦૨ ની નોંધ.

હુકમ

જા. નં. ઉખસ-ફડચ-૦૧-ગ-૧૩૨/૫૯૩૬/૨૦૦૨ —ધી સેમોદ્રા ગ્રુપ વણકર સહ. મંડળી લી., મુ. સેમોદ્રા, તા. પાલનપુર, જી. બનાસકાંઠા (ફડચામાં) જે મદદનીશ નિયામકશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાના નોંધણી ક્રમાંક — ઉ-૨૭૧૮, ૬-૭-૧૯૬૨ થી નોંધવામાં આવેલ છે. અને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક — ઉખસ-ફડચ-૦૧-ગ-૨૩૧-૯૨, તા. ૨૭-૨-૯૨ ના રોજથી આટોપી લેવામાં (ફડચામાં લઇ જવામાં) આવી હતી. અને ફડચાની કામગીરી સબંધમાં આમુખ-૧ માં દર્શાવેલી વિગતેના ફડચા અધિકારીશ્રી પાસેથી આવેલ રિપોર્ટમાં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની ફડચાની મુદત સાત વર્ષ ઉપરની થઇ ગયેલ હોઇ તથા ફડચાની આગળની પ્રક્રિયા/કાર્યવાહી હાથ ધરી શકાય તેમ નથી તેથી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના કાયદાની (ગુજરાત અધિનિયમ) ક્રમાંક-૧૦ સને ૧૯૬૨ની કલમ-૧૧૪ (૧) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ - ૨૦ (૫) અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ મંડળીના નોંધણી નંબર રદ કરતો આદેશ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ નંબર અને તારીખથી સદરહું મંડળીનું વિસર્જન કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૨-૯-૨૦૦૨.

વંચાણે લીધા :

૧. સહકારી અધિકારીશ્રી (ફડચો), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાલનપુરની ધી નવીન હાથ વણાટ કાપડ ઉત્પાદક સહ. મંડળી લી., મુ. કાણોદર, તા. પાલનપુર (ફડચામાં) ની નોંધણી રદ કરવા અંગેની તા. ૩-૮-૦૨ ની દરખાસ્ત

૨. ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૨૦ (૫) તથા ૧૧૪ (૧) મુજબ નોંધણી રદ કરવા અંગે.

૩. આ કચેરી ના ફાઇલ ઉપરની તા. ૬-૮-૦૨ની નોંધ.

હુકમ

જા. નં. ઉખસ-ફડચ-૦૧-ગ-૧૩૩-૫૯૪૨-૨૦૦૨.— ધી નવીન હાથ વણાટ કાપડ ઉત્પાદક સહ. મંડળી લી., મુ. કાણોદર, તા. પાલનપુર, જી. બનાસકાંઠા (ફડચામાં) જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (જીલ્લા પંચાયત), પાલનપુર ના નોંધણી ક્રમાંક : ઉ-૬૦૩૭, તા. ૮-૬-૧૯૮૭ થી નોંધવામાં આવેલ છે. અને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ગ-૬૪૭-૯૮, તા. ૬-૧૦-૧૯૯૮ ના રોજથી આટોપી લેવામાં (ફડચામાં લઇ જવામાં) આવી હતી. અને ફડચાની કામગીરી સબંધમાં આમુખ-૧માં દર્શાવેલી વિગતેના ફડચા અધિકારીશ્રી પાસેથી આવેલ રિપોર્ટમાં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની ફડચાની મુદત એક વર્ષ ઉપરની થઇ ગયેલ હોઈ તથા ફડચાની આગળ પ્રક્રિયા કાર્યવાહી હાથ ધરી શકાય તેમ નથી. તેથી તેની ફડચાની તારીખ કાર્યવાહીઓ સને ૧૯૬૧ના કાયદાની (ગુજરાતઅધિનિયમ)

INDEX

ક્રમાંક ૧૦ સને ૧૯૬૨ ની કલમ-૬૧૪ (૧) અવન્યે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ–૨૦ (૫) અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ મંડળીનો નોંધણી નંબર રદ કરતો આદેશ કરવામા આવે છે.

ઉપરોક્ત હુકમ નંબર અને તારીખથી સદરહું મંડળીનુ વિસર્જન કરવામા આવે છે.

પાલનપુર, તા.. ૨–૯–૨૦૦૨.

(સહી) અધ્યક્ષ
જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
પાલનપુર.

નંબર/નધણુ/૦ /ક-૨/૩૬૦/સે/૩૩૮૩૭/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે કાવેરી દુધ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ સંજાેઢ તાલુકા, ઝઘડીયા, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૩–૮–૨૦૦૨.

નંબર નંધણુ/૦૧/ક-૨/૩૬૬/સે-૩૩૮૩૮/૨૦૦૨.– આથી જાહેર કરે છે કે નોંદરખા મહિલા દુધ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ નોંદરખા, તાલુકો વાગરા, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) નાં કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૩–૮–૨૦૦૨.

નંબર નધણુ/૦૧/ક-૨/૩૭૮/સે/તે/૩૩૮૩૯/૨૦૦૨.–આથી જાહેર કરે છે કે વાગરા તાલુકા કઠોળ અને તેલીબીયા ઉત્પાદકોનાં ખરીદ વેચાણ અને રૂપાંતર કરનારી સ. મં. લી., મર્યાદિત સ્થળ વાગરા, તાલુકો વાગરા, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૭–૮–૨૦૦૨.

નંબર નંધણુ ૦૧/ક-૨/૩૮૪/ઉ-૩૧૯૮૫/૨૦૦૨.– આથી જાહેર કરે છે કે વાલીયા તાલુકા ફળ અને શાકભાજી ઉત્પાદકોની ખ. વે. અને રૂપાંતર કરનારી સ. મં. લી., મર્યાદિત સ્થળ વાલીયા, તાલુકો વાલીયા, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામા આવી છે.

ભરૂચ, તા. ૧૭–૮–૨૦૦૨.

વંચાણે લીધા :–

(૧) આ કાર્યાલયના વચગાળાના આદેશ જા. નં. સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૩/૨૭૮ થી ૨૮૪/૨૦૦૨, તારીખ ૧૬/૫/૨૦૦૨ થી મંડળીને ફડચામાં લઈ જવાનો આદેશ અપાયેલ આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક સેન/ઉખસ/ફડચ/૦૧/ખ-૩/૪૪૪ થી ૪૫૧/૨૦૦૨.— ધી એકસ સર્વીસમેન સર્વીસ કો. ઓ. સો. લી. અંકલેશ્વર મુકામ તાલુકો, જીલ્લા ભરૂચને અત્રેની કચેરીના વ. ચ. જા. નં. સેન/ઉખસ/ફડચ/૦૧/ખ-૩/૨૭૮ થી ૨૮૪, તા. ૧૬–૫–૨૦૦૨ થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો આદેશ આપવામાં આવેલ હતો. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદા ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતા સદર મંડળીને ફડચામાં લઈ જવાનો આ અંતિમ આદેશ હુકમ આપવામાં આવે છે. અને આ અંગે સદર મંડળીના શ્રી સહકારી અધિકારી (ફડચો ૧–૨) ભરૂચ વર્ગ કચેરી શ્રીમતી એ. પી. જાદવ નો નિમણુંક ફડચા અધિકારી તરીકે કરવામાં આવે છે. અને નીમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પુરી કરવાની રહેશે

ભરૂચ, તા. ૨૮–૮–૨૦૦૨.

એચ. આર. પટેલ,
જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ભરૂચ.

નં. ઉખસ/સેદુ-૩૩૯૧૬/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે મહિલા સંચાલિત દેસાઇ ફળિયા ટુકવાડા દુધ ઉત્પાદક સ. મં. લી., (૧) દેસાઇ ફ. ટુકવાડા (૨) વાલિયા ફ. (૩) ધામણિયા ફ. (૪) ભળાવરીમોરા, મર્યાદિત સ્થળ (૫) ભંડારવાડ તાલુકો પારડી, જિ. વલસાડ.

INDEX

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૯–૮–૨૦૦૨.

નં. ઉખસ/સેદુ-૩૩૯૧૭/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે મહિલા સંચાલિત સાબરસીંગી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સાબરસીંગી, તા. ધરમપુર, જિ. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૯–૮–૨૦૦૨.

નં. ઉખસ/સેદુ-૩૩૯૧૮/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે મહિલા સંચાલિત સાદડવેરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સાદડવેરા, તાલુકો ધરમપુર, જિ. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૯–૮–૨૦૦૨.

નં. ઉખસ/સેદુ/૩૩૯૧૯/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે મહિલા સંચાલિત માની ફળિયા સાદડવેરા દુધ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ માની ફળિયા, તાલુકો ધરમપુર, જિ. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૯–૮–૨૦૦૨.

નં. ઉખસ/સેદુ–૩૩૯૨૦/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, મહિલા સંચાલિત અરનાલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અરનાલા, તાલુકો પારડી, જિ. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૮–૮–૨૦૦૨.

નં. ઉખસ/સેદુ–૩૩૯૨૧/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, મહિલા સંચાલિત સરોધી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સરોધી, તાલુકો પારડી, જિ. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૮–૮–૨૦૦૨.

નંબર ઉખસ/સેદુ–૩૩૯૨૨/૨૦૦૨.—આથી જાહેર કરે છે, મહિલા સંચાલિત વાંકા ફળિયા (નાની વહીવાળ) દુધ ઉત્પાદક સ. મં. લી., સ્થળ નાની વહીવાળ, તાલુકો ધરમપુર, જિ. વલસાડની સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ, તા. ૨૮–૮–૨૦૦૨.

નંબર ઉખસ/સેદુ–૩૩૯૨૩/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, મ. સં. વાંઝરી ફળીયા (સોનવાડા) દુધ ઉત્પાદક સ. મં. લી., સ્થળ સોનવાડા, તાલુકો પારડી, જિ. વલસાડની સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાના કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ, તા. ૨૮–૮–૨૦૦૨.

નંબર ઉખસ/સેદુ–૩૩૯૨૪/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, મ. સં. ડુંગરી ફળીયા (નાની વહીવાળ) દુધ ઉત્પાદક સ. મં. લી., સ્થળ નાની વહીવાળ, તાલુકો ધરમપુર, જિ. વલસાડની સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૮–૮–૨૦૦૨.

નંબર ઉખસ/સેદુ/૩૩૯૨૫/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે મ. સં. પટેલ ફળીયા (ઓલગામ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ઓલગામ, તાલુકો વલસાડ, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૮–૮–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
વલસાડ.

INDEX

નંબર ઉખસ/ઉ-૧૯૨૧/૨૦૦૨. આથી જાહેર કરે છે કે શ્રીરંગ મજુર અને કામગારો ની સહકારી મંડળી લીમીટેડ., મર્યાદિત સ્થળ રવાણીયા, તાલુકો વાંસદા, જીલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૨-૭-૨૦૦૨.

નંબર ઉખસ/સા-૩૩૮૭૨/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે સંભવનાથ કો. ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લીમીટેડ, મર્યાદિત સ્થળ વિજલપોર, તાલુકો જલાલપોર, જીલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૨-૭-૨૦૦૨.

નંબર ઉખસ/સેદુ./૩૩૮૭૩/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે મહિલાઓ સંચાલિત પોંસરી દુધ ઉત્પાદક સહકારી મં. લી., મર્યાદિત સ્થળ પોંસરી, તાલુકો ગણદેવી, જીલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)નાં કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૬-૭-૨૦૦૨.

નંબર ઉખસ/સેદુ./૩૩૮૭૪/૨૦૦૨.— આથી જાહેર કરે છે, કે મહિલાઓ સંચાલિત ચોંઢા ફળિયા (વાડીચોંઢા) દુધ ઉત્પાદક સં. મં. લી., મર્યાદિત સ્થળ વાડીચોંઢા, તાલુકો વાંસદા, જીલ્લો નવસારી,

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૫-૭-૨૦૦૨.

નં. ઉખસ/સે. દુ ૩૩૮૭૫/૨૦૦૨.- આથી જાહેર કરે છે કે મહિલાઓ સંચાલિત પટેલ ફળિયા આંભલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ આંભલા, તાલુકો વાંસદા, જીલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૫-૭-૨૦૦૨.

નં, ઉખસ/ધ-૨૦૫-૨૦૦૨.—આથી જાહેર કરે છે કે દેવ કોમ્પલેક્ષ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ નવસારી તાલુકો નવસારી, જીલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૯-૭-૨૦૦૨.

નં. ઉખસ/ધ-૨૦૫૨૪/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે આકારપાર્ક કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વિજલપોર, તાલુકો જલાલપોર, જીલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૯-૭-૨૦૦૨.

નં. ઉખસ/ધ-૨૦૫૨૫-૨૦૦૨.— આથી જાહેર કરે છે નમન કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ નવસારી, તાલુકો નવસારી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૩૧-૭-૨૦૦૨.

નં. ઉખસ/ધ-૨૦૫૨૬-૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ચિંતામણી કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ નવસારી, તાલુકો નવસારી, જીલ્લો નવસારી,

INDEX

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૩૧-૭-૨૦૦૨.

સુનિલકુમાર,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

જા. ન. નધણુ/મે/૧૧૧૧/૦૧/ખ/૩૯૪/સે-૩૩૨૯૬/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ચરોતર સેવા સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ મુ. લીંબજી ફુઈ, ચકલાસી, તાલુકો નડીઆદ, જીલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તા. ૨૬-૮-૨૦૦૨

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નડિયાદ.

વંચાણે લીધા :

(૧) શ્રી રામોલ સેવા સ. મં. લિ. રામોલ, તા. પેટલાદના ફડચા અધિકારીશ્રીનો તા. ૩-૭-૦૨ નો પત્ર નં. ફ/૫૫/૩૪૩૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના ના જાહેરનામાં ક્રમાંક : જી. એચ. કે. એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૯/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા-૪૦ / ચ-૩૧૧ / ૨૦૦૨.— શ્રી રામોલ સેવા સહકારી મંડળી લી., મુ. રામોલ, તાલુકો પેટલાદ, જીલ્લા આણંદને શ્રી મદ્રદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૪૨૪૨, તા. ૧૦-૪-૧૯૬૧ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉખસ/કજ/ફડચા/ગ-૨/૧૪૫/, તારીખ ૪-૭-૧૯૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમનો તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તા. ૧૩-૯-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) મેનેજરશ્રી, ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.મેટેડ નડીઆદનો સારસા ગ્રા. સહ. ભંડાર લિ., મુ. સારસા, તા. આણંદના માલસ્ટોકમાં થયેલ ઉચાપત બાબતનો તારીખ ૪-૬-૨૦૦૨ નો અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૫-૭-૨૦૦૨ના જા. નં. ગસણુ/૦૧/છ/૨૪૬ થી ૨૫૮/૨૦૦૨થી સ. કા. ક-૮૧ હેઠળની કારણદર્શક નોટીસ.

(૩) તા. ૮-૮-૨૦૦૨ના રોજ સંસ્થાના ૮ કમીટી સભ્યોએ આપેલ નિવેદન.

જા. નં. સકક/૦૧/જ/૫૦૦/૨૦૦૨.—ધી સારસા ગ્રાહક સહકારી ભંડાર લિ., સારસા, તા. જી. આણંદ, એ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે), સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) હેઠળ નોંધાયેલી ગ્રાહક સહકારી મંડળી છે. જેનો રોજમરોજનો વહીવટ તેના મંજુર થયેલા પેટા નિયમો તથા કાયદા કાનુનને આધિન રહીને બજાવવાનો હોય છે. સંસ્થાના કાર્યવાહકો તથા હોદ્દેદારોના શિરે લાદવામાં આવેલ પેટા નિયમો તથા કાયદા કાનૂન અને નિયમોનુસારની ફરજો અને જવાબદારીઓ અદા કરવાની હોય છે. અને તેનાથી વ્યવસ્થાપકો અને હોદ્દેદારો વાકેફ હોય છે જ.

આમુખ-૧ માં જણાવેલ મેનેજરશ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., નડીઆદ ના તા. ૪-૬-૨૦૦૨ ના અહેવાલમાં જણાવેલ વિગતે સંસ્થામાં થયેલ માલસ્ટોક ઉચાપત બાબતે સંસ્થાના કાર્યવાહકોની નિષ્કાળજી તથા અન્ય વહીવટી બાબતોમાં સંસ્થાના કાર્યવાહકોએ ફરજો બજાવવામાં દર્શાવેલ ઉદાસીનતાને લઇ અત્રેની કચેરીના તા. ૫-૭-૦૨ ના જા. નં. ગસણ/૦૧/છ/૨૪૬ થી ૨૫૮/૨૦૦૨ થી સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કારણદર્શક નોટીસના સંદર્ભે સંસ્થાના કાર્યવાહકોએ તા. ૮-૮-૨૦૦૨ ના રોજ આપેલ લેખિત નિવેદનને અનુલક્ષી સંસ્થાનો વહીવટ ચલાવવા માટે

INDEX

સંસ્થાની માગણીને ધ્યાનમાં લઇ સંસ્થામાં વહીવટદારની નિમણુંક કરવી જરૂરી બનતાં સંસ્થાની હાલની વ્ય. કમીટીને દુર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા સારૂ વહીવટદારની નિમણુંક માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સી. બી. કોટેચા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ ૮૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ધી સારસા ગ્રાહક સહકારી ભંડાર લિ., સારસા, તા. જી. આણંદ કે જેનો નોંધણી નંબર સી/૪૦૧ છે ની હાલની વ્ય. કમીટીને દુર કરી ભંડારનો વહીવટ ચલાવવા સારૂ શ્રી એન. એસ. પંચાલ, મુ. તા. નડીઆદ, જી. ખેડાની વહીવટદાર તરીકે નિમણુંક કરૂં છું. સદર નિમણુંકના સમય વહીવટદાર તરફથી ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે. વહીવટદારનું મહેનતાણું હવે પછી નક્કી કરવામાં આવશે.

આણંદ, તા. ૧૭–૮–૨૦૦૨.

વંચાણમાં લીધા :

(૧) નાલંદા કો. ઓ હા. સો. લી., જીંટોડીયા, તા. આણંદને ફડચામાં લઇ જવાનો હુકમ નં. ઉખસ/કજ/ફ-૧૩૫૮૦/ચ-૨૮૪, તા. ૨૬–૬–૨૦૦૨.

(૨) મેનેજીંગ ડીરેકટર ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદના તા. ૧૦–૭–૦૨ ના પત્ર નં. આર. ઇ. સી./ફડચ/૧૧૬/૩૦૧૪.

સુધારા હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા-૧૩૫૮૦ /ચ / ૩૪૦/૨૦૦૨.— ઉપરોકત આમુખ (૧) માં જણાવ્યા પ્રમાણેના આ કચેરીના તા. ૨૬–૬–૦૨ના હુકમથી નાલંદા કો. ઓપ. હા. સો. લી., જીંટોડીયા, તા. આણંદને ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવેલ હતો. અને ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ હતી. પરંતુ ઉકત આમુખ (૧) માં જણાવેલ મંડળી ખરેખર આણંદ શહેરની છે. શરત ચુકથી જીંટોડીયા લખાયેલ છે. જેથી નાલંદા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., જીંટોડીયા, તા. આણંદની જગ્યાએ નાલંદા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., આણંદ એમ વાંચવું.

આણંદ, તા. ૨૭–૮–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) શ્રી ધુળેટા સેવા સહકારી સ. મં. લિ. ધુળેટા, તા. ઉમરેઠ ના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૭-૬-૦૨નો પત્ર નં. ફડચ/૨૮/ચ/૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ના ના જાહેર નામાં ક્રમાંક : જી. એચ. કે. એચ.–૨૪–૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૩૩/ચ-૩૪૧/૨૦૦૨.—શ્રી ધુળેટા સેવા સ. મં. લી., મુ. ધુળેટા, તાલુકો ઉમરેઠ જીલ્લા આણંદને શ્રી મદ્રદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસ-નો નોંધણી નંબર સે-૪૪૨૪, તા. ૨૪-૭-૧૯૬૩ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ ના હુકમ નંબર ઉખસ/કજ/ફડચા/ગ-૨/૧૧૫૬/૯૫, તા. ૭-૪-૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્ય-વાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) નાં કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તા. ૨૯–૮–૨૦૦૨.

સી. બી. કોટેચા,
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
આણંદ.

જા. નં. જીઉકે/મહે / નધણ / ૧૧૮૮/૮૬૯૬ / ઉ-૬૨૫૩ / ૨૦૦૨.— આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી રામદેવપીર રાવત વિવિધલક્ષી ઔદ્યોગિક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સિધ્ધપુર, તાલુકો સિધ્ધપુર, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આંજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૬–૮–૨૦૦૨.

સી. ડી. મોદી,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, ઉદ્યોગ મહેસાણા.

INDEX

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૮-૫-૦૨ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૪૨.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૭૭૭/ધ-૨/૨૪૦/૨૦૦૨.-ધી ઉર્જા મજુર અને કામદાર સહકારી મંડળી લી. મુ. વડોદરા જિ. વડોદરા નોંધણી ક્રમાંક ૨૧૫૫૬ તારીખ ૧-૫-૮૬ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ ૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચમાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૫-૮-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનાં તારીખ ૨૭-૬-૦૨ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૮૫.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩)ની જોગવાઇઓ

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૭૭૮/ધ-૨/૨૪૧/૨૦૦૨.— ધી બરોડા મેલ ટ્રેનીંગ કોલેજ સ્ટુડન્ટસ સહકારી મંડળી લી., પુરુષ અધ્યાપન કેન્દ્ર કારેલીબાગ વડોદરા, નોંધણી ક્રમાંક ૧૫૫૮/૭૨૯, તારીખ ૨૪-૧૨-૬૧ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાના કલમ ૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ-૧માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ-૨માં જણાવેલ કલમ ૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળી ની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૫-૮-૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૮-૫-૨૦૦૨ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૪૩

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩)ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ / ફ-૧૩૭૭૫/ધ-૨/૨૪૨.— ધી મેસરાડ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લિ. મુ. મેસરાડ તા. કરજણ જિ. વડોદરા નોંધણી ક્રમાંક ૧૭૫૭૯ તારીખ ૧૬-૭-૫૦ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધ સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં ૨ ની નિમણુક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

INDEX

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન–૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા–લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની વુઠવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૫–૮–૨૦૦૨.

———

નં. નધણુ/ગ-૨/ધ–૫૧૭૩/૩૬૨/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે દલીત ગ્રાહક સહકારી ભંડાર લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૫–૮–૨૦૦૨

———

નં. નધણુ/ગ–૨ / ધ–૨૦૧૭/૩૭૮/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ભગવાન મહાવીર ધામ કો.–ઓપ. હા. સો. લી.. મર્યાદિત સ્થળ માંજલપુર, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૯–૮–૨૦૦૨.

દિપક દલાલ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી,
મંડળીઓ, વડોદરા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, OCTOBER 24, 2002 / KARTIKA 2, 1924 [No. 43

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1429-1432
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	43
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	474-483
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	20757-21186

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક લાયસન્સ/ જાહેરનામું/સાયબર/૧૦૪/૨૦૦૨.- (૧) અમદાવાદ શહેરમાં હાલ સાયબર કાફેની પ્રવૃતિ મોટાપાયે શરૂ થયેલ છે. આ સાયબર કાફેમાં કોમ્પ્યુટર ઉપર ઈન્ટરનેટની સુવિધા ભાડે આપવામાં આવે છે. આ સાયબર કાફેના સારા ઉપયોગ ઘણા છે. જેમાં વ્યક્તિ પોતાના ધંધાને લગતા સંદેશાઓ તાત્કાલીક મોકલી તથા મેળવી શકે છે. તેમજ કોઈપણ ધંધાને લગતી અથવા તો અભ્યાસને લગતી માહિતીઓ પણ મેળવી શકે છે. પરંતુ સાયબર કાફેના આવા સારા ઉપયોગ થવાની સાથે સાથે દુર ઉપયોગ પણ થવા સંભાવના છે. તાજેતરમાં વિશ્વમાં, સ્વદેશમાં અને ગુજરાત રાજ્યમાં આંતકવાદી પ્રવૃત્તિઓ અને જે આંતકવાદી હુમલાઓના બનાવો બનેલ છે તે અનુસંધાનમાં સાયબર કાફેમાં પુરી પાડવામાં આવતી સવલતોનો દુરઉપયોગ થઈ શકે તેમ છે માટે આ પ્રવૃત્તિઓ અટકાવવી ઘણી જ જરૂરી બની રહેલ છે.

INDEX

(૨) વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૧૦મી જુલાઇ, ૧૯૮૭ના નોટીફીકેશન નંબર જીજી/૬૮/સીઆરસી/૧૦૮૫/૩૧૦/એમ અન્વયે ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ (૨ ઓફ ૧૯૭૪)ની કલમ ૨૦ની પેટા કલમ ૨ અન્વયે બક્ષેલી સત્તાના ઉપયોગની રૂએ ગુજરાત સરકાર આથી પોલીસ કમિશનર અમદાવાદ શહેરનાને કે જેઓ કાયદા વિભાગના સરકારી નોટીફીકેશન નં. જીએ/૫૦૬/સીઆરસી/૧૦૭૧/ડી/ તારીખ ૧લી એપ્રિલ, ૧૯૭૪ મુજબ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ છે તેઓને અમદાવાદ શહેરના મેટ્રોપોલીટન વિસ્તારના વધારાના જીલ્લા મેજીસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરેલ છે. અને તેઓને કલમ-૨૩ની પેટા કલમ ૨ હેઠળ તેઓશ્રીના હાથ નીચેના એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વચ્ચેની કામગીરીની વહેંચણી કરવાનો અધિકાર આપે છે. તે અધિકારની રૂએ નીચેના કુત્યો કરવા પર ઈન્ફોરમેશન ટેકનોલોજી એકટ-૨૦૦૦ના ચેપ્ટર-૧૧ની ગુન્હાહિત કલમ ૬૫, ૬૬, ૬૭, ૭૯ અને વંચાણે લીધા ચેપટર-૧ના ભાગ-૨ના પેટા(૨)તેમજ અન્ય કાયદાકીય જોગવાઇઓ ઉપરાંત નીચે મુજબની જોગવાઇઓ પ્રમાણેજ ચલાવવા હુકમ કરેલ છે.

જોગવાઈઓ : તમામ સાયબર કાફે સંચાલકોએ સંલગ્ન નમુના મુજબનું પ્રીમાઇઝ/ઇન્ટરનેટ-ઇન્ટ્રાનેટ જોડાણ અંગેની સેવાઓ પુરી પાડવા માટેની કાફેની પરવાનગી મેળવવુ, બાહેધરી પત્ર રૂા. ૧૦૦/- સ્ટેમ્પ ઉપર અને ઇન્ડેમ્નીટી બોન્ડ રૂા. ૨૦૦/- સ્ટેમ્પ ઉપર આપવાનું ફરજીયાત રહેશે અને સમગ્ર કાર્યવાહી તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૨ સુધી પુરી કરવાનુ રહેશે.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૨નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

પાસા ૧૯૮૫ હેઠળના અટકાયતીને હાજર થવા ફરમાવવાનું સી. આર. પી. સી. કલમ ૮૨ હેઠળનું

નંબર ઉ/ગપક/વશી/પીબીસી/પાસા/૧૨૨/જાહેરનામું/૨૦૦૨.- અમારા ધ્યાન ઉપર આવેલ છે કે શ્રી ધર્મેશ ઉર્ફે કાલા લાલાભાઈ કહાર, ઉ. વ. ૨૩, ઉંચાઈ ૫' × ૭'' શરીરે પાતળા બાધાનો રંગે ઘઉં વર્ણન, નાક ઉપર જુનુ વાગેલાનું છે તથા ડાબા હાથની ઉપર તલનું નિશાન છે તે રહે. ૧/૨૩૨૯, બજરંગગલી નાનપુરા માછીવાડ સુરતનાને ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમ ૧૯૮૫ હેઠળ અટકાયત કરવા તારીખ ૧૮મી મે, ૨૦૦૨ના રોજ હુકમ કરવામાં આવેલ છે અને તે અટકાયતી હુકમની બજવણી આજદિન સુધી થઈ શકેલ નથી. હુકમની બજવણી કરનાર અધિકારીશ્રી તરફથી એવી માહિતી મળેલ છે કે, સદરહું શ્રી ધર્મેશ ઉર્ફે કાલા લાલાભાઈ કહાર મળી આવતો નથી અને તે પોતાની અટકાયત ટાળવા અર્થે નાસતો ફરે છે તેની ખાત્રી થયેલ છે.

આથી જાહેરનામું પ્રસિદ્ધ કરીને ફરમાવવામાં આવે છે કે, સદરહું શ્રી ધર્મેશ ઉર્ફે કાલા લાલાભાઈ કહાર, રહે. ૧/૨૩૨૯ બજરંગગલી નાનપુરા માછીવાડ, સુરતનાએ તેના વિરૂધ્ધના સદરહું અટકાયતી હુકમની બજવણી માટે તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૨નાં રોજ કલાક ૧૧-૦૦ વાગ્યા સુધીમાં અમારી સમક્ષ બહુમાળી કંપાઉન્ડ નાનપુરા સુરતમાં આવેલ અમારી કચેરીમાં હાજર રહેવું.

સુરત, તારીખ ૮મી ઓકટોબર, ૨૦૦૨.

જાહેરનામું

પાસા ૧૯૮૫ હેઠળના અટકાયતીને હાજર થવા ફરમાવવાનું સી. આર. પી. સી. કલમ ૮૨ હેઠળનું

નંબર ઉ/ગપક/વશી/પીસીબી/પાસા/૧૬૬/જાહેરનામું/૨૦૦૨.- અમારા ધ્યાન ઉપર આવેલ છે કે શ્રી વલીઉલ્લાહખાન એનાયતખાન પઠાણ ઉ. વ. ૩૨, ઉંચાઈ ૫'×૭' શરીરે મજબુત બાધાનો, રંગે શ્યામ વર્ણનો, જમણા હાથની કલાઈ ઉપર વલીઉલ્લાહ કોતરાવેલ તેમજ નાક ઉપર કાળા તલનું નિશાન છે તે રહે. વસ્તાદેવડી રોડ વિન્ટેક્ષ મીલની પાછળ, ઝુપડપટ્ટી સુરતનાને ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમ ૧૯૮૫ હેઠળ અટકાયત કરવા તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૨ના રોજ હુકમ કરવામાં આવેલ છે અને તે અટકાયતી હુકમની બજવણી આજદિન સુધી થઈ શકેલ નથી. હુકમની બજવણી કરનાર અધિકારીશ્રી તરફથી એવી માહિતી મળેલ છે કે, સદરહું શ્રી વલીઉલ્લાહખાન એનાયતખાન પઠાણ મળી આવતો નથી અને તે પોતાની અટકાયત ટાળવા અર્થે નાસતો ફરે છે તેની ખાત્રી થયેલ છે.

આથી જાહેરનામું પ્રસિદ્ધ કરીને ફરમાવવામાં આવે છે કે, સદરહું શ્રીવલીઉલ્લાહખાન એનાયતખાન પઠાણ રહે. વસ્તાદેવડી રોડ વિન્ટેક્ષ મીલની પાછળ, ઝુપડપટ્ટી, સુરતનાએ તેના વિરૂધ્ધના સદરહું અટકાયતી હુકમની બજવણી માટે તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૨નાં રોજ કલાક ૧૧-૦૦ વાગ્યા સુધીમાં અમારી સમક્ષ બહુમાળી કંપાઉન્ડ નાનપુરા સુરતમાં આવેલ અમારી કચેરીમાં હાજર રહેવું.

સુરત, તારીખ ૮મી ઓકટોબર, ૨૦૦૨.

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર, સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસી/એમ.એ.જી./પી.ઓ.એલ/એસ.આર.૪૭/૨૦૦૨.- આગામી નવરાત્રી અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ જતા-આવતા રાહદારીઓ તથા વાહનોમાં જતા-આવતાં ઇસમોને રોકી બળજબરીથી પૈસા ઉઘરાવવાની તેમજ નવરાત્રીની ઉજવણી દરમયાન જાહેર ત્રાસદાયક કૃત્યોથી લોકોને ત્રાસ, અડચણ, ઇજા અથવા જાહેર સુલેહશાંતિઓ ભંગ થવાની તથા બખેડો થવાની પ્રબળ શકયતા રહે છે. અને તેમ થતાં અટકાવવું જરૂરી હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટેના પુરતા કારણો અસ્તિત્વમાં હોવાનું મારુ માનવું છે.

તેથી હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, જિલ્લો અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રુઇએ ફરમાવું છું કે,

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા. ૩જી ઓકટોબર, ૨૦૦૨ થી તા. ૧૭મી ઓકટોબર, ૨૦૦૨ (બન્ને દિવસો સહિત) દરમ્યાન કો

INDEX

કોઈપણ જાહેર જગ્યાએ જતા-આવતાં રાહદારીઓ તથા વાહનોમાં જતા-આવતા શખ્સો યા ઇસમો પાસેથી નવરાત્રી કે દશેરાના તહેવારો અંગે બળજબરીથી પૈસા ઉઘરાવવા નહીં કે બીજા કોઈ ઇરાદાથી જાહેર રસ્તા ઉપર જતા-આવતા રાહદારીઓને તથા વાહનોને રોકવા નહીં. નવરાત્રીની ઉજવણી દરમ્યાન અશ્લીલ, અરુચિકાર કે ત્રાસદાયક લેખાય તેવા કોઈપણ કૃત્યો કરવા નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

યુ. ડી. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) મુજબનું

નંબર ડી/એમએજી/૧/બી.પી.એ/વશી-૩૭૬૪૬ થી ૩૭૭૦૧.- માહે ઓકટોબર, ૨૦૦૨ના માસમાં તા. ૭મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૦૨ સુધી હિન્દુભાઈઓ તરફથી નવરાત્રિ તહેવાર ઉજવનાર છે. આ તહેવારો દરમ્યાન પાલનપુર, ડીસા શહેર, ધાનેરા, અમીરગઢ, અંબાજી વિગેરે જગ્યાએ તા.૧૫મી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ 'દશેરા' નિમિત્તે શોભાયાત્રા નીકળનાર હોઈ ઉપરોકત પ્રસંગોને ધ્યાનમાં રાખી લોકોની જાહેર સલામતિ જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારુ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તા. ૧લી ઓકટોબર, ૨૦૦૨ થી તા. ૩૧મી ઓકટોબર, ૨૦૦૨ સુધી (બંને દિવસો સહીત) નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનુ મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી અથવા શારીરીક ઈજા પહોચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવનાથી, ચાળા પાડવાની નકલ કરવાની છબીઓ બતાવવાથી તેનો ફેલાવો કરવાની રુચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તુ હું, એસ.એસ. વાઘેલા, અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સરદહુ કૃત્યો કરવાની મના કરૂ છું. આ હુકમ તા. ૧લી ઓકટોબર, ૨૦૦૨ થી ૩૧મી ઓકટોબર, ૨૦૦૨ સુધી (બંને દિવસો સહીત) અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ પણ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું કંઈ હથીયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તા. ૩૦મી માહે, સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)ના ખંડ (સી) મુજબનું.

નંબર ડી/એમએજી/૧/બીપીએ/દશેરા/૨૦૦૨/વશી-૩૮૬૮૨ થી ૯૩.- બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ દશેરાના તહેવાર નિમિત્તે શોભાયાત્રા નિકળનાર છે તથા રાવણ દહનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ શોભાયાત્રામાં બહોળા પ્રમાણમાં માનવ મેદની સામેલ થવાની શકયતા છે. જેથી વાહનોની હેરાફેરીથી જાહેર અવ્યવસ્થા ઉભી થવાની સંભવના છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૩ (૧)ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, એસ. એસ. વાઘેલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, તા. ૧૫મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ બપોરે ૧૪-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધી પાલનપુર શહેર રેલ્વે બ્રીજ અંદરના તમામ વિસ્તારમાં બે વ્હીલ, ત્રણ વ્હીલ તેમજ ચાર વ્હીલના વાહનો માનવ સંચાલીત તેમજ પ્રાણી સંચાલીત વાહનો ફેરવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ શોભાયાત્રા પસાર થવાના સમય પુરતો પોલીસ નિયંત્રણ મુજબ રહેશે.

આજ રોજ તા. ૩૩ માહે ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો :

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી/૬૯૪.– ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, જાહેર શાંતિ અને સલામતિ સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તાર તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૨ના દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધા) સુધી.

(ક) શસ્ત્રો, દંડા. તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

INDEX

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ.

(છ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવ ભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લે-કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ નોટીસો, પરિપત્રો ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગું પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીને અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી કે જે શારિરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા અને મુબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી તથા સિક્કો કરી આપ્યો છે.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામુ

સને -૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ-૩૩(૧) આર (૩) મુજબનું.

ક્રમાંક : એમએજી/જાહેરનામુ/વશી/૨૬૯૪-નર્મદા જિલ્લામાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જનતાના વિવિધ વર્ગો, ગરબાના આયોજકો, કલબના આયોજકો દ્વારા નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ અત્રેના જિલ્લામાં તા. ૭મી ઓક્ટોબર, ૨૦૦૨ થી તા. ૧૪મી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી નવરાત્રિ મહોત્સવની ઉજવણી થનાર છે. આ તહેવાર દરમ્યાન જાહેર જનતાના વિવિધ વર્ગો, ગરબાનાં આયોજકો તથા વિવિધ કલબના આયોજકો દ્વારા રાત્રિના મોડે સુધી રાસ ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવે છે. અને ખુબ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવામાં આવે છે, જેના કારણે જાહેર જનતા તથા આડોશ પાડોશમાં રહેતા નાગરીકો, અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃદ્ધ તથા બિમાર વ્યક્તિઓને અગવડ પડે છે. તથા તાજેતરમાં અક્ષરધામ મંદિર, ગાંધીનગર ખાતે તા. ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ થયેલ આંતકવાદી હુમલાના બનાવને ધ્યાને લેતાં આગામી નવરાત્રિના તહેવાર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જાહેર જનતાના હિતમાં નવરાત્રિના તહેવાર દરમ્યાન રાત્રિના મોડે સુધી ખૂબ મોટે અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર વ્યાજબી નિયંત્રણ મુકવા આવશ્યક જણાય છે.

વાસ્તે હું, એસ. એમ. સંગાડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ ના મુબંઈના ૨૨ માં)ની કલમ-૩૩ (૧) આર (૩) અન્વયે મળેલ અધિકારીની રૂએ ફરમાવું છું કે, તા. ૭મી ઓક્ટોબર, ૨૦૦૨ થી તા. ૧૪મી ઓક્ટોમ્બર, ૨૦૦૨ સુધીના સમયગાળા માટે (બન્ને દિવસો સહિત) નર્મદા જિલ્લામાં નવરાત્રિના મહોત્સવ દરમ્યાન વધુમા વધુ રાત્રિના ૨૨.૦૦ કલાક સુધી જ ધીમા અવાજે લાઉડ સ્પીકર વગાડી શકાશે. ત્યારબાદ કોઈ પણ સંજોગોમાં રાત્રિના ૨૨.૦૦ કલાક પછી લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં.

સદરહુ હુકમનો જે તે વિસ્તારના પોલિસ ઈન્સપેકટરશ્રી/પોલિસ સબ-ઈન્સ્પેકટરશ્રીએ અસરકારક અને ચુસ્ત અમલ કરાવવાનો રહેશે.

સદરહુ જાહેરનામાનો અમલ સમગ્ર નર્મદા જિલ્લાના વિસ્તારમાં કરવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

એસ. એમ. સંગાડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું

નંબર પીઓએલ/એસઆર/૩૭/૨૦૦૨.- આણંદ નગરપાલિકા વિસ્તારના મહેચુનો કુવો ગોપી સિનેમા સામે, ઠાકોર ફળીયું બંને વિસ્તારમાં બે કેસ કોલેરા પ્રોઝીટીવ માલુમ પડેલ છે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આણંદ જિલ્લા પંચાયતના તા. ૪થી ઓક્ટોબર ૨૦૦૨નો અહેવાલ ધ્યાને લેતાં કોલેરાનો ઉપદ્રવ ન વધે તે હેતુથી અને જાહેર આરોગ્યની દ્રષ્ટિએ સાવચેતીના પગલાંરૂપે મોજે : આણંદ નગરપાલિકા તાલુકો આણંદને કોલેરાગ્રસ્ત જાહેર કરવું જરૂરી બનેલ છે.

સને ૧૯૮૭ના વાવડ રોગ અધિનિયમની કલમ-૨ (બ) વંચાણે લેતા અને કલમ-૨થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી આર. બી. દવે, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ આથીમોજે : આણંદ નગર-પાલિકા વિસ્તારને કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરૂં છું તેમજ આણંદ નગરપાલિકાની આજુબાજુના ૧૦ કિ. મી. વિસ્તારના ગામોને કોલેરા ભય ગ્રસ્ત જાહેર કરૂ છું.

આ અંગે જરૂરી પગલાં લેવાં સારૂ મામલતદારશ્રી, આણંદ શહેર કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરૂ છું. આ જાહેરનામું તા. ૩૧મી ડિસેમબર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૦૨ના રોજ સહી તથા સિક્કો કરી આપેલ છે.

આર. બી. દવે,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, OCTOBER 31, 2002 / KARTIKA 9, 1924 [No. 44

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1433-1440
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	44
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	484-486
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	21187-21572

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (એન), ૩૬(ઈ)(એ) અને ૩૮ મુજબના.

ક્રમાંક ગ/૩૫૬/૧૦૫/૨૦૦૨.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં જાહેર જનતાને થતી હેરાનગતિ અટકાવવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (એન), ૩૬(ઈ) (એ), ૩૭(૩) અને ૩૮ હેઠળ મળેલ સત્તાની રૂએ હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આથી ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૨ થી તા. ૨૧મી ઓકટોબર, ૨૦૦૨ સુધી કોઈપણ ખાનગી કે જાહેર સ્થળે રાત્રીના સમયે ક. ૦૧-૩૦ વાગ્યા પછી કોઈપણ ગરબા, રાસ-ગરબા કે કાર્યક્રમ ચાલુ રાખી શકાશે નહિ તેમજ માઈક તથા લાઉડસ્પીકરનો ઉપયોગ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ની કલમ-૫(૨)ની જોગવાઈઓને આધીન કરવાનું રહેશે.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

ઉપરોકત હુકમનો ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૧૩૧, ૧૩૪, ૧૩૫, ૧૩૬ અને ઈપીકો કમલ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૨નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક ગ/ઉપક/૧૦૬/૨૦૦૨.-આગામી નવરાત્રી અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા-જતા રાહદારીઓ તથા વાહનોમાં જતા-આવતાં ઈસમોને રોકી બળજબરીથી પૈસા ઉઘરાવવાની તથા નવરાત્રીની ઉજવણી દરમ્યાન જાહેર ત્રાસદાયક કૃત્યોથી લોકોને અડચણ, ત્રાસ, અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહશાંતિનો ભંગ થવાની તથા બખેડો થવાની પ્રબળ શકયતા રહે છે. અને તેમ થતું અટકાવવું જરૂરી હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટેના પુરતા કારણો અસ્તિત્વમાં હોવાનું મારુ માનવું છે.

તેથી હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રુઇએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૦૨ દરમ્યાન કોઇપણ વ્યકિતએ કોઇપણ જાહેર જગ્યાએ આવતા-જતા રાહદારીઓ કે વાહનોમાં જતા-આવતા શખ્સો યા ઇસમો પાસેથી નવરાત્રી કે દશેરાના તહેવારો અંગે બળજબરીથી પૈસા ઉઘરાવવા નહીં અથવા બીજા કોઇ ઇરાદાથી જાહેર રસ્તા ઉપર જતા-આવતા રાહદારીઓ તથા વાહનોને રોકવા નહીં. નવરાત્રીની ઉજવણી દરમ્યાન અશ્લીલ, અરુચિકર કે ત્રાસદાયક લેખાય તેવા કોઇપણ કૃત્યો કરવા નહી.

ઉપરોકત હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુનો ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક જીજી/૩૬૫/એસીબી-૧/સીએલએ/૧૦૮૯/૧૯૭૨૬, તારીખ ૧૮મી ડીસેમ્બર, ૧૯૭૯થી એક પોલીસ અધિકારનો અને બિન જામીન લાયક ગુન્હો થયેલ છે.

આજ તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક લાયસન્સ/જાહેરનામું/સાયબર/૧૦૭/૨૦૦૨.- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનાં સમગ્ર વિસ્તારમાં સાયબરકાફેનાં સંચાલકોને સંલગ્ન નમુના મુજબનું પ્રિમાઈસીસ ઈન્ટરનેટ-ઈન્ટ્રાનેટ જોડાણ અંગેની સેવાઓ પુરી પાડવા માટેની કાફેની પરવાનગી મેળવવા માટેનું જાહેરનામું ક્રમાંક લાયસન્સ/સાયબર/૧૦૪/૨૦૦૨ થી બહાર પાડવામાં આવેલ છે.

હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગૃહ વિભાગના તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૮૭ના નોટીફીકેશ નંબર જીજી/૬૮/સીઆરસી/૧૦૮૫/૩૧૦/એમ, અન્વયે ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ (૨ ઓફ ૧૯૭૪)ની કલમ-૨૦ની પેટા કલમ-૨ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ ફરમાવું છું. અત્રેની કચેરીના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના જાહેરનામા ક્રમાંક લાયસન્સ/જાહેરનામું/સાયબર/૧૦૪/૨૦૦૨, તેમજ જા. ક્ર. જ/૬૫૬/૬૭૦૩/૨૦૦૨ થી સાયબર કાફેના પરવાના માટે સમગ્ર કાર્યવાહી તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ સુધીમાં પૂરી કરવા માટે જણાવેલ છે. આ સમગ્ર કાર્યવાહી પુરી કરવા માટેની મુદતમાં વધારો કરી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૦૨ સુધી વધારવામાં આવેલ છે. આ મુદત દરમિયાન સમગ્ર કાર્યવાહી પુરી કરવાની રહેશે.

આજરોજ તારીખ ૮મી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સીક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૩ (૧) (બ) અન્વેય કાઢેલ દ્વીચક્રી વાહનો ડબલ સવારી ફરવા પર પ્રતિબંધ.

નંબર ઉ/ગપક/૧/૧૦૮/૨૦૦૨.- તાજેતરમાં અક્ષરધામ ગાંધીનગર ખાતે થયેલ આતંકવાદી હુમલાને ધ્યાને લઈ દ્વીચક્રી વાહનો જેવાકે મોપેડ, સ્કુટર, મોટર સાયકલ, તથા અન્ય કોઈ નામે ઓળખાતા દ્વિચક્રી વાહનો તથા સાઈડકાર ઉપર એક કરતા વધારે માણસો બેસવા પર પ્રતિબંધ મુકતું જાહેરનામું તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૨ થી અમલમાં છે. જેમાં ફકત સ્ત્રીઓ અને બાળકોને પ્રતિબંધમાંથી મુકિત આપવામા આવેલ છે. તેમાં નીચે મુજબની કેટલીક વધુ છુટછાટો આપવાનું મને ઈષ્ટ જણાય છે.

આથી હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બ) થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણેનો હુકમ કરૂં છું.

તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨ ના કલાક ૨૪-૦૦ સુધીના સમય દરમ્યાન અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતના સમગ્ર વિસ્તારમાં પેટ્રોલ, ડીઝલથી કે સ્વયંસંચાલીત દ્વીચક્રી વાહનો જેવા કે મોપેડ, સ્કુટર, મોટર સાયકલ, તથા અન્ય કોઈપણ નામે ઓળખાતા દ્વીચક્રી વાહનો તેમજ સાઈડકાર ઉપર જાહેર જગ્યામાં ડબલ સવારી ફરવા ઉપર નીચે અપવાદમાં જણાવેલ વ્યકિતઓને પ્રતિબંધમાંથી મુકિત આપવાનું ફરમાવું છું.

અપવાદ :-

બીમાર અથવા બુઝુર્ગ વ્યકિતને ઉપરોકત પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે.

આજ તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધા : (૧) આ કચેરીનો હુકમ નં. ડી/એમએજી/૧/સભા-સરઘસ/૨૦૦૧/વશી. ૯૩૮૦ થી ૯૪૨૮, તા. ૫-૮-૨૦૦૧.

INDEX

(૨) આ કચેરીનો હુકમ નં. ડી/એમએજી/૧/સભા-સરઘસ/૨૦૦૨/વશી. ૩૦૩૮૧ થી ૯૬૦, તા. ૨-૮-૨૦૦૨.

સુધારા હુકમ

નંબર ડી/એમએજી/૧/વશી.–આમુખમાં દર્શાવેલ હુકમોથી પાલનપુર શહેર વિસ્તારમાં સભા/સરઘસ માટે મંજુરી આપવાના અધિકાર સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાલનપુર અથવા તેમની ગેરહાજરીમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા-પાલનપુરને અધિકૃત કરવામાં આવેલ છે. સબબ આ કામે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને બદલે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, પાલનપુર વાંચવા આથી સુધારા કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૦૨.

કમલ દયાની,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨)ની કલમ-૩૩ (૧) (ભ) મુજબનો.

નંબર ડીસી/એમ.એ.જી./પી. ઓ. એલ. /એસ. આર. ૪૯/૨૦૦૨.– હું શ્રીમતી ઉર્મિલાબેન ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ-(૧) (ભ) થી મને મળેલ સત્તાની રૂઈએ જાહેર જનતાના જાનમાલની તેમજ મિલકતોની સલામતી માટે નીચે મુજબનો હુકમ કરું છું.

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોઈપણ ઈસમે જાહેર રસ્તા ઉપર તેમજ રસ્તાની ૨૦ ફુટની અંદરના વિસ્તારમાં કોઈપણ જાતનું દારૂખાનું તેમજ દુર ફેંકી શકાય તેવા બલુન રોકેટ, હવાઈ અથવા કોઈપણ નામે ઓળખાતા કોઈપણ પ્રકારના ફટાકટા ફોડી શકાશે નહીં, તેમજ ફેંકી શકશે નહીં. કોઈ ઈસમ કોઈપણ વ્યક્તિ ઉપર કે પશુ/પંખી ઉપર તથા રસ્તા ઉપર કે મકાન ઉપર દારૂખાનું પડે તેવી રીતે ફોડી શકશે નહિ કે ફેંકી શકશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (ખ) (૧) અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહુ હુકમ તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૨ થી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૫મી ઓકટોબર ૨૦૦૧ના રોજ મારી સહી તેમજ સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૩ (૧) (થ) મુજબનું.

નંબર ડીસી/એમ.એ.જી./પી.ઓ.એલ. /એસ. આર. ૫૦/૨૦૦૨.–ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ) રુલ્સ-૨૦૦૦ અને સદરહુ રુલ્સના (એમેન્ડમેન્ટ), રુલ્સ-૨૦૦૦ માં લાઉડસ્પીકરના ઉપયોગને નિયંત્રીત કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. ક્રિમીનલ અપીલ નં. ૭૩૨/૨૦૦૦ માં નામદાર સુપ્રિમ કોર્ટે તા. ૩૦મી ઓગસ્ટ, ૨૦૦૦ થી આપેલ ચુકાદામાં પણ સદરહુ રુલ્સના અમલ માટેનો હુકમ કરેલ છે. તેમ છતાં ગમે તે સમયે મોટા અવાજ સાથે લાઉડ-સ્પીકરનો વ્યાપક ઉપયોગ થતો હોય છે. જેને કારણે લાઉડસ્પીકરના અવાજ/ઘોંઘાટના પ્રદુષણથી વૃધ્ધ, અશક્ત અને બિમાર વ્યક્તિઓને અડચણ કે ત્રાસ થવાની અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવાની શક્યતાઓ રહે છે. જેથી લોકોના સ્વાસ્થ્ય અને વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઈ, લાઉડ સ્પીકરના ઉપયોગને નિયંત્રીત કરવાનું જાહેર હિતમાં આવશ્યક ઈષ્ટ અને જરૂરી જણાય છે.

આથી હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૩ (૧) (થ) થી મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરુ છું કે :

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, રાણપુર, ધોલેરા, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રુરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કોઈપણ ખાનગી, ધાર્મિક કે જાહેર સ્થળે રાત્રીના ૧૦.૦૦ કલાકથી સવારના ૬-૦૦ કલાક દરમ્યાન કોઈપણ પ્રકારના કાર્યક્રમમાં લાઉડસ્પીકર કે અવાજ/ઘોંઘાટ કરે તેવા બીજા સાધનોનો ઉપયોગ કરી શકશે નહીં.

નોંધ :

(૧) આ હુકમ બંધ ઈમારતો એટલે કે, ઓડિટોરીયમ, કોન્ફરન્સ રૂમ, કોમ્યુનિટી હોલ, બેંક્વિટ હોલ વગેરેમાં થતા લાઉડસ્પીકરના ઉપયોગને લાગુ પડશે નહી.

(૨) સવારના ૬-૦૦ થી રાત્રીના ૧૦.૦૦ કલાક દરમ્યાન સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય લાઉડસ્પીકરનો કે અવાજ/ઘોંઘાટ કરે તેવા બીજા સાધનોનો ઉપયોગ કરી શકાશે નહી. તેમજ પુર્વમંજુરીથી ઉપયોગમાં અવાજનું પ્રમાણ નીચે જણાવ્યા મુજબના પ્રમાણથી વધવું જોઈએ નહી.

(અ)	ઔદ્યોગિક વિસ્તારમાં	૭૫ ડેસીબલ
(બ)	વાણિજ્ય વિસ્તારમાં	૬૫ ડેસીબલ
(ક)	રહેણાંક વિસ્તારમાં	૫૫ ડેસીબલ
(ડ)	શાંત વિસ્તારમાં	૫૦ ડેસીબલ.

(૩) શાંત વિસ્તાર (સાઈલન્સ ઝોન) તરીકે જાહેર કરેલા વિસ્તારની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ સમયે લાઉડસ્પીકર કે અવાજ/ઘોંઘાટ કરે તેવા બીજા સાધનોનો ઉપયોગ કરી શકાશે નહી.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ (ખ) (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ ક્રમાંક-૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૦૨ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપ્યા છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં-૨૨) ની કલમ-૩૩ (૧) મુજબનો.

નંબર ડીસી/પી.ઓ.એલ./એમ.એ.જી./એસ. આર. ૫૧/૨૦૦૨.– આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, જિલ્લો અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં-૨૨) ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રુઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૨મી ઓક્ટોબર, ૨૦૦૨ થી તારીખ ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૨ સુધી નીચેનાં કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાબું અને છેડેથી અણીવાળું પડતુ હોય તેવુ ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાની કારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા લઈ જવાની એકઠા કરવાની તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મજિસ્ટ્રેટશ્રી, અધિક મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતની ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી ઓક્ટોબર, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈઅધિનિયમ ૨૨માં)ની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર-૫૨/૨૦૦૨.- આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૬(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૨મી ઓકટોબર ૨૦૦૨ થી તારીખ ૨૧મી ઓકટોબર ૨૦૦૨ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં, તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીઓની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ અને ભારતન ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી યુ. ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (યુ) મુજબનો.

નંબર ડીસી/એક્સ્પ્લોઝીવ/૨૦૦૨/વશી/૨૭૧૩ થી ૫૬.-અત્રેના જિલ્લામાં દિવાળી, વિજયાદશમી તથા અન્ય જાહેર તહેવારો પ્રસંગે તમામ વર્ગના માણસો દ્વારા " ફટાકડા " નો મહત્તમ થતો ઉપયોગ ધ્યાને લેતાં હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો તેમજ ધાર્મિક સ્થળો જેવા શાંત વિસ્તારોમાં હવા/અવાજ ના પ્રદુષણો નિયંત્રિત કરવા જરૂરી છે. જેથી હું, એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (યુ) થી મને મળેલ સત્તાની રુએ નીચે મુજબ હુકમ કરૂ છું.

બનાસકાંઠા જિલ્લામાં આવેલ તમામ હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો તેમજ ધાર્મિક સ્થળોની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારની અંદર કોઈપણ ઈસમે ફટાકડા સળગાવવા અથવા અવિચારીપણે અગનશસ્ત્ર મુકવાની અથવા આતશબાજી સળગાવીને નાંખવાની અથવા આતશબાજીનું બલુન તથા રોકેટ સળગાવી ઉડાડવાની મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ની પેટા-કલમ (ખ) (૧) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી ફરમાવું છું કે, સદર હુકમ સમગ્ર બનાસકાંઠા જિલ્લાને લાગુ પડશે.

સદર આદેશ તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૦મી માહે ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/પીઓએલ/૧૦/૨૦૦૨/વશી/૨૭૫૭ થી ૭૫૯૯.-દિવાળીના તહેવારો પ્રસંગે તેમજ વિજયાદશમીના તહેવાર નિમિત્તે ફટાકડાનો વિશેષ પ્રમાણમાં થતો ઉપયોગ ધ્યાને લઈ હવા / અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના હુકમથી મળેલ સુચનાઓ મુજબ સાંજના કલાક ૬-૦૦ થી રાત્રિના કલાક ૧૦-૦૦ દરમ્યાન ફટાકડાનો ઉપયોગ કરી શકાય. જ્યારે રાત્રિના કલાક ૧૦-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી આવા ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

સબબ નામદાર સુપ્રિમ કોર્ટ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના હુકમથી મળેલ સુચના મુજબ, જિલ્લામાં દિવાળી / વિજયાદશમીના તહેવાર પ્રસંગે હવા / અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવાનું વ્યાજબી કારણ છે.

વાસ્તે હું, એસ. એસ, વાઘેલા, અધિર જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં દિવાળી / વિજયાદશમીના તહેવાર નિમિત્તે ઉપયોગમાં લેવાતા ફટાકડા સાંજના ૬-૦૦ થી રાત્રિના ૧૦-૦૦ સુધી જ ફોડી શકાશે. રાત્રિના કલાક ૧૦-૦૦ થી સવારના ૬-૦૦ સુધી હવા / અવાજ ના પ્રદુષણને કારણે તેના વપરાશ ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

સદર આદેશનો ભંગ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

સદર આદેશ તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૦મી માહે ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો :

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી/૮૨૩.–ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨ માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૯મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ સવારના ૬-૦૦ કલાકથી તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૨ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગું પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા રેજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈ સ્મશાન યાત્રાને.

INDEX

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦નાં ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી.૫૮૪૩/૨૦૦૨.- ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તારીખ ૮મી ઓકટોબર, ૨૦૦૨ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું-૬૩૦૯/૨૦૦૨ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું, આર. જી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી ૨૪મી ઓકટોબર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદરા ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર/કલોલ/દહેગામ/માણસાએ જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ના મુંબઈ ૨૨માં)ની કલમ-૩૭ની પેટા કલમ (૩) હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)વશી.૫૮૭૧/૨૦૦૨.- ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તારીખ ૮મી ઓકટોબર, ૨૦૦૨ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું-૬૩૦૯/૨૦૦૨ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ

INDEX

(સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં)ની કલમ-૩૭ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂઇએ હું, આર. જી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફકમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા સિવાયનો ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફકત ઉપવાસીઓ માટે ચ.૫ સેકટર-૧૭, અને સેકટર-૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ મારા સહી સિકકા કરી આપ્યા.

આર. જી. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર તાલીમ/૨જી.નં. ૩૮/૨૦૦૨.-પોલીસ અધિક્ષકશ્રી વલસાડના પત્ર નંબર હથપ/સીબી-૨/ફાયરીંગ/૧૦૦૬૪/૨૦૦૨, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૨ થી જણાવ્યાનુસાર અત્રેના જિલ્લાના પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓના ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિદ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) કલમ-૩૭ ની પેટા-કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ ની જોગવાઇ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉમરગામ જિલ્લા વલસાડનાં ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૨ થી ૩૦મી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુ બાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉં છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચૈત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

સુધારા હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) આર (૩) અન્વયે.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૨૮૪૯/૨૦૦૨.-અત્રેના જાહેરનામાં ક્રમાંક/એમએજી/જાહેરનામું/વશી/૨૬૯૪/ તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૨થી નર્મદા જિલ્લામાં નવરાત્રીના પર્વ દરમ્યાન રાત્રિના ૨૨=૦૦ કલાક પછી લાઉડ સ્પીકર નહી વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. આ બાબત ગૃહ વિભાગ ગુજરાત રાજય ગાંધીનગરના પત્ર નં. એલએસકે/૨૭૦૧/૩૭૨૦/એમ. તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૦૨ના ફેકસ સંદેશાથી નવરાત્રી પર્વ દરમ્યાન રાત્રિના ૨૪=૦૦ કલાક સુધી લાઉડ સ્પીકર વગાડવાની છૂટ આપવા સૂચના મળેલ છે.

વાસ્તે હું એસ. એમ. સંગાડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ડબલ્યુ એ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે અત્રેના જાહેરનામાં ક્રમાંક/એમએજી/જાહેરનામું/વશી/૨૬૯૪ તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૨થી નર્મદા જિલ્લામાં નવરાત્રીના પર્વ દરમ્યાન રાત્રિના ૨૨=૦૦ કલાક પછી લાઉડ સ્પીકર નહી વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. તેના બદલે રાત્રિના ૨૪=૦૦ કલાક સુધી ધીમા અવાજે લાઉડ સ્પીકર વગાડી શકશે. અને રાત્રિના ૨૪=૦૦ કલાક પછી લાઉડ સ્પીકર વગાડી શકશે નહી તે મુજબના સુધારો મુળ જાહેરનામાંમાં કરવા આથી ફરમાવવામાં આવે છે.

મુળ જાહેરનામાંની બાકીની શરતો યથાવત રહેશે.

આજ તારીખ ૧૨મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

એસ. એમ. સંગાડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) મુજબ.

ક્રમાંક ઉ/મકપ/પલસ/વશી/૪૨૦૧.- પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૦૨ સુધીના દિવસો દરમ્યાન યાત્રાળુઓ/લોકોની મોટી સંખ્યામાં અવર જવર રહેનાર હોવાથી તેમજ પાવાગઢ તળેટીથી માંચી સુધીનો રસ્તો ખુબજ વાંકો ચુંકો તથા સાંકડો છે. જેથી લોકોની

INDEX

જવર દરમ્યાન લોકોને ભય, હરકત ન થાય તે હેતુ ટ્રાફીક નિયમન તથા અકસ્માત કે જાનહાનિ ના થાય તે માટે જાહેર હિતમાં પાવાગઢ તળેટીથી માંચી સુધીના રસ્તા ઉપર ભારે તેમજ હળવા વાહનો જેવા કે, ટ્રકો, ટેમ્પા, લકઝરી બસો, મેટાડોર, જીપો, ઓટોરીક્ષા વિગેરે તથા ઈંધણથી ચાલતા દ્વિચક્રી વાહનોની હેરાફેરી ઉપર નિયંત્રણ કરવું જરૂરી જણાય છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમની૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) અન્વયે મળેલ અધિકારીની રૂએ હું શ્રી બી. એન. ડામોર, (જી. એ. એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા ફરમાવું છું કે, પાવાગઢ તળેટીથી માંચી જવાનાં માંચી સુધીનાં રસ્તા ઉપર ભારે તેમજ હળવા વાહનો જેવા કે, લકઝરી બસો, ટ્રકો, ટેમ્પા, તેમજ મેટાડોર, જીપ, ટેક્ષી, ઓટોરીક્ષા વિગેરે તથા ઈંધણથી ચાલતા દ્વિચક્રી વાહનો વિગેરે વાહનોની તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૦૨(બંને દિવસો સહીત) સુધીના સમયગાળા માટે હેરાફેરી કરવી નહી. આહુકમ સરકારી વાહનો કે જે ફરજના ભાગ માટે ઉપયોગમાં લેવાતા હોય તેને લાગુ પડશે નહી.

આજ તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી. ૨૩૭૨/૨૦૦૨.- ડેપ્યુટી કમાન્ડન્ટ સી. આઈ. એસ. એફ. યુનિટ યુ. ટી. પી. એસ. ઉકાઈનાએ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી ખાતર હું જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સને. ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ રાખેલ હોય, સદરહુ વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈ પણ અન અધિકૃત વ્યક્તિઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર, ઢાખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુની ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાનેપાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જે. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ/મકમ/પલસ/વશી/૨૭૬૬/૨૦૦૨.- જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પંચમહાલ, ગોધરાના પત્ર નં. એમએજી/વશી. ૩૮૦૯ તારીખ ૩૧ ઓકટોબર, ૨૦૦૨થી અત્રે જણાવેલ છે, કે કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈદાહોદના તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના પત્ર નં. દાસિવી/પીબી/કોલીયારી/૯૧૦/૨૦૦૨થી જણાવ્યા અનુસાર કોલીયારી સિંચાઈ યોજનાનું બાંધકામ તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૦૨થી કરવા સરકારશ્રી એ નક્કી કર્યા પ્રમાણે શરૂ કરવાનું થાય છે અને બાંધકામ દરમ્યાન સુલેહ શાંતિ જળાવાઈ રહે તે હેતુ માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધક હુકમ બહાર પાડવા જણાવેલ છે.

વાસ્તે કોલીયારી બંધ ડેમ વિસ્તારમાં ડેમના અસરગ્રસ્તો દ્વારા ડેમ સાઈડને નુકશાન થાય તેવી શકયતાઓના લીધે લોકોના જાનમાલ જોખમ અને ભયમાં મૂકાય નહી અને સુલેહ, શાંતિ જળવાઈ રહે અને એવી રીતે જાહેર સુલેહ શાંતિનો ભંગ અટકાવવા તથા ડેમ સાઈડની સરકારી મિલ્કતને નુકશાન ન થાય, તેને અંકુશમાં લેવાનું જણાતુ હોઈ કોલીયારી સિંચાઈ ડેમના બાંધકામને પંચમહાલ જિલ્લાની હદ પુરતા આજુબાજુના ૨૦૦ મીટરનો વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવાપાત્ર જણાય છે.

તેથી હું જે. ડી. જોષી (જી.એ.એસ.), સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ, પ્રાંત ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નીચે આપેલ અનુસૂચિમાં નિર્દેશેલા વિસ્તારમાં કોઈ પણ ઈસમે, અવર-જવર કરનારાઓએ, પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસૂચિમાં નિર્દેશ કરેલા વિસ્તાર પુરતુ તે અનુસૂચિમાં દર્શાવેલ મુદત દરમ્યાન વિસ્તારની અંદર આવેલ કોઈ પણ માર્ગ, જાહેર રાહદારી રસ્તો, રાજમાર્ગ, શેરી ગલી, પેટા ગલીમાં સવારી કરવી નહી, વાહન હંકારવું નહી અથવા હરવું-ફરવુ નહી અથવા તેનો બીજો કોઈ ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	મુદત
કોલીયારી સિંચાઈ ડેમના બાંધકામની પંચમહાલ જિલ્લાની હદ પુરતા આજુબાજુના ૨૦૦ મીટરનો વિસ્તાર	તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૦૨થી તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૨ (બન્ને દિવસો સાથે)

આજ હુકમ ફરજ પરની પોલીસને તથા આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહી.

આજ તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. જોષી,
સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ,
ગોધરા પ્રાન્ત, ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, NOVEMBER 7, 2002 / KARTIKA 16, 1924 [No. 45

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1441-1448
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	45
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	487-519
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	21573-22421

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા
જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,(સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૩ (૧) (બ) અન્વયે કાઢેલ દ્વિચક્રી વાહનો ડબલ સવારી ઉપર પ્રતિબંધ.

નંબર ઉ/ગપક/૭૨૭/વિ.શા./૨૦૦૨.- તાજેતરમાં ગાંધીનગર અક્ષરધામમાં થયેલ આંતકવાદી હુમલાના અનુસંધાને, નજીકના સમયમાં નવરાત્રીનો તહેવાર આવતો હોઈ હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ પેટ્રોલ, ડીઝલ, વિગેરેથી મશીન સંચાલીત દ્વિચક્રી વાહનો જેવા કે મોપેડ, સ્કુટર, મોટરસાયકલ તથા સાઈડકાર ઉપર એક કરતાં વધુ માણસો બેસી જુદા જુદા પ્રકારે લોકોના જાનમાલને સલામતીને ભયમાં મુકવાના બનાવો બનવા સંભવ છે. તે લક્ષમાં લેતા જાહેર જનતાના રક્ષણઅર્થે તથા તેવા બનાવો બનતા અટકાવવા માટે આવા વાહનો ઉપર એક ચાલક ઉપરાંત બીજી વ્યક્તિની સવારી તાત્કાલીક અટકાવવાનું મને ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બ) થી મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણેનો હુકમ કરૂ

INDEX

તારીખે ૫મી ઓકટોબર, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨ ના કલાક ૨૪-૦૦ સુધીના સમય દરમ્યાન અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતના સમગ્ર વિસ્તારમાં પેટ્રોલ, ડીઝલથી કે સ્વયંમ સંચાલીત દ્વિચક્રી વાહનો જેવા કે મોપેડ, સ્કુટર, મોટરસાયકલ, સાઈડકાર વગેરે ફક્ત વાહન ચાલક ફેરવી શકશે, અને તેવા કોઈ પણ વાહનો ઉપર જાહેર જગ્યામાં ડબલ સવારી ફરવા ઉપર આ હુકમથી પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

ફક્ત સ્ત્રીઓ અને નાના બાળકોને ઉપરોકત પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે.

આજ તારીખ ૧લી માહે ઓકટોબર સને ૨૦૦૨નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/૭૯/૨૦૦૨.-હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,બોમ્બે પોલીસ એકટ, ૧૯૫૧ (બોમ્બે એકટ,૨૨ અ. નં. ૧૯૫૧) ની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) (યુ) થી મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના જાનમાલની તેમજ મીલ્કતોની સલામતી માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ સાબરમતી વિસ્તારમાં ચેનપુર રોડપાસે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનનો ડેપો આવેલ છે. તે ડેપોની હદથી ૬૦૦ (છસો) મીટરની હદમાં કોઈ વ્યક્તિ કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકશે નહીં.

સદરહુ હુકમ તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨ ના મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૨૮/૨૦૦૨.-અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૨ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૦૨ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી માહે ઓકટોબર સને ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઈ-૨૭૨/૧૫૬/૨૦૦૨.-અમદાવાદ શહેર પોલીસ મુ. મ. ખાતે આવેલ રાવોલ્વર ફાયરીંગ બટ જે સુભાષબ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદરી જગ્યા પર તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધીના સમય દરમ્યાન પોલીસ અધિકારીઓ રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોય સદર જણાવેલ હદમાં રહેતાં પ્રજાજનો તથા ઢોર ઢાખરની સલામતી સારૂ સને ૧૯૫૧ના મુંબઈ પાલીસ અધિનિયમ, કલમ-૩૭(૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૨ના થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુના રહીશો તેમજ બહારની કોઈ પણ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં જવું નહીં અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવો નહીં.

રીવોલ્વર પ્રેકટીશનો સમય સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

મે. આજરોજ તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ સહી સિક્કા માર્યા છે.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

સી. આર. પી. સી. ૧૯૭૩ ની કલમ-૧૪૪ (૧) અન્વયે.

ક્રમાંક ઉ/ગપક/ફટાકડા/૧૯૮૬/૨૦૦૨.-આગામી દિવાળીના તહેવાર દરમ્યાન શહેરમાં ફટાકડા દારૂખાનું મોટા પ્રમાણમાં ફોડવામાં આવે છે. ચાલુ સાલે પણ દિવાળીના તહેવાર દરમ્યાન મોટા પ્રમાણમાં ફટાકડા દારૂખાનું ફોડાય તેવી શકયતા છે.

INDEX

સુરત શહેર કમિશનરેટ વિસ્તારમાં આવેલ પેટ્રોલપંપો તેમજ હજીરા ખાતે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન, બી.પી.સી.એલ. આઈ.બી.પી. કંપનીં, એચ.પી.સી.એલ. ડેપો આવેલ છે. પુણા કુંભારીયા રોડ સરોલી ગામ નજીક હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન પ્લાન્ટ અને એલ.પી.જી. ગેસ પ્લાન્ટ જેવા વાઈટલ ઈન્સ્ટ્રોલેશન પ્લાન્ટ જેમાં પેટ્રોલ, ડીઝલ પ્રવાહી ગેસનો જથ્થો રખાયેલ છે. તહેવારો દરમ્યાન ફોડતા ફટાકડા દારૂખાનાથી આ પેટ્રોલપંપો તથા ડેપો વિગેરેને મોટુ નુકશાનની થવાની સંભાવના રહે છે, જેથી સુરત શહેરની જનતાને તે વિસ્તારમાં ફટાકડા/ દારૂખાનું ફોડવા અને તે વિસ્તારમાં લઈ ફરવા ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી હું, વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) ની જોગવાઈ હેઠળ મને મળેલ સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડી ફરમાવું છું કે, આ જાહેરનામું બહાર પડયા તારીખ ૨૫મી ઓકટોબર, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૨ના ૨૪-૦૦ સુધીના સમય દરમ્યાન શહેરના તમામ પેટ્રોલપંપો હજીરા ખાતે આવેલ પેટ્રોલીયમ ડેપો તેમજ સરોલી ગામ નજીકના હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશનના એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈ પણ વખતે ફટાકડા તથા દારૂગોળો ફોળી શકાશે નહિ. ઉપરાંત સુરત શહેરના પોલીસ કમિશનરના બાકીના સમગ્ર વિસ્તારોમાં રાત્રે કલાક ૧૦-૦૦ થી સવારના કલાક ૦૬-૦૦ સુધી ફટાકડા તથા દારૂગોળો ફોડી શકાશે નહીં.

એનેક્ષર 'એ'માં જણાવ્યા મુજબના સ્થળોને 'શાંત વિસ્તાર' (સાયલંસ ઝોન) તરીકે જાહેર કરેલ હોય અને તે ઉપરાંતના જે સ્થળોને 'શાંત વિસ્તાર' તરીકે જાહેર કરવામાં આવેલ તેની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈ પણ સમયે ફટાકડા / દારૂગોળો ફોડી શકાશે નહિ.

નામદાર સુપ્રિમ કોર્ટે રીટપીટીશન સીવીલ નંબર ૭૨/૧૯૯૮માં જે ચુકાદો આવેલ છે, તે ચુકાદાને અનુલક્ષીને નીચે મુજબની સુચનાઓનો અમલ કરવા સર્વે નાગરીકોને જણાવવામાં આવે છે.

(૧) ૧૨૫ ડેસીબલ (એ.આઈ.) યનીટ અથવા ૧૪૫ ડેસીબલ (સી) પી.કે. યુનીટથી વધે નહી તેવા ફટાકડાનું ઉત્પાદન, વેચાણ કે વપરાશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

(૨) સંબંધિત સત્તાધિકારીઓએ જાહેર કરેલ '' શાંત વિસ્તારો '' માં કોઈપણ સમય ગાળા દરમ્યાન ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. શાંત વિસ્તારો એનેક્ષર 'એ' ઉપર દર્શાવવામાં આવેલ છે.

(૩) તદ્ઉપરાંત ઝુમખામાં ફોડાતા ફટાકડાઓના કિસ્સાઓમાં આ મર્યાદા ઘટાડીને પલૌગ ૧૦-જી-૧૦-એન ડેસીબલ એમ અવાજનો યુનીટ ઘટાડવામાં આવે છે. રાત્રીના કલાક ૧૦-૦૦ સવારના કલાક ૦૬-૦૦ દરમ્યાન ફટાકડા / દારૂગોળો ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરોકત સુચનાઓનો સખ્ત અમલ ફરમાવવામાં આવે છે અને તેનું ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ફોજદારી કાયદાની કલમ ૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

એનેક્ષર – એ

સુરત શહેરમાં નીચેના વિસ્તારોને '' શાંત વિસ્તાર '' તરીકે જાહેર કરેલ છે.

(૧) અઠવા ગેટ પોલીસ ચોકીથી અઠવાલાઈન્સ ચોપાટીના પશ્ચિમ તરફના કોર્નર સુધી મજકુર વિસ્તારમાં દવાખાનું, કોલેજ વગેરે આવેલ હોય, સાયલંસ ઝોન, (જાહેરનામાં ક્રમાંક પી.ઓ.એલ. ૧૫૨૯/૭૭, તારીખ ૨૬મી જુન, ૧૯૭૭)

(૨) બાલાજી રોડ પર આવેલ સુરત જનરલ હોસ્પિટલ, ઘર નં. ૯/૧૫૧૧ થી ૯/૧૫૨૫ સુધી સાયલંસ ઝોન. (જાહેરનામાં ક્રમાંક પી.ઓ.એલ., તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૭૭)

(૩) મીરઝા સ્વામી રોડ ઉપર ચીનીવાળાની પોળના નાકે થી તુર્કીવાળા જવાના રસ્તાની ઉપર મ્યુનિ. કોર્પોરેશનની ઓફિસ તથા મ્યુનિ. કોર્ટ તથા જીવન વીમા કોર્પોરેશનની ઓફિસ આવેલ હોય સાયલંસ ઝોન. (જાહેરનામાં ક્રમાંક પી.ઓ.એલ., તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૭૮)

(૪) પુતળીથી છાપગર શરી, કાળા મહેતાની શેરી તરફ જતા રસ્તો તથા છાપગર શેરી, ખાંગડ શેરીના કોર્નર ચાર રસ્તા વિસ્તારમાં મહાવીર જનરલ હોસ્પિટલ વિસ્તાર સાયલંસ ઝોન.

(જાહેરનામાં ક્રમાંક પી.ઓ.એલ., તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૭૭)

(૫) નાનપુરા બહુમાળી કંપાઉન્ડમાં તથા આસપાસ વિવિધ કચેરીઓ આવેલ હોય, કંપાઉન્ડમાં તથા આસપાસથી દાખલ તથા વાહનો હોર્ન વગાડી મોટર વાહનોને રેસ કરી ઘોંઘાટ કરતા હોય તે ઉપર પ્રતિબંધ આ વિસ્તાર સાયલંસ ઝોન. (જાહેરનામાં ક્રમાંક ઉ/ગપક/ટફક/સા.ઝોન/ બહુમાળી મકાન/૨૧૯૬૪/૮૩, તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૮૩)

આજરોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૨ના મારા સહી સિક્કા કરી આપેલ છે.

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાચ્યાં :- (૧) અત્રેના જાહેરનામાં ક્રમાંક/એમજી-ટ્રા. વશી-૨૦૫૨-૨૦૦૧, તારીખ ૮મી મે, ૨૦૦૧.

(૨) સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના પત્ર નંબર-એમજી-પીઓએલ-વશી-૧૭૫૫ તારીખ ૨૭મી જુન, ૨૦૦૨.

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૨, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨માં)અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧) હેઠળ મળેલા અધિકાર અન્વયે સદરહુ કાયદાની કલમ-૩૩ (૧)ની પેટાં ક્લોઝ(બી) હેઠળ આમુખ (૧)નાં જાહેરનામાથી પ્રાથમિક રીતે પ્રસિદ્ધ કરેલા ઘડવા ધારેલા નિયમો તથા તેનાથી અસર થતા લાગતાવળગતા તમામની જાણ માટે પ્રસિદ્ધ કરી જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી દિન ૩૦ (ત્રીસ) માં વાંધા સૂચનો માંગવામાં આવેલ.

જાહેરનામું પ્રસિદ્ધ થયાના નિયત સમય મર્યાદામાં આ કામે લીંકરોડ પર તથા હાઉસીંગ બોર્ડ વિસ્તારમાં આવેલ જુદી જુદી સોસાયટીઓના રહીશો હોદેદારો તરફથી વાંધા સૂચનો અત્રે મળેલ, જે ઉપલબ્ધ થયેલ વાંધા-સૂચનો પરત્વે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચનો અભિપ્રાય મેળવી તેના પર યોગ્ય વિચારણા કરવામાં આવેલ

INDEX

છે. અત્રેના જાહેરનામાં ક્રમાંક એમજી-ટ્રા.-વશી-૨૦૫૨-૨૦૦૧ તારીખ ૮મી મે, ૨૦૦૧થી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) ના પેટા ક્લોઝ-બી-હેઠળ ભરૂચ શહેરમાં લીંકરોડ પર આવેલ સોસાયટીઓનાં આંતરિક રસ્તાઓ પરથી ભારે વાહનો (ટ્રકો)નાં જવા તથા આવવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. તથા મોટા વાહનો શક્તિનાથ લીંકરોડ પરથી દહેજ બાયપાસવાળા માર્ગે પસાર થઈ શકશે તે મતલબનો નિયમ પણ ઠરાવેલ છે. જે અન્વયે ઉપલબ્ધ થયેલ વાંધાઓ જોતા ભરૂચ શહેરની ઉત્તરે શક્તિનગર વિસ્તારની જુદી જુદી સોસાયટીઓના પ્રમુખો, વ્યક્તિઓ, હોદેદારો વિગેરે તરફથી લીંકરોડ વિસ્તારમાં આવેલ સોસાયટીઓ, આંતરિક રસ્તાઓ પરથી ભારે વાહનો જવા આવવા માટે પ્રતિબંધ મુકતુ જાહેરનામું રદ કરવા રજુઆત કરી છે તે અન્વયે મળેલ તમામ વાંધાઓ અત્રેથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચને મોકલી તેમની રજુઆતો મેળવી સાંભળી જરૂરી અહેવાલ મોકલવા જણાવેલ જે અંગે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચે તમામ વાંધેદારોને રજુઆત કરવાની પુરતી તક આપી સ્થળ નિરીક્ષણ પણ કરવામાં આવેલ છે. તેમજ અત્રેથી તારીખ ૮મી મે, ૨૦૦૧થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામા મુજબ શક્તિનગર લીંકરોડ ઉપરથી માલવાહક ભારે વાહનો (ટ્રકો) પસાર થવા પર પ્રતિબંધ મુકવા ઉક્ત આમુખ (૨) નાં પત્રથી અભિપ્રાય આપેલ છે.

ઉક્ત રીતે અત્રેના તારીખ ૮મી મે, ૨૦૦૧નાં પ્રાથમિક જાહેરનામાના અનુસંધાને નિયત સમય મર્યાદામાં ઉપલબ્ધ થયેલ વાંધાઓ-સૂચનો પર યોગ્ય વિચારણા કરી તથા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચનો અભિપ્રાય ધ્યાને લઈ આ કામનો આખરી જાહેરનામાનો મુસદ્દો નીચે મુજબ પ્રસિદ્ધ કરૂં છું.

: આખરી જાહેરનામાનો મુસદ્દો :

ભરૂચ શહેરમાં લીંકરોડ વિસ્તારમાં રહેણાંકની સોસાયટીઓ આવેલ છે. સોસાયટીઓના રસ્તાઓ સાંકડા તથા વળાંકવાળા હોય, તેમજ નાના-મોટા વાહનોની તથા રાહદારીઓની અવર-જવર મોટા પ્રમાણમાં રહેતી હોય, મોટા ભારે માલવાહક વાહનો આ વિસ્તારમાં પસાર થવા દેવાને કારણે અકસ્માત થવાની શક્યતા રહેલી છે. અને ટ્રાફીકને પણ અડચણરૂપ છે. જેથી લીંકરોડ પર આવેલ સોસાયટીઓનાં આંતરિક રસ્તાઓ પરથી ભારે માલ-વાહક વાહનો (ટ્રકો)ના જવા આવવા પર પ્રતિબંધ ફરમાવવાનું અને અન્ય રસ્તા દહેજ બાયપાસ રોડ પરથી વાહન વ્યવહાર પસાર કરવા માટેનું નક્કી કરવું આવશ્યક જણાય છે.

જેથી હું, અંજુ શર્મા (આઈ. એ. એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ(૧) નાં પેટા ક્લોઝ-બી અન્વયે મળેલ સત્તાની રૂએ ભરૂચ શહેરમાં શક્તિનગરથી લીંકરોડ પર આવેલ સોસાયટીઓના આંતરિક રસ્તાઓ પરથી ભારે માલવાહક વાહનો (ટ્રકો)ના જવા તથા આવવા પર પ્રતિબંધ ફરમાવું છું. મોટા વાહનો શક્તિનાથ લીંકરોડ પરથી દહેજ બાયપાસવાળા માર્ગે પસાર થઈ શકશે તે મતલબનો પણ નિયમ કરી ઠરાવું છું.

આ નિયમ નીચે મુજબના વાહનોને લાગુ પડશે નહી.

(૧) અગ્નિશામક વાહનો, એસ.ટી બસો, સ્કુલ બસો, તથા સરકારી ભારે વાહનો.

(૨) શકિતનગરના પીકઅપ સ્ટેન્ડ વિગેરે સ્થળથી કંપનીના કર્મચારીઓને લઈ જતી-આવતી કંપનીની બસોને.

(૩) ખાસ કિસ્સાઓમાં રજુઆતની ગુણવત્તા ધ્યાને લઈ બપોરના ૧૨-૦૦ થી ૩-૦૦ દરમ્યાન જાહેરનામામાંથી મુકિત આપવાના અધિકાર સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ભરૂચને સુપ્રત કરવામાં આવેલ છે.

પરિશિષ્ટ

(૧) શહેરની ઉત્તરે શક્તિનાથ રેલ્વે ફાટકને વટાવી લીંકરોડ પર આવેલ સોસાયટીઓના તમામ આંતરિક રસ્તાઓ.

ઉક્ત પરિશિષ્ટમાં જણાવેલ માર્ગ ઉક્ત તમામ ભારે વાહનોના વહન અવર-જવર માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવેલ છે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને એક માસ સુધીની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબની દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૭મી માહે ઓક્ટોબર, સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૨/પીઓએલ/૨૦૦૨વશી.૨૮૯૮થી ૨૯૪૭.- દિવાળીના તહેવારો નિમિતે ફટાકડાનો વિશેષ પ્રમાણમાં થતો ઉપયોગ ધ્યાને લઈ હવા/અવાજના પ્રદુષણને નિયંત્રણ કરવા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના હુકમથી મળેલ સુચનાઓ મુજબ ૧૨૫ ડેસીબલ (એ.આઈ.) યુનિટ અથવા ૧૪૫ ડેસીબલ (સી) પી.કે. યુનિટથી અવાજ વધે નહી તેવા ફટાકડાનું ઉત્પાદન, વેચાણ કે વપરાશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

સબબ નામદાર સુપ્રિકમ કોર્ટ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના હુકમથી મળેલ સુચના મુજબ, જિલ્લામાં દિવાળીના તહેવાર પ્રસંગે હવા/અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવાનું વ્યાજબી કારણ છે.

વાસ્તે હું, એસ. એસ. વાઘેલા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં દિવાળી તહેવાર નિમિત્તે ઉપયોગમાં લેવાતા ૧૨૫ ડેસીબલ (એ.આઈ.) યુનિટ અથવા ૧૪૫ ડેસીબલ (સી) પીકે યુનિટથી અવાજ વધે નહી તેવા ફટાકડાનું ઉત્પાદન વેચાણ કે વપરાશ કરવા અંગે હવા/અવાજના થતા પ્રદુષણને કારણે પ્રતિબંધ મુકવામાં આવે છે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સહિતની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

સદર આદેશ તારીખ : ૧૦મી નવેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

INDEX

આજ તારીખ ૨૧મી ઓકટોબર ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.૧૮/૨૦૦૨.-મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, કાયદો વ્યવસ્થાની પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવુ છું કે, તારીખ ૧૯મી ઓકટોબર, ૨૦૦૨થી તારીખ ૨૯મી ઓકટોબર, ૨૦૦૨ સુધી (બંને દિવસો શુધ્ધા)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના સબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) અન્વયેનો.

વાચ્યું : ડોડસલ પ્રા. લી. ચીફ ઓફિસરનો તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૨ તથા ૧લી ઓકટોબર, ૨૦૦૨નો પત્ર.

નંબર ડીસીબી/એમએજી/વશી-૫૨૪૦/૨૦૦૨.-ડોડસલ પ્રા. લી.ના ચીફ ઓફીસરશ્રીએ તારીખ ૧૦મી જુલાઈ, ૦૨ ના રોજ અત્રે હેવાલ મોકલી જાણ કરેલ છે કે, ગ્રીડ નેશનલ હાઈવે નં. ૮ ઉપર ફલાય ઓવર બ્રીજની કાર્યવાહી કરનાર હોઈ સદર ફલાય ઓવર બ્રીજના કામકાજ દરમ્યાન વાહનોને કે વાહન ચાલકોને કનડગત ઉપસ્થિત ન થાય તેમજ રસ્તામાંની તથા સાર્વજનિક જગ્યા ઉપરની સર્વ પ્રકારની રાહદારીનું તથા સવાર થઈને જનારાઓનું કે ગાડી-સાયકલ ઉપર જનારાઓનું તેમજ ઢોરોને દોરીને લઈ જનારા કે સાથે જનારાઓના સદરહું ગ્રીડ નેશનલ હાઈવે નંબર-૮ વાળી જગાના કરવાના ઉપયોગનો હેતુ લોકોને થતી અવર-જવરના ટ્રાફિક નિયમનને અસર થવાની સંભાવનાને ધ્યાનમાં લેતાં જાહેર જનતાના હીતમાં સલામતીના પગલાં લેવા ઉચિત જણાયુ છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧ના ૨૨ માંની)ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) ના ક્લોઝ (ખ)થી મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. બી. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી નીચેના નિયમો કરૂ છું.

તારીખ ૧૯મી ઓકટોબર, ૨૦૦૨થી તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૦૩ બંને દિવસો સહિત (છ માસ)ના ૨૪ કલાક દરમ્યાન કોઈ પણ રાહદારી કે સવાર થઈને જનાર વાહન ચાલક કે ગાડી સાયકલના ચાલક અથવા ઢોરોને દોરી લઈ જનાર કે સાથે જનારાઓએ ગ્રીડ નેશનલ હાઈવે નંબર-૮ના રસ્તામાંની જગાનો નીચે મુજબ ઉપયોગ કરી ટ્રાફિક નિયમનની જાળવણી કરવી.

"નેશનલ હાઈવે નં. ૮ ઉપર ગ્રીડ ચાર રસ્તા ઓવરબ્રીજના કામે પશ્ચિમે શીતલ હોટલની સામે પૂર્વ દિશામાં નાની ચોવીસી વિસ્તારના નેશનલ હાઈવે ઉપર આવેલા ગેટથી શરૂ કરી મુંબઈ તરફ હાઈવે નં.૮ ગ્રીડ ચાર રસ્તા જંકશન સુધી અમદાવાદથી મુંબઈ તરફ જતા વાહનોના માર્ગ બંધ કરી આ માર્ગ ઉપરથી પસાર થતા તમામ વાહનો નાની ચોવીસી થી ગ્રીડ ચાર રસ્તા જંકશન સુધીના મુંબઈ થી અમદાવાદ તરફ જવાના પશ્ચિમ તરફના માર્ગ ઉપરથી પસાર થઈ શકાશે".

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની ૨૨માની કલમ-૧૩૧માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૧૯મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબનો.

નંબર ઉ/મકપ/મજસ/વશી-૪૨૧૨.-પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકા ખાતે આવેલ ફાયરીંગ સંત બટ વિસ્તાર જિલ્લા પોલીસ અધિકારીશ્રી, દાહોદએ તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૦૨ના પત્રથી પોલીસ અધિકારીઓ/કર્મચારીઓની સને. ૨૦૦૨ની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૨થી ૩૦મી નવેમ્બર, ૨૦૦૨ સુધી અનામત રાખવા દરખાસ્ત કરેલ છે.

સબબ હું, બી. એન. ડામોર, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭/૪ મુજબ મને મળેલા અધિકારની રૂએ ફરમાવુ છું કે પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના "ફાયરીંગ સંત બટ" તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૨થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૨ સુધી (બંને દિવસો સહિત) પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ માટે ફાયરીંગ પ્રેકટીસ માટે રીઝર્વ રાખવું અને સદરહુ જમીનમાં ઉપરોક્ત સમય દરમ્યાર બહારના કોઈપણ અનઅધિકૃત શખ્સે દાખલ થવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈપીકો કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી/૨૪૪૨/૨૦૦૨.- પોલીસ અધિક્ષકશ્રી, આહવા-ડાંગ જિલ્લાનાં પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ/ ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી ખાતર હું જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૨ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ રાખેલ હોય, સદરહુ વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈ પણ અન અધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર, ઢાંખર વિગેરેએ સગરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુની ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીય પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જે. બી. વોરા.
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલે/વશી/૧૧૮૦-૧૧૮૯/૨૦૦૨.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ તેમજ નવરાત્રીનાં તહેવારોને અનુલક્ષીને જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાંતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૨નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો,

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશક્તિના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

INDEX

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિઓ.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી/૧૧૯૦-૧૧૯૯/૨૦૦૨.-જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિ તેમજ નવરાત્રીનાં તહેવારોને અનુલક્ષીને જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાંતા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ માં)ની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએહું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૨નાં સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી, કે સરઘસ કાઢવું નહી, તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓ એકત્ર / ભેગા થવું નહી.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમન-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી/૧૧૮૦-૧૧૮૯/૨૦૦૨.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આગામી ધાર્મિક તહેવારો તેમજ શબરીધામ-સુબીર ખાતેની રામકથાને અનુલક્ષીને જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાંતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૦૨નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો,

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર, કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિઓ.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૨૨મી ઓકટોબર, ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી/૧૧૯૦-૧૧૯૯/૨૦૦૨.- જિલ્લામાં આગામી ધાર્મિક તહેવારો તેમજ શબરીધામ-સુબીર ખાતેની રામકથાને અનુલક્ષીને જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાંતા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૨ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૦૨નાં સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહી, તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓ એકત્ર/ ભેગા થવું નહી.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાથ હોય તેવી વ્યક્તિઓ.

INDEX

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ :- ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી ઓકટોબર, ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડના આધારે)

તારીખ ૩, ૧૦, ૧૭, ૨૪, ૩૧ માહે ઓકટોબર સને ૨૦૦૨ના રોજ પૂરા થયેલા અઠવાડિયામાં ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિદ્ધ થયેલા છે.

અનું. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદો
૧	૨	૩
ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૦૨ની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોય, અને ચૂંટણીનો સમયબધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય અને યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોય અને સુનાવણી રાખી શકાય તેમ ન હોય, ઉપર પારામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ (૨) હેઠળ જાહેર કરૂ છું.

આ હુકમ તારીખ ૨૦મી ડીસેમ્બર ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી નવેમ્બર સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

મુબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૭૯૦ થી ૧૮૩૦.–ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ ભરૂચ જિલ્લામાં મતદાનની તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે તેમના હુકમ નંબર ૫૭૬/૧૧/ઈએસ/૦૨૮-૯૫-જીએસ/૧૬૮, તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૫નાં પારા નં. ૪. ૧માં આપેલ સૂચના મુજબ ચૂંટણીનાં મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ રાજકીય પક્ષના કે અપક્ષ ઉમેદવારનું સૂચના આપવા માટેનું અથવા મતદારોને મતદાર યાદીમાં અરજદારોનું નામ તથા નંબર પર આપેલ છે તે માટેની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવામાં આવે છે. તે ટેબલ મતદાન મથકના ૨૦૦ મીટર અંદરની ત્રિજયામાં ગોઠવવા દેવામાં આવશે નહિ.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો તથા તેમના સંસ્થા મારફતે જાહેર રસ્તાઓ પર ટેબલ ગોઠવવામાં આવે છે. આ ટેબલ ગોઠવવાથી લોકોમાં ભય, હરકત, અથવા અગવડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગા ઉપર કોઈ પ્રકારે રાહદારી તથા મત આપવા જનારા લોકોને અગવડ ઉભી થાય જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું, અંજુ શર્મા, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે-

(૧) તારીખ ૧૨મી ડીસેમ્બર ૨૦૦૨ના રોજ ભરૂચ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં તમામ મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજયામાં અને નગરપાલિકા વિસ્તારમાં ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ પક્ષના ઉમેદવારોને મત આપવા જનારા લોકોને મતદાર યાદીમાંથી તેમના નામ તથા મતદાર યાદીનો નંબર કાઢવા માટેની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવું નહિ કે ગોઠવવાની કોશિષ કરવી નહિ.

(૨) તથા આવું ટેબલ જાહેર રસ્તા ઉપર ગોઠવવા માટે શહેરી વિસ્તારમાં સબંધિત નગરપાલિકાના મુખ્ય અધિકારીની તથા ગ્રામ્ય વિસ્તારમાં જે તે ગામના તલાટી-કમ-મંત્રીની અગાઉથી પરવાનગી લેવાની રહેશે. તથા જો ખાનગી જમીન પર ટેબલ ગોઠવવામાં આવે તો જે તે જમીન માલિકની લેખિતમાં સંમતિ લેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૨મી ડીસેમ્બર ૨૦૦૨ના રોજ એક દિવસ પુરતો અમલમાં રહેશે. આજરોજ તારીખ ૧૨મી નવેમ્બર સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી-૧૯૩૨ થી ૧૯૭૨.-ભારતના નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ ભરૂચ જિલ્લામાં ચૂંટણીની તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨નાં રોજ તેમજ મતગણતરી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨નાં રોજ થનાર છે. ભારતનાં નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪, હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ મતદાન કેન્દ્રો તથા મત ગણતરી મથકની અંદર અને નજીક ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યક્તિ સેલફોન લઈ જવા અંગે પ્રતિબંધ મુકવા જરૂરી આદેશ બહાર પાડેલા છે.

સબબમુક્ત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતદાન કેન્દ્રો ખાતે મતદાનના દિવસે તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ ચૂંટણી પ્રચાર થતો અટકાવવા અને મતગણતરી મથકોએ મત ગણતરીના દિવસે એટલે કે તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨નાં રોજથી મતગણતરીની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રો અને મતગણતરી મથકોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યક્તિને સેલ્યુલર ફોન, પેજર, કોડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકીટોકી સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જેથી હુ અંજુ શર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

ભરૂચ જિલ્લામાં આવેલ તમામ મતદાન કેન્દ્રો અને ગણતરીના મથકોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યક્તિ મતદાન અને ગણતરીનાં દિવસોએ સેલ્યુલરફોન, પેજર, કોડલેસ ફોન અને વાયરલેસ સેટ, વોકીટોકી સેટ સાથે લઈ જઈ શકશે નહિ અથવા તેનો ઉપયોગ કરી શકશે નહિ.

આ આદેશનો ભંગ કરનારને જો કોઈ વ્યક્તિ પાસે સેલ્યુલર ફોન, પેજર, કોડલેસ ફોન અને વાયરલેસ સેટ, વોકીટોકી સેટ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારીએ આ સાધનો જમ કરી શકશે.

આ હુકમના નિયંત્રણ કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ ધરાવતા અધિકારીઓ સુરક્ષા અધિકારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, મતદાન અધિકારીઓ અને મતગણતરી અધિકારીઓને લાગુ પડશે નહિ.

આજ તારીખ ૧૨ માહે નવેમ્બર સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩)અન્વયે કાઢેલો.

ક્રમાંક -એસ.એ.જી./પી.ઓ.એલ./ચૂંટણી-વશી/૨૦૧૫ થી ૨૦૫૫.-ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૦૨નાં કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ ભરૂચ જિલ્લાનાં મતદાનની તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨નાં રોજ અને ગણતરીની તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨નાં રોજ નક્કી કરવામાં આવેલી છે. ભારતનાં નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક/૩/૮/૯૪ જેએસ-૨, તારીખ-૧૩/૧/૯૪નાં પારા નં. ૩૩ અને૩.૫માં આપેલ સૂચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરનાં ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

INDEX

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફક્ત નિયત મંચ ઉપર જ નહિ પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કૂટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂંબજ ઉંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ, અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદાજુદા ગામોએ, વસવાટોને મહોલ્લાએ, વસાહતો અને લત્તાઓમાં પણ જાય છે. આને કારણે ખૂબજ ધ્વનિ પ્રદુષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે અને તે ખૂબ જ મોડીરાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશક્ત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખૂબ જ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબજ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હું અંજુ શર્મા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર)(૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૬.૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨.૦૦ વાગ્યા સુધી જ કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૦૬.૦૦ વાગ્યા પહેલા અને રાત્રીનાં ૨૨.૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહિ.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસના હેતુસર સવારે ૬.૦૦ વાગ્યા પહેલા કે રાત્રે ૨૨.૦૦ વાગ્યા પછી સ્થળ પરજ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે, સબંધિત સરકારી સત્તાધિકારીએ જાત ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિ તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નકકી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે, સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતાં વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે કરવામાં આવતી અરજીઓમાં વાહનોનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહનો માટે પરવાનગી આપી હોય તે વાહન સંચાલકે પરવાનગીના હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતાં વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી-પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદાર વિભાગનાં ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર-પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૨મી નવેમ્બર સને ૨૦૦૨નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૨૦૫૬ થી ૨૦૯૬.-ભારતના નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ ભરૂચ જિલ્લામાં મતદાનની તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ તેમજ મતગણતરી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતનાં નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪, હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક /૩/૧૦/ઈએસ/૦૭૭/૯૪-જે.એસ. ૨-૫૨૧૬ તારીખ-૨૭ સપ્ટેમ્બર, ૧૯૯૪ તેમજ ગુજરાત રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીનાં પરિપત્ર ક્રમાંક/ઈએલ.સી-૧૦૯૮-૭૬(૨) છ, તારીખ-૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ જાહેરાત, પાટીયા, બેનર, વિગેરે મુકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાય છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચારરસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગ, માલિકીના મકાનો, વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો બેનરો, રાજકીય અગ્રણીઓનાં કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવશે. પ્રદર્શીત કરવામાં આવશે. એજ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેથી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા, બેનર્સ, ભીંતસૂત્રો, ધજા, પતાકા, ભીંતચિત્રો, વિગેરે ઉભા કરે છે. અથવા મૂકે છે. આને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભો થવા સંભવ રહે છે. તેમજ રાહદારીઓની અસલામતિ વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને જેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત, પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ મુકવા માટે હું અંજુ શર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

(૧) રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ, નિગમો, પંચાયતની માલિકોનાં માર્ગો, રસ્તાઓ, મકાનો અથવા અન્ય કોઇ જાહેર સસ્તાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભા-વિધાનસભાના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિ દ્વારા સમાચારબોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય, એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર ધજા, પટાકા, બેનર્સ મુકી શકાશે નહિ, કે દિવાલો પર ચિત્રો દોરાવી શકશે નહિ. કે કમાનો દરવાજા

INDEX

વિગેરે ઉભા કરી શકશે નહિ. (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ મૂકી શકાશે નહિ.)

(૨) સમાચાર બોર્ડ અથવા કટઆઉટ, જાહેરાત પાટીયા પોસ્ટર ધજા પતાકા બેનર્સ, ખાનગી માલિકીની જગ્યામાં મૂકવા માંગતા હોય તો લોકસભા-વિધાનસભાના ઉમેદવાર માટેના કોઈપણ મંડળ, સંગઠન અથવા વ્યક્તિએ નીચેની શરતોનુ પાલન કરવાની શરતે મૂકી શકશે કે ઉભા કરી શકશે.

(૧) હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફૂટ થ ૮ ફૂટથી વધારે હોવી જોઈશે નહિ.

(૨) કટઆઉટની ઉંચાઈ ૮ ફૂટથી વધવી જોઈશે નહિ.

(૩) જે તે રાજકીયપક્ષ ઉમેદવાર ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ, મુકવા હશે તે જગ્યાના માલિકોની લેખિત મંજુરી લીધેલી હોવી જોઈએ.

આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી/ચૂંટણી અધિકારી/ પોલીસ અધિકારી જ્યારે માગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) કટઆઉટ, જાહેરાત, ભીંતસુત્રો, પાટીયા, બેનર, વિગેરે કોઇક સ્થળે મૂકતા પહેલા તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીશ્રીને કરવાની રહેશે.

(૫) ખાનગી મિલકતોમાં હોર્ડીંગ્સ કટઆઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદા અનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઈએ.

આ હુકમનો ભંગ બદલ ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૨મી નવેમ્બર સને ૨૦૦૨નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક -એમ.એ.જી.-વશી/૨૦૯૭ થી ૨૧૩૭.-ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ તેમજ મતગણતરી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ નક્કી કરવામાં આવેલ છે. ભારતનાં નિર્વાચન આયોગે બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક/૪૬૪/એલએનઓ ઈએસ/૦૨૧-૯૪-તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪નાં પારા ૪.૧માં આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર અન્ય વાહનોની અવર જવર કરવા દેવામાં આવશે નહિ.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીયપક્ષો ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકજ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે અને ટ્રાફીકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીયપક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફરવવામાં આવતો હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતાં સર્વે પ્રકારના વાહનો ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે, જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હુ અંજુ શર્મા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી)થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) ભરૂચ જિલ્લામાં જાહેર રસ્તાઓ પર ત્રણ થી વધુ વાહનોના કાફલામાં મોટરકાર અને અન્ય વાહનો ઉપર અવર જવર કરવા દેવામાં આવશે નહિ.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહિ.

(૧) મેજિસ્ટ્રેટ અને પોલીસના વાહનોને

(૨) ચૂંટણી કામે જતા સરકારી વાહનોને સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે, સંપાદન કરેલ વાહનો.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૨મી નવેમ્બર સને ૨૦૦૨નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૧૯૫૧ના મુંબઈના-૨૨મા)ની કલમ-૩૩ (૧)(ઓ) મુજબનો.

નંબર પીઓએલ/૨/કઃ વ્ય./વશી/૪૬/૨૦૦૨.- મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ (૧)ની કલોઝ (ઓ) અન્વયે મળેલા અધિકારો અન્વયે આથી હું આર. બી. દવે, જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, આ સાથે જોડેલા પરિશિષ્ટમાં જણાવેલ શહેરો તથા ગામોએ તેની જાહેર જગ્યાઓ, રસ્તાઓ અને મહોલ્લામાં જાહેર સભાઓ યોજવા તથા સરઘસો કાઢવા અગર યોજવા માંગતા હોય તો તે અંગે કેવી રીતભાત તથા વર્તણુંકથી સભાઓ ભરવી તથા સરઘસો કાઢવા તેના માટે નીચે મુજબના હુકમો બહાર પાડું છું.

જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ અથવા આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલ અધિકારીની પુર્વ મંજુરી મેળવ્યા સિવાય કોઈ સરઘસ કાઢી શકાશે નહીં અથવા તેનો કોઈ સભ્ય કોઈપણ હથિયાર અથવા ભયજનક સાધન ઉપરોક્ત વર્ણન કરેલા વિસ્તારમાંથી પોતાની સાથે લઈ જઈ શકશે નહીં. સ્મશાનયાત્રા તથા લગ્ન પ્રસંગ જેવા કિસ્સાઓમાં આવી પરવાનગી લેવાની જરૂરત રહેશે નહીં.

જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ અથવા આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલ અધિકારીની પુર્વ મંજુરી મેળવ્યા સિવાય કોઈપણ જાહેરસભા પરિશિષ્ટમાં જણાવેલ શહેર, ગામની હદ મર્યાદાની જાહેર જગ્યાઓ, રસ્તાઓ અને મહોલ્લામાં ભરી શકાશે નહીં.

INDEX

અરજદારે પરવાનગી માટે લેખિત અરજી કરવાની રહેશે. તથા માંગણી કરનાર ઈસમ કે ઈસમો કે જેને આવા સરઘસ કાઢવાની કે સભા ભરવાની ઈચ્છા હોય તેમણે પોતાની સહીથી અરજી કરવી પડશે.

સરઘસ કાઢવાનું યોજેલ હોય તે દિવસથી પાંચ દિવસ અગાઉ અગર જાહેર સભા ભરવાના મુકરર કરેલ સમયથી અગાઉ ૨૪ કલાકથી ઓછા નહીં હોય તેવા સમયે યોગ્ય અધિકાર સોંપેલ અધિકારીને પરવાનગી મેળવવા માટે અરજી કરવી પડશે.

પરંતુ પરવાનગી માટેની અરજીમાં સંતોષકારક વ્યાજબી કારણો જણાવાશે તો ઉપર જણાવેલ મુકરર કરેલ સમયથી ઓછી સમયની અંદર અગાઉથી માંગેલ પરવાનગી અધિકૃત અધિકારી પોતાની મનસૂફીથી ગ્રાહ્ય રાખી આપી શકાશે. જ્યારે ભેગા થવાની અને સરઘસ કાઢવાની મંજુરીનો સક્ષમ અધિકારી દ્વારા ઈન્કાર કરવામાં આવે ત્યારે તે અંગે અરજદારને ઈન્કાર કરવાના ચોક્કસ કારણો જણાવવા જોઈશે અને કારણો ૧૯૭૫ના નિયમોના નિયમ-૮ને સુસંગત હોવા જોઈશે.

અરજદારે અરજીમાં નીચેની વિગતો દર્શાવવી પડશે.

(૧) સરઘસ યોજનારે અથવા સરઘસ કાઢવા ઈચ્છા ધરાવનાર અગર સભા ભરનાર અથવા ભરવાની ઈચ્છા ધરાવનારનું નામ.

(૨) કંઈ તારીખે સરઘસ કાઢવાનું છે, કયા હેતુ માટે સરઘસ કાઢવાનું છે, કયા રસ્તાઓ ઉપર થઈને તે પસાર થવા દેવાનું છે, તથા તે કાઢવાનો સમય તથા છેલ્લે મુકરર કરેલા સ્થળ સુધી પહોંચવાનો સમય અને વચ્ચે કોઈ સ્થળે તે રોકાવાનું હોય તો તે સ્થળનું નામ તથા સમય અથવા જાહેર સભા કઈ જગ્યાએ, કઈ તારીખે અને કેટલા સમયે ભરવાની છે તેની વિગત.

(૩) અરજદાર અથવા તેના પ્રતિનિધિએ પરવાના સાથે સરઘસ તથા સભામાં હાજર રહેવું પડશે અને યુનિફોર્મ ધારણ કરેલ કોઈપણ પોલીસ અમલદાર જ્યારે તપાસ માટે પરવાનાની માંગણી કરે ત્યારે તે પરવાનો રજુ કરવો પડશે.

(૪) જ્યારે યોગ્ય અધિકૃત અધિકારીની મંજુરી લઈને જાહેર સભા ભરાયેલ હોય ત્યારે જાહેર સભામાં ભાગ લેતા ન હોય તેવા પાંચ કે તેથી વધુ ઈસમોએ જાહેરસભાના સ્થળથી જાહેરસભા ભરાયેલ સ્થળની છેવટની જગ્યાએથી ૧૦ વારની અંદર ટોળુ બનાવી એકઠા થવું નહીં.

(૫) પ્રમાણીત જાહેરસભા ભરાયેલ હોય અને સદરહુ સભાની છેવટની જગ્યાએથી ૧૦ વારની અંદર પાંચ કે તેથી વધારે સંખ્યામાં એકઠા થયેલા માણસોનું ટોળુ કે જેઓ સભાનો ભાગ નથી તેમને સભાની જગ્યાએથી અગર જાહેરસભા ભરાયેલ સ્થળની છેવટની જગ્યાએથી ૧૦ વાર દૂર ખસી જવા માટે પણ પોલીસ અમલદાર ચેતવણી આપી શકશે.

કોઈપણ ઈસમ ઉપરોક્ત હુકમોનું અગર યુનિફોર્મ ધારણ કરેલ કોઈપણ પોલીસ અમલદારની ઉપર મુજબની ચેતવણીનું પાલન નહી કરે તો તે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ- ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ અધિનિયમની ઉપરોક્ત કલમ હેઠળ અગાઉ બહાર પાડવામાં આવેલ હુકમો જો કોઈ હોય તો તે આ હુકમ બહાર પાડ્યેથી આ વિષય પૂરતા આપોઆપ રદ બાતલ થયેલા ગણાશે.

આ હુકમો તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૨થી અત્રેથી બીજો હુકમ ન થાય સુધી અમલમાં રહેશે.

અનુ. નંબર	શહેર/ગામનું નામ	સભા સરઘસ માટે અભિપ્રાય આપનાર અધિકારીનું નામ	સભા/સરઘસ માટે મંજુરી આપનાર અધિકારીનું નામ
૧	આણંદ (શહેર)	વિભાગીય પોલીસ અધિકારીશ્રી, આણંદ અથવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદ	સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, આણંદ અથવા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, આણંદ (શહેર).
૨	આણંદ (ગ્રામ્ય)	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી	મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, આણંદ (ગ્રામ્ય).
૩	ઉમરેઠ તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી	મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ઉમરેઠ.
૪	આંકલાવ તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી	મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, આંકલાવ.
૫	બોરસદ તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી	મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, બોરસદ.
૬	પેટલાદ તાલુકો	વિભાગીય પોલીસ અધિકારીશ્રી, પેટલાદ અથવા સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી	સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પેટલાદ અથવા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પેટલાદ.
૭	સોજીત્રા તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી	મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, સોજીત્રા.
૮	તારાપુર તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી	મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તારાપુર.
૯	ખંભાત શહેર	વિભાગીય પોલીસ અધિકારીશ્રી, ખંભાત અથવા પોલીસ ઈન્સપેકટરશ્રી ખંભાત (ટાઉન)	મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ખંભાત.
૧૦	ખંભાત તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી	મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ખંભાત.

આણંદ, તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૨.

INDEX

હુકમ

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ -૧૯૫૧ ની કલમ ૧૨૭ -ક અન્વયે.

નંબર પીઓએલ/૨/ચુંટણી/એસ.આર.૫૦/૦૨.–આગામી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ યોજાનાર હોઇ, ચુંટણીને લગતાં ચોપાનીયા, ભીંતપત્રો વગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૨૭-કની જોગવાઇઓ મુજબ નિયંત્રણો અમલમાં મુંકવાનું જરૂરી જણાતું હોઇ, હું આર. બી. દવે (જી.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, નીચેની વિગતે પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

(૧) કોઇપણ વ્યકિત, જેના પર તેના મુદ્રક અને પ્રકાશનના નામ અને સરનામા હોય એવા ચુંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહીં અથવા છપાવી કે પ્રસિદ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઇપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિં, સિવાય કે,

(ક) તેના સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતા હોય એવા બે વ્યકિતઓએ શાખ કરેલ, પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય, અને

(ખ) લખાણ છપાયા પછી મુદ્રકે યોગ્ય સમયની અંદર લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ નીચેના મોકલી હોય,

(૧) ગુજરાત રાજયના પાટનગરમાં છપાવવામાં આવ્યું હોય ત્યારે મુખ્ય ચૂંટણી અધિકારી અને

(૨) બીજે પ્રસંગે, તે જે જિલ્લામાં છપાવવામાં આવ્યું હોય તે જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટને.

(૩) આ કલમ પુરતું,

(ક) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઇપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને ''મુદ્રક'' એ શબ્દનો તે પ્રમાણે અર્થ થશે અને

(ખ) ''ચૂંટણીને લગતું ચોપાનીયું અથવા ભીતપત્ર'' એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથના ચૂંટણીની તકો વધારવા કે અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ હોઇ છાપેલું ચોપાનીયું, હેન્ડબીલ, સુત્ર પાટિયું અથવા ચૂંટણીને લગતું ભીંતપત્ર એવો અર્થ થાય છે. પરંતુ, માત્ર ચૂંટણી સભાના તારીખ, સમય, સ્થળ અને બીજી વિગતો આપતા અથવા ચૂંટણી એજન્ટ કે કાર્યકરોને કામકાજ અંગેની સુચનાઓ આપતા હેન્ડબીલ, સુત્ર પાટીયા અથવા ભીંતપત્રોનો તેમાં સમાવેશ થતો નથી.

(૪) પેટા કલમ - (૧) અથવા પેટા કલમ - (૨) ની કોઇપણ જોગવાઇનો ભંગ કરનાર વ્યકિત છ માસ સુધીની કેદ અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણમાં લીધો :–

(૧) અત્રેની કચેરીનો હુકમ નંબર પીઓએલ/૨/કા. વ્ય./વશી. ૪૬/૦૨.–તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૨.

સુધારા હુકમ

નંબર પીઓએલ/૨/કા. વ્ય./વશી./૩૨૩૫.–આમુખ (૧)માં જણાવેલ હુકમથી સભાઓ યોજવા તથા સરઘસ કાઢવા અંગે સભા સરઘસની પરવાનગી આપવા અંગે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ઓ) મુજબનો હુકમ કરવામાં આવેલ છે. તથા તે સાથેના પરિશિષ્ટ મુજબના અધિકારીશ્રીઓને અભિપ્રાય આપવા માટે તથા પરવાનગી આપવા માટે અધિકૃત કરવામાં આવે છે. જે પરિશિષ્ટમાં સભા સરઘસ માટે અભિપ્રાય આપનાર અધિકારીશ્રીઓમાં સુધારો કરવામાં આવે છે. જે સુધારો પરિશિષ્ટ આ સાથે સામેલ રાખેલ છે. સબબ હવે પછી તે મુજબ અમલ કરવા આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા પરિશિષ્ટ

અનુ. નંબર	શહેર/ગામનું નામ	સભા સરઘસ માટે અભિપ્રાય આપનાર અધિકારીનું નામ	સભા / સરઘસ માટે મંજુરી આપનાર અધિકારીનું નામ
૧	૨	૩	૪
૧	આણંદ (શહેર)	પોલીસ ઈન્સ્પેકટરશ્રી, આણંદ (ટા)નાએ વિભાગીય પોલીસ અધિકારીશ્રી, આણંદ મારફત અથવા પોલીસ અધિકક્ષશ્રી, આણંદ મારફતે મોકલવું	સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, આણંદ તેમની અનુપસ્થિતિમાં મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, આણંદ (શહેર)
૨	આણંદ (ગ્રામ્ય)	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આણંદ (ગ્રામ્ય)
૩	ઉમરેઠ તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ઉમરેઠ

INDEX

૧	૨	૩	૪
૪	આંકલાવ તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આંકલાવ
૫	બોરસદ શહેર	પોલીસ ઇન્સપેકટરશ્રી, બોરસદ	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, બોરસદ
૬	બોરસદ તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, બોરસદ
૭	પેટલાદ શહેર	વિભાગીય પોલીસ અધિકારીશ્રી, પેટલાદ	સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પેટલાદ અથવા તેમની અનુપસ્થિતિમાં મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પેટલાદ
૮	પેટલાદ તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પેટલાદ
૯	સોજીત્રા તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, સોજીત્રા
૧૦	તારાપુર તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, તારાપુર
૧૧	ખંભાત શહેર	વિભાગીય પોલીસ અધિકારીશ્રી, ખંભાત	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ખંભાત
૧૨	ખંભાત તાલુકો	સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સપેકટરશ્રી	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ખંભાત

આજ તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

આર. બી. દવે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ-૪૩ (૧) મુજબ :-

ક્રમાંક પીઓએલ/કાર્તીકી પુનમ/મેળો/વશી/૩૧૮૨ થી ૩૧૯૪ /૨૦૦૨.-પાટણ જીલ્લાના સિધ્ધપુર મુકામે કાર્તીક પુનમનો મેળો તારીખ ૧૭મી નવેમ્બર ૨૦૦૨થી તારીખ ૨૧મી નવેમ્બર ૨૦૦૨ સુધી ભરાનાર છે. આ મેળામાં આજુબાજુના વિસ્તાર ઉપરાંત ઘણે દૂર દૂર થી મોટી સંખ્યામાં લોકો એકઠા થાય છે. જેથી જાહેર જનતાની તંદુરસ્તી અને જાહેર આરોગ્ય જળવાય તે સારૂં સાવચેતીના પગલાં લેવાની ખાસ આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ સિધ્ધપુર મુકામે સુધરાઈ વિસ્તારમાં અને મેળામાં આવતા-જતા તમામ ઈસમોને તારીખ ૧૭મી નવેમ્બર ૨૦૦૨થી તારીખ ૨૧મી નવેમ્બર ૨૦૦૨ સુધી બંન્ને દિવસો સુધ્ધાંત નીચેના નિયમોનું ચુસ્ત પાલન કરવા હુકમ કરૂં છું.

(૧) કોઈપણ વ્યકિતએ નદીના પાણીનો ઉપયોગ પીવા માટે કરવો નહી.

(૨) કોઈપણ વ્યકિતએ કુવામાંથી પાણી ખેંચવા માટે ફરજ ઉપર હાજર હોય તે માણસ આપે અગર કુવા ઉપર પુરૂં પાડવામાં આવે તે વાસણ સિવાય પોતાની પાસેનું કોઈપણ વાસણ પાણીમાં બોળવું નહી. અથવા વાસણથી પાણી ખેંચવું નહી.

(૩) કોઈપણ વ્યકિત જે સ્થળે મેળો ભરાવવાનો હોય તે સ્થળે નિયત કરેલી જગ્યા સિવાય. ઝાડા, પેશાબ કરવા નહીં.

(૪) ગંધાતા, વાસી, ઉતરી ગયેલા અથવા માનવ ખાદ્ય માટે ઉપયોગમાં ન આવે તેવા ફળફળાદી, પીણાં, ખોરાક કોઈએ વેચવા સારૂં રાખવો નહીં અથવા રાખેલા હશે તો તે જપ્ત કરવાને પાત્ર થશે અને ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેકટરશ્રી તથા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ અધિકૃત કરેલા કર્મચારીઓ જપ્ત કરી શકશે.

(૫) ખાન-પાનની દુકાનની હોટલો, રેસ્ટોરન્ટ તથા ફળ-ફળાદી વગેરેની દુકાનો તથા મનોરંજનના સ્થળોએ ફરજ પરના સેનેટરી ઈન્સ્પેકટર જાહેર તંદુરસ્તી અથવા સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જે સુચનાઓ આપે તેનો અમલ કરવો.

(૬) ફરજ પરના વૈદ્યકીય અધિકારીશ્રી તેમજ આરોગ્ય તપાસણી અધિકારીશ્રી, અથવા કોઈપણ અધિકારી જાહેર સ્વચ્છતાની દૃષ્ટિએ જરૂર જણાય તો મેળામાં આવનાર કોઈપણ યાત્રીઓની તપાસ કરી શકાશે અને કોઈપણ વ્યકિતને પ્લેગ, શીતળા, કોલેરા અથવા સ્વાસ્થયની ખાતર જરૂર જણાય તો આવા ઈસમોને મેળામાંથી ઈલાયદા રાખવામાં આવશે.

INDEX

જો કોઈપણ વ્યકિત ઉપરના નિયમોનો કોઈપણ ખંડનો ભંગ કરે અથવા તેમ કરવામાં કોઈપણ મદદગારી કરશે તો તે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૯ પ્રમાણે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર)(૩) અન્વયે કરેલ :-

નંબર એમએજી. વશી/૧૩૪૭/૨૦૦૨.-ભારતના નિર્વાચન આયોગ દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૨નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ, સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૧૨મી ડિસેમ્બર ૨૦૦૨ના રોજ મતદાન યોજાનાર છે. ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા તારીખ ૨૦મી ડિસેમ્બર ૨૦૦૨ના રોજ પુરી થનાર છે. ભારતના નિર્વાચન આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩-૮-૯૪ /જેએસ-૨ તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૪ના પારા નં. ૩.૩ અને ૩.૫માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડસ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચુંટણી પ્રક્રિયા દરમિયાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડસ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપર નહીં પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા વગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબ જ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદાજુદા ગામોએ, વસવાટોને મહોલ્લાએ, વસાહતો અને લત્તાઓમાં પણ પહોંચે છે. આના કારણે પ્રદુષણ થાય છે. અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખૂબ જ પ્રતિકૂળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે અને તે ખુબ જ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજની ખૂબ જ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબ જ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમિયાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હું, અવિનાશ જોશી, આઈ,એ,એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે જાહેરસભા કે સરઘસના હેતુસર કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો જિલ્લાના કોઈ પણ વિસ્તારમાં રાત્રે ૨૨-૦૦ કલાકથી સવારના ૬-૦૦ કલાક સુધી ઉપયોગ કરી શકાશે નહીં.

(૨) કોઈ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યાથી રાત્રિના ૨૨-૦૦ કલાક સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સબંધિત સરકારી સત્તાધિકારીએ જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેરશાંતિ જોખમાય નહીં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા કરતાં લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતાં વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકર માટે ઉપયોગમાં કરવામાં આવતી અરજીમાં વાહનોના પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન ચાલકે પરવાનગીનો હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતાં વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે જ પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાના રહેશે.

(૫) ફરતાં વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી (પરમીટ) મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર (પરમીટ)ની સંપુર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૨૦મી ડિસેમ્બર ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) હેઠળનો:-

નં. એમએજી. વશી/૧૩૪૮/૨૦૦૨.-વિધનસભાની સામાન્ય ચૂંટણીઓના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓનું મતદાન તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ યોજાનાર છે. અને ચૂંટણીની તમામ પ્રક્રિયા તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ પૂરી થનાર છે. ભારતના ચૂંટણી પંચના તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના આદેશ ક્રમાંક ૪૬૪/ એલએન્ડઓ/ઈએસ/૦૨/૯૪ થી ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર, અન્ય વાહનોની અવર-જવર અંગે સુચનાઓ આપેલ છે.

INDEX

સાબરકાંઠા જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકજ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થાય, ટ્રાફીકને અડચણ ઉભી થાય. વધુમાં ચુંટણી પ્રક્રિયા દરમિયાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ગાડીઓમાં સવાર થઈને જનારાને કારણે, સાઈકલ ઉપર જનાર અથવા ચાલતા જનારને અગવડ ઉભી થવા સંભવ છે, જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

વાસ્તે, હું અવિનાશ જોશી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે.-

(૧) સાબરકાંઠા જિલ્લામાં જાહેર રસ્તા ઉપર ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર/ અન્ય વાહનો ઉપર અવર-જવર કરવા દેવામાં આવશે નહીં.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહીં.

(૧) મેજિસ્ટ્રેટ અને પોલીસના વાહનો

(૨) ચૂંટણી કામે જતા સરકારી વાહનોને

(૩) સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણી કામે સંપાદન કરવામાં આવેલ વાહનોને.

આ હુકમનો ભંગ કરનાર/ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમએજી. વશી./૧૩૪૯/૨૦૦૨.- ભારતના ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ૨૦૦૨નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ, સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ મતદાન યોજનાર છે. ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ પુરી થનાર છે. ચૂંટણી પંચ દ્વારા હથિયારો અંગે જરૂરી સૂચના તેમના તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૬ના હુકમ નં. ૪૬૪/૯૬/એલ એન્ડ ઓ/ પીએલએન-૧ થી બહાર પાડેલ છે.

ચૂંટણી દરમ્યાન જિલ્લાની કાયદો / વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુકત અને ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન લોકોની સલામતી રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર સમગ્ર જિલ્લામાં આવેલ તમામ હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જેથી હું અવિનાશ જોશી, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહીં, તેમજ હથિયાર પોતાના રહેઠાણના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવા.

(૨) જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના જિલ્લામાં વસવાટ કરતા હોય તેમને પણ પોતાનું હથિયાર પોતાના રહેણાંકના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવું અને હથિયાર ધારણ કરી હરવું-ફરવું નહિં.

ચૂંટણીની પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શકય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરૂં છું.

સદરહુ આદેશ, કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નીમેલા નિરીક્ષકોને લાગુ પડશે નહિં.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૦મી ડિસેમ્બર ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ- ૧૪૪ અન્વયે.

નંબર એમએજી. વશી./૧૩૫૦/૨૦૦૨.- ભારતના ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ૨૦૦૨નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ, આ જિલ્લામાં તારીખ ૧૨મી ડિસેમ્બર ૨૦૦૨ના રોજ મતદાન યોજનાર છે. તેમજ ચૂંટણીની તમામ પ્રક્રિયા તારીખ ૨૦મી ડિસેમ્બર ૨૦૦૨ના રોજ પુરી થનાર છે. ચૂંટણી પંચ દ્વારા મતદાન કેન્દ્રો તથા મતગણતરી મથકની અંદર અને નજીક ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત સેલફોન લઈ જવા અંગે પ્રતિબંધ મુકવા જરૂરી આદેશ બહાર પાડેલ છે.

INDEX

સબબ મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતદાન કેન્દ્રો ખાતે મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર થતો અટકાવવા તેમજ મત ગણતરી મથકોએ મત ગણતરીના દિવસે મત ગણતરી પૂરી થાય ત્યાં સુધી કાયદો-વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રો અને મત ગણતરી મથકોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિતને સેલ્યુલર ફોન, પેજર, કોડલેસ ફોન અથવા વાયરલેસ સેટ / વોકીટોકી સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

વાસ્તે હું અવિનાશ જોશી, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલી સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

સાબરકાંઠા જિલ્લાના તમામ મતદાન મથકોએ તેમજ હિંમતનગર ખાતેના મત ગણતરી મથકની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત મતદાન અને મત ગણતરીના દિવસોએ સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન વાયરલેસ સેટ / વોકીટોકી સેટ સાથે લઈ શકશે નહીં, અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

સદરહુ આદેશ, કાયદો વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ / સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નીમેલા નિરીક્ષકો, મતદાન અધિકારીઓ, અને મત ગણતરી અધિકારીઓને લાગુ પડશે નહિં.

સદર આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ / વોકીટોકી સેટ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જમા કરી શકશે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ- ૧૪૪ અન્વયે.

નંબર એમએજી. વશી./૧૩૫૧/૨૦૦૨.- ભારતના ચુંટણી પંચ દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ૨૦૦૨નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ, સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૧૨મી ડિસેમ્બર ૨૦૦૨ના રોજ મતદાન યોજનાર છે. ચુંટણીની સમગ્ર પ્રક્રિયા તારીખ ૨૦મી ડિસેમ્બર ૨૦૦૨ના રોજ પુરી થનાર છે. મુખ્ય ચૂંટણી અધિકારી, ગાંધીનગરના તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૮ના પરિપત્ર નં. ઈએલસી/૧૦૯૮/ ૭૬ (૨) છ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન વિશાળ કટઆઉટ, પાટીયાં, બેનર વિગેરે મુકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાયેલ છે.

ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેરમાર્ગ, માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવશે, પ્રદર્શિત કરવામાં આવશે. એજ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વીજળી / ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલકતો ભીંતસૂત્રો, ધ્વજા, પતાકા, ભીંતચીત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકવામાં આવે છે. આના લીધે ટ્રાફીકની સમસ્યા ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતી વધે છે. જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગાનો અયોગ્ય ઉપયોગ થવા સંભવ છે. જેથી આ માટે જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ૨૦૦૨ની પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ, જાહેરાત, પાટીયા બેનર, વિગેરે મુકવા ઉપર પ્રતિબંધ મુકવા માટે હું અવિનાશ જોશી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ - ૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂં છું.

(૧) રાજય સરકારના નગરપાલીકાઓ અથવા સરકારી બોર્ડ, નિગમો, પંચાયતની માલીકીના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા અન્ય કોઈ જાહેર જગાએ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા વિધાનસભાના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવારો માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકાશે નહિં કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહીં કે કમાનો દરવાજા ઉભા કરી શકાશે નહિં, આવી આ મિલકત ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહિં.

(૨) સમાચાર બોર્ડ અથવા કટઆઉટ, જાહેરાત, પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ, ખાનગી માલીકીની જગામાં મુકવા માગતા હોય તો વિધાનસભાના ઉમેદવાર, ઉમેદવાર માટેના કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિતને નીચેની શરતોનું પાલન કરવાની શરતે મુકી શકશે કે ઉભા કરી શકાશે.

૧. હોર્ડીંગ્સની સાઈઝ- ૧૫' ફુટ × ૮' ફુટથી વધારે હોવી જોઈએ નહિં

૨. કટ આઉટની ઉંચાઈ -૮' ફુટથી વધવી જોઈએ નહીં.

૩. જે તે રાજકીય પક્ષ / ઉમેદવાર ખાનગી જગાએ કટ આઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ મુકયા હશે તે જગાના માલીકની લેખિત મંજૂરી લીધેલ હોવી જોઈએ. આ મંજૂરી જિલ્લા ચુંટણી અધિકારી/ ચુંટણી અધિકારી, પોલીસ અધિકારી જયારે માગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

૪. કટઆઉટ, જાહેરાત, ભીંતસુત્રો, પાટીયા, બેનર વિગેરે કોઈક સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

INDEX

૫. ખાનગી મિલકતોમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકવા સ્થાનિક કાયદા અનુસાર, સંબંધિત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલ હોવી જોઈએ.

આ હુકમનો ભંગ બદલ ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૦મી ડિસેમ્બર ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી નવેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (એફ) અન્વયેનો.

નંબર એમ. એજી. વશી/૧૩૫૨/૨૦૦૨.-વિધાન સભાની ચુંટણીઓ - ૨૦૦૨ યોજવાનો કાર્યક્રમ ચુંટણી પંચ દ્વારા જાહેર થયેલ છે. તે મુજબ, સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ ના રોજ મતદાન થનાર છે. ચુટણીની સમગ્ર પ્રકીયા તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ પુરી થનાર છે. ભારતના ચુટણીપંચ દ્વારા તેમના તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ના આદેશ નં. ૩/૯/ઇએચ/૦૦૮/૯૪/જેએસ-૨/૫૧ પરથી થયેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી ચુંટણીને લગતા ચોપાનીયા ભીતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશનોને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૨૭(ક)ની જોગવાઇઓ લાગુ પડે છે. જેથી ચુંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો વિગેરેના મુદ્રણ ઉપર નિયંત્રણ રાખવું આવશ્યક છે.

વિધાનસભાની સામાન્ય ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો તરફથી ચુંટણીને લગતા ચોપાનીયા ભીંતપત્રો વિગેરે છાપવામાં આવે છે. આ ચોપાનીયાં ભીંતપત્રો વિગેરે પર મુદ્રક/પ્રકાશકનું નામ અને સરનામું છાપવાની આવશ્યકતા છે.

જેથી હું અવિનાશ જોશી, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) (એફ)થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) કોઇપણ વ્યક્તિ જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ના હોય એવા ચુંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ, છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહીં, અથવા છપાવી કે પ્રસિદ્ધ કરાવી શકશે નહીં.

(૨) કોઇપણ વ્યક્તિ ચુંટણીને લગતાં ચોપાનીયાં કે ભીંતપત્રો છાપી શકશે નહીં, કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં, સિવાય કે,

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી વ્યક્તિઓને શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપી હોય.

(ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર, ચોપાનીયાં, ભીંતપત્રો વિગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે જે તે પ્રેસના મલિક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ મુદ્રકનું નામ સરનામું તથા છાપેલ સાહિત્યની સંખ્યા લખવાની રહેશે.

લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૨૭(ક) હેઠળ આવું સાહિત્ય છાપનારે તેની ૪(ચાર) નકલ જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠાને મોકલી આપવાની રહેશે. તેમજ તે અંગે નિયત જોડાણમાં જિલ્લા મેજિસ્ટ્રેટને લેખિતમાં જાહેરાત કરવાની રહેશે. આ સુચનાનો તમામ પ્રિન્ટીંગ પ્રેસના માલિકો / મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદર હુકમ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપવામાં આવ્યો.

અવિનાશ જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ

હુકમ

સને ૧૯૫૧ના મુંબઇ પોલિસ અધિનિયમની કલમ ૩૩(૧) મુજબનો.

નં. ડી.બી.પી.એ./ફાયર/પ્રેક્ટીસ /જાહેરનામું /૧૧/૨૦૦૨/વશી -૪૩૫૭૯ થી ૯૪.-બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના દાંતીવાડા ગામે બનાસકાંઠા જિલ્લાના હોમગાર્ડઝ જવાનોને તારીખ ૧૩મી નવેમ્બર ૨૦૦૨ થી ૧૭મી નવેમ્બર ૨૦૦૨ સુધી દાંતીવાડા ફાયરીંગ બટ ઉપર ફાયરીંગ પ્રેક્ટીસ આપવાનો કાર્યક્રમ રાખેલ હોઇ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની (૨૨માં)ની કલમ-૩૩(૧) અન્વયે સત્તાની રૂએ હું એસ. એસ. વાઘેલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર, ફરમાવું છું કે, બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના દાંતીવાડા ગામે ફાયરીંગ બટ પાછળના વિસ્તાર તરફ જતા રસ્તાની આજુબાજુના વિસ્તારોમાં તારીખ ૧૩મી નવેમ્બર ૨૦૦૨ થી ૧૭મી નવેમ્બર ૨૦૦૨ના બન્ને દિવસો સહિત સવારના ૬-૦૦ થી ૧૯-૦૦ સુધી દાખલ થવું નહીં. આ વિસ્તાર જણાવેલ સમય દરમ્યાન જાહેર લોકોને દાખલ થવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

આજ તારીખ ૧૧મી માહે નવેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

INDEX

હુકમ

સને ૧૯૫૧ના મુંબઇ પોલિસ અધિનિયમની કલમ ૩૩(૧) મુજબનો.

નંબર ડી.બી.પી.એ./ફાયર/પ્રેક્ટીસ /જાહેરનામું /૧૧/૨૦૦૨/ વશી -૪૩૫૭૯ થી ૯૪.-બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના દાંતીવાડા ગામે બનાસકાંઠા જિલ્લાના હોમગાર્ડઝ જવાનોને તારીખ ૧૩મી નવેમ્બર ૨૦૦૨ થી ૧૭મી નવેમ્બર ૨૦૦૨ સુધી દાંતીવાડા ફાયરીંગ બટ ઉપર ફાયરીંગ પ્રેક્ટીસ આપવાનો કાર્યક્રમ રાખેલ હોઇ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની (૨૨માં)ની કલમ-૩૩(૧) અન્વયે સત્તાની રૂએ હું એસ. એસ. વાઘેલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર, ફરમાવું છું કે, બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના દાંતીવાડા ગામે ફાયરીંગ બટ પાછળના વિસ્તાર તરફ રસ્તાની આજુબાજુના વિસ્તારોમાં તારીખ ૧૩મી નવેમ્બર ૨૦૦૨ થી ૧૭મી નવેમ્બર ૨૦૦૨ના બન્ને દિવસો સહિત સવારના ૬-૦૦ થી ૧૭-૦૦ સુધી દાખલ થવું નહીં. આ વિસ્તાર જણાવેલ સમય દરમ્યાન જાહેર લોકોને દાખલ થવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

આજ તારીખ ૧૧મી માહે નવેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં)ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ.

નંબર ડીએમએજી/બીપીએ/૧૧/૨૦૦૨/૪૩૫૯૫થી૪૩૬૫૫.- આગામી ડિસેમ્બર-૨૦૦૨ના માસમાં સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ યોજાનાર હોવાથી ઉમેદવારો દ્વારા પ્રચાર ઝુંબેશ, સભા, સરઘસ વિગેરે નીકળવાની શક્યતા હોવાથી સમગ્ર બનાસકાંઠા જીલ્લાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓની કોઇ મંડળી-સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાય છે. સબબ તેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં)ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ હું એસ. એસ. વાઘેલા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા, આથી બનાસકાંઠા જીલ્લાના તમામ વિસ્તારોના વિસ્તારમાં તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૨ સુધીની (બન્ને દિવસો સહીત) મુદત માટે ચાર કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઇ મંડળીને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘસ માટે મનાઇ ફરમાવું છું વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારની નોકરીમાં તથા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો કોઇ ભંગ અથવા ઉલ્લંઘન કરવા બદલ સદરહુ અધિનિયમનો કલમ-૧૩૫ની પેટા કલમ-૩ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માંની) કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૧મી નવેમ્બર, સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨ માં)ની કલમ-૩૩ (૧) મુજબ.

નંબર ડી/એમએજી/૧/બીપીએ/૧૧/૨૦૦૨/૪૩૬૫૬ થી ૪૩૭૧૬.-આગામી ડિસેમ્બર-૨૦૦૨ના માસમાં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ યોજાનાર હોવાથી આ ચુંટણી દરમ્યાન માન્ય રાજકીય પક્ષો તથા અન્ય ઉમેદવારો દ્વારા પ્રચાર માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવનાર છે. લાઉડ સ્પીકરનો ઉપયોગ ચુંટણી પંચે નક્કી કરેલ નિતિ નિયમો મુજબ થાય તે જરૂરી છે. જેથી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે નિયમન કરવું મને જરૂરી જણાયેલ હોઈ એસ. એસ. વાઘેલા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨મા)ની કલમ-૩૩(૧)થી મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૨ સુધીની (બન્ને દિવસો સહીત) સવારના ૬-૦૦ કલાક થી રાત્રીના ૨૨-૦૦ કલાકના સમય દરમ્યાન ચુંટણીના પ્રચાર માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવીને કરી શકાશે. તે સિવાયના સમય દરમ્યાન લાઉડ સ્પીકર કોઇપણ સ્થળે તથા કોઇપણ રીતે વગાડવા કે ઉપયોગ કરવા પ્રતિબંધ મુકવા આથી હુકમ કરુ છું.

આજ તારીખ ૧૧મી માહે નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે.

ક્રમાંક/પીઓએલ-વશી-૧૬૪૮.-ભરૂચ જિલ્લામાં પ્રતિવર્ષની માફક દિવાળીના પર્વ૬ઉજવવામાં આવનાર છે. દિવાળીના પર્વની ઉજવણીના ભાગરૂપે ફટાકડા, દારૂખાનું, ફોડવામાં આવે છે. ફટાકડા દારૂખાનું જાહેર રસ્તા ઉપર ફોડવાથી જાહેર સલામતિને અવરોધ તથા ટ્રાફીકને અડચણ થાય તેવો પુરો સંભવ છે. જેથી તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ સુધીનાં દિવસો દરમ્યાન ભરૂચ જીલ્લામાં આવેલ જાહેર માર્ગો રસ્તાઓ ઉપર ફટાકડા દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(યુ) અન્વયે

INDEX

મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરોક્ત જણાવેલ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨નાં દિવસો દરમ્યાન ભરૂચ જિલ્લામાં આવેલ તમામ શહેર માર્ગો, રસ્તાઓ ઉપર દારૂખાનું ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું. દારૂખાનું ફટાકડા ખુલ્લા મેદાન, કોમન પ્લોટમાં ફોડી શકાશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૫ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૦મી ઓકટોબર, સને ૨૦૦૨નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બી) અન્વયે.

ક્રમાંક/પીઓએલ-વશી-૧૬૯૩ થી ૧૭૦૮.-ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તીકી પૂનમનો મેળો તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨ સુધીના સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રીત થશે. જેથી મેળામાં હાથ લારીઓમાં માલ સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવાનું નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨ સુધીના સમયગાળામાં (બંને દિવસો સહિત) શુકલતીર્થ ગામના મેળામાં કોઈપણ ઈસમે પોતાની હાથલારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહી, પરંતુ પોલીસ ખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએજ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા લેવામાં આવશે.

આજરોજ તારીખ ૧૧મી નવેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(યુ) અન્વયે.

ક્રમાંક/એમએજી-પીઓએલ-વશી-૧૭૦૯ થી ૧૭૨૪.-ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે અને ઘાસ, કામળા, વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોક્ત દિવસો દરમ્યાન શુકલતીર્થ ગામની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરોક્ત મેળાના દિવસો દરમ્યાન શુકલતીર્થ ગ્રામ પંચાયતની હદમાં કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૧ માહે નવેમ્બર સને ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિકકો કર્યો છે.

જાહેરનામું

ક્રમાંક/પીઓએલ-વશી-૧૭૨૫ થી ૧૭૪૦.-ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે કાર્તિકી પૂનમને લીધે તા. ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨ સુધી જાહેર મેળો ભરાનાર છે અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો પુરો સંભવ છે. તેથી દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકમાં ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા જે તે જગ્યા ઉપર ન્હાવુ-ધોવુ કે કપડા ધોવા કે જાનવરોને નહવડાવવા નહિ અને વાહનો ધોવા નહિ.

(૨) યાત્રીનાં સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો પેશાબ કરવા નહિ.

(૩) ગંધાતા વાસી, અને ઉતરી ગયેલા અગર માનવખાધ માટે બિનઉપયોગી એવા ફળફળાદી પીણા તથા ખોરાક વેચવા નહિ.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહિ.

(૫) યાત્રાળુઓ કોલેરા, શીતલા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરની સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી તેવા રોગ અટકાવવા માટેની દવા-ઈન્જેકશન વિગેરે અગાઉથી લીધા વગર યાત્રામાં આવવું નહિ.

વાસ્તે :

હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ અને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ શુકલતીર્થ અને જયાં આજુબાજુના ગામમાં જયાં જયાં યાત્રા ભરાતી હોય તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલા નિયમોને જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦-/ સુધીના દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે, આ હુકમ તા. ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨ નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ) અન્વયે

ક્રમાંક/એમએજી/પીઓએલ-વશી-૧૭૪૧ થી ૧૭૫૬.-ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તેમજ સમગ્ર અન્ય રાજયોમાંથી પણ ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થાય છે. તથા શુકલતીર્થ મુકામે આવેલ નર્મદા નદીના ઘાટ પર સ્નાન કરે છે. નર્મદા નદીના પાણી ઉંડા હોવાથી તેમજ નદીમાં ખાડા પડેલ હોવાથી અકસ્માત થવાની શકયતા છે. જેથી નર્મદા નદીમાં અમુક વિસ્તારમાં સ્નાન કરવા પર નિયમન કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨ સુધીના સમયમાં (બંને દિવસો સહિત) શુકલતીર્થ, કબીરવડ, તથા મઢી મુકામેના નર્મદા નદીના ઘાટથી ગ્રામ પંચાયત તથા પોલીસ ખાતા તરફથી નકકી થયેલ હદની અંદરજ લોકોએ સ્નાન કરવું. તથા નિયતઘાટની હદની બહાર સ્નાન કરવા પર પ્રતિબંધ મુકવા આદેશ કરૂ છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા લેવામાં આવશે.

આજરોજ તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨નાં રોજ મે મારી સહી તથા સિકકો કરી આપ્યો છે.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨મા)ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ

નંબરઃ ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી. ૬૩૩૪/૨૦૦૨.- ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા. ૭મી નવેમ્બર, ૨૦૦૨ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામુ/૬૭૮૮/૨૦૦૨ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું આર. જી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૯મી નવેમ્બર, ૨૦૦૨ કલાક ૦૦.૦૦ થી ૨૩મી નવેમ્બર, ૨૦૦૨ કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિવિધ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર/કલોલ/દહેગામ/માણસાએ જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

- સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું

INDEX

અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ ૨૨ મા)ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ

નંબરઃ ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી. ૬૩૫૫/૨૦૦૨.- ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા સચિવાલેય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર તા. ૭મી નવેમ્બર, ૨૦૦૨ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામુ/૬૭૮૮/૨૦૦૨ થી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઇ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂઇએ હું આર. જી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તા. ૯મી નવેમ્બર, ૨૦૦૨ કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૨ કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઇ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા સિવાયનો ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફકત ઉપવાસીઓ માટે ચ. પ, સેકટર-૧૭, અને સેકટર-૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યાક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ ૨૨ માં)ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ.

નંબરઃ ડીસી/બીપીએ/જાહેરનામું/૩૩(૧)(ખ)વશી. ૬૪૩૯/ ૨૦૦૨.-તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ સરદાર પટેલ ગુજરાત સ્ટેડીયમ, મોટેરા ખાતે ભારત અને વેસ્ટઈન્ડીઝ વચ્ચે દિવસ-રાત્રી એક દિવસીય ક્રિકેટ મેચ રમાનાર છે. જે મેચ નિહાળવા રાજય ભરમાંથી મોટી સંખ્યામાં પ્રેક્ષકો વાહનો સાથે આવે તેવી શકયતા છે.

આ સમયે ટ્રાફીકના પ્રશ્નો ઉભા ન થાય અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૨ ના પત્ર નં. એલઆઈબી/ક્રિકેટ/૬૮૨૦/૨૦૦૨ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજૂ થયેલ છે.જે મને યોગ્ય જણાતાં મને મળેલ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) તેમજ મોટર વાહન નિયમો-૧૯૮૯ ના નિયમ ૧૮૪ ની સત્તાની રૂએ તથા મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૬૨ (૨) ની જોગવાઇ અન્વયે હું આર. જી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર, તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ ના કલાક ૨૪.૦૦ સુધી ભારે વાહનો માટે નીચે મુજબની ટ્રાફીક વ્યવસ્થા કરવા આથી હુકમ કરૂં છું.

ટ્રાફીક વ્યવસ્થા :

૧. અડાલજ તરફથી ક્રિકેટ મેચ જોવા મોટેરા સ્ટેડીયમ તરફ આવતા વાહનો સિવાયના વાહનો વિસત પેટ્રોલ પંપ તરફ નહીં આવતા તે અડાલજથી સરખેજ તરફ તથા અડાલજથી ગાંધીનગર તરફ પસાર થશે.

૨. કોબા સર્કલ તરફથી મેચ જોવા આવતા વાહનો મોટેરા સ્ટેડીયમ તરફ જશે જયારે તે સિવાયના વાહનો ઈન્દ્રોડા સર્કલ તરફ તેમજ અડાલજ તરફના એપ્રોચ રોડ ઉપર પસાર થશે.

૩. કોટેશ્વર ટી જંકશન તરફથી કોઇ વાહન સ્ટેડીયમ તરફ જતાં રોડ ઉપરથી પસાર થઇ શકશે નહીં. આ તમામ વાહનો કોબા-વિસત પેટ્રોલ પંપ વાળા રસ્તા ઉપર થઈને પસાર થશે.

૪. મુખ્ય રોડ ઉપરથી જોડાયેલા રહેણાંક વિસ્તારના તમામ એપ્રોચ રોડ સ્ટેડીયમ તરફ પ્રવેશ કરવા માટે બંધ કરવામાં આવે છે.

૫. ઉપર જણાવેલ રસ્તા ઉપર મેચ જોવા આવનાર વ્યકિતઓ ભારે વાહન કે પુશ દ્વારા ખેંચાતા વાહન ધ્વારા મેચ જોવા આવી શકશે નહીં.

INDEX

આ જાહેરનામાના અમલમાંથી નીચેના વાહનોને બાકાત રાખવામાં આવે છે.

(૧) કાયદો અને વ્યવસ્થા માટે ફરજ ઉપરના વાહનો.

(૨) વી.વી.આઇ.પી. મહાનુભાવોવાના વાહનો.

(૩) ફાયર બિગ્રેડ તથા ઇમરજંશી સેવા સાથે સંકળાયેલ વાહનો.

(૪) એમ્બ્યુલન્સ વાન.

આજ તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કા કર્યા.

આર. જી. ત્રિવેદી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

નં.ડીસીબી/એમજી/બીપીએ/ફાયર તાલીમ/૨જી.૪૧/૨૦૦૨.- પોલીસ અધિક્ષકશ્રી નવસારીના પત્ર નં. વહટ/સીબી/૧૨૩૪૪/૦૨, તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૨ થી જણાવ્યાનુસાર નવસારી જિલ્લાના પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨ મો) કલમ ૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ ની જોગવાઇ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા-ઉમરગામ જિલ્લા વલસાડનાં ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ થી ૩૦મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુ બાજુનાં રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./૨જી નં. ૪૨/૨૦૦૨/.મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી તહેવારો તથા જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાંતા ફરમાવું છું, કે વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૨ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની ને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તા. ૧૧મી માહે નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./૨જી નં. ૪૩/૨૦૦૨/.-મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૩)

INDEX

પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, રાજ્યની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ ૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તા રૂએ ફરમાવું છું, કે સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જીલ્લામાં તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૨ સુધી અન અધિકૃત રીતે /ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમન ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

વલસાડ આજરોજ તા. ૧૧મી માહે નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨)ની કલમ-૩૮ (૨) (ખ) અન્વયે.

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./૨જી નં. ૪૪/૨૦૦૨/-.મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨)ની કલમ-૩૮(૨)(ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ-૨૦૦૨ની પ્રક્રિયા દરમ્યાન ચુંટણીની આચાર સંહિતાને ધ્યાનમાં રાખતાં લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર જાહેર હેતુસર ચુંટણીના સરળ સંચાલન માટે તથા જાહેર જનતાને ઘોંઘાટ ન થાય તે માટે ભારતના ચુંટણી આયોગના હુકમ નં. ૩/૮/૯૪ જે.એસ.-૨, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ની સૂચના મુજબ ચુંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે સ્થાયી કે વાહન ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી સાંજના ૧૦-૦૦ કલાક સુધી જ કરવો. વલસાડ જિલ્લાના કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલાં અને સાંજના ૧૦-૦૦ વાગ્યા પછી લાઉડ સ્પીકરોના ચુંટણી પ્રચારના કોઈપણ ઉપયોગ કરવા તા. ૧૩મી નવેમ્બર, ૨૦૦૨ થી તા. ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પરના ચૂંટણી અધિકારી, મદદનીશ ચુંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચુંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ.

(બ) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીશ્રીઓ અથવા તેઓને મદદ કરતા એજન્સીઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ-૨૨મો)ની કલમ-૧૩૬ મુજબ ત્રણ મહિના સુધીની કેદની સજા અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને પ્રકારની સજાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨મી માહે નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.-

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./૨જી નં. ૪૫/૨૦૦૨/.-મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧(સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭ (૧) પ્રમાણે મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, પ્રવર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું, કે વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૦૨ (બન્ને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

INDEX

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરિક અશક્તિને કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તા. ૧૩મી માહે નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૩૭ (૩) અન્વયે.-

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./૨જી નં. ૪૬/૨૦૦૨.-જિલ્લામાં આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ ૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તા રૂએ ફરમાવું છું, કે વલસાડ જિલ્લામાં તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી (બન્ને દિવસ સુધ્ધાં) અન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૧૫૩(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૩મી માહે નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ)મુજબનો

નંબર ડીસીબી/એમએજી/રજિ. નંબર ૪૭/૨૦૦૨.- મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી તથા ચૂંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૯ની સૂચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, મુક્ત અને ન્યાયી વિધાનસભાની ચૂંટણી માટે, જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ, તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બન્ને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાઉ છું.

(અ) કટઆઉટ હોર્ડીંગ્સ, બેનર વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહીં એટલે કે સરકાર, મ્યુનિસિપાલિકા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ. (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી શકે તો પણ મુકી શકાશે નહીં).

(બ) જો કટ આઉટ/હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઈએ.

૧. હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટથ ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહીં.

૨. કટ આઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહીં.

૩. રાજકીય પક્ષ/ઉમેદવારો ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનર વગેરે મુંક્યાં હશે તે જગ્યાના માલીકની લેખિત મંજુરી લીધેલ હોવી જોઈએ. આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી/ચૂંટણી અધિકારી/પોલીસ અધિકારી જ્યારે માંગશે ત્યારે રજુ કરવાની રહેશે.

૪. કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનર વગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચુંટણી અધિકારી, ચુંટણી અધિકારી અને પોલીસ અધિકારીને કરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકેલ હોય તદનુસાર ઉમેદવારોના ચુંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાનો રહેશે.

૬. ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર સબંધિત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જાઈએ.

મુંબઈ પોલીસ અધિનયિમ-૧૯૫૧ની કલમ-૩૩ (ઘ) (ખ) જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/૨જિ. નંબર ૪૮/૨૦૦૨ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ-૨૨)ની કલમ-૩૩ (૧) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીની તથા ચુંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬ની સૂચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુક્ત અને ન્યાયી વિધાનસભાની ચુંટણી માટે , જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીનરાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બંને દિવસો સુધ્ધા નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

૧. કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણથી વધુ વાહનોના બનેલા રક્ષા કાફલા રુપે જવા દેવાશે નહી. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યક્તિને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમછતાં આ બાબત આવા કોઈ વ્યક્તિ સંબધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સૂચનાને આધીન રહેશે.

૨. ચુંટણી પ્રચાર માટે ફરતાં વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડ સ્પીકર સાથેના વાહલો પરત્વે તેની પરવાનગીપત્ર કે જે પરવાનગી નંબર તારીખ સહિતનો (વાહનના કાચ ઈપર લગાજેલ) તો જ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યે રજૂ કરવાની રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જિ. ૧૯/૨૦૦૨ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં)અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ ગુરૂનાનક જયંતિ તથા દેવદિવાળીનો તહેવાર તેમજ કાયદો વ્યવસ્થાની પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવુ છું કે, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી (બંને દિવસો સુધ્ધા)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના સબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. પીઓએલ/ફટાકડા/પ્રદુષણ/વશી/૧૦/૨૦૦૨.- દિવાળીના તહેવારો નિમિત્તે ફટાકડાનો વિશેષ પ્રમાણમાં થતો ઉપયોગ ધ્યાને લઈ, ફટાકડા અને તેના અવાજથી થતાં વાતાવરણની હવાના પ્રદુષણ અંગે નામદાર સુપ્રીમ કોર્ટની રીટ પીટીશન (સીવીલ) ક્રમાંક ૭૨/૧૯૯૮ અન્વયે થયેલ હુકમના આદેશો મુજબ સાંજના કલાક ૬-૦૦ થી રાત્રિના કલાક ૧૦-૦૦ દરમ્યાન ફટાકડાનો ઉપયોગ કરી શકાય જ્યારે રાત્રિના કલાક ૧૦-૦૦થી સવારના કલાક ૬-૦૦ સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

સબબ નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોક્ત હુકમથી મળેલ સૂચના મુજબ, જિલ્લામાં દિવાળીના તહેવાર પ્રસંગે ફટાકડા અને તેના અવાજથી થતા અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવાનું વ્યાજબી કારણ છે.

વાસ્તે હું, જી. એમ. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં દિવાળીના તહેવાર નિમિત્તે ઉપયોગમાં લેવાતા ફટાકડા સાંજના કલાક ૬-૦૦ થી રાત્રિના કલાક ૧૦-૦૦ સુધી જ ફોડી શકાશે. રાત્રિના કલાક ૧૦-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી હવા/અવાજનાં થતા પ્રદુષણને કારણે તેના વપરાશ ઉપર આથી પ્રતિબંધ મૂકવામાં આવે છે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

સદર આદેશ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (યુ) મુજબ.

નં. પીઓએલ/ફટાકડા/૧૦/૨૦૦૨.- અત્રેના જીલ્લામાં આગામી દિવાળીના જાહેર તહેવારો પ્રસંગે તમામ વર્ગના માણસો દ્વારા 'ફટાકડા' નો મહત્તમ થતો ઉપયોગ ધ્યાને લેતાં, હોસ્પીટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો તેમજ ધાર્મિક સ્થળો જેવા શાંત વિસ્તારોમાં કોઈપણ સમયગાળા દરમ્યાન ફટાકડા અને તેના અવાજથી થતાં અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવા જરૂરી છે. જેથી હું, જી. એમ. ડામોર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો હિંમતનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(યુ) થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

સાબરકાંઠા જિલ્લામાં આવેલ તમામ હોસ્પીટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો તેમજ ધાર્મિક સ્થળોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર કોઈપણ ઈસમે ફટાકડા સળગાવવા અથવા અવિચારીપણે અગનશસ્ત્ર મુકવાની અથવા આતશબાજી સળગાવીને નાખવાની અથવા આતશબાજીનું બલૂન અથવા રોકેટ સળગાવી ઉડાડવાની મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ની પેટા-કલમ (ખ) (૧) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આથી હું ફરમાવું છું કે સદર હુકમ સમગ્ર સાબરકાંઠા જિલ્લાને લાગુ પડશે.

સદર આદેશ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

જી. એમ. ડામોર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

ઇકિરો ગાંકુ ૪૯/૨૦૦૨

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, DECEMBER 5, 2002 / AGRAHAYANA 14, 1924 [No. 49

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1543-1578
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	49
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	556-562
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	23915-24555

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) હેઠળ.

ક્રમાંક ટફક/૩-ગપક/નરસિંહજી વરઘોડો/જાહેરનામું/૨૫૩૧/૨૦૦૨.- વડોદરા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે નરસિંહજી ભગવાનનો વરઘોડો તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૦૨ ના કલાક ૧૭-૦૦ વાગેથી નિકળી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ ના કલાક ૭-૦૦ વાગે મંદિરે પરત આવતો હોય અને જાહેર જનતાની સલામતી તેમજ ટ્રાફિક નિયમનની સરળતા જળવાઈ રહે તે હેતુથી આ જાહેરનામું તાત્કાલિક બહાર પાડવાની જરૂર હોવાથી હું, ડી. ડી. ટુટેજા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧)ના ૨૨માંની કલમ-૩૩(૧) બી.સી. થી મળેલ સત્તાની રૂએ તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૦૨ કલાક ૧૪-૦૦ થી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ સવારના કલાક ૭-૦૦ સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરૂં છું.

INDEX

જાહેરનામાની વિગત

(૧) તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૦૨ના કલાક ૧૪-૦૦ થી ૨૪-૦૦ તથા તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ ના કલાક ૦૯-૦૦ થી ૭-૦૦ સુધી માંડવી ચારેય દરવાજાનો અંદરનો ભાગ તથા માંડવીથી બેંક રોડ થઈ ચાંપાનેર દરવાજા, યાકુતપુરા નાકા થઈ અડાણીયાપુલ થઈ ફતેપુરા ચાર રસ્તા, રામરાજ હોટલ થઈ ભાંડવાડા, રાજીવનગર થઈ તુલસી મંદિર સુધી રોડની બંને સાઈડને " નો પાર્કીંગ ઝોન " તરીકે જાહેર કરવામાં આવે છે અને આ વિસ્તારમાં નરસિંહજી ભગવાનના વરઘોડામાં બંદોબસ્તમાં પોલીસના વાહનો તથા અન્ય સેવામાં જોડાયેલા વાહનો પ્રવેસી શકશે અને બીજા કોઈપણ વાહનો પ્રવેસી શકશે નહીં.

(૨) તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૦૨ના કલાક ૧૪-૦૦ થી ૨૪-૦૦ સુધી તથા તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ના કલાક ૦.૦૦ થી ૭-૦૦ સુધી આર્યુવેદીક ચાર રસ્તાથી પાણીગેટ પો.સ્ટે. થઈ માંડવી તરફ તથા સંગમ ચાર રસ્તાથી માંડવી તરફનો ટ્રાફીક તથા નાની શાક માર્કેથી ગેંડીગેટ થઈ માંડવી આવતો ટ્રાફીક તથા લહેરીપુરા દરવાજાથી માંડવી તરફ આવતો ટ્રાફીક ઉપરોકત સમયે કોઈપણ પ્રકારના વાહનો પ્રવેશી શકશે નહીં.

જાહેર જનતા માટે નીચે જણાવેલ રસ્તાઓ અવર જવર માટે ખુલ્લા રાખવામાં આવેલ છે.

(૧) પાણીગેટથી શહેર તરફ આવતા વાહનો માટે આર્યુવેદીકથી ગાજરાવાડી, પાણીની ટાંકી થઈ વિહાર સિનેમા થઈ ગંગોત્રી એપાર્ટમેન્ટ થઈ જે તમામ રસ્તો વાહનોની અવર જવર માટે ખુલ્લો રહેશે.

(૨) સંગમ ચાર રસ્તાથી વારસીયા થઈ પાણીગેટ જવાનો તમામ રસ્તો વાહનોની અવર જવર માટે ખુલ્લો રહેશે. તેવીજ રીતે સંગમ ચાર રસ્તાથી મુક્તાનંદ ત્રણ રસ્તા થઈ ઉત્કર્ષ સર્કલ થઈ શાસ્ત્રી બ્રીજનો તમામ રસ્તો ખુલ્લો રહેશે. તેવીજ રીતે સાવલી રોડ અને હાલોલ રોડથી આવતો ટ્રાફીક સંગમ ચાર રસ્તા સુધી આવી શકશે. જે વારસીયા રીંગરોડ તથા મુક્તાનંદ ત્રણ રસ્તા થઈ જે તે તરફ જઈ શકશે.

(૩) રાવપુરા રોડથી જે ટ્રાફીક ન્યાયમંદિર માંડવી તરફ આવી શકશે નહીં. જે લહેરીપુરાથી ન્યુરોડ થઈ બરાનપુરા થઈ નાની શાક માર્કેટ થઈ તે તરફ જઈ શકશે.

(૪) એસ. ટી. બસોની વ્યવસ્થા સારૂ ડભોઈ તરફથી આવતી બસો પ્રતાપનગર બ્રીજ થઈ નાની શાક માર્કેટ તરફ આવી શકશે નહીં. જેને બદલે પ્રતાપનગર બ્રીજ થઈ મકરપુરા પો. સ્ટે. થઈ લાલબાગ ફાટક થઈ શહેર તરફ આવી શકશે.

(૫) વાઘોડીયા તથા આજવા રોડથી જે ગ્રામ્ય વિસ્તારની બસો શહેર તરફ આવી શકશે નહીં. જે બાપોદ જકાત નાકા થઈ મહાવીર હોલ ચાર રસ્તા થઈ સરદાર એસ્ટેટ રોડ થઈ વી. આઈ. પી. રોડ થઈ માણેક પાર્ક ચાર રસ્તા થઈ ઉત્કર્ષ સર્કલ થઈ સ્ટેશન તરફ જઈ શકશે.

(૬) શહેરની સીટીના એસ. ટી. ડેપોમાંથી ઉપડતી બસો જેવી કે, માંડવી વાયા ટાવર, ન્યાયમંદિર, પાણીગેટની બસો ઉપરોકત સમયમાં પ્રવેસી શકશે નહીં. તેના બદલે સ્ટેશનથી કાલાઘોડા થઈ નરહરી સર્કલ થઈ વુડા ઓફીસ સર્કલ ઉત્કર્ષ સર્કલ, મુક્તાનંદ ત્રણ રસ્તા, સંગમ ચાર રસ્તા થઈ વારસીયા રીંગરોડથી પાણીગેટ તરફ આવી શકશે અને તેજ રૂટ ઉપરથી પરત જઈ શકશે.

(૭) શહેરની સીટી એસ. ટી. ડેપોમાંથી મકરપુરાની બસો વાયા ટાવર, ન્યાયમંદિર ચોખંડી ચાર રસ્તા થઈ જાય છે તે ઉપરોકત સમયમાં જઈ શકશે નહીં. જે કાલાઘોડાથી જેલરોડ થઈ રાજમહેલ મેઈન ગેટ, લાલબાગ ફાટક થઈ તરસાલી મકરપુરા તરફ જઈ શકશે.

મે. આજરોજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

ડી. ડી. ટુટેજા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેનામું

મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૧) (બી) મુજબ.

નંબર ડી/એમ.એ.જી/૧/વિધાનસભા ચૂંટણી/જાહેરનામું/વશી ૪૩૯૫૪ થી ૪૪૦૧૪.–આગામી ડીસેમ્બર-૨૦૦૨ના માસમાં યોજાનાર ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે ચૂંટણીઓના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મતદાન યોજાનાર છે. ચૂંટણી પંચ નવી દિલ્હીના હુકમ નંબર ૪૩૭ /૬/ ૯૬/પીએલએમ-૩-૨૪૦૩, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬થી કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણથી વધુ બનેલા રક્ષા કાફલા (CONVEY) રૂપે અવર-જવર નહીં કરવા અંગે સુચનાઓ આપેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ દરન્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો ટ્રાફીકને અડચણ ઉભી થાય તેમ છે. વધુમાં ચૂંટણી પ્રકીયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તા ઉપર મોટા પ્રમાણમાં વાહનો/ગાડીઓમાં સવાર થઈને જનારાને કારણે નાના વાહનો ઉપર જતા તથા ચાલતા જનાર ઈસમોને અગવડ ઉભી થવા સંભવ છે, જેથી આ અંગે નિયંત્રણ મુંકવું જરૂરી છે. વાસ્તે, હું કમલ દયાની, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું.

(૧) બનાસકાંઠા જિલ્લાના તમામ વિસ્તારના જાહેર રસ્તાઓ ઉપર ચૂંટણી લક્ષી સરઘસના કાર/વાહનોને ત્રણથી વધુ બનેલા કાફલા રૂપે અવર જવર કરવા દેવામાં આવશે નહીં.

(૨) કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યક્તિને લઈ જવાતા હોય તો પણ તમામ મોટા કાફલાને વિભાર્જિત કરવાના રહેશે.

INDEX

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહીં.

(૧) મેજિસ્ટ્રેટશ્રીઓ/પોલીસના વાહનોને.

(૨) ચૂંટણી કામે જતા સ્ટાફના વાહનોને.

(૩) સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણી કામે સંપાદન કરવામાં આવેલા વાહનોને.

(૪) આ હુકમ, કોઈ વ્યક્તિ સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સુચનાઓને આધિન રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરવા બદલ સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માંની) કલમ-૧૮૮ હેઠળ શિક્ષને પાત્ર ઠરશે.

આજ રોજ તારીખ ૨૦મી નવેમ્બર ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કમલ દયાની,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/૧૪૪/૨જી. નં.-૪૯/૨૦૦૨.–વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ ના રોજ યોજાનાર છે. તે સમયે જિલ્લાના પ્રજાજનો પોતાની માંગણી કે રજુઆત પરત્વે વ્યક્તિગત કે સમુહમાં જાહેરમાં ધરણાના કાર્યક્રમો, ઘેરાવોના કાર્યક્રમો અથવા ઉપવાસ ઉપર જવાના કાર્યક્રમો યોજતાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સલામતી ખોરવવાની શક્યતા રહે છે. આથી જાહેર હિતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા આવા કૃત્યો અટકાવવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી અને ઈષ્ટ જણાય છે તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું, એલ. ચુઔગો, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી કોઈ વ્યક્તિગત અથવા સમુહમાં જાહેરમાં ધરણા ધરવા, ઘેરાવો કરવા તેમજ ઉપવાસના કાર્યક્રમ રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨નાં રોજ મારી સહી તથા મુદા કરી આપેલ છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/૧૪૪/૨જી. નં.-૫૦/૨૦૦૨.–વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ ના રોજ યોજાનાર છે. આ સમય દરમ્યાન જુદા જુદા હરીફ જુથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. આથી આવા જુદા જુદા જુથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહીં. તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. આથી જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે, તેઓના હથિયારો સાથે લઈ જવા નહીં તથા સાથે રાખવા નહીં તે મુજબનો પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે. આથી આવા શસ્ત્રો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે અને તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું, એલ. ચુઔગો, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં હથિયાર પરવાનેદારોએ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા નહીં તથા સાથે રાખવા નહીં. હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે જાહેર ફરજ બજાવતી વ્યક્તિઓ કે જેને જાતે અથવા તેના ઉપરી અધિકારીની સૂચના અનુસાર આલું કોઈપણ હથિયાર જોડે રાખવું એ તેની કાયદાકીય ફરજનો ભાગ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આજરોજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨નાં રોજ મારી સહી તથા મુદા કરી આપી છે.

એલ. ચુઔગો,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩)અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/ચૂંટણી/લાસ્પીઉ/૨જી.-ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ નવસારી જિલ્લાનાં મતદાનની તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨નાં રોજ અને મતગણતરીની તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨નાં રોજ નક્કી કરવામાં આવેલી છે. ભારતનાં નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક/૩/૮/૯૪/જેએસ- તારીખ-૧૩/૧/૯૪નાં પારા નં. ૩૩ અને ૩૫માં આપેલ સૂચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરનાં ઉપયોગ પર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફક્ત નિયત મંચ ઉપર

INDEX

જ નહિ પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબ જ ઉંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ, અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદાજુદા ગામોએ, વસવાટોને મહોલ્લાએ, વસાહતો અને લત્તાઓમાં પણ જાય છે. આને કારણે ખૂબજ ધ્વનિ પ્રદુષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબ જ પ્રતિકૂળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે અને તે ખૂબ જ મોડીરાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશક્ત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખૂબ જ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબજ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હું, વી. પી. પટેલ, જી.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર)(૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૬.૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨.૦૦ વાગ્યા સુધી જ કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૦૬.૦૦ વાગ્યા પહેલા અને રાત્રીનાં ૨૨.૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહિ.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસના હેતુસર સવારે ૬.૦૦ વાગ્યા પહેલાં કે રાત્રે ૨૨.૦૦ વાગ્યા પછી સ્થળ પર જ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિ તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નકકી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે, સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતાં વાહનોમાં ગોઠવેલ સ્પીકરના ઉપયોગ માટે કરવામાં આવતી અરજીઓમાં વાહનોનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહનો માટે પરવાનગી આપી હોય તે વાહન સંચાલકે પરવાનગીના હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતાં વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી-પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદાર વિભાગનાં ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર-પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૫મી નવેમ્બર સને ૨૦૦૨નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / ૨જી.૨/૨૦૦૨.–આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. આ સમય દરમ્યાન જુદા જુદા હરીફ જુથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. આથી આવા જુદા જુદા જુથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહીં. તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. આથી જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે, તેઓના હથિયારો સાથે લઈ જવા નહીં તથા સાથે રાખવા નહીં તે મુજબનો પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે. આથી આવા શસ્ત્રો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે અને તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું, વી. પી. પટેલ, જી.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં ધારણ કરતા હથિયાર પરવાનેદારોએ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા નહીં તથા હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

વધુમાં જે કિસ્સામાં હથિયાર પરવાનેદારોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે જે જર્ની પરમીટો આપવામાં આવેલ છે એ પણ ઉપરોકત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની કાયદાકીય ફરજનો ભાગ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકારીશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આજરોજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ-૩૭(૩) અન્વયે કરેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ચુંટણી/૨જી.-૧/૨૦૦૨.- જીલ્લામાં આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણી પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, વી. પી. પટેલ, જીલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નવસારી જીલ્લામાં તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ થી ૨જી ડિસેમ્બર, ૨૦૦૨ સુધી (બન્ને દિવસ સુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જીદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૧૫૩(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ-૨૨ ની કલમ-૩૭(૪) અન્વયેનો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.-૧/૨૦૦૨.-નવસારી શહેરમાં આવેલ કલેકટર કચેરીના બહુમાળી મકાનમાં જીલ્લાની ૩૦ જેટલી સરકારી કચેરીઓ આવેલી છે. આ કચેરીઓમાં પ્રજા પોતાના કામો અંગે સરળતાથી કોઈ અંતરાય વગર અવાગમન કરી શકે તે ખુબ જ ઈચ્છનીય છે. કેટલાંક ઈસમો આ કચેરીઓમાં તેમજ કચેરીના કંપાઉન્ડમાં અડચણ થાય તેવા કૃત્યો કરે તે અટકાવવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, વી. પી. પટેલ, જી.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ નવસારી કલેકટર કચેરી બહુમાળી બિલ્ડીંગમાં તેમજ કંપાઉન્ડમાં કે બહુમાળી સંકુલમાં કોઈપણ વ્યકિત કે વ્યકિતઓ અથવા સમુહમાં ધારણાના કાર્યક્રમો ઘેરાવ કાર્યક્રમો, ઉપવાસ ઉપર બેસવાના કાર્યક્રમો યોજવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ થી ૨જી ડિસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ થી મારી સહી તથા મુદ્રા કરી આપ્યું છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ, ૨૨) ની કલમ-૩૩(૧)(ઘ)(ક) મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૧/૨૦૦૨.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ ૨૨ની કલમ-૩૩ (૧) (ઘ) (ક) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, વી. પી. પટેલ, જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, આગામી વિધાનસભાની ચુંટણીની તબક્કાવાર પ્રકિયા દરમ્યાન ચૂંટણી આચાર સંહિતાને ધ્યાનમાં રાખતો કાયદો-વ્યવસ્થાની જાળવણી સારૂં તથા જાહેરહિત અને જાહેર સલામતિને કારણે નવસારી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૨ (બંને દિવસો) સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ ઉમેદવાર કે વ્યકિતએ પોતાના ચૂંટણી પ્રચાર અંગે જાહેર માર્ગો સાર્વજનિક માર્ગો, જાહેર કે સરકારી મકાનો, જગ્યાઓ, મિલ્કતો કે માર્ગોની બંન્ને બાજુઓ વાહન વ્યવહાર માટે વપરાતા પ્રવર્ત રહેતા રસ્તા ક્રોસીંગ, ચાર રસ્તા એસ.ટી. સ્ટેન્ડ, શેરીઓના નાકા-મકાનો જાહેર મિલ્કતો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, પુંઠા કે કાગળ કે અન્ય માધ્યમોના પોસ્ટરો, ચિત્રો, અને રાજકીય અગ્રણીઓના કટ આઉટ વગેરે ઉભા કરવાનો અને પ્રદર્શિત કરવાનો અને એ જ રીતે રેલ્વેની મિલકતો, સરકારી મકાનો, જાહેર મિલ્કતો તથા વીજળી અને ટેલીફોન થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીતની જગ્યાઓ વિશાળ મકાનો, જાહેર મિલ્કતો તથા વીજળી અને ટેલીફોન થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો દરવાજા, જાહેર પાટીયા, બેનરો, ધજા, પતાકા, ભીત ચિત્રો વિગેરે ચૂંટણીના પ્રચાર માટે મૂકવા કે ઉભા કરવા નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો પોલીસ અધિનિયમ ૨૨) ની કલમ-૧૩૧ (૪) મુજબ એક મહિના સુધીની કેદની સજા અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા બંન્ને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવે છે.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૩)(ઘ)(ખ).

નંબર ડીસીબી/એમએજી/૨જી.૧/૨૦૦૨.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી વી. પી. પટેલ, જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણી તથા ચુંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૯ ની સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા માટે તથા સલામતી માટે, મુકત અને ન્યાયી વિધાનસભાની ચુંટણી માટે જાહેર હિતમાં નવસારી જીલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ અને આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૦૨ કે જે ૧૫ દિવસ કરતા વધુ નથી એવા બન્ને દિવસો શુધ્ધા નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(અ) કટઆઉટ, હોર્ડીંગ્સ, બેનર વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહિ એટલે કે, સરકાર, નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ. (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહિ.)

(બી) જો કટઆઉટ/હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઈએ.

૧. હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ × ૮ ફુટ થી વધારે હોવી જોઈએ નહી.

૨. કટઆઉટની ઉચાઈ ૮ ફુટ થી વધવી જોઈએ નહી.

૩. રાજકીય પક્ષ/ઉમેદવારે ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનર વિગેરે મુકયાં હશે તે જગ્યાના માલીકની લેખિત મંજુરી લીધેલ હોવી જોઈએ. આ મંજુરી જીલ્લા ચુંટણી અધિકારી/ચુંટણી અધિકારી/પોલીસ અધિકારી જયારે માંગશે ત્યારે રજુ કરવાની રહેશે.

૪. કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનરો વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જીલ્લા ચુંટણી અધિકારી, ચુંટણી અધિકારી અને પોલીસ અધિકારીને કરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકેલ હોય તદ્અનુસાર ઉમેદવારોના ચુંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાના રહેશે.

૬. ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર સબંધિત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઈએ.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૩)(ઘ)(ખ) ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/ચુંટણી/૨જી.૬/૨૦૦૨.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ ૨૨ મો) ની કલમ-૩૩ (૧)(ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી વી. પી. પટેલ, જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણી તથા ચુંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬ ની સુચનાઓ ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકત અને ન્યાયી વિધાનસભાની ચુંટણી માટે, જાહેર હિતમાં નવસારી જીલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૦૨ કે જે ૧૫ દિવસ કરતા વધુ નથી એવા બન્ને દિવસો શુધ્ધા નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૧. કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણ થી વધુ વાહનોના બનેલા રક્ષા કાફલા રૂપે જવા દેવાશે નહીં. કેન્દ્ર કે રાજય સરકારના કોઈપણ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યકિતને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતા આ બાબત આવા કોઈ વ્યકિત સબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સુચનાને આધીન રહેશે.

૨. ચુંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડસ્પીકર સાથેના વાહનો પરત્વે તેની પરવાનગી પત્ર કે જે પરવાનગી નંબર તારીખ સહીત (વાહનના કાચ ઉપર લગાડેલ) નોજ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યે રજૂ કરવાની રહેશે.

મુંબઈ પોલાસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(ખ) ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વી. પી. પટેલ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

INDEX

હુકમ

મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) એફ અન્વયે.

ક્રમાંક એમએજી. ચટણ./જાહેરનામું/વશી/૩૪૩૦ થી ૩૪૫૭/૨૦૦૨.- ભારતના ચુંટણી પંચ દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૦૨ માટેનો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તારીખ ૧૨મી ડિસેમ્બર ૨૦૦૨ના રોજ મતદાન થનાર છે.

ભારતના નિર્વાચન આયોગને બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ ક્રમાંક ૩/૯ (ઈ.એસ.)-૦૦૮/૯૪-જે.એસ.-૨/૫૧૫૨ તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪થી આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી ચૂંટણીને લગતાં ચોપાનિયાં, ભીંતપત્રો વગેરનાં મુદ્રક અને પ્રકાશનો લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૭(૬)ની જોગવાઈઓ લાગુ પડે છે. જેથી ચૂંટણીને લગતાં ચોપાનિયાં, ભીંતપત્રો વગેરનાં મુદ્રણ પર નિયંત્રણ રાખવાનું આવશ્યક છે.

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૦૨ દરમ્યાન રાજકીય પક્ષનાં ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતાં ચોપાનિયાં, ભીંતપત્રો વગેર છપાવવામાં આવે છે. આ ચોપાનિયાં, ભીંતપત્રો વગેરે પર મુદ્રક અને પ્રકાશકનું નામ, સરનામું છપાવવાની ખાસ આવશ્યકતા છે.

જેથી હું ડી. જી. ઝાલાવાડિયા, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, મુંબઈ પોલિસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(એફ)થી મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) કોઈપણ વ્યક્તિ જેના પર પ્રકાશકના નામ, સરનામા ન હોય, એવા ચૂંટણીને લગતાં ચોપાનિયાં કે ભીંતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહીં. અથવા છપાવી કે પ્રસિદ્ધ કરાવી શકશે નહીં.

(૨) કોઈપણ વ્યક્તિ ચૂંટણીને લગતાં ચોપાનિયાં કે ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં સિવાય કે,

(ક) તેની સહીવાળા અને તે અંગત રીતે ઓળખતી હોય, તેવી વ્યક્તિઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેને મુદ્રકને આપી હોય,

ખ. ઉમેદવારો તરફથી પ્રચાર કે હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર ચોપાનિયાં, ભીંતપત્રો વગેર સાહિત્ય છાપવામાં આવે ત્યારે તે પ્રેસનાં માલિક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ અને સરનામું તથા છાપેલા સાહિત્યની સંખ્યા લખવાની રહેશે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ કલમ-૧૨૭ (ક) હેઠળ આવું સાહિત્ય છાપનારે તેની ચાર નકલ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદાને મોકલી આપવાની રહેશે. તેમજ તે અંગે નિયત જોડાણમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદાને લેખિતમાં જોહરાત કરવાની રહેશે.

આ હુકમ હુકમની તારીખથી તારીખ ૨૫મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશ.

સદર હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલિસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડિયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

જાહેરનામું

નં. ઉ/પી.ઓ.એલ./એમ.એ.જી./વશી./૪૫૬૩.- મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ઓ)મુજબ પંચમહાલ જિલ્લામાં અત્રેના જાહેરનામા નં. પીઓએલ/ડીસી/૧૮૩૫/૩૯૪૧, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૬૫થી પરવાનગી વગર સરઘસ અગર સભા ભરવા માટે પ્રતિબંધ મુકતો હુકમ કરેલ છે. સદરહું હુકમના નિયમ-૧ મુજબ મળેલા અધિકારની રૂએ,અત્રેના હુકમ નં. પીઓએલ/ડીસી/૧૮૩૫/૩૯૪૧, તારીખ ૧૯મી ઓગષ્ટ ૧૯૬૫, તથા જાહેરનામાં નં. પીઓએલ/એમએજી/વશી/૧૯૦/૯૦ ૧૬મી એપ્રિલ, ૧૯૯૦ તથા જાહેરનામા ક્રમાંક પીઓએલ/એમએજી/વશી/૧૨૨ તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૫થી પ્રતિબંધિત વિસ્તારોમાં સરઘસ કાઢવા કે સભા ભરવા પરવાનગી આપવા માટે સંબધિત અધિકારીશ્રીઓને અધિકૃત કરેલ હતા. વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૦૨ના સંદર્ભમાં ઉક્ત હુકમોમાં ફેરફાર કરી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ થી ૩૧મી, ડીસેમ્બર ૨૦૦૨ સુધીના સમય દરમ્યાન સભા, સરઘસ માટે નીચે મુજબના અધિકારીશ્રીઓને પરવાનગી આપવા અધિકૃત કરવામાં આવે છે.

(૧) ગોધરા અને લુણાવાડા શહેરી વિસ્તાર સબંધિત નાયબ કલેકટર અને સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ.

(૨) જિલ્લાના તાલુકા વિસ્તારોમાં સમગ્ર તાલુકા વિસ્તાર માટે ઉપર અ.નં. ૧ સિવાયના નગરપાલિકા વિસ્તાર સહિત સબંધિત મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ.

આજ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

મનોજ અગ્રવાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ- ૪૩ (૧) મુજબ.

નંબર ડીસી/એમએજી/૫૫/૨૦૦૨.- તારીખ ૧૫મી નવેમ્બર ૨૦૦૨થી તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૨ સુધી ધોળકા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વૌઠા ગામે ભરાનાર લોકમેળામાં જાહેર સુખાકારી ભયમાં મુકાય તેવું મને લાગે છે.

વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ ૪૩(૧)થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું, કે નીચેના નિયમો મેળામાં ભાગ લેનાર દરેક વ્યકિતને પાલન કરવા બંધાયેલ છે.

(૧) કોઈપણ યાત્રાળુ પીવાના પાણીના તળાવમાં કે કુવામાં પોતાનું વાસણ બોળી શકશે નહી. દરેક યાત્રાળુએ પીવાનું પાણી મેળામાં રાખવામાં આવેલ પાણી પાનાર પાસેથી મેળવી શકશે.

(૨) સડી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુદ્ધ પીણા મેળાના વિસ્તારમાં કોઈ વેચી શકશે નહી, ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક આવી વસ્તુઓ જમ્ત કરી શકશે અને પોલીસ અમલદારો નિરિક્ષકને આ અંગે જરૂરી મદદ પુરી પાડશે.

(૩) ખાસ નક્કી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય મેળાના વિસ્તારમાં કોઈપણ બીજી જગ્યાએ કોઈપણ શખ્સ જાજરૂ કે પેશાબ કરશે નહીં.

(૪) પોતાના વિસ્તારમાં હાજર રહેલા આરોગ્ય નિરીક્ષક ચહાની તથા ઠંડા પીણાની અને ખાન-પાનની દુકાનો તપાસી શકશે. અને સ્વચ્છતા માટે જરૂરી સુચનાઓ આપશે, જે સૂચનાઓનો અમલ કરવા તેવા શખ્સ બંધાયેલા છે.

(૫) ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક તથા રોગચાળો અટકાવવા માટે જવાબદાર કર્મચારીઓ દરેક યાત્રાળુઓને જરૂર પડે તપાસી શકશે અને મરકી, શિતળા, કોલેરા કે એવા ચેપી રોગોથી પીડાતા દર્દીને તાત્કાલિક મેળા વિસ્તારમાં બહાર ખસેડી શકેશે.

ઉપરના નિયમોનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૯ મુજબ વધુમાં વધુ ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અથવા બન્ને સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી માહે નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર-૫૬/૨૦૦૨.- આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭ (૧)થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૨ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતુ હોય તેવુ ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતુ અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું, તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તૈયારી કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબર, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વગેરે અને તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય, જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ વિઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.)

અપવાદ :- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

INDEX

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી, અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર-૫૭/૨૦૦૨.- આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭ (૩)થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨થી તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૨ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈપણ સભા કરવી કે બોલાવવી નહીં, તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.)

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટાગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(એમ) અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૦૫૭૭.-સરદાર સરોવર યોજનાના મુખ્ય બંધમાં પાણીની સપાટી વધતા ''ઈરીગેશન બાયપાસ ટનલ'' માંથી પાણીનું વહન ચાલુ થતાં નર્મદા યોજનાની મુખ્ય નહેરમાંથી ભરૂચ જીલ્લામાંથી પસાર થતી અને નર્મદા યોજના નહેર વર્તુળ નં. ૧, વડોદરા હસ્તકની નર્મદા યોજનાની અમલેશ્વર શાખા નહેર તથા સાયખા શાખા નહેર અને એમાંથી ઉદભવતી વિશાખા નહેરો પ્ર શાખા નહેરોમાં હાલમાં પાણી વહેવડાવવામાં આવી રહેલું છે. આ નહેરો પૈકી અમુક નહેરો ઉંડી હોય તથા તેમાં પાણીનો પ્રવાહ વધુ પ્રમાણમાં હોય લોકોનો ન્હાવા-ધોવા જતા ડુબી જવાની સંભાવના રહેલી છે. જેથી લોકોના જાનની સલામતી માટે નહેરોમાં ન્હાવા-ધોવા ઉપર નિયમન કરવું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(એમ) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સરદાર સરોવર નર્મદા યોજનાની મુખ્ય નહેરમાંથી ભરૂચ જીલ્લાની હદ વિસ્તારમાંથી નર્મદા યોજનાની આ સાથેના પરિશિષ્ટ-અ મુજબની નહેરો શાખા, પ્રશાખા પસાર થાય છે તેવી નહેરો, વિશાખા, પ્રશાખાના પાણીમાં તમામ લોકોના ન્હાવા-ધોવા ઉપર પ્રતિબંધ મૂકવા આદેશ કરૂ છું.

આ હુકમનો અમલ બીજો હુકમ ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે. તથા હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

INDEX

પરિશિષ્ટ - અ

અ.નં	જીલ્લાનું નામ	તાલુકાનું નામ	શાખા નહેરનું નામ	વિશાખા નહેરનું નામ	પ્રશાખા નહેરનું નામ	ગામનું નામ
૧	૨	૩	૪	૫	૬	૭
૫	ભરૂચ	ભરૂચ	અમલેશ્વર	અમલેશ્વર	એ-૧	અલદર
				હિંગરલા	એ-૨	અલદર
				ત્રાલસમાધ	૧ એફએચ.૧	પગુથણ
				ત્રાલસમાધ	૨ ઓફએચ.૪	ત્રાલસા
				દેરોલ	ડી. ૩	દેરોલ
				દેરોલ	ટી. ૧	થામ
				દેરોલ	એમ. ૧	મહુધાલા
				દયાદરા	ડી.એ. ૧	દયાદરા
				દયાદરા	ડી.એ. ૨	દયાદરા
	ભરૂચ	ભરૂચ	અમલેશ્વર	અમલેશ્વર	ચાલોદ	ચાલોદ
				અમલેશ્વર	અમલેશ્વર	અમલેશ્વર
					શંખવાડ	શંખવાડ
				અમલેશ્વર	અમલેશ્વર-૧	અમલેશ્વર
				અમલેશ્વર	અમલેશ્વર-૧	અમલેશ્વર
				અમલેશ્વર	અમલેશ્વર-૨	અમલેશ્વર
				અમલેશ્વર	અમલેશ્વર-૨	અમલેશ્વર
	ભરૂચ	ભરૂચ	અમલેશ્વર	મહેગામ	ભાડભૂત	ભાડભૂત
				મહેગામ	ભાડભૂત-નબેઠા	ભાડભૂત
				મહેગામ	ભુવા અમાદરા	ભુવા અમાદરા
				મહેગામ	કેશવા એકશલ	કેશવા એકશલ
				કેશરોલ	નવેથા	નવેથા
				કેશરોલ	અમોદરા	અમોદરા ભુવા
				કેશરોલ	કેશરોલ	કેશરોલ
				કેશરોલ	એકશલ	એકશલ
	ભરૂચ	ભરૂચ	અમલેશ્વર	દયાદરા	બી-૧	ભરથાણા
					બી-૨	ભરથાણા
					એમ-૨	માંચ
						કુલ...
૬	ભરૂચ	વાગરા	સાયખા	સાયખા	અંકોટ-૨	અંકોટ
			સાયખા	સાયખા	વછનાદ-૧	વછનાદ
			સાયખા	સાયખા	વછનાદ-૨	વછનાદ
			લુવારા	પીસાદ	પીસાદ-૧-૨	વાગરા-પીસાદ
	ભરૂચ	વાગરા	સાયખા	સલાદરા	સલાદરા-૧	કેલોદ
						સલાદરા
					અરગામા	અરગામા
				સદાથલા	સામની વિલાયત	સામની વિલાયત
				સદાથલા	સામની વિલાયત	સામની વિલાયત
				સદાથલા	ભેરસમ-૧	ભેરસમ
				સદાથલા	ભેરસમ-૨	ભેરસમ
				સદાથલા	ભેરસમ-૩	ભેરસમ
				સદાથલા	ભરસમ-૪	ભેરસમ
						કુલ...

આજ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મે મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

એમ. એસ. ઠક્કર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર તાલીમ/૨જી. ૫૧/૨૦૦૨.– સીકયુરીટી કમિશનરશ્રી રેલ્વે સુરક્ષાબલ પ્રશિક્ષણ સંસ્થાન પ્ર. રેલ્વે વલસાડના પત્ર નં. જી/ટીઆરજી/૯-બી/૦૨, તા. ૧૮મી નવેમ્બર ૨૦૦૨થી જણાવ્યાનુસાર મુંબઈ ડીવીઝનના ભીલાડ રેન્જના કર્મચારીઓ અને અધિકારીઓની ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધી માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) કલમ ૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ, તાલુકા ઉમરગામ, જિલ્લા વલસાડનાં ૨ કિ. મી. વિસ્તારમાં **તારીખ ૧લી ડીસેમ્બર ૨૦૦૨ થી ૧૫મી ડીસેમ્બર ૨૦૦૨ના રોજ સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી** ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુ બાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉ છું.

સદરહુ ગોળીબાર પ્રકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૦૨ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

વાંચ્યુ : (૧) પી.આઈ. નવસારી ટાઉન પોલીસ સ્ટેશનના ગુપ્ત જા. નં. ૫૨૬/૦૨, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨.
(૨) પોલીસ અધિક્ષકશ્રી નવસારીના પત્ર નં. એલઆઈબી/પોલ/૫૪૭૧/૦૨, તારીખ ૨૦મી નવેમ્બર ૨૦૦૨.

હુકમ

નં. ડીસીબી/એમએજી/વશી-૫૮૦૫/૫૮૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, નવસારીએ તારીખ ૨૦મી નવેમ્બર ૨૦૦૨ના રોજ અત્રે હેવાલ મોકલી જાણ કરેલ છે કે, તારીખ ૨૨મી નવેમ્બર ૨૦૦૨ના રોજ કલાક ૧૭-૦૦ થી ૨૦-૦૦ દરમ્યાન નવસારી લુન્સીકૂઈ મેદાનમાં આર્ટસ ઓફ લીવીંગના પ્રણેતા પ. પૂ. શ્રી રવિશંકરજી નો દિવ્યમીલન સત્સંગ સમારંભનું આયોજન થનાર છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જનમેદની ભાગ લેનાર હોઈ કાર્યક્રમ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા ટ્રાફીક નિયમન વ્યવસ્થિત રીતે થાય તે સારૂ જાહેર જનતાના હીતમાં સલામતિના પગલા લેવા ઉચિત જણાવ્યુ છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માંની) ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) ના ક્લોઝ (ખ) થી મને મળેલ સત્તાની રૂએ હું શ્રી જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી નીચેના નિયમો કરૂં છું.

તારીખ ૨૨મી નવેમ્બર ૨૦૦૨ના રોજ કલાક ૧૭-૦૦ થી ૨૦-૦૦ દરમ્યાન કોઈ પણ રાહદારી કે સવાર થઈને જનાર વાહન ચાલક કે ગાડી સાયકલના ચાલક અથવા ઢોરોને દોરી લઈ જનાર કે સાથે જનારાઓએ ગણદેવી તરફથી નવસારી આવતો ટ્રાફિક તથા નવસારી થી ગણદેવી તરફ જતો ટ્રાફિક નીચે મુજબ ઉપયોગ કરી ટ્રાફિક નિયમનની જાળવણી કરવી.

ગણદેવી તરફથી નવસારી આવતો ટ્રાફિક તથા નવસારીથી ગણદેવી તરફ જતો ટ્રાફિક સરકીટ હાઉસથી સીધી કેમ્પ મચ્છી માર્કેટ શહિદ ચોક થઈ એસ. ટી. ડેપો તરફના માર્ગ ઉપર પસાર થઈ શકશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિનયમ-૧૯૫૧ની ૨૨માની કલમ-૧૩૧માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી નવેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૪) અન્વયે બહાર પાડેલો.

ક્રમાંક ઉ /મકપ/મજસ/વશી/૪૪૯૯.– વિશ્વ હિન્દુ પરીષદ ગોધરા દ્વારા તારીખ ૧૭મી નવેમ્બર ૨૦૦૨ના રોજ ગોધરા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ગોધરા ખાતે ધર્મસભા તથા હિન્દુ પદશાહી યાત્રા કાઢવાનું નક્કી કરેલ છે. આ યાત્રામાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સાબરમતિ ટ્રેઈનના એસ. ૬ ડબ્બાને લગાડેલ આગ અને ત્યાર પછી બનેલ કોમી બનાવોનુ પ્રદર્શન બતાવતા બેનરો સાથે યાત્રા નિકળનાર હોઈ, અને આ ધર્મસભા યાત્રામાં ડૉ. પ્રવિણ તોગડિયા તથા આચાર્ય ધમેન્દ્રપ્રસાદ હાજર રહેનાર હોઈ અને આ ધર્મસભા રેલીની પરવાનગી રદ કરેલ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે. જાહેર સુલેહ શાંતિ જળવાય રહે તે હેતુથી ઉક્ત સભા સરઘસ લોકોને જતા રોકવા અટકાવવા જરૂરી જણાયેલા છે. આથી હું, બી. એન. ડામોર, (જી.એ.એસ.), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરા, તે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૪) અન્વયે ફરમાંવું છું કે તારીખ ૧૭મી નવેમ્બર ૨૦૦૨ના રોજ ગોધરા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરા ખાતે સભા સરઘસના હેતુ માટે કોઈપણ વ્યક્તિએ પગે ચાલીને અથવા વાહન દ્વારા એકઠા થવા જવુ નહિં.

આ હુકમની જાહેરાત અને અમલ પોલીસ ખાતાએ કરવો.

આજ તારીખ ૧૫મી નવેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલો

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૪૫૧૦.–ભારતના ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભાની ચૂંટણી-૨૦૦૨ મતદાન તારીખ ૧૨મી ડીસેમ્બર ૨૦૦૨ના રોજ યોજવા જાહેર કરેલ છે. આ સંદર્ભમાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે તે માટે સુચનાઓ પણ પાઠવેલ

INDEX

છે.

તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા રેલ્વે ટ્રેઈન હત્યાંકાંડનો બનાવ તથા તે પછી કોમી તંગદીલી ઉભી થઈ ગોધરા શહેર તથા સમગ્ર જીલ્લાના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાના બનાવો બનેલા છે. આથી આગામી સમયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિ જાળવવી જરૂરી છે.

તેથી હું બી. એન. ડામોર, (જી. એ. એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જીલ્લાની હદમાં તારીખ ૧૫મી નવેમ્બર ૨૦૦૨થી તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૦૨ (બંન્ને દિવસો સહીત) સુધી ચાર કરતાં વધુ માણસો ભેગા થવું નહી. કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા કોઈ સરઘસ કાઢવું નહી.

જાહેર સભા સરઘસ અથવા રેલીની પરવાનગી અંગે સબંધિત પેટા વિભાગના સબડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઈ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૩) અને ભારતનાં ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૧૫મી નવેમ્બર સને ૨૦૦૨ના રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નં. એમ.એજી/વશી/૪૫૧૧.-સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ગોધરાએ તેઓના તારીખ ૧૩મી નવેમ્બર ૨૦૦૨ના હુકમથી મંત્રીશ્રી, જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ પંચમહાલ, ગોધરાને ગોધરા ખાતે તારીખ ૧૭મી નવેમ્બર ૨૦૦૨ના રોજ શ્રી પ્રવિણભાઈ તોગડીયા અને આચાર્યશ્રી ધર્મેન્દ્રપ્રસાદજીના અધ્યક્ષ સ્થાને રેલી ધર્મસભા યોજવા પરવાનગી આપેલ તે પરવાનગી આપતો હુકમ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાએ તેઓના તારીખ ૧૪મી નવેમ્બર ૨૦૦૨ના હુકમથી તાત્કાલીક અસરથી રદ્ કરવા હુકમ કરેલ છે. સદર રેલી ધર્મસભા યોજવા વિશ્વ હિન્દુ પરિષદ મક્કમ હોવાનું જણાય છે. ગોધરામાં રેલ્વે હત્યાકાંડ અને તે પછી પંચમહાલ જિલ્લામાં કોમી હિંસાના મોટા પ્રમાણમાં બનાવો બનવા પામેલ અને કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતિ નાજુક રહેવા પામેલ છે.

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી - ૨૦૦૨ યોજવા અને મતદાન તારીખ ૧૨મી ડિસેમ્બર ૨૦૦૨ના રોજ યોજવા ભારતના ચૂંટણીપંચે જાહેર કરેલ છે. આ સંદર્ભમાં ચૂંટણી સંચાલન પ્રક્રિયા અને મતદાન મુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં થાય તે હેતુ કાયદો અને વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ યોગ્ય રીતે જળવાઇ રહે તે અત્યંત આવશ્યક છે.

અત્રેના જિલ્લામાં ઉક્ત રેલી ધર્મસભા યોજાય તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને તેમજ જાહેર સુલેહ શાંતિને વિપરિત અસર થવા સંભાવના છે.

આથી હું, શ્રી બી. એન. ડામોર, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા , ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ વિશ્વ હિન્દુ પરિષદના શ્રી પ્રવિણભાઈ તોગડીયા અને આચાર્યશ્રી ધર્મેન્દ્રપ્રસાદજી અત્રેના પંચમહાલ જિલ્લામાં પ્રવેશવા પર તારીખ ૧૫મી નવેમ્બર ૨૦૦૨ થી તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૦૨ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમની જાહેરાત તેમજ અમલ પોલીસ ખાતાએ કરવો.

આજ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નં. ઉ/મકમ/મજસ/વશી/૪૫૧૨.-વિશ્વ હિન્દુ પરિષદ ગોધરા તરફ તારીખ ૧૭મી નવેમ્બર ૨૦૦૨ના રોજ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતેથી ધર્મસભા તથા હિન્દુ પદશાહી યત્રા કાઢવાનું નક્કી કરેલ હોઈ, અને આ યાત્રામાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેઈનના એસ-૬ ડબ્બાને લગાડેલ આગ અને ત્યાર પછી બનેલ કોમી બનાવોનું પ્રદર્શન બતાવતા બેનરો સાથે, યાત્રા નિકળનાર હોઈ આ યાત્રા નિકળે તો જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાને અસર પહોંચે તેમ હોવાનું જણાવી જાહેર સુલેહ શાંતિ જાળવી રાખવાના હેતુથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ ઉક્ત હેતુ ચાર કરતાં વધુ વ્યક્તિએ ભેગા થવા ઉપર પ્રતિબંધ હુકમ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગોધરાએ દરખાસ્ત કરેલ છે.

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે, જાહેર સુલેહ શાંતિ જાળવી રાખવાના હેતુથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમ બહાર પાડવો જરૂરી જણાય છે. જેથી હું, બી. એન. ડામોર, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી ફરમાવું છું કે, તારીખ ૧૬મી નવેમ્બર ૨૦૦૨ થી ૧૮મી નવેમ્બર ૨૦૦૨ના સવારના ૧૦-૦૦સુધી પંચમહાલ જિલ્લામાં કોઈપણ સ્થળે ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકત્ર થવું નહિ.

આજ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર : ડીસી/એમ.એજી/એસ.આર./૫૯/૨૦૦૨.વિધાનસભાની સામાન્ય ચુંટણી તારીખ ૧૨મી ડીસેમ્બર ૨૦૦૨ના રોજ યોજાનાર છે. ભરતના ચુંટણીપંચના તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ના આદેશ નંબર ૩-૧૦-ઈએસઓ-(૦૦૭) ૯૪-જેએસ-૨-૫૨૧૬ થી થઇ આવેલ સુચનાનુસાર કોઇપણ ખાનગી કે જાહેર મિલ્કતો જેવી કે અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા, હાઈવે ઉપર માઇલ સ્ટોન અને બોર્ડ, રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતાં બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ અને લોકોને ચેતવણી આપતાં બોર્ડ, ટેલીફોન અને ઇલેક્ટ્રીકના થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ સહકારી

INDEX

સંસ્થાઓના મકાનો, રાજ્ય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેર માર્ગો તથા ખાનગી માલિકીના મકાનો અને ખાનગી બોર્ડ ઉપર કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા ચુંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભૂતિ રાખનારા કે અન્ય કોઈપણ વ્યક્તિઓએ ચુંટણી જાહેરાત, પ્રચાર કરતાં પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદાઓ તેમજ ચૂંટણીનો પ્રચાર કરતાં લખાણો ઉપર વર્ણન કરેલ મિલ્કતોને તેના માલિકની લેખિત પૂર્વમંજુરી મેળવ્યા સિવાય લગાડવામાં આવે છે અને તેના ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઇએ નીચે પ્રમાણે ફરમાવું છું.

૧. ભારતના ચૂંટણીપંચના આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો કે સીધા કે આડકતરી રીતે સંકાળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિઓએ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મીલ્કતો ઉપર ચૂંટણી પ્રચાર અંગે પોસ્ટરો, બેનરો, પડદા કે પુતળા કે અન્ય ચૂંટણી પ્રચારના લખાણો કરી મીલ્કતોને બગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૨. મીલ્કતના માલીકની લેખીતમાં પુર્વમંજુરી વગર મીલ્કતોને બગાડવા કે નુકકશાન પહોંચાડશે તેની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે, તથા જાહેર કે ખાનગી મીલ્કતો બગાડવામાં આવશે તો બગાડ કરનારાના ખર્ચે તે સુધારવામાં આવશે અને તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે.

૩. આ હુકમની તારીખથી વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી આ હુકમ અમલમાં રહેશે.

૪. આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

૫. આ હુકમ સમગ્ર અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય)ના મહેસુલી વિસ્તારને લાગુ પડશે.

આજરોજ તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ઉર્મીલા ડી. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩) અન્વયે બહાર પાડેલો.

ક્રમાંક : ઉ/મકપ/પલસ/મજસ/વશી/૪૫૧૩.-ભારતના ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૦૨ મતદાન તારીખ ૧૨મી ડીસેમ્બર ૨૦૦૨ના રોજ યોજવા જાહેર કરેલ છે. આ સંદર્ભમાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે સુચનાઓ પણ પાઠવલે છે.

તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા રેલ્વે ટ્રેઇન હત્યાકાંડનો બનાવ તથા તે પછી કોમી તંગદીલી ઉભી થઇ, ગોધરા શહેર તથા સમગ્ર જિલ્લાના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાના બનાવો બનેલા છે. તારીખ ૧૭મી નવેમ્બર ૨૦૦૨ના રોજ ગોધરા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ધર્મસભા , હિન્દુ પદશાહી યાત્રા નિકળનાર હોઇ, આથી આગામી સમયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતી જાળવી રાખવા લોકોને હરકત થતી અટકાવવા માટે કોઇ પણ સાર્વજનિક જગામાં અથવા તેની પાસેની જગ્યામાં લાઉડસ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાયું છે.

તેથી હું, બી. એન. ડામોર, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩(૧)(આર)(૩) મુજબ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લાની હદમાં તારીખ ૧૬મી નવેમ્બર ૨૦૦૨ થી તારીખ ૨૦મી ડીસેમ્બર ૨૦૦૨ (બન્ને દિવસો સહિત) સુધી કોઇ પણ વ્યક્તિએ કોઇપણ સાર્વજનિક જગ્યામાં અથવા તેની પાસેની જગ્યામાં અધિકૃત અધિકારીની પૂર્વ પરવાનગી વગર લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) અને ભારતનાં ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૧૬મી નવેમ્બર સને ૨૦૦૨નાં રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૪) હેઠળનું

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી. ૨૬૦૧/૨૦૦૨.– "સી" કંપની કમાન્ડટ, રા. અ. પો. દળ, જુથ–૧ વડોદરાના હાલ કેમ્પ સુરતના પોલીસ કર્મચારીઓની સને ૨૦૦૨ના વર્ષની ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૦૨થી ૨૧મી નવેમ્બર ૨૦૦૨ સુધી શેરુલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી ખાતર હું જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રુએ ફરમાવુ છું કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરુલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૦૨થી ૨૧મી નવેમ્બર ૨૦૦૨ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ રાખેલ હોય, સદરહું વિસ્તારની આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અન અધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર, ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુની ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૦૨થી ૨૧મી નવેમ્બર ૨૦૦૨ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

INDEX

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી નવેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જે. બી. વોરા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

આદેશ

ગૃહ વિભાગ, ગુજરાત સરકાર ગાંધીનગરના તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૨નાં ફેકસ મેસેજ ક્રમાંક હથપ-૫૦૦૨-૪૨૨૧-મ અન્વયે લાયસન્સ ધારણ કરનારાઓએ તેમના હથિયારો દારૂગોળો ડીપોઝીટ કરવા માટેનો

ક્રમાંક ફજદ:વશી/૩૩૭૮ થી ૩૪૦૭/૨૦૦૨.–આગામી ડિસેમ્બર માસની તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૨થી યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે થાય તે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, આથી ડાંગ જિલ્લામાં વસવાટ કરતા ક્રિમીનલ બેકગ્રાઉન્ડવાળા/જામીન પર મુક્ત થયેલા/ભૂતકાળમાં રાયોટીંગના ગુનામાં તથા ચૂંટણી લક્ષી ગુનાઓમાં સંડોવાયેલા હથિયાર લાયસન્સ ધારકોના હથિયાર આ હુકમની તારીખ દિન-૭ સુધીમાં જિલ્લાનાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા આદેશ આપું છું.

આ આદેશ નીચેનાં પરવાના ધારકોને લાગુ પડશે:-

(૧) ડાંગ જિલ્લામાં વસવાટ કરતા હોય તેવા હથિયાર-દારૂગોળા પરવાના ધારકોને

(૨) અન્ય વિસ્તારનાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કે પોલીસ કમિશનરશ્રી તરફથી અપાયેલ હથિયાર પરવાના નાં જે ધારકો ડાંગ જિલ્લામાં વસવાટ કરતા હોય તેવા પરવાના ધારકોને.

(૩) ડાંગ જિલ્લામાં હથિયાર અને દારૂગોળો વેચવાનાં અધિકૃત પરવાનેદારને

આદેશમાંથી નીચેનાં હથિયાર ધારકોના મુકિત આપવામાં આવે છે:-

(૧) ડાંગ જિલ્લામાં આવેલી રાષ્ટ્રીયકૃત બેન્કો વેલીડ હથિયાર પરવાનો રાખીને બેન્કની મિલ્કતનું રક્ષણ કરવા માટે હથિયાર રાખતી હોય તેવી બેન્કો માટે આ મુકિત બેન્કનાં મકાન પુરતી મર્યાદિત રહેશે.

(૨) કેન્દ્ર સરકાર કે રાજય સરકારની નોકરીમાં જે વ્યક્તિઓ તેમની ફરજનાં ભાગરૂપે તેમને સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ હથિયાર ધરાવતી હોય તેવી વ્યક્તિઓ જો તેઓ ચૂંટણી દરમ્યાન ફરજ ઉપર હોય તો જ.

આ આદેશનું પાલન નહીં કરનાર સામે આર્મ્સ એકટ-૧૯૫૯ની કલમ-૨૫ની જોગવાઈઓ પ્રમાણે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની લાગતા વળગતા પરવાનેદારોએ નોંધ લેવી.

આજ તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનાં સીલ સાથે બહાર પાડવામાં આવ્યા.

(સહી) અવાચ્ય,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ–આહવા.

સબ–ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ મુજબનો.

નંબર પી.ઓ.એલ/વશી.–તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મહુધા શહેરમાં અશાંત પરિસ્થિતિ અને કોમી બનાવ (તોફાન) થયેલ હોઈ લોકો જાહેરમાં આવી તેની પ્રતિક્રિયા વ્યકત કરતા હોવાથી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કાબુ બહાર જવાની અને હિંસા થવાની તમામ શક્યતાઓ રહેલ છે. આ પરિસ્થિતિનું નિવારણ કરવા અને તેને તાત્કાલિક અટકાવવા ઝડપી ઉપાયો યોજવાનું જાહેર સુલેહ શાંતિના હિતમાં છે.

વાસ્તે, હું, હારીત શુકલ, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ખેડા, આથી ફરમાવું છું કે તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ રાત્રિના ૨૧-૦૦ કલાકથી નીચે દર્શાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારના રહેવાસીઓએ અને તેમાં અવર-જવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર પુરતું અનુસૂચિમાં દર્શાવેલ કલાકો દરમ્યાન ઉપર્યુકત વિસ્તારમાં આવેલ કોઈપણ માર્ગ જાહેર રાહદારી રસ્તા, રાજય માર્ગ શેરી, ગલી, પેટાગલીમાં સવારી કરવી નહીં વાહન હંકારવું નહી, ચાલવું નહી ઉભુ રહેવું નહી, રખડવું નહિ અથવા હરવુ ફરવું નહી અથવા તેનો બીજો કોઈ રીતે ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	સમય
મહુધા નગરપાલિકા હદનો તમામ વિસ્તાર	અચોક્કસ મુદત સુધી વખતો વખત છૂટછાટ આપવામાં આવે તે સમય સિવાયનો સમય

આ હુકમ સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ખેડા તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, મહુધા અથવા આ અર્થે તેમણે અધિકૃત કરેલા અધિકારી પાસેથી પરમીટ ધરાવનાર વ્યકિતઓને તથા ફરજ પરના પોલીસ કર્મચારીઓ અને ફાયરબ્રીગેડના કર્મચારીઓ તેમજ આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક નધણ/૩૩૩૬/ક-૩/૭૧૭૩/સે-૩૩૨૦૮/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી ઇટાદરા તેજના અને તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ઇટાદરા, તાલુકો માણસા, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૩-૮-૨૦૦૨.

ક્રમાંક નધણ/૩૩૩૮/ક-૩/૭૯૭/સે-૩૪૬૪૫/૨૦૦૨.-આથી જાહેર કરે છે કે ધી રીંદ્રોલ તેજના અને તેલીબીયાં ઉ[illegible] સ. મં. લી., મર્યાદિત સ્થળ રીંદ્રોલ, તાલુકો માણસા, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૨-૮-૨૦૦૨.

ક્રમાંક નધણ/૩૩૩૫/ક-૩/૭૮૨/સે-૩૪૬૨૬/૨૦૦૨.-આથી જાહેર કરે છે કે ધી સોજા તેજના અને તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સોજા, તાલુકો કલોલ, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૬-૮-૨૦૦૨.

ક્રમાંક નધણ/૩૩૩૭/ક-૩/૭૮૬/સે-૩૪૬૪૭/૨૦૦૨.-આથી જાહેર કરે છે કે ધી ચડાસણા તેજના અને તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ચડાસણા, તાલુકા માણસા, જીલ્લો ગાંધીનગર,

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૬-૮-૨૦૦૨.

ક્રમાંક નધણ/૩૪૦૧/ક-૩/૭૮૪/સે-૩૪૬૪૮/૨૦૦૨.-આથી જાહેર કરે છે કે કેપીટલ ક્રેડીટ એન્ડ સપ્લાય કો. ઓપ. સોસાયટી લી., મર્યાદિત સ્થળ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૬-૮-૨૦૦૨.

ક્રમાંક / નધણ / ૩૪૦૮ / ક-૩ / ૭૮૫ / સે.-૩૪૬૪૯ / ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, આદર્શ ભક્ષીપંચ ગૃપ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ જીમનગર (બાળવા), તાલુકો કલોલ, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૬-૮-૨૦૦૨.

ક્રમાંક / નધણ / ૩૩૮૩ / ક-૩ / ૮૧૨ / ઉ—૧૨૦૮૦ / ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, માનવ સેવા મજુર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અડવાલ, તાલુકો ધંધુકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૭-૮-૨૦૦૨.

ક્રમાંક / નધણ / ૩૩૩૪ / ક-૩ / ૮૧૩ / સે.-૩૪૬૫૦ / ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, ધી પકુરમા તેજના અને તેલીબીયા ઉત્પા. સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ પકુરમા, તાલુકો માણસા, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૧૯-૮-૨૦૦૨.

INDEX

ક્રમાંક / નંધણ / ૩૪૪૨ / ક-૩ / ૮૭૬ / ઉ.-૧૨૦૮૧ / ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, રોહિત મજુર કામદાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મેનજ, તાલુકો વિરમગામ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૪-૯-૨૦૦૨.

ક્રમાંક / નંધણ / ૩૪૫૬ / ક-૩ / ૯૩૬ / સે.-૩૪૬૫૩ / ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, શ્રી સ્વામી નારાયણ ક્રેડીટ એન્ડ સપ્લાય સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અકલીપુર, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ.

સન ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૫) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૧-૯-૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ
(ફરેલ) અમદાવાદ.

વંચાણમાં લીધા :—

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ પાલનપુરનો તા. ૧૫-૧૦-૦૧ નો ફડચાનો આસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૪-૧૨-૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ. તા. ૧૪-૩-૦૨.

(૪) મંડળીની લેખિત રજુઆત તા. ૨-૪-૨૦૦૨ તથા તા. ૫-૭-૨૦૦૨.

(૫) સરકારશ્રીના ખેતીવાડા, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ ના જાહેરનામાં ક્રમાંક સંએચકેએચ/૨૪/૯૧/ડીડીજી/૧૧૮૬/૫૨૦૪-જે, થી મળેલ સત્તાઓ.

(૬) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૩૯૫/ફ-૧૩૬૯૧/૨૦૦૨.—શ્રી રડકા જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રડકા, તા. વાવ, જિલ્લો બનાસકાંઠા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર બે/૨૭૨૯૦, તા. ૨૩-૨-૯૪ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ચાર વર્ષથી સ્થગિત અવેલ હતી. અને પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી, જે બાબતોને ધ્યાને લઇ આમુખ-૨ થી મંડળીને ફડચામાં લઈ જવા મંડળીના કાર્યવાહકોને કારણદર્શક નોટીસ આપેલ હતી. નોટીસ મળવા છતાં મંડળીએ કોઈ રજુઆત કરી નથી. આમ મંડળી બંધ હોવાનું સ્પષ્ટ થતા આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. સાથે સાથે મંડળીના કાર્યવાહકોને જણાવેલ હતું કે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઇ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. આથી મંડળીના કાર્યવાહકે એ તા. ૨-૪-૨૦૦૨ ના રોજ લેખિત રજુઆત કરી જણાવેલ હતું કે મંડળીમાં હવે ખાતર બીયારણનો વેપાર શરૂ કરીશું. તેલીબીયા સંઘ રાયડો ખરીદતો ન હોઈ મંડળી બંધ હતી. હવે તેલીબીયા સંઘ રાયડો ખરીદે છે. જેથી મંડળી ઉદ્દેશ્યો મુજબની કામગીરી શરૂ કરશે તેવી ખાત્રી આપી એક વર્ષની મુદત આપવા વિનંતી કરી હતી. મંડળીએ આપેલ ખાત્રી પ્રમાણે કામગીરી શરૂ કર્યાનો અહેવાલ અત્રેથી મંગાવતા મંડળીએ તેલીબીયા સંઘમાં મંડળીને મળેલ વ્યાજ તથા વર્ષના રકમનુ પ્રમાણપત્ર મોકલી આપેલ. બાકી મંડળી કોઈ ખાતર બીયારણનો વેપાર શરૂ કરેલ નથી. મંડળી સ્થગિત અવસ્થામાં, તેલીબીયા સંઘ આર્થિક રીતે સદ્ધર નથી, આમ મંડળીની રજુઆત વાસ્તવિક ન હોઈ, હવે સભાસદોના હિત ખાતર નીચેના કારણોને લઇ મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળી છેલ્લા ચાર વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) પેટા નિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થતો નથી

(૩) મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૪) મંડળીનો ઓડીટ વર્ગ "ડ" છે. મંડળીમાં ખોટ રૂા. ૪૧૫૭/૫૦ ની છે.

ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં અત્રેના તા. ૧૪-૩-૨૦૦૨ ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એચ. એન. તન્નીયર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરૂં છું. શ્રી રડકા જુથ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રડકા, તા. વાવ, જિલ્લો બનાસકાંઠા, નોંધણી નંબર બે-૨૭૨૯૦, તા. ૨૩-૨-૯૪થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)

INDEX

ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો), પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૪–૯–૨૦૦૨.

———

વંચાણે લીધા :—

(૧) શ્રી જીલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુર નો તારીખ ૧૦–૯–૨૦૦૧નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા, ૧૨-૧૨-૨૦૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૨-૩-૨૦૦૨.

(૪) સરકારશ્રી ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦–૩–૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૩૯૬ ફ. ૧૩૬૯૨ / ૨૦૦૨.—ધી ખડોલ જુથ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ખડોલ, તા. વાવ, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૫૬૪૦, તા. ૧૭–૨–૯૩ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ–૧ થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સંપૂર્ણ સ્થગિત બનેલ છે તેમજ પેટા–નિયમ પ્રમાણે વહીવટ થતો નથી અને મંડળીમાં વર્ષોવર્ષ ખોટ વધતી જાય છે. જે બાબતોને ધ્યાને લઇ આમુખ–૨ થી મંડળીના કાર્યવાહકોને મંડળીને ફડચામાં લઇ જવાની કારણો દર્શક નોટીસ આપેલ હતી. નોટીસમાં જણાવેલ કારણોની રજુઆત માટે પંદર દિવસનો સમય આપેલ હતો. મંડળીને અત્રેથી આપેલ રજીસ્ટર પોસ્ટની નોટીસ સર્વ કાર્યા વિના પરત આવેલ જેમાં લખ્યા મુજબ "આ નામના વ્યકિત ખડોલ ગામમાં ન હોવાથી મોકલનારને પરત" આ બાબત સ્પષ્ટ કરે છે કે મંડળીનું ગામમાં અસ્તિત્વ રહેલ નથી. આથી આમુખ–૩ થી મંડળીને ફડચામાં લઇ જતો વચગાળાનો આદેશ કરેલો. સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવા જણાવેલ હતું. વચગાળાનો આદેશ મળવા છતાં મંડળીએ કોઇ રજુઆત કરી નથી. આમ મંડળી સંપૂર્ણ સ્થગિત હોવાનું તથા કાર્યવાહકોને કોઇ રસ હોય તેમ ના હોઇ, હવે સભાસદોના હિત ખાતર નીચેના કારણોને લઇ મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સંપૂર્ણ સ્થગિત બનેલ છે.
(૨) મંડળીના પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી.
(૩) મંડળીની ખોટ રૂા. ૧૪,૪૮૭–૫૮ ની થવા પામેલ છે.
(૪) અગાઉના ઓડીટ મેમાની દુરસ્તી કરી નથી.
(૫) કાર્યવાહકો-સભાસદોને મંડળી ચલાવવા રસ જણાતો નથી.

ઉપરોકત કારણોસર મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક જણાતાં અત્રેના તા. ૨૨–૩–૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. એન. તળીયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હેદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરૂં છું. ધી ખડોલ જુથ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ખડોલ, તા. વાવ, જિલ્લો બનાસકાંઠા, નોંધણી નંબર ૨૫૬૪૦, તા. ૧૭–૨–૯૩થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭(૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાના કલમ–૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો), પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૪–૯–૨૦૦૨.

———

વંચાણે લીધા :–

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૯–૧૧–૨૦૦૧ નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૨–૧૨–૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૬–૩–૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦–૩–૯૧ ના જાહેરનામાં ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે, થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

INDEX

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૬૯૭/ફ-૧૩૬૯૩/૨૦૦૨.— ધી ઉમિયા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ધ/૩૮૨૪ તા. ૨૭–૨–૮૧ થી નોંધવામાં આવેલી ગૃહ મંડળી છે. આમુખ–૧ થી જણાવ્યા પ્રમાણે મંડળીની નોંધણી થયા ત્યારથી બંધ છે. જે બાબતને ધ્યાને લઇ આમુખ–૨ થી મંડળીને ફડચામાં લઈ જવા મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણદર્શક નોટીસ રજીસ્ટર પોસ્ટથી આપેલ હતી. નોટીસમાં જણાવેલ કારણોની રજુઆત માટે પંદર દિવસની મુદત આપેલ હતી. મંડળીના કાર્યવાહકોને નોટીસ મળવા છતાં, અને આપેલ સમય ઉપરાંતનો સમય થવા છતાં કોઈ રજુઆત કરી નથી. આમ મંડળી બંધ હોવાનું સ્પષ્ટ થતાં આમુખ ૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરવામાં આવેલ સાથે સાથે મંડળીના કાર્યવાહકોને જણાવેલ હતું કે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવી, અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થઈ નથી. આમ મંડળીની નોંધણી કર્યા બાદ મંડળીના કાર્યવાહકોએ મંડળીના ઉદ્દેશ્યો પ્રમાણે કામગીરી શરૂ કરી નથી તે સ્પષ્ટ થતાં, હવે મંડળીના સભાસદોના હિત ખાતર નીચેના કારણોને લઇને મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળીની નોંધણી થયા ત્યારથી મંડળી બંધ હાલતમાં છે.

(૨) છેલ્લા વીસ વર્ષથી મંડળીએ ઉદ્દેશ્યો પ્રમાણે કામગીરી કરી નથી.

(૩) મંડળીના પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી.

(૪) મંડળીના કાર્યવાહકો, સભાસદોને મંડળી ચલાવવા રસ ધરાવતા નથી.

ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાંતાં અત્રેના તા. ૨૬–૩–૨૦૦૨ ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો ફડચાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. એન. તબીયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું. ધી ઉમિયા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબર ધ - ૩૮૨૪- તારીખ ૨૭–૨–૮૧થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુર ની નિમણુક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે ફડચાનુ કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૪–૯–૨૦૦૨.

———

વંચાણમાં લીધા :–

(૧) શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ પાલનપુર નો તા. ૧૫-૧૦–૨૦૦૧ નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૪–૧૨–૨૦૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૪–૩–૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦–૩–૯૧ ના જાહેરનામા ક્રમાંક સી. એચ. કે. એચ/૨૪ / ૯૧ / ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૩૯૯-ફ-૧૩૬૯૪/૨૦૦૨.– ધી વિજયલક્ષ્મી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. વડગામ, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ધ/૮૦૦૦, તા. ૨૯–૬–૯૩ થી નોંધવામાં આવેલી ગૃહ મંડળી છે. આમુખ–૧ જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત બનેલ છે. અને પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી જે ધ્યાને લઇ આમુખ ૨થી મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણ દર્શક નોટીસ રજીસ્ટર પોસ્ટથી આપેલ હતી નોટીસમાં જણાવેલ કારણો સામે રજુઆત કરવા પંદર દિવસનો સમય આપેલ હતો. મંડળી તરફથી કોઈ રજુઆત થઈ નથી. આમ મંડળી સ્થગિત હોવાનું સ્પષ્ટ થતાં આમુખ–૩ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરેલ, સાથે સાથે જણાવેલ હતું કે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવશે. આમ છતાં પણ મંડળીના કાર્યવાહકો એ કોઇ રજુઆત કરી નથી આમ મંડળીના કાર્યવાહકો અને સભાસદો મંડળી ચલાવવા કોઇ રસ ધરાવતા નથી તે બાબત ને ધ્યાને લઇ સભાસદોના હિત ખાતર નીચેના કારણોને લઈ મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે.

INDEX

(૨) મંડળીના પેટાનિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થતો નથી.

(૩) ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરની લોન પરત ભરપાઇ કરી નથી.

(૪) અગાઉના ઓડીટ મેમ્મોની દુરસ્તી કરી નથી.

(૫) મંડળીના કાર્યવાહકો સભાસદોને મંડળી ચલાવવામાં કોઇ રસ ધરાવતા નથી.

ઉપરોકત કારણોસર મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક જણાતાં અત્રેના તા. ૧૪-૩-૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. એન. તબીયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું. ધી વિજયલક્ષ્મી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. વડગામ, જિલ્લો બનાસકાંઠા, નોંધણી નંબર બ / ૮૦૦૦, તારીખ ૨૯-૬-૯૩ થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૪-૯-૨૦૦૨.

વંચાણમાં લીધા :

(૧) શ્રી જિલ્લા સ્પેસ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૯-૧૧-૦૧નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૨-૧૨-૨૦૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૭-૩-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સી. એચ. કે. એચ. / ૨૪ / ૯૧ / ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૩૯૮/ફ-૧૩૬૯૫/૨૦૦૨.— ધી સનેસડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. સનેસડા, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૯૫૫૨, તા. ૩-૭-૯૭ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત છે અને પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી. જે બાબતોને ધ્યાને લઇ આમુખ-૨થી મંડળીને ફડચામાં લઇ જવા મંડળીના કાર્યવાહકોને કારણ દર્શક નોટીસ રજીસ્ટર પોસ્ટથી આપેલ હતી. નોટીસમાં જણાવેલ કારણો સામે રજુઆત કરવા પંદર દિવસનો સમય આપવામાં આવેલ હતો. છતાં મંડળી તરફથી કોઇ રજુઆત થઇ નથી. આમ મંડળી બંધ હોવાનું સ્પષ્ટ થતાં આમુખ-૩થી મંડળીને ફડચામાં લઇ જતો વચગાળાનો આદેશ કરવામાં આવેલા સાથે સાથે મંડળીના કાર્યવાહકોને જણાવેલ હતું કે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઇ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. પરંતુ વચગાળાના આદેશનું કવર સ્વીકાર્યા વિના પરત આવતાં. અત્રેથી તા. ૧૨-૬-૨૦૦૨ના પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા સામે રજુઆત કરવા મંડળીના કાર્યવાહકોને જણાવેલ હતું, તેમ છતાં મંડળીએ કોઇ રજુઆત કરી નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાના ખાસ અહેવાલમાં જણાવેલ કારણોને લઇ મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત છે.
(૨) પેટાનિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થતો નથી.
(૩) મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી.
(૪) મંડળીના કાર્યવાહકો-સભાસદો મંડળી ચલાવવા રસ ધરાવતા નથી.

ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક જણાતાં અત્રેના તા. ૨૭-૩-૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. એન. તબીયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. પાલનપુર હોદ્દાની રૂએ થયેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું. ધી સનેસડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સનેસડા, તાલુકો દિયોદર, જિલ્લો બનાસકાંઠા, નોંધણી નંબર ૨૯૫૫૨, તા. ૩-૭-૯૭થી નોંધવામાં આવેલાં તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા

INDEX

અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફરજો) નવી જગ્યા, પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે ફરજોનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૪-૯-૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) ફરજો અધિકારીશ્રી ધી રાણપુર (વચલો વાસ) ફળ-શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., તા. ડીસા, જી. બનાસકાંઠાના તા. ૫-૯-૨૦૦૨ના પત્રાંક સઅ/ફરજો/૬૬/૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અને કલમ-૨૦ (૧) ની જોગવાઇઓ.

હુકમ

જા નં. /ફરજો/ગ /૧૪૩૪ / સને ૨૦૦૨.- ફરજો હુકમ નંબર : ફ-૧૩૬૬૧, તા. ૩૦-૩-૨૦૦૨, ધી રાણપુર (વચલો વાસ) ફળ-શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રાણપુર (વચલો વાસ), તાલુકો ડીસા, જીલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સ. મંડળી પાલનપુરના તારીખ ૧૮-૧૧-૯૫ ના નોંધણી ક્રમાંક : ૨૭૯૪૬ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર સ. મ. પાલનપુરના તા. ૩૦-૩-૨૦૦૨ ના હુકમ નંબર ફરજો/૦૧/ગ/૫૯૬/ફ-૧૩૬૬૧/ સને ૮૨ થી કાયદાની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફરજો અધિકારી આકુખ-૧ ના પત્રથી સદરહુ મંડળીની ફરજોની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સ. મં. ઓના અધિનિયમની કલમ: ૧૧૪ (૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામા આવે છે, સાથે સાથ આજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૧૭-૯-૨૦૦૨.

એમ. એન. તર્પીયાર,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
પાલનપુર.

નંબર નધણ/૦૧/ક-૨/૪૯૨/સે-૩૩૮૪૦/૨૦૦૨.- આથી જાહેર કરે છે કે કૃષ્ણપુરી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કૃષ્ણપુરી, તાલુકો ઝઘડીયા, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૬-૯-૨૦૦૨.

નંબર નધણ/૦૧/ક-૨/૪૮૬/સે./૩૩૮૪૧/૨૦૦૨.- આથી જાહેર કરે છે કે, ડોઠાવગા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મુ. ડોઠા વગા (કારેલી), તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવા છે.

ભરૂચ, તા. ૧૬-૯-૨૦૦૨.

નંબર નધણ/૦૧/ક-૨/૪૯૮/સા./૧૫૯૧/૨૦૦૨.- આથી જાહેર કરે છે કે, આત્મજયોત કો. ઓ. હાઉસીંગ (સર્વીસ) સોસાયટી લી., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૦-૯-૨૦૦૨.

નંબર નધણ/૦૧/ક-૨/૫૦૪/સા/૧૫૯૨/૨૦૦૨.- આથી જાહેર કરે છે કે, દેવ પ્રયાગ કો. ઓ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ મુ. અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર જીલ્લો ભરૂચ,

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૦-૯-૨૦૦૨.

નંબર નધણ/૦૧/ક-૨/૫૧૧/સા-૧૫૯૩/૨૦૦૨.- આથી જાહેર કરે છે કે, વિશ્વર કો. ઓ. હાઉસીંગ (સર્વીસ) સોસાયટી લી., મર્યાદિત સ્થળ મુ. અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર જીલ્લો ભરૂચ.

INDEX

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૯–૨૦૦૨.

નંબર નધણ /૦૧ / ક-૨ /૫૧૭-સા/૧૫૯૪ / ૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી શક્તિ ટ્રાન્સપોર્ટ કો. ઓ. સોસાયટી લી., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૯–૨૦૦૨.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ભરૂચ.

નંબર ઉખસ સેદુ-૩૩૯૨૬ /૨૦૦૨.— આથી જાહેર કરે છે કે મ. સં. બાલચ ફળીયા (સલવાવ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ સલવાવ, તાલુકો પારડી, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૫–૯–૨૦૦૨.

નંબર ઉખસ/સેદુ-૩૩૯૨૭/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે મ. સં. પહાડ ફળિયા ઓલગામ દુધ ઉત્પાદક સ. મં લી. સ્થળ ઓલગામ, તાલુકો વલસાડ, જિ. વલસાડની સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૫–૯–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
વલસાડ.

જા. નં. નધણ/સા/૧૧૧૨/૦૧/ખ/૫૦૬/સા/૩૦૩૫/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે શ્રી જયગણેશ મજુર સ. મં. લી., મર્યાદિત સ્થળ અલીણા, તાલુકો મહુધા, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯–અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૦–૮–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) શ્રી ટુન્ડેલ સેવા સ. મં. લિ. ટુન્ડેલના ફડચા અધિકારીશ્રીનો તા. ૧૭/૫/૦૨ નો પત્ર નં. ફડચ/૦૧/જ/૩૩૮/૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૭–૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ–૨૪–૯૧/ડીઢીસી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ / ફડચ / ખ / ૫૫૨ / ૨૦૦૨.— શ્રી ટુન્ડેલ સેવા સહકારી મંડળી લી., મુ. ટુન્ડેલ, તાલુકા નડીયાદ, જીલ્લા ખેડા શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૧૩૦૬૭, તા. ૩–૫–૭૫ થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/ક. જ./ ફડચા /ગ-૨ /૧૨૩૭/૯૫, તારીખ ૨૪/૪/૯૫ થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ [ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨]ની કલમ ૧૧૪ [૨] અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૨૪–૯–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નડિયાદ.

વંચાણે લીધા :

(૧) શ્રી પામોલ સેવા સહકારી મંડળી લિ., પામોલ, તા. બોરસદ ના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૯-૬-૦૨નો પત્ર નં. ફડચ/૦૧/ચ-૨૮૯.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

INDEX

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ના ના જાહેરનામાં ક્રમાંક : જી. એચ. કે. એચ.–૨૪–૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૩૨/ચ-૩૫૦/૨૦૦૨.—શ્રી પામોલ સેવા સહકારી મંડળી લી., પામોલ. મુ. પામોલ, તાલુકો બોરસદ, જીલ્લા આણંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં. નડીઆદની ઓફીસના નોંધણી નંબર સે-૧૨૦૪૪, તા. ૨૯-૧-૧૯૭૩ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/ક.જ/ફડચા/ગ-૨/૧૪૫૭/૧૯૯૫, તારીખ ૭-૬-૧૯૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તા. ૩૦–૮–૨૦૦૨.

વંચાણમાં લીધા :—

(૧) શ્રી સારોલ સેવા સહકારી મંડળી લી, સારોલના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૦–૮–૨૦૦૨ નો પત્ર નં. ૩૩/૬૦૭.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૨૪/૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ઉખસ / ૩૪ / ફડચા / ૩૯ / ચ / ૩૫૨/૨૦૦૨.– શ્રી સારોલ સેવા સહકારી મંડળી લી., મું. સારોલ, તા. બોરસદ, જિ. આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૧૯૮૨૧, તારીખ ૮–૨–૧૯૫૨ થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨/૧૭૦૪, તારીખ ૨૮–૮–૧૯૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨ ની કલમ-૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તા. ૩૦–૮–૨૦૦૨.

વંચાણમાં લીધા :—

(૧) શ્રી દેવપુરા દુધ ઉત્પાદક સ. મં. લી., દેવપુરાના ફડચા અધિકારીશ્રીનો તા. ૮–૫–૨૦૦૨નો પત્ર નં. ફડચ/૦૧/ચ-૧૮૯.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ–૨૦ અને ૧૧૪(૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ના ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.–૨૪–૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૨/ચ/૩૮૩/૨૦૦૨.— શ્રી દેવપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દેવપુરા, તા. આણંદ, જીલ્લા આણંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે.દુ. ૧૨૦૬૨, તા. ૧૬–૪–૧૯૭૩ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખ.સ. / ક.જ. / ફડચ/ગ–૨/૩૭૬૫, તારીખ ૫–૧૨–૧૯૯૧ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ તા. ૧૬–૯–૨૦૦૨.

વંચાણે લીધા : —

(૧) શ્રી ગોલાણા દુધ ઉત્પાદક સ.મં.લિ., ગોલાણાના ફડચા અધિકારીશ્રીનો તા. ૮–૫–૨૦૦૨નો પત્ર નં. ફડચ/૦૧/ચ/૧૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના કાયદો, ૧૯૬૧ની કલમ ૨૦ અને ૧૧૪ (૨).

INDEX

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક : જી.એચ,કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી.૧૧૮૮/૩૨૦૪ જે.

હુકમ

જા. ન. ફડચ/૪/ચ/૩૮૬/૨૦૦૨.—શ્રી ગોલાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પો. ગોલાણા, તા. ખંભાત, જી. આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે.દુ. ૧૫૫૨૭, તા. ૧૧-૧-૧૯૭૯ થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જીલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નં. ઉખસ/ક.જ. ફડચા/ગ-૨/૩૦૧૨, તારીખ ૧૬-૧૦-૧૯૯૨થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪/૨ અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે. એમ ગણાશે.

આણંદ, તા. ૧૬-૯-૨૦૦૨.

વંચાણે લીધા --

(૧) શ્રી ચામુંડા પિયત સહકારી મંડળી લી. ભવાનીપુરાના ફડચા અધિકારીશ્રીનો તા. ૬-૯-૨૦૦૨ નો પત્ર નં. ફડચ/૩૬/ચ-૩૬૦.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક : જીએચ. કે. એચ.-૨૪-૯૧/ ડી, ડી. સી. ૧૧૮૮/ ૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ક-૧૩૫૧૬/૧૨૮૩/૨૦૦૨.–ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ – ૧૯૬૧ ની જોગવાઇઓ હેઠળ ધી બાલીસણા તમાકુ ઉત્પાદકોની સ. મં. લીમીટેડ મુ. બાલીસણા, તા. જી. પાટણ નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નં. ૨૪૩૦૩, તા. ૪–૫–૧૯૮૫ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પાટણની કચેરીના જા. નંબર ઉખસ/ફડચ ૦૧/ક/૧૧૦૪/૨૦૦૧, તા. ૧૩–૭–૨૦૦૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચો) લગત કચેરી તરફથી તેઓના પ

INDEX

ક્રમાંક ફડચ/૮/ક/૧૬૭/૨૦૦૨, તારીખ ૨૪-૭-૨૦૦૨થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ – ૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ–૨ માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી થાલીસણા તમાકુ ઉત્પાદક સ. મં. લી. ની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ, તા. ૭–૯–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી ધી ચાગવાડા સેવા સહકારી મંડળી લી., ચાગવાડા, તા. સિધ્ધપુર, જી. પાટણના પત્ર નં. ફડચ/૧૭/ક/૧૬૬/૦૨, તા. ૨૪–૭–૦૨ થી નોંધણી રદ અંત્રેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૨૦ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ક/૧૩૪૪૩/૧૨૮૪/૨૦૦૨.–ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ ધી ચાગવાડા સેવા સહકારી મંડળી લી., મુ. ચાગવાડા, તા. સિધ્ધપુર, જી. પાટણ નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર સે-૧૮૫૧૯, તા. ૨૨–૩–૯૨ થી નોંધવામાં આવેલ. હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે જીલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા.નં ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૩૬/૧૯૯૫, તા. ૬–૧૧–૯૫ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, અને સહકારી અધિકારી (ફડચો) લગત કચેરી તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૧૭/ક/૧૬૬/૨૦૦૨/તા. ૨૪–૭–૦૨ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ–૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ચાગવાડા સેવા સ. મં. લી., ચાગવાડા, તા. સિદ્ધપુરની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખ થી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ, તા. ૭–૯–૨૦૦૨.

ક્રમાંક : નધણ/સા–૩૨૬૮/ક–૨/૧૨૬૦/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી પાણવી ૩ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ પાણવી, તાલુકો રાધનપુર, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૯–૯–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ–૨ સ. મં. હારીજને. તા. ૧૦–૬–૦૨ નો અહેવાલ.

(૨) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૯૨૪/૨૦૦૨, તા. ૧૫–૭–૦૨ ની ફડચા સબંધી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેનાં પત્ર નં. ઉખસ / ફડચ / ૦૧/ક/૧૧૩૪/૨૦૦૨, તા. ૬–૮–૦૨.

(૪) ગુજરાત સ. મં. અધિનિયમ-૧૯૬૧ ની કલમ–૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ક / ૧૩૬૬/૨૦૦૨. — ધી શેરપુરા જુથ તેલીબીયા ઉત્પાદક સ. મં. લી., મું. શેરપુરા, તા. સમી, જી. પાટણ નોંધણી નં. ૨૫૯૬૧. તા. ૨૪–૩–૯૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે.

ઓડીટર ગ્રેડ–૨ સહકારી મંડળીઓ હારીજે સદર મંડળીનું ઓડિટ તા. ૧–૪–૨૦૦૨ થી ૩૧–૩–૨૦૦૨ ના સમયનું હાથ ધરેલ તેમના તરફથી સદર મંડળીને ફડચામાં લઇ જવાનો ખાસ અહેવાલ આમુખ–૧ ના પત્રથી અત્રે રજુ થયેલ છે. સદર અહેવાલ સંબંધે આમુખ–૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) સંસ્થા નોધાયા તારીખ સ્થગિત છે.

(૨) સંસ્થાએ ત્રણ ઓડીટ મેમાનો દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ મોકલેલ નથી.

(૩) મુદતવીતી ઓડીટ ફી રૂા. ૮૦૮/– ઓડીટ સમયે જમા કરાવેલ છે. સંસ્થા સરકારી લ્હેણું ભરવામાં દરકાર કરતી નથી.

(૪) સને ૯૯/૨૦૦૦ અને ૨૦૦૦–૨૦૦૧ ના વર્ષની વાર્ષિક સાધારણ સભાઓ યોજેલ નથી.

INDEX

(૫) ઉક્ત વા. સા. સભાઓ ન યોજવાથી કમિટીની રચના થયેલ નથી તેમજ કારોબારી સભાઓ તપાસણીના બે વર્ષો દરમ્યાન એકપણ મળેલ નથી.

(૬) સંસ્થાના મંત્રીશ્રી હિંમતભાઈ ભાવાભાઈ ચૌધરી સહકારી પ્રવૃત્તિથી વાકેફ નથી તેઓએ સહકારી તાલીમ લીધેલ નથી.

(૭) સંસ્થાના કાર્યવાહકો સંસ્થાનું ઓડીટ સમયસર કરાવતા નથી.

ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જતા અગાઉ પત્ર નં. ઉખસ/ફડચ/૯૨૪/૨૦૦૨, તા. ૧૫–૭–૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવી તારીખ ૨૯–૭–૨૦૦૨ ના રોજ હાજર રહી રજુઆત કરવા જણાવેલ હતું. પરંતુ મંડળી તરફથી કોઈપણ જાતની રજુઆત ન થતાં આમુખ ૩ ના પત્રથી સ્મૃતિ પત્ર પાઠવેલ પરંતુ મંડળી તરફથી કોઈપણ જાતની રજુઆત થયેલ નથી આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. જેથી સભાસદોના હિતમા નીચે મુજબ વચગાળાના ફડચાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી શેરપુરા જુથ તેલીબિયા ઉત્પાદક સ. મંડળી લી. મુ. શેરપુરા, તા. સમી, જીલ્લો પાટણ નોંધણી નંબર : ૨૫૯૬૧ તા. ૨૪–૩–૯૨ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સ. મં. અધિનિયમ કલમ–૧૦૭ (૧), (૨) અને (૪) અન્વયે આથી ફડચામા લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી આવકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા ફરજ રજુઆત કરતા જણાવવા આવે છે. જો તેમ કરવામાં ચુક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ–૧૦૩ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તા. ૧૬–૯–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. મહેસાણાનો હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૩૪/૯૯, તા. ૨૨–૨–૯૯

(૨) મારો હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૫૦૬/૨૦૦૧, તા. ૨૫–૮–૦૧

(૩) ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ કો. ઓપ. બેન્ક લી. મહેસાણાનો પત્ર નં. ૮૭/લોન/ફડચો, તા. ૧૩–૮–૦૧.

(૪) ગુજરાત સ. મં. અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ/ક-૧૩૪૬૧/૧૩૩૧ / ૨૦૦૨.—ધી ગીતા ગોવિંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. સાણોદરડા, તા. જી. પાટણના ફડચા અધિકારી તરીકે ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., મહેસાણાની નિમણુંક આમુખ–૧ થી કરવામાં આવેલ હતી પરંતુ બેન્કે તા. ૨૫–૯–૦૧ સુધી સદર મંડળીનો ચાર્જ ન સંભાળતાં અત્રેના આમુખ–૨થી મહેસાણા જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી., મહેસાણાની સદર સંસ્થાના ફડચા અધિકારી તરીકેની નિમણુંક રદ કરી સહકારી (ફડચો) લગત કચેરીની સદર સંસ્થાના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરેલ છે. આમુખ–૩ના પત્રથી ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ, કો. ઓપ. બેન્ક લી., મહેસાણાએ રજુઆત કરેલ છે કે સદર સંસ્થામાં વચગાળાની હાઉસીંગ લોને રૂ. ૧૨,૬૨,૨૩૩.૦૨ બાકી પડે છે જેથી સદર સંસ્થાના ફડચા અધિકારીના હુકમમાં ફેરફાર કરી બેન્કની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવા વિનંતી કરેલ હોઈ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક રદ કરી તેમની જગ્યાએ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., મહેસાણાની પુનઃનિમણુંક કરવામાં આવે છે. હુકમની અન્ય શરતો યથાવત રહેશે.

પાટણ, ૧૬–૯–૨૦૦૨.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
પાટણ.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૨૮–૬–૦૨ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ–૨/૧૯૪.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની ૧૦૭ (૩)ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ક–૧૩૭૮૦ / ધ–૨ / ૨૫૭ / ૨૦૦૨.—ધી સર્વોદય મજુર કામદાર સહકારી મંડળી લિ., આમરોલી, તા. નસવાડી, જિ. વડોદરા, નોંધણી ક્રમાંક ૨૦૨૫૫, તા. ૧૩–૪–૮૩ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા–સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ ૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાને

INDEX

પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, ઠંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૨-૯-૨૦૦૨.

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૨૭-૬-૦૨ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૮૪.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી~ાના કાયદાની કલમ ૧૦૭ (૩) ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૭૮૧/ધ-૨૫૮/૦૨.-થી શ્રમયુગ મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. વડોદરા, નોંધણી ક્રમાંક ૨૮૩૨, તા. ૧૧-૩-૭૭ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ ૧૦૭(૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન., વ્યાજ, ઠંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૨-૯-૨૦૦૨.

નંબર નધણ/ગ-૨/દૂધ/૧૨૧૭૨/૪૮૯/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે આધાર મજુર બાંધકામ સ. મં. લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

વડોદરા, તા. ૨-૯-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૨૯-૬-૦૨ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૯૮.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૭૮૨/ધ-૨/૨૫૯/—થી નિજાનંદ કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., પોટોલા, તા. જી. વડોદરા, નોંધણી ક્રમાંક ૭૭૩૩, તારીખ ૬/૩/૮૨ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ-(૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ-૨માં જણાવેલ કલમ ૧૦૭(૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી મેનેજીંગ ડીરેકટર, ગુજરાત સ્ટેટ કો.ઓ. હાઉસીંગ ફાય. કોર્પો. લી. અમદાવાદ, ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવાં-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ ઠંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૪-૯-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૨૬-૬-૨૦૦૨ના હુકમ ક્રમાંક ફડ ૦૧/ધ-૨/૧૮૩.

INDEX

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૩)ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૭૮૩/ધ-૨ /૨૬૦/૨૦૦૨.—ધી ભાગ્ય લક્ષ્મી ગ્રાહક ભંડાર સહકારી મંડળી લિ. ચાંપાનેર રે.ડ, તા. સાવલી, જિ. વડોદરા નોંધણી ક્રમાંક ૬૯૫૧, તા. ૧૩–૭–૮૯ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના ક્રાયદાની કલમ–૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા–સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ–૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં-૧ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદ્દતમાં પૂર્ણ કરવાની રહેશે,

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણું, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે,

વડોદરા, તા. ૪–૯–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૯–૬–૨૦૦૨ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૯૯.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૨) ની જોગવાઇઓ.

જા. નં. ફડચ/ફ-૧૩૭૮૬/ધ-૨/૨૬૩.—ધી સીંધુનગર કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., પ્રતાપનગર વડોદરા નોંધણી ક્રમાંક ધ-૩૪૪૭, તારીખ ૨૧–૧૨–૭૦ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ ૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદ્દતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ મંડળીના દેવા–લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણું, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૪–૯–૨૦૦૨.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીના તારીખ ૨૦–૬–૦૨ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ–૨/૧૭૮.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૩) ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ–૧૩૭૮૪/ધ–૨/૨૬૪.— સોખડા ગ્રુપ કો. ઓપ. કોટન સેલ સહકારી મંડળી લિ. તા. જી. વડોદરા નોંધણી ક્રમાંક સે–૧૨૧૨૪, તારીખ ૧૨–૧૧–૭૩ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૬) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા–સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ–૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી, અધિકારી ફડચા નં.–૨ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદ્દતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા–લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણું, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૪–૯–૨૦૦૨.

નં. નધણ/ગ-૨/સે-દુધ/૩૩૭૬૯/૫૬૫/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે મેસરા દૂધ ઉત્પાદક સ મં. લી. મર્યાદિત સ્થળ મેસરા, તાલુકો જેતપુરપાવી, જીલ્લો વડોદરા.

INDEX

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૩–૯–૨૦૦૨.

નં. નધણ્/ગ-૨/સે/દૂધ : ૩૩૭૨૦/૫૬૬/૨૦૦૨.—ડેરીયા દૂધ ઉત્પાદક સ. મ. લી., મર્યાદિત સ્થળ ડેરીયા, તાલુકો જેતપુરપાવી, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૩–૯–૨૦૦૨.

દિપક દલાલ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, વડોદરા.

નં. નધણ/૦૧/ખ-૧/૨૩૪/સે./૩૧૭૬૨/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી એકલવ્ય આદિવાસી મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ રાજપીપલા, તાલુકો નાંદોદ, જી. નર્મદા,

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, ૨૦–૯–૨૦૦૨.

કે. વી. આચાર્ય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
નર્મદા.

સે. ક્રમાંક નધણ્/ઠબ્બમ / ખ–૨ / ૪૭૮ / સે. દુ.–૩૩૫૯૭ / ૨૦૦૨.—જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા, આથી જાહેર કરે છે કે, ધી શિવરાજપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., શિવરાજપુર, મર્યાદિત સ્થળ શિવરાજપુર, તાલુકો હાલોલ, જી. પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧૨–૯–૨૦૦૨.

જી. એસ. ત્રિવેદી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગોધરા.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૭૪–ડી હેઠળની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં નં. જીએચ.કેઓપ / ક્રમ-૭ / ૧૯૯/ઝીડીપી/ ૧૦૯૭/૧૫૩-જે, તા. ૧૭–૧–૧૯૯૮.

(૩) કરટોડીયનશ્રીનો પત્ર નં. સકક/૦૧/ક/૧૦૩૧/૨૦૦૨, તા. ૧૪–૮–૨૦૦૨.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સવન/૦૧/ખ-૧/૫૯ /૨૦૦૨, તા. ૧૩–૫–૨૦૦૨.

(૫) હુકમ ક્રમાંક નં. સકક/૦૧/ખ/૧૨૮૨/૦૨,/તા. ૨૯/૮/૦૨.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/ખ/૧૩૧૫/૨૦૦૨.—અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સકક/૦૧/ખ/૫૬૧/૨૦૦૨, તા. ૧૬–૫–૨૦૦૨ થી ધી પંકજ કો. ઓપ. હા. સોસાયટી લી., દાહોદ, તા. દાહોદ, જિ. દાહોદમાં સહકારી કાયદાની કલમ–૭૪ ડી. હેઠળ કસ્ટોડીયન તરીકે શ્રી એ. એસ. વરીયા, સહકારી અધિકારી ગ્રેડ-૧નો હુકમ કરવામાં આવેલ હતો. આમુખ–(૪)થી પરંતુ આમુખ (૩)માં જણાવ્યા પ્રમાણે તેઓશ્રીની ઓડીટર ગ્રેડ–૧ સહકારી મંડળીઓ (દૂધ), વડોદરા તરીકે બઢતી થતાં તેઓશ્રીને અત્રેની કચેરીએથી તા. ૧૬–૮–૨૦૦૨ના રોજ થી છૂટા કરવામાં આવેલ છે જેથી તેમની જગ્યાએ અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીશ્રી, તરીકેની ફરજ બજાવતા કર્મચારી શ્રી આર. એન. પલાસ નો નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે. પરંતુ શ્રી પલાસ પાસે કચેરીની અન્ય અગત્યની કેટલીક સમય મર્યાદાવાળી કામગીરી હોઇ તેમજ આ કામગીરી કોર્ટ મેટર વાળી હોઇ સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોઇ તેમની જગ્યાએ અત્રેની કચેરીના સહકારી અધિકારી ગ્રેડ–૧ શ્રી બી. એમ. વહુનીઆનો નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જે. એસ. ડામોર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દાહોદ, મને મળેલી સત્તાની રૂએ ધી પંકજ કો. ઓપ. હા. સોસાયટી લી., દાહોદ, તા. દાહોદ, જિ. દાહોદમાં આમુખ-(૫) થી જે હુકમ કરવામાં આવેલ હતો જેને તા. ૧૬–૯–૨૦૦૨ના રોજથી કેન્સલ કરી તેમની જગ્યાએ તા. ૧૨–૯–૨૦૦૨ના રોજની અસરથી કસ્ટોડીયન તરીકે શ્રી બી. એમ. વહુનીઆ, મદદનીશ સહકારી અધિકારી ગ્રેડ–૧નો સદર કચેરીને નિમણુંક

INDEX

અગાઉના આ કચેરીના હુકમ ક્રમાંક સહન/૦૧/ખ/૫૯૧/૨૦૦૨, તા. ૧૩-૯-૨૦૦૨ માં જણાવેલ શરતોને આધિન કરું છું.

હાહોદ, તા. ૧૧-૯-૨૦૦૨.

જે. એસ. ડામોર,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, દાહોદ.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ૨૪૯૧/ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી જય ગુરૂદેવ સહકારી ગ્રાહક ભંડાર (ફડચામાં) મુ. દીટોઈ, તા. મોડાસા, ના તા. ૨૩-૮-૦૨ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક : ફડચ./ફ/૧૨૮૭૩/૦૧/ગ/૨૮૯૬/૦૨.—ધી જય ગુરૂદેવ સહકારી ગ્રાહક ભંડાર લી., મુ. દીટોઈ, તા. મોડાસા, જીલ્લો સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર ભા.- ૫૦૩૫, તા. ૩૦-૩-૯૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૨૪-૧-૦૨ ના હુકમથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામા આવેલ જેના સંદર્ભ-૨ નાં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ થઇ જતા ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ નો કલમ-૨૦ અન્વયે હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫ માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૭-૯-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક / ૨૪૯૧ / ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી ઘોળીલાલ દૂધ ઉત્પાદક સહકારી મં. લી., (ફડચામાં) ઘોળીલાલ, તાલુકો વિજયનગરના તારીખ ૧૬-૮-૨૦૦૨ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ / ફ / ૧૨૮૪૪ / ૦૧/ગ /૨૮૯૭ / ૨૦૦૨.— ધી ઘોળીલાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ઘોળીલાલ, તા. વિજયનગર, જીલ્લો સાબરકાંઠા, કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે. -૨૪૦૪૬, તા. ૨૩-૩-૯૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૭-૯-૧૯૯૯ના હુકમથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામા આવેલ જેના સંદર્ભ-૨ માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ થઇ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ નો કલમ-૨૦ અન્વયે હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫ માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૭-૯-૨૦૦૨.

જે. જે. શાહ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, DECEMBER 12, 2002 / AGRAHAYANA 21, 1924 [No. 50

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1579-1635
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	50
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	563-583
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	24557-25062

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનું.

નંબર ઉ/ગપક/ વિ. શા./૭૩૧/૨૦૦૨.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૨ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૨ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

INDEX

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી માહે નવેમ્બર, સને ૨૦૦૨નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ઉ/ગપક/ વિ. શા./૭૩૨/૨૦૦૨.- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત ના વિસ્તારમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ યોજનાર છે. ચૂંટણી પંચના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશ નંબર ૨/ઈએલસી/ સીઓસી/પ્રિવેન્સન ઓફ ડીફેશમેન્ટ ઓફ પ્રોપર્ટીથી અપાયેલ સુચના અનુસાર ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીય પક્ષો, કાર્યકરો, ઉમેદવારો ખાનગી કે જાહેર લોકોની દીવાલ ઉપર તેમના પોસ્ટરો ચોંટાડે છે કે ચિતરીને લખે છે કે તેમના પ્રતિકનું ચિન્હ્ ચિતરીને દીવાલ બગાડતા હોય છે. આ માટે મકાન માલિકની કોઈ પરવાનગી લેવામાં આવતી નથી. આ પ્રકારનો ઉપયોગ મકાન માલીકને અડચણરૂપ હોવાથી કોઈપણ ખાનગી કે જાહેર મિલકતો કે અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા હાઈવે રસ્તા ઉપરના માઈલ્સસ્ટોન અને બોર્ડ રેલ્વે લેવલ ક્રોસિંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ અને લોકોને ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન અને ઈલેકટ્રીકનાં થાંભલાઓ, મહાનગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓના મકાનો, રાજય કે કેન્દ્ર સરકારનાં કચેરીઓનાં મકાનો, દિવાલો, જાહેર માર્ગો તથા ખાનગી માલીકીનાં મકાનો દીવાલો, ખાનગી બોર્ડ ઉપર સંબંધીત મિલ્કતના માલીકીની લેખિત પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય કોઈપણ રાજકીય પક્ષ અન્ય કોઈ સંસ્થા ચૂંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યક્તિ ચૂંટણી જાહેરાત પ્રચાર કરતા પોસ્ટરો ચોંટાડે કે ચિતરીને લખે, ચિન્હો ચિતરે, બેનરો પડદા લગાડે કે ચૂંટણી નો પ્રચાર કરતા લખાણો કે સુત્રો લખે તે ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

જેથી હું કે. આર. કૌશિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

૧. રાજ્ય ચુંટણીપંચના આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહીતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો કે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈ વ્યક્તિઓએ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મિલ્કત ઉપર ચુંટણી પ્રચાર અંગે પોસ્ટર ચોંટાડી કે ચિતરીને બેનરો/પડદા લગાડી કે અન્ય ચૂંટણી પ્રચારના લખાણો લખી મિલ્કતને બગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૨. મિલ્કતના માલિકની લેખિતમાં પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય મિલ્કતને બગાડીને નુકસાન પહોંચાડશે તેમની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે. તેમજ બગડેલી કે નુકશાન પામેલી મિલ્કતને સુધારવામાં આવશે અને તે માટે જે ખર્ચ થશે તે તમામ ખર્ચ તેની પાસેથી વસુલ કરવામાં આવશે.

૩. આ હુકમની તારીખથી વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ હુકમ અમલમાં રહેશે.

૪. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

૫. આ હુકમ સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારને લાગુ પડશે.

આજ રોજ તારીખ ૨૦મી માહે નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ઉ/ગપક/ વિ. શા./૭૩૩/૨૦૦૨.-વિધાનસભાની બેઠકોની ચુંટણી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ યોજાનાર છે. ભારતીય નિર્વાચિન આયોગ નવી દિલ્હીના તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૬ના આદેશ નંબર ૪૩૭/૬/૯૬/પી.એલ.એન. ૩/૨૪૦૩ થી સરકારી વાહનોના ઉપયોગ સંબધે સુચનાઓ અને આદેશો બહાર પાડવામાં આવેલ છે જે મુજબ ત્રણ થી વધુ વાહનોને કાફલારૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચુંટણીપંચના આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીનાં ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ વિગતે ત્રણ થી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

(૨) આ સુચનાઓ ચુંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૩) વાહનોનો અર્થ પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યંત્રશક્તિથી કે અન્ય રીતે ચાલતું કોઈપણ પ્રકારના વાહનોનો સમાવેશ થાય છે.

(૪) આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અપવાદ :- માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી અન્ય રાજકીય વ્યક્તિઓ જે અપવાદરૂપ રહેશે. કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃતિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ.

આજ તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૩ (૧) ડી. એ. અન્વયે.

નંબર ઉ/ગપક/વિ. શા./એસ.બી. જાહેરનામું/૬૭/૨૦૦૨.-ભારતના નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણી ૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતાં ૧૬૮-ઓલપાડ વિધાનસભા મતદાર વિભાગ, ૧૬૯-સુરત શહેર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ, ૧૭૦-સુરત શહેર (પૂર્વ) વિધાનસભા મતદાર વિભાગ, ,૧૭૧-સુરત શહેર (પશ્ચિમ) વિધાનસભા મતદાર વિભાગ, ૧૭૨-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ, એમ પાંચ વિધાનસભા મતદાર વિભાગોમાં મતદાનની તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ નક્કી કરવામાં આવેલ છે. તેમજ મત ગણતરીની તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૩-૧૦-ઈ-૦૦૭-૯૪-જે.એચ. ૨-૫૨૧૬, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ, જાહેરાત, પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલીકોના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે. અને પ્રદર્શિત કરવામાં આવે છે એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મીલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનરો, ધજા, પતાકા, ભીંત ચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે. એના લીધે ટ્રાફીકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વાજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, વી. કે ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ડી.એ. થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

૧. રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા વિધાનસભાની ચુંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિ દ્વારા સબંધિત સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમની લેખીત પૂર્વ મંજુરી લીધા વગર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીશ ન હોય એવા કોઈપણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મૂકી શકાશે નહીં કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહીં કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકાશે નહીં.

૨. ઉપરના ખંડ ૧માં જણાવ્યા પ્રમાણેની મંજુરી આપતા પહેલા સબંધિત સરકારી કચેરીના અધિકારી અથવા નગરપાલિકા, પંચાયતો , સરકારી બોર્ડ, નિગમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે. સુચિત રસ્તાઓ, માર્ગો, સ્થળ અથવા મકાનોને આવા કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ, કમાનો, દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતી છે તથા સુરક્ષા જોખમાતી નથી અને તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવર જવરમાં કોઈ પ્રકારની અડચણ ઉભી થતી નથી અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો, સરકારી બોર્ડ નિગમો દ્વારા દરેક વ્યક્તિગત કિસ્સામાં સબંધિત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ મંજુરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તાત્કાલિક અસરથી અમલમાં મુકાશે અને તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે. આજરોજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી સીક્કા કરી આપેલા છે.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩(૧) આર-૩ અન્વયે.

નંબર ૩/ગપક/વિ. શા./એસ.બી. જાહેરનામું/૬૬/૨૦૦૨.- ભારતીય નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણી ૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતાં ૧૬૮-ઓલપાડ વિધાનસભા મતદાર વિભાગ, ૧૬૯-સુરત શહેર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ, ૧૭૦-સુરત શહેર (પૂર્વ) વિધાનસભા મતદાર વિભાગ, ,૧૭૧-સુરત શહેર (પશ્ચિમ) વિધાનસભા મતદાર વિભાગ, ૧૭૨-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ, એમ પાંચ વિધાનસભા મતદાર વિભાગોમાં મતદાનની તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ નક્કી કરવામાં આવેલ છે. તેમજ મત ગણતરીની તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૩,૮,૯૪/ જે.એસ.- II તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ના પેટા-૩ (૩) અને ૩ (૫)માં આપેલ સુચનાઓ મુજબ ચુંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરનો ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફક્ત નિયત મંચ ઉપર જ નહીં. પરંતુ ટ્રક, ટેમ્પા, કાર, જીપ, ટેક્સીવાન, ત્રણ પૈડાવાળા વાહનો , સ્કુટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખુબ જ ઉંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામોએ, વસવાટોએ, મહોલ્લાએ, વસાહતોએ અને લત્તાઓમાં પણ જાય છે. આના કારણે ખૂબ ધ્વની પેદા થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ઉપર આવી ખુબજ પ્રતિકૂળ અસર પડે છે. કારણકે, વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાના શરૂ થઈ જાય અને ખુબજ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધા, અશક્ત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ઘણીજ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખુબજ હરકત, અગવડ અને ત્રાસ જોખમ અને ભય થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહેશે.

જેથી હું, વી. કે ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) આર-૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

૧. ચુંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવાર કલાક ૦૬ -૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ સુધી કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના કલાક ૬-૦૦ વાગે પહેલાં રાત્રે ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

૨. કોઈ જાહેરસભા કે સરઘના હેતુસર સવાર કલાક ૬-૦૦ થી વાગ્યા પહેલાં કે રાત્રે કલાક ૨૨-૦૦ વાગ્યા પછી નિયત સ્થળ પર રખાયેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેના માટે સબંધિત અધિકારી, સત્તા અધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સબંધિત અધિકારી, સત્તા અધિકારીએ જાતે ખાત્રી કરીને પરવાનગીનાં લીધે જાહેર શાંતિ જોખમાય નહીં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે. અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

૩. ચુંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનોના પ્રકાર અને રજિસ્ટ્રેશનનો નંબર લખવાનો રહેશે.

૪. સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ માટે જ પરવાનગી પત્ર (પરમીટ આપવામાં આવે તેવા વાહનોના પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.) મેળવવાનો રહેશે.

૫. ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદાર વિભાગના ચુંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચુંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ અને લેખીતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે. આજરોજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી સીક્કા કરી આપેલા છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી અન્વયે.

ક્રમાંક ૩/ગપક/એસ.બી./ જાહેરનામું/૬૪/૨૦૦૨.-ભારતના નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણી ૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતાં ૧૬૮-ઓલપાડ વિધાનસભા મતદાર વિભાગ, ૧૬૯-સુરત શહેર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ, ૧૭૦-સુરત શહેર (પૂર્વ) વિધાનસભા મતદાર વિભાગ, ,૧૭૧-સુરત શહેર (પશ્ચિમ) વિધાનસભા મતદાર વિભાગ, ૧૭૨-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ, એમ પાંચ વિધાનસભા મતદાર વિભાગોમાં મતદાનની તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન

INDEX

આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૪૩૭/૯૬ પી.એલ.એન. (૩) ૨૨૮૯: તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૬ પેરા-૪ (૧)માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેરસભા પછી ત્રણ થી વધુ વાહનોના કાફલામાં મોટરકાર વાંહનોની અવરજવર કરવા દેવામાં આવશે નહીં.

વિધાનસભાની સામાન્ય ચુંટણી દરમ્યાન ચુંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવાર તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે રહે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે. અને ટ્રાફીકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતાં હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતાં સર્વે પ્રકારના વાહનો/ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું, વી. કે ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

૧. સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર/વાહનો ઉપર અવર જવર કરવા દેવામાં આવશે નહીં.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહીં.

૧. પોલીસ વાહનોને.

૨. સુરક્ષાની દ્રષ્ટિએ અમુક મહાનુભવોના કાફલા સાથે આવેલા વાહનોને.

૩. ચુંટણી કામે જતાં સરકારી વાહનોને તેમજ સક્ષમ અધિકારી દ્વારા ચુંટણીના કામે સંપાદન કરેલ વાહનોને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૦૨ ના કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે. આજ રોજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી સીક્કા કરી આપેલ છે.

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. B.10/1640 of 2002.– During the Second spell of Summer Vacation Observed for One week from 11th November, 2002 to 17th November, 2002 (both days inclusive), in the Judicial District of Surat, the following Judicial Officers, were prevented from availing the benefit of Summer Vacation for the period shown against their names in Col. No. 3, under the Provision of Rule-741 read with Rule-743 of B. C. S. Rules, Volume-I.

Sr. No. 1	Name & Designation of the Judicial Officers 2	Period for which Prevented 3	Days for which Prevented 4	Remarks 5
1.	Mr. F. A. Gadhvi Judge, Small Cause Court, Surat.	–	–	
2.	Mr. C. B. Vyas, Civil Judge (S.D.), Surat	11-11-2002 to 17-11-2002	07	
3.	Mr. J. K. Jani, Civil Judge (S.D.) & J.M.F.C., Bardoli.	–	–	
4.	Mr. D. L. Desai, Chief Judicial Magistrate and Jt. Civil Judge (S.D.) Surat.	–	–	
5.	Mr. F. Y. Ghanchibhai, 2nd Joint Civil Judge (S.D.) & J.M.F.C., Surat.	17-11-2002	01	

INDEX

1	2	3	4	5
6.	Mr. K. S. Patel, 3rd Joint Civil Judge (S.D.) & J.M.F.C., Surat.	11-11-2002 to 17-11-2002	07	
7.	Mr. P. P. Mekhia, 4th Joint Civil Judge (S.D.) & J.M.F.C., Surat.	14-11-2002 to 17-11-2002	04	
8.	Mr. V. F. Bhat, 5th Joint Civil Judge (S.D.) & J.M.F.C., Surat.	11-11-2002 to 17-11-2002	07	
9.	Ms. B. S. Chauhan, Joint Civil Judge (J.D.) & J.M.F.C., Surat.	–	–	
10.	Mrs. T. M. Parmar, 2nd Joint Civil Judge (J.D.) & J.M.F.C., Surat	–	–	
11.	Mr. N. A. Ejner, 3rd Joint Civil Judge (J.D.) & J.M.F.C., Surat.	11-11-2002 to 13-11-2002	03	
12.	Mr. A. L. Vyas, 4th Joint Civil Judge (J.D.) & J.M.F.C., Surat.	11-11-2002 to 13-11-2002	03	
13.	Mr. A. M. Vaishnav, 5th Joint Civil Judge (J.D.) & J.M.F.C., Surat.	11-11-2002 to 17-11-2002	07	
14.	Ms. P. V. Pandya, J.M.F.C., 1st Court, Surat.	13-11-2002 to 17-11-2002	05	
15.	Ms. S. K. Baxi, J.M.F.C., 2nd Court, Surat.	17-11-2002	01	
16.	Mr. R. C. Modi, J.M.F.C., 3rd Court, Surat.	14-11-2002 to 17-11-2002	04	
17.	Mr. M. V. Zala, JMFC., (Muni) Court, Surat.	11-11-2002 to 17-11-2002	07	
18.	Mr. A. N. Joshi, JMFC., (Railways) Court, Surat.	11-11-2002 to 17-11-2002	07	

INDEX

1	2	3	4	5
19.	Mr. D. M. Panchal, Civil Judge (J. D.) & JMFC., Olpad.	11-11-2002 to 17-11-2002	07	
20.	Mr. T. V. Joshi, Civil Judge (J. D.) & J.M.F.C., Kathor.	11-11-2002 to 17-11-2002	07	
21.	Mr. C. G. Mehta, Joint Civil Judge (J. D.) & J.M.F.C., Bardoli-Valod at Bardoli.	11-11-2002 to 17-11-2002	07	
22.	Mr. K. R. Upadhyay, Civil Judge (J. D.) & J.M.F.C., Mandvi.	16-11-2002 & 17-11-2002	02	
23.	Mr. S. V. Parekh, Civil Judge (J. D.) & J.M.F.C., Vyara-Nizar, at Vyara.	11-11-2002 to 17-11-2002	07	
24.	Mrs. M. R. Shah, Civil Judge (J. D.) & J.M.F.C., Mangrol.	–	–	

Surat, 21st November, 2002.

M. D. SHAH,
District Judge,
Surat.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

નંબર બી.૧૦/૧૬૪૦ સને ૨૦૦૨.- બીજા ભાગના તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૨ (બન્ને દિવસો સહિત) સુધીની એક અઠવાડિયાનાં ઉનાળું વેકેશન દરમ્યાન સુરત જ્યુડીશીયલ ડીસ્ટ્રીકટમાં કામ કરતાં નીચે જણાવેલાં જ્યુડીશીયલ ઓફિસરોને તેઓનાં નામની સામે કોલમ નંબર-૩માં દર્શાવેલ સમયગાળા દરમ્યાન મુંબઈ રાજ્ય સેવા નિયમોના ભાગ-૧નાં નિયમ ૭૪૧ સાથે નિયમ ૭૪૩ વંચાણ મુજબ ઉનાળુ વેકેશન પર જતાં રોકવામાં આવ્યા હતાં.

અનુક્રમ નંબર	ન્યાયાધિકારીનું નામ	વેકેશન ભોગવવા માટે અટકાયત કરવામાં આવેલ સમય	અટકાયત કરવામાં આવેલા દિવસો	રીમાર્કસ
૧	૨	૩	૪	૫
૧.	શ્રી એફ. એ. ગઢવી, જજ, સ્મોલ કોઝ કોર્ટ, સુરત.	--	--	--
૨.	શ્રી સી. બી. વ્યાસ, સીવીલ જજ (સી.ડી.) સુરત.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૭	
૩.	શ્રી. જે. કે. જાની, સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજી. ફ.કા., બારડોલી.	--	--	

INDEX

૧	૨	૩	૪	૫
૪.	કુ. ડી. એલ. દેસાઈ, ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ, અને જો. સીવીલ જજ (સી.ડી.), સુરત.	—	—	
૫.	શ્રી એફ. વાય. ઘાંચીભાઈ, બીજા જો. સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજિ.. ફ. કા., સુરત.	૧૭-૧૧-૨૦૦૨	૦૧	
૬.	શ્રી કે. એસ. પટેલ, ત્રીજા જો. સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજિ.. ફ. કા., સુરત.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૭	
૭.	શ્રી પી. પી. મેખીયા, ચોથા જો. સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજિ.. ફ. કા., સુરત.	૧૪-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૪	
૮.	શ્રી વી. એફ. ભાટ, પાંચમા જો. સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજિ.. ફ. કા., સુરત.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૭	
૯.	કુ. બી. એસ. ચૌહાણ, જો. સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજી. ફ. કા., સુરત.	—	—	
૧૦.	શ્રીમતી ટી. એમ. પરમાર, બીજા જો. સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજી. ફ. કા. સુરત.	—	—	
૧૧.	શ્રી એન. એ. ઈજનેર, ત્રીજા જો. સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. કા., સુરત	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૩-૧૧-૨૦૦૨	૦૩	
૧૨.	શ્રી એ. એલ. વ્યાસ, ચોથા જો. સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ.. ફ. કા., સુરત.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૩-૧૧-૨૦૦૨	૦૩	
૧૩.	કુ. એ. એમ. વૈષ્ણવ, પાંચમાં જો. સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ.. ફ. કા., સુરત.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૭	
૧૪.	કુ. પી. વી. પંડ્યા, જ્યુડી. મેજી. ફ. કા., પ્રથમ કોર્ટ, સુરત.	૧૩-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૫	
૧૫.	કુ. એસ. કે. બક્ષી, જ્યુડી. મેજી. ફ. કા., બીજી કોર્ટ, સુરત.	૧૭-૧૧-૨૦૦૨ ૧૭-૧૧-૨૦૦૨	૦૧	
૧૬.	શ્રી આર. સી. મોદી, જ્યુડી. મેજી. ફ. કા., ત્રીજી કોર્ટ, સુરત.	૧૪-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૪	
૧૭.	શ્રી એમ. વી. ઝાલા, જ્યુડી. મેજી. ફ. કા., (મ્યુની.), સુરત.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૭	

INDEX

૧	૨	૩	૪	૫
૧૮.	શ્રી એ. એન. જોષી, જ્યુડી. મેજી. ફ. કા., (રેલ્વે.), સુરત.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૭	
૧૯.	શ્રી ડી. એમ. પંચાલ, સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ.. ફ. કા., ઓલપાડ.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૭	
૨૦.	શ્રી ટી. વી. જોષી, સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ.. ફ. કા., કઠોર.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૭	
૨૧.	શ્રી સી. જી. મહેતા, જો. સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજી. ફ. કા., બારડોલી-વાલોડ મુ. વાલોડ.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૭	
૨૨.	શ્રી કે. આર. ઉપાધ્યાય, સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ.. ફ. કા., માંડવી.	૧૬-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૨	
૨૩.	શ્રી એસ. વી. પારેખ, સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજી. ફ. કા., વ્યારા-નિઝર, મુ. વ્યારા.	૧૧-૧૧-૨૦૦૨ થી ૧૭-૧૧-૨૦૦૨	૦૭	
૨૪.	શ્રીમતિ એમ. આર. શાહ , સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. કા., માંગરોલ.	--	--	

સુરત, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૨.

એમ. ડી. શાહ,
જિલ્લા ન્યાયાધીશ, સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) મુજબ.

નંબર પીઓએલ-૨/જાહેરનામા/એસ.આર./૫૩/૦૨.- આગામી ડીસેમ્બર-૨૦૦૨ના માસમાં યોજાનાર ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો/ ઉમેદવારો વિશાળ કટ આઉટ, જાહેરાત, આઈટમો, બેનર્સ વિગેરે દ્વારા પૈસાની તાકાતનો આડંબર યુક્ત પ્રદર્શન ન કરે તે હેતુથી ભારતના ચૂંટણી પંચે નક્કી કરેલ આચાર સંહિતા મુજબ નિયમન કરવું જરૂરી હોય, હું, આર. બી. દવે, જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ડીએ) (ડીબી)થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર જિલ્લામાં આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભે, ચૂંટણી લક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટઆઉટ મુકવા માટે નીચે મુજબના નિયમો કરવા હુકમ કરૂં છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવાર/સંસ્થા અથવા વ્યક્તિ દ્વારા કટઆઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ, તોરણો, ધ્વજ, પતાકા વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ તેમજ જાહેર રસ્તા ઉપર મુકી શકાશે નહીં. એટલે કે સરકાર, નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહી.

(૨) જો કટઆઉટ/હોર્ડીંગ્સ વિગેરે ખાનગી મિલ્કતની જગ્યાએ મુકવામાં આવે તો નીચે દર્શાવેલ શરતોનું પાલન થવું જોઈશે અને તો જ ખાનગી માલીકીની જગ્યાએ આવા કટઆઉટ/ જાહેરાત/પાટીયા/બેનર્સ મુકી શકાશે.

૧. હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટથી વધારે હોવી જોઈએ નહી.

૨. કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહી.

૩. કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનર્સ વિગેરે કોઈ સ્થળે મુકતા તે અંગેની જાણ સંબંધીત ચૂંટણી અધિકારીશ્રીને કરવાની રહેશે તથા તેમની મંજુરી મેળવી લેવાની રહેશે

INDEX

૪. મદદનીશ ચૂંટણી અધિકારીની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જો તે રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા કોઈ વ્યક્તિએ ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનર્સ વિગેરે મુકયાં હશે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી લીધેલ હોવી જોઈએ. આ મંજુરી જીલ્લા ચુંટણી અધિકારી, ચુંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, પોલીસ અધિકારી અથવા આ અંગે અધિકૃત કરેલ કોઈપણ અધિકારી જોવા માગે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકેલ હોય તે વિસ્તારના ચૂંટણી ખર્ચમાં દર્શાવવાનો રહેશે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૨થી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

કોઈ રાજકીય પક્ષ / ઉમેદવાર અથવા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી કટ આઉટ જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ તથા ૧૭૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ ઈસ્યુ કરવામાં આવ્યો છે.

આર. બી. દવે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસી/એમએજી/એસઆર ૬૦/૨૦૦૨.– વિધાનસભાની બેઠકોની ચૂંટણી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ યોજાનાર છે. ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬ના આદેશ નં. ૪૩૭/૬/૯૬/પીએલએન-૩/૨૪૦૩થી સરકારી વાહનોના ઉપયોગ સબંધે સુચનાઓ અને આદેશો બહાર પાડવામાં આવેલ છે જે મુજબ ત્રણથી વધુ વાહનોને કાફલારૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણી પંચના આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈપણ રાજકીયપક્ષ કે ચૂંટણીના ઉમેદવારો, સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) આ સુચનાઓ ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૩) 'વાહનનો અર્થ' પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યંત્ર શક્તિથી કે અન્ય રીતે ચાલતું કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૪) આ હુકમ સમગ્ર અમદાવાદ જિલ્લામાં (ગ્રામ્ય) મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી અન્ય રાજકીય વ્યક્તિઓ જ અપવાદરૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય તેવી તેના સંદર્ભમાં ઉચ્ચ દરજજાથી સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ.

આજ તારીખ ૨૧ માહે નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ, નં. ૨૨)ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૬૧/૨૦૦૨.- આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧)થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પું કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પું ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારિરીક નુકશાન પહોંચાડવાનાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

INDEX

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વગેરે અને તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરાવવાની,

વિસ્તાર :- અમદાવાદ ગ્રામ્ય, જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં. (૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજી.શ્રી, સબ ડીવી. મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીના અને વધુમાં વધુ અક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૬૨/૨૦૦૨.- આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૨ નાં કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય), જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ અન્વયે કાઢેલો.

ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૮૯૮.– ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ની પેટા -કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ જાહેર શાંતિ અને સલામતિ સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૨ના દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધા) સુધી.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અંથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી, જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લે-કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ નોટીસો, પરિપત્રો ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યક્તિને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીને અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી કે જે શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ-સબ- ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી તથા સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક/એમ.એ.જી/પીઓએલ/વશી/૮૯૯.– ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂએ હું એમ. એસ. ઠક્કર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ સવારના ૬-૦૦ કલાકથી તારીખ ૧૭મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી(બંને દિવસો સુધ્ધા)ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

INDEX

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ની પેટા કલમ (૧) હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧) વશી-૬૫૪૦/૨૦૦૨.- ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ. એલ. એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો, જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/૬૯૮૧/૨૦૦૨ થી જરૂરી જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું, આર. જી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું , અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની અથવા નકલ કરવાની તથા ચીત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક, વિવિધ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહિ;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર/કલોલ/દહેગામ/માણસાએ જેઓને શારિરિક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી;

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી;

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ની પેટા-કલમ-૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩) વશી ૬૫૭૧/૨૦૦૨.- ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ. એલ. એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને

INDEX

અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૨ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/૨૦૦૧/૨૦૦૨ થી જરૂરી જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ-(૩)થી મને મળેલ સત્તાની રૂઈએ હુ શ્રી આર. જી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કે રેલી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને;

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિને;

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને;

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા સિવાયનો ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફક્ત ઉપવાસીઓ માટે ચ-૫, સેક્ટર-૧૭, અને સેક્ટર-૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો. મી. વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

વંચાણમાં લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરનો તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨નો પત્ર નં. લઈબ/ચુંટણી/પ્ર.વિ./૭૦૪૩/૦૨.

(૨) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરનો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ હુકમ નં. ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)/વશી.૬૫૬૧/૨૦૦૨, તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨.

હુકમ

નંબર ડીસી/વ. ૬૭૨૦/૨૦૦૨.– આમુખ-૧ માં દર્શાવેલ પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરે હાલમાં આગામી વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા ચાલું હોઈ તથા આચાર સંહિતા બાબતે ચૂંટણી પંચ તરફથી અવાર નવાર જરૂરી આદેશ થયેલ છે. જેથી રાજકીય પક્ષના તેમજ અપક્ષ ઉમેદવારોને પોતાની પ્રચાર સભાઓ સારૂ અગવડતા ઉભી થાય છે અને તેઓ મુક્ત રીતે કાયદાકીય ક્ષેત્રમાં રહી પ્રચાર સભાઓ ભરી શકતા નથી. જેથી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૨ ના કલાક ૧૭-૦૦ સુધી એટલે કે ચૂંટણી મતદાનના અડતાલીસ કલાક પહેલાં સુધી ઉપરોક્ત જાહેરનામામાં જણાવેલ પ્રતિબંધત વિસ્તારને રદ કરવા અથવા તો તેનો અમલ મોકુફ રાખવા દરખાસ્ત કરેલ છે.

આમુખ-૨માં જણાવેલ હુકમથી ગાંધીનગર શહેરના નીચે જણાવ્યા સિવાયના ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૦૨ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવવામાં આવેલ છે.

પ્રતિબંધિત સિવાયનો વિસ્તાર : ફક્ત ઉપવાસીઓ માટે ચ-૫, સેક્ટર-૧૭, અને સેક્ટર-૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો. મી. વિસ્તાર.

પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત પરવે સંપૂર્ણ વિચારણા કરી આગામી વિધાનસભાની ચુંટણીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારોને આચાર સંહિતાનો ભંગ કર્યા સિવાય કાયદાકીય ક્ષેત્રમાં રહી ચૂંટણી કમિશનરની સૂચનાઓનું પાલન કરવાની, યોગ્ય સત્તાધિકારીની મંજૂરી જરૂરી હોય ત્યાં પુર્વ મંજૂરી મેળવવાની શરતોએ પ્રચાર સભાઓ ભરવા તથા પ્રચાર સરઘસ યોજવા પર રૂકાવટ રહે નહિ તે હેતુથી અત્રેના આમુખ-૨ ના હુકમથી ફરમાવેલ પ્રતિબંધ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨ કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૦૨ ના કલાક ૨૪-૦૦ સુધી મોકૂફ રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

ગાંધીનગર, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨.

આર. જી. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.-

નંબર ડીસીબી/એમએવી/બીપીએ./રજી નં. ૫૨/૨૦૦૨/.મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧(સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭ (૧) પ્રમાણે મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, પ્રવર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું, કે વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૨ (બન્ને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારિરિક અશક્તિને કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

(૩) જિલ્લા મજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની ને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧નો ૨૨ માં)ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલ .-

નંબર ડીસીબી/એમએજી/બીપીએ./૨જી નં. ૫૩/૨૦૦૨/.- જિલ્લામાં આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ માં) ની કલમ ૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તા રૂએ ફરમાવું છું, કે વલસાડ જિલ્લામાં તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી (બન્ને દિવસ સુધ્ધા) અન અધિકૃત રીતે ચાર કરતાં વધું માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જીદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમન ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ માં)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/૨જી. નં. ૫૪/૨૦૦૨.- મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ-૨૨)ની કલમ-૩૩(૧) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણી તથા ચુંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬ ની સૂચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુક્ત અને ન્યાયી વિધાનસભાની ચુંટણી માટે, જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨ થી ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બન્ને દિવસો સુધ્યાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૧. કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણથી વધુ વાહનો જેવા કે ટેક્ષી, ખાનગી કાર, ટ્રક, ટ્રેક્ટર સાથે ટ્રેલર અને વિના ટ્રેલર, ઓટોરીક્ષા, સ્કુટર, મોટર સાયકલ, બસ, મીનીબસ, માલવાહક સાધન વિગેરે બનેલા

INDEX

રક્ષા કાફલા રૂપે જવા દેવાશે નહીં. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યકિતને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાનાં રહેશે. આમછતાં આ બાબત આવા કોઈ વ્યકિત સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સૂચનાને આધીન રહેશે.

૨. ચુંટણી પ્રચાર માટે ફરતાં વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડ સ્પીકર સાથેના વાહનો પરત્વે તેની પરવાનગીપત્ર કે જે પરવાનગી નંબર તારીખ સહિતનો (વાહનના કાચ ઉપર લગાડેલ) તો જ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યો રજૂ કરવાની રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) જોગવાઈનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૩)(ઘ)(ખ).

નંબર ડીસીબી/એમએજી/૨જી.૫૫/૨૦૦૨.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણી તથા ચુંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૯ ની સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, મુકત અને ન્યાયી વિધાનસભાની ચુંટણી માટે, જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૨ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બન્ને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(અ) કટઆઉટ, હોર્ડીંગ્સ, બેનર વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહિ એટલે કે, સરકાર, મ્યુનિસિપાલિકા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ. (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહિ.)

(બ) જો કટઆઉટ/હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઈએ.

૧. હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ × ૮ ફુટ થી વધારે હોવી જોઈએ નહી.

૨. કટઆઉટની ઉંચાઈ ૮ ફુટ થી વધવી જોઈએ નહી.

૩. રાજકીય પક્ષ/ઉમેદવારે ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનર વિગેરે મુકયાં હશે તે જગ્યાના માલીકની લેખિત મંજુરી લીધેલ હોવી જોઈએ. આ મંજુરી જીલ્લા ચુંટણી અધિકારી/ચુંટણી અધિકારી/પોલીસ અધિકારી જયારે માંગશે ત્યારે રજુ કરવાની રહેશે.

૪. કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનરો વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જીલ્લા ચુંટણી અધિકારી, ચુંટણી અધિકારી અને પોલીસ અધિકારીને કરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકેલ હોય તદ્અનુસાર ઉમેદવારોના ચુંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાના રહેશે.

૬. ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર સબંધિત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઈએ.

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩(૩)(ઘ)(ખ)ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી હેઠળનો.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૩૫૪૪ થી ૩૫૬૩.-નર્મદા જિલ્લામાં નીચે જણાવેલ બસ સ્ટેન્ડના વિસ્તારમાં ખાનગી બસ, જીપ સંચાલકો પોતાના ખાનગી વાહનો ઉભા રાખી બસ સ્ટેન્ડમાંથી મુસાફરોને બસો તથા ખાનગી જીપોમાં બેસાડી બિન અધિકૃત રીતે વહન કરે છે. તેમજ બહારથી મુસાફરો બેસાડી લાવી ઉતારે છે. જેના કારણે એસ. ટી. નિગમને આવક ગુમાવવી પડે છે. અને સરકારને પેસેન્જર ટેકસ ગુમાવવો પડે છે. જેથી (૧) ગરૂડેશ્વર બસ સ્ટેન્ડ (૨) સાગબારા બસ સ્ટેન્ડ અને (૩) સેલંબા બસ સ્ટેન્ડથી ૦.૫ કિ.મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં ખાનગી બસો તથા ખાનગી જીપો ઉભી રાખી બીન અધિકૃત રીતે મુસાફરોને વહન કરતા તથા ઉતારતા અટકાવવા મને જરૂરી જણાતાં મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી મુજબ હુકમ કરી ઉકત વિસ્તારને " નો પાર્કીંગ ઝોન " જાહેર કરવા મને જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે હું, એસ. એમ. સંગાડા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, નર્મદા, મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩(૧) બી થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) ગરૂડેશ્વર બસ સ્ટેન્ડથી ૦.૫ કિ.મી. ત્રિજ્યાનો વિસ્તાર

(૨) સાગબારા બસ સ્ટેન્ડથી ૦.૫ કિ.મી. ત્રિજ્યાનો વિસ્તાર

(૩) સેલંબા બસ સ્ટેન્ડથી ૦.૫ કિ.મી. ત્રિજ્યાનો વિસ્તાર

ઉકત નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં આવેલ એસ. ટી. બસ સ્ટેન્ડથી ૦.૫ કિ.મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં ખાનગી બસો તથા ખાનગી જીપો ઉભી રાખી બિન અધિકૃત રીતે મુસાફરોનું વહન નહીં કરવા તથા બહારથી ખાનગી વાહનોમાં મુસાફરો વહન કરી ઉતારવા વાહન ઉભા નહીં રાખવા માટે " નો પાર્કીંગ ઝોન " તરીકે જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

સદર જાહેરનામામાં જણાવેલ વિસ્તારમાં ખાનગી બસો તથા ખાનગી જીપો ઉભા રાખી ગેરકાયદેસર મુસાફરોનું વહન કરી શકાશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એસ. એમ. સંગાડા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નં. ઉ/મકપ/પલસ/મજસ/વશી/૪૫૯૪.-ભારતના ચુંટણી પંચે ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૦૨ યોજવા અને તેનું મતદાન તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ યોજવા જાહેર કરેલ છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાય રહે તથા શાંતિપૂર્ણ અને મુકત વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧(સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું, કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૨૩મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી (બન્ને દિવસો સહીત).

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભસ્ત સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી.

(ઘ) જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રમાંક-પલસ/હથ૨/વશી/૧૧૪૨.- વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૨ જિલ્લામાં તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ યોજાનાર છે. આ ચૂંટણી પ્રક્રિયાના સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, જાહેર સુલેહ શાંતિ તેમજ જાહેર સુરક્ષા જળવાઈ રહે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મુક્ત રીતે ચૂંટણી થાય તે હેતુથી શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૧૭(૩)(બી) ની જોગવાઈ અનુસાર પંચમહાલ જિલ્લાના આ સાથેના પરિશિષ્ટ-અ માં જણાવેલ સ્વરક્ષણના પરવાના તાત્કાલીક અસરથી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી મોકુફ (સસ્પેન્ડ) કરવામાં આવે છે. જેથી આ સાથેના પરિશિષ્ટ-અ માં જણાવેલ પરવાનેદારોના હથીયારો તથા દારૂગોળો સબંધીત પોલીસ સ્ટેશનમાં તાત્કાલીક જમા કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

જે તે પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રી, તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓએ સાથેના પરિશિષ્ટ-અ માં જણાવેલ પરવાનેદારો પાસેના હથીયારો અને દારૂગોળો તાત્કાલીક મેળવી પોલીસ સ્ટેશને જમા લઈ તાત્કાલીક રીપોર્ટ કરવો.

આ હુકમનો તાકીદે અમલ કરવો.

ગોધરા, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૪) મુજબ જાહેર.

નં. ઉ/મકપ/મજસ/વશી/૪૬૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૨ના પત્ર ક્રમાંક/વહટ/૪/વશી/૧૫૬૮૮/૨૦૦૨ થી અત્રેના પંચમહાલ જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ એસ.આર.પી. ગૃપ-૫, ગોધરા ગ્રાઉન્ડ બટ તથા સંતરામપુર ફાયરીંગ બટ ઉપર લેવાનું હોઈ, જાહેર જનતાની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા દરખાસ્ત કરેલ છે.

આથી હું, બી. એન. ડામોર, (જી.એ.એસ.), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયે મળેલ અધિકારની રૂએ ગોધરા એસ.આર.પી. ગૃપ-૫ ગ્રાઉન્ડ બટ તથા સંતરામપુર ફાયર બટ તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૨ થી ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી (બન્ને દિવસો સહીત) પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ માટે રીઝર્વ રાખવું અને સદરહુ જમીનમાં ઉક્ત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સે દાખલ થવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર ઉ/મકપ/મજસ/વશી/૪૬૨૯/૨૦૦૨.- ભારતના ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૦૨ યોજવા અને તેનું મતદાન તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ યોજવા જાહેર કરેલ છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તથા શાંતિપૂર્ણ અને મુક્ત વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં)ની કલમ-૩૭ (૩) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૨ સવારના કલાક ૦૬-૦૦ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી ચાર કરતાં વધુ માણસો ભેગા થવુ નહી કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહીં અથવા કોઈ સરઘસ કાઢવું નહીં.

અત્રેથી આવી પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઈ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી/૩૬૧૬-૩૬૨૪/૨૦૦૨.- મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં)અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજ્યમાં યોજાનાર આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૦૨ અને ધાર્મિક તહેવારોને અનુલક્ષીને જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાંતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટાં, ચપ્પુ, છરી, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના સ્વાંગ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અથવા ટોળામાં ફરવાની,

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)નાં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

INDEX

આજ રોજ તારીખ-૨૮મી નવેમ્બર, ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી/૩૬૨૫-૩૬૩૩/૨૦૦૨.- રાજ્યમાં યોજાનાર આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૦૨ અને ધાર્મિક તહેવારોને અનુલક્ષીને જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાંતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં)ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨નાં સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી, કે સરઘસ કાઢવું નહી, તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓ એકત્ર/ભેગા થવું નહી.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓ.
(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.
(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.
(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.
(૫) એસ.ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ.
(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

સી. બી. બલાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ - આહવા.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા
સુધારા હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ નં. પીઓએલ–વશી–તારીખ ૧૧/૧૧/૨૦૦૨.

નંબર પીઓએલ/વશી.–ઉપર જણાવેલ હુકમથી મહુધા નગરપાલિકા વિસ્તારમાં તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંતિ ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે અચોક્કસ મુદતની સંચારબંધી જાહેર કરેલ છે. તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે સંચારબંધી અમલમાં છુટછાટ મુકવાનું મને ઈસ્ટ જણાય છે.

જેથી હું, હારીત શુકલ (આઈ.એ.એસ.), સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ખેડા, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ હુકમ નં. પીઓએલ/વશી, તારીખ-૧૧મી નવેમ્બર, ૨૦૦૨થી બીજો હુકમ થતા સુધી મહુધા શહેરમાં અમલમાં છે. તે વિસ્તાર આ હુકમથી તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૨ના કલાક ૧૪-૦૦ થી ૧૭-૦૦ સુધીના સમય દરમ્યાન ફક્ત મહીલા અને બાળકો માટે (ફક્ત ૧૪ વર્ષ થી નીચેના) છુટછાટ આપવા ફરમાવું છું.

આજ તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

સુધારા હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ નં. પીઓએલ–વશી–તારીખ ૧૧/૧૧/૨૦૦૨.

નંબર પીઓએલ/વશી.–ઉપર જણાવેલ હુકમથી મહુધા નગરપાલિકા વિસ્તારમાં તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંતિ ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે અચોક્કસ મુદતની સંચારબંધી જાહેર કરેલ છે. તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે સંચારબંધી અમલમાં છુટછાટ મુકવાનું ઈસ્ટ જણાય છે.

જેથી હું, હારીત શુકલ (આઈ.એ.એસ.), સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ખેડા, આ ઉપરથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ હુકમ નં. પીઓએલ/વશી, તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨થી બીજો હુકમ થતા સુધી મહુધા શહેરમાં અમલમાં છે. તે વિસ્તાર આ હુકમથી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ના કલાક ૧૩-૦૦ થી ૧૭-૦૦ સુધીના સમય દરમ્યાન ફક્ત મહીલા અને બાળકો માટે (ફક્ત ૧૪ વર્ષ થી નીચેના) છુટછાટ આપવા ફરમાવું છું.

આજ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હારીત શુકલ,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ખેડા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪–૯૧/ડીઠીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦–૩–૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૧૨–૪–૨૦૦૧ ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૪૦૪/૨૦૦૦.

(૪) આ કચેરીના તા. ૨૫–૭–૨૦૦૨ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૫૫૭/૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૩૬૦૦/૦૧/ગ/૨૯૧૧/૨૦૦૨.—ધી પ્રતાપગઢ ગૃપ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લિ., તા. વિજયનગર, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સે. તે. ૨૩૬૫૦, તા. ૨૭–૮–૫૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તારીખ ૧–૭–૯૮ થી તા. ૩૧–૩–૨૦૦૦ સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ સર્વ શ્રી ઓડીટર, સ. મં. ઇડર દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૨૧–૬–૨૦૦૦ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૧૨૫/૨૦૦૦ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૧૧–૭–૨૦૦૨ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતા ફરીથી ઉકત બાબતે રજુઆત કરવા સારૂં તા. ૩૦–૧૧–૨૦૦૦ના રોજની મુદત આપેલ હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત થયેલ નથી. આમુખ–૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૨–૪–૨૦૦૧ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ. અને ફરીથી રજુઆત માટે તા. ૧૬–૪–૨૦૦૧ના રોજની મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીથી ઉકત બાબતે રજુઆત કરવા સારૂં તા. ૨૪–૯–૦૧ના રોજ મુદત આપેલ હતી. પરંતુ આપેલ મુદતે કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમુખ–૪ માં વંચાણે લીધેલ ઉકત બાબતે જરૂરી રજુઆત કરવા તા. ૫–૮–૦૨ ના રોજ સુનાવણી આપેલી પરંતુ સદર મુદતે જવાબદાર કાર્યવાહકો તરફથી કોઇ લેખિત / મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. આમ નીચે મુજબના કારણોસર :

(૧) મંડળી નોંધાયેલ પેટા કાયદાના ઉદ્દેશો મુજબ કામકાજ કરતો બંધ થઈ ગયેલ છે. અને સ્થગિત છે.

(૨) બ્ય. કમીટીની મીટીંગો ૬ર આસે મળતી નથી.

(૩) ઓડીટ નોંધની વાસ્તવિક દુરસ્તી કરવામાં આવતી નથી. મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમી કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જીલ્લો સાબરકાંઠાને, પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી પ્રતાપગઢ ગૃપ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ પ્રતાપગઢ, તાલુકો વિજયનગર, જીલ્લો સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ–૩માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતાં ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) હાલમાં આ કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા લિક્વીડેશન ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૨–૯–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪/૯૧/ડીઠીજી/૧૧૮૮/૫૨૦૪/જ. તારીખ ૩૦–૩–૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૨૧–૬–૨૦૦૦ ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૦૮૭/૨૦૦૦.

(૪) આ કચેરીના તા. ૨૫–૭–૨૦૦૨ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૫૫૫/૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૩૬૦૧/૦૧/ગ/૨૯૧૫/૨૦૦૨.–ધી ઇડર ફ્રુટ અને વેજીટેબલ સહકારી મંડળી લિ., મુ. પો. તા. ઇડર, જી. સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ

INDEX

૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : સે. ૧૮૬૮૩, તા. ૨૨-૬-૮૧ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧-૭-૬૭ થી ૩૦-૬-૯૯ સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ, સબ ઓડીટર, શ્ર. મં. ભિલોડા દ્વારા હાથ ધરવામાં આવેલ હતુ. ઓડીટ દરમ્યાન મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઈ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૨૭-૩-૨૦૦૦ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૫૪૬/૨૦૦૦ થી મંડળીને ફડચામાં ફેમ ન લઈ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૨૪-૪-૨૦૦૦ ના રોજ રજુઆત કરવા મુદ્દત આપેલ હતી. પરંતુ નિયત મુદ્દતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉકત બાબતે રજુઆત કરવા સારૂ તા. ૩-૧૦-૨૦૦૦ ના રોજની મુદ્દત આપેલી હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઈ રજુઆત થયેલ નથી જેથી આમુખ-૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૨૧-૧૧-૨૦૦૦ ના આદેશથી મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાનો આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ અને ફરીથી રજુઆત માટે તા. ૧૨-૧૨-૨૦૦૦ ના રોજ રજુઆત સારૂ મુદ્દત આપેલ. પરંતુ આપેલ મુદ્દતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. આમ નીચેના કારણોસર :

(૧) મંડળી નોંધાયેલા પેટા કાયદાના ઉદ્દેશો મુજબ કામકાજ કરતી બંધ થઇ ગયેલ છે.

(૨) મંડળીને ફડચામાં લઈ જવા વ્યવ. કમીટી દ્વારા નિવેદન આપેલ છે.

(૩) વ્યવ. કમીટીની બેઠક નિયમિત મળતી નથી.

(૪) ઓડીટ નોંધની દુરસ્તી કરવામાં આવતી નથી

મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણો સહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ થી ઇડર ફ્રુટ એન્ડ વેજીટેબલ સ.મં. લિ., મુ. પો. તા. ઇડર, જી. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ-૩ માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરું છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૩-૯-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૪-૬૧/ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૬૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તારીખ ૧૨-૩-૨૦૦૧ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૪૦૬/૨૦૦૧.

(૪) આ કચેરીના તા. ૨૫-૭-૨૦૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૫૨૫/૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/કે/૧૩૬૦૨/૦૧/ગ/૨૯૧૬/૨૦૦૨.— ધી અરણ્યોદય કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., મુ. મોડાસા, તા. મોડાસા, જિ. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ધ-૧૩૫૮, તા. ૨૨-૧૧-૫૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧-૭-૯૩ થી ૩૦-૬-૯૯ સુધીના સમયગાળાનુ વૈધાનિક ઓડીટ સબ ઓડીટર, સહકારી મંડળી, મોડાસા દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી મંડળીને ફડચામાં લઈ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૨૭-૩-૨૦૦૦ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૫૦/૨૦૦૦ થી મંડળીને ફડચામાં ફેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૨૪-૪-૨૦૦૦ના રોજ રજુઆત કરવા મુદ્દત આપેલ હતી. પરંતુ નિયત મુદ્દતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉકત બાબતે રજુઆત કરવા સારૂ તા. ૩-૧૦-૨૦૦૦ તથા ૩૦-૧૧-૨૦૦૦ના રોજની મુદ્દત આપેલ હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઈ રજુઆત થયેલ નથી. આમુખ-૩માં વંચાણે લીધેલ અત્રના તા. ૧૨-૩-૨૦૦૧ના આદેશથી મંડળીને નીચેના કારણોસર (૧) મંડળી નોંધાયેલ પેટા કાયદાના ઉદ્દેશો મુજબ કામકાજ કરતી બંધ થઇ ગયેલ તથા સ્થગિત છે. (૨) છેલ્લા ૧૦ વર્ષનો ઓડીટ વર્ગ 'ડ' છે. (૩) ઓડીટ અહેવાલની દુરસ્તી કરવામાં આવતી નથી.

INDEX

(૪) મંડળીની વા. કમીટીની મીટીંગ કે તાજેતરની સાધારણ સભા મળતી નથી. (૫) લાંબા સમયથી ઓડીટ કરી બાકી છે. તે કારણોસર મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશ કરેલ. ઉક્ત વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ અને ફરીથી રજુઆત માટે તા. ૧૬-૪-૨૦૦૧ના રોજ રજુઆત સારૂ મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમુખ-૪માં વંચાણે લીધેલ મંડળીને ફેર રજુઆત કરવા સારૂ છેલ્લી તા. ૫-૮-૦૨ના રોજની સુનાવણી આપવામાં આવેલ હતી. પરંતુ સદર તારીખે હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જીલ્લો સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ થી અરૂણોદય કો-ઓ. હાઉસીંગ સોસાયટી લિ., મુ. મોડાસા, તા. મોડાસા, જી. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ-૩ માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીશ્રીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૪-૯-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડીડી૭/૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૧૨-૬-૨૦૦૧ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૪૦૫/૨૦૦૧.

(૪) આ કચેરીના તા. ૨૫-૭-૨૦૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૫૬૬/૨૦૦૨.

પ્રસ્તાવના

જ, નં. ફડચ/ફ/૧૩૬૦૩/૦૧/ગ/૨૯૧૭/૨૦૦૨.— ધી ભાણુમેર પેયત સહકારી મંડળી લી., મુ. ભાણુમેર, તા. મિલોડા, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક બી. ૮૫૦, તા. ૨૭-૪-૭૩થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહું મંડળીનું સને ૯૮-૯૯ના વર્ષનું વૈધાનિક ઓડીટ સમ ઓડીટર શ્રી મં. પ્રાંતિજ દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી હેતુઓ મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૧૮-૫-૨૦૦૦ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૮૩૬/૨૦૦૨થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૧૨-૬-૨૦૦૦ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉક્ત બાબતે રજુઆત કરવા સારૂં તા. ૩-૧૦-૨૦૦૦ તથા ૩૦-૧૧-૨૦૦૦ના રોજની મુદત આપેલ હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઈ રજુઆત થયેલ નથી. આમુખ-૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૨-૩-૦૧ ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત / મૌખિક રજુઆત કરવા જણાવેલ. અને ફરીથી રજુઆત કરવા માટે તા. ૧૬-૪-૦૧ ના રોજ રજુઆત સારૂં મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીથી આમુખ-૪માં વંચાણે લીધેલ મંડળીને ફેર રજુઆત કરવા સારૂં તા. ૫-૮-૦૨ ના રોજ સુનાવણી આપવામાં આવેલ હતી. પરંતુ સદર તારીખે હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી. તથા મંડળી સ્થગિત હોવા, મંડળીને ફડચામાં કઈ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ થી ભાણુમેર પેયત સહકારી મંડળી લિ., મુ. ભાણુમેર, તા. મિલોડા, જિ. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ-૩ માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીશ્રીએ ત્રણ વર્ષમ

INDEX

ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારવા કરી સરકારી તિજોરીમાં જમાં કરાવવાની રહેશે

હિંમતનગર, તા. ૧૩-૯-૨૦૦૨.

વંચાણમા લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/ જ. તા. ૩૦-૩-૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તારીખ ૧૦-૯-૨૦૦૧ ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૬૬૨/૨૦૦૧.

(૪) આ કચેરીના તા. ૨૫-૭-૦૨ ના પત્ર ક્રમાંક : ફડચ/ ૦૧/ગ/૨૫૬૭/૦૨.

પ્રસ્તાવના

જા. ન. ફડચ/ફ/૧૩૬૦૪/૦૧/ગ/૨૯૧૮/૨૦૦૨.— ધી વિજયનગર મહાલ જંગલ કામદાર સેવા સહકારી મંડળી લી., મુકામ ધોરવાણી, પો. કઠવાવડી, તાલુકો વિજયનગર, જીલ્લો સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાક : ઉ-૨૪૧૯, તારીખ ૫-૨-૭૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧-૪-૯૭ થી ૩૦-૬-૯૮ સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨, સ. મં. હિંમતનગર દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તદ્દન સ્થગિત અવસ્થામાં હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરી એથી તા. ૫-૮-૯૯ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૭૯/૯૯ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી. તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૩૦-૮-૯૯ ના રોજ રજુઆત કરવા સારૂ મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉક્ત બાબતે રજુઆત કરવા સારૂ તા. ૧-૧૧-૯૯ ના રોજ તથા તારીખ ૧૪-૨-૨૦૦૦ ના રોજની મુદત આપેલ હતી. સદર મુદતે સેક્રેટરીશ્રીએ હાજર રહી વધુ મુદતની માંગણી કરેલ. જેથી તા ૧૬-૩-૨૦૦૦ ની મુદત આવેલ હતી. સદર મુદતે હાજર રહી મંડળીને ફડચામાં ન લઇ જવા બાબતે મંડળીને કાર્યશીલ બનાવવા કરવા રજુઆત કરેલ છે. અને મંડળીને કાર્યશીલ કરવા લીધેલ નક્કર પગલાંઓનો વિગતવાર અહેવાલ તારીખ ૨૭-૪-૨૦૦૦ ના રોજ રૂબરૂમાં હાજર રહી રજુ કરવા જણાવેલ હતું. જે રજુ કરવામાં નિષ્ફળ ગયેલ હતુ. ફરીથી રજુઆત કરવા સારૂ તારીખ ૧૫-૫-૨૦૦૦ ની મુદત આપેલ હતી. જે મુદતે ચેરમેનશ્રીએ હાજર રહી વધુ મુદતના માંગણું કરેલ. જેથી તારીખ ૧૨-૬-૨૦૦૦ ની મુદત આપેલ હતી. જે મુદતે હાજર રહેલ નથી. ફરીથી મંડળીએ અગાઉના વર્ષોમાં કામ કર્યા અંગેની માહિતી સહ રજુ કરવા તારીખ ૨૮-૧૧-૨૦૦૦ ની મુદત આપેલ હતી. પરંતુ હાજર રહેલ નથી અને તા. ૫-૧૨-૨૦૦૦ ના પત્રથી મંડળીને ફડચામાં ન લઇ જવાની રજુઆત કરેલ અને અહેવાલ ટુંક સમયમાં મોકલી આપવા જણાવેલ હતું. ફરીથી મંડળીનો પ્રગતિ અહેવાલ રજુ કરવા તારીખ ૨૭-૩-૨૦૦૧ તથા ૭-૫-૨૦૦૧ ની મુદત આપેલ હતી. પરંતુ મંડળીનો પ્રગતિ અહેવાલ રજુ કરવામાં નિષ્ફળ જતાં આમુખ-૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૦-૯-૨૦૦૧ ના આદેશથી નીચના કારણોસર :

(૧) મંડળી નોંધાયેલ પેટા કાયદાના ઉદ્દેશો મુજબ કામકાજ કરતી બંધ થઈ ગયેલ છે તથા સ્થગિત છે.

(૨) ઓડીટ અહેવાલની દુરસ્તી કરવામાં આવતી નથી.

(૩) મંડળીની વાર્ષિક સાધારણ સભા તથા બ્ય. કમીટીની મીટીંગો મળતી નથી

(૪) સરકારશ્રીનો શેર ફાળો ભરવાના બાકી છે.

મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/ મૌખિક રજુઆત કરવા જણાવેલ અને ફરીથી રજુઆત માટે તા. ૨૪-૯-૨૦૦૧ ના રોજ રજુઆત સારૂ મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીથી આમુખ-૪માં વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફેર રજુઆત કરવા સારૂ તા. ૫-૮-૨૦૦૨ ના રોજ સુનાવણી આપવામાં આવેલ હતી. પરંતુ સદર તારીખે હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામા આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા તે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી વિજયનગર મહાલ જંગલ કામદાર સેવા સહકારી મંડળી લી., મુ. ધોરવાણી, પો. કઠવાવડી તા. વિજયનગર, જી. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ-૩ માં ઠરાવેલ વચગાળાના આદેશને બહાલી આપતાં ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂ છું અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે

INDEX

સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીને ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચ ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૩–૯–૨૦૦૨.

વંચાણે લીધા :–

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦–૩–૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૧૨–૩–૨૦૦૧ ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૪૦૩/૨૦૦૧.

(૪) આ કચેરીના તા. ૨૫–૭–૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૫૫૮/૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૩૬૦૫/૦૧/ગ/૨૫૧૫/૨૦૦૨.—શ્રી તાજપુર કેમ્પ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. તાજપુર, તા. તલોદ, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ૨૦૫૪, તા. ૧૪–૪–૧૯૬૫ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧–૧–૯૮ થી ૩૦–૬–૯૯ સુધીના સમયગાળાનું ઐચ્છાનિક ઓડીટ, સબ ઓડીટર સ. મં. પ્રાંતિજ દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૨૭–૩–૨૦૦૦ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૫૧/૨૦૦૦થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે બાબતના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તારીખ ૨૪-૪-૨૦૦૦ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉક્ત બાબતે રજુઆત કરવા સારૂ તા. ૩–૧૦–૨૦૦૦ તથા તા. ૩૦–૧૧–૨૦૦૦ના રોજની મુદત આપેલ હતી, પરંતુ હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત થયેલ નથી. આમુખ-૩માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૨–૩–૨૦૦૧ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ. અને ફરીથી રજુઆત માટે તા. ૧૬–૪–૨૦૦૧ના રોજ રજુઆત સારૂ મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીથી ઉક્ત બાબતે રજુઆત કરવા સારૂ તા. ૨૪–૯–૦૧ના રોજ મુદત આપેલ હતી. પરંતુ આપેલ મુદતે કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમુખ–૪માં વંચાણે લીધેલ ઉક્ત બાબતે જરૂરી રજુઆત કરવા તા. ૫–૮–૦૨ના રોજ સુનાવણી આપવામાં આવેલ. પરંતુ સદર મુદતે કોઈ જવાબદાર કાર્યવાહક તરફથી કોઇ લેખિત/મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. આમ નીચે મુજબના કારણોસર :

(૧) મંડળી નોંધાયેલ પેટા કાયદાના ઉદ્દેશો મુજબ કામકાજ કરતી બંધ થઇ ગયેલ છે તથા સ્થગિત છે.

(૨) સંસ્થાની વ્ય. કમીટી તેમજ વાર્ષિક સાધારણ સભાની બેઠકો નિયમિત મળતી નથી.

(૩) ઓડીટ દુરસ્તી નિયમિત થયેલ નથી.

મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાને, પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ શ્રી તાજપુર કેમ્પ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., તાજપુર કેમ્પ, તાલુકો તલોદ, જીલ્લો સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ–૩ માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ – ૧૦૮ (૧) હેઠળ મને મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીનો નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૩–૯–૨૦૦૨.

જે. જે. શાહ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
હિંમતનગર, જી. સાબરકાંઠા.

ક્રમાંક ઉદ્યમ/નપ્રણ/સા-૩૭૯૩/૪/૫૧૮-૫૧૯/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે સમર્થ પાર્ક શોપીંગ કોમ્પ્લેક્ષ કો. ઓપ. સોસાયટી લી., મગોલ, સુરત, મર્યાદિત સ્થળ મગોલ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૧-૬-૨૦૦૨.

વાંચ્યો :—

અત્રેની કચેરીના જા.નં. ફડચ/૦૧/ખ/૫૮૭, તા. ૧૮-૭-૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૫૩/૮૮૮/ખ/૨૦૦૨.—ધી જ્ઞાનયજ્ઞ કો. ઓપ. હા. સો. લી. નાનપુરા, સુરત. ઠે.
વિ. સુરતની નોંધણી ક્રમાંક ધ-૫૮૭૧ તા.
થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૮-૭-૦૨ ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી-ઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સરકારી અધિકારી ફડચા-૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૪-૯-૨૦૦૨.

વાંચ્યો :-

અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૫૮૮/૦૨. તા. ૧૮-૭-૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૧૭૫૪ / ૮૮૯ / ખ / ૨૦૦૨.—ધી યોગીકૃપા કો. ઓપ. હા. સો. લી.: ભટાર ચાર રસ્તા, ઠે. સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક ધ-૩૫૯૯ તા. થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૮-૭-૦૨ ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૨ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૪-૯-૦૨.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના જા. નં ફડચ/૦૧/ખ/૫૮૯/૦૨, તા. ૧૮-૭-૦૨થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૫૫/ખ / ૮૯૦ / ૨૦૦૨.— ધી રૂપનગર કો. ઓપ. હા. સો. લી., ઉધના યાર્ડના ગરનાળા પાસે, રેલ્વે ક્વાર્ટર્સની બાજુમાં, લીંબાયત,-ઉધના વિ. સુરતની નોંધણી ક્રમાંક ૫૨૧૩, તા. ૧૯૭૩થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૮-૭-૦૨ ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇ પણ જાતનો વાંધો રજુ નહીં થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૩, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત. તા. ૪-૯-૨૦૦૨.

વાંચ્યો –

(૧) અત્રેની કચેરીના તા. ૨૩–૭–૨૦૦૨ ના જા. નં. પરપ/ખ-૪/૧૪૭૮/૨૦૦૨નો પત્ર તથા તે સામે બીડાણ થઈ આવેલ મદદનીશ સહકારી અધિકારી (હાઉસીંગ) લગત આ કચેરીનો સ્થળ તપાસ અહેવાલ.

(૨) આ કચેરીની તા. ૨૫–૭–૨૦૦૨ના જા. નં. સકક/૦૧/ધ-૨/૬૩૧/૨૦૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૬–૧૧૫૮૦/ધ-૨/૯૨૩ સને ૨૦૦૨.– ધી ન્યુ હરસિધ્ધનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૯ હેઠળ રજીસ્ટ્રેશન નંબર ધ-૬૫૭૨ થી સને ૧૯૭૭માં નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચુટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલ પેટાનિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવાનુ ફરજીયાત છે.

મદદનીશ સહકારી અધિકારી લગત આ કચેરીએ મજકુર સોસાયટીની રૂબરૂ મુલાકાત લઇ સંદર્ભ–૧થી અત્રે રજુ કરેલ અહેવાલની વિગતો મુજબ આ મંડળીની નોંધણી થયા બાદ વાજબી અને પુરતો સમય પસાર થવા છતાં આજ સુધી મંડળીના નોંધાયેલ પેટા નિયમોના ઉદ્દેશો મુજબની કામગીરી પરિપુર્ણ કરેલ નથી. સભાસદોને રહેઠાણ માટે આવાસો બાંધી પુરા પાડેલ નથી. સને ૧૯૯૨ બાદ ઓડીટ કરાવેલ નથી. જમીન ધરાવતી નથી. વહીવટ સ્થગિત છે. કાયદેસરની કમીટી કાર્યરત નથી. જનરલ સભાઓ મળી નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ, સંદર્ભ–૧ થી રજુ થયેલ વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨ થી મજકુર સોસાયટીના ઉપલબ્ધ સરનામે આ સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ અને ત્યારબાદ સોસાયટીને રજુઆતની વાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી વધુ મુદતો રાખી અમારી સમક્ષ સુનાવણી રાખવામાં આવેલ પણ સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો/સભ્યો હાજર રહેલ નથી કે લેખીત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી.

આ સંજોગો અને સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થાગત અવસ્થામાં છે. ઉદ્દેશો પરીપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા-કાનૂન અને મંડળીના પેટા–નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના હોદ્દેદારોના નામ/સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ ઓપો લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના

INDEX

અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી ન્યુ હરસિદ્ધિનગર કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ધ-૬૫૭૨ અને ૧૯૭૭ ને કડ્યામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરું છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન–૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જે સમય મર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહીં, તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧–૧૧–૨૦૦૨.

વાંચણે લીધા :—

(૧) મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તા. ૫–૭–૦૨ નો પત્ર ક્રમાંક : ગસભ/૦૧/સી.૧/૩૭૬/૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૧૬–૭–૦૨ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ. ૨/૬૦૫/સને ૨૦૦૨ ની કારણદર્શક નોટીસ.

(૩) સદવિચાર મહિલા ગ્રાહક સહકારી મંડળી લિ., અમદાવાદના તા. ૨૭–૭–૦૨ ના પત્રની રજુઆત.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૫૭૭/ધ.૨/૯૨૪/૯૦૬૩ / ૨૦૦૨.— ધી સદવિચાર મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક મંડળી છે. જેના નોંધણી નં. ભ-૩૪૦૨, તા. ૨૬–૨–૧૯૮૫ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરિતી વગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે. તથા તપાસણી / મુલાકાત વખતો વખત સહકારી ખાતા મારફત કરાવવાનું થાય છે.

મજકુર મંડળીની તપાસણી માટે સહકારી અધિકારી (ગ્રેડ-૧) શ્રીમત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી (ગ્રાહક) અમદાવાદ દ્વારા રૂબરૂ મુલાકાત લઇ સંપર્ક કરવા સોસાયટીનું રેકર્ડ તૈયાર ન હોવાને કારણે તપાસણી થઈ શકેલ નહી.. ત્યારબાદ અલગ અલગ પત્રો પાઠવવા છતાં હોદ્દેદારો તરફથી રેકર્ડ તૈયાર કરી તપાસણી માટે રજુ કરેલ હતું. છેલ્લા બે વર્ષથી મંડળી દ્વારા તપાસણી કરાવેલ નથી. આમ મંડળી તેના પેટા કાયદાની જોગવાઇ મુજબ ફરજ બજાવવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાતા તથા મંડળીના હોદ્દેદારે ને મંડળી ચલાવવામાં રસ ન હોવાનું જણાતા સંદર્ભ-૧ થી મજકુર મંડળીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ સંદર્ભ–૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ જે દિવસે સોસાયટી દ્વારા લેખીત રજુઆત કરવામાં આવેલ કે મંડળીનો વહીવટ ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટી દ્વારા થાય છે. જીવન જરૂરીયાતની ચીજ વસ્તુના વિતરણ માટે પુરવઠા વિભાગ તરફથી નિયત જથ્થો ઉપલબ્ધ થાય છે કે તેનું સભાસદો/બીન સભાસદોને વિતરણ કરવામાં આવે છે. પુરવઠા વિભાગ દ્વારા તપાસણીની કામગીરી થાય છે. મંડળીનું તારીખ ૩૧–૩–૨૦૦૨ સુધી ઓડીટ કરાવેલ છે. ઓડીટ વર્ગ " બ " છે. આમ મંડળીની ઓડીટની વિગતો ધ્યાને લઈ તથા મંડળીના કોઇ સભાસદને મંડળીની કામગીરીથી અસંતોષ ન હોઈ કલમ–૧૦૭ની નોટીસ સદંતરે કરવા વિનંતી કરેલ હતી.

ઉક્ત રજુઆત ધ્યાને લઈ સોસાયટીને રજુઆતના સમર્થનમાં આધાર પૂરાવા રજુ કરવા અને તપાસણી કરાવીને અહેવાલ રજુ કરવા જણાવી તે અંગે અમારી સમક્ષ તારીખ ૮–૮–૦૨, ૨૬–૮–૦૨, ૫–૯–૦૨, ૨૬–૯–૦૨ અને ૧૭–૭–૦૨ ના રોજની સુનાવણી રાખવામાં આવેલ પણ સોસાયટીના હોદ્દેદારો દ્વારા આધાર પૂરાવા અને સોસાયટીનું રેકર્ડ રજુ ન કરી સહકારી કાયદા–કાનુન અને મંડળીના પેટા નિયમોથી મંડળી ઉપર લાદવામાં આવેલ ફરજો અદા કરવામાં નિષ્કાળજી દાખવેલ છે

આ સંજોગો અને સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. તેનો વહીવટ સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. મંડળી દ્વારા તપાસણી કરાવવામાં આવતી નથી. અત્રેથી અપાયેલ સૂચનાનું પાલન કરેલ નથી. જે સંજોગોમાં મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઈ આરોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો નીચેની વિગતે વિગતે કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહ-કારી

INDEX

મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી સદ્વિચાર મહેલા આદર્શ સહકારી ભંડાર લિ. અમદાવાદ નોંધણી નં. ભ. ૩૪૦૨, તા. ૨૬–૨–૧૯૮૫ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો–૨) સુરત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન–૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહી તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧–૧૧–૨૦૦૨.

———

વંચાણે લીધા :—

(૧) સ્પેશ્યલ ઓડીટરશ્રી, મિલ્ક ઓડીટ ઓફિસ, અમદાવાદનાં તા. ના પત્ર ક્રમાંક અપણ/૦૧/ગ/ /૨૦૦૨થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૧૮–૫–૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૩૭૨/૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીના તા. ૨૫–૬–૦૨ના જા. નં. ફડચ/ફ.૧૧૫૭૦/ધ-૨/૫૨૬/૨૦૦૨નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) સ્પેશ્યલ ઓડીટરશ્રી, મિલ્ક ઓડીટ ઓફિસ, અમદાવાદના તા. ૭–૧૦–૦૨નાં જા. નં. અપણ/૦૧/ગ/૨૮૭૭/૦૨ ના પત્રથી આવેલ ખાસ અહેવાલ.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ /ફ. ૧૧૫૭૦/ધ-૨/૯૨૬/૯૦૫૭/૨૦૦૨.– ધી સૌજપુર ગોપાલપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., અમદાવાદએ સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી દુધ મંડળી છે. જેનો નોંધણી નં. ઉ./૨૩૨૯૭, તા. ૨૨–૧૧–૧૯૮૯ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તા. ૧–૪–૨૦૦૦ થી ૩૧–૩–૨૦૦૧ સુધીનું સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ (દુધ) અમદાવાદ દ્વારા હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ અને તેમાં જણાયેલ નીચેની ક્ષતિઓ તરફે ધ્યાન દોરી મજકુર મંડળીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા ભલામણ કરેલ છે. (૧) મંડળી છેલ્લા પાંચ વર્ષથી બંધ હાલતમાં હોઇ કોઇ કામગીરી કરાવેલ નથી (૨) ઉદ્દેશો મુજબ દુધનું ખરીદ–વેચાણ કરેલ નથી. (૩) ઓડીટ દુરસ્તી કરાવેલ નથી. (૪) વ્યવસ્થાપક કમીટી કે સાધારણ સભાની મીટીંગો છેલ્લા પાંચ વર્ષથી બોલેલ નથી. (૫) ઉઘરાણુની વસુલાત કરાવેલ નથી. આમ મજકુર મંડળી સ્થગીત અવસ્થામાં જણાતા સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ તથા સોસાયટીને રજુઆતની વ્યાજબી અને પુરતી તક આપવા છતાં પણ સોસાયટી તરફે કોઈ હોદ્દેદારો/સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ ન હતી. જે ધ્યાને લઈ પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ–૩થી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી તે સામે રજુઆત કરવાની થતી હોય તો દિન–૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સામે સોસાયટી તરફથ આજ સુધી કોઈ રજુઆત મળવામાં નથી. સંદર્ભ–૪ થી રજુ થયેલ ખાસ અહેવાલ મુજબ મજકુર સોસાયટીનું સને ૨૦૦૧-૨૦૦૨ નું ઓડીટ પુર્ણ કરવામાં આવેલ છે. જે દરમ્યાન પણ સોસાયટી સ્થગિત અવસ્થામાં હોવાનું જણાતાં સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા ભલામણ થયેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૧ અને સદર્ભ-૪થી રજુ થયેલ અહેવાલની વિગતો તથા સંદર્ભ–૩ના હુકમની બાબત ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્ય-રત નથી. તેનો વહીવટ સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ ન હોવાનું માનવાને પુરતા કારણો હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસા. ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી સૌજપુર ગોપાલપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., અમદાવાદ નોંધણી નંબર

INDEX

ઉ-૨૩૨૯૭, તા. ૨૨-૧૧-૧૯૮૯ ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે નોઅલ ઈ. ચૌહાણ સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે, તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવાની રહેશે,

ઉપરોકત સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે તરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા બાદ ફડચાની કામગીરી અતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગતો નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તા. ૭-૧૧-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજીસ્ટ્રાર ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૩-૬-૦૨ નો પત્ર ક્રમાંક અપણ/૦૧/ગ-૪/૧૭૩૭, સને ૨૦૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૪-૭-૦૨ ના પત્ર ક્રમાંક ફડચ / ૦૧/ધ-૨/૫૪૮, સને ૨૦૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ફ-૧૧૫૭/ધ-૨/૯૨૭/૯૦૫૮/સને ૨૦૦૨.-ધી ન્યુ માણેક ચોક મીલ એમ્પ્લોઇઝ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ધીરાણ મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૭૨૬, તા. ૨૯-૧૨-૭૩ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તા. ૧-૭-૯૩ થી તા. ૩૧-૩-૦૧ સુધીનું શ્રી કે. એમ. શાહ પાંચમા વધારાના સબ ઓડીટર સહકારી મંડળી (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગ રૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહિં મીલ બંધ હોવાથી સદરહુ ધીરાણ મંડળી સ્થગીત અવસ્થામાં છે આમ સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબ્જામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતા સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ તથા સોસાયટીને રજુઆતની વાજબી અને પુરતી તક આપવા છતાં પણ સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો/સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટી સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ—સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ, મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેના વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડા. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી માણેકચોક મીલ એમ્પ્લોઇઝ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ નોંધણી નંબર ૨૭૨૬, તા. ૨૯-૧૨-૧૯૭૩ ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરું છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન ૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે જો સમય મર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહી તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૭-૧૧-૨૦૦૨.

INDEX

વંચાણે લીધા :—

(૧) મદદનીશ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (ગ્રાહક), અમદાવાદની તા. ૫–૭–૦૨ નો પત્ર ક્રમાંક ગભસ/૦૧/સી-૧/૩૭૭/૦૨ થી આવેલ ખાસ અહેવાલ

(૨) આ કચેરીના તા. ૧૬–૭–૦૨ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૬૦૪, સને ૨૦૦૨ ની કારણદર્શક નોટીસ.

(૩) ધી સુવિધા ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદના તા. ૨૭–૭–૦૨ ના પત્રની રજુઆત.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ.૧૧૫૭૮-ધ-૨/૬૨૮/૬૦૫૯/સને ૨૦૦૨.– ધી સુવિધા ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક મંડળી છે. જેનો નોંધણી નં. ભ-૨૬૫૦, તા. ૫–૮–૧૯૮૧ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યશૈલી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમિટિના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે. તથા તપાસણી/મુલાકાત વખતોવખત સહકારી ખાતા મારફત કરાવવાનું થાય છે.

મજકુર મંડળીની તપાસણી માટે સહકારી અધિકારી ગ્રેડ-૧ લગત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક), અમદાવાદ દ્વારા મુલાકાત લઇ સંપર્ક કરતા સોસાયટીનું રેકર્ડ તૈયાર ન હોવાને કારણે ઇન્સ્પેકશન થઇ શકેલ નહીં. ત્યાર બાદ અલગ અલગ પત્રો પાઠવવા છતાં મંડળીના હોદ્દેદારો દ્વારા રેકર્ડ તૈયાર કરી તપાસણી માટે રજુ કરેલ ન હતું. છેલ્લા બે વર્ષથી મંડળીના હોદ્દેદારો દ્વારા તપાસણી કરાવેલ નથી. આમ મંડળી સહકારી કાયદા-કાનુન અને તેના પેટા-કાયદા દ્વારા લદાયેલ ફરજો અદા કરવા નિષ્ફળ ગયેલ હોવાનું જણાતાં તથા મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ ન હોવાનું જણાતાં સંદર્ભ–૧ થી મજકુર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ સંદર્ભ–૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ જે દિવસે સોસાયટી દ્વારા લેખિત રજુઆત રજુ કરવામાં આવેલ કે મંડળીનો વહીવટ ચૂંટાયેલી વ્યવસ્થાપક કમીટી દ્વારા થાય છે. જીવન જરૂરીયાતની ચીજ વસ્તુનુ સભાસદો / બીન સભાસદોને વિતરણ કરે છે. પુરવઠા વિભાગ દ્વારા તપાસણીની કામગીરી થાય છે. તા. ૩૧–૩–૦૨ સુધીનું ઓડીટ થયેલ છે. ઓડીટ વર્ગ–'બ' છે. વિગેરે બાબતે ધ્યાને લઇ મંડળીને અપાયેલ કલમ–૧૦૭ ની નોટીસ દફતરે કરવા વિનંતી કરેલ હતી.

ઉકત રજુઆત ધ્યાને લઇ સોસાયટીને રજુઆતના સમર્થનમાં જરૂરી આધારપુરાવા રજુ કરવા તથા વેળાસર તપાસણી કરાવી અહેવાલ રજુ કરવા જણાવેલ અને તે અંગે અમારી સમક્ષ તા. ૮–૮–૦૨, તા. ૨૬–૮–૦૨, તા. ૫–૯–૦૨, તા. ૨૬–૯–૦૨ અને તા. ૧૭–૧૦–૦૨ ના રોજની સુનાવણી રાખવામાં આવેલ પણ સોસાયટીના હોદ્દેદારો ધ્વારા થયેલ રજુઆતના સમર્થનમાં કોઇ આધાર–પુરાવા અને સોસાયટીનું રેકર્ડ રજુ કરેલ નહીં અને તે રીતે સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા નિયમોની મંડળી ઉપર લદાયેલ ફરજો અદા કરવામાં કસુર કરેલ છે. જે બાબત હોદ્દા/સભ્યોને મંડળી ચલાવવામાં રસ ન હોવાનું માનવાને કારણ રહે છે.

આ સંજોગો અને સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે, કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. તેના વહીવટ સહકારી કાયદા–કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી મંડળી ધ્વારા તપાસણી કરાવવામાં આવતી નથી. અત્રેથી અપાયેલી સૂચનાનું પાલન કરવામાં કસુર કરેલ છે. વિગેરે બાબતો ધ્યાને લેતાં મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઈ ઓડોપી લેવ.ની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો નીચેનો વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી સુવિધા ગ્રાહક સહકારી ભંડાર લી, અમદાવાદ, નોંધણી નંબર ભ. ૨૬૫૦, તારીખ ૫–૮–૧૯૮૧ ને, ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એ આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન–૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમયમર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામા આવશે નહીં તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૧૮–૧૧–૨૦૦૨.

INDEX

વંચાણમાં લીધા :

(૧) જિલ્લા રજિસ્ટ્રાર ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદનો તા. ૧૩-૬-૨૦૦૨ નો પત્ર ક્રમાંક અપણુ/૦૧/ગ-૪/૧૭૩૭ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૩-૭-૦૨ ના પત્રક્રમાંક. ફડચ/૦૧/ધ-૨/૫૫૦, સને ૨૦૦૨ ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા નં. ફડચ/ફ.૧૧૫૭૫/ધ-૨/૬૨૯/૯૦૬૦/સને ૨૦૦૨-. ધી નવકાર હેલ્થ સર્વીસીસ કો-ઓપરેટીવ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર, સે-૩૦૮૧૩, તા. ૨૨-૧૦-૧૯૯૯ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારો એ સોસાયટીના નોંધાયેલ પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ શરૂથી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીનું શ્રી કે. એમ. શાહ, પાંચમાં વધારાના સબ ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીને નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નથી કે તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નહીં. આમ સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફ્તર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ. સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ, સંદર્ભ-૧થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સદર્ભ-૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે અંગેની નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા કારણદર્શક સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું આર. પી. એ. ડી. કવર પોસ્ટ ખાતા દ્વારા " ઓફીસ સદંતર બંધ રહેતી હોવાથી પરત " ના શેરા સાથે અત્રે પરત મળેલ છે જે પરથી લઇ સોસાયટીને યુ. પી. સી. પત્રો પાઠવી અમારી સમક્ષ તા. ૫-૮-૦૨, તા. ૧૨-૮-૦૨, તા. ૧૬-૮-૦૨, તા. ૫-૯-૦૨, ૨૬-૯-૦૨ તથા તારીખ ૧૭-૧૦-૦૨ ના રોજની સુનાવણી નિયત કરી રજુઆત માટે તક આપવામાં આવેલ જે કવરો પોસ્ટ ખાતા દ્વારા પરત મળેલ નથી અને તે સંદર્ભે સોસાયટી તરફે કોઈ હોદ્દેદારો / સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવને સ્પષ્ટ કારણ રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. પ્રથમ ઓડીટ વાજબી સમયમાં કરાવેલ નથી. તેનો વહીવટ સહકારી કાયદા - કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના દફ્તર અને હોદ્દેદારોના નામ - સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ - ૧૯૬૧ ની કલમ - ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ, ધી નવકાર હેલ્થ સર્વીસીસ કો-ઓપરેટીવ સોસાયટી લીમીટેડ, અમદાવાદ, નોંધણી નંબર, સે. ૩૦૮૧૩, તા. ૨૨-૧૦-૧૯૯૯ ને, ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લંગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ જાહેરાત દિન ૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહીં તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૫-૧૧-૨૦૦૨.

વંચાણે લીધા .-

(૧) મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તા. ૩૦-૫-૦૨નો પત્ર ક્રમાંક ગસભા/૦૧/સી-૧/૨૮૫/૦૨થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૧૪-૬-૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૪૬૪ સને ૨૦૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા નં. ફડચ/ફ/૧૧૫૮૧/ધ-૨/૯૦૩/૯૦૬૧/સને ૨૦૦૨.- ધી ટીના ગ્રાહક સહકારી ભાંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા

INDEX

હેઠળ નોંધાયેલ ગ્રાહક મંડળી છે. જેનો નોંધણી નં. ભ-૧૦૫૪, તા. ૫-૨-૨૦૦૦ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીની મુલાકાત તપાસણી અર્થે સહકારી અધિકારી (ગ્રેડ-૧) લગત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક), અમદાવાદ દ્વારા સોસાયટીની રૂબરૂ મુલાકાત લઇ પ્રયત્નો કરવામાં આવેલ. સોસાયટીની રૂબરૂ મુલાકાત લેતા સોસાયટીના હોદ્દાર દ્વારા રેકર્ડ તૈયાર ન હોવાનું જણાવેલ ત્યાર બાદ તા. ૨૮-૧-૨૦૦૨થી તપાસણી માટે પાઠવેલ નોટીસ-નું કવર સોસાયટી દ્વારા ન સ્વીકારાતા પોસ્ટ ખાતા દ્વારા "રીફયુઝડ" ના શેરા સાથે પરત ફરેલ હતું. આમ ઉકત સંસ્થા તા. ૫-૨-૨૦૦૦થી નોંધાયેલ હોવા છતાં રેકર્ડ તૈયાર ન હોવાને કારણે સોસાયટીનું ઇન્સપેકશન થઇ શકતું નથી. બીલકુલ સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ કરેલ નથી. જેથી સંદર્ભ-૧થી મજકુર સોસાયટી સામે સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆત તથા તક આપવા તા. ૨૪-૬-૦૨ ના રોજની સુનાવણી નિયત કરવામાં આવેલ અને ત્યારબાદ સોસાયટીને રજુઆતની વાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી અમારી સમક્ષ તા. ૪-૭-૦૨, ૨૫-૭-૦૨, ૧૨-૮-૦૨, ૧૯-૮-૦૨, તા. ૫-૯-૦૨, તા. ૨૬-૯-૦૨ અને તા. ૧૭-૧૦-૦૨ ના રોજની સુનાવણી નિયત કરવામાં આવેલ હતી. પણ સોસાયટી તરીકે કોઇ હોદ્દેદારો સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખીત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી.

આ સંજોગો સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે. કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. જેથી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઈ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરતી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ "ધી ટીના ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ, નોંધણી નંબર ભ- ૫૦૫૪, તા. ૫-૨-૨૦૦૦ ને, ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીનો નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦ માં અમોની સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જે સમય મર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહી તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૧-૧૧-૨૦૦૨

વંચાણે લીધા :—

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદનો તા. ૧૩-૬-૦૨નો પત્ર ક્રમાંક અખણ/૦૧/ગ-૪/૧૭૩૩ થી આવેલ ખ સ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૪-૭-૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૫૮૯/સને ૨૦૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૫૭૫/ધ-૨/૯૩૧/૯૭૬૨/સને ૨૦૦૨.—ધી જમાલપુર કેરોસીન હોકર્સ સહકારી મંડળી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેના નોંધણી નંબર ૩૧૪૯, તા. ૨૫-૬-૧૯૮૧ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરિતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તા. ૧-૭-૯૨ થી ૩૧-૩-૯૧ સુધીનું શ્રી કે. એમ. શાહ, પાંચમાં વધારાના સભ્ય ઓડીટર, સહકારી મંડળી (શહેર)' અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગ રૂપે તેઓ દ્વારા આ મંડળી-નો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક કરેલ પણ જુદા જુદા કારણો દર્શાવી ઓડીટ કરાવવામાં વિલંબ કરેલ અને તે સંજોગોમાં આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થાગત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ

INDEX

કરવામાં આવેલ સંદર્ભો–૧થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ તથા સોસાયટીને રજુઆત માટે વાજબી અને પુરતી તક આપવા છતાં પણ સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સંપુર્ણ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વર્તાવ સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો ન હોવાનું માનવાને કારણો રહે છે જેથી સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ.ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી જમાલપુર કેરોસીન હોકર્સ સહકારી મંડળી લી., અમદાવાદ, નોંધણી નંબર ૩૧૪૯, તા. ૨૫–૯–૧૯૮૧ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન ૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામા આવે આવે છે. જો સમયમર્યાદામાં અમારો સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહી તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૧–૧૧–૨૦૦૨.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, (શહેર વિભાગ),
અમદાવાદ.

વંચાણે લીધા :—

(૧) શ્રી આર. એમ. ત્રિવાદીયા, ઓડીટર ગ્રેડ–૨, સ. મં. (ન. જ. ૧), મહેસાણાના પત્ર ક્રમાંક : અપણુ / ૦૧/ ૨૦૩/૨૦૦૨, તા. ૧–૮–૨૦૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૧૮૭૬/૦૨, તા. ૨૮–૮૦૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૫૪/૦૨, તા. ૨૩–૯–૦૨, થી સ્મૃતિપત્ર. તેમજ ૨૯–૧૦–૨૦૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે ની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ/૦૧/ખ/૨૨૭૩/૨૦૦૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે ધી સરદાર વલ્લભનગર કો.–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. મહેસાણા, તા. જી. મહેસાણા., નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી ઠરીયાં " મંડળી " તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ–૪૯૫૨, તા. ૧૨-૧૨-૭૩ છે.

ઉપરોકત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા ૧–૭–૯૯ થી તા. ૩૧–૩–૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ (ન. જ. ૧), મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૮૭૬/૨૦૦૨, તા, ૨૮–૮–૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૯ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી, જેની બજવણી થયેલ નથી મંડળીના સંચાલકો ઓડીટરશ્રી ના અહેવાલ મુજબ ટપાલ સ્વીકારતા નથી. જે વિગત કારણ દર્શક નોટીસ ન સ્વીકારવાથી ફલિત થાય છે.

મંડળીને યોગ્ય તક મળી રહે તે સારૂ, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૫૪/૦૨, તા. ૨૩–૯–૦૨ તેમજ ૨૯–૧૦–૦૨ના પત્રથી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે વાજબી જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડિટ મેમાની દુરસ્તી રીપોર્ટ જે તે ઓડિટરશ્રીને મોકલી આપેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ થાય છે. આમ, મંડળીના

INDEX

કાર્યવાહકોની મંડળીની પ્રગતિ કે તેના પેટાનિયમમાં વિહીત કરેલ જોગવાઇઓ મુજબની ફરજો વ જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મંડળીમાં હાલ વ્ય. કમીટી અસ્તિત્વમાં ન હોય તેવું જણાઇ આવેલ છે.

(૨) મંડળીના વૈધાનિક અન્વેષક સારૂ કાર્યવાહકોને અવાર-નવાર ટપાલ લખી રૂબરૂ સોસાયટીની મુલાકાત લઇ, ઓડીટ હાથ ધરવા પ્રયત્નો કરવા છતાં સભ્યોના આંતરીક વિખવાદને કારણે મંડળીની ઓડીટ કામગીરી હાથ ધરી શકાયેલ નથી અને કાર્યવાહકોના અસહકારભર્યા વલણને કારણે આ મંડળીનું ઓડિટ ઓરીયર્સમાં બાકી રહેવા પામેલ છે. છેવટે આ સંસ્થાના કાર્યવાહકોને કાયદાની કલમ-૮૪ અન્વયે સમન્સ પાઠવી હાજર રહેવા અને દફ્તર રજુ કરવા જણાવવા છતાં, મંડળીના પ્રમુખ તેમજ અન્ય કમીટી સભ્યોએ સમન્સનો અનાદર કરી, દફ્તર રજુ કરેલ નથી. આમ છતાં, આ સંસ્થાના મા. મંત્રીશ્રી પી. જી. અદીબાલે સમન્સ સ્વીકારી હાજર થઇ દફ્તર રજુ કરી ઘણી મહેનત બાદ, આ સંસ્થાનું ઓડીટ પૂર્ણ કરવામાં આવેલ છે. આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કે દફ્તર સાચવવામાં અને નિભાવવામાં કોઇ રસ નથી.

(૩) સને ૨૦૦૦-૨૦૦૧ તેમજ ૨૦૦૧-૨૦૦૨ ના વર્ષની વા. સા. સભાઓ બોલાવવામાં આવેલ નથી કે તે અંગે ખાતાની મંજુરી પણ મેળવાયેલ નથી, આમ, કરીને મંડળીના કાર્યવાહકોએ સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે. મંડળીમાં વા. સા. સભા નિયત સમય મર્યાદામાં ન બોલાવવામાં આવવાને કારણે મંડળીની વ્ય. કમીટીની નિમણુંક પણ છેલ્લા ૩ વર્ષથી થયેલ નથી.

(૪) મંડળીના છેલ્લા ૩ વર્ષના ઓડીટ સમય દરમ્યાન વ્ય. કમીટીની એકપણ બેઠક મળેલ નથી. જેથી મંડળીના મંજુર થયેલ પેટા કાયદાની કલમ ૪૪નો ભંગ થયેલ છે. તેમજ કાયદાની કલમ ૭૪નો ભંગ કરી હોદ્દેદારોએ મંડળીનો વહીવટ કાયદા-કાનુન તથા પેટા-નિયમ મુજબ કરેલ નથી.

(૫) ઓડીટ સમયે મંડળીનો રોજમેળ તપાસેલ ન હતો. જે પ્રમુખશ્રીની નિષ્કાળજી ગણી શકાય. રોજમેળ તારીખ-વાર નિયમિત લખી, બંધ સિલક કાઢેલ નથી. તેમજ રોજમેળે પ્રમુખ/મંત્રીશ્રીની સહીઓ નથી. જે ઘણીજ ગંભીર બાબત ગણી શકાય.

(૬) મંડળીના સભાસદો પાસે પાઇપ લાઈન ફાળો, ગરનાળા ફાળો, વરંડા/કોટ ફાળો, સ્ટ્રીટ લાઇટ ફાળો, સ્ટોર રૂમ ફાળો વિગેરે ફાળાઓ મોટાભાગના સભાસદો પાસેથી વસુલ લેવાના બાકી છે. જે વસુલ ન લઇને મંડળીના કાર્યવાહકોએ પોતાની ફરજો પ્રત્યે બેદરકારી દાખવેલ છે. અને આવું લેણું મુદ્દતવીતી થવાને કારણે વહીવટ બોજારૂપ પડેલ છે.

(૭) મંડળી સ્થગિત અવસ્થામાં હોવા છતાં, મંડળીનું ગત ઓડિટ તા. ૨૪-૪-૨૦૦૦ના રોજ પૂર્ણ થયેલ ત્યારે તે વખતમાં પ્રમુખશ્રી પી. એમ. સોલંકીએ રોજમેળ ઉપરની સિલક રૂા. ૮૬૦.૨૫ તેઓના હાથ ઉપર બિન જરૂરી રાખેલ છે. જે સિલક ઓડિટ સમયે મા. મંત્રીશ્રી અદીબાલે સુપ્રત કરેલ. તો, આ બિન જરૂરી સિલક હાથ ઉપર રાખવા બાબતે ૧૮ ટકા લેખે વ્યાજ ગણી પ્રમુખશ્રી સોલંકી પાસેથી વસુલ જમાં લેવું. આ બાબત અંગે પણ ઓડિટ મેમામાં સુચના કરવા છતાં, મંડળી દ્વારા અમલ કરવામાં આવેલ નથી.

(૮) મંડળીનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને પેટાનિયમ મુજબ ચાલતો નથી. જે નીચે મુજબ છે.

૧. કલમ-૭૪ અન્વયે વ્ય. કમીટીએ ફરજો બજાવેલ નથી.

૨. કલમ-૭૭ અન્વયે દર વર્ષે વા. સા. સભા બોલાવેલ નથી.

૩. કલમ-૮૫ અન્વયે ઓડિટ દુરસ્તી કરેલ નથી.

૪. પે નિ. ૧૯ મુજબ સભાસદોના વારસદારોની નિમણુંક કરેલ નથી.

૫. પે. નિ. ૪૪ (૧) મુજબ વ્ય. ક. નવ સભ્યોની રાખેલ નથી.

૬. પે. નિ ૫૧ મુજબ વ્ય. ક. એ તમામ ફરજો બજાવેલ નથી.

૭. પે. નિ. ૫૨ મુજબ પ્રમુખશ્રીએ તમામ ફરજો બજાવેલ નથી.

(૯) તા. ૧-૪-૨૦૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં, રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

: વચગાનો આદેશ :

ધી સરદારવલ્લભનગર કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મું. મહેસાણા, તા. જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ધ-૪૯૫૨, તા. ૧૫-૧૨-૭૩ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ,

INDEX

સહકારી અધિકારી (ફડચો), મહેસાણાના નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા તા. ૮—૧૧—૨૦૦૨.

વચ્ચે લીધા :-

(૧) શ્રી એસ. વી. પટેલ, સબ—ઓડીટર, સ. મં., કડીના પત્ર ક્રમાંક : અપણ/૦૧/૧૪૦/૨૦૦૨, તા. ૩૧—૩—૨૦૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૧૭૪૭/૨૦૦૨, તારીખ ૯—૮—૨૦૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૫૬/૨૦૦૨, તારીખ ૨૩—૯—૨૦૦૨ થી સ્મૃતિપત્ર તેમજ ૨૯—૧૦—૨૦૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) મંડળીની તા. ૫—૧૦—૨૦૦૨ થી થયેલ રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ—૧૯૬૧ અન્વયે કલમ—૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૭૪/૨૦૦૨.— ગુજરાત સહકારી મંડળી અધિનિયમ—૧૯૬૧ અન્વયે ધી આદર્શ ગૃપ મજુર અને કામદાર સહકારી મંડળી લી., મુ. ઝુલાસણ, તા. કડી, જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે, (જેનો હવે પછી અહીંયાં 'મંડળી' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ઉ—૫૨૬૫, તા. ૨૭—૧૦—૮૩ છે.

ઉપરોકત આમુખ—૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧—૪—૨૦૦૦ થી તા. ૩૧—૩—૨૦૦૨ સુધીના સમયનું અન્વેષણ સબ—ઓડીટર, સ.મં., કડીને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ. નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૭૪૭/૨૦૦૨, તારીખ ૯—૮—૨૦૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૮ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. પરંતુ, તા. ૫—૧૦—૨૦૦૨ ના પત્રથી સંસ્થાને ફડચામાં લઈ જવા પત્રથી જણાવેલ છે.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની 'કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૫૬/૨૦૦૨, તા. ૨૩-૯-૦૨ તેમજ તા. ૨૯—૧૦—૦૨ ના પત્રથી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વાજબી તક પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનુની રીતે વાજબી જણાય છે

(૧) સંસ્થાના તા. ૧—૪—૦૦ થી તા. ૨૧—૩—૦૨ સુધીના ઓડિટ સમયનો ઓડિટ વર્ગ 'ડ' આવેલ છે.

(૨) સંસ્થાએ તા. ૧—૪—૦૨થી૩૧-૩-૦૨ સુધીના ઓડીટ સમય દરમ્યાનમાં ઓડિટ પૂર્ણ કર્યા તા. ૫—૭—૦૨ સુધીમાં એટલે કે અંદાજે અઢી વર્ષથી તેના ઉદ્દેશો મુજબની કોઇજ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. આમ, સંસ્થા છેલ્લા અઢી વર્ષથી બિલકુલ સ્થગિત અવસ્થામાં રહેવા પામેલ છે.

(૩) સંસ્થામાં સહકારી વર્ષ ૨૦૦૦/૨૦૦૧ દરમ્યાન વહીવટી ખર્ચાઓ બાદ કરતાં ચોખ્ખી ખોટ રૂા. ૭૭૩૨/- ની તથા સહકારી વર્ષ ૨૦૦૧/૨૦૦૨ દરમ્યાન ચોખ્ખી ખોટ રૂા. ૨૬૫૨/-ની થયેલ છે. આમ ખોટનું પ્રમાણ ઉત્તરોત્તર વર્ષને તા. ૩૧—૩—૦૨ ના અંતે રૂા. ૨૨,૪૮૨.૦૨ થવા પામેલ છે. જે સંસ્થાની આર્થિક સ્થિતિ જોતાં, ઘણી વધારે કહી શકાય. જે ખોટ સરભર કરવા સંસ્થામાં કાર્યવાહકો તરફથી કોઇજ પ્રયાસો થયેલ હોય તેમ જણાતું નથી.

(૪) તપાસણી સમય દરમ્યાન મંડળીની વા. સા. સભા કે વ્ય. કમીટીની એકપણ બેઠક મળેલ નથી. જેથી સ્પષ્ટ થાય છે કે, મંડળીના કાર્યવાહકોને મંડળી ચાલુ રાખવામાં બિલકુલ રસ નથી.

(૫) મંડળીએ છેલ્લા બે વર્ષના ઓડિટ નોંધમાં જણાવેલ બાબતોનો દુરસ્તી રીપોર્ટ સંબંધિત ઓડીટરશ્રીને મોકલેલ નથી. જે સંસ્થાના કાર્યવાહકોની નિષ્કાળજી દર્શાવે છે.

(૬) મંડળીમાં સભાસદ શેર ભંડોળ પણ ઉત્તરોત્તર ઘટીને તા. ૩૧—૩—૦૨ ના અંતે રૂા. ૧૬,૯૨૦/- નું રહેવા પામેલ છે.

(૭) સંસ્થાના સભાસદોને પણ સંસ્થા ચાલુ રાખવામાં બિલકુલ રસ હોય તેમ જણાતું નથી.

(૮) તા. ૧—૪—૨૦૦૨થી છેવટ સુધીના હિસાબી પત્રકો શેર ભંડોળ તેમજ ડેડ સ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

INDEX

હુકમ

શ્રી આદર્શ ગ્રુપ મજુર અને કામદાર સહકારી મંડળી લી., મુ. ઝુલાસણ, તા. કડી, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઉ-૫૨૬૫, તા. ૨૭-૧૦-૮૩ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદા સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત કચેરીનાં નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૮-૧૧-૨૦૦૨.

વંચાણમાં લીધા :

(૧) શ્રી એમ. એસ. પટેલ, સબ-ઓડિટર, સહકારી મંડળીઓ, વિજાપુરના પત્ર ક્રમાંક અપણ/૦૧/ખા. અહે./૧૩૦/૨૦૦૨, તા. ૨૯-૬-૨૦૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૮૭૭/૦૨, તા. ૨૮-૮-૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૫૩/૦૨, તા. ૨૩-૯-૦૨ થી સ્મૃતિપત્ર તેમજ તા. ૨૯-૧૦-૦૨થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૭૫/૨૦૦૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી વૈશાલી-નગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. વિજાપુર, તા. જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ-૮૦૧૫, તા. ૫-૧૨-૮૦ છે.

ઉપરોકત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૭-૯૯ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ સબ-ઓડિટર, સહકારી મંડળીઓ, વિજાપુરને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૮૭૭/૦૨, તા. ૨૮-૮-૦૨ થી કારણ-દર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૧ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ યોગ્ય રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૫૩/૦૨, તા. ૨૩-૯-૦૨ તેમજ તા. ૨૯-૧૦-૦૨ના પત્રથી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી અને પુરતી તક પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) સંસ્થા દ્વારા છેલ્લા ત્રણ ઓડિટ નોંધમાં જણાવેલ ખામીઓની દફતરે વાસ્તવિક દુરસ્તી કરી, તેનો દુરસ્તી રીપોર્ટ આજદિન સુધીમાં જે તે ઓડીટરશ્રીને, મોકલી આપેલ નથી. જેનાથી ઓડિટનો આશય જળવાતો નથી. તેમજ સંસ્થાના ઓડિટ દરમ્યાન કરવામાં આવેલ સુચનોનો અમલ કરવામાં મંત્રી/પ્રમુખ/વ્ય. કમીટી નિષ્ફળ ગયેલ છે.

(૨) સંસ્થાના ઓડિટ સમયમાં વા. સા. સભા ભરવામાં આવેલ નથી. જેના પરથી ફલિત થાય છે કે, સંસ્થાનો વહીવટ કરવામાં વ્ય. કમીટી/સભાસદોને કોઇ રસ જણાતો નથી.

(૩) સંસ્થાના મંજુર થયેલ પેટાનિયમ મુજબ વ્ય. કમીટી મીટીંગ દર માસે ફરજીયાત એક વખત મળવી જોઇએ, જે છેલ્લા ૩ વર્ષથી એકપણ વખત મળેલ નથી. જેના પરથી ફલિત થાય છે કે, સંસ્થાનો વહીવટ કરવામાં વ્ય. કમીટીને બિલકુલ રસ નથી.

(૪) સંસ્થાનો ઓડિટ વર્ગ છેલ્લા સાત વર્ષથી "ડ" છે.

(૫) સંસ્થા દ્વારા અગાઉ ગુજ. હા. ફાઇ. કોર્પો. લી., અમદાવાદ પાસેથી લોન મેળવવામાં આવેલ હતી. જે લોનના હપ્તા સંસ્થા દ્વારા વસુલાત કરવામાં આવતા નથી. પરંતુ, સભાસદો બારોબાર હાઉ. બોર્ડને મોકલી આપેલ છે. જેથી, ગુજરાત હાઉ. ફાઇ. બોર્ડની કેટલી લોન બાકી છે, તે જાણી શકાતું નથી. સદર લોનની વસુલાત દ્વારા થતી ન હોવાથી તેની નોંધ મંડળીના રેકર્ડ ઉપર ન થવાથી ફલિત થાય છે કે, સદર વહીવટ કરવામાં વ્ય. કમીટી તેમજ પ્રમુખશ્રી નિષ્ફળ ગયેલ છે.

(૬) સંસ્થા દ્વારા સરકારી ઓડિટ ફી પાછલી બાકી રૂ. ૨૫૦/- તેમજ ચાલુ બાકી રૂ. ૧૫૦/- મળી કુલ રૂ. ૪૦૦/- વારંવાર ઉઘરાણી કરવા છતાં ભરપાઇ કરવામાં આવેલ નથી.

(૭) સંસ્થાનો વહીવટ કાયદા-કાનુન અને પેટાનિયમને સુસંગત રહીને ચલાવવામાં આવતો નથી.

INDEX

(૮) સંસ્થાના હિસાબી કામકાજ તેમજ વહીવટી કામકાજ માટે કાનુનના ઠરાવ્યા મુજબ તેમજ તેની પ્રવૃત્તિઓ માટે જરૂરી બધા પત્રકો તથા રજીસ્ટરો નિભાવેલ નથી.

(૯) સંસ્થાના તા. ૩૧–૩–૦૨ ના સરવૈયે ખોટ રૂ. ૯,૫૮૦.૦૯ બોલે છે. જે નિવારવા તેમજ વહીવટી ખર્ચાઓ માટે વહીવટી ફાળો ઉઘરાવવામાં આવેલ નથી.

(૧૦) સંસ્થા દ્વારા લોન વસુલાતની કામગીરી તેમજ અન્ય ઉદ્દેશો મુજબ કામગીરી કરવામાં આવતી ન હોવાથી, સંસ્થા છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૧૧) તા. ૧–૪–૦૨ થી છેવટ સુધીના હીસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં, રજુ કરેલ નથી.

આમ ઉપરોક્ત આંમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતા નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી વૈશાલીનગર કો. ઓપ. હા. સો. લી., મુ. વિજાપુર, તા. જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ધ–૮૦૧૫, તા. ૫–૧૨–૮૦ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ–૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકેશ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાની નીમણુંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૮–૧૧–૨૦૦૨.

એન. બી. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, મહેસાણા.

નંબર બે/૬૧૯૨/૨૦૦૨.— મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી નર્મદા પિયત સિંચાઈ સહકારી મં. લી., મર્યાદિત સ્થળ વણાકપોર, તાલુકો જગડીયા, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ. તા. ૧૧–૧૦–૨૦૦૨.

નંબર બે/૬૧૯૩/૨૦૦૨.— મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી સહયોગ પિયત સિંચાઈ સ. મં. લી., મર્યાદિત સ્થળ વણાકપોર, તાલુકો જગડીયા, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૧–૧૦–૨૦૦૨.

નંબર બે/૬૧૯૪/૨૦૦૨.— મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી સાગર પિયત સિંચાઈ સ. મં. લી., મર્યાદિત સ્થળ વણાકપોર, તાલુકો જગડીયા, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૧–૧૦–૨૦૦૨.

નંબર બે/૬૧૯૫/૨૦૦૨.— મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી વિલાયત મા. ન. સિ. સ. મં. લીમીટેડ મર્યાદિત સ્થળ વિલાયત, તાલુકો વાગરા, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર બે/૬૧૯૬/૨૦૦૨.— મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં. ભરૂચ આથી જાહેર કરે છે કે ધી કેલીયાદ મા–૧૦ ન. સિ. સ. મં. લી. મર્યાદિત સ્થળ રહીયાદ, તાલુકો વાગરા, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧)(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

INDEX

નંબર ખે/ ૬૧૯૭/૨૦૦૨.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ, આથી જાહેર કરે છે કે, ધી જુનેદ–૧ મા– ન. સિં. સ. મ. લી. મર્યાદિત સ્થળ જુનેદ, તાલુકો વાગરા, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે/૬૧૯૮/૨૦૦૨.— મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં. ભરૂચ, આથી જાહેર કરે છે કે, ધી મનાડ–એકસાલ મા. ન. સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ મુ. મનાડ, તાલુકો ભરૂચ, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે/૬૧૯૫/૨૦૦૨.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે, ધી કાસવા એકસાલ મા. ન. સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ કાસવા, તાલુકો ભરૂચ, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે / ૬૨૦૦/૨૦૦૨.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં. ભરૂચ. આથી જાહેર કરે છે કે, ધી ખાનપુર મા. ન. સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ ખાનપુર, તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે/૬૨૦૧/૨૦૦૨.— મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ. આથી જાહેર કરે છે કે ધી મગણાદ મા. ન. સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ મગણાદ, તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે/૬૨૦૨/૨૦૦૨.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી વેડચ મા. ન. સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ પીલુદરા, તાલુકો જંબુસર. જી. ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે/૬૨૦૩/૨૦૦૨.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં. ભરૂચ આથી જાહેર કરે છે કે ઉમેર મા. ન. નર્મદા સિં, .સં .મં લી. મર્યાદિત સ્થળ ઉમેર, તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે/૬૨૦૪/૨૦૦૨.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં.. ભરૂચ. આથી જાહેર કરે છે કે ધી મહાપુરા મા. ન. સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ મહાપુરા, તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ ૯ (૧) અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨

INDEX

નંબર ખે/૬૨૦૫/૨૦૦૨.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે કાસદ ૧ ઓફ. જે–૧ મા. ન. સિ. સ. મં. લી., મર્યાદિત સ્થળ કાસદ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે/૬૨૦૬/૨૦૦૨.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે કાસદ ૧ ઓફ એચ–૨ મા. ન. સિ. સ. મં. લી., મર્યાદિત સ્થળ કાસદ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે/૬૨૦૭/૨૦૦૨.— મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી સોનામા મા. નર્મદા સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ સોનામા, તાલુકો આમોદ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે/૬૨૦૮/૨૦૦૨.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ, આથી જાહેર કરે છે કે ધી નિલમ મા. ન. સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ નિલમ, તાલુકો આમોદ, જિલ્લા ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ખે/૬૨૦૯/૨૦૦૨. મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં. ભરૂચ. આથી જાહેર કરે છે કે ધી વાંસી રાષ્ટ્ર મા. ન. સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ વાંસી, તાલુકો ભરૂચ, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

નંબર ઉ/૧૧૫૬૦/૨૦૦૨.— મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ. આથી જાહેર કરે છે કે ધી સમર્થ શકિત મહીલા ઔદ્યોગિક સ. મં. લી., મર્યાદિત સ્થળ ભોલાવ, તાલુકો ભરૂચ, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૧–૧૦–૨૦૦૨.

એસ. આર. રાઠવા,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સ.મ.જિ.પં., ભરૂચ.

જાહેરનામું

જા. નં. પચત/સહકાર/વશી/૭૦૩૫ નોંધણી ક્રમાંક ૪૪૬૫/૨૦૦૨.—જીલ્લા પંચાયત, ખેડા આથી જાહેર કરે છે કે શ્રીકિસાન ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. મોદજ, તા. મહેમદાવાદ, જી. ખેડાને ગુજરાત સહકારી મંડળીઓને ૧૯૬૧ ના કાયદાની કલમ-૯/૧અ. અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૧૨–૧૧–૨૦૦૨.

જાહેરનામું

જા. નં. પચત / સહકાર / વશી / ૭૦૫૩/ નોંધણી ક્રમાંક ધી ૩૫૭૬/૨૦૦૨. –જીલ્લા પંચાયત, ખેડા આથી જાહેર કરે છે કે શ્રી ભાગ્યોદય નર્મદા સિંચાઇ સહકારી મંડળી લીમીટેડ, મુ. સરસવણી, તા. મહેમદાવાદ, જી. ખેડાને ગુજરાત સહકારી

INDEX

મંડળીઓના ૧૯૬૧ ના કાયદાની કલમ–૯ / ૧/ અ. અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૧૨–૧૧–૨૦૦૨.

(સહી) અવાચ્ચ,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સ.મં. જિ.પં. નડીયાદ.

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

વાંચોઃ લીંબા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જી એચ કે એચ/૨૪–૯૧/ડીડીજી/૧૧૮૮/ ૫૨૦૪/જ, તા. ૩૦–૩–૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ – ૧૯૬૧ ની કલમ–૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) આ કચેરીના તારીખ ૨૩–૮–૦૨ ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૮૩૩/૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ફ / ૧૩૬૧૦ / ૦૧/ગ/૩૨૮૪/૨૦૦૨.— ધી બાયડ ગામની સેવા સહકારી મંડળી લી., તાલુકો બાયડ, જિલ્લો સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : સે. ૨૪૪૯, તા. ૨૫–૩–૬૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧–૭–૨૦૦૦ થી ૩૧–૩–૨૦૦૧ સુધીના સમયગાળાનું બૅંધાનિક ઑડીટ, ઑડીટર ગ્રેડ–૧, સ. મં. બાયડ દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. મંડળી ખિન અર્થક્ષમ થતી હોઇ તથા મુદતવીતી પ્રમાણ તથા મંડળીની ખોટ દિન પ્રતિદિન વધતી હોઇ, મંડળી ને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૨૪–૬–૦૨ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ ગ/૨૧૦૦/૨૦૦૨ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૧૫–૭–૨૦૦૨ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. સદર મુદતે મંડળીના હોદ્દેદારોએ હાજર રહી લેખિતમાં જવાબ રજુ કરેલ અને મંડળીને ફડચામાં ન લઇ જતાં વહીવટદાર હેઠળ લઈ જવાની રજુઆત કરેલ. અને સદરહુ બાબતે તા. ૩૦–૬–૨૦૦૨ ના વા. સા. સભાનો ઠરાવ નં. ૭ રજુ કરેલ. પરંતુ મંડળીની પરિસ્થિતિ ધ્યાને લેતા આ રજુઆત ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી ન હોઇ, આમુખ–૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૨૩–૮–૦૨ ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત / મૌખિક રજુઆત કરવા જણાવેલ. અને ફરીથી રજુઆત માટે તારીખ ૨૬–૯–૦૨ ના રોજની મુદત આપેલ. આપેલ મુદત પહેલાં મંડળીના કાર્યવાહકોએ રજુઆત કરેલ કે, સાબરકાંઠા બૅંક દ્વારા વસુલાતની રકમ મુદ્દલમાં જમા ન થતાં વ્યાજમાં જમાં થતી હોવાથી મંડળીમાં લોન/ધિરાણ વચ્ચે ગાળો પડેલ છે. પરંતુ રજુઆત સ્વીકારી શકાય તેમ નથી. કારણ, કે મંડળીને લોન ગાળા માટે અગાઉ અસમતુલા લોન મળેલ પરંતુ તે પણ મુદતવીતી બાકી છે. મંડળીએ અગાઉના વર્ષોમાં વેપારી પ્રવૃત્તિ દ્વારા નફો કરેલ છે. પરંતુ છેલ્લા ઑડીટ રીપોર્ટ મુજબ મંડળીની ખોટ રૂા. ૨૦.૫૯ લાખ તથા મુદતવીતી રકમ રૂા. ૧૩.૩૦ લાખ અને ધીરાણમાં ગાળો રૂા. ૧૬.૯૮ લાખ છે. જે જોતાં મંડળી ખિન અર્થક્ષમ થતી જાય છે અને મુદતવીતીનું પ્રમાણ તથા મંડળીની ખોટ દિન પ્રતિદિન વધતી જાય છે. જેથી મંડળીને ફડચામાં લઇ જવાના વચ-ગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જી. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂઇએ ધી બાયડ ગામની સેવા સહકારી મંડળી લી., મુ. પો. તા. બાયડ, જિ. સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો આમુખ–૩ માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતાં ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ–૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંક લિ., હિંમતનગરની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી બૅંકમાં જમાં કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૩૦–૧૦–૨૦૦૨.

જે. જે શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સ.મં.જિ. સાબરકાંઠા,
હિંમતનગર.

નંબર નધણ/૦૧/ક-૨/૬૦૦/સા-૧૫૯૬.—આથી જાહેર કરે છે કે ધી નવરચના કો. ઓ. હાઉસીંગ (સર્વીસ) સો. લી., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો [(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૧૪–૧૧–૨૦૦૨.

INDEX

ક્રમાંક : નંવણ/૦૧/ક-૨/૫૯૪/સે/દુ-૩૩૮૪૩.– આથી જાહેર કરે છે, કે કરમાડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કરમાડ, તાલુકો ભરૂચ જિલ્લો. ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૮–૧૧–૨૦૦૨.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી,
ભરૂચ.

વંચાણમાં લીધા :—

પણસોરા તમાકુ ઉત્પાદક સ. મં લી., મુ. પણસોરા, તા. ઉમરેઠ ને ફડચામાં લઇ જવાનો વહીવટદારનો અહેવાલ તારીખ ૨૩–૯–૨૦૦૨.

હુકમ

જા. નં. ઉખસ / કજ /ફ-૧૩૫૯૨/ચ/૪૭૨ / ૨૦૦૨.— પણસોરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પણસોરા, તા ઉમરેઠ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી પં., આણંદની ઓફીસના નોંધ નંબર સે. ૨૦૭૫૯, તા. ૭–૩–૧૯૮૪થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફ) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તા. ૧૩–૧૧–૨૦૦૨.

વંચાણમાં લીધા :

ઢરબારી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મુ. આસોદર, તા. આંકલાવ ને ફડચામાં લઇ જવાનો વહીવટદારનો અહેવાલ તા. ૧૬–૧૦–૦૨.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફ–૧૩ ૯૦/ચ/૪૭૩/૨૦૦૨.—ઢરબાર કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુકામ આસોદર., તાલુકો આંકલાવ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પં., આણંદની ઓફીસના નોંધ નંબર સે –૩૧૮૨૨, તા. ૨૫–૧૦–૨૦૦૦ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, આણંદ સ. મં., આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩ હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તા. ૧૩–૧૧–૨૦૦૨.

વંચાણમાં લીધા :—

સી. એમ. પટેલ હાઇસ્કુલ, ખંભોળજના કર્મચારી ધિરાણ અને ગ્રાહક સ. મં. લી. મુ. ખંભોળજ, તા. આણંદ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ / ૦૧/ચ/૪૩૮/૨૦૦૨, તારીખ ૨૬–૯–૨૦૦૨.

હુકમ

જા. નં. ઉખસ / કજ / ફ-૧૩૫૯૧/ચ-૪૭૧/૨૦૦૨.— સી. એમ પટેલ, ખંભોળજના કર્મચારી ધીરાણ અને ગ્રાહક સ. મં. લી , મુકામ ખંભોળજ, તાલુકો આણંદ, જિલ્લો આણંદને શ્રીમદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પં. આણંદની ઓફીસના નોંધ નંબર ભા-૩૧૧૧, તા. ૧૩–૧૨–૧૯૭૯થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં " ૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

આણંદ, તા. ૧૩–૧૧–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
આણંદ.

INDEX

ક્રમાંક નધણુ/સા-૩૨૭૩/ક-૨/૩૮૦૨ / સને-૨૦૦૨.—આથી જાહેર કરે છે કે શ્રી શેરગઢ સહકારી ૩ વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ શેરગઢ, તાલુકો રાધનપુર, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૧૩-૧૦-૨૦૦૨.

ક્રમાંક નંધણુ-સે / ૩૨૭૨૦ / ક-૨ / ૧૮૫૮ / ૩૬૯૧/ ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી રાધનપુર તાલુકા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ રાધનપુર, તાલુકો રાધનપુર, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૧૩-૧૧-૨૦૦૨.

નં. નધણુ/સે-૩૨૭૧૯/ક-૨/૧૮૪૮/૩૮૯૦/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી સિધ્ધપુર શહેર ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી, મર્યાદિત સ્થળ સિધ્ધપુર, તાલુકો સિધ્ધપુર, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૧૩-૧૧-૨૦૦૨.

વંચાણમાં લીધા :-

(૧) અત્રેની કચેરીનો તારીખ ૨૦-૯-૨૦૦૨નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૧૩૭૦/૨૦૦૨ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૩૫૪૪/૩૮૯૪/૧૮૭૧/૦૨.- ધી જલાલાબાદ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી., મુ. જલાલાબાદ, તા. સમી, જી. પાટણને અત્રેની કચેરીના આમુખ-૧ ના તા. ૨૦-૯-૦૨ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ મહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) પાટણે ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તા. ૧૪-૧૧-૨૦૦૨.

વંચાણમાં લીધા :

(૧) અત્રેની કચેરીનો તા. ૧૬-૯-૨૦૦૨ નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૧૩૩૬/૨૦૦૨ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/ ૩૮૯૩ / ૧૩૫૪૫ / ૧૮૭૨/ ૨૦૦૨.— ધી શેરપુરા જૂથ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. શેરપુરા, તા. સમી, જીલ્લો પાટણને અત્રેની કચેરીના આમુખ-૧ ના તા ૧૬-૯-૨૦૦૨ થી ફડચામાં લઇ જવાને વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ મહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) પાટણે ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તા. ૧૪-૧૧-૨૦૦૨.

જે. બી. ઘડવી.
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
પાટણ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Supple. C. .G I—304

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIII] THURSDAY, DECEMBER 19, 2002 / AGRAHAYANA 28, 1924 [No. 51

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1637-1672
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	51
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	584-600
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	25063-25669

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનું.

નંબર ઉ/ગપક/ વિ. શા./૭૩૪/૨૦૦૨.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૨ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

INDEX

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી માહે નવેમ્બર, સને ૨૦૦૨નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ઉ/ગપક/ વિ. શા./૭૩૫/૨૦૦૨.- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત ના વિસ્તારમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ યોજનાર છે. ઉમેદવારોના ચુંટણી પ્રચાર મથકોને કારણે મતદારો માટે અવરોધો ઉભા થાય છે. વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય છે. અને એ રીતે ચૂંટણીના મુકત, ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી ચૂંટણી પ્રચાર મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર માટેના મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમમાં નીચે મુજબનો અપવાદ છે.

મતદારોને અવિધિસર ઓળખ કાપલીઓ આપવા માટે ઉમેદવારો તેમજ એજન્ટો અને કાર્યકરોના ઉપયોગ સારુ મતદાન મથકથી ૨૦૦ મીટરથી દૂરના અંતરે એક ટેબલ અને બે ખુરશીઓની તેમજ એમને તડકા/વરસાદથી રક્ષણ આપવા માટે ઉપરના વિભાગમાં તાડપત્રી કે છત્રીની વ્યવસ્થા કરી શકશે. કંતાન વગેરેથી ઢાંકી શકાશે નહી. આવા ટેબલની આસપાસ ટોળું ભેગું થવું જોઈએ નહી. આવા મથક ઉભા કરવાની ઈચ્છા રાખનાર દરેક ઉમેદવારો પોતે જ્યા આવા મથકો ઉભા કરવા માંગે છે તે ચુંટણી મથકોના નામ અને ક્રમ વિષયની માહીતી ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી લેખીતમાં આપવાની રહેશે. આવા મથકો ઉભા કરતા પહેલા સ્થાનિક કાયદા અનુસાર સંબંધીત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઈએ. અને બુથ સંભાળતી વ્યક્તિઓ પાસે ઉપલબ્ધ હોવી જોઈએ. મતદારોને આપવાના હેતુસરથી અવિધિસર ઓળખ કાપલીઓ ભારતના ચૂંટણી પંચની ચુસ્ત સુચનાઓ અનુસાર છપાયેલી હોવી જોઈએ. અને તેના ઉપર ઉમેદવારનું નામ અથવા ચિન્હ અથવા રાજકીય પક્ષનું નામ ન હોવું જોઈએ. તેમજ આવા દરેક બુથ ખાતે ઉમેદવાર તેમના પક્ષનું નામ અને તેમને ફાળવેલ ચુંટણી પ્રતિક પ્રદર્શિત કરવા ૩ ફુટની લંબાઈ તથા ૧ ફુટ ૬ ઈંચની પહોળાઈવાળું ફકત એકજ બેનર ઉપયોગમાં લઈ શકશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારને લાગુ પડશે.

વિસ્તાર : પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આજ તારીખ ૩૦મી માહે નવેમ્બર, સને ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનું.

નંબર ઉ/ગપક/ વિ. શા./૭૩૬/૨૦૦૨.- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંગે તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મતદાન થનાર છે. અને આ ચૂંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૨ ના કલાક ૧૭-૦૦ થી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ ના કલાક ૨૦-૦૦ વાગ્યા સુધી વિધાનસભાની ચૂંટણી દરમ્યાન કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં. મતદાન મથકથી ૨૦૦ મીટર વિસ્તારની અંદર ચૂંટણી અંગે પ્રચાર કરવો નહીં કે ચિન્હો રાખવા નહી.

વિસ્તાર : પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારની રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ મરણોત્તર તથા લગ્નના વરઘોડાને તથા જે સરઘસ અને સભા માટે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ-(૩) અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ પમી માહે ડીસેમ્બર, સને ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૬(૧)(ઘ) મુજબનો.

નંબર ૩/૧૫૫/ વિ. શા./૭૩૭/૨૦૦૨.- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંગે નિયુકત કરેલ મતદાન મથકોએ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે. તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ અડચણ થતી અટકાવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૬(૧)(ઘ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સદરહુ ચૂંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ,

૧. જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે.

૨. મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

૩. મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર : પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આજ તારીખ પમી માહે ડીસેમ્બર, સને ૨૦૦૨નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

BY DISTRICT JUDGE

Read :-Letter No. APM-IV/P.Box/02 dated : 30-11-2002 received from the Post Master, Valsad, Main Post Office, Valsad.

Notification

NO. ADM/858 OF 2002.- Consequent upon the letter received from the Post Master, Valsad Main Post Office, Valsad referred to above in the preamble, henceforth all the mails concerning to the District & Sessions Court, Valsad shall be sent subscribing the address on the envelop mentioning the Post Box Number as under for effective, prompt & sure delivery to the addressee :-

DISTRICT & SESSIONS JUDGE,
POST BOX NO. 105.
VALSAD - 396 001.

It is further notified that the mails/posts concerning to the courts of the Joint District Judge, Valsad, Assistant Judge, Valsad, District Legal Service Authority, Valsad & District Government Pleader, Valsad, shall also be addressed super scribing the name of the respective court/office and thereafter making the envelope by means of C/o. address as Post Box No. 105 as aforesaid.

Valsad, 2nd December, 2002.

B. D. SONI,
District Judge,
Valsad.

Read :-1. High Court letter No. C. 2105/74, dtd. 18-04-1974.
2. High Court Notification No. C. 2101/2002, dtd. 30-11-2002.
3. Copy of the G.A.D. Letter No. ELC-1202-5827-CHH, dtd. 30-10-2002.

Notification

NO. B-10/1749 OF 2002.- The District Judge, Surat is pleased to declare, Thursday, December 12, 2002, to be a Public Holiday for the District Court, Surat and all its Subordinate Courts in Surat District, on account of General Election to Gujarat Legislative Assembly.

Therefore, the District Court, Surat and all its Subordinate Courts in Surat District, shall remain Closed on the above date.

Surat, 4th December, 2002.

M. D. SHAH,
District Judge,
Surat.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

વંચાણમાં લીધા :-૧. હાઈકોર્ટ પત્ર નં. સી. ૨૧૦૫/૭૪, તા. ૧૮-૦૪-૧૯૭૪.
૨. હાઈકોર્ટ જાહેરનામા નં. સી. ૨૧૦૧/૨૦૦૨, તા. ૩૦-૧૧-૨૦૦૨.

INDEX

ઉ. સા.વ.વિ.નાં પત્ર નં. ઈએલસી-૧૨૦૨-૫૮૨૭-છ, તા. ૩૦-૧૦-૨૦૦૨.

જાહેરનામું

નંબર બી. ૧૦/૧૭૪૯ સને ૨૦૦૨.- સુરતનાં જિલ્લા ન્યાયાધિશ આથી જાહેર કરે છે. કે, ગુરૂવાર તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ વિધાનસભાની સામાન્ય ચૂંટણીનાં કારણે તે દિવસે ડીસ્ટ્રીક્ટ કોર્ટ, સુરત તેમજ સુરત જિલ્લાની તાબાની તમામ કોર્ટો માટે જાહેર રજા રહેશે.

જેથી, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, સુરત તેમજ સુરત જિલ્લાની તાબાની તમામ કોર્ટો ઉકત તારીખે બંધ રહેશે.

સુરત, તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૦૨.

એમ. ડી. શાહ,
જિલ્લા ન્યાયાધીશ,
સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ-૨૨ની કલમ-૩૭(૪) અન્વયેનો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.-૨/૨૦૦૨.-નવસારી શહેરમાં આવેલ કલેકટર કચેરીના બહુમાળી મકાનમાં જિલ્લાની ૩૦ જેટલી સરકારી કચેરીઓ આવેલી છે. આ કચેરીઓમાં પ્રજા પોતાના કામો અંગે સરળતાથી કોઈ અંતરાય વગર અવાગમન કરી શકે તે ખુબ જ ઈચ્છનીય છે. કેટલાંક ઈસમો આ કચેરીઓમાં તેમજ કચેરીના કંપાઉન્ડમાં અડચણ થાય તેવા કૃત્યો કરે તે અટકાવવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, વી. પી. પટેલ, જી.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ નવસારી કલેકટર કચેરી બહુમાળી બિલ્ડીંગમાં તેમજ કંપાઉન્ડમાં કે બહુમાળી સંકુલમાં કોઈપણ વ્યકિત કે વ્યકિતઓ અથવા સમુહમાં ધારણાના કાર્યક્રમો ઘેરાવ કાર્યક્રમો, ઉપવાસ ઉપર બેસવાના કાર્યક્રમો યોજવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૨ થી ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૦૨ થી મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૩૭ (૩) અન્વયે કરેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ચૂંટણી/૨જી નં. ૨/૨૦૦૨.- જિલ્લામાં આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, વી. પી. પટેલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ-૩૭ની પેટા કલમ(૩) થી મને મળેલ સત્તા રૂએ ફરમાવું છું, કે નવસારી જિલ્લામાં તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી (બન્ને દિવસ સુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૧૫૩(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ).

નંબર ડીસીબી/એમએજી/૨જિ.-૨/૨૦૦૨.- મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨)ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ) ક્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી વી. પી. પટેલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણી તથા ચુંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૯ની સૂચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, મુક્ત અને ન્યાયી વિધાનસભાની ચુંટણી માટે, જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ, તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી વિધાનસભાની સામાન્ય ચુંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૦૨થી તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૦૨ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બન્ને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાઉ છું.

(અ) કટઆઉટ હોર્ડીંગ્સ, બેનર વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહીં એટલે કે સરકાર, નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજની

INDEX

સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ. (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે, તો પણ મુકી શકાશે નહીં).

(બ) જો કટઆઉટ/હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઈએ.

૧. હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ × ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહીં.

૨. કટ આઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહીં.

૩. રાજકીય પક્ષ/ઉમેદવારે ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનર વિગેરે મુક્યાં હશે તે જગ્યાના માલીકની લેખિત મંજુરી લીધેલ હોવી જોઈએ. આ મંજુરી જિલ્લા ચુંટણી અધિકારી/ ચુંટણી અધિકારી/પોલીસ અધિકારી જ્યારે માંગશે ત્યારે રજુ કરવાની રહેશે.

૪. કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનરો વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચુંટણી અધિકારી, ચુંટણી અધિકારી અને પોલીસ અધિકારીને કરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકેલ હોય તદઅનુસાર ઉમેદવારોના ચુંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાનો રહેશે.

૬. ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર સબંધિત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જાઈએ.

મુંબઈ પોલીસ અધિનયિમ-૧૯૫૧ની કલમ-૩૩(૩) (ઘ)(ખ) ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી./૩/૨૦૦૨.- આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી યોજાનાર છે. આ સમય દરમ્યાન જુદા જુદા હરિફ જૂથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. આથી આવા જુદા જુદા જૂથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહી તેમજ જાહેર સૂલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. આથી જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે. તેઓના હથિયારો સાથે લઈ જવા નહી તથા સાથે રાખવા નહી તે મુજબનો પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે. આથી આવા શસ્ત્રો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. અને તેવો મારો અભિપ્રાય થાય છે.

તેથા હું વી. પી. પટેલ, જી.એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું. કે, નવસારી જિલ્લામાં ધારણ કરતા હથિયાર પરવાનેદારોએ તારીખ ૪-૧૨-૨૦૦૨થી તારીખ ૧૮-૧૨-૨૦૦૨ સુધી હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા નહી તથા હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

વધુમાં જે કિસ્સામાં હથિયાર પરવાનેદારોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે જે જર્ની પરમીટો આપવામાં આવેલ છે એ પણ ઉપરોક્ત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની કાયદાકીય ફરજનો ભાગ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આજ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/ચૂંટણી/૨જી./૦૪/૨૦૦૨.- નવસારી જિલ્લામાં તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. આ ચૂંટણીના સરળ સંચાલન, આચાર સંહિતા અંગે ચુંટણી પંચના આદેશ ક્રમાંક ૭-ઈએલસી/સીઓસી/ વાહનોના દુરપયોગ ઉપર નિયંત્રણ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ની સુચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે મતદાન મથકે અવર જવર માટે વાહનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

તેથા હું વી. પી. પટેલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું. કે, નવસારી જિલ્લામાં મતદાનનાં દિવસે તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર નિયંત્રણ ફરમાવું છું.

૧. મતદાનનાં દિવસે ઉમેદવાર પોતાના ઉપયોગ માટે એક વાહન તથા મતદાર વિભાગમાં મતદાનની તારીખે ચુંટણી એજન્ટ અથવા તેના કાર્યકરો અથવા પક્ષીય કાર્યકરો માટે ચૂંટણી અધિકારી દ્વારા આપેલ પરમીટ ધારણ કરેલું એક જ વાહન વાપરી શકશે.

૨. વાહન ઉપર પરમીટ નંબર પ્રદર્શિત કરવાનું રહેશે.

INDEX

૩. આ પ્રતિબંધ સરકારી અધિકારીશ્રીઓ કે ચુંટણી પ્રક્રિયામાં સંકળાયેલા છે તેવા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

૪. ઉમેદવાર/મતદાન એજન્ટ/પક્ષીય કાર્યકરો આવી પરમીટ ધારણ કરેલ વાહનોનો ઉપયોગ ચૂંટણી કાર્યના સમય દરમ્યાન મતદારોને લાવવા લઈ જવા માટે, અસામાજિક તત્વોની હેરફેર માટે, ગેરકાયદેસર હથિયારોની હેરફેર માટે કરી શકશે નહીં.

૫. કોઈપણ વ્યક્તિ પોતાના કોઈપણ પ્રકારના વાહનોમાં મતદારોની હેરફેરી કે તેવા હેતુસર વાહનનો ઉપયોગ કરી શકાશે નહીં. વાહનનો પોતાના અને પોતાના કુટુંબની વ્યક્તિઓ પુરતો મર્યાદિત ઉપયોગ કરી શકશે.

આજ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ)મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/ચૂંટણી/૨જી./૭/૨૦૦૨.-મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ-૨૨માં)ની કલમ-૩૩(૧) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, વી. પી. પટેલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી તથા ચૂંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬ની સુચનાઓ ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુક્ત અને ન્યાયી વિધાનસભાની ચૂંટણી માટે, જાહેર હિતમા નવસારી જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીનરાજકીય પક્ષ તથા અર્ધરાજકીય પક્ષ તથા આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૦૨ કે જે ૧૫ દિવસ કરતા વધુ નથી એવા બન્ને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૧. કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણથી વધુ વાહનોના બનેલા રક્ષા કાફલા રૂપે જવા દેવાશે નહી. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈપણ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યક્તિને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતા આ બાબત આવા કોઈ વ્યક્તિ સબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સુચનાને આધીન રહેશે.

૨. ચુંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડસ્પીકર સાથેના વાહનો પરત્વે તેની પરવાનગી પત્ર કે જે પરવાનગી નંબર તારીખ સહીત (વાહનના કાચ ઉપર લગાડેલ) નોજ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યે રજૂ કરવાની રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ)ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/વશી/૫૯૩૨-૫૮/૨૦૦૨.-તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨નાં રોજ વિધાનસભા સામાન્ય ચૂંટણી યોજવાનું નક્કી થયેલ છે. આ વિધાનસભાની ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે હેતુથી ચૂંટણી પંચે દારૂ અને નશાયુક્ત પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ મુકવા સુચના આપેલ છે.

મુંબઈ નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ અન્વયે મને પ્રાપ્ત થયેલા અધિકારોની રૂએ હું , વી. પી. પટેલ, જી.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જાહેર સુલેહશાંતિના હિતમાં આદેશ ફરમાવું છું, કે નવસારી જિલ્લામાં આવેલ દારૂનાં વેચાણ/સંગ્રહ માટેનો અધિકૃત પરવાનો ધરાવનાર પરવાનેદાર નીચે જણાવેલા દિવસોએ દારૂ વેચાણની દુકાન બંધ રાખવી અને દારૂનું વેચાણ કરવું નહીં.

અં.નં.	બંધ રાખવાના દિવસોની વિગત	તારીખ
૧.	મતદાનના દિવસના આગલા બે દિવસ મતદાનનો દિવસ	૧૦, ૧૧/૧૨/૨૦૦૨
૨.	મતદાનનો દિવસ	૧૨-૧૨-૨૦૦૨
૩.	મતગણતરીનાં દિવસનો અગાઉનો દિવસ	૧૪-૧૨-૨૦૦૨
૪.	મતગણતરીનાં દિવસ અગર મતગણતરી પૂર્ણ થવાની તારીખ (પછીનો દિવસ)	૧૫-૧૨-૨૦૦૨ ૧૬-૧૨-૨૦૦૨

આ આદેશનો ભંગ થયેલાનું માલુમ પડશે તો દરેક ગુન્હા બદલ છ મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીનાં દંડની શિક્ષા અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

નવસારી તા. ૩જી ડીસેમ્બર, ૨૦૦૨.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયેનો.

વાચ્યું :- (૧) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, નવસારી ટાઉન પોલીસ સ્ટેશનનાં ગુમ પત્ર જાવક નંબર. ૫૮૫/૨૦૦૨, તા ૨/૧૨/૨૦૦૨.

(૨) પોલીસ અધિક્ષકશ્રી નવસારીના પત્ર નંબર. એલઆઈબી/૫૮૧૯/૨૦૦૨, તા. ૪/૧૨/૨૦૦૨.

હુકમ

નંબર. ડીસીબી/એમએજી/વશી/૫૯૫૯-૭૮/૨૦૦૨.-વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૦૨ અંતર્ગત, તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ વિધાનસભાની ચૂંટણી પુર્ણ થયા બાદ નવસારી જીલ્લાના ચાર વિધાનસભા મતદાર મંડળ, ૧૭૩-જલાલપોર, ૧૭૪-નવસારી, ૧૭૫-ગણદેવી તથા ૧૭૬-ચીખલી વિધાનસભા મતદાર વિભાગની મતગણતરી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ ના રોજ

INDEX

નવસારી ગાર્ડા કોલેજ ખાતે સવારના ૭-૦૦ કલાક થી શરૂ થનાર છે. આથી આ ચારેય વિધાનસભા મતદાર મંડળોની મતગણતરીનું પરિણામ જાણવા માટે નવસારી શહેર તથા આખા જીલ્લામાંથી મોટી સંખ્યામા પક્ષના કાર્યકરો, ટેકેદારો અને મોટી સંખ્યામાં જનમેદની ગાર્ડા કોલેજના મતગણતરી વાળા સ્થળે ભેગા થશે. આથી સદર મતગણતરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફીક નિયમન વ્યવસ્થિત રીતે થાય તે માટે તથા લોકોને હરકત તથા અગવડ ન થાય તેમજ જાહેર જનતાના હિતમા સલામતીના પગલાં લેવા ઉચિત જણાયું છે. તેટલા માટે રસ્તામાની તથા સાર્વજનિક જગા ઉપરની સર્વે પ્રકારની રાહદારીનું તથા સવાર થઈને જનારાઓએ રસ્તામાની અને સાર્વજનિક જગાના કરવાના ઉપયોગનું નિયમન કરવા તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ સમય સવારના ૭-૦૦ કલાક થી ૧૨-૦૦ કલાકના સમય સુધી ટ્રાફીક નિયમન જાળવવા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મો) ની કલમ ૩૩ની પેટા કલમ (૧) ના કલોઝ–(ખ) થી મને મળેલ સત્તાની રૂએ હું, વી. પી. પટેલ, જી. એ. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી આથી નીચેના નિયમો કરૂં છું.

(૧) સર સી. જે. એન. ઝેડ મદ્રેસા હાઈસ્કુલ પુર્વ છેડાથી ગાર્ડા કોલેજના પશ્ચિમ છેડા સુધી વાહન વ્યવહાર બંધી તથા નો પાર્કીંગ ઝોન જાહેર કરવામાં આવે છે.

(૨) ટાવર- ફુવારા - ટાવર વચ્ચે અવર જવર કરતી સીટી બસ સેવા ટાવર થી એમ. જી. રોડ થી નગર પાલિકા આગળથી આશા નગર સાંઢકુવાથી રેલ્વે સ્ટેશન થઈ, રેલ્વે સ્ટેશનથી ફુવારા - ટાવર થઈ નિકળતી બસસેવા સાંઢકુવા-આશાનગર-ચાંદનીચોક-નગરપાલિકા થઈ એમ. જી. રોડ થઈ મુળ રૂટ પ્રમાણે જશે.

(૩) ફુવારાથી ટાવર જતા અન્ય વાહનો ફુવારા-દાંડીવાડ-ગોલવાડ થી ટાવર જઈ શકશે.

(૪) ટાવર થી ફુવારા તરફ જતા અન્ય વાહનો (એસ.ટી. બસ સિવાયનાં) ગોલવાડ ચોકીથી ચાંદની ચોક થઈ આશાનગર-સાંઢકુવા મુખ્ય રોડ પર જઈ શકશે.

(૫) ઉપરોકત સમય પુરતું ચાંદનીચોક-ગોલવાડ ચોકી અને મહાત્મા ગાંધી રોડ વન વે ને બદલે ટુ વે જાહેર કરવામા આવે છે.

(૬) તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ ના રોજ મતગણતરી માટે તથા પરિણામ જાણવા માટે આવતા લોકોના વાહનોનું પાર્કીંગ લો કોલેજ હોસ્ટેલ ગ્રાઉન્ડ ફુવારા નજીક ખાતે નિયત કરવામા આવેલ છે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની ૨૨ માની કલમ ૧૩૧મા ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વી. પી. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

અધિક કલેક્ટર અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચનમાં લીધું :-

(૧) સયુંકત મુખ્યનિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક ઈએલસી/૧૦૦૨/૫૦૫/(૨)/છ તા. ૧૮-૧૧-૨૦૦૨.

(૨) મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯/કલમ-૧૪૨(૧)

હુકમ

મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ- ૧૪૨(૧) હેઠળ.

નંબર એમએજી/વિધાનસભા/ચૂંટણી/પ્રોહીબીશન/૨૦૦૨.– આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૦૨ ના સંદર્ભમાં આમુખ-૧ માં વંચાણે લીધેલ મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્રમાં ચૂંટણીઓમાં મતદારો નિર્ભયપણે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તથા ઉમેદવારો કે રાજકીય પક્ષોના તરફથી મતદારોને પ્રલોભન રૂપે દારૂ તેમજ નશાયુક્ત પદાર્થ આપે નહી અને ચૂંટણીનું કામ નિષ્પક્ષ રીતે પાર પડે તે માટે જીલ્લામાં આવેલી કેફી પદાર્થોનું વેચાણ કરતી દુકાનો (લીકરશોપ) હોટેલો રેસ્ટોરન્ટ, કલબો તથા બીજી સંસ્થાઓનું દારૂનું વેચાણ કરવા સામે તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૨નાં સાંજના ૫-૦૦ વાગ્યાથી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના ૫-૦૦ વાગ્યા સુધી તથા તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી પ્રતિબંધ મુકવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે હું, જે. બી. વોરા, (જી. એ. એસ.) અધિક કલેક્ટર અને અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મને મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ ૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ મળેલ સત્તાની રૂએ સુરત જીલ્લામાં સમાવિષ્ટ તમામ મતદાર વિભાગોમાં આવેલ :-

(૧) દુકાન, હોટલ, રેસ્ટોરન્ટ, કલબ વગેરેને.

(૨) કલબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ અને હોટલ જેઓને દારૂ રાખવાનું અને પુરો પાડવાનું લાયસન્સ આપવામાં આવેલ હોય.

(૩) વ્યક્તિગત દારૂનો ઉપયોગ કે સંગ્રહ કરવા પરમીટ આપેલ હોય તેવી વ્યક્તિઓને તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ સાંજના ૫-૦૦ કલાકથી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધી તથા તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ સાંજના ૫-૦૦ કલાક સુધીના સમયમાં દારૂ વેચાણ કરવા/પીરસવા, પ્રતિબંધ ફરમાવું છું અને આ સમયગાળાને ''ડ્રાય ડે'' તરીકે જાહેર કરવા હુકમ કરૂ છું.

આ હુકમનું ઉલ્લઘંન કરનાર વ્યક્તિ સામે પ્રોહીબીશન કાયદા ઉપરાંત મુંબઈ પોલીસ એક્ટની કલમ-૧૩૫ તથા ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો મારી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યુ.

જે. બી. વોરા,
અધિક કલેક્ટર અને
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૬ (ગ) (ઘ) મુજબનો હુકમ.

ક્રમાંક ડી.સી./એમ.એ.જી./એસઆર/૬૬/૨૦૦૨.- અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં વિધાનસભાની ચૂંટણી અંગે નિયુક્ત કરેલ મતદાન મથકોએ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મતદાન થનાર છે. જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ અડચણ થતી અટકાવવા વ્યવસ્થા જાળવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૬ (ગ) અને (ઘ) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, સદરહુ ચૂંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ :-

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશસ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવુ અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું.

(૨) મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી તુરત ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૪ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માહે ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામુ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭ (૧) મુજબનુ.

ક્રમાંક ડી.બી.પી.એ./૧૨/૨૦૦૨/વશી./૪૫૩૧૨ થી ૮૭.- માહે ડીસેમ્બર-૨૦૦૨ના માસમાં તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર હોઈ હાલની પરિસ્થિતિ ધ્યાને રાખતાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૨ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી (બંને દિવસો સહીત) નીચે જણાવેલ કૃત્યો કરવાની મનાઈ ફરવાનુ મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવુ કંઈપણ સાધન સાથે લઈ જવુ નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈ વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનુ નહી.

વાસ્તે હું, એસ. એસ. વાઘેલા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લા વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરું છું.

આ હુકમ તા. ૧લી ડીસેમ્બર, ૨૦૦૨ થી તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી (બંને દિવસો સહીત) અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યક્તિ કે જે તેને ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથીયાર લઈ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવું કંઈ હથીયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશક્તિના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

આજરોજ તા. ૩૦મી માહે નવેમ્બર, સને ૨૦૦૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા.

INDEX

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

( ) ક્ષીધા :—

(૧) આ કચેરીના તા. ૨–૧–૧૯૯૬ ના ક્રમાંક ફડચ / ૦૧ ધ-૨ / ૪૧ / ૧૯૯૬ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચા–૧) સુરત આ કચેરીના તા. ૨૬–૮–૦૨ ના ક્રમાંક ફડચ / ફ-૧ ૨ / ૨૦૦૨ થી રજુ થયેલ દરખાસ્ત તથા તા. ૨–૯–૦૨ ના જા. નં. ફડચ / ફ-૧ / ૯૬ / ૨૦૦૨ અને તા. ૧૯–૯–૦૨ ના જા. નં. ફડચ / ફ-૧ / ૧૧૬ / ૨૦૦૨ ના પત્રથી રજુ થયેલ પુર્તતા.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ / ૦૧ / ધ-૨ / ૮૭૨ / ૨૦૦૨.— ધી આયોજન મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ, નોંધણી ક્રમાંક ઉ. ૬૯૪૪, તા. ૨૮–૯–૧૯૮૮ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદના તા. ૨–૧–૧૯૯૬ ના જા. નં. ફડચ /૦૧/ ધ-૨ / ૪૧ / ૧૯૯૬ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ ૨–થી રજુ થયેલ દરખાસ્તની નિઅતો અને દરખાસ્ત સંદર્ભે રજુ થયેલ પુર્તતાઓને ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીનાં ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ ૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ–૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ. તા ૧૭–૧૦–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૭૮૧/ક–૨/૩૫૨ /સે / ૩૩૧૪૭ / ૨૦૦૨.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ગુજરાત મોટર વાહન વિભાગ કો. ઓ. ક્રેડીટ લીમીટેડ, સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૦–૧૦–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૭૮૩/ક–૨/૩૫૩/ધ-૨૦૨૧૩/ ૨૦૦૨.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નાગમતિ કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૧–૧૦–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૭૮૪/ક–૨ /૩૫૫ /ધ–૨૦૨૧૪/ ૨૦૦૨.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી અકસા કો. ઓ. સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૪–૧૦–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૭૭૯/ક–૨/૩૪૨ / ધ–૨૦૦૦૯/ ૨૦૦૨.— આથી પ્રમાણપત્ર આવે છે કે, શ્રી સનરાઇઝ કુપ્લેક્ષ કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૬–૧૦–૨૦૦૨.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંબર/૪૭૮૦/ક-૨/૩૪૩/ધ-૨૦૦૧૦/૦૨.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી માલવદીપ કો. ઓપ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૬–૧૦–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંબર/૪૭૮૫/ક-૨/૩૫૭/ધ-૨૦૨૧૫/૨૦૦૨.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી નીલ ટેનામેન્ટ કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૭–૧૦–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંબર/૪૭૮૭/ક-૨/૩૫૯/ધ-૨૦૨૧૬/૨૦૦૨.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી પુષ્પમ કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો, સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૮-૧૦-૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંબર/૪૭૮૬/ક-૨/૩૬૦/ધ-૨૦૨૧૭/૨૦૦૨.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નીના કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૯–૧૦–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંબર/૪૭૮૮/ક-૨/૩૬૫/ધ-૨૦૨૧૮/૨૦૦૨.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ડીન્કી કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૯–૧૦–૨૦૦૨.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંબર/૪૭૮૯/ક–૨/૩૬૫/ધ–૨૦૨૧૯/૦૨.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે; શ્રી ક્રિસ્ટલ કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૩–૧૦–૨૦૦૨.

પરવાનો

જા. ક્ર. વખર/૦૧/ચ–૨/૧૦૩૮/૨૦૦૨.—સને ૧૯૫૯ના મુંબઈ વખાર ધારાના અધિનિયમ સને ૧૯૬૦ના મુંબઈ વખાર ધારાના કાનુન અન્વયે શ્રી સેન્ટ્રલ વેર હાઉસીંગ કોર્પોરેશન વખાર ધારા, સેન્ટ્રલ વેરહાઉસ, ઈસનપુર વખાર મંડળી જેને હવે પરવાનેદાર તરીકે ઓળખાશે. રૂા. ૬૦૦ (અંકે રૂપિયા નવસો પુરા) નું લવાજમ લાયસન્સ થી ભરેલ હોવાથી વખાર-દ્વાર આવેલ વખારના સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે. વખારદ્વાર તરીકે ધંધા ચલાવવાને કાનુન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને અને ઉપરોક્ત વખારના કાનુનની જોગવાઇને આધિન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૩ સુધીનો મુદતનો છે.

(૨) પરવાનેદ્વાર ઉપરોકત વખાર સિવાયના અન્યત્ર સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહીં.

(૩) પરવાનેદ્વાર આ સાથેના નિયત કરેલા દરોથી માલ-સંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહીં.

(૫) નિયત કરેલા અધિકારોની મંજુરી સિવાય મુંબઈ વખાર ધારાના કાનુન નં. ૧૧૭ થી નક્કી થયેલ દરોનો અનુસુચિમા કોઈ જાતના ફેરફાર યા સુધારો થઈ શકશે નહીં.

INDEX

(૬) સને ૧૯૫૯ના મુંબઈ વખારોના અધિનિયમ કલમ ૮ અને કલમ ૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવા નો કામચલાઉ રદ કરવાને પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવે યા કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદાર તેના કબજામાં રહેલ વગર વપરાયેલી રસીદોનો કબજો વિહીત કરેલ અધિકારીને સોંપવાનો રહેશે.

અમદાવાદ, તા. ૨૩-૧૦-૨૦૦૨.

પરવાનો

જા. ક. વખર/૦૧/ચ-૨/૧૦૩૫/૨૦૦૨.—સને ૧૯૫૯ના મુંબઈ વખાર ધારાના અધિનિયમ સને ૧૯૬૦ના મુંબઈ વખાર ધારાના કાનુન અન્વયે શ્રી સેન્ટ્રલ વેર હાઉસીંગ કોર્પોરેશન વખાર ધારા, શાહઆલ રોડ, અમદાવાદ વખાર મંડળી જેને હવે પરવાનેદાર તરીકે ઓળખાશે. રૂા. ૨૯૮૯/- (અંકે રૂપિયા બે હજાર નવસો નેવ્યાસી પુરા) નું લવાજમ લાયસન્સ થી ભરેલ હોવાથી વખારદાર આવેલ વખારના સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે. વખારદાર તરીકે ધંધા ચલાવવાને કાનુન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને અને ઉપરોકત વખારના કાયદા કાનુનની જોગવાઈને આધિન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૩ સુધીની મુદતનો છે.

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહીં.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા ફરોથી માલ-સંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહીં.

(૫) નિયત કરેલા અધિકારીની મંજુરી સિવાય મુંબઈ વખાર ધારાના કાનુન નં. ૧૧૭ થી નક્કી થયેલ ફરોનો અનુસુચિમાં કોઈ જાતના ફેરફાર યા સુધારો થઈ શકશે નહીં.

(૬) સને ૧૯૫૯ના મુંબઈ વખારોના અધિનિયમ કલમ ૮ અને કલમ ૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવાનો કામચલાઉ રદ કરવાને પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવે યા કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદાર તેના કબજામાં રહેલ વગર વપરાયેલી રસીદોનો કબજો વિહીત કરેલ અધિકારીને સોંપવાનો રહેશે.

અમદાવાદ, તા. ૨૩-૧૦-૨૦૦૨.

પરવાનો

જા. ક. વખર/૦૧/ચ-૨/૧૦૩૬/૨૦૦૨.—સને ૧૯૫૯ના મુંબઈ વખાર ધારાના અધિનિયમ સને ૧૯૬૦ના મુંબઈ વખાર ધારાના કાનુન અન્વયે શ્રી ગુજરાત સ્ટેટ વેર હાઉસીંગ કોર્પો. ને વખારધારા, નારોલ, સાંકીભાગ, વખાર મંડળી જેને હવે પરવાનેદાર તરીકે ઓળખાશે. રૂા. ૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા) નું લવાજમ લાયસન્સથી ભરેલ હોવાથી વખારદાર આવેલ વખારના સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે વખારદાર તરીકે ધંધા ચલાવવાને કાનુન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને અને ઉપરોકત વખારના કાયદા કાનુનની જોગવાઈને આધિન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૩, સુધીની મુદતનો છે.

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહીં.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા ફરોથી માલસંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહીં.

(૫) નિયત કરેલા અધિકારીના મંજુરી સિવાય મુંબઈ વખાર-ધારાના કાનુન નં. "૧૧૭" થી નક્કી થયેલ ફરોનો અનુસુચિમાં કોઈ જાતના ફેરફાર યા સુધારો થઈ શકશે નહીં.

(૬) સને ૧૯૫૯ના મુંબઈ વખારોના અધિનિયમ કલમ-૮ અને કલમ-૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવાનો કામચલાઉ રદ કરવાને પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવે યા કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદાર તેના કબજામાં રહેલ વગર વપરાયેલી રસીદોનો કબજો વિહીત કરેલ અધિકારીને સોંપવાનો રહેશે.

અમદાવાદ, તા. ૨૩-૧૦-૨૦૦૨.

વંચાણમાં લીધા :-

(૧) આ કચેરીના તા. ૨૪-૫-૦૨ના ક્રમાંક ફડચ/ફ.૧૧૫૬૨/ધ-૨ / ૪૩૬ / સને ૨૦૦૨નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીના તા. ૧૪-૬-૦૨ના ક્રમાંક ફડચ/ફ. ૧ /૧૧૦/૨૦૦૨ થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

INDEX

હુકમ

જા. નં. ફડચ/ફ. ૧૧૫૬૨/ધ-૨/૯૫૪/૯૨૦૧/૨૦૦૨.— ધી અંબિકા મીલ્સનું ૧ / ૨ના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., અમદાવાદ, નોંધણી ક્રમાંક ૧૨૪૩૬, તા. ૪-૩-૧૯૭૪ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદના તા. ૨૪-૫-૦૨ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૬૨/ધ-૨/૪૩૬/સને ૨૦૦૨ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૧૮-૧૧-૨૦૦૨.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર વિભાગ),
અમદાવાદ.

વંચાણમાં લીધા :—

(૧) સંયુકત રજીસ્ટ્રારશ્રી અને ખાસ અન્વેષક શ્રી સ. મં. (વિભાગીય), અમદાવાદ જીલ્લા સ્પેશ્યલ ઓડીટર શ્રી સ. મં. (૩૨લ), અમદાવાદની કચેરીના તા. અન્વયે ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૧૯-૪-૦૨ના રોજના લોકસત્તા / જનસત્તા દૈનિકપત્રમાં પાના નં. ૬ ઉપરની જાહેર નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ગ-૩ / ૧૩૦૫/૨૦૦૨.-ધી કામેશ્વર કો. ઓપ હાઉસીંગ સોસાયટી લી., મુકામ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર, સહકારી કાયદા અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળી તેના નોંધાયેલ પેટા નિયમના ઉદ્દેશો તથા સહકારી કાયદા-કાનુનની જોગવાઇઓ મુજબ કામગીરી કરતી ન હોઈ સંદર્ભ-૧ના પત્ર થી મંડળીની નોંધણી રદ કરવા સદરહુ મંડળીના સંબંધિત ઓડીટર તરફથી ભલામણ કરવામાં આવેલ. મંડળીને આપવામાં આવેલ નોટીસ પરત આવેલ.

વંચાણમાં લીધા ક્રમાંક-૨ અન્વયે તા. ૧૯-૪-૦૨ના લોકસત્તા-જનસત્તા દૈનિક અમદાવાદના પાના નં. ૬ ઉપર જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી મંડળીની નોંધણી રદ કેમ ન કરવી? તે અંગે એક માસમાં અત્રેની કચેરીમાં લેખિત / મૌખિક રજુઆત કરવા જણાવેલ તેમ છતાં મંડળીના હોદ્દેદારો/સભ્યો કે હીત સંબંધ ધરાવતી મંડળી કે શખ્સ તરફથી આજદિન સુધી કોઇ રજુઆત થયેલ નથી. જેથી મંડળી નોંધાયેલ સરનામે પોતાના ઉદ્દેશો અનુસાર કામ કરતી નથી. મંડળી સ્થગિત છે તેમ માનવાને પુરતા અને વજુદવાળા કારણો રહે છે. જેથી ઉપરોકત વિગતે મંડળી નોંધણીના ઉદ્દેશો મુજબ કામગીરી કરેલ નથી અને નોંધાયેલ કે ઉપલબ્ધ સરનામે કામ કરતી ન હોઇ વંચાણમાં લીધા ક્રમાંક-૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (૩૨લ), અમદાવાદ, વંચાણમાં લીધા ક્રમાંક-૩ અન્વયે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૨૦ સબબ મળેલ અધિકારની રૂઇએ ધી કામેશ્વર કો. ઓ. હા. સો. લી., મુકામ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર કે જેની નોંધણી ક્રમાંક ૧૩૬૭૭, તારીખ ૨૧-૨-૮૫ છે જેની નોંધણી રદ કરવાનો હુકમ કરું છું.

અમદાવાદ, તા. ૩-૭-૨૦૦૨.

એચ. એન. દરજી,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(૩૨લ), અમદાવાદ.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઇઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતા નં. ધબ/ડી ડી સી./૭૨૮૬/બી, તા. ૩૧-૧૨-૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી અને રજીસ્ટ્રારશ્રી સ. મં. ગુ. રા. અમદાવાદના તા. ૨૯-૩-૬૬ ના હુકમ નંબર એડી/એમ-૧.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં. ૧ નો તા. ૨૩-૮-૦૨ નો અહેવાલ.

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ગ-૩/૧૭૭૫/૨૦૦૨.— ધી મેઘમણી ઓર્ગેનાઇઝ લિ. એમ્પ્લોઇઝ ક્રેડીટ કન્ઝયુમર્સ સો. લી. તા. સાણંદ, જી. અમદાવાદ કે જેનો નોંધણી નંબર સે-૨૬૨૧૧, તા. ૯-૬-૯૭ થી નોંધાયેલ સહકારી મંડળી

INDEX

છે. સદરહુ મંડળીને અન્યની કચેરીના હુકમ નં. ઉખસ/ફડચ/ગ–૩/ ૧૬/૬, તા. ૧૪–૮–૦૨ થી કાયમી ફડચામાં લઇ જવામાં આવેલ છે. સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલ છે. અને છેલ્લું ઓડીટ થઇ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આદેશ

